श्रीरायचन्द्र जिनागमसंग्रहे

भगवत्सुधर्मस्वामिप्रणीत

# श्रीमद् भगवतीसूत्र

## ( व्याख्याप्रज्ञप्ति )

मूळ अने अनुवादसहित

## चतुर्थखंड

### शतक १९-४१

प्रेरक–श्रीयुत पुंजाभाई हीराचंद

अनुवादक अने संशोधक—

पंडित भगवानदास हरखचंद दोशी

अमदावाद

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

भगवत्सुधर्मस्वामिप्रणीतं

# श्रीमद्भगवतीसूत्रम्

# (व्याख्याप्रज्ञप्तिः)

पञ्चमाङ्गे चतुर्थखण्डम्

श्रीमद् अभयदेवसूरिविरचितविवरणेन

श्रीजीवराज तनुज-पण्डितबेचरदासकृत-अनुवादेन च सहितम्।

पुनः प्रकाशने शुभाशीर्वादः

सिद्धान्तमहोदधि स्व. आ. श्रीमद्विजय प्रेमसूरीश्वरजी म. सा.

वर्धमानतपोनिधि पू. आ. श्रीमद्विजय भुवनभानुसूरीश्वरजी म.सा.

श्रीसूरिमन्त्राराधक स्व.आ.श्रीमद्विजय धर्मजितसूरीश्वरजी म.सा.

-: पुनः प्रकाशने प्रेरकाः :-

श्रीसूरिमन्त्रपंचप्रस्थानानां चतुःकृत्वः आराधकाः

पूज्यपादाचार्यदेव श्रीमद्विजय जयशेखरसूरीश्वराः

-: पुनः प्रकाशकः :-

श्री दादर आराधना भवन जैन पौषधशाळा ट्रस्ट

२८९, एस. के. बोलेरोड,

दादर (वे.), मुंबइ - ४०० ०२८.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પુનઃ પ્રકાશન પ્રસંગે
# પ્રકાશકીય

સિદ્ધાન્તમહોદધિ કર્મસાહિત્યનિષ્ણાત સુવિશુદ્ધબ્રહ્મચારી સ્વ. આ. શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સા., વર્ધમાન તપોનિધિ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા., સમતાસાગર સ્વ. પૂ. પંન્યાસ શ્રી પદ્મવિજયગણિવરજીની પ્રેરણાના પીયુષપાનથી ધબકતો થયેલો દાદરનો આરાધનાભવન જૈન પૌષધશાળા સંઘ, જ્ઞાનરુચિની સાથે ક્રિયારુચિતાનો સુભગ સુમેળ જાળવી રાખનારા સંઘોમાંનો એક અગ્રણી સંઘ છે. ગુજરાત કચ્છ વાગડ રાજસ્થાન વગેરે પ્રદેશોમાંથી, વ્યવસાયાર્થે મુંબઇ મહાનગરના દાદર ઉપનગરમાં આવીને સ્થિર થયેલા શ્રાવકોનો આ નાનો સંઘ, પ્રતિવર્ષ સુવિહિત ગુરુભગવંતોના ચાતુર્માસ તથા શેષકાળના અવસ્થાન દરમ્યાન ઉપદેશવચનામૃતોને ઝીલીને દાન-શીલ-તપ અને ભાવની નોંધ પાત્ર આરાધના કરી રહ્યો છે.

વિ. સં. ૨૦૪૮ ના ચાતુર્માસાર્થે સહજાનંદી સ્વ.પૂ.આ.શ્રીમદ્વિજય ધર્મજિતસૂરીશ્વરજી મ.સા.ના વિદ્વાન શિષ્યરત્ન શ્રી સૂરિમંત્રની ચાર વાર આરાધના કરી ચુકેલા પૂ.આ.શ્રીમદ્વિજય જયશેખર સૂ.મ.સા. પધાર્યા. તેઓ શ્રીમદ્ની પાવનનિશ્રામાં થયેલી જ્ઞાનખાતાની ઉપજમાંથી, તેઓ શ્રીમદ્ની પાવનપ્રેરણા પામીને, અમે પંચમાંગ શ્રીમદ્ ભગવતીસૂત્ર (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ) નો ચોથો ભાગ પુનઃ પ્રકાશિત કરતાં અનેરી ધન્યતા અનુભવીએ છીએ.

આ પુસ્તક શ્રીજિનાગમપ્રકાશક સભા - મુંબઇ દ્વારા વિ.સં.૧૯૭૪ માં પ્રકાશિત થયું હતું જે હાલ અત્યંત જીર્ણ અવસ્થાને પામ્યું છે તેમજ દુષ્પ્રાપ્ય છે. તેથી ઝેરૉક્ષ ઑફસેટ મુદ્રણ દ્વારા એ ગ્રન્થનું આ પુનઃ પ્રકાશન થઇ રહ્યું છે. અભ્યાસુઓને આ ગ્રન્થ સુલભ થાય તેમજ અધ્યયન માટે ઉપયોગી બને એ માટે મુદ્રિત કરાવેલી આ ૨૫૦ નકલો વેચાણ-વ્યવસાયનો ઉદ્દેશ ધરાવતી નથી.

પૂર્વપ્રકાશનકાળે સંપાદન, ભાષાંતર, પ્રેરણા, આર્થિક સહયોગ વગેરે આપનાર દરેકેનો આ પ્રસંગે આભાર માનીએ છીએ. વિશેષ કરીને, શ્રીયુત પુંજાભાઇ હીરાચંદ દ્વારા સંસ્થાપિત શ્રી જિનાગમપ્રકાશક સભાના માનદ કાર્યકર શ્રી મનસુખલાલ રવજીભાઇ મહેતા તથા તેમની પ્રેરણાથી આ ગ્રન્થનું સંપાદન અને અનુવાદ કરનારા ન્યાય-વ્યાકરણતીર્થ પંડિત શ્રી બેચરદાસ જીવરાજનો તથા શ્રી શ્રીપાલ નગર જૈન જ્ઞાન ભંડારનો, આ પુનઃપ્રકાશન પ્રસંગે આભાર માનીએ છીએ.

આ પુનઃપ્રકાશનનાં સહારે અધિકારીવર્ગ વાચના-પૃચ્છના વગેરે પંચવિધ સ્વાધ્યાય કરીને સ્વ-પર આત્મહિત સાધો એવી શુભેચ્છા સહ.

લિ. શ્રી. દાદર આરાધના ભવન જૈન પૌષધશાળા ટ્રસ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# संपादकीय निवेदन

आ चोथो भाग १६ मा शतकथी आरंभी ४१ मा शतक सुधीमां पूरो प्रकाशित थाय छे. आ चोथा भागना अन्ते नीचेना मुद्दाओ संबंधे कहेवानुं छे.

१ संशोधन अने प्रतिओनो उपयोग. २ अनुवाद. ३ परिशिष्टो.

**१ संशोधन अने प्रतिओनो उपयोग.** आ सूत्रना संशोधनमां क, ख, ग, घ अने ङ ए पांच प्रतिओनो उपयोग करवामां आव्यो छे. अने ते सिवाय एक ताडपत्रनी प्रतिनो पण उपयोग करेलो छे. ते बधी प्रतिओना पाठान्तर न लेतां तेमां जे पाठ शुद्ध जणायो ते मूकवामां आव्यो छे. आगमोनां पाठान्तर सहित शुद्ध संस्करणनी अनिवार्य आवश्यकता छे. परन्तु ते कार्यमां प्राचीन हस्तलिखित पुष्कळ प्रतिओनी तथा समय वगेरे साधनोनी जरुर होवाथी अने हाल ते बधी सामग्रीनो अभाव होवाथी पाठान्तरो आप्या सिवाय शुद्ध पाठ आपी संतोष मानवो पड्यो छे. प्रतिओनो सामान्य परिचय त्रीजा भागना निवेदनमां आप्यो छे तेथी अहीं आपवामां आव्यो नथी.

**२ अनुवाद.** भगवतीसूत्रनो अनुवाद मूळ पाठने अनुसरीने करवामां आव्यो छे अने विषयने स्पष्ट करवा माटे वधारानां शब्दो [ ] आवा कोष्ठकमां आप्या छे. ते सिवाय कठण विषय समजाववा आवश्यक टिप्पणो आपवामां आव्या छे. वाचकनी सुगमता खातर दरेक उद्देशके प्रश्नवार सूत्रनो विभाग करी अने अनुक्रमे आंकडा मूकी तेनी नीचे तेज सूत्रना आंकडामां अनुवाद आपवामां आव्यो छे. अवान्तर प्रश्नने जुदा सूत्र तरीके न गणतां मूळ प्रश्नना सूत्रमांज तेनी गणना करी छे. ते सिवाय ज्यां प्रश्न नथी परन्तु चरित्र के वर्णनात्मक भाग छे त्यां पण जुदी जुदी कंडिका प्रमाणे जुदां जुदां सूत्र गणवामां आव्यां छे. पृष्ठना प्रान्ते विषयनुं सूचन पण करेलुं छे.

**३ परिशिष्टो.** अहीं वाचकोने उपयोगी थाय ते माटे जुदा जुदा सात परिशिष्टो आपवामां आव्यां छे. (१) पहेला परिशिष्टमां भगवतीसूत्रमां आवेला पारिभाषिक शब्दोनो कोश आपवामां आव्यो छे अने जे स्थळे ते शब्द वापरवामां आव्यो छे तेनो पृष्टांक आपेल छे. (२) बीजा परिशिष्टमां देश, नगरी अने पर्वतादिनां नामो छे. (३) त्रीजा परिशिष्टमां चैत्य अने उद्याननां नामो छे. (४) चोथा परिशिष्टमां अन्यतीर्थिक अने तापसोनां नामो छे. (५) पांचमा परिशिष्टमां साधु साध्वीनां नामो, (६) छठ्ठा परिशिष्टमां श्रावक–श्राविकानां नामो (७) अने सातमा परिशिष्टमां साक्षीरूपे जे जे ग्रन्थोनो निर्देश कर्यो छे ते ते ग्रन्थोनां नामो आप्या छे. आ अनुवाद करवामां भाइश्री बेचरदासे करेला भगवतीसूत्रनी अनुवादनी कोपीनो पण उपयोग करवामां आव्यो छे माटे तेनी कृतज्ञतापूर्वक नोंध लउं छुं. आ अनुवाद करवामां अने तेना प्रकाशनमां काळजी राखवा छतां रही गयेला दोषोने माटे वाचको दरगुजर करशे अने सूचन करशे ए आशा राखी विरमुं छुं.

**भगवानदास दोशी**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# आध्यात्मिक शोध

जीवनतंत्रना रहस्यनी जिज्ञासामांथी आध्यात्मिक शोधनुं झरण फूटे छे. ए जिज्ञासा ज आध्यात्मिक शोधनो मूळ पायो छे. आपणा देशमां जे जे महान् आत्मशोधको थया छे, जेने आपणे संतो कहीये छीए तेओ ए जिज्ञासाथी ज प्रेराइने जीवन अने जगतनी गूंच उकेलवा पोते करेली प्रवृत्तिनो जुदो जुदो वृत्तांत पोतपोतानी शैलीथी मूकी गया छे.

जेमनां बुद्धि अने मन ठीक ठीक विकास पाम्यां छे एवा संस्कारसंपन्न, आरोग्यसंपन्न, तेजस्वी, आत्मशोधक मुमुक्षु लोकोने पूर्वोक्त जिज्ञासाथी आ नीचेना केटलाक प्रश्नो थाय ते तद्दन स्वाभाविक छे.

आ जगत ए शुं छे ? आ बधी मोहमाया ए शुं छे ? जगतमां दुःख अने असंतोषनां कारणो क्यां छे ? ते टळी शके के नहि ? टळे तो केवी रीते ? हुं शुं छुं ? हुं क्यांथी, शामाटे, क्यारे अने केवी रीते आ जगतमां आव्यो छुं ? जो हुं कोई जुदो छुं तो सदाने माटे आ विश्वथी मारो छूटकारो थशे के नहि ? आ जगतनी उत्पत्ति क्यारे, केवी रीते, शामाटे अने कोने माटे कोणे करी ? शुं आ विश्व कोई वार नाश पामशे के नहि ? जो नाश पामशे तो आ बधा पदार्थो—नदी, समुद्र, पहाड, जंगलो, प्राणीओ ए बधुं क्यां जशे ? हुं पोते क्यां जईश ? शुं विश्वना प्रलय पछी हुं रहेवानो छुं ? जो रहीश तो कया आकारमां अने कोने आधारे ? जो नहि रहुं तो तेनुं शुं कारण ? शुं एवी कोई विशेष शक्ति छे के जे आ विश्वने फरीथी सर्जी शके ?

आ बधा प्रश्नो कांई आजकालना नवा नथी पण वेदकाळनी शरूआतथी एटले के ज्यारे आर्यगण संस्कारसंपन्न अने बुद्धिसंपन्न हतो त्यारथी ज चर्चाता आव्या छे. आ प्रश्नो साथे आध्यात्मिक शोधने गाढ संबंध छे.

वेदो, उपनिषदो, ब्राह्मणो, आरण्यको वगेरेमां आध्यात्मिक शोध करनारा ते ते दिव्यपुरुषोए ए प्रश्नो अने एवा बीजा अनेक प्रश्नो ऊपजावी तेनी चर्चा करेली छे. अने जेम जेम बुद्धिबळ अने आत्मशोध उंडां जतां गयां तेम तेम बीजा पण अनेक शोधकोए ए प्रश्नो विषे जुदी जुदी दृष्टिथी पोतपोताना जुदा जुदा विचारो दर्शाव्या छे.

वधुमां सांख्याचार्य कपिल, न्यायप्रवर्तक अक्षपाद, विशेषवादी महर्षि कणाद वगेरे अनेक पुरुषोए ए प्रश्नो उपर वधारे प्रकाश आणवा प्रयास कर्यो छे. भगवान महावीरे अने भगवान बुद्धे पण जीवननी गूंच उकेलवाने जे आध्यात्मिक प्रयासो कर्या तेमां पण ए बधा प्रश्नो उपर अवश्य पोतपोतानी दृष्टिए योग्य प्रकाश नाखेलो छे.

भगवान बुद्ध विषे कहेवामां आवे छे के ते पोते बाल्यपणथी चिंतनशील प्रकृतिना हता अने तेमनुं मन विश्वनी आ बाह्य प्रवृत्तिमां चोंटतुं न हतुं. माटे ज राजा शुद्धोदने तेमने राखवानी एवी व्यवस्था करेली के ज्यां सदा गानतान, रागरंग, विषयविलास अने अखंड स्वर्गीय सुख तेमने मळे के जेथी तेमनुं मन आ संसारमां चोंटी जाय. पण छेवटे राजा शुद्धोदनना आ बधा प्रयासो निष्फळ गया अने सिद्धार्थ पोतानी स्त्री अने पुत्रने छोडीने मधराते, पोताना चित्तमां रहेली उंडी उंडी उदासीनता अने असंतोषनां कारणो शोधवा नीकळी पड्या. तेमने एवी राजशाहीमां राखेला हता के मंदवाड शुं, घडपण शुं अने मरण शुं तेनी सुद्धां तेमने खबर नहिं पडेली. ज्यारे तेमणे मंदवाड, घडपण अने मरण जोयां त्यारे तेओ वधारे विह्वल बन्या अने ए दुःखोना अंतमाटे तेमणे प्रयास करवानुं पण नक्की कर्युं.

भगवान महावीर पण जेमनुं नानपणनुं नाम वर्धमान हतुं, जेमना माता अने पितानुं नाम अनुक्रमे त्रिशला अने सिद्धार्थ हतां, बचपणथी चिंतनशील अने संस्कारसंपन्न हता. तेमने लगती जैन साहित्यमां जे दंतकथाओ अने परंपराओ मळे छे ते उपरथी एटलुं तो तारवी शकाय एम छे के तेमनुं मन आत्मशोध तरफ बचपणथी ज वळेलुं हतुं. साथे तेमनामां मातपिता तरफ घणो सद्भाव हतो जेथी तेमणे तेमना आग्रहथी ज गृहस्थाश्रम स्वीकारेलो अने एक पुत्रीना पिता पण थया. तेमणे मातपिताना निर्वाण बाद पोताने बचपणथी ज प्रिय एवी आध्यात्मिक शोधने सबल प्रयत्नपूर्वक चालु करवानुं धारेलुं छतां तेओ पोताना वडील बंधुना प्रेमभर्या आग्रहथी एक वर्ष जेटलो वखत वळी राजधानीमां ज रह्या पण ते दरम्यान तेमणे आध्यात्मिक शोधना साधन तरीके परापूर्वथी ज चाल्यो आवेलो संयममार्ग पोताना जीवनव्यवहारमां अमलमां मूक्यो. तेमनी पहेलां श्रमणोनी परंपरामां पार्श्वनाथ नामे एक प्रख्यात युगप्रवर्तक थयेला तेमज वैदिक परंपरामां अनेक प्रकारनां कर्मकांडो अने देहदंडनोनो रिवाज आत्मशोध करवामाटे चालु हतो ज.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे साहित्य भगवान महावीरना अनुयायीओए गूंथेलुं छे ए जोतां एमनी सामेनी ए बधी श्रमणब्राह्मणपरंपराओनी माहिती आपणने मळी शके एम छे. ए परंपराओमांथी प्रेरणा मेळवीने तेमणे हवे पोताना जीवननी गूंच उकेलवा अने विश्वमां रहेवा छतां तेनाथी थता त्रासोथी मुक्त रहेवानो मार्ग शोधवा अखंड अने उग्र प्रयत्न चालु कर्यो. तेओ पोतानी त्रीश वर्षनी उम्मरे एटले के भरजुवानीमां साधना करवा नीकळी पड्या, एथी ज एम जणाय छे के तेमने एमाटे केटली तालावेली हती. तेओ राजपाट, समृद्धि अने भोगविलासनो त्याग करीने कडकडता शियाळामां घर बहार नीकळी पड्या. वस्त्रथी देह ढांकवानी पण इच्छा नहि करेली.[1]

घरेथी नीकळ्या पछी बराबर बार वर्ष सुधी तेमणे भारे साधना करी, जे साधनामां तेमने शारीरिक अने मानसिक अनेक कष्टो सहवां पड्यां, जेनो सविस्तर निर्देश जैनआगमोमां अकृत्रिम भाषामां आपणी सामे मोजुद छे.[2] मज्झिमनिकायना सिंहनादसुत्तमां जे जातनी रोमांचकारी साधना बुद्ध भगवाने पोते वर्णवेली छे तेवी ज साधना आ भगवान वर्धमान—महावीरनी हती.[3] ए साधनाना परिणामे तेओए हवे सर्वप्रकारनी स्थिरता साधी मानसिक, वाचिक अने कायिक प्रवृत्तिओ पर तेओ निरंतर अंकुश राखी शके तेवा समर्थ थया. अने सर्व प्रकारनी आसक्ति, तृष्णा तेमणे ते साधनाद्वारा उच्छेदी नाखी. ए प्रमाणे स्थितप्रज्ञपणुं अने वीतरागभाव[4] प्राप्त कर्या पछी अने विश्वने लगतुं घणुं गंभीर मनन कर्या पछी पोताना जमानाना लोको के जेओ आर्योए स्थिर करेला आदर्शथी घणा च्युत थयेला हता अने जेओनी एवी भ्रमणा हती के कर्मकांड के देहदंडमां ज सर्व सिद्धि समायेली छे, कर्मकांडमां हरेक प्रकारनी हिंसाने, असत्यने धार्मिक स्थान छे—ते पण वेदने नामे, ईश्वरने नामे, ते लोकोनी ते भ्रमणा टाळवा अने फरी वार आर्योए शोधेला अहिंसा, सत्य, सर्वत्र बंधुभाव अने गुणनी प्रधानताना सिद्धांतोने प्रचारमां मूकवा देश, काल अने प्रजाशक्तिने अनुसारे तेओ पोतानां प्रवचनो मगध देशमां फरी फरीने करवा लाग्या.

आ व्याख्याप्रज्ञप्तिसूत्रमां तेमनां केटलांक ते प्रवचनोनी नोंधोनो संग्रह तेमना समसमयी के परवर्ती अनुयायीओए करेलो छे.

आ ग्रंथमां जीवनशुद्धिनी मीमांसा अने विश्वविचार ए बन्ने मुद्दाओ परत्वे जे कांई कहेवामां आव्युं छे ते आजथी अढी हजार वर्ष पहेलांना सत्यना अने जीवनशुद्धिना उपासकोनी अगाध बुद्धि अने शुद्धिनुं उंडाण बताववाने पूरतुं छे.

जो के ग्रंथमां चर्चा बन्ने मुद्दानी छे पण मुख्य मुद्दो तो जीवनशुद्धिनी मीमांसानो ज छे. विश्वविचारनो जे मुद्दो साथे चर्चेलो छे तेने जीवनशुद्धिमां सहायक समजीने चर्चवामां आवेलो छे. जीवनशुद्धि विनाना मात्र ते मुद्दाना नर्या ज्ञानथी ज श्रेयप्राप्ति नथी एम भगवान महावीरे पदे पदे कहेलुं छे. जीवनशुद्धिना मुद्दाने चर्चतां पण केटलीक एवी चर्चा करवामां आवी छे जे चर्चा ते समयनी रूढिने तोडी जीवनशुद्धिनो नवो मार्ग बतावनारी छे.

## जीवनशुद्धि

आ ग्रंथमां भगवाने कह्युं छे के संवर दुःख मात्रनो नाश करे छे, संवर एटले के इन्द्रियो उपरनो जय, मन उपरनो जय, वासना उपरनो जय; टूंकामां आत्मभानमां अंतरायभूत बधी वृत्तिओनो निरोध.

भगवाने कह्युं छे के कोई व्यक्ति अणगार—त्यागी—थाय एटले के तेने लोको श्रमण तरीके ओळखे एवो वेश पहेरे, एवी वेशधारी व्यक्ति जो संवरविनानी होय तो तेनो संसार घटवाने बदले वध्या ज करे छे अने ते भारेकर्मी थई आ अनादि अनंत संसारमां लांबा काळ सुधी रखड्या ज करे छे. ( भा० १ पा० ८१ ) भगवानना आ कथननुं तात्पर्य ए छे के मात्र वेशथी जीवनशुद्धि थती नथी, थई नथी अने थशे पण नहि. जीवनशुद्धिमां मुख्य कारण संवर छे ए भूलवुं न जोइए.

ए ज प्रमाणे जे प्राणी असंयत छे जेमां त्यागवृत्ति जरा पण जागेली नथी तेवा प्राणीओनो निस्तार नथी. एवी कोटिना प्राणीओमां जेओ परतंत्रपणे पण इंद्रियो उपर अंकुश राखे छे, शरीर उपर अंकुश राखे छे अने भाषा उपर अंकुश राखे छे तेओ ए परतंत्रपणे केळवायेली सहनशक्तिने लीधे भविष्यमां सारी स्थिति मेळवे छे. (भा० १ पा० ८४) आमां भगवानना कथननुं तात्पर्य ए छे के परतंत्रपणे पण केळवायेलो संयम जीवनविकासमां थोडी घणी मदद करी शके छे, तो जे मनुष्यो ए संयमने स्वेच्छाए केळवे तेओनो विकास सरल रीते थाय तेमां तो कहेवुं ज शुं?

---

१ "णो चेव—इमेण वत्थेण पिहिस्सामि तंसि हेमंते ।
से पारए आवकहाए एयं खु अणुधम्मियं तस्स" ॥

"ते पारगामी ( भगवान महावीरे ) एवो संकल्प कर्यो के जीवनपर्यंत हुं आ वस्त्रथी ( देहने ) ढांकीश नही, तेमनो ए (संकल्प) योग्य ज कहेवाय"

[ आचारांग सूत्र उपधान श्रुत अ० ९ गाथा २ ]

२ जूओ आचारांग—उपधानश्रुत अध्ययन ९ ।

३ जूओ भगवान बुद्धना पचास धर्म संवादो ।

४ "दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः । वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥"—गीता ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एक स्थळे भगवाने जीवनशुद्धिने लक्षमां राखीने मननी स्थितिओ वर्णवी छे. ते स्थितिना तेमणे छ नाम आपेलां छे, जे जैन संप्रदायमां लेश्याने नामे प्रसिद्ध छे. मनुष्यनी अत्यंत क्रूरमां क्रूर वृत्तिने कृष्णलेश्या कहेवामां आवी छे. जेम जेम ए क्रूरता ओछी थती जाय अने तेमां सात्त्विक वृत्तिनो भाव मेळातो जाय तेम तेम मानवजीवननो विकास वधतो जाय छे. ते विकासप्रमाणे ते चित्तवृत्तिओनां नाम पण जुदां जुदां बतावेलां छे. कृष्णलेश्या करतां जेमां थोडो वधारे विकास छे ते वृत्तिने नीललेश्या कहेवामां आवे छे. ते पछी जेम जेम वधारे विकास थतो जाय छे तेम तेम अनुक्रमे ते ते चित्तवृत्तिओने कापोत, तेज, पद्म अने शुक्ललेश्याना नामथी ओळखवामां आवे छे. आ नीचेना उदाहरणथी आ वृत्तिओनो मर्म सहजमां समजी शकाशे.

जेम कोई एक व्यक्ति पोतानी ज सुखसगवड माटे हजारो प्राणीओने लाचारीमां राखे एटले के जे प्राणीओद्वारा पोतानी अंगत सुखसगवड मेळवे छे ते प्राणीओना सुखनी तेने जरा पण दरकार नथी, ते प्राणीओ जीवे के मरे पण पेला सुखभोगीनी सगवडो तो सचवावी ज जोईए. आवा मनुष्यनी वृत्तिने कृष्णलेश्यानुं नाम आपी शकाय.

जे मनुष्य पोतानी सुखसगवडमां जरा पण ऊणप आववा देतो नथी पण ते सगवड जे प्राणीओद्वारा मळे छे तेमनी पण अज–पोषणन्याये जरातरा संभाळ ले छे. आ जातनी वृत्तिने नीललेश्या कहे छे.

सुखसगवड आपनार प्राणीओनी पण जे पूर्वोक्त न्याये थोडी वधारे संभाळ ले ते सुखभोगीनी वृत्तिने कापोतलेश्या कही शकाय. आ त्रण लेश्याओमां वर्तनार माणसने पोते शुं छे तेनुं जरा पण भान होतुं नथी अने तेथी ज तेनामां बीजा प्रत्ये अकारण मैत्रीवृत्ति राखवानो विचार पण आवतो नथी.

जे माणस पोतानी अंगत सुखसगवडने ओछी करे अने सुखसगवड आपनारा सहायकोनी ठीक ठीक संभाळ ले तेने तेजो–लेश्यावाळो कही शकाय.

जे माणस पोतानी सुखसगवड जरा वधारे ओछी करी, पोताना आश्रितोनी तेमज संबंधमां आवता दरेक प्राणीओनी, खेद मोह अने भय सिवाय सारी रीते संभाळ ले तेनी वृत्तिने पद्मलेश्या कही शकाय.

जे सुखसगवडने तद्दन ओछी करी नाखे अने पोतानी शरीरनिर्वाह पूरती हाजतोने माटे पण कोई प्राणीओने लेश पण त्रास न आपे, तेमज कोई पदार्थ उपर लोलुपता न राखे, सतत समभाव जळवाय एवो व्यवहार राखे अने मात्र आत्मभानथी ज तुष्ट रहे तेनी वृत्तिने शुक्ललेश्या कही शकाय.

जीवनशुद्धिनी हिमायत करनारा माटे आमांनी पहेली त्रण वृत्ति त्याज्य छे अने पाछली त्रण वृत्ति ग्राह्य छे, तेमां पण छेक छेल्ली वृत्ति केळव्या सिवाय पूर्ण विकास सर्वथा असंभव छे एम भगवान महावीरे पोतानी वाणीमां ठेकठेकाणे कह्युं छे.

भगवाने कह्युं छे के उत्थान छे, कर्म छे, बळ छे, वीर्य छे, पराक्रम छे, आ शरीर जीवने लईने हाले चाले छे, शरीरनी शक्ति शरीरनी पुष्टिने लीधे छे, पुष्ट शरीर अनेक प्रकारनी प्रवृत्तिओ करे छे अने एमांथी प्रमाद जन्मे छे, ए प्रमादने लीधे जीव अनेक प्रकारनी मोहजाळमां फसाय छे अने अज्ञान अंधकारमां सबड्या ज करे छे, माटे प्रमादना मूळ कारण शरीरने जो संयममां राखवामां आवे तो आ मोहजाळमांथी जीव सहेजे छूटी शके. ( भा० १ पा० १२० )

एक स्थळे भगवान कहे छे के मात्र संयम, मात्र संवर, मात्र ब्रह्मचर्य अने मात्र प्रवचनमाताना पालनथी कोई प्राणीनो निस्तार थतो नथी. ज्यारे प्राणी रागद्वेष उपर पूर्ण जय मेळवे छे त्यारे ज ते सिद्ध, बुद्ध अने मुक्त थाय छे अने निर्वाणपदने मेळवे छे. ( भा० १ पा० १३७ ) आमां भगवाने जे कह्युं छे के केवळ संयम, केवळ संवर अने केवळ ब्रह्मचर्यथी जीवनो निस्तार नथी. एनो मर्म ए छे के जे संयम, संवर अने ब्रह्मचर्य नाममात्र होय–खरेखरां न होय एटले के संयम, संवर अने ब्रह्मचर्य मात्र डोळ होय पण वासनानो जय, इन्द्रियोनो निरोध, विषयवृत्तिनो त्याग अने मानसिक, वाचिक अने शारीरिक प्रवृत्तिनी एकवाक्यता ए बधुं न होय एवां केवळ संयम, संवर अने ब्रह्मचर्य प्राणीना जीवननो विकास करी शकवाने समर्थ नथी.

भगवान मनुष्यना त्रण विभाग करे छे. केटलाकने एकांत बाळनी कोटिमां मूके छे, केटलाकने एकांत पंडितनी कोटिमां मूके छे अने केटलाकने बाळपंडितनी कोटिमां जणावे छे. आत्मभान विनाना एकांत बाळको छे, आत्मभानवाळा एकांत पंडित छे अने मध्यम वृत्तिना बाळपंडितकोटिमां छे. ( भा० १ पा० १८९ )

---

१ कृष्ण अने नीललेश्या एटले तामसी वृत्ति, कापोत अने तेजोलेश्या एटले राजसी वृत्ति अने पद्म अने शुक्ललेश्या एटले सात्त्विकवृत्ति एम सांख्यपरिभाषा प्रमाणे कही शकाय.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बुद्ध भगवान जेने पृथग्जन[1] कहे छे ते आ एकांत बाळकोटिना छे अने जेने आर्यजन कहे छे ते एकांत पंडितकोटिना छे.

लोकोमां कहेवाती ऊंची जातिनो, ऊंची प्रतिष्ठा के एवा बीजा कोई ऐश्वर्यवाळो, आत्मभान विनानो होय तो भगवानने मन ते एकांत बाल छे अने जातिथी हलको गणातो पण जो आत्मभानवाळो होय तो भगवानने मन एकांत पंडित छे.

भगवान कहे छे के हिंसा, असत्य, चौर्य, मैथुन, परिग्रह तथा क्रोध, मान, माया, लोभ, राग, द्वेष, कलह, अभ्याख्यान, पैशुन, निंदा, कपटपूर्वक व्यवहार अने अज्ञान ए बधा दोषोथी जीवो संसारमां फर्या ज करे छे. जे प्राणिओ अहिंसा, सत्य, अचौर्य, ब्रह्मचर्य, अपरिग्रह, क्षमा, सरलता, संतोष, अवैरवृत्ति, स्वस्वभावनी स्मृति वगेरे गुणोने केळवे छे, तेओ संसार ओछो करे छे अने निर्वाणने पामे छे. ( भा० १ पा० १९९ )

भगवान कहे छे के गृहवास छोडीने श्रमण निर्ग्रंथ थया पछी पण मनुष्यो विवेकनी खामीने लीधे नकामा नकामा कलहो करी मिथ्या मोहना पाशमां फसाय छे. परस्परना जुदा वेशने लीधे, जुदा जुदा नियमोने लीधे, जुदा जुदा मार्गोने लीधे, जुदा जुदा बाह्याचारने लीधे, पोतपोताना आचार्योना जुदा जुदा मतने लीधे, शास्त्रना जुदा जुदा पाठने लीधे एम अनेक प्रकारनां बाह्यकारणोने लीधे लडता झघडता श्रमण निर्ग्रंथो पोताना संयमने दूषित करे छे. ( भा० १ पा० १२५ )

भगवाने कहेली आ हकीकत तेमना पोताना जमानामां पण हती अने आ जमानामां पण ते आपणने प्रत्यक्ष ज छे. आ जातना खोटा कलहो मिथ्यामोहने वधारनार छे एवुं भगवान वारंवार कहे छे.

एक स्थळे भगवानने तेमना मुख्य शिष्य इन्द्रभूति गौतमे पूछ्युं के, गुणवंत श्रमण वा ब्राह्मणनी सेवाथी शुं लाभ थाय छे? भगवाने जणाव्युं के हे गौतम! तेमनी सेवा करवाथी आर्य पुरुषोए कहेलां वचनो सांभळवानो लाभ थाय छे अने तेथी तेने—सांभळनारने पोतानी स्थितिनुं भान थाय छे, भान थवाथी विवेक प्राप्त थाय छे, विवेकी थवाथी स्वार्थीपणुं ओछुं थई त्यागभावना केळवाय छे अने ते द्वारा संयम खीले छे अने संयमनी खीलवणीथी आत्मा दिवसे दिवसे शुद्ध तथा तपश्चर्यापरायण थतो जाय छे, तपश्चर्याथी मोहमळ दूर थाय छे अने मोहमळ दूर थवाथी अजन्मा दशाने पामे छे.

भगवानना उपर्युक्त कथनमां गुणवंत श्रमण अने ब्राह्मण तरफनी तेमनी दृष्टिनो मर्म समजवा आपणे प्रयत्नशील थवुं जोइए.

एक स्थले मंडितपुत्रना प्रश्नना उत्तरमां भगवान कहे छे के अनात्मभावमां वर्ततो आत्मा हंमेशा कंप्या करे छे, फडफड्या करे छे, क्षोभ पाम्या करे छे अने तेम करतो ते हिंसा वगेरे अनेक जातना आरंभमां पडे छे, तेना ते आरंभो जीवमात्रने त्रास ऊपजावनारा थाय छे. माटे हे मंडितपुत्र! आत्माए आत्मभावमां स्थिर रहेवुं जोईए अने अनात्मभाव तरफ कदी पण न जवुं जोईए ( भा० २ पा० ७६ )

सातमा शतकना बीजा उद्देशकमां भगवान, इंद्रभूति गौतमने कहे छे के जे प्राणी सर्व प्राण, भूत, जीव अने सत्वोनी हिंसानो त्याग करवानी वात करे छे छतां ते, प्राण भूत जीव अने सत्त्वने ओळखवा प्रयत्न करतो नथी—ते ते प्राणभूतोनी परिस्थिति समजी तेमनी साथे मित्रवत् वर्तवानो प्रयास करतो नथी तेथी तेनो, ते ते प्राणीनी हिंसानो त्याग ए अहिंसा नथी पण हिंसा छे, असत्य छे अने आस्रवरूप छे. अने जे, जेवो पोते प्राणी छे एवा ज आ बीजा प्राणीओ छे, जेवी लागणी पोताने छे एवी ज लागणी बीजाने पण छे एम समजीने हिंसानो त्याग करे छे ते ज खरो अहिंसक छे, सत्यवादी छे अने आस्रवरहित छे. ( भा० ३ पा० ७ )

आ ज प्रमाणे आठमा शतकना दशमा उद्देशकमां भगवान कहे छे के कोई मनुष्य, मात्र श्रुतसंपन्न होय पण शीलसंपन्न न होय ते देशथी–अंशथी विराधक छे. जे मात्र शीलसंपन्न होय पण श्रुतसंपन्न न होय ते देशथी आराधक छे, जे श्रुत अने शील बन्नेथी संपन्न होय ते सर्वथी आराधक छे अने जे बन्ने विनानो छे ते सर्वथा विराधक छे. ( भा० ३ पा० ११८ )

आ बन्ने कथनमां प्रज्ञा अने आचार बन्ने जीवनशुद्धिमां एक सरखां उपयोगी छे एम भगवान बतावे छे. प्रज्ञा विनानो आचार बंधनरूप थाय छे अने आचार विनानी प्रज्ञा उच्छृंखलता पोषे छे. आ ज कारणथी बुद्ध भगवाने पण बुद्धपद पामतां पहेलां प्रज्ञापारमिता, सत्यपारमिता अने शीलपारमिता केळवी हती.

कहेवानुं ए छे के भगवान महावीर अने भगवान बुद्ध ए बन्नेए पोतानां प्रवचनोमां ज्ञान अने क्रियाने एक सरखुं स्थान आपेलुं छे.

---

१ पुथुज्जनो ( मूळ पाली )

२ "तहारूवं णं भंते! समणं वा माहणं वा पज्जुवासमाणस्स किंफला पज्जुवासणा"—प्रस्तुत ग्रंथ भाग १ पृ० २८३।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भगवान, गौतमने कहे छे के हे गौतम! हाथी अने कुंथवो ए बन्नेनो आत्मा एक सरखो छे. ( भा० २ पा० २७ ) एमना ए कथनमां नाना मोटा दरेक प्राणीओ प्रत्ये सरखो भाव राखवानो आपणने संदेशो मळे छे.

जे जे कारणोथी आत्मा अनात्मभावमां फसाय छे, ते समजावतां भगवान कहे छे के आ जगतमां अनात्मभावने पोषनारी दश संज्ञाओ छे. पहेली आहार, पछी भय, मैथुन, परिग्रह, क्रोध, मान, माया, लोभ, लोक अने ओघ. ( भा० ३ पा० २७ )

भगवाने कहेली आ संज्ञाओ केटली दुःखकर छे ते तो सौ कोई पोताना अनुभव उपरथी जाणे छे. आ संज्ञाओमां भगवाने अनात्मभाव पोषनारी लोकसंज्ञा अने ओघसंज्ञाने जणावीने तेनाथी दूर रहेवानुं आपणने जणाव्युं छे.

आहारथी मांडीने लोभसुधीनी संज्ञाओ दुःखकर छे एमां कोइने शक नथी पण लोकसंज्ञा अने ओघसंज्ञानुं दुःखदायीपणुं प्राकृत मनुष्यना ख्यालमां जल्दी आवी शके तेवुं नथी. लोकसंज्ञा एटले वगर समज्ये प्राकृत लोक प्रवाहने अनुसरवानी वृत्ति अने ओघसंज्ञा एटले कुल परंपराप्रमाणे के चालता आवेला प्रवाहप्रमाणे वगर विचार्ये चाल्या करवानी वृत्ति. आ बन्ने वृत्तिथी दोरवातो मनुष्य सत्यने शोधी शकतो नथी, निर्भय रीते सत्यने बतावी शकतो नथी. तेथी ज आ बे वृत्तिओ जीवनशुद्धिनो घात करनारी छे. आम होवाथी ज भगवाने तेमने हेयकोटिमां मूकी छे. अत्यारे आपणा राष्ट्र, समाज के जीवनना विकास आपणामां आ बे वृत्तिनुं प्राधान्य होवाथी ज अटकेलो छे. ए बे वृत्तिओ आपणामां एटली बधी जड घालीने पेसी गई छे के जेने काढवा अनेक महारथीओए प्रयत्नो कर्या. कृष्णे गीतामां अने भगवान महावीरे तथा बुद्धे पोतपोतानां प्रवचनोमां जुदीजुदी रीते आ बे वृत्तिओमां रहेली जीवननी घातकता आपणने प्रत्यक्ष थाय तेवी रीते वर्णवेली छे. वर्तमानमां आपणा आ युगना राष्ट्रीय सूत्रधारो पण आपणामां रहेली ए संज्ञाओने काढवा घणो प्रयत्न करी रह्या छे.

आ रीते भगवाने आ सूत्रमां अनेक स्थळे अनेक प्रकारे जीवनशुद्धिनी पद्धतिनी समजण आपेली छे. भगवाननुं आखुं जीवन ज जीवनशुद्धिनो ज्वलंत दाखलो छे एटले तेमनां प्रवचनोमां ठेकठेकाणे ए विषे एमना मुखमांथी उद्गारो नीकळे ए तद्दन स्वाभाविक छे.

एमना केटलाये उद्गारो आधुनिक वांचनारने पुनरुक्ति जेवाये लागे छतां जीवनशुद्धिना एक ज ध्येयने वळगी रहेनाराना मुखमांथी पोताना ध्येयने अनुसरता उद्गारो वारंवार नीकळे ए तद्दन स्वाभाविक छे. केटलीये वार ए उद्गारोनी पुनरुक्ति ज साधकने पोतानी वृत्तिमां दृढ करे छे तेथी ए पुनरुक्ति पण अत्यंत उपयोगी छे.

## विश्वविचार

भगवान महावीरे ध्येयरूप जीवनशुद्धिने ध्यानमां राखीने ज आ सूत्रमां सृष्टिविज्ञाननी चर्चाओ अनेकरीते करेली छे. ए बधी चर्चाओ पण परंपराए जीवनशुद्धिनी पोषक छे एमां शक नथी, जो समजनार भगवानना मर्मने समजी शके तो.

भगवाने आ सूत्रमां अनेक जग्याए जणाव्युं छे के, पृथ्वी, पाणी, अग्नि, वायु अने वनस्पति ए बधामां मानव जेवुं चैतन्य छे. ते बधां आहार करे छे, श्वासोच्छ्वास ले छे अने ते बधांने आपणी पेठे आयुष्यमर्यादा पण होय छे. ए बधां एकइन्द्रियवाळा जीवो छे, एटले तेओ मात्र एक स्पर्शइंद्रियथी ज पोतानो बधो व्यवहार निभावे छे. जे पृथ्वी--माटी पत्थर धातु वगेरे, पाणी, अग्नि, वायु अने वनस्पति कोई रीते उपघात पाम्यां नथी ते चैतन्यवाळां छे. तेमांनां पहेला चारनां शरीरनुं कद वधारेमां वधारे अने ओछामां ओछुं आंगळना असंख्यातमा भाग जेटलुं छे, अने वनस्पतिना शरीरनुं कद ओछामां ओछुं तो तेटलुं ज छे, पण वधारेमां वधारे एक हजार योजन करतां कांईक वधारे छे. ते बधानां शरीरनो आकार एक सरखो व्यवस्थित नथी होतो. माटी तथा पत्थर वगेरे पृथ्वीना शरीरनो आकार मसूरनी दाळ जेवो के चंद्र जेवो होय छे. पाणीना शरीरनो आकार परपोटा जेवो, अग्निना शरीरनो आकार सोयना भारा जेवो, वायुना शरीरनो आकार धजा जेवो अने वनस्पतिना शरीरनो आकार अनेक प्रकारनो होय छे. ते बधामां आहार, निद्रा, भय, मैथुन अने परिग्रहसंज्ञा छे. क्रोध, मान, माया अने लोभ ए चारे कषायो छे. ते बधा स्पर्शेन्द्रियद्वारा खोराक मेळवे छे. चैतन्यवाळा पृथ्वीना एक जीवनुं आयुष्य ओछामां ओछुं अंतर्मुहूर्त अने वधारेमां वधारे २२००० वर्षनुं छे. पाणी वगेरेनुं ओछामां ओछुं अंतर्मुहूर्त अने वधारेमां वधारे पाणीनुं ७००० वर्ष, अग्निनुं त्रण रातदिवस, वायुनुं ३००० वर्ष अने वनस्पतिनुं १०००० वर्ष छे. ते बधां ज्यारे मरण पामे छे, त्यारे पोतानी ए पांच योनिमांनी कोई एक योनिमां आववानी योग्यता धरावे छे के शंख कोडा वगेरे बे इन्द्रियवाळा जीवोनी, जू मांकड

---

१ 'पृथिवी देवता' 'आपो देवता' इत्यादि मन्त्रो वैदिक परंपरामां प्रसिद्ध छे. यज्ञ वगेरेमां ज्यारे पृथिवी, पाणी, वनस्पति के अग्नि वगेरेनो उपयोग करवानो होय छे त्यारे प्रारम्भमां उक्तमन्त्रो बोलवामां आवे छे. मन्त्रो बोलनाराना के यज्ञ करनाराना ख्यालमां एवुं भाग्ये ज आवतुं होय छे के तेओ पृथ्वी, पाणी, अग्नि के वनस्पति वगेरेनो जे उपयोग करेछे ते हिंसाजनक प्रवृत्ति छे. कारण के तेओमां एटले पृथ्वी वगेरेमां पण आपणी जेवुं ज चैतन्य छे. धर्म समजीने एवी हिंसक प्रवृत्ति करनारा ते कर्मकांडी लोकोना ख्यालमां आ वस्तु आवे ते सारु भगवाने ए प्रसिद्ध वातने पण सूत्रोमां स्थळे स्थळे जणावी छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

धनेडा वगेरे त्रण इन्द्रियवाळा जीवोनी, पतंगिया भमरा वींछी वगेरे चार इन्द्रियवाळा जीवोनी, पशुपक्षी वगेरे पांच इन्द्रियवाळा तिर्यंच जीवोनी के मनुष्यनी योनिमां आववानी योग्यता धरावे छे. मात्र अग्नि अने वायु, मनुष्यनी योनिमां आववानी योग्यता धरावता नथी. ए बधांने चार प्राण छे एटले के स्पर्शइंद्रिय, शरीरबळ, श्वासोच्छ्वास अने आयुष्य.

जेवी रीते पृथ्वी वगेरेनां चैतन्य वगेरेनो विचार करवामां आव्यो छे तेवी ज रीते बेइन्द्रिय–स्पर्श अने जिह्वावाळा, त्रणइन्द्रिय–स्पर्श, जिह्वा अने घ्राणवाळा, चारइंद्रिय–स्पर्श, जिह्वा, घ्राण अने चक्षुवाळा अने पांचइन्द्रिय–स्पर्श, जिह्वा, घ्राण, चक्षु, अने कानवाळा जीवोनो पण विचार करवामां आव्यो छे.

पांच इंद्रियवाळा जीवोना चार विभाग करवामां आव्या छे. पशुपक्षी, मनुष्य, देव अने नारक. देवोना पण मुख्य चार भेद बतावबामां आव्या छे. वैमानिक–विमानमां रहेनारा, भवनपति–भवनमां रहेनारा, वानव्यंतर–पहाड, गुफा अने वनना आंतराओमां रहेनारा अने ज्योतिषी–ज्योतिर्लोकमां रहेनारा सूर्य चंद्र वगेरे. तेमनां आहार, रहेणीकरणी, आयुष्य, वैभवविलास, उत्तरोत्तर संतोष, शास्त्राध्ययन, देवपूजन वगेरे पण घणा विस्तारसाथे आ सूत्रमां वर्णवेलां छे.

दाखला तरीके पहेला स्वर्गना देवो ओछामां ओछुं बेथी नव दिवस पछी आहार करे छे एटले के मनुष्य के पशुपक्षीने रोजनेरोज आहारनी अपेक्षा रहे छे तेम देवोने ए नथी होती. पण कोई देवो बे दिवसे आहार ले छे, कोई देवो त्रण दिवसे, कोई चार दिवसे अने ए रीते कोई नव नव दिवसे आहार ले छे अने वधारेमां वधारे तेओ २००० वर्ष सुधी आहार विना चलावी ले छे. अने छेल्ला स्वर्गना देवो ३३००० वर्ष सुधी आहार विना चलावी शके छे. आ ज रीते नरकमां रहेला जीवोनी स्थितिने लगतुं वर्णन पण आपवामां आव्युं छे.

आ आखा सूत्रनो मोटो भाग देव अने नरकना वर्णनमां ज रोकाएलो छे.

उपर्युक्त रीत सिवाय बीजी रीते पण जीवजंतुनो विभाग करवामां आव्यो छे, जेमके:—जरायुज, अंडज, पोतज, स्वेदज, उद्भिज अने उपपादुक. आ विभाग शास्त्रोनी बधी परंपराओमां प्रसिद्ध छे.

बधा जीवो जीवत्वनी दृष्टिए एक सरखा छे. ए हकीकत भगवाने 'एगे आया' ए सूत्रमां समजावेली छे. एमां एमनो हेतु लोकोमां समभावने जगाडवानो छे. अने जीवो एक सरखा छतां तेमनी उपर बतावेली जे जुदीजुदी दशाओ थाय छे ते तेमना शुभ के अशुभ संस्कारने आभारी छे. एटले मनुष्योए संस्कारशुद्धिना प्रयत्न तरफ वळवुं जोईए एम भगवाननुं आ उपरथी सूचन छे. जो आपणे ए बधां वर्णनो उपरथी मैत्रीवृत्ति केळववा तरफ अने संस्कार शुद्धिना प्रयत्न तरफ न वळीए अने मात्र ए वर्णनो ज वांच्या करीए अने गोख्या करीए तो आपणे भगवान महावीरना संदेशाने समजवा योग्य नथी एम कहेवुं जोईए.

भगवान महावीरे आ जे बधुं कहेलुं छे तेमां तेमनी आध्यात्मिक शुद्धि अने परापूर्वथी चाली आवेली आर्योनी परंपरा ए बे मुख्य कारणो छे. एटले आ सूत्रमां के बीजा सूत्रमां ज्यां ज्यां आवां जीवने लगतां वर्णनो आवे छे तेनो खरो साक्षात्कार आपणे करवो होय तो आपणा माटे केवल चर्चा के शास्त्रश्रद्धा बस नथी पण आपणी पोतानी जातनी आत्मशुद्धि अने प्रज्ञाशुद्धिने वधारेमां वधारे केळववी जोईए. प्रज्ञाशुद्धि एटले ज्यां ए वर्णनो आवे छे ते बधां शास्त्रोनो तटस्थ दृष्टिए अभ्यास तथा अत्यारना विज्ञानशास्त्रनो पण ए ज रीते सूक्ष्म अभ्यास. आटलुं कर्या पछी पण जो शास्त्रवचन अने तटस्थ अनुभवमां भेद मालुम पडे तो मुंझावापणुं नथी. कारण के शास्त्रे वर्णवेली स्थिति देशकाळनी मर्यादाने ओळंगी शकती नथी एटले देशकाळनो फेर बदलो थतां जे स्थिति २५०० वर्ष पहेलां भगवान महावीरे जेवी बतावी होय तेवी अत्यारे न होय तेमां कशी असंगति नथी. वळी आवी चर्चाओ मात्र भेद वधारवा के शास्त्रार्थना झगडा करवामाटे खपनी नथी. तेनो खप तो आगळ कह्या प्रमाणे मात्र मैत्रीवृत्ति अने संस्कारशुद्धि माटे छे.

आथी कोई संप्रदाय बार स्वर्गो करतां वधारे के ओछा स्वर्गो कहे अथवा नारकोनी हकीकत विषे एवी भिन्नतावाळी हकीकत कहे तेनाथी कशो क्षोभ पामवानो नथी.

आपणे जाणीए छीए के आ जातना विचारो भगवान महावीरना जमानामां कांई नवा न हता, कारण के आ संबंधमां वैदिक परंपरामां, बुद्धना पिटकोमां अने अवेस्ताग्रंथोमां केटलीए हकीकतो आजे उपलब्ध छे. जो के ते हकीकतो आपणे त्यां लखाएली छे तेवी सूक्ष्म नथी पण **आत्मवत् सर्वभूतेषु**ना सिद्धांतने समजवा पूरती ए हकीकतो आपणा सिवायनी बीजी बधी परंपराओमां नोंधायेली छे अने तेनो खरो उपयोग पण ते ज छे.

वनस्पतिविद्याविषे चरक अने सुश्रुतमां आपणे त्यां वर्णवेली छे तेटली ज सूक्ष्म पण बीजा प्रकारनी अनेक हकीकतो नोंधायेली छे, जे आजे पण उपलब्ध छे अने व्यवहारमां पण खरी निवडेली छे.

---

१ जूओ स्थानांगसूत्रना मूळनो प्रारंभ पृ० १०।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जेने आपणे एकेन्द्रिय कहीए छीए ए जंतुओनी स्थिति विषे अत्यारना विज्ञाने घणी उंडी शोध करेली छे. ते ज प्रमाणे बाकीना सूक्ष्म अने स्थूल जीवजंतुओनी स्थितिविषे पण अत्यारे घणी नवी शोधो थयेली छे.

जे भमरीने आपणे असंज्ञी कहीए छीए ते भमरीनी कुशळता विषेना प्रत्यक्ष प्रयोगो आपणे जोई शकीए छीए. जेने आपणे बे, त्रण, अने चार इन्द्रियोवाळा कहीए छीए ते बधांने कोई अपेक्षाए पांच इन्द्रियो छे ए आपणे सूक्ष्मदर्शक यंत्रद्वारा जोई शकीए छीए. तदुपरांत ए बधां प्राणीओनां स्वभाव, प्रवृत्ति, हाजतो वगेरे अनेक जातनी हकीकतोविषे आजे घणुं नवुं ज्ञान आपणने मळी शके छे. ते बधा तरफ आपणे उपेक्षा राखीए अने मात्र शास्त्रवाक्य ज गोख्या करीए तो आपणी प्रज्ञाशुद्धि थई शकवानी नथी.

कदाच कोईने एम लागे के विज्ञानना अभ्यासथी शास्त्रश्रद्धा मंद थतां नास्तिकतानो प्रचार थशे. पण ए कल्पना के भय बराबर नथी. विज्ञानथी तो शास्त्रश्रद्धा वधारे दृढ थवानो अनुभव छे अने एम कहेवानुं आपणने अभिमान रहे छे के प्राचीन लोकोए पण पोताना जमानामां केटला बधा वैज्ञानिक विचारो करेला हता.

कदाच शास्त्रवचनो साथे विज्ञाननो भेद मालम पडे तो तेना समन्वयनी चावी आपणी पासे छे. ते एक तो देशकाळ अने बीजी कहेवानी शैली. देशकाळ एटले के भगवान महावीरना जमानानी के पूर्वपरंपराथी जे हकीकतो चाली आवती हती ते अत्रे नोंधेली छे एटले ए जमाना अने आ जमाना वच्चेना घणा लांबा गाळामां विश्वनुं एटले के मानवस्वभावनुं, मानवी रहेणीकरणीनुं अने मानवनी आसपासनी परिस्थितिओनुं तथा वनस्पति अने जंतु जगतनुं जे परिवर्तन आजसुधी थतुं आव्युं छे ते परिवर्तन ज भेदना समाधान माटे बस छे.

कहेवानी शैलीनो दाखलो आ प्रमाणे घटावी शकाय: आपणे त्यां आ वात प्रसिद्ध छे के ईयळमांथी भमरी थाय छे. जैनपरिभाषा प्रमाणे ईयळ करतां भमरी वधारे इंद्रियवाळुं प्राणी छे एटले के चार इन्द्रियवाळुं छे. तो एक ज जन्ममां बे जन्म थाय शी रीते? पण जे लोकोए एम कह्युं छे के ईयळमांथी भमरी थाय छे, ते लोकोए एम जोयेलुं छे के भमरी ईयळने लावीने पोताना दरमां राखे छे अने तेमांथी काळांतरे भमरी नीकळे छे. मात्र आटलुं ज जोनारो ईयळमांथी भमरी निकळे छे एम जरूर कहे पण ईयळमांथी भमरी क्यांथी आवी तेनो खुलासो नथी करी शकतो एटले तेनुं ते कथन स्थूलदृष्टिए छे एम समजीने खरा तरीके समजी शकाय खरुं. पण ज्यारे जंतुशास्त्रनी मददथी आ विषे विचार करीए तो तद्दन जुदुं ज मालम पडे छे. ते शास्त्र कहे छे के ईयळमांथी भमरी थती नथी पण भमरी जे ईयळने दरमां लावे छे ते ईयळमां डंख मारीने इंडां मूके छे. अने ते इंडां काळांतरे ईयळद्वारा पोषाईने ईयळमांथी बहार आवे छे. ईयळ तो मात्र ते इंडानुं पोषण ज छे. आ रीते बारीकाईथी जोतां भमरीना इंडामांथी ज भमरी थाय छे पण ईयळमांथी भमरी नथी थती, छतां ईयळमांथी भमरी थवानी हकीकत खोटी छे एम स्थूल दृष्टिए न कही शकाय.

जैन परिभाषामां कहीए तो ईयळमांथी भमरी थवानी हकीकत उपचार प्रधान व्यवहारनयथी ठीक कही शकाय. जंतुशास्त्रथी सिद्ध थयेली हकीकत निश्चयनयथी ठीक कही शकाय.

आ प्रमाणे शास्त्रोमां जे जे हकीकतो लखायेली मळे छे तेनो निवेडो नयवादनी दृष्टियी जरूर लावी शकाय. अने तेथी विज्ञान अने शास्त्रीय विचारणामां अथडामण थवानो संभव नही रहे.

देव अने नरकनी हयाती विषे तो बधी प्राचीन परंपराओ एकसरखो ज मत धरावे छे. पण ते विषे ज्यांसुधी वनस्पतिविषानी पेठे उंडी शोध थई निर्णय न थाय त्यांसुधी आपणे ए विषेनी कोईपण जूनी परंपराने खोटी कहेवा हिम्मत न करी शकीए. दरेक परंपराना मूळ पुरुषे ए विषे विचारो दर्शाव्या छे. ते विचारो विषे ते ते परंपराना अनुयायीओए कशी नवी शोधखोळ करी नथी पण झाझे भागे तेना ते विचारोनुं पिष्टपेषण कर्या कर्युं छे. पण हवे ए विषे शोध करवानो युग आवी गयो छे. जो के यास्क जेवा महर्षिए ए विषे एटले देव, इंद्र, सुर, असुर वगेरे विषे कांईक नवो प्रकाश पाडवा प्रयत्न कर्यो छे खरो पण आ लोकप्रवाह सामे ए ठीकठीक पहोंची शक्यो नथी अने मात्र पौराणिक परंपरामां वर्णवायेलां रूपको ज बधी परंपरावाळाओए स्वीकार्यां छे एम ए यास्कनी दृष्टिए कही शकाय.

वैदिक आर्योनी देव वगेरे विषे शुं मान्यता हती ते विषे यास्कने[1] वांचवाथी थोडीघणी माहिती आजे पण आपणने मळी शके छे.

आ सूत्रमां अने बीजां सूत्रोमां भगवान महावीरे विश्वविज्ञानने लगती जे जे माहिती आपी छे तेनो उद्देश विश्ववैचित्र्य जाणवा उपरांत ते द्वारा विश्व साथे समभाव केळववानो छे. छतां केटलीक एवी बाबतो पण तेमां बतावयामां आवी छे जेमां मात्र ज्ञेयनी दृष्टि मुख्य छे. तेमनो जीवनशुद्धिमां सीधो उपयोग होय एवुं जणातुं नथी. जेमके—

लोकनी स्थितिने समजावतां भगवान महावीरे गौतमने जणावेलुं छे के, आकाश उपर वायु रहेलो छे. वायुनी उपर उदधि छे. उदधि उपर आ पृथ्वी रहेली छे अने ए पृथ्वी उपर आ आखुं विश्व रहेलुं छे. आ हकीकत समजाववा भगवान एक सरस दाखलो

---

१ श्रीयास्कना उल्लेखो माटे जूओ प्रस्तुत ग्रंथ भा० २ पृ० ४२, ४८-४९, १२२, १३० ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आपे छे. तेओ कहे छे के जेम कोई पुरुष मशकने फुलावीने तेनुं मोढुं बंध करे, पछी मशकने वचले भागे गांठ मारी दे, गांठ मार्या पछी मशकनुं मोढुं खुल्लुं करी तेनो पवन काढी तेमां पाणी भरी दे, पछी गांठ छोडी नाखे तो जेम ते पवनने आधारे उपरनुं पाणी नीचे न आवतां उपर ज रहे छे तेम आ पृथ्वी पवनने आधारे रहेला समुद्र उपर टकी रही छे. (भा० १ पा० १७)

एक स्थळे पोताना शिष्य रोहक अणगारने समजावतां भगवान कहे छे के जेम कूकडी अने इंडुं ए बे वच्चे कयुं कार्य अने कयुं कारण एवो क्रमवाळो विभाग थई शकतो नथी पण बन्नेने शाश्वत मानवा पडे छे, तेम लोक, अलोक, जीव, अजीव वगेरे भावोने पण शाश्वत मानवाना छे. ए बे वच्चे कशो कार्यकारणनो क्रम नथी. (भा० १ पा० १६७)

एकस्थळे गर्भस्थ जीवनी स्थितिनी चर्चा करतां गर्भमां रहेलो जीव शुं खाय छे, तेने शौच, मूत्र, श्लेष वगेरे होय छे के नही, गर्भस्थ जीवे करेला आहारना कया कया परिणामो थाय छे, ते जीव मुखथी खाई शके छे के नहि, ते कई रीते आहार ले छे, ते जीवमां केटलो मातानो अने केटलो पितानो अंश होय छे, तेनुं निस्सरण मायाथी थाय छे के पगथी वगेरे हकीकतो जेम महर्षि चरक समजावे छे, ते ज रीते, पण संक्षेपमां समजाववामां आवी छे. (भा० १ पा० १८१)

एक बीजी जग्याए पाणीना गर्भ विषे विचार चालेलो छे. तेमां कहेलुं छे के पाणीनो बंधाएलो गर्भ वधारेमां वधारे छ महिना सुधी टकी शके छे, पछी तो ते गळे ज. (भा० १ पा० २७३) आ विषे थोडी वधारे चर्चा ठाणांग सूत्रमां पण आवे छे. एनी सविस्तर चर्चा जोवी होय तो वाराहीसंहितामां उदकगर्भने लगतुं आखुं प्रकरण जोई लेवुं जोईए. गर्भ क्यारे बंधाय छे, कया महिनामां एनी केवी स्थिति होय छे, क्यारे गळे छे, ते बधुं एमां सविस्तर वर्णवायेलुं छे. वाराहीसंहिता ए वैदिक परंपरानो विश्वकोष जेवो एक मोटो ग्रंथ छे ते न भुलाय.

भाषा-शब्दना स्वरूपनी चर्चा करतां शब्दोनी उत्पत्ति, शब्दोनो आकार, बोलायेल शब्द ज्यां पर्यवसान पामे छे ते अने शब्दना परमाणुओ वगेरे विषे विस्तारथी जणावेलुं छे. (भा० १ पा० २९१) पन्नवणासूत्रमां भाषाना स्वरूपने लगतुं भाषापद नामनुं एक ११ मुं प्रकरण ज छे. तो विशेषार्थीए ए बधुं त्यांथी जोई लेवुं.

समुद्रमां भरती अने ओट थाय छे ते सौ कोईनी जाणमां छे. ते भरतीओट थवानां कारणोनी चर्चा करतां समुद्रनी चारे दिशामां चार मोटा पातालकलशो होवानुं अने ते उपरांत बीजा अनेक क्षुद्र कलशो होवानुं जणाव्युं छे. ते पातालकलशोमां नीचेना भागमां वायु रहे छे, वचला भागमां वायु अने पाणी साथे रहे छे अने उपला भागमां एकलुं पाणी रहे छे. ज्यारे ए वायु कंपे छे, क्षुब्ध थाय छे, त्यारे समुद्रनुं पाणी ऊछळे छे अने ज्यारे एम नथी थतुं त्यारे समुद्रनुं पाणी ऊछळतुं नथी. आ प्रमाणे भरतीओटना प्रश्नने लगतुं समाधान मूकेलुं छे. (भा० २ पा० ८२) ए समाधानमांथी आपणे एटलुं तो जरूर तारवी शकीए छीए के कदाच वायुना कारणथी समुद्रमां भरती ओट थतां होय.

आ उपरांत सूर्यने अने ऋतुने लगती पण केटलीक चर्चा आ सूत्रमां आवेली छे. ए चर्चामां जणावेली हकीकतोनो खुलासो त्यारे ज मेळवी शकीए ज्यारे आपणे खगोळ अने ऋतुना विज्ञानशास्त्रनुं गंभीर रीते परिशीलन कर्युं होय.

काने जे शब्दो आवे छे ते शब्दोनुं ग्रहण कर्णेन्द्रिय अने शब्दना स्पर्शथी थाय छे के एमने एम थाय छे? तेना उत्तरमां कर्णेन्द्रियने शब्दनो स्पर्श थया पछी ज शब्दनुं ग्रहण थाय छे एम स्वीकारवामां आवेल छे. (भा० २ पा० १७१)

आ विषे वधारे विस्तारवाळुं वर्णन पन्नवणासूत्रना पंदरमा इन्द्रियपदमां छे. तेमां इन्द्रियोना प्रकारो, आकारो, दरेक इन्द्रियनी जाडाई, पहोळाई, कद, इन्द्रियोद्वारा थती पदार्थग्रहणनी रीत, इन्द्रिय केटले वधारे दूर के नजीकथी पदार्थने ग्रहण करी शके छे ते अंतरनुं माप ए बधुं वीगतथी चर्चेल छे.

अंधारुं अने अजवाळुं केम थाय छे तेनो पण खुलासो भगवाने पोतानी रीते जणाव्यो छे. (भा० २ पा० २४६)

वनस्पतिविषे विचार करतां एक जग्याए ते सौथी ओछो आहार क्यारे ले छे अने सौथी वधारे आहार क्यारे ले छे? ए प्रश्नना उत्तरमां भगवाने जणावेलुं छे के प्रावृट्ऋतुमां एटले श्रावण अने भादरवा महिनामां, अने वर्षाऋतुमां एटले आसो अने कारतकमां वनस्पति सौथी वधारेमां वधारे आहार ले छे. अने पछी शरद्, हेमंत अने वसंतऋतुमां ओछो ओछो आहार ले छे. पण सौथी ओछो आहार ग्रीष्मऋतुमां ले छे. आ उत्तर सांभळी फरीथी गौतमे पूछ्युं के हे भगवान! जो ग्रीष्मऋतुमां वनस्पति सौथी ओछामां ओछो आहार लेती होय तो ते वखते पांदडावाळी, पुष्पवाळी, फळवाळी, लीलीछम अने अत्यंत शोभावाळी केम देखाय छे? उत्तरमां भगवाने कह्युं छे के केटलाक उष्णयोनिक जीवो तथा पुद्गलो वनस्पतिकायरूपे तेमां उत्पन्न थाय छे, एकठा थाय छे, वधारे वृद्धि पामे छे, ते कारणथी हे गौतम! ग्रीष्ममां अल्पाहार करती वनस्पति पांदडावाळी, पुष्पवाळी, फळवाळी, अने आंखने ठारे एवी शोभावाळी थाय छे.

---

१ जूओ प्रस्तुत ग्रन्थ भा० १ पृ० २७३ तथा टिप्पण १ पृ० २७५।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ए ज प्रकरणमां आगळ चालतां वनस्पतिनुं मूळ, वनस्पतिनो कंद, वनस्पतिनी शाखाओ, वनस्पतिनां बी, वनस्पतिनां फळो, वनस्पतिनां पांदडां वगेरेने आहार पहोंचवानी पद्धति पण बतावेली छे. (भा० ३ पा० १२) आ हकीकत विषे शास्त्रोक्त वनस्पतिविद्याने जाणनार कोई पंडित जो वनस्पतिविद्याविशारद जगदीशचंद्र वसु साथे वातचीत करशे तो घणो विशेष प्रकाश पाडी शकशे अने भगवान महावीरे जणावेली हकीकतनी पण कसोटी थशे.

आठमा शतकना बीजा उद्देशकमां आशीविषनी माहिती आपेली छे. आशी एटले दाढ. जेनी दाढमां विष छे तेने आशीविष कहेवामां आवे छे. तेना बे प्रकार छे. जन्मथी आशीविष अने कर्मथी आशीविष. जन्मथी आशीविष चार प्रकारना छे. वींछीनी जातिना, देडकानी जातिना, मनुष्यनी जातिना अने सर्पनी जातिना आशीविष. ए चारे प्रकारना झेरी प्राणीओनां झेरनुं सामर्थ्य बतावतां भगवान कहे छे के वींछीनी जातिनां झेरी जंतुओ अर्ध भारत जेवडा शरीरने, देडकानी जातिनां झेरी जंतुओ भरतक्षेत्र जेवडा शरीरने, सर्पनी जातिनां झेरी जंतुओ जंबुद्वीप जेवडा मोटा शरीरने अने मनुष्यनी जातिनां झेरी प्राणीओ मनुष्यलोक जेटलां विशाळ शरीरने झेरथी व्याप्त करवा समर्थ छे. आटलुं कह्या पछी भगवान कहे छे के ए चारे प्रकारना सर्पोना झेरनुं सामर्थ्य जे उपर जणावेलुं छे ते, ते झेरी प्राणीओए कदी बताव्युं नथी, बतावतां नथी अने बताववानां पण नथी. (भा० ३ पा० ५६) भगवाने तो मात्र ते ते प्राणीओना विषनी शक्तिनो ख्याल आपवा पूरती ते ते हकीकतो जणावेली छे. आ विषे सर्पशास्त्रना अभ्यासी पासे जिनप्रवचननो भक्त प्रकाश नखावशे तो जरूर भगवानना प्रवचननो महिमा वधशे तेमां शक नथी.

'स्वार्थी मनुष्य प्राणी केवो झेरी छे, तेना झेरनुं सामर्थ्य केवुं प्रबळ छे अने केटलुं बधुं संहारक छे' ए बधी हकीकत आध्यात्मिक दृष्टिथी तो समजाय तेवी छे. विषकन्या अने जीवती डाकणोनी वातो मनुष्यना सर्पपेठेना झेरीपणानी साबीती माटे कही शकाय एवी छे तो पण अहीं मनुष्यने जे रीते झेरी तरीके वर्णव्यो छे ए वस्तु तो अवश्य शोधने पात्र छे.

छट्ठा शतकना सातमा उद्देशकमां भगवानने गौतम पूछे छे के हे भगवान! कोठामां अने डालामां भरेलां अने उपरथी छाणथी लीपेलां, माटी वगेरेथी चांदेलां एवा शाल, चोखा, घउं तथा जवनी ऊगवानी शक्ति क्यांसुधी टकी रहे? उत्तर आपतां भगवान कहे छे के हे गौतम! ओछामां ओछुं अंतर्मुहूर्त अने वधारेमां वधारे त्रण वर्ष सुधी ए बधां अनाजनी ऊगवानी शक्ति कायम रही शके छे.

आ ज प्रमाणे कलाय (वटाणा) मसूर, तल, मग, अडद, वाल, कळथी, एक जातना चोखा, तूवेर अने चणा ए विषे पूर्वोक्त प्रश्नना जवाबमां भगवान कहे छे के कलाय वगेरेनी ऊगवानी शक्ति वधारेमां वधारे पांच वर्ष सुधी रहे छे अने ओछामां ओछी अंतर्मुहूर्त रहे छे. वळी अळसी, कुसुंभ, कोद्रवा, कांग, बंटी, बीजी जातनी कांग, बीजी जातना कोद्रवा, शण, सरसव, मूळानां बी (**मूलकबीजानि**) ए बधांनी ऊगवानी शक्ति वधारेमां वधारे सात वर्ष सुधी कायम रहे छे अने ओछामां ओछी अंतर्मुहूर्त.

आ चर्चा पण आपणने अतिरस आपे एवी छे. पण आ विषे कोई वनस्पतिशास्त्रना अभ्यासी द्वारा ऊहापोहपूर्वक प्रकाश नखावी शकाय तो ज ते वधारे रसिक थाय तेवुं छे.

आ ग्रंथमां जेम आत्माने लगती बधी बाजुओनो विचार करवामां आव्यो छे तेम पुद्गल-जडद्रव्य विषे पण तेवो स्फुट विचार अनेक जग्याए बताववामां आव्यो छे.

भगवान महावीर मूर्तिमंत जडद्रव्यना—प्रयोगथी परिणाम पामेलां, प्रयोग अने अप्रयोग बन्नेथी परिणाम पामेलां अने अप्रयोगथी परिणाम पामेलां एवा—त्रण विभाग बतावे छे अने कहे छे के अप्रयोगथी परिणाम पामेलां मूर्तिमंत जडद्रव्यो विश्वमां वधारेमां वधारे छे. एथी ओछां, प्रयोग अने अप्रयोगथी परिणाम पामेलां अने सौथी ओछां, प्रयोगथी परिणाम पामेलां छे. तेमनी आ गणना आखा विश्वने लक्षीने छे. अहिं प्रयोगनो अर्थ जीवनो व्यापार अने अप्रयोगनो अर्थ स्वभाव समजवानो छे.

एक स्थळे पदार्थोना परस्परना बंध विषे कहेतां भगवान महावीरे गौतमने कह्युं छे के बंध बे प्रकारना छे. जे बंध जीवना प्रयत्नथी थतो देखाय छे ते प्रयोगबंध कहेवाय छे. जे बंध जीवना प्रयत्न वगर एमने एम थतो देखाय ते वीससाबंध कहेवाय छे.

पाछलो वीससाबंध अनादि पण होय छे. आकाशद्रव्यना प्रदेशोनो जे परस्पर संबंध ते अनादि वीससाबंध छे. परमाणुपरमाणुओनो, द्रव्यद्रव्यनो अने वादळां वगेरेनो जे परस्पर संबंध छे ते सादि वीससाबंध कहेवाय छे. आ बंध त्रण प्रकारनो कहेवामां आव्यो छे. परमाणुपरमाणुना एटले रूक्ष अने स्निग्ध परमाणुना बंधने बंधननिमित्तक कहेवामां आवे छे, ते ओछामां ओछो एक समय सुधी अने वधारेमां वधारे असंख्य काल सुधी टके छे. द्रव्यद्रव्यना एटले गोळ, चोखा, दारु वगेरे ए बधां जे भाजनमां भरवामां आवे छे तेनी साथे बहु समय जतां चोंटी जाय छे ते तेमना परस्परना संबंधने भाजननिमित्तकबंध कहेवामां आवे छे, ते ओछामां ओछो अंतर्मुहूर्त अने वधारेमां वधारे संख्येय काल सुधी रहे छे अने वादळां वगेरेना परस्परना बंधने परिणामनिमित्तकबंध कहेलो छे अने ते ओछामां ओछो एक समय अने वधारेमां वधारे छ महिना सुधी टके छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे बंध जीवना प्रयत्नथी थाय छे तेना मुख्य त्रण प्रकार काळनी अपेक्षाए बतावेला छे; अनादिअनंत, सादिअनंत अने सादिसांत. आमांनो छेल्लो सादिसांतवाळो प्रकार व्यवहारमां खूब प्रचलित छे. तेना पण मुख्य चार प्रकार बताववामां आव्या छे. आलावणबंध, अल्लिआवणबंध, शरीरबंध अने शरीरप्रयोगबंध. ( भा० ३ पा० १०१ )

आ विषे वीगतवार उदाहरण साथेनी हकीकत उपर्युक्तपाने बंधना प्रकरणमां कहेवामां आवी छे जे वांचनारने अत्यंत रसदायक नीवडे तेवी छे.

वळी, बीजे स्थळे परमाणुनुं कंपन, परमाणुनां परिणाम, परमाणुनी अच्छेद्यता, परमाणुने मध्य होय छे के नहि? परमाणुनो परस्पर स्पर्श, परमाणुनी परमाणुदशानी स्थिति, परमाणुना कंपननो समय, शब्दपरमाणुनी शब्द तरीकेनी स्थितिनो समय वगेरे अनेक सूक्ष्म-सूक्ष्मतम विचारो बताव्या छे ( भा० २ पा० २१६ )

आना जेवी बीजी पण अनेक चर्चाओ जेने आपणे वैज्ञानिक कही शकीए तेवी आ सूत्रमां अने बीजा सूत्रोमां अनेक स्थळे आवेली छे पण विज्ञानशास्त्रनी मदद सिवाय ए चर्चाओ वधारे समजमां आवी शके तेवुं नथी तेथी जिनप्रवचनने वधारे समजवामाटे विज्ञाननो अभ्यास अधिक उपयोगी अने आवकारदायक छे ते शक विनानी वात छे.

भगवाने जे आ बधी चर्चा करी छे ते बधी तेमनी आत्मशोधमांथी जन्मी छे एम कहेवुं जराय खोटुं नथी. जीव अने तेना भेदो अने तेनी अनेक प्रकारनी स्थितिनी चर्चा, जीवमात्रनी समानता अने भिन्नभिन्न संस्कारोथी थयेली तेनी विचित्रता बतावता करेली छे. एकंदरे जोतां ए चर्चा सर्व कोईने मैत्रीभाव अने समभाव तरफ प्रेरे एवी छे अने जडद्रव्यना परिणामो अने स्थिति वगेरेनी चर्चा आपणने विश्वनुं वैविध्य बतावी निर्वेद तरफ लई जवामां साधनरूप बने तेवी छे.

आत्मशोधक माणस, एक ज पुद्गलना, संयोगवश भिन्नभिन्न परिणामो जाणी कया परिणाममां ए राग करे अने कयामां ए घृणा करे? आ बधुं जोतां भगवानना प्रवचनमां जे जे चर्चाओ करवामां आवी छे ते बधी आत्मशोधनमांथी जन्मी छे अने आत्मशोधने पोषनारी छे ए हकीकत वारंवार कहेवी पडे एवी नथी. अने उपर कह्या प्रमाणे केटलीक चर्चाओ मात्र ज्ञाननी दृष्टिए पण करवामां आवी छे ए पण खरी वात छे.

## रूढिच्छेद

व्याख्याप्रज्ञप्तिमां आवेली जीवनशुद्धि अने विश्वविज्ञाननी माहिती उपर प्रमाणे आप्या पछी श्रमण भगवान महावीरे पोताना वखतनी रूढिओने तोडवा जे प्रवचनधारा वहेवरावी छे ते विषे आपणे हवे अहीं कहेवानुं छे. ए प्रवचनधारा आ सूत्रमां तेम बीजा सूत्रमां पण ठीकठीक प्रमाणमां उपलब्ध छे. श्रीउत्तराध्ययनसूत्रमां जातिवादथी थती सामाजिक विषमताने तोडवा भगवाने स्पष्ट शब्दोमां कह्युं छे के जातिविशेषथी कोई पूजापात्र थई शकतो नथी पण गुणविशेषथी ज थई शके छे. ब्राह्मणकुलमां जन्मेलो के मात्र मुखथी ॐ ॐ नो जाप करनार ब्राह्मण नथी पण ब्रह्मचर्यथी ब्राह्मण बने छे. एवी रीते श्रमणकुलमां रहेनारो के कोई मात्र माथुं मुंडावनारो श्रमण थई शकतो नथी पण जेनामां समता होय ते ज श्रमण कहेवाय छे. जंगलमां रहेवा मात्रथी कोई मुनि कहेवातो नथी पण मनन-आत्मचिंतन

---

१ "सोवागकुलसंभूओ गुणुत्तरधरो मुणी।
हरिएसबलो नाम आसि भिक्खू जिइंदिओ ॥ १

कोहो य माणो य वहो य जेसिं
मोसं अदत्तं च परिग्गहं च।
ते माहणा जाइविज्जाविहीणा
ताइं तु खित्ताइं सुपावयाइं ॥ १४

सक्खं खु दीसइ तवोविसेसो
न दीसइ जाइविसेस कोइ।
सोवागपुत्तं हरिएससाहुं
जस्सेरिसा इड्ढी महाणुभावा" ॥ ३७

—उत्तराध्ययनसूत्र अध्ययन-१२

१ चंडाळना कुळमां पेदा थएलो अने उत्तम गुणने धारण करनारो एवो हरिकेश नामे जितेन्द्रिय भिक्षु हतो. (१)

जेओना चित्तमां क्रोध छे, अहंकार छे, हिंसा छे, असत्य छे, चौर्य छे, अने मूर्च्छा छे तेवा जाति अने विद्याविहीन ब्राह्मणो पापक्षेत्र छे. (१४)

तपनी विशेषता साक्षात देखाय छे पण जातिनी विशेषता कशी देखाती नथी. कारण के हरिकेश साधु, चंडाळनो पुत्र होवा छतां तप अने संयमना कारणथी महाप्रभावयुक्त शक्तिशाली थई शक्यो छे. (३७)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

करनारो मुनि कहेवाय छे. मात्र कोई झाडनी छाल पहेरवाथी तापस कहेवातो नथी पण आत्माने शोधनारुं तप करे ते ज तापस कहेवाय छे.[1] आ उपरांत आठ गाथामां भगवाने खास करीने ब्राह्मणनुं स्वरूप बताव्युं छे.[1]

धम्मपद अने सुत्तनिपातमां भगवान बुद्धे पण ब्राह्मणनुं आ जातनुं लक्षण केटलीक गाथामां बतावेलुं छे. आ उपरथी आपणे स्पष्ट जाणी शकीए छीए के ते बन्ने महापुरुषोनो शुष्क जातिवाद सामे मोटो विरोध हतो. आने लीधे ज तेमना तीर्थोमां शूद्रो, क्षत्रियो अने स्त्रीओ ए बधांने एक सरखुं मानभर्युं स्थान मळेलुं छे.

जातिवादनी पेठे ते वखते जडमूळ घालीने बेठेली केटलीक जडक्रियाओ सामे पण भगवान महावीरे ते वखतना लोकोनी सामे विरोध उठावेलो. ए क्रियाओमां खास करीने यज्ञ, स्नान, अर्थना भान विनानुं वेदनुं अध्ययन, भाषानी खोटी पूजानुं अभिमान, सूर्यचंद्रना ग्रहणने लगतुं कर्मकाण्ड, दिशाओनी पूजानो प्रघात, शुद्धयी स्वर्ग मळवानी मान्यता–ए बधी जडप्रक्रियाओने लीधे समाजनी आत्म-शुद्धिनो ह्रास थतो जाणी आ सूत्रमां अने बीजा सूत्रमां भगवाने ते ते क्रियाओनुं खरुं स्वरूप बताव्युं छे अने तेना जड स्वरूपनो चोक्खो विरोध कर्यो छे.

श्रीउत्तराध्ययनसूत्रमां यज्ञना स्वरूप विषे कहेवामां आव्युं छे के बधा वेदोमां विहित करेला यज्ञो पशुहिंसामय छे. ते पशुहिंसा-रूप पापकर्म द्वारा जे यज्ञ करवामां आवे छे ते यज्ञ याजकने पापथी बचावी शकतो नथी तेथी ज ते खरो यज्ञ नथी पण खरो यज्ञ आ प्रमाणे छेः—"जीवरूप अग्निकुंडमां मनवचनकायानी शुभ प्रवृत्तिरूप वाढीथी शुभप्रवृत्तिनुं घी रेडीने शरीररूप छाणां अने दुष्कर्मरूप लाकडांने प्रदीप्त करीने शान्तिरूप प्रशस्त होमने ऋषिओ नित्यप्रति करे छे. खरो होम आ जै छे."

---

१ "न वि मुंडिएण समणो न ओंकारेण बंभणो ।
न मुणी रण्णवासेण कुसचीरेण न तावसो ॥ २९
समयाए समणो होइ बंभचेरेण बंभणो ।
नाणेण य मुणी होइ तवेणं होइ तावसो ॥ ३०
कम्मुणा बंभणो होइ कम्मुणा होइ खत्तियो ।
वइस्सो कम्मुणा होइ सुद्दो हवइ कम्मुणा" ॥ ३१
–उत्तराध्ययनसूत्र अध्ययन–२५

१ मात्र माथुं मुंडाववाथी श्रमण थइ शकातुं नथी, ॐकारना जापथी ब्राह्मण थइ शकातुं नथी, जंगलमां रहेवाथी मुनि थइ शकातुं नथी अने डाभ पहेरवाथी तापस थइ शकातुं नथी. (२९)
समताथी श्रमण थवाय छे, ब्रह्मचर्यथी ब्राह्मण थवाय छे, चिंतनथी मुनि थवाय छे अने तपथी तापस थवाय छे. (३०)
कर्मथी ब्राह्मण थवाय छे, कर्मथी क्षत्रिय थवाय छे, कर्मथी वैश्य थवाय छे अने कर्मथी शूद्र थवाय छे. (३१)

२ "जो न सज्जइ आगंतुं पव्वयंतो न सोअइ ।
रमए अज्जवयणम्मि तं वयं बूम माहणं ॥ २०
जायरूवं जहामट्ठं निद्धंतमलपावगं ।
रागद्दोसभयाईयं तं वयं बूम माहणं ॥ २१
तसे पाणे वियाणित्ता संगहेण य थावरे ।
जो न हिंसइ तिविहेण तं वयं बूम माहणं ॥ २२
कोहा वा जइ वा हासा लोहा वा जइ वा भया ।
मुसं न वयइ जो उ तं वयं बूम माहणं ॥ २३
चित्तमंतमचित्तं वा अप्पं वा जइ वा बहुं ।
न गिण्हइ अदत्तं जो तं वयं बूम माहणं ॥ २४
दिव्वमाणुस्सतेरिच्छं जो न सेवेइ मेहुणं ।
मणसा काय–वक्केणं तं वयं बूम माहणं ॥ २५
जहा पोम्मं जले जायं नोवलिप्पइ वारिणा ।
एवं अलित्तं कामेहिं तं वयं बूम माहणं ॥ २६
अलोलुयं मुहाजीविं अणगारं अकिंचणं ।
असंसत्तं गिहत्थेहिं तं वयं बूम माहणं ॥ २७
एवंगुणसमाउत्ता जे हवंति दिउत्तमा ।
ते समत्था उद्धत्तुं परं अप्पाणमेव य" ॥ ३३
–उत्तराध्ययनसूत्र अध्ययन–२५

२ "जे आसक्ति न राखे, शोक न करे, अने आर्यना वचन प्रमाणे रहे तेने अमे ब्राह्मण कहीए छीए. (२०)
धमेला अने संस्कारेला सोनानी पेठे जे शुद्ध छे अने राग, द्वेष तथा भयथी विमुक्त छे तेने अमे ब्राह्मण कहीए छीए. (२१)
गतिशील अने अगतिशील प्राणीओनी स्थिति जाणीने जे मन, वचन अने शरीरथी हिंसा नथी करतो तेने अमे ब्राह्मण कहीए छीए. (२२)
क्रोध, मश्करी, लोभ के भयथी जे जूठुं बोलतो नथी तेने अमे ब्राह्मण कहीए छीए. (२३)
सजीव के निर्जीव वस्तुनी जे थोडी के बहु चोरी करतो नथी तेने अमे ब्राह्मण कहीए छीए. (२४)
जे मन, वचन ने कायाथी ब्रह्मचर्य पाळे छे तेने अमे ब्राह्मण कहीए छीए. (२५)
जेम कमळ पाणीमांथी थाय छे छतां पाणीथी लेपातुं नथी तेम जे कामोथी अलिप्त रहे छे तेने अमे ब्राह्मण कहीए छीए. (२६)
जे लोलुप नथी, स्वार्थने कारणे जीवतो नथी, अकिंचन छे अने गृहस्थोमां संसक्त नथी तेने अमे ब्राह्मण कहीए छीए. (२७)
जे द्विजोत्तमो आवा प्रकारना गुणवाळा होय छे तेओ ज पोतानो अने परनो उद्धार करवाने समर्थ छे. (३३)

३ "किं माहणा जोइ समारभंता उदएण सोहिं बहिया विमग्गहा ? ।
जं मग्गहा बाहिरियं विसोहिं न तं सुदिट्ठं कुसला वयंति ॥ ३८
कुसं च जूवं तणकट्ठमग्गिं सायं च पायं उदयं फुसंता ।
पाणाइं भूयाइं विहेठयंता भुज्जो वि मंदा पकरेह पावं ॥ ३९
तवो जोइ जीवो जोइठाणं जोगा सुया सरीरं कारिसंगं ।
कम्म एहा संजमजोग संती होमं हुणामि इसीणं पसत्थं" ॥ ४४
–उत्तराध्ययनसूत्र अध्ययन–१२

३ हे ब्राह्मणो, अग्निमां आलंभन करता तमे पाणीवडे बहारनी शुद्धिने शुं शोधो छो ? तमे जे बहारनी शुद्धि शोधो छो ते सारुं नथी एम कुशळ माणसो कहे छे. (३८)
कुश, यूप, घास, लाकडां, अग्नि अने पाणीनो सांजे अने सवारे स्पर्श करता तमे मंदो प्राण भूतोनी हिंसा करो छो अने तेथी वारंवार पाप करो छो. (३९)
खरो होम तो आ छेः—तप ए अग्नि छे, जीव ए अग्निनुं स्थान छे, प्रवृत्तिओ ए वाढी छे, शरीर ए छाणां छे, पुण्य पाप ए लाकडां छे अने संयम ए शान्ति छे. ऋषिओए आवा होमने वखाणेलो छे. (४४)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ ज जातना यज्ञनुं स्वरूप जिनप्रवचनमां ठेकठेकाणे बतावेलुं छे. भगवान महावीरे ते वखतना समाजमां यज्ञविषेनी आ जातनी मान्यतानो प्रचार करीने हिंसात्मक यज्ञनो छडेचोक विरोध करेलो अने तेने अटकावेलो.

भगवानना वखतमां अने आजे पण मात्र जळस्नानमां घणा लोको धर्म समजे छे. गंगास्नान, त्रिवेणीस्नान, प्रयागस्नानना माहात्म्यने लगता ग्रंथोनी परम्परा आपणा देशमां आज केटलाक वखतथी चाली आवे छे. अने भोळा लोको गंगामां स्नान करीने पोताने पुण्य मळयानुं माने छे.

आ जातना स्नानना माहात्म्यनी असरथी अत्यारना जैनो पण शेत्रुंजी नदीना स्नानने धर्म मानवा लाग्या छे. भगवान कहे छे के ए स्नान तो मात्र शरीरना मळने ते पण घडीभरने माटे ज दूर करे छे पण आत्माना मळने जरापण दूर नथी करी शकतुं तेथी ते स्नान खरा पुण्यनुं कारण नथी. पण खरुं स्नान करवुं होय तो धर्मरूप जलाशयमां आवेला ब्रह्मरूप पवित्र घाटे स्नान करे तो खरेखरो शीत, विमळ अने विशुद्ध थाय छे. तथा आत्ममळनो त्याग करे छे. आ ज स्नानने कुशळ पुरुषोए महास्नान तरीके वर्णवेलुं छे अने ऋषिओने तो ते ज प्रशस्त छे.[२]

भगवाने स्नाननी आ जातनी व्याख्या करीने विवेकपूर्वकना बाह्य स्नाननो निषेध कर्यो छे एम मानवानुं कारण नथी. पण जे लोको मात्र जलस्नानमां ज धर्म मानता अने तेथी ज आत्मशुद्धि समजता तेओने माटे भगवाने जीवनशुद्धि माटे खरा स्नाननुं स्वरूप बतावीने स्नाननो खरो मार्ग खुल्लो कर्यो छे.

तेमना वखतमां लोको पुण्यकर्म समजीने वेदने मात्र कंठस्थ करी राखता अने अर्थनो विचार भाग्ये ज करता. वेदना अर्थनी परम्परा भगवानना पहेलांना समयथी तूटी गयेली होवानो पुरावो यास्काचार्य पोते ज छे, कारण के ते वैदिक शब्दोना स्पष्ट अर्थ करी शकता नथी पण तेने लगता अनेक मतमतांतरो साथे पोतानो अमुक मत जणावे छे एटले घणा वखतथी वेदना अर्थनो विचार करवो लोकोए मांडी वाळेलो अने वेद जूनो ग्रंथ होई तेने कंठस्थ करवामां अने स्वरपूर्वक उच्चारण करवामां ज पुण्य मनातुं अने ब्राह्मणो एम मानता के वेदने भणीने, ब्राह्मणोने जमाडीने अने पुत्र उत्पन्न करीने पछी आरण्यक तपस्वी थवायै. पण आ जातनुं जड कर्मकांड जीवनशुद्धिनुं एकांत घातक छे एम समजीने उत्तराध्ययनसूत्रमां कहेवामां आव्युं छे के वेदोनुं[४] अध्ययन आत्मानुं रक्षण करी शकतुं नथी. जमाडेला ब्राह्मणो आळसु थवाथी जमाडनारने लाभ देवाने बदले ऊलटा नरकमां पाडे छे अने **अपुत्रस्यं गतिर्नास्ति** एवो जे वैदिक प्रवाद छे ते पण बराबर नथी. कारण के उत्पन्न करेला पुत्रो पण पिताना के पोताना आत्मानुं रक्षण करी शकता नथी. आ रीते जिनप्रवचनमां वेदना शुष्क अध्ययननो विरोध करवामां आव्यो छे अने ज्ञान अने आचार उपर एक सरखो भार मूकवामां आव्यो छे.

---

१ "उदगेण जे सिद्धिमुदाहरंति सायं च पायं उदगं फुसंता।
उदगस्स फासेण सिया य सिद्धी सिज्झिसु पाणा बहवे दगंसि ॥ १४

मच्छा य कुम्मा य सिरीसिवा य मग्गू य उट्टा दगरक्खसा य।
अट्ठाणमेयं कुसला वयंति उदगेण जे सिद्धिमुदाहरंति" ॥ १५

–सूत्रकृतांग प्रथमश्रुतस्कंध अध्ययन–७

२ "धम्मे हरए बंभे संतितित्थे अणाविले अत्तपसन्नलेसे।
जहिं सिणाओ विमलो विसुद्धो सुसीइभूओ पजहामि दोसं ॥ ४६
एयं सिणाणं कुसलेण दिट्ठं महासिणाणं इसीणं पसत्थं।
जहिं सिणाया विमला विसुद्धा महरिसी उत्तमं ठाणं पत्ते"त्ति बेमि ४७

–उत्तराध्ययनसूत्र अध्ययन–१२

३ "इमं वयं वेअविओ वयंति—
अहिज्ज वेए परिविस्स विप्पे पुत्ते परिट्ठप्प गिहंसि जाया!।
भुच्चाण भोए सह इत्थियाहिं आरण्णगा होइ मुणी पसत्था" ॥ ९

उत्तराध्ययनसूत्र अध्ययन–१४

४ "वेआ अहीआ न भवंति ताणं"–उत्तराध्ययन सूत्र अध्ययन–१४

५ इमं वयं वेअविओ वयंति—"जहा न होइ असुआण लोगो।
भुत्ता दिआ निंति तमं तमेण जाया य पुत्ता न हवंति ताणं

–उत्तराध्ययनसूत्र अध्ययन–१४

१ सांजे अने सवारे पाणीनो स्पर्श करता जे लोको पाणी वडे सिद्धि माने छे तेमने मते तो पाणीना स्पर्शवडे पाणीमां रहेनारा जीव मात्रनी सिद्धि थवी जोईए ज. (१४)
जेवां के, माछलां, काचबा, सर्पो, उंटो (आ एक प्रकारनुं जळचर प्राणी छे) अने जळराक्षसो—आ बधा प्राणीओ निरंतर जीवनपर्यंत पाणीमां रहे छे तो एमनुं निर्वाण थवुं जोइए. पण एम थतुं नथी माटे जे लोको मात्र जलस्नानथी सिद्धि थवानुं कहे छे ते खोटुं छे एम कुशळ पुरुषो कहे छे. (१५)

२ खरुं स्नान तो आ छेः धर्मरूप पाणीनो धरो होय, ब्रह्मचर्यरूप घाट होय, जो ए पवित्र, अने निर्मळ घाटे धर्मना धरामां स्नान करवामां आवे तो स्नान करनारो विमळ, विशुद्ध अने शान्त थाय छे अने दूषणोने छोडी दे छे. आ स्नानने ज ऋषिओए महास्नान कहेलुं छे. कारणके ए रीते नहावाथी विशुद्ध थएला महर्षिओ उत्तम स्थानने पामेला छे, (४६—४७)

३ वेदना जाणनाराओ आम कहे छेः–वेदोने भणीने, ब्राह्मणोने जमाडीने, छोकराओने वारसो सोंपीने अने संसारना भोगो भोगवीने पछी मुनि थवुं ठीक छे. ९

४ पाठे करेला वेदो रक्षण करी शकता नथी. १४

५ आगळ जे एम कहेवामां आव्युं छे के पुत्ररहित मनुष्योने सद्गति मळती नथी ते बराबर नथी. कारण के थएला पुत्रो पण रक्षण करी शकता नथी अने जमाडवामां आवता ब्राह्मणो अंधारामां लई जाय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भगवानना जमानामां वैदिक के लौकिक संस्कृतने ज महत्त्व अपातुं, ते एटलुं बधुं के ए ज भाषा बोलवामां पुण्य छे अने बीजी भाषा बोलवामां पाप छे. आ हकीकतनो प्रतिध्वनि महाभाष्यनां आरंभमां आजे पण जोवामां आवे छे. तेमां संस्कृत सिवायनी बाकीनी भाषाओने अपभ्रष्ट तरीके गणावी छे अने तेनो प्रयोग करनाराओने दोषी ठराववामां आव्या छे अने आ रीते ते वखतना केटलाक लोको शब्दने ब्रह्म समजी तेनी ज पूजा पाछळ पडेला. आ संबंधमां भगवाने पोतानां सर्व प्रवचनो ते वखतनी लोकभाषामां करीने ए वखते जामेलो भाषानो खोटो महिमा तोडी नांखेलो छे अने एक मात्र सदाचार ज आत्मशुद्धिनुं कारण छे पण मात्र भाषाथी कांई वळतुं नथी एम बतावी आप्युं छे.

श्रीउत्तराध्ययनमां कहेवामां आव्युं छे के जुदीजुदी भाषाओ आत्मानुं रक्षण करी शकती नथी. भगवान बुद्धे पण भाषानी खोटी पूजानो प्रवाद भगवान महावीरनी पद्धतिए ज अटकाववानो प्रयास कर्यो छे.

सूर्यग्रहण के चंद्रग्रहण विषे जे मान्यता अत्यारे चाले छे तेवी ज मान्यता भगवानना जमानामां पण चालती. राहु सूर्यने गळी गयो अने ग्रहण पूरुं थाय त्यारे राहुए सूर्य के चंद्रने छोडी दीधो एम राहुने सूर्य अने चंद्र साथे वैरभाव जाणे के न होय तेम ते वखतना लोको समजता अने एवुं रूपकात्मक वर्णन हजुसुधी वैदिक परम्परामां पौराणिक ग्रंथोमां टकी रह्युं छे. आ ग्रहण वखते धर्म मानीने जेम लोको स्नान माटे अत्यारे दोडधाम करे छे तेम ते वखते पण करता हशे एम मानवुं खोटुं न कहेवाय. कहेवानी मतलब ए छे के ग्रहणना प्रसंगने धार्मिक प्रक्रियानुं रूप आपीने लोको जेम अत्यारे धमाधम मचावे छे तेम ते वखते पण मचावता हशे. तेमनी सामे भगवाने कह्युं छे के राहु चंद्र के सूर्यने गळतो नथी तेम ते बे वच्चे कोई जातनो वैरभाव पण नथी. ए तो गगनमंडळमां राहु एक गतिमान पदार्थ छे तेम चंद्र अने सूर्य पण गतिमान पदार्थ छे. ज्यारे गतिवाळा तेओ एक बीजानी आडे आवी जाय छे त्यारे अंशथी के पूर्णपणे एकबीजाने ढांकी दे छे अने पछी छूटा पण पडी जाय छे एटले कोई एक बीजाथी गळातो नथी. ज्यारे एक बीजाने ढांके छे त्यारे लोको तेने ग्रहण थयुं कहे छे एटले ए ग्रहण कोई धर्ममय उत्सव नथी तेथी ए माटेनी दोडधाम पण धर्ममय नथी, ज ए उघाडुं छे. (भा० ३ पा० २७९)

आ रीते ग्रहण निमित्ते चालती जडक्रियानो ग्रहणनुं स्पष्ट स्वरूप आपीने भगवाने आ स्थळे स्पष्ट खुलासो कर्यो छे. अने वधारामां शशी अने आदित्यना स्पष्ट अर्थो पण जणाव्या छे. शशी शब्दनो पौराणिक अर्थ शश—ससला—वाळो एवो थाय छे अने आदित्यनो अर्थ अदितिनो छोकरो एवो थाय छे. भगवाने आ पौराणिक परम्परा सामे जाणे के टकोर करवा खातर ज शशी अने आदित्यना तद्दन जुदा अर्थो बतावेला छे.

भगवान शशिनो सश्री—श्री सहित—शोभा सहित एवो अर्थ करे छे अर्थात् जे तेजवाळो, कांतिवाळो अने दीप्तिवाळो छे ते शशी—सश्री. तेने जिनप्रवचनमां ससी—सश्री कहेवामां आवे छे. अने आदित्य एटले भगवानना कहेवा प्रमाणे जेने मुख्यभूत—आदिभूत करीने काळनी गणतरी थाय ते आदित्य. काळनी गणतरीमां सूर्यनुं स्थान सर्वथी प्रथम छे माटे भगवाने कहेलो आ अर्थ व्याजबी छे अने व्युत्पत्तिनी दृष्टिए पण बराबर छे. भगवाने आदित्यनो जे उपर्युक्त अर्थ बताव्यो छे ते मत्स्यपुराणमां पण उपलब्ध छे.

आ प्रमाणे शशी अने आदित्यना पौराणिक अर्थो खसेडीने तेना नवा अर्थो योज्या छे. अने तेम करीने ते बे प्रत्येनी लोकोनी गेरसमज ओछी करवा प्रयास करेलो छे.

---

१ "भूयांसोऽपशब्दा अल्पीयांसः शब्दाः । एकैकस्य हि शब्दस्य बहवोऽपभ्रंशाः तद्यथा—गौरित्यस्य शब्दस्य गावी—गोणी—गोता—गोपोतलिका—इत्येवमादयो बहवोऽपभ्रंशाः ।
यस्तु प्रयुङ्क्ते कुशलो विशेषे शब्दान् यथावद् व्यवहारकाले ।
सोऽनन्तमाप्नोति जयं परत्र वाग्योगविद् दुष्यति चापशब्दैः ॥
(महाभाष्यना प्रथम सूत्रनो प्रारंभ)

२ "न चित्ता तायए भासा कओ विज्जाणुसासणं ? ।
विसण्णा पावकम्मेहिं बाला पंडिअमाणिणो ॥"
उत्तराध्ययनसूत्र अध्ययन—६

३ "आदित्यश्चादिभूतत्वात्"—मत्स्यपुराण अ० २ श्लो० ३१.

१ अपशब्दो घणा छे अने शब्दो ओछा छे. एक शब्दनां भ्रष्टरूपो घणां थाय छे. जेमके एक गो शब्दना ज गावी, गोणी, गोता, गोपोतलिका वगेरे घणां भ्रष्टरूपो थाय छे.
जे कुशळ माणस वहेवारने वखते यथावत शब्दोनो प्रयोग करे छे ते वाग्योगविद अनंत जयने पामे छे अने अपशब्दने बोलनारो दोषवाळो थाय छे (भाष्यकार पतंजलिना वखतमां सामान्य लोको जे शब्दो बोलता तेने अहीं अपशब्दो कहेवामां आव्या छे अने आम कहीने तेमनो आशय ते वखतनी प्रचलित लोकभाषानी अवज्ञा करवानो अने कहेवाती संस्कृतने पूज्य स्थान आपवानो नथी ?)

२ चित्रविचित्र भाषा कोइनुं रक्षण करी शकती नथी तेम शुष्क शास्त्राभ्यास पण. पोताने पंडित मानता अज्ञानीओ पाप करवामां खुंची रहे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"हतो वा प्राप्स्यसि स्वर्गम्"—(गीता अ० २ श्लो० ३७) ए गीताना वाक्यमां एम कहेवामां आव्युं छे के शत्रुने हणीने तुं स्वर्गे जईश, एथी गीताना जमानाथी के गीताना समय पहेलेथी लोकोमां एवी मान्यता प्रसरी गयेली के लडनारा लोको स्वर्गे जाय छे. आ मान्यताने लीधे मोटी मोटी लडाईओमां लडनारा घणा मळी आवता अने आ रीते मनुष्यजातनो कच्चर घाण नीकळतो. ए अटकाववा भगवाने ए मान्यता उपर स्पष्ट प्रकाश नाख्यो छे अने कह्युं छे के लोको युद्धथी स्वर्ग मळवानी वात कहे छे ते खोटी छे. पण खरी वात तो ए छे के लडनारा स्वर्गे ज जाय छे एम नथी पण ते पोतपोतानां शुद्धाशुद्ध कर्म प्रमाणे भिन्न भिन्न योनिओमां जन्म धारण करे छे. (भा० ३ पा० ३२)

आ हकीकत कहीने भगवाने युद्ध स्वर्गनुं साधन छे एवी जातनी लोकोमां फेलायेली धारणा खोटी पाडी अने लोकोने युद्धना हिंसामय मार्गथी दूर रहेवानी खास भलामण करी.

वळी, ते वखतनी दिशापूजननी प्रथाने लोकोमांथी दूर करवा अने तेनुं खरुं स्वरूप बताववा भगवाने आ सूत्रमां दिशानी पण चर्चा करी छे. दशमा शतकना पहेला उद्देशकनी शरूआत दिशाना विवेचनथी करवामां आवी छे. भगवाने गौतमने कह्युं छे के दिशाओ दश कहेवामां आवी छे जेना क्रमथी नाम ऐन्द्री (इन्द्रना स्वामित्ववाळी), आग्नेयी (अग्निना स्वामित्ववाळी), याम्या (यमना स्वामित्ववाळी), निर्ऋति (निर्ऋति नामना देवना स्वामित्ववाळी), वारुणी (वरुण देवना स्वामित्ववाळी) वायव्य (वायुना स्वामित्ववाळी) सौम्या (सोमना स्वामित्ववाळी) ऐशानी (ईशानना स्वामित्ववाळी), विमला अने तमा. आ दश दिशाओने माटे पुराणप्रसिद्ध उपर्युक्त नामो जणाववा उपरांत नीचेना प्रसिद्ध शब्दो पण मूकवामां आवेला छे. पूर्व, पूर्वदक्षिण, दक्षिण, दक्षिणपश्चिम, पश्चिम, पश्चिमोत्तर, उत्तर, उत्तरपूर्व, ऊर्ध्व (उपरनी), अधो (नीचेनी) आ बधी दिशाओ जीवाजीवना आधाररूप छे तेथी उपचारथी ए दिशाओने जीवअजीवरूप कहेवामां आवी छे. दिशाने एक द्रव्य तरीके गणाववानी पद्धति वैदिक परंपरानी वैशेषिक[1] शाखामां प्रसिद्ध छे.

वैदिककाळमां दिशाओनी पूजा करवानो प्रचार हतो ए हकीकत ते साहित्य उपरथी जाणी शकाय छे अने दिशाओनुं प्रोक्षण करीने जमवानी पद्धति एक व्रत तरीके अमुक परंपरामां चालु हती अने ते परंपराने मानता लोको दिसापोक्खिणो[2] कहेवाता ए हकीकत जैनआगमोमां पण मळे छे. आ रीते वेदनी जूनी परंपरामां दिशाओनुं महत्त्व विशेष प्रसिद्धि पामेलुं हतुं अने दिशाओनी पूजानो प्रचार पण लोकोमां ठीकठीक हतो. आ जड प्रचारने रोकवा माटे ज भगवाने दिशाना माहात्म्यनी निष्प्रयोजनता बताववा तेने आ सूत्रमां जीवाजीवात्मक कहीने वर्णवेली छे. दिशाओ मात्र आकाशरूप होई जीवाजीवरूप समस्त पदार्थना आधाररूप छे ए वात खरी छे पण एटला मात्रथी तेनी जडपूजा करवा मंडी पडवुं ते आध्यात्मिक शुद्धि के जीवनशुद्धि माटे जराय उपयोगी नथी.

भगवान बुद्धे पण दिशाओनी जडपूजाने अटकाववा पोताना प्रवचनमां बीजी ज रीते टकोर करी छे. दीघनिकायना[3] त्रीजा वर्गना सिगालोवादसुत्तमां लखेलुं छे के एक वखत बुद्ध भगवान राजगृहना वेणुवनमां रहेता हता ते वखते सिगाल नामनो एक युवक शहेरमांथी रोज सवारे बहार आवी स्नान करी पूर्व, पश्चिम, उत्तर, दक्षिण, उपर अने नीचे ए छए दिशाने नमस्कार करतो हतो. राजगृहमां भिक्षा माटे जता बुद्ध तेने जोईने बोल्या "गृहपतिपुत्र! तें आ शुं मांडयुं छे" सिगाल बोल्यो—"हे भदंत! मारा पिताए मरती वखते छ दिशानी पूजा करता रहेवानुं मने कह्युं होवाथी हुं आ दिशाओने नमस्कार करुं छुं". भ० बुद्ध बोल्या—"हे सिगाल! तारो आ नमस्कारविधि आर्योनी पद्धति प्रमाणे नथी." त्यारे सिगाले आर्योनी रीति प्रमाणे छ दिशाओनो नमस्कारविधि बताववा बुद्धने विनंती करी. भ० बुद्ध बोल्या—"जे आर्यश्रावकने छ दिशानी पूजा करवानी होय तेणे चार कर्मक्लेशथी मुक्त थवुं जोइए. चार कारणोने लईने पापकर्म करवां न घटे अने संपत्तिनाशनां छ द्वारोनो तेणे अंगीकार करवो न घटे. आ चौद वातो सांभळे तो छ दिशानी पूजा करवाने ते योग्य बने छे". आ उपरांत बुद्धे तेने एम कह्युं के भाई! माबाप ए पूर्वदिशा छे, गुरुने दक्षिण दिशा समजवी, पत्नीपुत्र पश्चिमदिशा, सगांवहालां उत्तरदिशा, दास अने मजूर नीचेनी दिशा तथा श्रमणब्राह्मण उपरनी दिशा समजवी. आटलुं कह्या पछी तेने ए दिशाओनी पूजानी पद्धति बुद्ध भगवाने विस्तारथी समजावी छे.

आ उपरथी एम मालम पडे छे के भगवान बुद्धना वखतमां दिशाओनी जडपूजानो प्रचार खूब थयेलो होवो जोईए, जेने अटकाववा श्रीबुद्धे नवा प्रकारे दिशानी पूजानी पद्धति लोकोने समजावी अने भगवान महावीरे पूर्वोक्त प्रमाणे दिशाओने जीवाजीवात्मक

---

१ "पृथिव्यापस्तेजो वायुराकाशं कालो दिग्
आत्मा मन इति द्रव्याणि'
(वैशेषिकदर्शन प्रथम अध्याय)

२ "उदकेन दिशः प्रोक्ष्य ये फल-पुष्पादि समुच्चिन्वन्ति"
औपपातिक सूत्र पृ० ९०

३ जूओ दीघनिकाय–उपर्युक्तसूत्र.

१ पृथ्वी, पाणी, तेज, वायु, आकाश, काल, दिशा, आत्मा अने मन एटलां द्रव्यो छे.

२ जे लोको पाणीथी दिशाओने अर्घ्य आपीने फळ, फुलने ग्रहण करे छे तेओ दिशाप्रोक्षी कहेवाय.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कहीने ते जडपूजामांथी लोकोने बचावी लेवा प्रयत्न कर्यो, ए एकसरखी हकीकत आ सूत्रमां आवेला दिशाना प्रकरण उपरथी स्पष्ट रीते समजी शकाय एवी छे. दिशा विषे भगवाननुं प्रवचन ते वखतनी दिक्पूजननी रूढिने नाबूद करनारुं छे.

आ प्रकारे भगवाने पोताना समयनी कुरूढिओने नाबूद करवा अने तेने स्थाने सुमार्ग प्रवर्तावया पोताना प्रवचनमां घणो प्रयास करेलो छे. आ जातनां उदाहरणो घणां आपी शकाय पण उपरनां उदाहरणो नमुनारूपे मात्र टांकेलां छे.

भगवान महावीरे अने भगवान बुद्धे कुरूढिने दूर करीने लोकोने सुरूढि पर लाववा पोताना प्रवचनोमां पूर्वोक्त केटलीक हकीकतो बतावेली छे. आथी ज आ बन्ने महापुरुषो ते वखतना प्रबळ सुधारको हता एम जे अत्यारना शोधको माने छे ते खरेखरुं छे. आर्योए बतावेला अहिंसा अने सत्यमय मार्गमां जे केटलोक कचरो भराई गयेलो तेने दूर करवा आ बन्ने महापुरुषोए घणो प्रयत्न सेव्यो छे एमां शक नथी.

केटलीये एवी वैदिक मान्यताओ हती जेनाथी लोकोमां हिंसा, असत्य, जडता वगेरे दुर्गुणोनो वधारो थतो अने एथी ते वखतनी प्रजा त्रासी पण गयेली, ए प्रजाने सन्मार्गे बताववा भगवान बुद्ध अने भगवान महावीर कल्याणमित्ररूपे न आव्या होत तो अत्यारे आपणी केवी दुर्दशा होत ते कोण कही शके ?

## जैनशास्त्रो उपर वैदिक परंपरानी असर

वैदिक परंपराओमां केटलाये सुधारा करनारा जिनप्रवचनमां पण केटलीये एवी मान्यताओ मळे छे जे वैदिक परंपरानी असरने आभारी होय. आ हकीकत समजवा माटे आ सूत्रमांथी ज आपणे केटलांक उदाहरणो नीचे प्रमाणे जोई शकीशुं.

देवदानवनुं युद्ध वेदनी परंपरामां प्रसिद्ध छे. ते युद्धने निरुक्तमां[1] विजळीना कडाका तथा मेघनी गाजवीजना रूपक तरीके वर्णवेल छे. आ सूत्रमां इंद्रभूति गौतम भगवान महावीरने पूछे छे के देव अने असुरनो संग्राम छे ? आनो उत्तर भगवान हकारमां आपे छे. आ पछीना सूत्रोमां देवनां शस्त्रो अने असुरनां शस्त्रोनी हकीकत भगवाने इंद्रभूतिने समजावेली छे. (भा० ४ पा० ६८) देवअसुरना संग्रामने लगता बधा प्रश्नो वैदिक परंपरामां प्रसिद्ध एवी देवदानवनी प्रख्यात लडाईने लक्षमां राखीने करवामां आव्या होय एम मालुम पडे छे एटलुं ज नहीं पण देवदानवना युद्धनी ए पौराणिक कथामां वधारे मेळवाळी हकीकत आवे ते माटे तेमना युद्धनां कारणो साथेनी एक कथा पण आ सूत्रमां मूकवामां आवेली छे.

त्रीजा शतकना बीजा उद्देशकमां आ संबंधमां एम कहेवामां आव्युं छे के देवो अने असुरोने जन्मथी ज वैरनो स्वभाव छे. अने ते बे वच्चे संपत्ति अने स्त्रीओ माटे युद्ध थाय छे. वैदिक कथानी हकीकत करतां देवासुरना युद्धने लगती आ हकीकत 'देवो अने असुरो पण लोभी अने विषयी होई परस्पर लडे छे' ए वस्तु समजावे छे अने लोकोने लोभ अने विषयना निर्वेद तरफ लई जई स्वर्ग पण वांछनीय नथी ए वात सूचवे छे अने आ जैनकथामां ए ज मुद्दो मेळवाळो छे. अहीं एक वस्तु ख्यालमां राखवानी छे के ज्यारे वैदिक परंपरामां देव अने दानवना स्पष्ट विभाग छे त्यारे जैनपरंपरामां असुरोने पण देव तरीके गणावेला[2] छे.

भगवान महावीरे त्रीजा शतकना आ ज उद्देशामां पोतानी हयातीमां देवेंद्र देवराज शक्र अने असुरेंद्र असुरराज चमरनुं युद्ध थयुं हतुं एम इन्द्रभूति गौतमने विस्तार सहित जणावेलुं छे अने ते लडाईमां भगवानना ज आशराथी असुरेंद्र चमरनुं रक्षण थयुं हतुं एम पण सूचवेलुं छे. आ लडाई जंबूद्वीपना भारतवर्षना सुंसुमार नगरमां ज्यारे भगवान दीक्षा लीधा पछी अगियारमे वर्षे तप तपता हता ते वखते थई हती, असुरेंद्र अने देवेन्द्र बन्नेने भगवानना भक्त तरीके आ कथामां जणावेला छे. आ सूत्रमां आवेली आ कथानो उल्लेख सिद्धसेन दिवाकर पोतानी बत्रीशीओमांनी महावीरस्तुतिना त्रीजा[3] श्लोकमां कवित्वने छाजे एवी सरस रीते करे छे.

जेम राम अने पांडवोनी कथा जैनपरंपरामां जैनदृष्टिए सारो घाट आपीने वर्णवायेली छे तेम देवअसुरनी आ कथा सारो घाट आपीने वर्णवाई होय अने ते द्वारा विषयनिर्वेद फेलाववानो आध्यात्मिक हेतु जैनाचार्योए साध्यो होय तो ते तेमना ध्येयने बराबर अनुकूळ थयुं होय एवुं लागे छे.

आवी ज बीजी हकीकत लोकपाळोने लगती छे. त्रीजा शतकना सातमा उद्देशकमां कहेवामां आव्युं छे के देवेन्द्र देवराज शक्रना चार लोकपाळो छे. सोम, यम, वरुण अने वैश्रमण. आ चारे लोकपाळो शक्रनी आज्ञामां रहे छे.

---

१ निरुक्तना उल्लेख माटे जूओ प्रस्तुतग्रंथ भाग २ पृ० ४८–४९ टिप्पण २.

२ देवाश्च जैन समये भवनपति–व्यन्तर–ज्योतिष्क–वैमानिक–
भेदाश्चतुर्धा भवन्ति ॥३॥
अभिधानचिन्तामणि देवकाण्ड श्लोक ३

२ जैन सिद्धान्तमां देवोना चार प्रकार छे जेमके:–भवनपति, व्यन्तर, ज्योतिषी अने वैमानिक.

३ आ श्लोक माटे जुओ प्रस्तुत ग्रंथ भाग २ पृ. ६१ टिप्पण १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जगतमां उल्कापात, दिग्दाह, धूळनो वरसाद, चंद्रग्रहण, सूर्यग्रहण, इन्द्रधनुष्य, मोटा मोटा दाहो, ग्रामदाह, नगरदाह, प्राणीक्षय, जनक्षय, धनक्षय, कुलक्षय, संध्या, गांधर्वनगर आ अने आवा बीजा बधा उत्पातो सोमनी देखरेख नीचे जगतमां आवे छे.

सोमने आधीन विद्युत्कुमार, विद्युत्कुमारी; अग्निकुमार, अग्निकुमारी; वायुकुमार, वायुकुमारी; चंद्र, सूर्य, ग्रह, नक्षत्र अने तारा ए बधां छे.

शक्रने बीजो लोकपाळ यम छे. जगतमां कलह, महासंग्राम, मारफाड, रोगचाळा, शारीरिक दुःखो, वळगाड, एकांतरीयो, बेआंतरीयो, त्रणआंतरीयो, चोथीयो, खांसी, श्वास, पांडुरोग, हरस, शूळ, मरकी आ बधा उपद्रवो यमनी सत्ता नीचे थाय छे. अंब, अंबरीष, महाकाळ, असिपत्र, कुंभ, वालु, वैतरणी ए बधां यमना आश्रितो छे.

वरुण त्रीजो लोकपाळ छे. अतिवृष्टि, मंदवृष्टि, सुवृष्टि, दुर्वृष्टि पाणीना उपद्रवो, जलप्रलय अने पाणीनी रेलो ए बधुं आ वरुणनी सत्तामां छे.

लोढानी, कलाईनी, तांबानी, सीसानी, सोनानी, रुपानी, रत्ननी अने हीराओनी खाणो तथा रत्न, सुवर्ण वगेरेनी वृष्टिओ, सुकाळ, दुष्काळ, सोंघाई, मोंघाई आ बधुं शक्रना चोथा लोकपाळ वैश्रमणनी सत्तामां छे.

सुवर्णकुमारो, सुवर्णकुमारीओ, द्विपकुमारो, द्विपकुमारीओ, दिक्कुमारो, दिक्कुमारीओ, वानव्यंतरो, वानव्यंतरीओ ए बधां वैश्रमणना आशरामां रहे छे.

आ बधुं जोतां एम मालुम पडे छे के जाणे के जगतमां चालतुं आ बधुं तंत्र आ लोकपालोने आभारी न होय? पण आत्मबळने प्रधान माननारा अने ते उपर ज प्रवर्तनारा तीर्थंकरना शासनमां आ लोकपालोनी सत्ताथी थती ए व्यवस्था घटाववी शी रीते?

जे कोई दृश्य अने अदृश्य बनावो बने छे ते बधा आत्माए संचित करेला कर्मना परिणामरूप छे एम जिनदेव कहे छे तो आपणे रोगचाळा के दुष्काळनां कारणो आपणां कर्ममां शोधवां के लोकपालमां?

कदाच लोकपालोने निमित्त कारण कल्पीने उपर्युक्त व्यवस्था घटाववानो विचार थई आवे पण हरस, खांसी, शूळ वगेरेनां अधिष्ठायक निमित्तो शरीरनी रक्षानुं अज्ञान अने कुपथ्यादिकने कल्पवां के लोकपालोने?

वळी, कार्यमात्रने थवानां पांच कारणो जैन परंपरा बतावे छे. जेमके:–काळ, स्वभाव, नियति, पूर्वकृत अने पुरुष. जगतनी बधी व्यवस्था आ कारणोनी व्यवस्थाने आधीन छे. एमां रोगो फेलावनारा, सुकाळ करनारा लोकपालोनुं स्थान क्यां छे ते समजवुं मुश्केली भर्युं छे. जैनपरंपरामां संतसमागम अने तेनी अवेजीमां वीतरागनुं ध्यान, स्मरण वा पूजन आदर्शने पहोंचवा सारु साधको माटे उचित मनायां छे पण रोगादिक टाळवा वा धनलाभादिकं सुख मेळववा सोम, यम, वरुण के वैश्रमण वा इंद्रादिकनुं ध्यान, स्मरण, पूजन के प्रार्थना सम्यग्दृष्टि साधकने सारु तो सर्वथा निषिद्ध छे. ए तो दुःखना के सुखना जे जे प्रसंगो आवे तेने पोताना ज संस्कारोनुं परिणाम जाणी समपणे अनुभवे छे त्यारे वैदिक परंपरामां तो सोम, यम, वरुण, वैश्रमण के इंद्र वगेरेने लाभ वा हानिकर्ता ठराववामां आव्या छे अने लाभ मेळववा वा हानि टाळवा ते ते सोमादिकनी पूजा प्रार्थनानां पुरातन विधानो करवामां आव्यां छे जे आज पण प्रचलित छे तेथी आ सूत्रमां चर्चायेली आ लोकपालनी हकीकत पौराणिक पद्धतिने आभारी छे एम मानवामां कशुं अनुचित नथी.

वरसाद माटे इन्द्रनी पूजा घणा जूना काळथी वेदोमां प्रसिद्ध छे एटले के वैदिक जमानामां लोको एम मानता के वरसाद मोकलवो ए इन्द्रनी सत्तानी वात छे, तेथी ज तेओ वरसादने माटे इन्द्रने तुष्ट करवा यज्ञ करता. आ वहेम श्रीकृष्णे गोवर्धनपूजानी प्रथा पाडीने दूर करवा प्रयत्न करेलो ए जाणीतुं ज छे अने जैन परंपरामां वरसाद वगेरे कारणो माटे इन्द्रादिकने तुष्ट करवाना प्रयत्नो कदी करवामां आव्या नथी, कारण के भगवान महावीर खुद इन्द्रयज्ञ वगेरे यज्ञोना विरोधी हता एमां कशो शक नथी. ए परावलंबन टाळवा ज एमणे पुरुषार्थवाद अने कर्मवादनो सिद्धांत ते वखतना समाज समक्ष मूकेलो, आम छतांय वरसाद मोकलनार इन्द्रने लगती ए जूनी परंपरा आ सूत्रमां सूचवायेली छे.

चौदमा शतकना बीजा उद्देशकमां इन्द्रभूति गौतम भगवानने पूछे छे के देवेन्द्र देवराज शक्र ज्यारे वृष्टि करवानी इच्छावाळो होय छे त्यारे ते केवी रीते वृष्टि करे छे? तेना उत्तरमां भगवान गौतमने कहे छे के ज्यारे तेने वरसाद वरसाववानी इच्छा थाय छे त्यारे ते पोतानी आंतरसभाना देवोने बोलावे छे, आंतरसभाना देवो मध्यसभाना देवोने बोलावे छे, मध्यसभाना देवो बहारनी सभाना देवोने

१ वर्तमानमां जैनमंदिरोनी प्रतिष्ठा करवानी विधिमां के शांतिस्नात्रमां शांतिकर्म माटे देवोने आमंत्रवामां आवे छे अने तेओने संतुष्ट करवा विविध प्रकारनां नैवेद्यो पण धरवामां आवे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बोलावे छे अने ते बहारनी सभाना देवो इन्द्रना कहेवाथी वरसाद वरसावे छे. आ प्रकारनी वृष्टि साथे इन्द्रना संबंधनी हकीकत जे जैन प्रवचनमां आवेली छे ते वेदनी पुराणी इन्द्रकथानी प्रसिद्धिनुं ज परिणाम छे. हवे ए वस्तु सिद्ध थई गई छे के वरसाद केम आवे छे अने तेनां कयां कयां कारणो छे ? तथा तेनी साथे इन्द्रनो केटलो संबंध छे अने ए इन्द्र कोण छे ?

९ मा शतकना ३ जा उद्देशकमां एकोरुक–एक साथळवाळा–एकटंगिया मनुष्योना द्वीपनी हकीकत आवे छे. ए द्वीप जंबूद्वीपमां आवेला मंदर पर्वतनी दक्षिणे चुल्लहिमवंत पर्वतना पूर्व छेडाथी ईशान कोणमां त्रणसो योजन लवण समुद्रमां गया पछी आवे छे. ते द्वीपनी लंबाई पहोळाई ३०० योजन छे अने घेरावो ९४९ योजन करतां कांईक न्यून छे.

आ प्रमाणे बीजा अनेक द्वीपो विषे पण तेमां जणावेलुं छे. ए शतकना पहेला उद्देशकमां लखेलुं छे के जंबूद्वीपमां पूर्व पश्चिम बधी मळीने १४५६००० नदीओ छे.

द्वीपो अने समुद्रो आ विश्वमां असंख्य छे एम भगवाने कह्युं छे. ज्यारे इन्द्रभूतिए द्वीपो अने समुद्रोनां नाम विषे भगवानने पूछयुं त्यारे तेमणे जणाव्युं के लोकमां जेटलां सारां रूपो, सारा रसो, सारा गंधो अने सारा स्पर्शो छे ए बधां द्वीपनां अने समुद्रनां नाम समजवां, जेमके क्षीरसमुद्र, इक्षुसमुद्र, घृतसमुद्र वगेरे. ( भा० २ पा० ३३४ )

आ उपरांत चंद्र, सूर्य अने ताराओनी संख्या अने तेमां रहेनाराओनी रहेणीकरणी ए विषे पण ९ मा शतकना बीजा उद्देशकमां हकीकत आवे छे. ताराओ विषे लखतां तेमणे कह्युं छे के एक लाख तेत्रीस हजार नवसो पचास कोटाकोटी तारानो समूह विश्वने शोभावी रह्यो छे.

आ सूत्रमां आवेली आ बधी हकीकतो भूगोळ-खगोळने लगती प्राचीन आर्य परंपरानी असरने आभारी होय एवुं लागे छे. कारण के भूगोळ ने खगोळ विषे आने मळती मान्यता, वैदिक–महाभारत, पुराण वगेरे के अवैदिक बधी परंपराओमां फेलायेली हती.

अत्यारनुं भूगोळ ने खगोळनुं विज्ञान ए संबंधमां जे प्रकाश पाडे छे ते खास ध्यानमां लेवा जेवो छे.

ईश्वरने सृष्टिकर्ताने स्थाने समजनारी बधी परंपराओमां जगतनी उत्पत्तिनी पेठे जगतना प्रलयनी पण खास कल्पना चाली आवे छे.

प्रलयकाळने माननारी परंपराओ एम जणावे छे के ते वखते बधा परमाणु अने जीवो सिवाय कशुं रहेवानुं नथी. ज्यारे सृष्टिनी नवी शरूआत थाय छे त्यारे ए बची रहेलां परमाणुओ अने जीवोनो उपयोग करी ईश्वर नवी सृष्टि बनावे छे. जैन परंपरामां आ संबंधे एवुं मानवामां आवे छे के प्रलयकाळ जेवा आरामां प्रलयना भयंकर वायु वाशे, दिशाओ धूममय थशे, सूर्य उग्रपणे तपशे, चंद्र अतिशय असह्य शीतता आपशे, खराब रसवाळां, अग्निनी पेठे दाहक पाणीवाळा, झेरी पाणीवाळा, रोगजनक पाणीवाळा, मुशळधार वरसाद वरसशे. एथी करीने भारतवर्षमां ग्राम[1], आकर, नगर, खेट, कर्बट, मडंब, द्रोणमुख, पट्टन अने आश्रममां रहेला मनुष्यो, चोपगा प्राणीओ–गायो, घेटां वगेरे, आकाशमां उडतां पक्षीओ तेमज गाम अने अरण्यमां चालता त्रस जीवो तथा अनेक प्रकारनां वृक्षो, गुच्छाओ, लताओ, वेलाओ, घास, शेरडीओ, घरो, अनाजमात्र, अंकुरो तथा तृणवनस्पतिओनो नाश थशे. वैताढ्य सिवायना पर्वतो, गिरिओ, डुंगराओ, धूळना उंचा टेकराओ वगेरेनो नाश थशे. गंगा अने सिन्धु सिवायनी नदीओनो पण अंत आवशे. अग्निना वरसादोने लीधे तपेला कडाया जेवी अने धगधगता अंगारा जेवी जमीन थशे. बहु कीचडवाळी, बहु कादववाळी जमीन थशे. जेथी एना उपर बचेलां प्राणीओ पण चाली नहीं शके. ७२ निगोदो भाविसृष्टिना बीजरूप बीजमात्र बचशे अने ते वैताढ्य पर्वतनो आश्रय करीने त्यां बीलोमां रहेशे. ( भा० ३ पा० २१–२३ )

बाइबलमां पण प्रलयकाळे जे जीवो बची रहेनारा छे तेनी संख्यानी हकीकत एक कथाना रूपमां आवे छे. तेनो सार आ प्रमाणे छेः–"विश्वमां भयंकर जलप्रलय थवानी आगाही नुहने प्रभुए स्वप्नद्वारा आपी, अने आज्ञा करी के तारे एक महान वहाण तैयार करवुं, जेथी तारा कुटुंबने अने पृथ्वी उपरना हरेक जातना पशु पक्षीओमांथी बब्बे–नर अने मादाने बचावी लेवां, नुहे आज्ञानुसार वहाण तैयार कर्युं अने तेमां पोताना कुटुंबने अने बीजा हरेक जातना पशु पक्षीमांथी बब्बेने पकडी पकडीने पूरी दीधां. जे पशुओ पकडायां हतां तेमां एक सिंह अने एक सिंहण, एक वाघ अने एक वाघण, एक हरण अने एक हरणी, एक भेंस अने एक पाडो, एक गाय अने एक आखलो, एक बकरो अने एक बकरी, एक घेटो अने एक घेटी हतां. पक्षीओमां एक पोपट, एक मेना, एक चकलो अने एक चकली, एक मोर अने एक ढेल हतां. जलप्रलय थयो. आखा विश्वमांथी फक्त ए वहाणमां रहेलां ज बची शक्यां."

वैदिक परंपरा अने अवेस्तानी परंपरामां पण आने मळती हकीकत नोंधाएली छे, ए ऐतिहासिकोने सुविदित ज छे.

आ प्रकारे आजथी २५०० वर्ष पहेलांनी परंपरा उपर संकलित थयेला आ ग्रंथमां समसमयनी के पूर्वसमयनी बीजी केटलीये परंपराओ एक के बीजे रूपे सचवाई रहे ए तदन स्वाभाविक छे. आ उपरथी आपणे एटलुं ज अनुमान काढी शकीए के व्यवस्थित के

१ ग्राम वगेरेना परिचय माटे जूओ प्रस्तुत ग्रंथ भाग २ पृ० १०६ टिप्पण १



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अव्यवस्थित पण लोकमां प्रचार पामेली परंपरा दरेक प्रकारना प्राचीन साहित्यमां सरखी रीते सचवाई रहे छे. केटलीकवार तेने लीधे ज ते साहित्य लोकमान्य अने लोकप्रिय पण थई पडे छे.

आ सूत्रनुं अवलोकन करतां जीवनशुद्धिनी मीमांसा, भगवाने बतावेला विश्वने लगता विचारो, रूढिच्छेद अने बीजी बीजी परंपराओनी असरथी नवी उपजेली केटलीक जैन परंपराओ, आ मुद्दाओ विषे विचार थई गयो.

हवे भगवाननी अनेकांत दृष्टि विषे थोडो विचार करी पछी मात्र प्रस्तुत ग्रंथना ऐतिहासिक अन्वेषण विषे नीचेना मुद्दा विचारवाना छे.

(१) आगमनी परंपरा अने ग्रंथनुं नाम

(२) बीजा आगमोमां प्रस्तुत ग्रंथनो परिचय, वर्तमान रचना शैली तथा ग्रंथनुं पूर

(३) दिगंबर संप्रदायमां प्रस्तुत ग्रंथनो परिचय अने तेनी साक्षीनो उल्लेख

(४) व्याख्याप्रज्ञप्तिमां आवेलां केटलांक मतांतरो

(५) व्याख्याप्रज्ञप्तिमां आवेलां केटलांक विवादास्पद स्थानो

(६) व्याख्याप्रज्ञप्तिनी टीका

(७) व्याख्याप्रज्ञप्तिना टीकाकार

## अनेकांतदृष्टि

भगवाने ज्यां ज्यां आचार के तत्त्वनुं प्रतिपादन करेलुं छे त्यां तेनी बधी अपेक्षाओ साथे विचार करेलो छे एटले के कोई एक पदार्थ तेना मूळ द्रव्यनी दृष्टिए अमुक जातनो होय छे, तेना परिणामनी दृष्टिए कोई जुदी जातनो होय छे, ते ज प्रमाणे क्षेत्र, काल, भाव वगेरे बाजुओ लक्षमां राखीने पण विचार करवामां आवेलो छे. ( भा० २ पा० २३२ )

स्कंदकना प्रश्नना उत्तरमां भगवाने तेने कह्युं छे के, लोक सांत पण छे. लोक अनंत पण छे. काळ अने भावथी लोक अनंत छे अने द्रव्य अने क्षेत्रथी लोक सांत छे. जीव पण द्रव्य अने क्षेत्रथी सांत छे अने भाव अने काळथी अनंत छे. ( भा० १ पा० २३५ )

परमाणुने लगतो विचार करतां द्रव्य दृष्टिनो (दव्वट्टयाए) अने प्रदेशदृष्टिनो (पएसट्टयाए) उपयोग करेलो छे. (भा० ४ पा० २३४)

आचारनी बाबतमां समन्वयनी दृष्टि केशी अने गौतमना संवादमां सुप्रसिद्ध ज छे.

एक स्थळे सोमिल नामना ब्राह्मणे भगवानने पूछ्युं छे के, तमे एक छो? बे छो? अक्षत छो? अव्यय छो? अने वर्तमान, भूत अने भविष्यरूप छो? आना उत्तरमां भगवाने कह्युं छे के, द्रव्यदृष्टिए हुं एक छुं, ज्ञान अने दर्शननी दृष्टिए हुं बे छुं, प्रदेशनी दृष्टिए हुं अक्षर छुं, अव्यय छुं अने उपयोगनी दृष्टिए हुं वर्तमान भूत अने भविष्यना परिणामवाळो छुं. आ रीतनी समन्वय दृष्टि जेम भगवान महावीरे बतावेली छे तेम भगवान बुद्धे पण बतावेली छे.

सिंह सेनापतिने बुद्धे कह्युं:—मने कोई अक्रियावादी कहे के क्रियावादी कहे के उच्छेदवादी कहे तो हुं ते बधी जातनो छुं. पुण्यप्रद विचारोनी क्रिया करवी, कुशळ वृत्ति वधार्ये जवी, सदिच्छाने अनुसरवी एवो हुं उपदेश करुं छुं तेटला माटे क्रियावादी छुं. पापक्रियानो विचार न करवो, पापना विचारो मनमां न आववा देवा अने पापविचारोनो नाश करवो ए बधानो हुं उपदेश आपुं छुं माटे हुं अक्रियावादी छुं अने अकुशळ मनोवृत्तिनो उच्छेद करवानुं हुं कहुं छुं माटे उच्छेदवादी छुं.

आ प्रकारनी व्यक्तिगत के विश्वगत समन्वयनी दृष्टि जैन परंपराना अने बौद्ध परंपराना शास्त्रोनां अत्यारे पण जळवाई रही छे. आनां स्याद्वाद, अनेकान्तवाद, विभज्यवाद, ए नामो जैन परंपरामां प्रसिद्ध छे अने बौद्ध परंपरामां पण मध्यमप्रतिपदा अने विभज्यवाद जाणीतां छे.

वर्तमानमां जो आपणा आचारो आ दृष्टिथी विचाराय तो लगभग बधा साम्प्रदायिक कलहोनो अंत आवे अने आपणां बुद्धि अने जीवननो सद्व्यय थई ठीक प्रमाणमां विकास थई शके.

## (१) आगमनी परंपरा अने ग्रंथनुं नाम

आ सूत्रना मूळ कर्ता विषे विचार करवो सौथी प्रथम प्राप्त हतो पण ते विषे जैन परंपराए खुलासो करी दीधो छे के मूळ आगम मात्र तीर्थंकरना अनुयायीओ गुंथे छे एटले के आगमनी शब्दरचना खुद तीर्थंकरनी नथी होती पण तेमना समसमयी के परवर्ती अनुया-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यीओनी होय छे. कंठस्थ रहेला जैन आगमोमां दुकाळ आदिना कारणे केटलांय परिवर्तनो थई गयां छे एवुं खुद जैन परंपरा स्वीकारे छे अने ए एम पण माने छे के अत्यारना उपलब्ध आगमो देवर्धिगणीनी संकलनारूप छे. ए संकलना वलभी (वळा)मां भगवान महावीरना निर्वाण पछी लगभग हजार वर्षे थयेली एम जैन इतिहास कहे छे. एथी प्रस्तुत ग्रंथना कर्ता विषेनो निवेडो लगभग आवी जाय छे.

प्रस्तुत ग्रंथनुं नाम भगवतीसूत्र जैनसंप्रदायमां सुप्रसिद्ध छे पण नीचेना उल्लेखो उपरथी ते तेनुं मूळ नाम नथी पण तेनी महत्ता दर्शावनारुं विशेषण मात्र छे अने टीकाकार अभयदेव पण एने एम ज माने छे.

समवायांगसूत्र अने नंदीसूत्रमां वर्तमानमां उपलब्ध अंगसूत्रोनां नाम अने विषयो जणाव्या छे तेमां आ सूत्र माटे **'वियाह'** शब्द वपरायेलो छे अने ते शब्दनुं मूळ 'वियाह' धातुमां बताववामां आव्युं छे. 'वि' अने 'आ' उपसर्ग साथेना 'ख्या' धातुथी थयेला 'व्याख्या' शब्दमांथी पूर्वोक्त 'वियाह' शब्द नीपजेलो छे एटले 'वियाह' नो अर्थ अनेक प्रकारनी व्याख्याओ–विवेचनो–थाय छे. टीकाकार पण ए 'वियाह' नी समजुती उपर प्रमाणे आपे छे.

केटलेक स्थळे **'जहा पन्नत्तिए'** एम जणावीने आ ग्रंथना टुंका नामनो निर्देश करेलो छे. ए उपरथी अने आ ग्रंथना टीकाकार अभयदेवना उल्लेख उपरथी एम पण मालुम पडे छे के आ ग्रंथनुं आखुं नाम 'वियाहपण्णत्ति' होवुं जोईए, आगळ जे 'वियाह' जणाव्युं छे ते आनुं टुंकुं नाम छे.

'वियाहपण्णत्ति' शब्दने बराबर मळतो संस्कृत शब्द 'व्याख्याप्रज्ञप्ति' छे अने तेनो अर्थ–जेमां असंकीर्णपणे अनेक प्रकारनी व्याख्याओ प्ररूपाती होय ते छे. आ अर्थ जोतां आ नाम आ ग्रंथने बराबर बंध बेसतुं छे एथी ते अन्वर्थ छे.

'वियाहपण्णत्ति' ने बदले केटलेक स्थळे 'विवाहपण्णत्ति' शब्द पण मळे छे. पण विचार करतां जणाय छे के खरो शब्द तो 'वियाहपण्णत्ति' छे अने 'विवाहपण्णत्ति' तो तेनुं मळतुं पाठान्तर छे जे 'य' नो 'व' बोलवाथी नीपज्युं लागे छे. व्युत्पत्ति अने व्याकरणशास्त्रनी दृष्टिए 'वि' अने 'आ' साथेना 'ख्या' धातुमांथी 'वियाह' शब्द नीपजी शके छे एटले तेनुं वकारवाळुं 'विवाह' रूप पाठान्तर मानीए तो ज चाली शके.

टीकाकारे तो 'वियाहपण्णत्ति' अने 'विवाहपण्णत्ति' ए बन्ने शब्दोने स्वीकारेला छे. पहेला शब्दनो अर्थ ते उपर प्रमाणे करे छे अने बीजा शब्दनो अर्थ करतां ते तेने बराबर मळता संस्कृत शब्दो 'विवाहप्रज्ञप्ति' अने 'विबाधप्रज्ञप्ति' मूके छे पण प्राचीन परंपरा जोतां 'वियाहपण्णत्ति' नाम खरुं जणाय छे.

'पण्णत्ति' शब्दने बराबर मळतो संस्कृत शब्द 'प्रज्ञप्ति' छे. तेनो स्पष्ट अर्थ 'प्रज्ञापन' थाय छे तेम छतां टीकाकारे ते शब्दने मळता आ शब्दो—'प्रज्ञाप्ति' ( प्रज्ञ+आप्ति ) अने 'प्रज्ञात्ति' ( प्रज्ञ+आत्ति ) मूकेला छे. अने तेम करीने तेमणे 'व्याख्याप्रज्ञप्ति' उपरांत 'व्याख्याप्रज्ञाप्ति' 'व्याख्याप्रज्ञात्ति' विवाहप्रज्ञाप्ति' 'विवाहप्रज्ञात्ति' 'विबाधप्रज्ञाप्ति' विबाधप्रज्ञात्ति' 'विवाहप्रज्ञप्ति' अने 'विबाधप्रज्ञप्ति' वगेरे संस्कृत शब्दो 'वियाहपण्णत्ति' अने 'विवाहपण्णत्ति' ने बदले जणाव्या छे. एथी कोईए एम न समजवुं जोइए के आ सूत्रनां आटलां बधां नामो छे.

नाम तो 'वियाहपण्णत्ति' एक ज छे पण टीकाकारे जे एने माटे पूर्वोक्त अनेक संस्कृत शब्दो मूकेला छे तेनुं कारण तेमनो आगमो प्रत्येनो अधिकाधिक सद्भाव अने शब्दकुशळता मात्र छे. ज्यां ज्यां आ सूत्रना नाम माटे संस्कृत शब्द जोवामां आवे छे त्यां त्यां बधे 'व्याख्याप्रज्ञप्ति' नाम जणाय छे तेथी टीकाकारे मुकेला उपला शब्दो आ ग्रंथनां नाम तरीके न समजवा, भगवती शब्द तो आ सूत्रनी पूज्यता बतावनारुं विशेषण मात्र छे पण खास नाम नथी ते न भुलाय.

## (२) बीजा आगमोमां प्रस्तुत ग्रंथनो परिचय, वर्तमान रचनाशैली तथा ग्रंथनुं पूर

'समवाय नामना चोथा अंगमां अने नन्दीसूत्रमां आ सूत्रनो परिचय आपवामां आवेलो छे. "वियाह सूत्रमां जीवो विषे व्याख्यान छे. अजीवो विषे व्याख्यान ( विवेचनो ) छे. जीवाजीव विषे व्याख्यान छे, स्वसमय, परसमय अने स्वपरसमय तथा लोक, अलोक अने लोकालोक ए विषे व्याख्यान छे. तथा छत्रीश हजार व्याकरणो–पुछायेला प्रश्नोनो निर्णय आपनारा उत्तरो–शिष्यना हित माटे जणावेलां छे, जे

---

१ प्रस्तुत सूत्रनुं नाम तो 'व्याख्याप्रज्ञप्ति' छे पण संप्रदायमां 'भगवती' नाम वधारे जाणितुं छे माटे ज आ ग्रंथना मुख पृष्ठ उपर ए नाम मोटा अक्षरे मुकेलुं छे अने तेना कर्तानां नामनो उल्लेख पण संप्रदायप्रसिद्धि प्रमाणे सूचवेलो छे.

२ समवायांग सूत्र पृ० ११४

३ नंदीसूत्र पृ० २२९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

व्याकरणो अनेक प्रकारना देवो, राजाओ अने राजर्षीओ तथा अनेक प्रकारना संशयवाळा जिज्ञासुओए श्रीजिनने पूछेलां छे. जेना जवाबो श्रीजिने द्रव्य, गुण, क्षेत्र, काल, पर्याय, प्रदेश, परिणाम, यथास्तिभाव, अनुगम, निक्षेप, नय, प्रमाण अने अनेक प्रकारना सुंदर उपक्रमो पूर्वक आमां आपेला छे." आ रीते समवाय नामना चोथा अंगमां प्रस्तुत 'व्याख्याप्रज्ञप्ति' सूत्रना अभिधेय विषयनो परिचय आपेलो छे. ज्यारे नन्दीसूत्रमां समवाय करतां थोडुं जुदुं जणावेलुं छे एटले के नन्दीसूत्रमां समवाय अंगमां कहेली व्याकरणो संबंधी कशी हकीकत मळती नथी. पण मात्र तेमां "जीव, अजीव, जीवाजीव, स्वसमय, परसमय, स्वपरसमय, लोक, अलोक, अने लोकालोक संबंधी व्याख्यानो व्याख्याप्रज्ञप्तिमां छे" एटलुं ज जणावेलुं छे.

उपर जणाव्या प्रमाणे ते बन्ने सूत्रमां आ सूत्रना अभिधेयनी बाबतमां जेम फरक जणाय छे तेम तेना परिमाण विषे पण भेद मालुम पडे छे. ते भेद आ प्रमाणे छे: व्याख्याप्रज्ञप्ति सूत्रना पदोनी संख्या समवायांगमां ८४००० जणावेली छे अने नन्दीसूत्रमां तेनी संख्या २८८००० जणावेली छे. परिमाण विषेनी बीजी हकीकतो बन्नेमां सरखी छे. ते जेमके; अंगनी अपेक्षाए व्याख्याप्रज्ञप्ति सूत्र पांचमुं अंग छे, तेमां एक श्रुतस्कंध छे, एकसो करतां वधारे अध्ययनो छे, दश हजार उद्देशको अने दश हजार समुद्देशको छे.

आ सूत्रमां वर्णवायेला विषयनी अने परिमाणनी जे हकीकत उपर आपी छे तेनी सरखामणी आपणी सामेना आ सूत्रना विषय अने परिमाण साथे करतां खास फेर जणातो नथी. उद्देशको अने पदोनी संख्यामां फेर छे ते फेर तो प्राचीन परंपराए पण मानेलो छे.

रचनाशैलीनी बाबतमां आ सूत्रमां प्रश्नोत्तरनी पद्धति छे ए हकीकत समवायांगमां तो जणावेली छे अने आ वर्तमान सूत्रमां पण ते ज शैली आपणी सामे छे. जेम आ सूत्रमां भगवान महावीर अने इन्द्रभूति गौतम वच्चेनी प्रश्नोत्तरनी शैली छे तेम आर्य श्यामाचार्ये रचेला पन्नवणा–प्रज्ञापना–सूत्रमां पण छे. पन्नवणा सूत्र श्यामाचार्ये रचेलुं छे ए सिद्ध वात छे. तेथी तेमांनी भगवान महावीर अने इन्द्रभूति गौतम वच्चेनी प्रश्नोत्तरशैली श्यामाचार्ये गोठवेली छे तेम आ व्याख्याप्रज्ञप्तिसूत्रनी पूर्वोक्त प्रश्नोत्तर शैली प्रस्तुत सूत्रना संकलन करनारे उपजावी काढी छे के मूळ ज एम छे ए विषे कांई कही शकातुं नथी. कारण के घणा अर्वाचीन ग्रंथोमां पण ते ते ग्रंथकारोए एवी शैली राखेली जणायाथी संदेह थवो स्वाभाविक छे.

वर्तमानमां आ सूत्रमां आवेला अनुष्टुप श्लोकोनी संख्या लगभग १५८०० छे जे आगळ जणावेली पद (विभक्त्यंत पद)नी संख्याने मळती थई शके एवी कही शकाय, शतक १३८ छे अने उद्देशको १९२५ छे. ज्यारे प्राचीन परंपरा आमां दश हजार उद्देशको अने दश हजार समुद्देशको होवानुं जणावे छे. १९२५ उद्देशकोनी संख्या तो आ सूत्रना प्रान्त भागमां ज जणावेली छे अने टीकाकारे पण तेने मान्य राखी छे. पदोनी संख्या प्रान्त भागनी गाथामां ८४००००० लखेली छे जे समवाय अने नन्दीसूत्र बन्नेथी जुदी पडे छे. पण अन्तनी गाथामां 'चुलसीय सयसहस्सा पदाण' ने बदले 'चुलसीई य सहस्सा पदाण' आवुं वांचवाथी समवायांग सूत्रमां जणावेली पदसंख्या साथे कशो विरोध नहिं आवे अने एवुं वांचवुं कंई अयुक्त छे एम नथी.

पण खूबी तो ए छे के अन्तनी जे गाथामां ८४००००० पदनी संख्या लखेली छे तेनी टीका करतां आचार्य अभयदेव **"चतुरशीतिः शतसहस्राणि पदानामत्राङ्गे इति सम्बन्धः"** एम लखीने व्याख्याप्रज्ञप्तिसूत्रमां ८४००००० पदो होवानुं माने छे अने समवायांग सूत्रमां जे स्थळे आ सूत्रनी पदसंख्या बतावी छे त्यां मूळमां **"चतुरासीई पयसहस्साइं पयग्गेणं"** आ पाठनी टीका करतां ए ज अभयदेव **"चतुरशीतिः पदसहस्राणि पदाग्रेणेति"** आम लखीने व्याख्याप्रज्ञप्तिमां ८४००० पदो होवानुं लखे छे. ए रीते तेमनी पोतानी ज समवाय अने व्याख्याप्रज्ञप्तिनी टीकामां जे स्पष्ट विरोध आवे छे ते तरफ तेमनुं ध्यान केम नहीं गयुं होय ! आ विरोधना परिहारनी रीत उपर बतावी छे. ए, पाठान्तरपरीक्षणनी दृष्टिए ठीक लागे एवी छे. आ उपरांत आ सूत्रमां जे जातनी शैलीथी विषयो चर्चेला छे ए संबंधनुं निरीक्षण शरुआतमां 'आध्यात्मिक शोध'ना मथाळा नीचे करेलुं छे जे आधुनिक वांचनार माटे पूरतुं कही शकाय.

## (३) दिगंबर संप्रदायमां प्रस्तुत ग्रंथनो परिचय अने तेनी साक्षीनो उल्लेख

विक्रमना नवमा सैकामां थयेला प्रसिद्ध दिगंबराचार्य श्रीमान भट्टाकलंकदेव मुनि तत्त्वार्थसूत्र उपरना पोताना तत्त्वार्थराजवार्तिकमां द्वादशांगनो परिचय आपतां व्याख्याप्रज्ञप्तिनो पण परिचय आपे छे. तेमां तेओ नाम तो व्याख्याप्रज्ञप्ति ज जणावे छे अने तेमां "शुं जीव छे ? शुं जीव नथी ? ए प्रकारनां ६०००० व्याकरणो छे" एम कही व्याख्याप्रज्ञप्तिना प्रतिपाद्य विषयनो पण उल्लेख करे छे.

गोमट्टसारनी ३५५ मी गाथामां प्रस्तुत सूत्रनुं 'विवखापण्णत्ति' नाम सूचवेलुं छे अने नन्दीसूत्रमां कह्या प्रमाणे तेमां २८८००० पदो छे एम पण नोंधेलुं छे.

आगळ जणाव्या प्रमाणे श्वेतांबरसंप्रदायना ग्रंथोमां तो व्याख्याप्रज्ञप्तिनी साक्षी अनेक स्थळे आवे छे. ए ज प्रमाणे दिगंबरसंप्र-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दायना तत्त्वार्थराजवार्तिकमां पण व्याख्याप्रज्ञप्तिनी साक्षी आपेली छे. तत्त्वार्थसूत्रगत "विजयादिषु द्विचरमाः" सूत्रना वार्तिकमां ए साक्षीवाळो उल्लेख नीचे प्रमाणे छेः–**"एवं हि व्याख्याप्रज्ञप्तिदण्डकेषूक्तम्–विजयादिषु देवा मनुष्यभवमास्कन्दन्तः कियतीर्गत्यागतीः विजयादिषु कुर्वन्ति ? इति गौतमप्रश्ने भगवतोक्तम् जघन्येनैको भवः आगत्या उत्कर्षेण गत्यागतिभ्यां द्वौ भवौ."**

[ **अनुवादः**—कारण के व्याख्याप्रज्ञप्तिना दंडकोमां एम कहेलुं छे के मनुष्यभवने पामता विजयादि विमानमां रहेनारा देवो विजयादि विमानोमां केटली गति अने आगति करे छे ? ए प्रकारना गौतमना प्रश्नना उत्तरमां भगवान कहे छे के आगतिनी अपेक्षाए ओछामां ओछो एक भव अने गतिआगतिनी अपेक्षाए वधारेमां वधारे बे भव." ]

श्वेतांबर संप्रदायमां गौतमना प्रश्न अने भगवानना उत्तरवाळुं आ व्याख्याप्रज्ञप्तिसूत्र ज प्रसिद्ध छे. दिगंबर संप्रदायमां ए जातनुं व्याख्याप्रज्ञप्तिसूत्र होय एवुं जाण्युं नथी. एथी उपर्युक्त वार्तिकमां गौतमना प्रश्न अने भगवानना उत्तरवाळा जे व्याख्याप्रज्ञप्तिसूत्रनी साक्षी आपेली छे ते श्वेतांबरसंप्रदायप्रसिद्ध प्रस्तुत व्याख्याप्रज्ञप्तिसूत्र होय एम न कही शकाय ? ज्यां सुधी गौतमना प्रश्न अने भगवानना उत्तरवाळुं व्याख्याप्रज्ञप्तिसूत्र दिगंबर संप्रदायमां जाणीतुं छे एवो निर्णय न थई शके त्यां सुधी तो राजवार्तिकमां साक्षी तरीके आपेलुं ए व्याख्याप्रज्ञप्ति, आ वर्तमानसूत्र समजी शकाय एम कहेवाने कशी हरकत नथी. खरेखर आम होय तो आ उपरथी एक बीजी वात ए पण नीकळे छे के श्वेतांबरसंप्रदायसंमत सूत्रो दिगंबर संप्रदायने पण संमत हतां एटले बन्ने संप्रदायमां शास्त्रीय एकता हती.

## (४) व्याख्याप्रज्ञप्तिमां ( भगवतीमां ) आवेलां केटलांक मतांतरो

आ ग्रंथमां जे जे मतांतरो आवेलां छे तेनां कांई विशेष खास नामो मूळ ग्रंथमां आपेलां नथी. तेम ए विषे टीकाकारे पण कांई खुलासो कर्यो नथी. छतां बौद्ध त्रिपिटक अने वैदिक साहित्यनुं विशेष अन्वेषण करवाथी ए बधा मतो विषे जरुरी माहिती मळवी कठण नथी.

आ सूत्रना पन्नरमा शतकमां मंखलीपुत्र गोशालकने लगती सविस्तर माहिती आपेली छे. ए माहिती अक्षरशः ऐतिहासिक छे एम कहेवुं कठण छे. पण ते उपरथी गोशालकना संप्रदायनी थोडी घणी माहिती आपणे जाणी शकीए एम छीए. एमां गोशालकने स्वभाववादी के नियतिवादी तरीके बतावेलो छे. गोशालकनुं कथन तेमां एम जणाव्युं छे के ते, जीवोनां सुखदुःख स्वाभाविक–नियत माने छे. आ सूत्रो उपरांत बीजा सूत्रोमां पण गोशालकनो मत बतावेलो छे. सूयगडांग सूत्रना पहेला श्रुतस्कंधना प्रथम अध्ययनना बीजा उद्देशकमां बीजी त्रीजी गाथामां अन्य मत बतावतां एम कहेलुं छे के "केटलाके एम कहे छे के जीवोने सुखदुःख थाय छे ते स्वयंकृत नथी, अन्यकृत नथी पण ए बधुं सिद्ध ज छे–स्वाभाविक छे."[२]

आवो ज मत उपासक दशांगना सातमा[३] अध्ययनमां आजीवकना उपासक सद्दालपुत्रे स्वीकारेलो छे. सद्दालपुत्र कहे छे के "उत्थान, बल, वीर्य, पुरुषकारपराक्रम नथी. बधा भावो नियत छे" ए सद्दालपुत्र आजीवकोपासक पोताना धर्मगुरु तरीके गोशालकने स्वीकारे छे. आ रीते व्याख्याप्रज्ञप्ति, सूयगडांग अने उपासकदशांगमां गोशालकना मतविषे कशो फरक जणातो नथी. ए उपरथी गोशालक स्वभाववादी–नियतिवादी–हतो एम चोक्खुं माळूम पडे छे.

बुद्ध पिटकोमां पण मंखली गोशालकने लगती हकीकत आवे छे तेमां कहेला तेना प्रतिपादनने वांचवाथी माळूम पडे छे के ते अहेतुवादी हतो. दीघनिकायना[४] सामञ्ञफल सूत्रमां लखेलुं छे के "प्राण भूत, जीव अने सत्त्वना सुखदुःख अहेतुक छे, बल नथी, वीर्य नथी, पुरुषकारपराक्रम नथी ए गोशालकनो मत छे." आ रीते बुद्धपिटक अने जैन सूत्रोमां गोशालकना मत तरीके उपर्युक्त हकीकतनो एक सरखो उल्लेख आवे छे अने टीकाकारे पण तेने ते ज रीते बतावेलो छे.

---

१ 'मोक्षमार्गप्रकाश'मां अर्वाचीन पंडित टोडरमलजी लखे छे के "सूत्रोमां गौतमना प्रश्न अने भगवान महावीरना उत्तरो एवी शैली घटमान नथी एथी एवी शैलीवाळां सूत्रो दिगंबर संप्रदाय संमत नथी" आ तेमनो उल्लेख दिगंबर संप्रदायना धुरंधर आचार्य भट्टाकलंकना उपर्युक्त निर्देश सामे केटलो प्रामाणिक मानी शकाय ?

२ "न तं सयंकडं दुक्खं कओ अन्नकडं च णं । सुहं वा जइ वा दुक्खं सेहियं वा असेहियं ॥
सयंकडं न अण्णेहिं वेदयंति पुढो जिया । संगइअं तं तहा तेसिं इहमेगेसि आहियं" ॥

३ जूओ भगवान महावीरना दश उपासको—७ मो सद्दालपुत्र तथा ते परनुं टिप्पण.

४ जूओ दीघनिकाय ( मराठी ) पृ० ५८.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ सूत्रमां गोशालके वर्णवेली निर्वाणप्राप्तिनी पद्धति बताववामां आवेली छे, जेमांनी घणी खरी दीघनिकायना उल्लेख साथे अक्षरशः मळती आवे छे. आ प्रमाणे सूत्रमां नामनिर्देशपूर्वक मात्र एक गोशालकनो ज निर्देश आवे छे.

आ उपरांत एक समये बे क्रिया थवानुं माननार, एक समये बे आयुष्य करवानुं तथा भोगववानुं माननार वगेरे बीजा अनेक मतोने अन्यतीर्थिकना नाम नीचे जणाववामां आव्या छे ( भा० १ पा० २१९ ) ( भा० १ पा० २०४ ) ते कोना छे ते तुरतमां कहेवुं घणुं विकट छे.

वळी आ सूत्रमां अने बीजा सूत्रमां घणे ठेकाणे चार समवसरणोनो निर्देश करेलो छे. ए चारमांनुं एक क्रियावादीनुं, बीजुं अक्रियावादीनुं, त्रीजुं अज्ञानवादीनुं अने चोथुं विनयवादीनुं छे एम कहेवाय छे. टीकाकारो घणे स्थळे एम लखे छे के प्राचीन समयमां त्रणसोने त्रेसठ पाखंडो–परमतो हता. ते त्रणसो त्रेसठनी समजण आपतां ते टीकाकारो आ चार समवसरणोने मूळ भूत गणावे छे. त्रणसोने त्रेसठनी संख्या मेळववाने जे पद्धति टीकाकार स्वीकारे छे ते पद्धति बराबर समजी शकाती नथी. खरी रीते तो आ त्रणसोने त्रेसठ पाखंडोनो इतिहास कळी शकाय एवुं एके साधन उपलब्ध नथी पण ते संख्याने बदले बौद्ध ग्रंथोमां साठ पाखंडोनो उल्लेख मळे छे. ते विषे केटलीक माहिती पण तेमां नोंधेली छे. ए बधुं वांचकोए बौद्ध साहित्यमांथी जोई लेवुं घटे.

आ सिवाय महावीरना तुरतना पुरोवर्ती जैन तीर्थंकर पार्श्वनाथना केटलाक शिष्योए भगवान महावीर साथे अथवा तेमना केटलाक शिष्यो साथे चर्चा करेली छे जेनी नोंध आ सूत्रमां अनेक स्थळे छे. आ चर्चाओने बारीकाईथी वांचतां अने भगवान महावीर साथेनुं पार्श्वनाथना ए शिष्योनुं वर्तन जोतां इतिहासनुं पृथक्करणपूर्वक गवेषण करनार कोई पण विवेकीने एम स्पष्ट मालुम पडशे के ते वखतमां पार्श्वनाथना अने भगवान महावीरना शिष्योना रीतरिवाजोमां एटलो बधो फेर हतो के तेओ बन्ने एक ज परंपराने स्वीकारवा छतां एक बीजाने ओळखी शकता पण नहि. आम छतां ते बन्नेना शिष्यपरिवारमां भेदसहिष्णुता अने समन्वयनी शक्ति होवाने लीधे भाग्ये ज अथडामण थएली. आ संबंधे वधारे जोवानी इच्छावाळाए उत्तराध्ययन सूत्रनुं केशीगौतमीय अध्ययन बराबर ध्यान दईने वांची जवुं.

## (५) व्याख्याप्रज्ञप्तिमां आवेलां केटलांक विवादास्पद स्थानो

(१) सातमा शतकना नवमा उद्देशकमां वज्जी विदेहपुत्र कोणिक साथे काशी अने कोशलना नव मल्लकि नव लेच्छकि अढार गणराजाओना संग्रामनी हकीकत आवे छे तेमां 'वज्जी' ए विदेहपुत्र कोणिकनुं विशेषण छे अने ते तेना वंशनुं सूचक छे. वज्जी लोकोनी साथे मल्लवंशना अने लिच्छवीवंशना राजाओनी लडाईनी हकीकत बौद्ध ग्रंथमां पण आवे छे. आ प्रमाणे वज्जी शब्द एक राजवंशनो सूचक छे एमां शक नथी तेम छतां टीकाकार ए 'वज्जी' शब्दनो अर्थ वज्जी–एटले वज्री–वज्रवाळो–इन्द्र एम करे छे. जे अहिं तद्दन असंगत छे. ज्यां आ हकीकत छे ते ठेकाणे मूळमां लखेलुं छे के "गोयमा! वज्जी विदेहपुत्ते जइत्था; नव मल्लई नव लेच्छई कासीकोसलगा अट्ठारस वि गणरायाणो पराजइत्था" ( भा० ३ पा० ३० ) आ वाक्यमां वज्जीनो अर्थ कोई पण रीते इंद्र घटी शकतो ज नथी पण ए वज्जी शब्द विदेहपुत्रना विशेषणरूप छे ए हकीकत सूत्रनी ए वाक्यरचना ज बतावी आपे छे.

(२) भा० १ पा० २८० मे पाने देवलोकमां देवोने पेदा थवानां कारणोनी हकीकत मूकेली छे. तेमां एम जणाव्युं छे के "पूर्वना संयमने लीधे देवो देवलोकमां उत्पन्न थाय छे पण आत्मभाववक्तव्यतानी अपेक्षाए ए देवो देवलोकमां उत्पन्न थता नथी" अहीं टीकाकार आत्मभाववक्तव्यतानो अर्थ **'अहंमानिता'** करे छे अने तेम बतावीने आखा सूत्रनो अर्थ ते एम संगत करे छे के "आ हकीकत **'अहंमानिता'** ने लीधे कहेता नथी" पण विचार करतां टीकाकारनी संगति करवानी आ पद्धति बराबर जणाती नथी. कारण के २८२ मे पाने आ वाक्य भगवान महावीरना मुखमां मूकवामां आवेलुं छे त्यां तेनो टीकाकारे कहेलो अर्थ जरापण संगत थई शके एम नथी.

विचार करतां एम जणाय छे के आत्मभाववक्तव्यतानो अर्थ आत्मभावनी दृष्टि एटले स्वस्वरूपप्राप्तिनी दृष्टि एम करीए तो कशी असंगति आवे एवुं लागतुं नथी.

एवो अर्थ करीए तो तात्पर्य ए आवे के देवलोकनी प्राप्तिनुं कारण आत्मभाव नथी. आत्मभाव एटले के स्वस्वरूपनी प्राप्ति. ए तो सीधुं ज निर्वाणनुं कारण छे. एथी आत्मभाववक्तव्यतानी अपेक्षाए देवो देवलोकमां उत्पन्न थता नथी एम सूत्रनो अर्थ थयो. माटे भगवान महावीरना मुखमां शोभे एवो आवो सीधो अने सादो अर्थ थई शके एम होवा छतां आत्मभाववक्तव्यतानो टीकाकारे **अहंमानिता** अर्थ कर्यो छे तेनुं कारण समजी शकातुं नथी.

---

१ जूओ दीघनिकाय ( मराठी ) पृ० ५९.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आत्मभाववक्तव्यतानो जे जुदो अर्थ अहीं बताव्यो छे ते करतां पण बीजो सारो अर्थ अहीं बंध बेसे एवो कोई बतावशे तो जरूर तेनुं ग्रहण थशे.

**'अहंमानिता'** नो जे अर्थ बताव्यो छे ते अहीं भगवान महावीरना मुखमां शोभतो नथी माटे ज ए शब्दनो बीजो कोई भाव शोधकोए जरूर शोधवो जोईए. भगवान महावीरना मुखमां वाक्य छे ते आ प्रमाणे छे:—

**"अहं पि णं गोयमा! एवमाइक्खामि, भासामि, पन्नवेमि, परूवेमि-पुव्वतवेणं देवा देवलोएसु उववज्जन्ति, पुव्वसंजमेणं देवा देवलोएसु उववज्जंति, कम्मियाए देवा देवलोएसु उववज्जंति, संगियाए देवा देवलोएसु उववज्जंति, पुव्वतवेणं, पुव्वसंजमेणं, कम्मियाए, संगियाए अज्जो! देवा देवलोएसु उववज्जंति, सच्चे णं एसमट्ठे, णो चेव णं आयभाववत्तव्वयाए."**

[अनुवादः—(भगवान महावीर कहे छे के) हे गौतम! हुं पण एम कहुं छुं, भाखुं छुं, जणावुं छुं, अने प्ररूपुं छुं के पूर्वना तपथी देवो देवलोकमां उत्पन्न थाय छे. पूर्वना संयमथी देवो देवलोकमां उत्पन्न थाय छे. कर्मीपणाने लीधे देवो देवलोकमां उत्पन्न थाय छे अने संगीपणाने लीधे देवो देवलोकमां उत्पन्न थाय छे. [अर्थात्] हे आर्य! पूर्व तप, पूर्व संयम, कर्मीपणुं अने संगीपणुं ए कारणोथी देवो देवलोकमां उत्पन्न थाय छे ए हकीकत साची छे. आत्मभाववक्तव्यतानी अपेक्षाए एम थतुं नथी."]

(३) गोशालकना १५ मा शतकमां भगवान महावीर माटे सिंहअनगारने जे आहार लाववानुं कहेवामां आव्युं छे ते प्रसंगना बे त्रण शब्दो घणा विवादास्पद छे, कवोयसरीरा–कपोतशरीर मज्जारकडये–मार्जारकृतक कुक्कुडमंसए–कुक्कुटमांसक–आ त्रण शब्दना अर्थमां विशेष गोटाळो मालूम पडे छे. कोइ टीकाकारो अहिं कपोतनो अर्थ 'कपोत पक्षी' मार्जारनो अर्थ प्रसिद्ध 'मार्जार' अने कुक्कुटनो अर्थ प्रसिद्ध 'कूकडो' कहे छे. अने बीजा टीकाकार ए शब्दनो लाक्षणिक अर्थ करे छे. आमां कयो अर्थ बराबर छे ते कही शकातुं नथी. शोधकोए ए विषे अवश्य विचार करवो घटे.

(४) वीशमां शतकना बीजा उद्देशमां धर्मास्तिकायनां अभिवचनो–पर्याय शब्दो–केटलां छे? एना उत्तरमां भगवाने प्राणातिपात–विरमण–अहिंसा, मृषावादविरमण–सत्य वगेरे सद्गुणवाचक शब्दोने जणावेला छे अने ए ज प्रमाणे अधर्मास्तिकायनां अभिवचनो जणावतां प्राणातिपात–हिंसा, मृषावाद–असत्य वगेरे दुर्गुणवाचक शब्दोने सूचवेला छे. मूळमां आवेली आ हकीकत जे रीते धर्मास्तिकाय अने अधर्मास्तिकायनुं स्वरूप मानवामां आवे छे तेनी साथे जरापण बंध बेसती नथी आवती. टीकाकारे पण आ हकीकतने स्पष्ट करवा कशुं लख्युं नथी एटले आ मूळनी संगति धर्मास्तिकाय अने अधर्मास्तिकायना स्वरूपनी मान्यता साथे केवी रीते करवी ए प्रश्न उभो ज रहे छे.

आ उपरांत आ सूत्रमां एवां केटलांए विवादास्पद स्थळो छे जे बधां अहीं लखी न शकाय. अहीं तो मात्र ए बाबतनां थोडां उदाहरणो ज आपेलां छे.

## (६) व्याख्याप्रज्ञप्तिनी टीका

आ सूत्रना मूळ श्लोकोनी संख्या लगभग १५८०० जेटली छे अने तेनी आ टीकाना श्लोकोनी संख्या १८६१६ छे एटले खरी रीते आ टीका एक प्रकारना टिप्पणरूप छे. टीकाकार पोते मात्र शब्दनो अर्थ करीने चालता थाय छे. जे स्थळे खूब ऊहापोह करीने समजाववानुं होय छे त्यां पण तेओ भाग्येज कंई पण लखे छे. आनुं कारण मात्र एक ज जणाय छे के टीकाकारना जमानामां आगमोना स्वाध्यायनी परंपरा लगभग नष्ट थई गया जेवी हती.

वळी टीकाकारनी पूर्वे थई गएलां टीकाचूर्णी वगेरे आ सूत्रने समजवानां जे साधनो हतां तेमां पण जोइए तेवो अने तेटलो प्रकाश न हतो एम आ टीकाकार पोते ज जणावे छे.

आ टीकाकार पोते अनेक ठेकाणे लखे छे के आगमनी परंपरा नष्ट थवाने लीधे अने आगमना एवा सारा जाणकारना अभावने लीधे आ टीका संशयग्रस्त मनथी करेली छे. वळी वाचनामां केटलाए पाठभेदो होवाने लीधे अर्थ करवामां घणी मुंझवण उभी थाय छे. आ सूत्रमां दरेक शतकने अन्ते आपेला टीकाना श्लोकोमां टीकाकारे आ प्रकारनी पोतानी मुशीबतो बतावेली छे. छतां तेमणे आ सूत्र उपर करेला प्रयत्नथी आपणे कांईक समजी शकीए छीए अने सूत्रनो मूळ पाठ ठीक सचवाई रहेलो छे तेथी टीकाकारना आपणे घणा ऋणी छीए ए भुलवुं न जोइए.

१ स्थानांगसूत्र, प्रश्नव्याकरणसूत्र, अने प्रस्तुत सूत्रनी टीकाना अंतना श्लोको.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उपर्युक्त विवादास्पद स्थळो बतावबामां टीकाकारनी अवगणना करवानो जराय उद्देश नथी. पण कोई पण टीकाकार टीका करतां सांप्रदायिक वृत्ति राखे छे अने मात्र शब्दस्पर्शी रहे छे त्यारे ते केटलीक वार मूळना खरा भावने बतावी शकतो नथी ए सूचववा माटे छे.

अत्यारे जे सूत्रो विद्यमान छे, तेमनी टीकाओ जोतां ते दरेक सूत्र उपर हवे नवी टीकाओ करवानो समय आवी पहोंच्यो छे. पण ते थनारी बधी टीकाओ पृथक्करणनी, तुलनानी अने विशाळतानी दृष्टि मुख्य राखीने ज थवी जोइए ए न भुलाय.

सिद्धसेन दिवाकर कहे छे तेम मात्र सूत्रो गोखवाथी अर्थनुं ज्ञान थई शकतुं नथी. अर्थनुं ज्ञान नयवाद उपर अवलंबे छे, ए नयवाद गहन छे माटे नयवादनी समज साथे सूत्रार्थना अभ्यासी पेदा करवा खूब प्रयत्न थवो जोइए. द्रव्य, क्षेत्र, काल, भाव, पर्याय, देश, संयोग अने भेद ए बधुं ध्यानमां राखीने आचार अने तत्त्वनी विचारणा करवी जोइए. सूत्रोना मर्म समजवाना इच्छुके कदी एकांत तरफ न ढळवुं घटे. एकांत तरफ ढळतां तो अर्थनो अनर्थ थई जाय छे अने ए अनर्थने लईने ज आ बधा धार्मिक कलहो उभा थाय छे.

## (७) व्याख्याप्रज्ञप्तिना टीकाकार

टीकाकार अभयदेव विक्रमना ११ मा सैकाथी तें बारमा सैका सुधीमां हयात हता. तेमने लगती वीगतवार हकीकत प्रभावकचरित्रमां अभयदेवसूरिना प्रबंधमां आपेली छे. ते मूळ धारानगरीना हता, तेमना पितानुं नाम महिधर[1] अने मातानुं नाम धनदेवी हतुं. अने आ आचार्यनुं मूळनाम अभयकुमार हतुं. वर्धमानसूरिना शिष्य बुद्धिसागरसूरि अने जिनेश्वरसूरि हता. आ अभयदेवसूरि ए जिनेश्वरसूरिना शिष्य हता. जे जमानामां आ आचार्य हता ते जमानामां साधुसंस्था बहु शिथिल दशामां हती. चैत्यवासीओनुं प्रबळ खूब हतुं. चैत्यवासीओ आचारमां एटला बधा शिथिल थई गया हता के तेओ पगारथी नोकरी करवानी हद सुधी पहोंची गया हता. आ आचार्य अने एमना गुरुओ ए शिथिलताने दूर करवानो प्रयत्न करता हता. नवअंग सूत्रो उपर आमनी टीकाओ विद्यमान छे. उपरांत एमणे पंचाशक वगेरे अनेक प्रकरणो उपर विवरणो लखेलां छे अने बीजां केटलांए नवां प्रकरणो पण बनावेलां छे. सूत्रो उपरनी घणी खरी टीकाओ तेमणे पाटणमां करी छे तेम तेओ जणावे छे. प्रस्तुत सूत्रनी टीका एमणे ११२८ मां पाटणमां करी छे एम तेओ टीकाने प्रान्ते जणावे छे. टीकाने छेडे आपेली प्रशस्ति उपरथी एम मालुम पडे छे के तेओ चांद्रकुलना हता. तेमना गुरुना गुरुनुं नाम वर्धमानसूरि हतुं. एमना दीक्षा गुरु तरीके जिनेश्वरसूरिने प्रबंधमां जणावेला छे पण आ प्रशस्तिमां 'तयोर्विनेयेन' आम लखीने तेओ जिनेश्वर अने बुद्धिसागर बन्नेने पोताना वडील तरीके स्वीकारे छे. आ टीका तेमणे निर्वृतिकुलना द्रोणाचार्य पासे शुद्ध करावी हती एम तेओ लखे छे. आ टीकाकार नवांगीवृत्तिकार तरीके संप्रदायमां प्रसिद्ध छे. आथी वधारे जाणवा माटे प्रभावकचरित्र भाषान्तरनी प्रस्तावनामां आवेलुं अभयदेवसूरिनुं वृत्तांत जोई लेवुं.

---

१ प्रबंधमां पितानुं नाम 'महिधर' छे छतां प्रभावकचरित्र ( भावनगर-आत्मानंदसभा ) नी प्रस्तावनामां ( पृ० ८५ ) धनदेव लखेलुं छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# उपसंहार

सद्गत शेठ पुंजाभाईनी उदारताने लीधे आजथी वीश वर्ष पहेलां एटले १९६९ नी सालमां जिनागम प्रगट करवा माटेनी एक योजना बहार पडी हती. ज्यारे योजना बहार पडी त्यारे हुं काशीमां विद्याभ्यासने अंगे रहेतो हतो. जैन आगमोने श्रद्धा अने रसपूर्वक जोवानो समय मळेलो तेथी आगमसाहित्यने लगता कामकाजनी प्रवृत्तिमां पडवुं ए ध्येय लगभग निर्णीत करेलुं हतुं. एटलामां आगमप्रकाशननी योजना मारा हाथमां आवी के तुरत ज ते योजनाना मंत्री साथे पत्रव्यवहार करी काशीथी ए प्रवृत्ति माटे रवाना थयो.

८. [प्र०] हे भगवन्! शक्र देवेन्द्र देवराज सावद्य (पापयुक्त) भाषा बोले के निरवद्य (पापरहित) भाषा बोले? [उ०] हे गौतम! ते सावद्य अने निरवद्य बन्ने भाषा बोले. [प्र०] हे भगवन्! तेनुं शुं कारण के शक्र सावद्य अने निरवद्य ए बन्ने भाषा बोले? [उ०] हे गौतम! शक्र देवेंद्र देवराज ज्यारे सूक्ष्म काय—हस्त अथवा वस्त्र वडे मुख ढांक्या विना बोले त्यारे ते *सावद्य भाषा बोले छे अने मुख ढांकीने बोले त्यारे ते निरवद्य भाषा बोले छे, माटे ते हेतुथी ते शक्र सावद्य अने निरवद्य बन्ने भाषा बोले छे.

शुं शक्रेन्द्र भवसिद्धिक छे वगेरे प्रश्न.

९. [प्र०] हे भगवन्! ते शक्र देवेन्द्र देवराज भवसिद्धिक छे, अभवसिद्धिक छे, सम्यग्दृष्टि छे, [के मिथ्यादृष्टि छे?] [उ०] जेम [1]त्रीजा शतकना प्रथम उद्देशकमां सनत्कुमार माटे कह्युं छे तेम अहिं पण जाणवुं. अने ते यावत्,—'अचरम नथी' ए पाठ सुधी कहेवुं.

कर्मो चैतन्यकृत के अचैतन्य कृत?

१०. [प्र०] हे भगवन्! जीवोना कर्मो चैतन्यकृत होय छे के अचैतन्यकृत होय छे? [उ०] हे गौतम! जीवोना कर्मो चैतन्य-

८ * हस्तादिकथी मुख ढांकीने बोलनार निरवद्य भाषा बोले छे, कारण के तेनो वायुकायिक जीवने बचाववानो प्रयत्न होवाथी ते सावधानतापूर्वक बोले छे. उघाडे मुखे बोलनार सावद्य भाषा बोले छे, केमके तेनो जीवसंरक्षणनो यत्न नहि होवाथी ते असावधानतापूर्वक बोले छे.—टीका.

१ [1] भग० खं० २ श० ३ उ० १ पृ० ३४.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**जीवाणं आहारोवचिया पोग्गला, बोंदिचिया पोग्गला, कलेवरचिया पोग्गला तहा तहा णं ते पोग्गला परिणमंति, नत्थि अचेयकडा कम्मा समणाउसो!, दुट्ठाणेसु, दुसेज्जासु, दुन्निसीहियासु तहा तहा णं ते पोग्गला परिणमंति, नत्थि अचेयकडा कम्मा समणाउसो!, आयंके से वहाए होति, संकप्पे से वहाए होति, मरणंते से वहाए होति तहा तहा णं ते पोग्गला परिणमंति, नत्थि अचेयकडा कम्मा समणाउसो!, से तेणट्ठेणं जाव–कम्मा कज्जंति; एवं नेरतियाण वि, एवं जाव–वेमाणियाणं। 'सेवं भंते! सेवं भंते'! त्ति जाव–विहरति।**

**सोलसमे सए बीओ उद्देसो समत्तो।**

कृत होय छे पण अचैतन्यकृत नथी होता. [प्र०] हे भगवन्! तेनुं शुं कारण छे के 'जीवोना कर्मो चैतन्यकृत होय छे पण अचैतन्यकृत नथी होता'? [उ०] हे गौतम! *जीवोए ज आहाररूपे, शरीररूपे अने कलेवररूपे उपचित (संचित) करेला पुद्गलो ते ते रूपे परिणमे छे, माटे हे आयुष्मन् श्रमण! ‡अचैतन्यकृत कर्मो नथी. तथा दुःस्थानरूपे, दुःशय्यारूपे, अने दुर्निषद्यारूपे ते ते पुद्गलो परिणमे छे माटे हे आयुष्मन् श्रमण! अचैतन्यकृत कर्मपुद्गलो नथी. तथा ते आतंकरूपे परिणमी जीवना वध माटे थाय छे, संकल्परूपे परिणमी जीवना वध माटे थाय छे अने मरणांतरूपे परिणमी जीवना वध माटे थाय छे माटे हे आयुष्मन् श्रमण! कर्म पुद्गलो अचैतन्यकृत नथी. ते कारणथी यावत्–जीवोना कर्मो अचैतन्यकृत नथी. ए प्रमाणे नैरयिको संबंधे अने यावत्–वैमानिको संबंधे पण जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'–एम कही यावद् विहरे छे.

कर्मो चैतन्यकृत छे तेना कारणो.

**सोळमा शतकमां द्वितीय उद्देशक समाप्त.**

## तईओ उद्देसो.

**१. [प्र०] रायगिहे जाव–एवं वयासी–कति णं भंते! कम्मपयडीओ पण्णत्ताओ? [उ०] गोयमा! अट्ठ कम्मपयडीओ पण्णत्ताओ, तंजहा–१ नाणावरणिज्जं, जाव–८ अंतराइयं, एवं जाव–वेमाणियाणं।**

**२. [प्र०] जीवे णं भंते! नाणावरणिज्जं कम्मं वेदेमाणे कति कम्मपगडीओ वेदेति? [उ०] गोयमा! अट्ठ कम्मप्पग-**

## तृतीय उद्देशक.

१. [प्र०] राजगृहमां [भगवान् गौतम] यावत्–आ प्रमाणे बोल्या के–हे भगवन्! केटली कर्मप्रकृतिओ कही छे? [उ०] हे गौतम! आठ कर्मप्रकृतिओ कही छे. ते आ प्रमाणे–१ ज्ञानावरणीय, यावत्–८ अंतराय. ए प्रमाणे यावत्–वैमानिको सुधी जाणवुं.

कर्मप्रकृति.

२. [प्र०] हे भगवन्! ज्ञानावरणीय कर्मने वेदतो जीव बीजी केटली कर्मप्रकृतिओ वेदे छे? [उ०] हे गौतम! आठे कर्मप्रकृतिओने वेदे छे. ए प्रमाणे अहीं प्रज्ञापनासूत्रमां कहेल †'वेदावेद' नामनो समग्र उद्देशक कहेवो. तथा तेज प्रकारे ‡'वेदाबंध' नामनो

ज्ञानावरणीयने वेदतो जीव केटली कर्मप्रकृतिओने वेदे?

---

१० * जेम जीवोए आहारादिरूपे संचित करेला पुद्गलो आहारादिरूपे परिणमे छे, तेम कर्मपुद्गलरूपे संचित करेला पुद्गलो जीवोने ते ते रूपे परिणमे छे. तथा ते (कर्मपुद्गलो) टाढ, तडको, डांस, मच्छर वगेरे युक्त स्थानमां, दुःखोत्पादक वसतिमां अने दुःखकारक स्वाध्यायभूमिमां दुःखोत्पादकरूपे परिणमे छे, जीवोने ज दुःखनो संभव होवाथी दुःख हेतुभूत कर्मो तेणेज कर्या छे. वळी ते (कर्मपुद्गलो) आतंक–रोगरूपे, संकल्प–भयादिविकल्परूपे अने मरणान्त उपघातरूपे अर्थात् रोगादिजनक असातवेदनीयरूपे परिणमे छे अने ते वधना हेतुभूत थाय छे, अने वध जीवनो ज थतो होवाथी वधना हेतुरूप असातवेदनीय पुद्गलो जीवकृत छे, माटे 'चैतन्यकृत कर्मो होय छे' एम कह्युं छे.

२ * 'ज्ञानावरणीयादि आठ कर्ममांनी कोइ पण एक प्रकृतिने वेदतो बीजी केटली प्रकृतिओने वेदे'–ए विचार वेदावेद पदमां छे. ज्ञानावरणीय कर्मने वेदतो आठ कर्मप्रकृतिने वेदे. ज्यारे मोहनीय कर्मनो क्षय थाय त्यारे ते सिवाय सात कर्म प्रकृतिओने वेदे. जेम सामान्य जीवने आश्रयी कह्युं तेम मनुष्यदंडकने आश्रयी जाणवुं. नारकथी मांडी वैमानिक सुधी कोइ पण कर्मने वेदतो आठ ज कर्म प्रकृतिओ वेदे. जुओ प्रज्ञा० पद २७ प० ४९७.

† वेदाबंधपदमां कोइ पण एक कर्मप्रकृतिने वेदतो केटली प्रकृतिओने बांधे एवुं प्रतिपादन करेलुं छे. जीव ज्ञानावरणीय कर्मने वेदतो सात, आठ, छ अने एक कर्मप्रकृति बांधे. आयुषनो बन्ध करे त्यारे आठ प्रकृतिओनो बन्ध करे. आयुष न बांधे त्यारे ते सिवाय सात प्रकृतिओ बांधे. सूक्ष्मसंपराय गुणस्थानके आयुष अने मोहनीय सिवाय छ कर्म प्रकृतिओ बांधे. अने उपशान्तमोहादि गुणस्थानके एक वेदनीय कर्मने बांधे. जुओ–प्रज्ञा० पद २६ प० ४९५.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

डीओ–एवं जहा पन्नवणाए वेदावेउद्देसओ सो चेव निरवसेसो भाणियव्वो । वेदाबंधो वि तहेव, बंधावेदो वि तहेव, बंधाबंधो वि तहेव भाणियव्वो जाव–वेमाणियाणं ति । 'सेवं भंते ! सेवं भंते' ! त्ति जाव–विहरति ।

उद्देशक पण कहेवो. तेवी ज रीते *'बंधावेद' नामनो तथा †'बंधाबंध' नामनो उद्देशक पण कहेवो. ए प्रमाणे यावद्–वैमानिको सुधी जाणवुं. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'–एम कही यावद्–विहरे छे.

---

* बन्धावेद पदमां 'कोइ पण एक कर्मप्रकृतिने बांधतो केटली प्रकृतिओने वेदे' एवुं प्रतिपादन करेलुं छे. जीव ज्ञानावरणीय कर्म बांधतो अवश्य आठ प्रकृतिओ वेदे. जुओ प्रज्ञा० पद २५ प० ४९४.

† बन्धाबन्ध पदमां 'कोइ पण एक प्रकृतिने बांधतो जीव बीजी केटली प्रकृतिओ बांधे' एवुं प्रतिपादन करेलुं छे. जीव ज्ञानावरणीय कर्म बांधतो सात, आठ अने छ प्रकृतिओ बांधे. आयुष न बांधे त्यारे ते सिवाय सात, आयुषसहित आठ अने मोहनीय अने आयुष विना छ प्रकृतिओ बांधे. जुओ–प्रज्ञा० पद २४ प० ४९१.

'ज्ञानावरणादि एक प्रकृतिना उदयमां अन्य केटली प्रकृतिओनो उदय होय' ते सूचित करनार 'वेदावेद' यन्त्र.

| एक प्रकृतिनो उदय. | अन्य प्रकृतिओनो उदय. | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ज्ञाना० | दर्श० | वेद० | मोह० | आयुष | नाम | गोत्र | अन्तराय |
| ज्ञानावरण. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| दर्शनावरण. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| वेदनीय. | १–० | १–० | १ | १–० | १ | १ | १ | १–० |
| मोहनीय. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| आयुष. | १–० | १–० | १ | १–० | १ | १ | १ | १–० |
| नाम. | १–० | १–० | १ | १–० | १ | १ | १ | १–० |
| गोत्र. | १–० | १–० | १ | १–० | १ | १ | १ | १–० |
| अन्तराय. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |

ज्ञानावरणादि एक प्रकृतिना उदयमां अन्य केटली प्रकृतिओनो बन्ध होय ते सूचित करनार 'वेदाबन्ध' यन्त्र.

| एक प्रकृतिनो उदय. | अन्य प्रकृतिओनो बन्ध. | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ज्ञाना० | दर्श० | वेद० | मोह० | आयु० | नाम | गोत्र | अन्त० |
| ज्ञानावरण. | १–० | १–० | १ | १–० | १–० | १–० | १–० | १–० |
| दर्शनावरण. | १–० | १–० | १ | १–० | १–० | १–० | १–० | १–० |
| वेदनीय. | १–० | १–० | १–० | १–० | १–० | १–० | १–० | १–० |
| मोहनीय. | १ | १ | १ | १ | १–० | १ | १ | १ |
| आयुष. | १–० | १–० | १–० | १–० | १–० | १–० | १–० | १–० |
| नाम. | १–० | १–० | १–० | १–० | १–० | १–० | १–० | १–० |
| गोत्र. | १–० | १–० | १–० | १–० | १–० | १–० | १–० | १–० |
| अन्तराय. | १–० | १–० | १ | १–० | १–० | १–० | १–० | १–० |

ज्ञानावरणादि एक प्रकृतिना बन्धमां अन्य केटली प्रकृतिओनो उदय होय ते सूचित करनार 'बन्धावेद' यन्त्र.

| एक प्रकृतिनो बन्ध. | अन्य प्रकृतिनो उदय. | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ज्ञाना० | दर्श० | वेद० | मोह० | आयु० | नाम० | गोत्र० | अन्त० |
| ज्ञानावरण. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| दर्शनावरण. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| वेदनीय. | १–० | १–० | १–० | १–० | १–० | १ | १ | १–० |
| मोहनीय. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| आयुष. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| नाम. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| गोत्र. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| अन्तराय. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |

ज्ञानावरणादि एक प्रकृतिना बन्धमां अन्य केटली प्रकृतिओनो बन्ध होय ते सूचित करनार 'बन्धाबन्ध' यन्त्र.

| एक प्रकृतिनो बन्ध. | अन्य प्रकृतिओनो बन्ध. | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ज्ञाना० | दर्श० | वेद० | मोह० | आयु० | नाम० | गोत्र० | अन्त |
| ज्ञानावरण. | १ | १ | १ | १ | १–० | १ | १ | १ |
| दर्शनावरण. | १ | १ | १ | १ | १–० | १ | १ | १ |
| वेदनीय. | १–० | १–० | १– | १– | १–० | १–० | १–० | १–० |
| मोहनीय. | १ | १ | १ | १ | १–० | १ | १ | १ |
| आयुष. | १ | १ | १ | १ | १ | १ | १ | १ |
| नाम. | १ | १ | १ | १–० | १–० | १ | १ | १ |
| गोत्र. | १ | १ | १ | १–० | १–० | १ | १ | १ |
| अन्तराय. | १ | १ | १ | १ | १–० | १ | १ | १ |

सूचना—आ यन्त्रोमां ज्यां ज्यां एक अंक अने शून्य साथे आवेलां छे त्यां त्यां ते ते प्रकृतिना उदयादिक विकल्पे समजवा.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. तए णं समणे भगवं महावीरे अन्नदा कदायि रायगिहाओ नगराओ गुणसिलाओ चेइयाओ पडिनिक्खमति, २–मित्ता बहिया जणवयविहारं विहरति । तेणं कालेणं तेणं समएणं उल्लुयतीरे नामं नगरे होत्था, वन्नओ । तस्स णं उल्लुयतीरस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसिभाए एत्थ णं एगजंबूए नामं चेइए होत्था, वन्नओ । तए णं समणे भगवं महावीरे अन्नदा कदायि पुव्वाणुपुव्विं चरमाणे जाव–एगजंबूए समोसढे । जाव–परिसा पडिगया । 'भंते'त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी–

४. [प्र०] अणगारस्स णं भंते ! भावियप्पणो छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं जाव–आयावेमाणस्स तस्स णं पुरच्छिमेणं अवड्ढं दिवसं नो कप्पति हत्थं वा पादं वा जाव–ऊरुं वा आउट्टावेत्तए वा पसारेत्तए वा, पच्चच्छिमेणं से अवड्ढं दिवसं कप्पति हत्थं वा पादं वा जाव–ऊरुं वा आउंटावेत्तए वा पसारेत्तए वा । तस्स णं अंसियाओ लंबंति, तं चेव वेज्जे अदक्खु, ईसिं पाडेति, ईसिं पाडेत्ता अंसियाओ छिंदेज्जा, से नूणं भंते ! जे छिंदति तस्स किरिया कज्जति, जस्स छिज्जति नो तस्स किरिया कज्जइ णण्णत्थेगेणं धम्मंतराइएणं ? [उ०] हंता गोयमा ! जे छिंदति जाव–धम्मंतराइएणं । 'सेवं भंते ! सेवं भंते' त्ति ।

## सोलसमे सए तईओ उद्देसो समत्तो ।

३. त्यारबाद श्रमण भगवंत महावीरे अन्य कोई दिवसे राजगृह नगरना गुणसिलक चैत्यथी नीकळी बहारना बीजा देशोमां विहार कर्यो. ते काळे ते समये उल्लुकतीर नामनुं नगर हतुं. वर्णक. ते उल्लुकतीर नामना नगरनी बहार ईशान कोणमां एकजंबूक नामनुं चैत्य हतुं. वर्णक. त्यार पछी अनुक्रमे विचरता श्रमण भगवंत महावीर अन्य कोई दिवसे एकजंबूनामक चैत्यमां समोसर्या, यावत्–सभा पाछी गइ. त्यार पछी 'भगवन्' ! एम कही भगवंत गौतम श्रमण भगवंत महावीरने वांदी नमी आ प्रमाणे बोल्या– उल्लुकतीर.

४. [प्र०] हे भगवन् ! *छट्ठ छट्ठना तपपूर्वक यावत्–निरंतर आतापना लेता भावितात्मा एवा अनगारने दिवसना पूर्वार्ध भागमां पोताना हाथ, पग, यावत्–उरु–साथळने संकोचवा के पहोळा करवा कल्पता नथी, अने दिवसना पश्चिमार्ध भागमां पोताना हाथ, पग, यावत्–उरुने संकोचवा अने पोहळा करवा कल्पे छे. हवे [कायोत्सर्गमां रहेला] एवा ते अनगारने [नासिकामां] अर्शो लटकता होय अने ते अर्शोने कोई वैद्य जुए, जोईने ते अर्शोने कापवाने ते ऋषिने भूमि उपर सूवाडीने तेना अर्शो कापे तो हे भगवन् ! ते कापनार वैद्यने क्रिया लागे के जेना अर्शो कपाय छे तेने धर्मांतराय रूप क्रिया सिवाय बीजी पण क्रिया लागे ? [उ०] हे गौतम ! हा, जे कापे छे, तेने [शुभ] क्रिया लागे छे, अने जेना अर्शो कपाय छे तेने धर्मांतराय सिवाय बीजी क्रिया नथी लागती. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे. कायोत्सर्गमां रहेला मुनिना अर्शने कापनार वैद्य अने मुनिने क्रिया लागेके नहि ?

## सोळमा शतकमां तृतीय उद्देशक समाप्त.

---

## चउत्थो उद्देसो.

१. [प्र०] रायगिहे जाव–एवं वयासी–जावतियं णं भंते ! अन्नगिलायए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया णं वासेण वा वासेहिं वा (वाससएण वा) वाससएहिं[1] वा खवंति ? [उ०] णो तिणट्ठे समट्ठे ।

## चतुर्थ उद्देशक.

१. [प्र०] राजगृहमां यावत्–आ प्रमाणे बोल्या के–हे भगवन् ! अन्नग्लायक (अन्न विना ग्लान थएलो–नित्यभोजी) श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां एक वरसे, अनेक वरसे के सो वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ–यथार्थ नथी. नित्यभोजी श्रमण सो वरसे नैरयिको जेटली कर्मनी निर्जरा करे ?

---

४ * कायोत्सर्गना अभिग्रहवाळा अने निरन्तर छट्ठना तपपूर्वक आतापना लेता भावितात्मा साधुने कायोत्सर्गमां रहेला होवाथी दिवसना पूर्व भागमां हस्तादि अवयवो संकोच करवा के पहोळा करवा न कल्पे, अने दिवसना पश्चिम भागमां कायोत्सर्ग नहि होवाथी हस्तादि अवयवो संकुचित के पहोळा करवा कल्पे. हवे कायोत्सर्गमां रहेला ते साधुने नासिकामां अर्श लटकता होय, तेने कोइ वैद्य जुए अने ते साधुने सूवाडी अर्शने कापे तो ते वैद्यने धर्मबुद्धि होवाथी सत्कार्यमां प्रवृत्तिरूप शुभ क्रिया होय, अने साधु निर्व्यापार होवाथी तेने शुभ क्रिया पण न होय, पण शुभध्यानना विच्छेदथी के अर्शछेदनुं अनुमोदन करवाथी तेने धर्मान्तराय होय–टीका.

१ 'वाससएहिं' इति पाठो न सम्यक् प्रतिभाति ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. [प्र०] जावतियं णं भंते ! चउत्थभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरइया वाससएणं वा वाससएहिं वा वाससहस्सेहिं वा खवयंति ? [उ०] णो तिणट्ठे समट्ठे ।

३. [प्र०] जावतियं णं भंते ! छट्ठभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरइया वाससहस्सेण वा वाससहस्सेहिं वा वाससयसहस्सेण वा खवयंति ? [उ०] णो तिणट्ठे समट्ठे ।

४. [प्र०] जावतियं णं भंते ! अट्ठमभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया वाससयसहस्सेण वा वाससयसहस्सेहिं वा वासकोडीए वा खवयंति ? [उ०] नो तिणट्ठे समट्ठे ।

५. [प्र०] जावतियं णं भंते ! दसमभत्तिए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया वासकोडीए वा वासकोडीहिं वा वासकोडाकोडीए वा खवयंति ? [उ०] नो तिणट्ठे समट्ठे ।

६. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–'जावतियं अन्नगिलातए समणे निग्गंथे कम्मं निज्जरेति एवतियं कम्मं नरएसु नेरतिया वासेण वा वासेहिं वा वाससएण वा नो खवयंति, जावतियं चउत्थभत्तिए–एवं तं चेव पुव्वभणियं उच्चारेयव्वं, जाव–वासकोडाकोडीए वा नो खवयंति' ? [उ०] गोयमा ! से जहानामए केइ पुरिसे जुन्ने जराजज्जरियदेहे सिढिलतयावलितरंगसंपिणद्धगत्ते पविरलपरिसडियदंतसेढी उण्हाभिहए तण्हाभिहए आउरे झुंझिए पिवासिए दुब्बले किलंते एगं महं कोसंबगंडियं सुक्कं जडिलं गंठिल्लं चिक्कणं वाइद्धं अपत्तियं मुंडेण परसुणा अवक्कमेज्जा, तए णं से पुरिसे महंताइं २ सद्दाइं करेइ, नो महंताइं २ दलाइं अवद्दालेइ, एवामेव गोयमा ! नेरइयाणं पावाइं कम्माइं गाढीकयाइं चिक्कणीकयाइं–एवं जहा छट्ठसए, जाव–नो महापज्जवसाणा भवंति । से जहानामए केइ पुरिसे अहिकरणिं आउडेमाणे महया० जाव–नो महापज्जवसाणा भवंति । से

चतुर्थ भक्तादि तप करनार श्रमण जेटली नैरयिको सहस्रो वरसे कर्मनी निर्जरा करे?

२. [प्र०] हे भगवन् ! चतुर्थभक्त (एक उपवास) करनार श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां सो वरसे, अनेक सो वरसे के हजार वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

३. [प्र०] हे भगवन् ! छट्ठ भक्त (बे उपवास) करी श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिको नरकमां एक हजार वरसे, अनेक हजार वरसे के एक लाख वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

४. [प्र०] हे भगवन् ! अष्टम भक्त (त्रण उपवास) करी श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिको नरकमां एक लाख वरसे, अनेक लाख वरसे के एक क्रोड वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

५. [प्र०] हे भगवन् ! दशम भक्त (चार उपवास) करनारो श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां एक क्रोड वरसे, अनेक क्रोड वरसे के कोटाकोटी वरसे खपावे ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

श्रमणने अधिक कर्मक्षय थवानुं कारण.

६. [प्र०] हे भगवन् ! ए प्रमाणे आप शा हेतुथी कहो छो के 'अन्नग्लायक श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिक जीवो नरकमां एक वरसे, अनेक वरसे के एक सो वरसे पण न खपावे, अने चतुर्थभक्त करनार श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे तेटलुं कर्म नैरयिको नरकमां सो वरसे, अनेक सो वरसे के लाख वरसे न खपावे–इत्यादि बधुं पूर्व सूत्रनी पेठे कहेवुं, यावत्–कोटाकोटी वरसे न खपावे' ? [उ०] हे गौतम ! जेम कोई एक घरडो, घडपणथी जर्जरित शरीरवाळो, ढीला पडी गएला अने चामडीना वळीया वडे व्याप्त थयेला गात्रवाळो, थोडा अने पडी गयेला दांतवाळो, गरमीथी व्याकुळ थयेलो, तरसथी पीडाएल, दुःखी, भूख्यो तरस्यो, दुर्बल अने मानसिक क्लेशवाळो पुरुष होय अने ते एक मोटा कोशंब नामना वृक्षनी सूकी, वांकी चुंकी गांठोवाळी, चिकणी, वांकी अने निराधार रहेली गंडिका–गंडेरी उपर एक मुंड (बुट्ठा) परशु वडे प्रहार करे, तो ते पुरुष मोटा मोटा शब्दो (हुंकार) करे पण मोटा मोटा ककडा न करी शके. एज प्रमाणे हे गौतम ! नैरयिकोए पोताना पाप कर्मो गाढ कर्यां छे, चिकणा कर्यां छे–इत्यादि बधुं *छठ्ठा शतकमां कह्या प्रमाणे कहेवुं. यावत्–तेथी ते नैरयिको [ अत्यन्त वेदनाने वेदता छतां पण महानिर्जरावाळा अने ] निर्वाणरूप फळवाळा थता नथी. वळी जेम कोई एक पुरुष एरण उपर घण मारतो मोटा शब्द करे [ परन्तु ते एरणना स्थूल पुद्गलोने तोडवाने समर्थ थतो नथी, ए प्रमाणे नैरयिको गाढ कर्मवाळा होय छे, तेथी तेओ ] यावत्–महापर्यवसानवाळा नथी. तथा जेम कोई एक तरुण, बलवान्, यावत्–मेधावी अने निपुण कारीगर पुरुष एक मोटा शिमळाना वृक्षनी लीली, जटाविनानी, गांठो विनानी, चिकाश विनानी, सीधी अने आधारवाळी गंडिका उपर तीक्ष्ण कुहाडावडे प्रहार करे तो ते पुरुष मोटा मोटा शब्दो करतो नथी पण मोटा मोटा दळने फाडे छे, एज प्रमाणे हे गौतम ! जे श्रमण निर्ग्रंथोए पोताना

---

१ 'सहस्सेण वा' इति पाठो कपुस्तके एव उपलभ्यते परं समीचीनः, 'वाससहस्सेहिं' इति पाठस्तु न सम्यक् प्रतीयते ।

६ * भग० खं० २ श० ६ उ० १ पृ० २५६.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहानामए केइ पुरिसे तरुणे बलवं जाव–मेहावी निउणसिप्पोवगए एगं महं सामलिगंडियं उल्लं अजडिलं अगंठिल्लं अचिक्कणं अवाइद्धं सपत्तियं तिक्खेण परसुणा अक्कमेज्जा, तए णं से णं पुरिसे नो महंताइं २ सद्दाइं करेति, महंताइं २ दलाई अवद्दालेति, एवामेव गोयमा! समणाणं निग्गंथाणं अहाबादराइं कम्माइं सिढिलीकयाइं णिट्ठियाइं कयाइं, जाव–खिप्पामेव परिविद्धत्थाइं भवंति जावतियं तावतियं जाव–महापज्जवसाणा भवंति। से जहा वा केइ पुरिसे सुक्कतणहत्थगं जायतेयंसि पक्खिवेज्जा–एवं जहा छट्ठसए तहा अयोकवल्ले वि, जाव–महापज्जवसाणा भवंति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–'जावतियं अन्नइलायए समणे निग्गंथे कम्मं निज्जरेति–तं चेव जाव–वासकोडाकोडीए वा नो खवयंति। 'सेवं भंते! सेवं भंते'! त्ति जाव–विहरइ।

## सोलसमे सए चउत्थो उद्देसो समत्तो।

कर्मोने यथास्थूल, शिथिल यावत्–निष्ठित करेलां छे, यावत्–ते कर्मो शीघ्र ज नाश पामे छे अने यावत्–तेओ (श्रमणो) महापर्यवसानवाळा थाय छे. वळी जेम कोइ एक पुरुष सूका घासना पूळाने यावत्–अग्निमां फेंके [अने ते शीघ्र बळी जाय ए प्रमाणे श्रमण निर्ग्रन्थोना यथा बादर कर्मो शीघ्र नाश पामे छे.] तथा पाणीना टीपाने तपावेल लोढाना कढायामां नाखे तो ते जल्दी नाश पामे ए प्रमाणे श्रमण निर्ग्रन्थना कर्म शीघ्र विध्वस्त थाय छे–इत्यादि बधुं *छट्ठा शतकनी पेठे कहेवुं, यावत्–तेओ महापर्यवसानवाळा थाय छे. माटे हे गौतम! ते हेतुथी एम कह्युं छे के 'अन्नग्लायक श्रमण निर्ग्रंथ जेटलुं कर्म खपावे'–इत्यादि बधुं पूर्व प्रमाणेज कहेवुं–यावत् तेटलुं कर्म कोटाकोटी वरसे पण नैरयिक जीव न खपावे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे–' एम कही यावद्–विहरे छे.

## सोळमा शतकमां चतुर्थ उद्देशक समाप्त.

## पंचमो उद्देसो.

१. तेणं कालेणं तेणं समएणं उल्लुयतीरे नामं नगरे होत्था, वन्नओ। एगजंबूए चेइए, वन्नओ। तेणं कालेणं तेणं समएणं सामी समोसढे। जाव–परिसा पज्जुवासति। तेणं कालेणं तेणं समएणं सक्के देविंदे देवराया वज्जपाणी–एवं जहेव बितियउद्देसए तहेव दिव्वेणं जाणविमाणेणं आगओ, जाव–जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, २ जाव–नमंसित्ता एवं वयासी–[प्र] देवे णं भंते! महड्ढिए जाव–महेसक्खे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू आगमित्तए? [उ०] नो तिणट्ठे समट्ठे। देवे णं भंते! महड्ढिए जाव–महेसक्खे बाहिरए पोग्गले परियाइत्ता पभू आगमित्तए? [उ०] हंता पभू। [प्र०] देवे णं भंते! महड्ढिए० एवं एएणं अभिलावेणं २ गमित्तए, एवं ३ भासित्तए वा, वागरित्तए वा, ४ उम्मिसावेत्तए वा निमिसावेत्तए वा, ५ आउट्टावेत्तए वा पसारेत्तए वा, ६ ठाणं वा सेज्जं वा निसीहियं वा चेइत्तए वा, एवं ७ विउव्वित्तए वा, एवं ८ परियारावेत्तए वा जाव–हंता पभू। इमाइं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ, इमाइं० २ पुच्छित्ता संभंतियवंदणएणं वंदति, संभंतिय० २ वंदित्ता तमेव दिव्वं जाणविमाणं दुरूहति, दुरूहित्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए।

## पंचम उद्देशक.

१. ते काळे, ते समये उल्लुकतीर नामनुं नगर हतुं. वर्णक. एकजंबूक नामनुं चैत्य हतुं. वर्णक. ते काळे ते समये स्वामी समोसर्या. यावत्–सभा पर्युपासना करे छे. ते काळे ते समये शक्र देवेन्द्र देवराज वज्रपाणि–इत्यादि जेम बीजा उद्देशकमां कहेवामां आव्युं छे तेम दिव्य विमान वडे अहीं आव्यो, अने यावत्–जे तरफ श्रमण भगवंत महावीर हता ते तरफ जइ यावत्–नमी आ प्रमाणे बोल्यो[१] [प्र०] हे भगवन्! मोटी ऋद्धिवाळो यावत्–मोटा सुखवाळो देव बहारना पुद्गलोने ग्रहण कर्या सिवाय अहीं आववा समर्थ छे? [उ०] हे शक्र! ना, ए अर्थ समर्थ नथी. [प्र०] हे भगवन्! मोटी ऋद्धिवाळो यावत्–मोटा सुखवाळो देव बहारना पुद्गलोने ग्रहण करीने अहीं आववा समर्थ छे? [उ०] हे शक्र! हा समर्थ छे. हे भगवन्! मोटी ऋद्धिवाळो देव यावत्–एज प्रमाणे बहारना पुद्गलोने ग्रहण करीने १ जवाने, २ बोलवाने, ३ उत्तर देवाने, ४ आंख उघाडवाने के आंख मींचवाने, ५ शरीरना अवयवोने संकोचवाने के पहोळां करवाने, ६ स्थान शय्या के निषद्या–स्वाध्यायभूमिने भोगववाने, ७ विकुर्ववाने अने ८ परिचारणा–विषयोपभोग करवाने समर्थ छे? [उ०] हा यावत्–समर्थ छे. ते देवेन्द्र देवराज पूर्वोक्त संक्षिप्त आठ प्रश्नो पूछी अने उत्सुकता–उतावळ पूर्वक भगवंत महावीरने वांदी तेज दिव्य विमान उपर चढी ज्यांथी आव्यो हतो त्यां ते पाछो चाल्यो गयो.

उल्लुकतीर नगर. एकजंबूक चैत्य.

देव बाह्य पुद्गलोने ग्रहण कर्या सिवाय अहिं आववा समर्थ छे?

बाह्य पुद्गलोने ग्रहण करीने अहिं आववा समर्थ छे?

बाह्य पुद्गलोने ग्रहण करीने बोलवा वगेरे क्रिया करवा समर्थ छे?

६ * भग० खं० २ श० ६ उ० १ पृ० २५६–२५७.

१ † भग० खं० ४ श० १६ उ० २ पृ० ५.

† सर्व संसारी जीवो बाह्य पुद्गलोने ग्रहण कर्या सिवाय कांइ पण क्रिया करी शकता नथी, परन्तु 'महर्द्धिक देव समर्थ होवाथी कदाच बाह्य पुद्गलोने ग्रहण कर्या सिवाय गमनादि क्रिया करे' एवी संभावनाथी शक्र आ प्रश्न पूछे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. [प्र०] 'भंते' त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वयासी–अन्नदा णं भंते! सक्के देविंदे देवराया देवाणुप्पियं वंदति, नमंसति, सक्कारेति, जाव–पज्जुवासति, किण्णं भंते! अज्ज सक्के देविंदे देवराया देवाणुप्पियं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ, २–च्छित्ता संभंतियवंदणएणं वंदति णमंसति, २ जाव–पडिगए? [उ०] 'गोयमा'दि समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी–एवं खलु गोयमा! तेणं कालेणं तेणं समएणं महासुक्के कप्पे महासामाणे विमाणे दो देवा महड्ढिया जाव–महेसक्खा एगविमाणंसि देवत्ताए उववन्ना, तं जहा–मायिमिच्छदिट्ठिउववन्नए य, अमायिसम्मदिट्ठिउववन्नए य। तए णं से मायिमिच्छादिट्ठिउववन्नए देवे तं अमायिसम्मदिट्ठिउववन्नगं देवं एवं वयासी–'परिणममाणा पोग्गला नो परिणया, अपरिणया; परिणमंतीति पोग्गला नो परिणया, अपरिणया'। तए णं से अमायिसम्मदिट्ठीउववन्नए देवे तं मायिमिच्छदिट्ठीउववन्नगं देवं एवं वयासी–'परिणममाणा पोग्गला परिणया नो अपरिणया, परिणमंतीति पोग्गला परिणया, नो अपरिणया'। तं मायिमिच्छदिट्ठीउववन्नगं एवं पडिहणइ, एवं पडिहणित्ता ओहिं पउंजइ, ओहिं पउंजित्ता ममं ओहिणा आभोएइ, ममं आभोएत्ता अयमेयारूवे जाव–समुप्पज्जित्था–'एवं खलु समणे भगवं महावीरे जंबुद्दीवे दीवे, जेणेव भारहे वासे, जेणेव उल्लुयतीरे नगरे, जेणेव एगजंबुए चेइए अहापडिरूवं जाव–विहरति, तं सेयं खलु मे समणं भगवं महावीरं वंदित्ता जाव–पज्जुवासित्ता इमं एयारूवं वागरणं पुच्छित्तए'त्ति कट्टु एवं संपेहेइ, एवं संपेहित्ता चउहिं सामाणियसाहस्सीहिं० परियारो जहा सूरियाभस्स, जाव–निग्घोसनाइयरवेणं जेणेव जंबुद्दीवे दीवे जेणेव भारहे वासे, जेणेव उल्लुयतीरे नगरे, जेणेव एगजंबुए चेइए, जेणेव ममं अंतियं तेणेव पहारेत्थ गमणाए। तए णं से सक्के देविंदे देवराया तस्स देवस्स तं दिव्वं देविड्ढिं दिव्वं देवज्जुतिं दिव्वं देवाणुभागं दिव्वं तेयलेस्सं असहमाणे ममं अट्ठ उक्खित्तपसिणवागरणाइं पुच्छइ, २ संभंतिय० जाव–पडिगए।

शक्रनुं उत्सुकतापूर्वक वांदीने जवानुं कारण.

२. [प्र०] 'भगवन्'! एम कही पूज्य गौतम श्रमण भगवंत महावीरने वांदी, नमी आ प्रमाणे बोल्या के–हे भगवन्! अन्य दिवसे देवेन्द्र देवराज शक्र देवानुप्रिय आपने वंदन, नमन, सत्कार यावत्–पर्युपासना करे छे, पण हे भगवन्! आजे तो ते शक्र देवेन्द्र देवराज देवानुप्रिय एवा आपने संक्षिप्त आठ प्रश्नो पूछी अने उत्सुकतापूर्वक वांदी नमी यावत्–केम चाल्यो गयो? [उ०] 'हे गौतम'! एम कही, श्रमण भगवंत महावीरे भगवंत गौतमने आ प्रमाणे कह्युं–हे गौतम! ए प्रमाणे खरेखर ते काळे ते समये महाशुक्र कल्पना महासामान्य नामना विमानमां मोटी ऋद्धिवाळा, यावत्–मोटा सुखवाळा बे देवो एकज विमानमां देवपणे उत्पन्न थया, तेमां एक मायी मिथ्यादृष्टिरूपे उत्पन्न थयो अने एक अमायी सम्यग्दृष्टिरूपे उत्पन्न थयो. त्यार पछी उत्पन्न थयेला ते मायिमिथ्यादृष्टि देवे उत्पन्न थयेला अमायिसम्यग्दृष्टि देवने आ प्रमाणे कह्युं के–*परिणाम पामता पुद्गलो 'परिणत' न कहेवाय, पण 'अपरिणत' कहेवाय. कारण के [हजी] ते परिणमे छे माटे ते परिणत नथी, पण 'अपरिणत' छे. त्यारबाद उत्पन्न थयेला ते अमायी सम्यग्दृष्टि देवे उत्पन्न थयेला ते मायी मिथ्यादृष्टि देवने कह्युं के, परिणाम पामता पुद्गलो 'परिणत' कहेवाय, पण 'अपरिणत' न कहेवाय, कारण के ते परिणमे छे माटे ते परिणत कहेवाय, पण 'अपरिणत' न कहेवाय. ए प्रमाणे कही उत्पन्न थयेला ते अमायिसम्यग्दृष्टि देवे उत्पन्न थयेला मायिमिथ्यादृष्टि देवनो पराभव कर्यो. त्यार पछी तेणे (सम्यग्दृष्टि देवे) अवधिज्ञाननो उपयोग कर्यो, अने अवधिद्वारा मने जोईने ते सम्यग्दृष्टि देवने आ प्रकारनो संकल्प उत्पन्न थयो के जंबूद्वीपमां भारतवर्षमां ज्यां उल्लुकतीर नामनुं नगर छे, अने ते नगरमां ज्यां एकजंबूक नामनुं चैत्य छे, त्यां श्रमण भगवंत महावीर यथायोग्य अवग्रह लईने विहरे छे, तो त्यां जई ते श्रमण भगवंत महावीरने वांदी यावत्–पर्युपासी आ प्रकारनो प्रश्न पूछवो ए मारे माटे श्रेयरूप छे, एम विचारी चार हजार सामानिक देवोना परिवार साथे–जेम †सूर्याभ देवनो परिवार कह्यो छे तेम अहिं पण समजवुं–यावत्–निर्घोष नादित रवपूर्वक जे तरफ जंबूद्वीप छे, जे तरफ भारतवर्ष छे, जे तरफ उल्लुकतीर नामनुं नगर छे, अने जे तरफ एकजंबूक नामनुं चैत्य छे तथा ज्यां आगळ हुं विद्यमान छुं ते तरफ आववाने तेणे (सम्यग्दृष्टि देवे) विचार कर्यो. त्यारबाद ते देवेन्द्र देवराज शक्र मारी तरफ आवता ते देवनी तेवा प्रकारनी दिव्य देवर्धि, दिव्य देवद्युति, दिव्य देवप्रभाव अने दिव्य तेजोराशिने न सहन करतो आठ संक्षिप्त प्रश्नो पूछी अने उत्सुकतापूर्वक वांदी यावत्–चाल्यो गयो.

सम्यग्दृष्टि गंगदत्त देवनी उत्पत्ति अने तेनो मिथ्यादृष्टि देवनी साथे संवाद.

परिणाम पामतां पुद्गलो परिणत कहेवाय.

गंगदत्त देवनुं भगवंत पासे आगमन.

---

२ * 'परिणाम पामतां पुद्गलोने परिणत न कहेवा जोइए, कारण के वर्तमानकाळ अने भूतकाळनो परस्पर विरोध छे, तेथी ते अपरिणत कहेवाय, तेनो परिणाम चालु छे माटे ते परिणत न कहेवाय'–ए मिथ्यादृष्टिदेवनुं कथन छे. सम्यग्दृष्टि देव तेने एवो उत्तर आपे छे के परिणाम पामता पुद्गलो परिणत कहेवा जोइए, पण ते अपरिणत न कहेवाय, केमके परिणाम पामे छे एटले ते अमुक अंशे परिणत थया छे, पण सर्वथा अपरिणत नथी. 'परिणमे छे' एवुं कथन ते परिणामना सद्भावमां ज होइ शके, ते सिवाय न होइ शके. जो परिणामनो सद्भाव मानीए तो अमुक अंशे परिणतपणुं अवश्य मानवुं जोइए. जो अमुक अंशे परिणत छतां पण परिणतपणुं न मानवामां आवे तो सर्वदा परिणतपणानो अभाव थाय–टीका.

† जुओ रायपसेणीय पृ० १४–१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**३. जावं च णं समणे भगवं महावीरे भगवओ गोयमस्स एयमट्ठं परिकहेति तावं च णं से देवे तं देसं हव्व-मागए। तए णं से देवे समणं भगवं महावीरं तिक्खुत्तो वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वयासी–[प्र०] एवं खलु भंते! महासुक्के कप्पे महासमाणे विमाणे एगे मायिमिच्छदिट्ठिउववन्नए देवे ममं एवं वयासी–'परिणममाणा पोग्गला नो परि-णया, अपरिणया, परिणमंतीति पोग्गला नो परिणया, अपरिणया'। तए णं अहं तं मायिमिच्छदिट्ठिउववन्नगं देवं एवं वयासी–'परिणममाणा पोग्गला परिणया, नो अपरिणया; परिणमंतीति पोग्गला परिणया, णो अपरिणया, से कहमेयं भंते! एवं'? 'गंगदत्ता'दि समणे भगवं महावीरे गंगदत्तं देवं एवं वयासी–'अहं पि णं गंगदत्ता! एवमाइक्खामि ४–परिणममाणा पोग्गला जाव–नो अपरिणया, सच्चमेसे अट्ठे। तए णं से गंगदत्ते देवे समणस्स भगवओ महावीरस्स अंतियं एयमट्ठं सोच्चा निसम्म हट्ठ–तुट्ठ० समणं भगवं महावीरं वंदति, नमंसति, वंदित्ता नमंसित्ता नच्चासन्ने जाव–पज्जुवासति।**

**४. तए णं समणे भगवं महावीरे गंगदत्तस्स देवस्स तीसे य जाव–धम्मं परिकहेइ, जाव–आराहए भवति। तए णं से गंगदत्ते देवे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठे उट्ठाए उट्ठेति, उ० २ उट्ठेत्ता समणं भगवं महावीरं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वयासी–[प्र०] अहं णं भंते! गंगदत्ते देवे किं भवसिद्धिए, अभव-सिद्धिए? [उ०] एवं जहा सूरियाभो, जाव–बत्तीसतिविहं नट्टविहिं उवदंसेति, उवदंसेत्ता जाव–तामेव दिसं पडिगए।**

**५. [प्र०] 'भंते'त्ति भगवं गोयमे समणं भगवं महावीरं जाव–एवं वयासी–गंगदत्तस्स णं भंते! देवस्स सा दिव्वा देविड्ढी दिव्वा देवज्जुती जाव–अणुप्पविट्ठा? [उ०] गोयमा! सरीरं गया, सरीरं अणुप्पविट्ठा, कूडागारसालादिट्ठंतो, जाव–सरीरं अणुप्पविट्ठा। अहो णं भंते! गंगदत्ते देवे महिड्ढिए जाव–महेसक्खे।**

**६. [प्र०] गंगदत्तेणं भंते! देवेणं सा दिव्वा देविड्ढी दिव्वा देवज्जुती किण्णा लद्धा, जाव–गंगदत्तेणं देवेणं सा दिव्वा देविड्ढी जाव–अभिसमन्नागया? [उ०] 'गोयमा'दी समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी–एवं खलु गोयमा! तेणं**

३. जे वखते श्रमण भगवंत महावीर पूर्व प्रमाणेनी वात पूज्य गौतमने कही रह्या छे तेज वखते ते (सम्यग्दृष्टि देव) त्यां शीघ्र आव्यो अने पछी ते देवे श्रमण भगवंत महावीरने त्रण वार प्रदक्षिणा करी वांदी नमी आ प्रमाणे कह्युं के–[प्र०] हे भगवन्! महाशुक्र कल्प-मां महासामान्य नामना विमानमां उत्पन्न थएला मायी मिथ्यादृष्टि देवे मने आ प्रमाणे कह्युं के परिणाम पामतां पुद्गलो 'परिणत' न कहे-वाय, पण 'अपरिणत' कहेवाय. कारण के ते पुद्गलो हजी परिणमे छे माटे ते 'परिणत' न कहेवाय, पण 'अपरिणत' कहेवाय. पछी में ते मायी मिथ्यादृष्टि देवने आ प्रमाणे कह्युं के–परिणाम पामता पुद्गलो 'परिणत' कहेवाय, पण 'अपरिणत' न कहेवाय. कारण के ते पुद्गलो परिणमे छे, माटे ते 'अपरिणत' न कहेवाय, पण 'परिणत' कहेवाय. तो हे भगवन्! ए मारुं कथन केवुं छे? [उ०] 'गंगदत्त'! एम कही श्रमण भगवंत महावीरे ते गंगदत्त देवने आ प्रमाणे कह्युं के–हे गंगदत्त! हुं पण ए प्रमाणे कहुं छुं ४, के परिणाम पामता पुद्गलो यावत्–'अपरिणत' नथी पण 'परिणत' छे, अने ते अर्थ सत्य छे. त्यार पछी श्रमण भगवंत महावीर पासेथी ए वातने सांभळी अवधारी ते गंगदत्त देव हर्षवाळो अने संतोषवाळो थई श्रमण भगवंत महावीरने वांदी नमी बहु दूर नहि अने बहु नजीक नहीं एवी रीते पासे बेसी तेओनी पर्युपासना करे छे. गंगदत्तनो भग-वंतने प्रश्न.

४. पछी श्रमण भगवंत महावीरे ते गंगदत्त देवने अने ते मोटामां मोटी सभाने धर्मकथा कही, यावत्–ते आराधक थयो. पछी ते गंगदत्त देव श्रमण भगवंत महावीर पासेथी धर्मने सांभळी अवधारी हर्ष अने संतोषयुक्त थई उभो थयो, उभो थईने श्रमण भगवंत महावीरने वांदी, नमी आ प्रमाणे बोल्यो के—[प्र०] हे भगवंत! हुं गंगदत्त देव भवसिद्धिक छुं के अभवसिद्धिक छुं? [उ०] जेम *सूर्याभ देव संबन्धे कह्युं तेनी पेठे बधुं जाणवुं; यावत् ते गंगदत्त देव बत्रीस प्रकारना नाटक देखाडी ज्यांथी आव्यो हतो त्यां पाछो चाल्यो गयो. गंगदत्त देव भवसि-द्धिक छे के अभवसि-द्धिक छे इत्यादि प्रश्न.

५. [प्र०] 'हे भगवन्! एम कही पूज्य गौतमे श्रमण भगवंत महावीरने आ प्रमाणे कह्युं के–हे भगवन्! ए गंगदत्त देवनी ते दिव्य देवर्धि, दिव्य देवद्युति यावत्–क्यां गई? [उ०] हे गौतम! ते दिव्य देवर्धि ते गंगदत्त देवना शरीरमां गइ, अने शरीरमां अनुप्रविष्ट थई. आ स्थळे पूर्वोक्त †कूटागार शालानो दृष्टांत जाणवो. अने ते यावत्–'शरीरमां अनुप्रविष्ट थई'. हे भगवन्! ए गंगदत्त देव तो मोटी ऋद्धिवाळो यावत्–मोटा सुखवाळो छे. गंगदत्तनी दिव्य देवर्द्धि क्यां गई?

६. [प्र०] हे भगवन्! गंगदत्त देवे ते दिव्य देवर्धि अने दिव्य देवद्युति शाथी मेळवी, यावत्–दिव्य देवर्धि तेने शाथी अभिसमन्वा-गत–प्राप्त थई? [उ०] 'भो गौतम'! एम कही श्रमण भगवंत महावीरे पूज्य गौतमने आ प्रमाणे कह्युं के–हे गौतम! ते काळे ते समये आज

४ * रायपसेणीय प० ४४–१.

५ † जुओ रायपसेणीय प० ५६–२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे हत्थिणापुरे नामं नगरे होत्था, वन्नओ। सहसंबवणे उज्जाणे, वन्नओ। तत्थ णं हत्थिणापुरे नगरे गंगदत्ते नामं गाहावती परिवसति, अड्ढे जाव-अपरिभूए। तेणं कालेणं तेणं समएणं मुणिसुव्वए अरहा आदिगरे जाव-सव्वन्नू सव्वदरिसी आगासगएणं चक्केणं जाव-पकड्ढिज्जमाणेणं प० २ सीसगणसंपरिवुडे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं० जाव-जेणेव सहसंबवणे उज्जाणे जाव-विहरति। परिसा निग्गया, जाव-पज्जुवासति। तए णं से गंगदत्ते गाहावती इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठ- जाव- कयवलि- जाव-सरीरे साओ गिहाओ पडिनिक्खमति, पडिनिक्खमित्ता पायविहारचारेणं हत्थिणागपुरं नगरं मज्झंमज्झेणं निग्गच्छति, निग्गच्छित्ता जेणेव सहसंबवणे उज्जाणे जेणेव मुणिसुव्वए अरहा तेणेव उवागच्छइ, ते० २-गच्छित्ता मुणिसुव्वयं अरहं तिक्खुत्तो आयाहिण० जाव-तिविहाए पज्जुवासणाए पज्जुवासति।

७. तए णं मुणिसुव्वए अरहा गंगदत्तस्स गाहावतिस्स तीसे य महति० जाव-परिसा पडिगया। तए णं से गंगदत्ते गाहावती मुणिसुव्वयस्स अरहओ अंतियं धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठ० उट्ठाए उट्ठेति, उ० २-त्ता मुणिसुव्वयं अरहं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वयासी-सद्दहामि णं भंते! निग्गंथं पावयणं, जाव-से जहेयं तुज्झे वदह, जं नवरं देवाणुप्पिया! जेट्ठपुत्तं कुडुंबे ठावेमि, तए णं अहं देवाणुप्पियाणं अंतियं मुंडे जाव-पव्वयामि। अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं।

८. तए णं से गंगदत्ते गाहावई मुणिसुव्वएणं अरहया एवं वुत्ते समाणे हट्ठतुट्ठ० मुणिसुव्वयं अरहं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता मुणिसुव्वयस्स अरहओ अंतियाओ सहसंबवणाओ उज्जाणाओ पडिनिक्खमति, २-मित्ता, जेणेव हत्थिणापुरे नगरे जेणेव सए गिहे तेणेव उवागच्छति, ते० २-गच्छित्ता विउलं असणं पाणं जाव-उवक्खडावेति, उवक्खडावेत्ता मित्त-णाति-णियग० जाव-आमंतेति, आमंतेत्ता तओ पच्छा ण्हाए जहा पूरणे, जाव-जेट्ठपुत्तं कुडुंबे ठावेति। तं मित्त-णाति- जाव-जेट्ठपुत्तं च आपुच्छति, आपुच्छित्ता पुरिससहस्सवाहणिं सीयं दुरूहति, पुरिस० २ दुरूहित्ता मित्त-णाति-नियग० जाव-

हस्तिनापुर. सहस्राम्रवण. गंगदत्त गृहपति.

जंबूद्वीपमां, भारतवर्षमां हस्तिनापुर नामनुं नगर हतुं. वर्णन. त्यां सहस्राम्रवण नामनुं उद्यान हतुं. वर्णन. ते हस्तिनापुर नगरमां आढ्य, यावत्-अपरिभूत एवो गंगदत्त नामनो गृहपति रहेतो हतो. ते काळे, ते समये आदिकर, यावत्-सर्वज्ञ, सर्वदर्शी, आकाशगत चक्र-सहित, यावत्-देवोवडे खेंचाता धर्मध्वजयुक्त, शिष्यगणथी संपरिवृत थई पूर्वानुपूर्वी विचरता अने ग्रामानुग्राम विहरता यावत्-श्रीमुनिसुव्रत नामे अरहंत यावत्-जे तरफ सहस्राम्रवण नामनुं उद्यान हतुं त्यां आव्या अने यावत् विहरवा लाग्या. सभा वांदवा नीकळी अने यावत्-पर्युपासना करवा लागी. त्यारबाद ते गंगदत्त नामे गृहपति आवी रीते श्रीमुनिसुव्रत स्वामी आव्यानी वात सांभळी हर्षवाळो अने संतोषवाळो थई यावत्-बलिकर्म करी शरीरने शणगारी पोताना घरथी नीकळ्यो, नीकळी पगे चालीने हस्तिनापुर नगरनी वच्चोवच्च थई जे तरफ सहस्राम्रवण नामनुं उद्यान हतुं अने ज्यां श्रीमुनिसुव्रत अरहंत हता त्यां आवी मुनिसुव्रत अरहंतने त्रण वार प्रदक्षिणा करी, यावत्-त्रण प्रकारनी पर्युपासना वडे पर्युपासना करवा लाग्यो.

मुनिसुव्रत स्वामीनुं आगमन.

मुनिसुव्रत स्वामीनी देशना अने गंगदत्तने प्रतिबोध.

७. त्यार पछी ते श्रीमुनिसुव्रत स्वामीए ते गंगदत्त गृहपतिने तथा ते मोटी महासभाने धर्मकथा कही; यावत्-सभा पाछी गई. त्यार बाद ते गंगदत्त नामे गृहपति श्रीमुनिसुव्रत अरिहंत पासेथी धर्मने सांभळी, अवधारी हर्ष तथा संतोषयुक्त थई उभो थयो, उठीने श्रीमुनिसुव्रत स्वामीने वांदी, नमी आ प्रमाणे बोल्यो के हे भगवन्! हुं निर्ग्रंथना प्रवचनमां श्रद्धा करुं छुं, यावत्-आप जे प्रमाणे कहो छो ते तेमज मानुं छुं. विशेष ए के हे देवानुप्रिय! मारा मोटा पुत्रने कुटंबनो मुख्यभूत स्थापीने आप देवानुप्रियनी पासे मुंड थई यावत्-प्रव्रज्या लेवा इच्छुं छुं. [श्रीमुनिसुव्रत स्वामीए कह्युं के] हे देवानुप्रिय! जेम सुख थाय तेम कर, विलंब न कर.

गंगदत्तनी दीक्षा.

८. ज्यारे ते मुनिसुव्रत स्वामीए ते गंगदत्त नामे गृहपतिने ए प्रमाणे कह्युं त्यारे ते हर्षयुक्त अने संतोषयुक्त थई मुनिसुव्रत स्वामीने वांदी, नमी मुनिसुव्रत स्वामी पासेथी सहस्राम्रवण नामना उद्यानथी नीकळी जे तरफ हस्तिनापुर नगर छे अने ज्यां पोतानुं घर छे त्यां आव्यो. आवीने विपुल अशन, पान-यावत्-तैयार करावी पोताना मित्र, ज्ञाति स्वजन वगेरेने नोतर्या. पछी स्नान करी *पूरण शेठनी पेठे यावत्-पोताना मोटा पुत्रने कुटंबमां मुख्य तरीके स्थापी पोताना मित्र, ज्ञाति, स्वजन वगेरेने तथा मोटा पुत्रने पूछी हजार पुरुषवडे उपाडी शकाय तेवी शिबिकामां बेसी, पोताना मित्र, ज्ञाति, स्वजन यावत् परिवारवडे तथा मोटा पुत्रवडे अनुसरातो सर्व ऋद्धिसहित यावत्-वादित्रना थता घोषपूर्वक हस्तिनापुरनी वच्चोवच्च निकळी जे तरफ सहस्राम्रवण नामे उद्यान छे, ते तरफ आवी तीर्थंकरना छत्रादि अतिशय जोई यावत्-†उदायन राजानी पेठे यावत्-पोतानी मेळेज पोताना घरेणा उतार्या अने पोतानी मेळेज पंचमुष्टिक लोच कर्यो. त्यार बाद श्रीमुनिसुव्रत स्वामीनी पासे जई उदायन राजानी पेठे दीक्षा लीधी. यावत्-तेज प्रमाणे ते गंगदत्त अणगार अगीयार अंगो भण्यो, यावत्-एक

८ * भग० खं० २ श० ३ उ० २ पृ० ५४-५५. † भगवती खं० ३ श० १३ उ० ६ पृ० ३८२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परिजणेणं जेट्ठपुत्तेण य समणुगम्ममाणमग्गे सव्विड्ढीए जाव—णादितरवेणं हत्थिणागपुरं मज्झंमज्झेणं निग्गच्छइ, निग्गच्छित्ता जेणेव सहसंबवणे उज्जाणे तेणेव उवागच्छइ, ते० २—गच्छित्ता छत्तादिते तित्थगरातिसए पासति। एवं जहा उदायणो, जाव—सयमेव आभरणे ओमुयइ, स० २ ओमुइत्ता सयमेव पंचमुट्ठियं लोयं करेति, स० २ करेत्ता जेणेव मुणिसुव्वए अरहा एवं जहेव उदायणे तहेव पव्वइए, तहेव एक्कारस अंगाइं अहिज्जइ, जाव—मासियाए संलेहणाए सट्ठिं भत्ताइं अणसणाए जाव—छेदेति, सट्ठिं० २ छेदेत्ता आलोइय—पडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा महासुक्के कप्पे महासमाणे विमाणे उववायसभाए देवसयणिज्जंसि जाव—गंगदत्तदेवत्ताए उववन्ने। तए णं से गंगदत्ते देवे अहुणोववन्नमेत्तए समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्तभावं गच्छति, तंजहा—आहारपज्जत्तीए, जाव— भासा—मणपज्जत्तीए। एवं खलु गोयमा! गंगदत्तेणं देवेणं सा दिव्वा देविड्ढी जाव—अभिसमन्नागया।

९. [प्र०] गंगदत्तस्स णं भंते! केवतियं कालं ठिती पन्नत्ता? [उ०] गोयमा! सत्तरस सागरोवमाइं ठिती पन्नत्ता।

१०. [प्र०] गंगदत्ते णं भंते! देवे ताओ देवलोगाओ आउक्खएणं०? [उ०] जाव—महाविदेहे वासे सिज्झिहिति, जाव—अंतं काहिति। 'सेवं भंते! सेवं भंते'! त्ति।

## सोलसमे सए पंचमो उद्देसो समत्तो।

मासनी संलेखना वडे साठ भक्त—त्रीश दिवस अनशनपणे वीतावी आलोचन—प्रतिक्रमण करी समाधिपूर्वक मरणसमये मृत्यु प्राप्त करी ते महाशुक्र कल्पमां महासामान्य नामना विमानमां उपपात सभाना देवशयनीयमां यावत्—गंगदत्त देवपणे उत्पन्न थयो. पछी ते तुरतज उत्पन्न थएलो गंगदत्त देव पांच प्रकारनी पर्याप्तिवडे पर्याप्तपणाने पाम्यो. ते पर्याप्तिना पांच प्रकार आ प्रमाणे छे—आहारपर्याप्ति, यावत्—भाषा-मनःपर्याप्ति. ए प्रमाणे हे गौतम! ते गंगदत्त देवे ते दिव्य देवर्धि पूर्वोक्त कारणथी यावत्—प्राप्त करी छे. गंगदत्तनी महाशुक्र कल्पमां देवतरीके उत्पत्ति.

९. [प्र०] हे भगवन्! ते गंगदत्त देवनी स्थिति केटला काळनी कही छे? [उ०] हे गौतम! तेनी स्थिति सत्तर सागरोपमनी कही छे. गंगदत्त देवनी स्थिति.

१०. [प्र०] हे भगवन्! ते गंगदत्त देव तेना आयुषनो क्षय थया पछी ते देवलोकथी निकळी क्यां जशे? [उ०] हे गौतम! ते महाविदेह क्षेत्रमां सिद्ध थशे, यावत्—सर्व दुःखोनो नाश करशे. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' गंगदत्त देवलोकथी च्यवी क्यां जशे?

## सोळमा शतकमां पंचम उद्देशक समाप्त.

---

# छट्ठो उद्देसो.

**१. [प्र०] कतिविहे णं भंते! सुविणदंसणे पण्णत्ते? [उ०] गोयमा! पंचविहे सुविणदंसणे पण्णत्ते, तंजहा—१ अहातच्चे, २ पयाणे, ३ चिंतासुविणे, ४ तव्विवरीए, ५ अवत्तदंसणे।**

**२. [प्र०] सुत्ते णं भंते! सुविणं पासति, जागरे सुविणं पासति, सुत्तजागरे सुविणं पासति? [उ०] गोयमा! नो सुत्ते सुविणं पासइ, नो जागरे सुविणं पासइ, सुत्तजागरे सुविणं पासइ।**

## षष्ठ उद्देशक.

१. [प्र०] हे भगवान्! स्वप्नदर्शन केटला प्रकारनुं कह्युं छे? [उ०] हे गौतम! पांच प्रकारनुं स्वप्नदर्शन कह्युं छे. ते आ प्रमाणे—१ *यथातथ्य स्वप्नदर्शन, २ प्रतान स्वप्नदर्शन, ३ चिंता स्वप्नदर्शन, ४ तद्विपरीत स्वप्नदर्शन, अने ५ अव्यक्त स्वप्नदर्शन. स्वप्नदर्शन.

२. [प्र०] हे भगवन्! सूतेलो प्राणी स्वप्न जुए, जागतो प्राणी स्वप्न जुए के सूतो जागतो प्राणी स्वप्न जुए? [उ०] हे गौतम! सूतेलो प्राणी स्वप्न न जुए, जागतो प्राणी स्वप्न न जुए पण सूतो जागतो प्राणी स्वप्नने जुए. स्वप्न क्यारे जुए?

---

१ * सुती अवस्थामां कोइ पण अर्थना विकल्पनो अनुभव करवो ते स्वप्न, तेना पांच प्रकार छे—१ यथातथ्य—सत्य अथवा तात्त्विक. तेना दृष्टार्थाविसंवादी अने फलाविसंवादी एवा बे प्रकार छे. स्वप्नमां जोएला अर्थने अनुसारे जागृत अवस्थामां बनाव बने ते दृष्टार्थाविसंवादी. जेमके कोई माणस स्वप्नमां जुए के 'मने कोइए हाथमां फल आप्युं' अने ते जागीने तेज प्रमाणे जुए, स्वप्नना अनुसार जेनुं फळ अवश्य मळे ते फलाविसंवादी. जेमके कोई गाय, बळद, हाथी वगेरे उपर आरूढ थयेलो पोताने स्वप्नमां जुए अने जाग्या पछी काळान्तरे संपत्ति पामे. २ प्रतानस्वप्न—विस्तारवाळुं स्वप्न, ते यथातथ्य पण होय के अन्यथा पण होय. आ बन्ने स्वप्नो परस्पर भेद मात्र विशेषणकृत छे. ३ चिन्ता—जागृत अवस्थामां जे. अर्थनुं चिन्तन करेलुं होय तेने स्वप्नमां जुए ते. ४ जेवुं स्वप्न जोयुं होय तेथी विरुद्ध वस्तुनी जागृत अवस्थामां प्राप्ति थाय ते तद्विपरीतस्वप्न. जेमके स्वप्नमां अशुचि पदार्थथी विलिप्त पोताने जुए अने जागृत अवस्थामां कोई शुचि पदार्थ प्राप्त थाय. ५ अने स्वप्नमां अस्पष्ट अर्थनो अनुभव करवो ते अव्यक्त दर्शन.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. [प्र०] जीवा णं भंते! किं सुत्ता, जागरा, सुत्तजागरा? [उ०] गोयमा! जीवा सुत्ता वि, जागरा वि, सुत्तजागरा वि।

४. [प्र०] नेरइया णं भंते! किं सुत्ता-पुच्छा। [उ०] गोयमा! नेरइया सुत्ता, नो जागरा, नो सुत्तजागरा। एवं जाव-चउरिंदिया।

५. [प्र०] पंचिंदियतिरिक्खजोणिया णं भंते! किं सुत्ता-पुच्छा। [उ०] गोयमा! सुत्ता, नो जागरा, सुत्तजागरा वि। मणुस्सा जहा जीवा। वाणमंतर-जोइसिय-वेमाणिया जहा नेरइया।

६. [प्र०] संवुडे णं भंते! सुविणं पासइ, असंवुडे सुविणं पासइ, संवुडासंवुडे सुविणं पासइ? [उ०] गोयमा! संवुडे वि सुविणं पासइ, असंवुडे वि सुविणं पासइ, संवुडासंवुडे वि सुविणं पासइ। संवुडे सुविणं पासति अहातच्चं पासति। असंवुडे सुविणं पासति तहा वा तं होज्जा, अन्नहा वा तं होज्जा। संवुडासंवुडे सुविणं पासति एवं चेव।

७. [प्र०] जीवा णं भंते! किं संवुडा, असंवुडा, संवुडासंवुडा? [उ०] गोयमा! जीवा संवुडा वि, असंवुडा वि, संवुडासंवुडा वि। एवं जहेव सुत्ताणं दंडओ तहेव भाणियव्वो।

८. [प्र०] कति णं भंते! सुविणा पण्णत्ता? [उ०] गोयमा! बायालीसं सुविणा पन्नत्ता।

९. [प्र०] कइ णं भंते! महासुविणा पण्णत्ता? [उ०] गोयमा! तीसं महासुविणा पण्णत्ता।

१०. [प्र०] कति णं भंते! सव्वसुविणा पण्णत्ता? [उ०] गोयमा! बावत्तरिं सव्वसुविणा पण्णत्ता।

११. [प्र०] तित्थगरमायरो णं भंते! तित्थगरंसि गब्भं वक्कममाणंसि कति महासुविणे पासित्ता णं पडिबुज्झंति? [उ०] गोयमा! तित्थयरमायरो णं तित्थगरंसि गब्भं वक्कममाणंसि एएसिं तीसाए महासुविणाणं इमे चोद्दस महासुविणे पासित्ता णं पडिबुज्झंति, तं जहा-गय-उसभ-सीह-अभिसेय- जाव-सिहिं च।

जीवो सूता-जागता के सूता-जागता छे?

३. [प्र०] हे भगवन्! *जीवो सूतेला छे, जागृत छे के सूता-जागता छे? [उ०] हे गौतम! जीवो सूतेला पण छे, जागृत पण छे अने सूता-जागता पण छे.

४. [प्र०] हे भगवन्! नैरयिको सूतेला छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम! नैरयिको सूतेला छे, पण जागता के सूता-जागता नथी. ए प्रमाणे यावत्-चउरिन्द्रिय संबन्धे पण जाणवुं.

पंचेन्द्रिय तिर्यंचो सूता छे-इत्यादि प्रश्न.

५. [प्र०] हे भगवन्! पंचेंद्रिय तिर्यंचयोनिको सुतेला छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम! तेओ सूतेला छे अने सूता-जागता पण छे. पण [तद्दन] जागता नथी. मनुष्यना प्रश्नमां सामान्य जीवोनी पेठे जाणवुं. वानव्यंतर, ज्योतिषिक अने वैमानिक देवोना प्रश्नमां नैरयिकोनी पेठे समजवुं.

संवृत जीव केवुं स्वप्न जुए?

६. [प्र०] हे भगवन्! संवृत जीव स्वप्न जुए, असंवृत जीव स्वप्न जुए के संवृतासंवृत जीव स्वप्न जुए? [उ०] हे गौतम! संवृत, असंवृत अने संवृतासंवृत ए त्रणे जीवो स्वप्न जुए, पण संवृत जीव सत्य स्वप्न जुए, असंवृत जीव जे स्वप्न जुए ते सत्य पण होय असत्य पण होय; तथा असंवृतनी पेठे संवृतासंवृत जीव पण स्वप्न जुए.

जीवो संवृत छे-इत्यादि प्रश्न.

७. [प्र०] हे भगवन्! जीवो संवृत छे, असंवृत छे के संवृतासंवृत छे? [उ०] हे गौतम! जीवो संवृत, असंवृत अने संवृतासंवृत ए त्रणे प्रकारना छे. जेम सुप्त जीवोनुं वर्णन करेलुं छे तेम अहीं पण समजवुं.

स्वप्नना प्रकार.

८. [प्र०] हे भगवन्! स्वप्न केटला प्रकारना कह्यां छे? [उ०] हे गौतम! स्वप्नो बेंतालीश प्रकारना कह्यां छे.

महास्वप्नना प्रकार.

९. [प्र०] हे भगवन्! महास्वप्न केटला प्रकारना कह्यां छे? [उ०] हे गौतम! महास्वप्न त्रीस प्रकारना कह्यां छे.

सर्व स्वप्नना प्रकार.

१०. [प्र०] हे भगवन्! बधा मळीने केटलां स्वप्नो कह्यां छे? [उ०] हे गौतम! बधा मळीने बहोंतेर स्वप्नो कह्यां छे.

तीर्थंकरनी माता केटला स्वप्नो जुए?

११. [प्र०] हे भगवन्! ज्यारे तीर्थंकरनो जीव गर्भमां अवतरे त्यारे तीर्थंकरनी माताओ केटला महास्वप्न जोईने जागे? [उ०] हे गौतम! ज्यारे तीर्थंकरनो जीव गर्भमां अवतरे त्यारे तीर्थंकरनी माताओ त्रीस महास्वप्नोमांथी चौद महास्वप्नो जोईने जागे छे. ते आ प्रमाणे (१) हाथी, (२) बळद, (३) सिंह, यावत्-(१४) अग्नि.

---

३ *सुप्त अने जागृत द्रव्य अने भावनी अपेक्षाए बे प्रकारे होय छे. तेमां निद्रायुक्त द्रव्यथी सूतेलो कहेवाय छे, अने विरतिरहित भावथी सूतेलो कहेवाय छे. पूर्वेना सूत्रोमां स्वप्ननी हकीकत निद्रानी अपेक्षाए कही छे, हवे विरतिनी अपेक्षाए जीवादि दंडकने आश्रयी भावथी सूतापणा अने जागृतपणानी प्ररूपणा करे छे. तेमां जे जीवो सर्वविरतिरूप नैश्चयिक जागृति विनाना अविरतिवाळा कहेवाय छे ते सूतेला, जेओ सर्वविरतिरूप जागृतिवाळा छे ते जागृत कहेवाय छे, अने जेओ अविरतिवाळा अने कंईक अंशे विरतिवाळा छे तेओ सूता-जागता कहेवाय छे-टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२. [प्र०] चक्कवट्टिमायरो णं भंते! चक्कवट्टिंसि गब्भं वक्कममाणंसि कति महासुमिणे पासित्ता णं पडिबुज्झंति? [उ०] गोयमा! चक्कवट्टिमायरो चक्कवट्टिंसि जाव-वक्कममाणंसि एएसिं तीसाए महासुविणाणं० एवं जहा तित्थगरमायरो जाव-सिहिं च।

१३. [प्र०] वासुदेवमायरो णं-पुच्छा। [उ०] गोयमा! वासुदेवमायरो जाव-वक्कममाणंसि एएसिं चोद्दसण्हं महासुविणाणं अन्नयरे सत्त महासुविणे पासित्ता णं पडिबुज्झंति।

१४. [प्र०] बलदेवमायरो-पुच्छा। [उ०] गोयमा! बलदेवमायरो जाव-एएसिं चोद्दसण्हं महासुविणाणं अन्नयरे चत्तारि महासुविणे पासित्ता णं पडिबुज्झंति।

१५. [प्र०] मंडलियमायरो णं भंते!-पुच्छा। [उ०] गोयमा! मंडलियमायरो जाव-एएसिं चोद्दसण्हं महासुविणाणं अन्नयरं एगं महासुविणं जाव-पडिबुज्झंति।

१६. समणे भगवं महावीरे छउमत्थकालियाए अंतिमराइयंसि इमे दस महासुविणे पासित्ता णं पडिबुद्धे, तं जहा- १ एगं च णं महं घोररूवदित्तधरं तालपिसायं सुविणे पराजियं पासित्ता णं पडिबुद्धे। २ एगं च णं महं सुक्किलपक्खगं पुंसकोइलं[1] सुविणे पासित्ता णं पडिबुद्धे। ३ एगं च णं महं चित्तविचित्तपक्खगं पुंसकोइलगं[2] सुविणे पासित्ता णं पडिबुद्धे। ४ एगं च णं महं दामदुगं सव्वरयणामयं सुविणे पासित्ता णं पडिबुद्धे। ५ एगं च णं महं सेयं गोवग्गं सुविणे पासित्ता णं पडिबुद्धे। ६ एगं च णं महं पउमसरं सव्वओ समंता कुसुमियं[3] सुविणे०। ७ एगं च णं महं सागरं उम्मीवीयीसहस्सकलियं भुयाहिं तिन्नं सुविणे पासित्ता०। ८ एगं च णं महं दिणयरं तेयसा जलंतं सुविणे पासित्ता०। ९ एगं च णं महं हरिवेरुलियवन्नाभेणं नियगेणं अंतेणं माणुसुत्तरं पव्वयं सव्वओ समंता आवेढिय-परिवेढियं सुविणे पासित्ता णं पडिबुद्धे। १० एगं च णं महं मंदरे पव्वए मंदरचूलियाए उवरिं सीहासणवरगयं अप्पाणं सुविणे पासित्ता णं पडिबुद्धे।

१२. [प्र०] हे भगवन्! ज्यारे चक्रवर्तीनो जीव गर्भमां अवतरे त्यारे चक्रवर्तीनी माताओ केटला महास्वप्न जोईने जागे? [उ०] हे गौतम! ज्यारे चक्रवर्तीनो जीव गर्भमां अवतरे त्यारे चक्रवर्तीनी माताओ ए त्रीस महास्वप्नोमांथी चौद महास्वप्नो तीर्थंकरनी माताओनी पेठेज जुए छे अने पछी जागे छे, ते चौद स्वप्न पूर्व प्रमाणे जाणवा, यावत्-अग्नि. *चक्रवर्तीनी माता केटलां स्वप्न जुए?*

१३. [प्र०] एज प्रमाणे वासुदेवनी मातानी स्वप्नसंबन्धे पृच्छा। [उ०] हे गौतम! ज्यारे वासुदेवनो जीव गर्भमां अवतरे त्यारे वासुदेवनी माताओ ए चौद महास्वप्नोमांथी कोइ पण सात महास्वप्नो जोईने जागे छे. *वासुदेवनी माता केटलां स्वप्न जुए?*

१४. [प्र०] ए प्रमाणे बलदेवनी माताओ संबन्धे स्वप्ननो प्रश्न. [उ०] हे गौतम! बलदेवनी माताओ ए चौद महास्वप्नोमांथी कोई पण चार महास्वप्नो जोईने जागे छे. *बलदेवनी माताओ केटलां स्वप्नो जुए?*

१५. [प्र०] मांडलिक राजानी माताना स्वप्ननी एज प्रमाणे पृच्छा करवी. [उ०] हे गौतम! मांडलिक राजाओनी माताओ ए चौद स्वप्नोमांथी कोई पण एक महास्वप्नने जोईने जागे छे. *मांडलिकनी माताओ केटलां स्वप्न जुए?*

१६. ज्यारे श्रमण भगवंत महावीर छद्मस्थपणामां हता त्यारे तेओ एक रात्रिना छेल्ला प्रहरमां आ दश महास्वप्नो जोईने जाग्या. ते आ प्रमाणे— *छद्मस्थमां भगवंत महावीरनुं दश स्वप्नोने जोवुं.*

(१) 'एक मोटा भयंकर अने तेजस्वी रूपवाळा ताड जेवा पिशाचने पराजित कर्यो' एवुं स्वप्न जोईने तेओ जाग्या.
(२) एक मोटा धोळी पांखवाळा पुंस्कोकिलने (नरजातिना कोयलने) तेओए स्वप्नमां जोयो अने जोईने जाग्या.
(३) एक मोटा चित्रविचित्र पांखवाळा पुंस्कोकिलने स्वप्नमां जोई तेओ जाग्या.
(४) एक महान् सर्वरत्नमय माळायुगलने स्वप्नमां जोईने जाग्या.
(५) एक मोटा अने धोळा गायना धणने स्वप्नमां जोई तेओ जाग्या.
(६) चारे बाजुथी कुसुमित थएला एक मोटा पद्मसरोवरने स्वप्नमां जोईने जाग्या.
(७) 'हजारो तरंग अने कल्लोलोथी व्याप्त एक महासागरने पोते हाथवडे तर्यो' एवुं स्वप्न जोई तेओ जाग्या.
(८) तेजथी जळहळता एक मोटा सूर्यने स्वप्नमां जोईने जाग्या.
(९) एक मोटा मानुषोत्तर पर्वतने लीला वैडूर्यना वर्ण जेवा पोताना आंतरडावडे सर्व बाजुएथी आवेष्टित अने परिवेष्टित थयेला स्वप्नमां जोईने जाग्या.
(१०) अने एक महान् मंदर (मेरु) पर्वतनी मंदर चूलिका उपर सिंहासनमां बेठेल पोताना आत्माने जोई तेओ जाग्या.

---
[1] पूसको-ताड० [2] पूसको-ताड० [3] संकुसुमियं ताड०
१ भ० सू०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१७. (१) जण्णं समणं भगवं महावीरे एगं महं घोररूवदित्तधरं तालपिसायं सुविणे पराजियं जाव–पडिबुद्धे, तण्णं समणेणं भगवया महावीरेणं मोहणिज्जे कम्मे मूलाओ उग्घाइए। (२) जन्नं समणे भगवं महावीरे एगं महं सुकिल–जाव–पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे सुकज्झाणोवगए विहरति। (३) जण्णं समणे भगवं महावीरे एगं महं चित्तविचित्त–जाव–पडिबुद्धे तण्णं समणे भगवं महावीरे विचित्तं ससमयपरसमइयं दुवालसंगं गणिपिडगं आघवेति, पन्नवेति, परूवेति, दंसेति, निदंसेति, उवदंसेति; तंजहा–१ आयारं, २ सूयगडं, जाव–१२ दिट्ठिवायं। (४) जण्णं समणे भगवं महावीरे एगं महं दामदुगं सव्वरयणामयं सुविणे पासित्ता णं पडिबुद्धे तण्णं समणे भगवं महावीरे दुविहे धम्मे पन्नवेति, तं जहा–आगारधम्मं वा अणागारधम्मं वा। (५) जण्णं समणे भगवं महावीरे एगं महं सेयं गोवग्गं जाव–पडिबुद्धे, तण्णं समणस्स भगवओ महावीरस्स चाउव्वण्णाइन्ने समणसंघे, तं जहा–१ समणा, २ समणीओ, ३ सावया, ४ सावियाओ। (६) जण्णं समणे भगवं महावीरे एगं महं पउमसरं जाव–पडिबुद्धे तण्णं समणे जाव–वीरे चउव्विहे देवे पन्नवेति, तं जहा–१ भवणवासी, २ वाणमंतरे, ३ जोतिसिए, ४ वेमाणिए। (७) जन्नं समणे भगवं महावीरे एगं महं सागरं जाव–पडिबुद्धे तन्नं समणेणं भगवया महावीरेणं अणादीए अणवदग्गे जाव–संसारकंतारे तिन्ने। (८) जन्नं समणे भगवं महावीरे एगं महं दिणयरं जाव–पडिबुद्धे तन्नं समणस्स भगवओ महावीरस्स अणंते अणुत्तरे जाव–केवलवरनाणदंसणे समुप्पन्ने। (९) जण्णं समणे जाव–वीरे एगं महं हरिवेरुलिय– जाव–पडिबुद्धे तण्णं समणस्स भगवओ महावीरस्स ओराला कित्ति–वन्न–सद्द–सिलोया सदेवमणुयासुरे लोए परिभमंति–इति खलु समणे भगवं महावीरे, इति० २। (१०) जन्नं समणे भगवं महावीरे मंदरे पव्वए मंदरचूलियाए जाव–पडिबुद्धे तण्णं समणे भगवं महावीरे सदेवमणुयासुराए परिसाए मज्झगए केवली धम्मं आघवेति, जाव–उवदंसेति।

दश महास्वप्नोनुं फल.

१७. (१) श्रमण भगवंत महावीर [ प्रथम स्वप्नमां ] जे भयंकर अने तेजस्वी रूपवाळा तथा ताडना जेवा एक पिशाचने पराजित करेलो जोईने जाग्या तेथी [ तेना फळरूपे ] श्रमण भगवंत महावीरे मोहनीय कर्मने मूलथी नष्ट कर्युं.

(२) श्रमण भगवंत महावीरे [ बीजा स्वप्नमां ] जे एक मोटो धोळी पांखवाळो यावत्–पुंस्कोकिल जोयो अने जाग्या तेथी तेना फळरूपे श्रमण भगवंत महावीर शुक्ल ध्यानने प्राप्त करी विहर्या.

(३) श्रमण भगवंत महावीर [ त्रीजा स्वप्नमां ] जे एक मोटो चित्र विचित्र पांखवाळो यावत्–पुंस्कोकिल जोईने जाग्या तेथी श्रमणभगवंत महावीरे विचित्र स्वसमय अने परसमयना [ विविध विचारयुक्त ] द्वादशांग गणिपिटक कह्युं, प्रज्ञाप्युं, दर्शाव्युं, निदर्शाव्युं अने उपदर्शाव्युं. ते द्वादशांगना नाम आ प्रमाणे छे–(१) आचार (२) सूत्रकृत, यावत्–( १२ ) दृष्टिवाद.

(४) श्रमण भगवंत महावीरे [ चोथा स्वप्नमां ] जे एक महान् सर्वरत्नमय मालायुगल जोयुं अने जाग्या तेथी श्रमण भगवंत महावीरे बे प्रकारनो धर्म कह्यो, ते आ प्रमाणे–सागार धर्म अने अनगार धर्म.

(५) श्रमण भगवंत महावीर [ पांचमा स्वप्नमां ] जे एक धोळी गायोनुं महान् धण जोईने जाग्या तेथी श्रमण भगवंत महावीरनो चार प्रकारनो संघ थयो, ते आ प्रमाणे–१ साधु, २ साध्वी, ३ श्रावक अने ४ श्राविका.

(६) श्रमण भगवंत महावीर [ छट्ठा स्वप्नमां ] जे एक मोटुं यावत्–पद्म सरोवर जोईने जाग्या तेथी श्रमण भगवंत महावीरे भवनवासी, वानव्यंतर, ज्योतिषिक, अने वैमानिक एवा चार प्रकारना देवोने प्रतिबोध कर्यो.

(७) श्रमण भगवंत महावीरे [ सातमा स्वप्नमां ] जे एक मोटा यावत् महासागरने पोते हाथ वडे तरेलो जोयो अने जाग्या तेथी श्रमण भगवंत महावीरे अनादि अने अनन्त यावत्–संसाररूप कांतारने पार कर्यो.

(८) श्रमण भगवंत महावीरे [ आठमा स्वप्नमां ] जे तेजथी जळहळतो एक मोटो सूर्य जोयो अने जाग्या तेथी श्रमण भगवंत महावीरने अनंत, अनुत्तर, निरावरण, निर्व्याघात, समग्र अने प्रतिपूर्ण एवुं केवळ ज्ञान अने केवळ दर्शन उत्पन्न थयुं.

(९) श्रमण भगवंत महावीरे [ नवमा स्वप्नमां ] एक मोटा मानुषोत्तर पर्वतने नील वैडूर्यना वर्ण जेवा, पोताना आंतरडाथी चारे बाजुए आवेष्टित अने परिवेष्टित करेलो जोयो अने जोइने जाग्या तेथी श्रमण भगवंत महावीरनी देवलोक, मनुष्यलोक अने असुरलोकमां–"आ श्रमण भगवंत महावीर छे" एवी उदार कीर्ति, स्तुति, सन्मान अने यश व्याप्त थया.

(१०) श्रमण भगवंत महावीरे [ दशमा स्वप्नमां ] पोताना आत्माने मंदरपर्वतनी चूलिका परना सिंहासनमां बेठेलो जोयो अने जोईने जाग्या तेथी श्रमण भगवंत महावीरे केवळी थई देव, मनुष्य अने असुर युक्त परिषदमां बेसी धर्म कह्यो, यावत्–उपदर्शाव्यो.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१८. इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं हयपंतिं वा गयपंतिं वा जाव–वसभपंतिं वा पासमाणे पासति, दुरूहमाणे दुरूहति, दुरूढमिति अप्पाणं मन्नति, तक्खणामेव बुज्झति, तेणेव भवग्गहणेणं सिज्झति, जाव–अंतं करेति।

१९. इत्थी वा पुरिसे वा सुविणंते एगं महं दामिणिं पाईणपडिणायतं दुहओ समुद्दे पुट्ठं पासमाणे पासति, संवेल्लेमाणे संवेल्लेइ, संवेल्लियमिति अप्पाणं मन्नति, तक्खणामेव अप्पाणं बुज्झति, तेणेव भवग्गहणेणं जाव–अंतं करेति।

२०. इत्थी वा पुरिसे वा एगं महं रज्जुं पाईणपडिणायतं दुहओ लोगंते पुट्ठं पासमाणे पासति, छिंदमाणे छिंदति, छिन्नमिति अप्पाणं मन्नति, तक्खणामेव जाव–अंतं करेति।

१६ * पांच शरीर, पांच इन्द्रिय अने त्रण योगना एकत्व अने बहुत्वने आश्रयी २६ दंडको थाय छे.

१७ † औदयिक भावना औदयिक अने उदयनिष्पन्न–ए बे भेद छे. आठ कर्मप्रकृतिओनो उदय ते औदयिक. उदयनिष्पन्नना बे प्रकार छे. जीवोदयनिष्पन्न अने अजीवोदयनिष्पन्न. कर्मना उदयथी जीवमां निष्पन्न थयेला नारक, तिर्यंच इत्यादि पर्यायो जीवोदयनिष्पन्न कहेवाय छे. कर्मना उदयथी अजीवने विषे थयेला पर्यायो, जेमके औदारिकादिशरीर तथा औदारिकादि शरीरने विषे रहेला वर्णादि ते औदारिकशरीरनाम कर्मना उदयथी पुद्गलद्रव्यरूप अजीवने विषे निष्पन्न होवाथी अजीवोदयनिष्पन्न कहेवाय छे. जुओ–अनुयोग० प० २१४.

‡ अनुयोगद्वार सूत्रमां एक नामथी मांडी छ नाम वगेरे संबंधे कथन छे, तेमां छ नामनी वक्तव्यतामां छ भावना स्वरूपनुं वर्णन छे. जुओ—प० ११३–१२७.

१ ¶ अहिं धर्म, अधर्म अने धर्माधर्मपदथी अनुक्रमे चारित्र धर्म, अविरति अने देशविरति विवक्षित छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विरय० जाव–पावकम्मे धम्मे ठिए, धम्मं चेव उवसंपज्जित्ता णं विहरति; असंजय० जाव–पावकम्मे अधम्मे ठिते, अधम्मं चेव उवसंपज्जित्ता णं विहरति; संजयासंजए धम्माधम्मे ठिए, धम्माधम्मं उवसंपज्जित्ता णं विहरति, से तेणट्ठेणं जाव–ठिए।

२. [प्र०] जीवा णं भंते! किं धम्मे ठिया, अधम्मे ठिया, धम्माधम्मे ठिया? [उ०] गोयमा! जीवा धम्मे वि ठिया, अधम्मे वि ठिया, धम्माधम्मे वि ठिया।

३. [प्र०] नेरतिआणं पुच्छा। [उ०] गोयमा! णेरइया नो धम्मे ठिता, अधम्मे ठिता, णो धम्माधम्मे ठिता। एवं जाव–चउरिंदियाणं।

४. [प्र०] पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा। [उ०] गोयमा! पंचिंदियतिरिक्खजोणिया नो धम्मे ठिया, अधम्मे ठिया, धम्माधम्मे वि ठिया। मणुस्सा जहा जीवा। वाणमंतर–जोइसिय–वेमाणिया जहा नेरतिया।

५. [प्र०] अन्नउत्थिया णं भंते! एवं आइक्खंति, जाव–परूवेंति–एवं खलु समणा पंडिया, समणोवासया बालपंडिया, जस्स णं एगपाणाए वि दंडे अणिक्खित्ते से णं 'एगंतबाले' त्ति वत्तव्वं सिया, से कहमेयं भंते! एवं? [उ०] गोयमा! जण्णं ते अन्नउत्थिया एवं आइक्खंति, जाव–वत्तव्वं सिया; जे ते एवं आहंसु मिच्छं ते एवं आहंसु। अहं पुण गोयमा! एवं आइक्खामि, जाव–परूवेमि–'एवं खलु समणा पंडिया, समणोवासगा बालपंडिया, जस्स णं एगपाणाए वि दंडे निक्खित्ते से णं नो 'एगंतबाले' त्ति वत्तव्वं सिया।

६. [प्र०] जीवा णं भंते! किं बाला, पंडिया, बालपंडिया? [उ०] गोयमा! बाला वि, पंडिया वि, बालपंडिया वि।

७. [प्र०] नेरइयाणं पुच्छा। [उ०] गोयमा! नेरतिया बाला, नो पंडिया, नो बालपंडिया। एवं जाव–चउरिंदियाणं।

---

पापकर्मनुं प्रत्याख्यान कर्युं नथी एवो जीव अधर्ममां स्थित होय–एटले अधर्मनो आश्रय करी विहरे, तथा संयतासंयत जीव धर्माधर्ममां स्थित होय–एटले जीव धर्माधर्मनो–देशविरतिनो आश्रय करी विहरे. ते माटे हे गौतम! यावत्–'स्थित होय'.

२. [प्र०] हे भगवन्! शुं जीवो धर्ममां स्थित होय, अधर्ममां स्थित होय के धर्माधर्ममां स्थित होय? [उ०] हे गौतम! जीवो धर्ममां पण स्थित होय, अधर्ममां पण स्थित होय अने धर्माधर्ममां पण स्थित होय.

३. [प्र०] हे भगवन्! ए प्रमाणे नैरयिक संबन्धे पृच्छा करवी. [उ०] हे गौतम! नैरयिको धर्ममां स्थित न होय, तेम धर्माधर्ममां स्थित न होय, पण अधर्ममां स्थित होय. ए प्रमाणे यावत्–चउरिन्द्रिय जीवो सुधी जाणवुं. दंडकना क्रमथी नैरयिकादि संबन्धे पूर्वोक्त प्रश्न.

४. [प्र०] पंचेन्द्रिय तिर्यंच जीवो संबन्धे पृच्छा. [उ०] हे गौतम! पंचेन्द्रिय तिर्यंच जीवो धर्ममां स्थित नथी, पण तेओ अधर्ममां अने धर्माधर्ममां स्थित छे. मनुष्योने विषे सामान्य जीवोनी पेठे वक्तव्यता कहेवी. वानव्यंतरो, ज्योतिषिको अने वैमानिको विषेनी वक्तव्यता नैरयिकोनी पेठे कहेवी.

५. [प्र०] हे भगवन्! अन्यतीर्थिको एम कहे छे, यावत् एम प्ररूपे छे के 'श्रमणो पंडित कहेवाय छे अने श्रमणोपासको बाल-पंडित कहेवाय छे, पण *जे जीवने एक पण जीवना वधनी अविरति छे ते जीव 'एकांत बाल' कहेवाय, तो हे भगवन्! आ (अन्यतीर्थिकोनुं कथन) सत्य केम होय? [उ०] हे गौतम! जे अन्यतीर्थिको आ प्रमाणे कहे छे के यावत्–'एकान्त बाल' कहेवाय, परन्तु जेओए एम कह्युं छे तेओए मिथ्या–असत्य कह्युं छे, हे गौतम! हुं तो आ प्रमाणे कहुं छुं–यावत् प्ररूपुं छुं के–ए प्रमाणे खरेखर श्रमणो पंडित छे अने श्रमणोपासको बालपंडित छे, पण जे जीवे एक पण प्राणिना वधनी विरति करी छे ते जीव 'एकांतबाल' न कहेवाय. [ परन्तु 'बालपंडित' कहेवाय. ] अन्यतीर्थिको. बालपंडित अने बाल संबन्धे तेओनुं मन्तव्य.

६. [प्र०] हे भगवन्! शुं जीवो बाल–विरतिरहित छे, पंडित–सर्वविरतिवाळा छे के बालपंडित–देशविरति युक्त छे? [उ०] हे गौतम! जीवो बाल पण छे, पंडित पण छे अने बालपंडित पण छे. पंडित, बालपंडित अने बाल.

७. [प्र०] नैरयिको संबन्धे ए प्रमाणे प्रश्न करवो. [उ०] हे गौतम! नैरयिको बाल छे, पण पंडित नथी, तेम बालपंडित पण नथी. ए प्रमाणे दंडकना क्रमथी यावत्–चउरिंद्रियो सुधी जाणवुं. नैरयिकादि दंडकना क्रमथी प्रश्न.

---

५ * अन्यतीर्थिको 'श्रमणो पंडित–सर्वविरतिचारित्रवाळा–छे अने श्रमणोपासक बालपंडित–देशविरति सहित छे'–ए जिनसंमत बे पक्षनो अनुवाद करी तेमांना द्वितीय पक्षने दूषित करे छे–सर्व जीवोना वधनी विरति छतां जेने एक पण जीवना वधनी अविरति छे एवा श्रमणोपासकने पण 'एकान्तबाल' कहेवा जोइए: तेनुं आ मन्तव्य अयोग्य छे तेम भगवान् महावीर जणावे छे–'जेने एक पण जीवना वधनी विरति छे तेने पण एकान्तबाल न कहेवाय, पण बालपंडित कहेवाय, कारण के तेनामां देशविरति छे; अने जेनामां देशविरति होय तेने 'एकान्तबाल' न कहेवाय.

५ भ० सू०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८. [प्र०] पंचिंदियतिरिक्ख० पुच्छा। [उ०] गोयमा! पंचिंदियतिरिक्खजोणिया बाला, नो पंडिया, बालपंडिया वि। मणुस्सा जहा जीवा। वाणमंतर-जोइसिय-वेमाणिया जहा नेरतिया।

९. [प्र०] अन्नउत्थिया णं भंते! एवं आइक्खंति, जाव-परूवेंति-'एवं खलु पाणातिवाए, मुसावाए, जाव-मिच्छादंसणसल्ले वट्टमाणस्स अन्ने जीवो, अन्ने जीवाया, पाणाइवायवेरमणे, जाव-परिग्गहवेरमणे, कोहविवेगे, जाव-मिच्छादंसणसल्लविवेगे वट्टमाणस्स अन्ने जीवे, अन्ने जीवाया; उप्पत्तियाए, जाव-परिणामियाए वट्टमाणस्स अन्ने जीवे, अन्ने जीवाया; उग्गहे, ईहा-अवाए, धारणाए य वट्टमाणस्स जाव-जीवाया; उट्ठाणे, जाव-परक्कमे वट्टमाणस्स जाव-जीवाया; नेरइयत्ते, तिरिक्ख-मणुस्स-देवत्ते वट्टमाणस्स जाव-जीवाया; नाणावरणिज्जे, जाव-अंतराइए वट्टमाणस्स जाव-जीवाया; एवं कण्हलेस्साए, जाव-सुक्कलेस्साए; सम्मदिट्ठीए ३, एवं चक्खुदंसणे ४, आभिणिबोहियणाणे ५, मतिअन्नाणे ३, आहारसन्नाए ४, एवं ओरालियसरीरे ५, एवं मणोजोए ३, सागारोवओगे, अणागारोवओगे वट्टमाणस्स अन्ने जीवे, अन्ने जीवाया'; से कहमेयं भंते एवं? [उ०] गोयमा! जं णं ते अन्नउत्थिया एवं आइक्खंति, जाव-मिच्छं ते एवं आहंसु। अहं पुण गोयमा! एवं आइक्खामि, जाव-परूवेमि-'एवं खलु पाणातिवाए, जाव-मिच्छादंसणसल्ले वट्टमाणस्स सच्चेव जीवे, सच्चेव जीवाया; जाव-अणागारोवओगे वट्टमाणस्स जाव-सेच्चव जीवाया'।

१०. [प्र०] देवे णं भंते! महिड्ढिए, जाव-महेसक्खे पुव्वामेव रूवी भवित्ता पभू अरूविं विउव्वित्ता णं चिट्ठित्तए? [उ०] णो तिणट्ठे समट्ठे। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'देवे णं जाव-नो पभू अरूविं विउव्वित्ता णं चिट्ठित्तए? [उ०] गोयमा! अहमेयं जाणामि, अहमेयं पासामि, अहमेयं बुज्झामि, अहमेयं अभिसमन्नागच्छामि, मए एयं नायं, मए एयं दिट्ठं, मम एयं बुद्धं, मए एयं अभिसमन्नागयं-'जं णं तहागयस्स जीवस्स सरूविस्स, सकम्मस्स, सरागस्स, सवेदगस्स, समोहस्स, सले-

८. [प्र०] पंचेंद्रिय तिर्यंचो संबंधे प्रश्न. [उ०] हे गौतम! पंचेंद्रिय तिर्यंचो बाल अने बालपंडित होय छे, पण पंडित होता नथी. मनुष्यो संबंधे सामान्य जीवोनी वक्तव्यता कहेवी. तथा वानव्यंतर, ज्योतिषिक अने वैमानिक संबंधे नैरयिकनी वक्तव्यता (सू० ७) कहेवी.

'जीव अने जीवात्मा भिन्न छे'* एवो अन्यतीर्थिकनो मत.

९. [प्र०] हे भगवन्! अन्यतीर्थिको आ प्रमाणे कहे छे, यावत् प्ररूपे छे के प्राणातिपातमां, मृषावादमां यावत्-मिथ्यादर्शनशल्यमां वर्तता प्राणीनो जीव अन्य छे अने जीवात्मा तेथी अन्य छे; प्राणातिपातविरमणमां, यावत्-परिग्रहविरमणमां, क्रोधना त्यागमां-यावत्-मिथ्यादर्शनशल्यना त्यागमां वर्तता प्राणीनो जीव अन्य छे अने तेथी तेनो जीवात्मा अन्य छे. औत्पत्तिकी बुद्धिमां, यावत्-पारिणामिकी बुद्धिमां वर्तमान प्राणीनो जीव अन्य छे अने तेथी जीवात्मा अन्य छे; अवग्रह, ईहा, अवाय अने धारणामां वर्तमान प्राणीनो जीव अन्य छे अने जीवात्मा तेथी अन्य छे; उत्थानमां, यावत्-पुरुषकार-पराक्रममां वर्तमान प्राणीनो जीव अन्य छे अने जीवात्मा तेथी अन्य छे; नैरयिकपणामां, पंचेंद्रियतिर्यंचपणामां, मनुष्यपणामां तथा देवपणामां वर्तमान जीव अन्य छे अने जीवात्मा अन्य छे; ज्ञानावरणीयमां यावत्-अंतरायमां वर्तमान प्राणीनो जीव अन्य छे अने तेथी जीवात्मा अन्य छे; कृष्णलेश्यामां, यावत्-शुक्ललेश्यामां, तथा सम्यग्दृष्टि मिथ्यादृष्टि अने सम्यग्मिथ्यादृष्टिमां, १ चक्षुर्दर्शन २ अचक्षुर्दर्शन, ३ अवधिदर्शन अने ४ केवल दर्शनमां, ५ आभिनिबोधिकज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्यवज्ञान अने केवलज्ञानमां, मतिअज्ञान, श्रुतअज्ञान, अने विभंगज्ञानमां, आहारसंज्ञा, भयसंज्ञा, निद्रासंज्ञा अने मैथुनसंज्ञामां, अने एज प्रमाणे औदारिक शरीर, वैक्रिय शरीर, आहारक शरीर, तैजस शरीर अने कार्मण शरीरमां, तथा मनोयोग, वचनयोग, अने काययोगमां, साकारोपयोग अने अनाकारोपयोगमां वर्तमान प्राणीनो जीव अन्य छे अने तेनो जीवात्मा अन्य छे. तो हे भगवन्! ते केम सत्य होय? [उ०] हे गौतम! जे अन्यतीर्थिको ए प्रमाणे कहे छे, यावत्-तेओ मिथ्या कहे छे. हे गौतम! हुं तो आ प्रमाणे कहुं छुं, यावत् प्ररूपुं छुं- "प्राणातिपात यावत्-मिथ्यादर्शनमां वर्तमान प्राणीनो तेज जीव छे अने तेज जीवात्मा छे, यावत्-अनाकारोपयोगमां वर्तमान प्राणीनो तेज जीव छे अने तेज जीवात्मा छे."

अशरीरी देवमां अरूपी रूप विकुर्वनाना सामर्थ्यनो अभाव अने तेनो हेतु.

१०. [प्र०] हे भगवन्! मोटी ऋद्धिवाळो, यावत्-मोटा सुखवाळो देव पहेलां रूपी होईने-मूर्त स्वरूप धारण करी पछी अरूपी रूप (अमूर्त रूप) विकुर्वीने रहेवा समर्थ छे? [उ०] ते अर्थ समर्थ नथी. [प्र०] हे भगवन्! आप ए प्रमाणे शा हेतुथी कहो छो के 'मोटी ऋद्धिवाळो देव यावत्-अरूपी रूप विकुर्वीने रहेवा समर्थ नथी'? [उ०] गौतम! हुं ए जाणुं छुं, हुं ए जोउं छुं, हुं ए निश्चित जाणुं छुं, हुं ए सर्वथा जाणुं छुं, में ए जाण्युं छे, में ए जोयुं छे, में निश्चित जाण्युं छे अने में ए सर्वथा जाण्युं छे के, तेवा प्रकारना रूपवाळा, कर्मवाळा, रागवाळा, वेदवाळा, मोहवाळा, लेश्यावाळा, शरीरवाळा, अने ते शरीरथी नहि मूकायेला-जूदा नहीं थयेला जीवने

९ * अहिं 'सर्वत्र प्राणातिपातादि क्रियामां प्रवर्तमान जीव एटले प्रकृति अने जीवात्मा-पुरुष परस्पर भिन्न छे'-आवो सांख्यदर्शननो मत छे. सांख्यो प्रकृतिनुं कर्तृत्व अने पुरुषने अकर्ता अने भोक्ता माने छे. उपनिषदो पण जीव-अन्तःकरणविशिष्ट चैतन्य-नुं कर्तृत्व अने जीवात्मा-ब्रह्मनुं अकर्तृत्व माने छे, तेओने मते पण जीव अने ब्रह्मनो औपाधिक भेद छे, माटे ते बन्ने दर्शनो अन्यतीर्थिकतरीके ग्रहण करेला होय तेम संभवे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सस्स, ससरीरस्स, ताओ सरीराओ अविप्पमुक्कस्स एवं पन्नायति, तं जहा-कालत्ते वा, जाव-सुकिलत्ते वा, सुब्भिगंधत्ते वा, दुब्भिगंधत्ते वा, तित्ते वा, जाव-महुरत्ते वा, कक्खडत्ते वा, जाव-लुक्खत्ते वा से तेणट्ठेणं गोयमा! जाव-चिट्ठित्तए।

११ [प्र०] सच्चेव णं भंते! से जीवे पुव्वामेव अरूवी भवित्ता पभू रूविं विउव्वित्ता णं चिट्ठित्तए? [उ०] णो तिणट्ठे समट्ठे, जाव-चिट्ठित्तए। गोयमा! अहं एयं जाणामि, जाव-जं णं तहागयस्स जीवस्स अरूविस्स, अकम्मस्स, अरागस्स, अवेदस्स, अमोहस्स, अलेसस्स, असरीरस्स, ताओ सरीराओ विप्पमुक्कस्स नो एवं पन्नायति, तं जहा-कालत्ते वा, जाव-लुक्खत्ते वा से तेणट्ठेणं जाव-चिट्ठित्तए वा। 'सेवं भंते! सेवं भंते'! त्ति।

## सत्तरसमे सए बीओ उद्देसो समत्तो।

विषे एम जणाय छे, ते आ प्रमाणे-ते शरीरयुक्त जीवमां-काळापणुं, यावत्-धोळापणुं, सुगंधिपणुं के दुर्गंधिपणुं, कडवापणुं के यावत्-मधुरपणुं, तथा कर्कशपणुं के यावत्-रुक्षपणुं होय छे, माटे हे गौतम! ते हेतुथी ते देव पूर्व प्रमाणे यावत्-अरूपी रूप विकुर्ववा समर्थ नथी.

११. [प्र०] हे भगवन्! तेज देवरूप जीव पहेलां अरूपी थईने पछी रूपी आकार विकुर्ववा समर्थ छे? [उ०] ए अर्थ समर्थ नथी-इत्यादि यावत्-'विकुर्ववा समर्थ नथी' त्यांसुधी जाणवुं. कारण के हे गौतम! हुं ए जाणुं छुं के, यावत्-रूप विनाना, कर्म विनाना, राग विनाना, वेद विनाना, मोह विनाना, लेश्या विनाना, शरीर विनाना अने शरीरथी जूदा थयेला तेवा प्रकारना जीवने विषे एम जणातुं नथी के, ते जीवमां काळापणुं यावत्-लुखापणुं छे. माटे हे गौतम! ते हेतुथी यावत्-ते देव पूर्व प्रमाणे विकुर्ववा समर्थ नथी. "हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे."

शरीर रहित जीवमां रूपी आकार विकुर्ववाना सामर्थ्यनो अभाव अने तेनुं कारण.

## सत्तरमा शतकमां बीजो उद्देशक समाप्त.

---

# तईओ उद्देसो.

१. [प्र०] सेलेसिं पडिवन्नए णं भंते! अणगारे सया समियं एयति, वेयति, जाव-तं तं भावं परिणमति? [उ०] णो तिणट्ठे समट्ठे, णण्णत्थ एगेणं परप्पयोगेणं।

२. [प्र०] कतिविहा णं भंते! एयणा पण्णत्ता? [उ०] गोयमा! पंचविहा पण्णत्ता, तं जहा-१ दव्वेयणा, २ खित्तेयणा, ३ कालेयणा, ४ भावेयणा, ५ भवेयणा।

३. [प्र०] दव्वेयणा णं भंते! कतिविहा पन्नत्ता? [उ०] गोयमा! चउव्विहा पन्नत्ता। तं जहा-१ नेरइयदव्वेयणा, २ तिरिक्ख०, ३ मणुस्स०, ४ देवदव्वेयणा।

# तृतीय उद्देशक.

१. [प्र०] हे भगवन्! शैलेशी अवस्थाने प्राप्त थयेल अनगार शुं सदा निरन्तर कंपे, विशेष कंपे, अने यावत्-ते ते भावे परिणमे? [उ०] ए अर्थ समर्थ नथी, मात्र एक परप्रयोग विना (अर्थात्-शैलेशी अवस्थामां आत्मा अत्यन्त स्थिरताने प्राप्त थयेल होवाथी परप्रयोग सिवाय न कंपे).

शैलेशी प्राप्त अनगार एजनादि क्रिया अनुभवे?

२. [प्र०] हे भगवन्! एजना (कंपन) केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! एजना पांच प्रकारनी छे, ते आ प्रमाणे-१ द्रव्यएजना, २ क्षेत्रएजना, ३ कालएजना, ४ भावएजना अने ५ भवएजना.

एजनाना प्रकार.

३. [प्र०] हे भगवन्! द्रव्यएजना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! ते चार प्रकारनी कही छे, ते आ प्रमाणे-१ नैरयिकद्रव्यएजना, २ तिर्यंचयोनिकद्रव्यएजना, ३ मनुष्यद्रव्यएजना अने ४ देवद्रव्यएजना.

द्रव्यएजनाना प्रकार.

---

२ * एजना-योगद्वारा आत्मप्रदेशोनुं अथवा पुद्गलद्रव्योनुं चलन के कंपन. तेना द्रव्यादि पांच प्रकार छे. मनुष्यादि जीव द्रव्योनुं के मनुष्यादि जीव सहित पुद्[illegible]नुं कंपन ते द्रव्यैजना, मनुष्यादिक्षेत्रने विषे वर्तमान जीवोनुं कंपन ते क्षेत्रैजना, मनुष्यादि काळे वर्तमान जीवोनुं कंपन ते कालैजना, औदयिकादि भावमां वर्तता जीवोनुं के पुद्गलोनुं कंपन ते भावैजना अने मनुष्यादि भवमां वर्तता जीवोनी एजना-कंपन ते भवैजना.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'नेरइयदव्वेयणा' २? [उ०] गोयमा! जं णं नेरइया नेरइयदव्वे वट्टिंसु वा, वट्टंति वा, वट्टिस्संति वा ते णं तत्थ नेरइया नेरतियदव्वे वट्टमाणा नेरइयदव्वेयणं एयंसु वा, एयंति वा, एइस्संति वा, से तेणट्ठेणं जाव–दव्वेयणा।

५. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चति–'तिरिक्खजोणियदव्वेयणा' २? [उ०] एवं चेव, नवरं–तिरिक्खजोणियदव्वे भाणियव्वं, सेसं तं चेव, एवं जाव–देवदव्वेयणा।

६. [प्र०] खेत्तेयणा णं भंते! कतिविहा पण्णत्ता? [उ०] गोयमा! चउव्विहा पण्णत्ता, तं जहा–१ नेरइयखेत्तेयणा, जाव–४ देवखेत्तेयणा।

७. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'नेरइयखेत्तेयणा' २? [उ०] एवं चेव, नवरं 'नेरइयखेत्तेयणा' भाणियव्वा; एवं जाव–देवखेत्तेयणा; एवं कालेयणा वि, एवं भवेयणा वि, एवं भावेयणा वि, एवं जाव–देवभावेयणा।

८. [प्र०] कतिविहा णं भंते! चलणा पण्णत्ता? [उ०] गोयमा! तिविहा चलणा पन्नत्ता, तं जहा–सरीरचलणा, इंदियचलणा, जोगचलणा।

९. [प्र०] सरीरचलणा णं भंते! कतिविहा पण्णत्ता? [उ०] गोयमा! पंचविहा पण्णत्ता, तं जहा–१ ओरालियसरीरचलणा, जाव–५ कम्मगसरीरचलणा।

१०. [प्र०] इंदियचलणा णं भंते! कतिविहा पण्णत्ता? [उ०] गोयमा! पंचविहा पण्णत्ता, तं जहा–१ सोइंदियचलणा, जाव–५ फासिंदियचलणा।

११. [प्र०] जोगचलणा णं भंते! कतिविहा पण्णत्ता? [उ०] गोयमा! तिविहा पण्णत्ता, तं जहा–मणजोगचलणा, वइजोगचलणा, कायजोगचलणा।

१२. [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'ओरालियसरीरचलणा २? [उ०] गोयमा! जं णं जीवा ओरालियसरीरे

नैरयिकद्रव्यएजना कहेवानुं कारण.

४. [प्र०] हे भगवन्! शा कारणथी 'नैरयिकद्रव्यएजना' २ कहेवामां आवे छे? [उ०] हे गौतम! जे माटे *नैरयिको नैरयिकद्रव्यमां वर्तता हता, वर्ते छे अने वर्तशे, ते नैरयिकोए नैरयिकद्रव्यमां वर्तता नैरयिकद्रव्यनी एजना करी हती, करे छे अने करशे, ते माटे यावत्–नैरयिकद्रव्यएजना कहेवामां आवे छे.

तिर्यंचादिद्रव्यएजना कहेवानुं कारण.

५. [प्र०] हे भगवन्! तिर्यंचयोनिकद्रव्यएजना २ कहेवाय छे तेनुं शुं कारण? [उ०] पूर्वे प्रमाणेज जाणवुं. विशेष ए के नैरयिकद्रव्यने बदले तिर्यंचयोनिकद्रव्य कहेवुं. बाकी बधुं तेज प्रमाणे जाणवुं. तथा ए प्रमाणे मनुष्यद्रव्यएजना अने देवद्रव्यएजना पण जाणवी.

क्षेत्रएजनाना प्रकार.

६. [प्र०] हे भगवन्! क्षेत्रएजना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! ते चार प्रकारनी कही छे. ते आ प्रमाणे–१ नैरयिकक्षेत्रएजना, यावत्–४ देवक्षेत्रएजना.

नैरयिकादि क्षेत्रएजना कहेवानुं कारण.

७. [प्र०] हे भगवन्! नैरयिकक्षेत्रएजना २ कहेवानुं शुं कारण? [उ०] पूर्वे प्रमाणे जाणवुं. विशेष ए के नैरयिकद्रव्यएजनाने बदले नैरयिकक्षेत्रएजना कहेवी. अने एम यावत्–देव क्षेत्रएजना सुधी जाणवुं. तथा कालएजना, भवएजना अने भावएजना विषे पण ए प्रमाणे जाणवुं. यावत्–देवभावएजना सुधी समजवुं.

चलनाना प्रकार.

८. [प्र०] हे भगवन्! चलना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! चलना त्रण प्रकारनी कही छे. ते आ प्रमाणे–शरीरचलना, इन्द्रियचलना अने योगचलना.

शरीरचलनाना प्रकार.

९. [प्र०] हे भगवन्! शरीरचलना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! शरीरचलना पांच प्रकारनी कही छे, ते आ प्रमाणे–१ औदारिकशरीरचलना, यावत्–५ कार्मणशरीरचलना.

इन्द्रियचलनाना प्रकार.

१०. [प्र०] हे भगवन्! इन्द्रियचलना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! पांच प्रकारनी कही छे, ते आ प्रमाणे–१ श्रोत्रेन्द्रियचलना, यावत्–५ स्पर्शेन्द्रियचलना.

योगचलनाना प्रकार.

११. [प्र०] हे भगवन्! योगचलना केटला प्रकारनी कही छे? [उ०] हे गौतम! योगचलना त्रण प्रकारनी कही छे, ते आ प्रमाणे–मनोयोगचलना, वचनयोगचलना अने काययोगचलना.

औदारिकशरीरचलना कहेवानुं कारण.

१२. [प्र०] हे भगवन्! शा हेतुथी औदारिकशरीरचलना २ कहेवाय छे? [उ०] हे गौतम! जे माटे औदारिक शरीरमां वर्तता

४ * नैरयिक जीवो नैरयिक शरीरमां रही ते शरीरद्वारा जे एजना करे ते नैरयिकद्रव्यैजना कहेवाय छे. ए प्रमाणे तिर्यंचादि द्रव्यैजना जाणवी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वट्टमाणा ओरालियसरीरपायोग्गाइं दव्वाइं ओरालियसरीरत्ताए परिणामेमाणा ओरालियसरीरचलणं चलिंसु वा, चलंति वा, चलिस्संति वा से तेणट्ठेणं जाव-'ओरालियसरीरचलणा' २।

१३. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ 'वेउव्वियसरीरचलणा' २? [उ०] एवं चेव, नवरं-वेउव्वियसरीरे वट्टमाणा, एवं जाव-कम्मगसरीरचलणा।

१४. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-'सोइंदियचलणा' २? [उ०] गोयमा ! जं णं जीवा सोइंदिये वट्टमाणा सोइंदियपाओग्गाइं दव्वाइं सोइंदियत्ताए परिणामेमाणा सोइंदियचलणं चलिंसु वा, चलंति वा, चलिस्संति वा, से तेणट्ठेणं जाव-सोतिंदियचलणा २। एवं जाव-फासिंदियचलणा।

१५. [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-'मणजोगचलणा' २? [उ०] गोयमा ! जं णं जीवा मणजोए वट्टमाणा मणजोगपाओग्गाइं दव्वाइं मणजोगत्ताए परिणामेमाणा मणजोगचलणं चलिंसु वा, चलंति वा, चलिस्संति वा से तेणट्ठेणं जाव-मणजोगचलणा २। एवं वइजोगचलणा वि, एवं कायजोगचलणा वि।

१६. [प्र०] अह भंते ! संवेगे, निव्वेए, गुरु-साहम्मियसुस्सूसणया, आलोयणया, निंदणया, गरहणया, खमावणया, सुयसहायता, विउसमणया, भावे अप्पडिबद्धया, विणिवट्टणया, विवित्तसयणासणसेवणया, सोइंदियसंवरे, जाव-फासिंदियसंवरे, जोगपच्चक्खाणे, सरीरपच्चक्खाणे, कसायपच्चक्खाणे, संभोगपच्चक्खाणे, उवहिपच्चक्खाणे, भत्तपच्चक्खाणे, खमा, विरागया, भावसच्चे, जोगसच्चे, करणसच्चे, मणसमन्नाहरणया, वइसमन्नाहरणया, कायसमन्नाहरणया, कोहविवेगे, जाव-मिच्छादंसणसल्लविवेगे, णाणसंपन्नया, दंसणसंपन्नया, चरित्तसंपन्नया, वेदणअहियासणया, मारणंतियअहियासणया-एए णं भंते ! पया किंपज्जवसाणफला पन्नत्ता समणाउसो? [उ०] गोयमा ! संवेगे, निव्वेए, जाव-मारणंतियअहियासणया-एए णं सिद्धिपज्जवसाणफला पन्नत्ता समणाउसो !। 'सेवं भंते !, सेवं भंते' ! त्ति जाव-विहरइ।

## सत्तरसमे सए तईओ उद्देसो समत्तो।

जीवोए औदारिकशरीरयोग्य द्रव्योने औदारिकशरीरपणे परिणमावता औदारिकशरीरनी चलना करी छे, करे छे अने करशे, ते कारणथी हे गौतम ! औदारिकशरीरचलना २ कहेवामां आवे छे.

१३ [प्र०] हे भगवन् ! शा कारणथी वैक्रियशरीरचलना २ कहेवामां आवे छे? [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं. विशेष ए के 'वैक्रियशरीरने विषे वर्तता' इत्यादि कहेवुं. [अर्थात्-औदारिकने बदले बधे वैक्रिय कहेवुं.] अने एज प्रमाणे यावत्-कार्मणशरीरचलना सुधी जाणवुं. (वैक्रिय चलना कहेवानुं कारण.)

१४. [प्र०] हे भगवन् ! शा कारणथी श्रोत्रेन्द्रियचलना २ कहेवामां आवे छे? [उ०] हे गौतम ! श्रोत्रेन्द्रियने धारण करता जीवोए श्रोत्रेन्द्रिययोग्य द्रव्योने श्रोत्रेन्द्रियपणे परिणमावता श्रोत्रेन्द्रियनी चलना करी छे, करे छे अने करशे, ते कारणथी श्रोत्रेन्द्रियचलना २ कहेवामां आवे छे. ए प्रमाणे यावत्-स्पर्शेन्द्रियचलना सुधी जाणवुं. (श्रोत्रेंद्रियादिचलना कहेवानुं कारण.)

१५. [प्र०] हे भगवन् ! शा कारणथी मनोयोगचलना २ कहेवामां आवे छे? [उ०] हे गौतम ! जे कारणथी मनयोगने धारण करता जीवोए मनयोग्य द्रव्योने मनयोगपणे परिणमावता मनोयोगनी चलना करी छे, करे छे अने करशे, ते कारणथी मनोयोगचलना २ कहेवामां आवे छे. ए प्रमाणे वचनयोगचलना तथा काययोगचलना पण जाणवी. (मनोयोग चलना कहेवानुं कारण.)

१६. [प्र०] हे भगवन् ! संवेग-मोक्षनो अभिलाष, निर्वेद-संसारथी विरक्तता, गुरुओनी तथा साधर्मिकोनी सेवा, पापोनी आलोचना-गुरु समक्ष कथन, निंदा-आत्मद्वारा दोषोनी निन्दा, गर्हा-परसमक्ष पोताना दोषो प्रगट करवा, क्षमापना, उपशांतता, श्रुतसहायता-श्रुताभ्यास, भावाप्रतिबद्धता-हास्यादि भावोने विषे अप्रतिबंध, पापस्थानोथी निवृत्त थवुं, विविक्तशयनासता-स्त्र्यादिरहित वसति अने आसननो उपयोग, श्रोत्रेन्द्रियसंवर, यावत्-स्पर्शेन्द्रियसंवर, योगप्रत्याख्यान, *शरीरप्रत्याख्यान, कषायप्रत्याख्यान, †संभोगप्रत्याख्यान, ‡उपधिप्रत्याख्यान, भक्तप्रत्याख्यान, क्षमा, विरागता, भावसत्य, योगसत्य, करणसत्य-प्रतिलेखनादि क्रियानुं यथार्थ करवुं, मनःसमन्वाहरण-मननुं संगोपन, वचःसमन्वाहरण-वचनसंगोपन, कायसमन्वाहरण-कायसंगोपन, क्रोधनो त्याग, यावत्-मिथ्यादर्शनशल्यनो त्याग, ज्ञानसंपन्नता, दर्शनसंपन्नता, चारित्रसंपन्नता, क्षुधादि वेदनामां सहनशीलता अने मारणान्तिक कष्टमां सहनशीलता-ए बधा पदोनुं हे आयुष्मान् श्रमण ! अन्तिम फळ शुं कह्युं छे? [उ०] हे गौतम ! संवेग, निर्वेद, यावत्-मारणांतिक कष्टमां सहनशीलता-ए बधा पदोनुं अंतिम फळ मोक्ष कह्युं छे. "हे भगवन् ! ते एमज छे. हे भगवन् ! ते एमज छे." (संवेगादिनुं फळ.)

## सत्तरमा शतकमां तृतीय उद्देशक समाप्त.

---

१६ * शरीरमां आसक्तिनो त्याग करवो. † साधुओ परस्पर एक मंडलीमां बेसी भोजन करे ते संभोग, जिनकल्पादिने स्वीकारी तेनो त्याग करवो ते संभोगप्रत्याख्यान. ‡ अधिक वस्त्रादिनो त्याग करवो ते उपधिप्रत्याख्यान.

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

## चउत्थो उद्देसो.

१. [प्र०] तेणं कालेणं, तेणं समएणं रायगिहे नगरे जाव–एवं वयासी–अत्थि णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ ? [उ०] हंता, अत्थि ।

२. [प्र०] सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ? [उ०] गोयमा ! पुट्ठा कज्जइ, नो अपुट्ठा कज्जइ । एवं जहा पढमसए छट्ठुद्देसए जाव–णो 'अणाणुपुव्विकडा' ति वत्तव्वं सिया, एवं जाव–वेमाणियाणं, नवरं–जीवाणं एगिंदियाण य निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउदिसिं, सिय पंचदिसिं; सेसाणं नियमं छद्दिसिं ।

३. [प्र०] अत्थि णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जइ ? [उ०] हंता, अत्थि ।

४. [प्र०] सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जति ? [उ०] जहा पाणाइवाएणं दंडओ एवं मुसावाएण वि; एवं अदिन्नादाणेण वि, मेहुणेण वि, परिग्गहेण वि । एवं एए पंच दंडगा ।

५. [प्र०] जं समयं णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ? [उ०] एवं तहेव जाव–वत्तव्वं सिया, जाव–वेमाणियाणं, एवं जाव–परिग्गहेणं, एवं एते वि पंच दंडगा ।

६. [प्र०] जं देसेणं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ ? [उ०] एवं चेव, जाव–परिग्गहेणं, एते वि पंच दंडगा ।

७. [प्र०] जं पएसं णं भंते ! जीवाणं पाणातिवाएणं किरिया कज्जइ सा भंते किं पुट्ठा कज्जइ ?–एवं तहेव दंडओ । [उ०] एवं जाव–परिग्गहेणं । एवं एए वीसं दंडगा ।

## चतुर्थ उद्देशक.

प्राणातिपात वगेरे द्वारा थती क्रिया.

१. [प्र०] ते काळे ते समये राजगृह नगरमां [भगवान् गौतम] यावत्–आ प्रमाणे बोल्या के, हे भगवन् ! जीवो वडे प्राणातिपात-द्वारा क्रिया–कर्म कराय छे ? [उ०] हा, कराय छे.

स्पृष्ट के अस्पृष्ट कर्म कराय ?

२. [प्र०] हे भगवन् ! ते क्रिया (कर्म) स्पृष्ट–आत्माए स्पर्शेली कराय के अस्पृष्ट–आत्माना स्पर्श विना कराय ? [उ०] हे गौतम ! ते स्पृष्ट कराय, पण अस्पृष्ट न कराय–इत्यादि बधुं प्रथम शतकना *छट्ठा उद्देशकमां कह्या प्रमाणे कहेवुं; यावत्–ते क्रिया (कर्म) अनुक्रमे कराय छे, पण अनुक्रम विना कराती नथी. ए प्रमाणे दंडकना क्रमथी यावत्–वैमानिको सुधी जाणवुं. परन्तु विशेष ए के जीवो अने एकेन्द्रियो व्याघात–प्रतिबंध सिवाय छ ए दिशामांथी आवेलां कर्म करे छे, अने जो व्याघात होय तो कदाच त्रण दिशामांथी, कदाच चार दिशामांथी अने कदाच पांच दिशामांथी, आवेलां कर्म करे छे. [ जे एकेन्द्रियो लोकान्ते रहेला छे, तेने उपरनी अने आसपासनी दिशाथी कर्म आववानो संभव नथी, तेथी तेओ कचित् त्रण दिशामांथी कदाचित् चार दिशामांथी, अने कदाचित् पांच दिशामांथी आवेलुं कर्म करे छे. अने बाकीना जीवो लोकना मध्य भागमां होवाथी व्याघातना अभावे छ ए दिशामांथी आवेलुं कर्म करे छे. ते सिवाय बाकीना जीवो तो अवश्य छ ए दिशामांथी आवेलां कर्म करे छे. ]

मृषावाद द्वारा थती क्रिया.

३. [प्र०] हे भगवन् ! जीवो मृषावादद्वारा कर्म करे छे ? [उ०] हा, करे छे.

४. [प्र०] हे भगवन् ! शुं ते क्रिया–कर्म स्पृष्ट कराय–इत्यादि प्रश्न. [उ०] जेम प्राणातिपात संबन्धे दंडक कह्यो छे तेम मृषावाद संबन्धे पण दंडक कहेवो. एम अदत्तादान, मैथुन अने परिग्रहसंबन्धे पांचे दंडको कहेवा.

५. [प्र०] हे भगवन् ! जे समये जीवो प्राणातिपातद्वारा (कर्म) करे छे ते समये हे भगवन् ! ते स्पृष्ट कर्म करे छे के अस्पृष्ट कर्म करे छे ? [उ०] पूर्व प्रमाणे जाणवुं. यावत्–ते 'अनानुपूर्वीकृत नथी' त्यांसुधी कहेवुं. ए प्रमाणे–यावत्–दंडकना क्रमथी वैमानिको सुधी यावत्–परिग्रह संबन्धे जाणवुं. बधा मळीने पूर्ववत् पांचे दंडको मृषावाद संबन्धे कहेवा.

क्षेत्रने आश्रयी कर्म.

६. [प्र०] हे भगवन् ! जे क्षेत्रमां जीवो प्राणातिपात द्वारा कर्म करे छे ते क्षेत्रमां स्पृष्ट के अस्पृष्ट कर्म करे छे–इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे उत्तर कहेवो. यावत्–परिग्रह सुधी जाणवुं. एम पांचे दंडको कहेवा.

प्रदेशने आश्रयी क्रिया.

७. [प्र०] हे भगवन् ! जे प्रदेशमां जीवो प्राणातिपात द्वारा कर्म करे छे ते प्रदेशमां शुं स्पृष्ट कर्म करे छे के अस्पृष्ट कर्म करे छे–इत्यादि पूर्व प्रमाणे दंडक कहेवो. [उ०] ए प्रमाणे यावत्–परिग्रह सुधी जाणवुं. एम बधा मळीने †वीश दंडको कहेवा.

---

२ * भग० खं० १ श० १ उ० ६ पृ० १६५–१६६.

७ † प्राणातिपातथी परिग्रह सुधीना सामान्य पांच दंडको, अने ए प्रमाणे समय, देश अने प्रदेश आश्रयी पण पांच पांच दंडको मळी वीश दंडको जाणवा.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**८. [प्र०] जीवाणं भंते! किं अत्तकडे दुक्खे, परकडे दुक्खे, तदुभयकडे दुक्खे? [उ०] गोयमा! अत्तकडे दुक्खे, नो परकडे दुक्खे, नो तदुभयकडे दुक्खे; एवं जाव–वेमाणियाणं।**

**९. [प्र०] जीवा णं भंते! किं अत्तकडं दुक्खं वेदेंति, परकडं दुक्खं वेदेंति, तदुभयकडं दुक्खं वेदेंति? [उ०] गोयमा! अत्तकडं दुक्खं वेदेंति, नो परकडं दुक्खं वेदेंति, नो तदुभयकडं दुक्खं वेदेंति; एवं जाव–वेमाणियाणं।**

**१०. [प्र०] जीवाणं भंते! अत्तकडा वेयणा, परकडा वेयणा–पुच्छा। [उ०] गोयमा! अत्तकडा वेयणा, णो परकडा वेयणा, णो तदुभयकडा वेयणा। एवं जाव–वेमाणियाणं।**

**११. [प्र०] जीवा णं भंते! किं अत्तकडं वेदणं वेदेंति, परकडं वेदणं वेदेंति, तदुभयकडं वेदणं वेदेंति? [उ०] गोयमा! जीवा अत्तकडं वेयणं वेयंति, नो परकडं, नो तदुभयकडं; एवं जाव–वेमाणियाणं। 'सेवं भंते! सेवं भंते'! त्ति।**

## सत्तरसमे सए चउत्थो उद्देसो समत्तो।

८. [प्र०] हे भगवन्! जीवोने जे दुःख छे ते शुं आत्मकृत छे, परकृत छे के उभयकृत छे? [उ०] हे गौतम! जीवोने जे दुःख छे ते आत्मकृत छे, परकृत नथी, तेम उभयकृत पण नथी, ए प्रमाणे दंडकना क्रमथी यावत्–वैमानिको सुधी जाणवुं. *दुःख आत्मकृत, परकृत के उभयकृत छे?*

९. [प्र०] हे भगवन्! जीवो शुं आत्मकृत *दुःख वेदे छे, परकृत दुःख वेदे छे के तदुभयकृत दुःख वेदे छे? [उ०] हे गौतम! जीवो आत्मकृत दुःख वेदे छे; परकृत के उभयकृत दुःख वेदता नथी. ए प्रमाणे यावत्–वैमानिको सुधी जाणवुं. *दुःखनुं वेदन आत्मकृत, परकृत के उभयकृत छे?*

१०. [प्र०] हे भगवन्! जीवोने जे वेदना छे ते शुं आत्मकृत छे, परकृत छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! वेदना आत्मकृत छे, परकृत के उभयकृत नथी. ए प्रमाणे यावत्–वैमानिको सुधी जाणवुं. *वेदना आत्मकृत, परकृत के उभयकृत छे?*

११. [प्र०] हे भगवन्! जीवो शुं आत्मकृत वेदनाने वेदे छे, परकृत वेदनाने वेदे छे के उभयकृत वेदनाने वेदे छे? [उ०] हे गौतम! जीवो आत्मकृत वेदनाने वेदे छे; परकृत के उभयकृत वेदनाने वेदता नथी. ए प्रमाणे यावत्–वैमानिको सुधी जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'. *वेदनाना वेदनसंबन्धे प्रश्न.*

## सत्तरमा शतकमां चतुर्थ उद्देशक समाप्त.

---

## पंचमो उद्देसो.

**१. [प्र०] कहिं णं भंते! ईसाणस्स देविंदस्स देवरन्नो सभा सुहम्मा पण्णत्ता? [उ०] गोयमा! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम–सूरिय० जहा ठाणपदे जाव–मज्झे ईसाणवडेंसए। से णं ईसाणवडेंसए महाविमाणे अद्धतेरसजोयणसयसहस्साइं–एवं जहा दसमसए सक्कविमाणवत्तव्वया सा इह वि ईसाणस्स निरवसेसा भाणियव्वा, जाव–आयरक्ख त्ति। ठिती सातिरेगाइं दो सागरोवमाइं, सेसं तं चेव, जाव–ईसाणे देविंदे देवराया २। 'सेवं भंते!, सेवं भंते'! त्ति।**

## सत्तरसमे सए पंचमो उद्देसो समत्तो।

## पंचम उद्देशक.

१. [प्र०] हे भगवन्! देवेंद्र देवराज ईशाननी सुधर्मा सभा क्यां कही छे? [उ०] हे गौतम! जंबूद्वीप नामे द्वीपमां मंदरपर्वतनी उत्तरे आ रत्नप्रभा पृथिवीना अत्यन्त सम अने रमणीय भूमिभागथी उपर चंद्र अने सूर्यने मूकीने आगळ गया पछी–यावत्–[प्रज्ञापनासूत्रना बीजा] †स्थानपदमां कह्या प्रमाणे मध्यभागमां ईशानावतंसक विमान आवे छे. ते ईशानावतंसक नामे महाविमान साडा बार लाख योजन लांबुं अने पहोळुं छे–इत्यादि यावत्–दशम ‡शतकमां शक्रविमाननी वक्तव्यता कही छे ते बधी अहीं ईशान संबंधे यावत्–आत्मरक्षकनी वक्तव्यता सुधी कहेवी. ते ईशानेन्द्रनुं आयुष किंचित् अधिक बे सागरोपमनुं छे, बाकी बधुं तेज प्रमाणे जाणवुं. यावत्–देवेंद्र देवराज ईशान छे २. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'. *ईशानेन्द्रनी सुधर्मा सभा.*

## सत्तरमा शतकमां पंचम उद्देशक समाप्त.

---

९ * अहीं दुःखशब्द दुःखनो अथवा दुःखना हेतुभूत कर्मनो वाचक छे अने वेदनाशब्द सुख-दुःख उभयनो, अथवा सुखदुःखना हेतुभूत कर्मनो वाचक छे.

१ † प्रज्ञा० पद २१ प० १०२. ‡ भग० ख० ३ श० १० उ० ६ पृ० २०५.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## छट्ठओ उद्देसो.

**१. [प्र०] पुढविक्काइए णं भंते! इमीसे रयणप्पभाए पुढवीए समोहए, समोहणित्ता जे भविए सोहम्मे कप्पे पुढविक्काइयत्ताए उववज्जित्तए से णं भंते! किं पुव्विं उववज्जित्ता पच्छा संपाउणेज्जा, पुव्विं संपाउणित्ता पच्छा उववज्जेज्जा? [उ०] गोयमा! पुव्विं वा उववज्जित्ता पच्छा संपाउणेज्जा, पुव्विं वा संपाउणित्ता पच्छा उववज्जेज्जा। [प्र०] से केणट्ठेणं जाव–पच्छा उववज्जेज्जा? [उ०] गोयमा! पुढविक्काइयाणं तओ समुग्घाया पन्नत्ता, तं जहा–वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए। मारणंतियसमुग्घाएणं समोहणमाणे देसेण वा समोहणति, सव्वेण वा समोहणति; देसेण वा समोहणमाणे पुव्विं संपाउणित्ता पच्छा उववज्जिज्जा, सव्वेणं समोहणमाणे पुव्विं उववज्जेत्ता पच्छा संपाउणेज्जा; से तेणट्ठेणं जाव–उववज्जिज्जा।**

**२. [प्र०] पुढविक्काइए णं भंते! इमीसे रयणप्पभाए पुढवीए जाव–समोहए, समोहणित्ता जे भविए ईसाणे कप्पे पुढवि०? [उ०] एवं चेव ईसाणे वि, एवं जाव–अच्चुय–गेविज्जविमाणे, अणुत्तरविमाणे; ईसिपब्भाराए य एवं चेव।**

**३. [प्र०] पुढविक्काइए णं भंते! सक्करप्पभाए पुढवीए समोहए, समोहणित्ता जे भविए सोहम्मे कप्पे पुढवि०? [उ०] एवं जहा रयणप्पभाए पुढविक्काइओ उववाइओ एवं सक्करप्पभाए वि पुढविक्काइओ उववाएयव्वो, जाव–ईसिपब्भाराए, एवं जहा रयणप्पभाए वत्तव्वया भणिया, एवं जाव–अहेसत्तमाए समोहए ईसीपब्भाराए उववाएयव्वो, सेसं तं चेव। 'सेवं भंते!, सेवं भंते'! त्ति।**

### सत्तरसमे सए छट्ठओ उद्देसो समत्तो।

## षष्ठ उद्देशक.

१. [प्र०] हे भगवन्! जे पृथिवीकायिक जीव आ रत्नप्रभा पृथिवीमां मरण समुद्घात करीने सौधर्मकल्पमां पृथिवीकायिकपणे उत्पन्न थवाने योग्य छे ते हे भगवन्! शुं प्रथम उत्पन्न थाय अने पछी आहार करे–पुद्गल ग्रहण करे के प्रथम पुद्गल ग्रहण करे अने पछी उत्पन्न थाय? [उ०] हे गौतम! ते *प्रथम उत्पन्न थाय अने पछी पुद्गल ग्रहण करे; अथवा प्रथम पुद्गल ग्रहण करे अने पछी उत्पन्न थाय. [प्र०] ते शा कारणथी यावत्–पछी उत्पन्न थाय? [उ०] हे गौतम! पृथिवीकायिकोने त्रण समुद्घातो कह्या छे; ते आ प्रमाणे–वेदना समुद्घात, कषाय समुद्घात अने मारणांतिक समुद्घात. ज्यारे जीव मारणांतिक समुद्घात करे छे त्यारे †देशथी पण समुद्घात करे छे अने सर्वथी पण समुद्घात करे छे. ज्यारे देशथी समुद्घात करे छे त्यारे प्रथम पुद्गल ग्रहण करे छे अने पछी उत्पन्न थाय छे, ज्यारे सर्वथी समुद्घात करे छे त्यारे प्रथम उत्पन्न थाय छे अने पछी पुद्गल ग्रहण करे छे. ते कारणथी यावत्–पछीथी उत्पन्न थाय छे.

२. [प्र०] हे भगवन्! पृथिवीकायिक जीव आ रत्नप्रभा पृथिवीमां यावत्–मरणसमुद्घात करी जे ईशानकल्पमां पृथिवीकायिकपणे उत्पन्न थवाने योग्य छे–इत्यादि पृच्छा. [उ०] पूर्व प्रमाणे ईशानकल्पसंबन्धे जाणवुं. एम यावत्–अच्युत, ग्रैवेयक विमान, अनुत्तर विमान अने ईषत्प्राग्भारा पृथिवी संबन्धे पण जाणवुं.

३. [प्र०] हे भगवन्! जे पृथिवीकायिक जीव आ शर्कराप्रभा पृथिवीमां मरण समुद्घात करीने सौधर्म कल्पमां पृथिवीकायिकपणे उत्पन्न थवाने योग्य छे–इत्यादि प्रश्न. [उ०] जेम रत्नप्रभा पृथिवीना पृथिवीकायिकनो उत्पाद कह्यो छे तेम शर्कराप्रभाना पृथिवीकायिकनो उत्पाद कहेवो. यावत्–ए प्रमाणे ईषत्प्राग्भारा पृथिवी सुधी जाणवुं. तथा जेम रत्नप्रभाना पृथिवीकायिकनी वक्तव्यता कही तेम यावत्–सातमी नरकपृथिवी सुधीमां मरणसमुद्घातथी समवहत थयेला जीवनो ईषत्प्राग्भारामां उपपात कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'.

### सत्तरमा शतकमां षष्ठ उद्देशक समाप्त.

---

१ * जीव मरणसमुद्घातथी निवृत्त थई ज्यारे पूर्वना शरीरने सर्वथा छोडी दडानी पेठे सर्व आत्मप्रदेशो साथे उत्पत्तिस्थळे जाय त्यारे पूर्वे उत्पन्न थाय अने पछी पुद्गलग्रहणरूप आहार करे, पण ज्यारे मरण समुद्घात करतां ज मरण पामे अने ईलिकानी गतिथी उत्पत्तिस्थाने जाय, त्यारे पहेलां आहार करे अने पछी उत्पन्न थाय. अर्थात्–पूर्वना शरीरमां रहेला जीव प्रदेशोने ईयळनी पेठे संहरी समस्त जीवप्रदेशो साथे उत्पत्तिस्थाने जाय त्यारे प्रथम पुद्गलग्रहण करे अने पछी उत्पन्न थाय.—टीका.

† मारणान्तिक समुद्घात करतां ज मरण पामे त्यारे ते ईयळनी गतिथी उत्पत्तिस्थाने प्राप्त थाय, ते वखते जीवनो अंश पूर्वना शरीरमां रहेलो होवाथी अने अमुक अंश उत्पत्ति स्थाने प्राप्त थयेलो होवाथी 'देशथी समुद्घात करे' एम कहेवाय छे. पण ज्यारे मरणसमुद्घातथी निवृत्त थईने पछी मरण पामे छे त्यारे सर्व प्रदेशने संहरी दडानी पेठे उत्पत्तिस्थळे प्राप्त थाय छे, माटे 'सर्वथी समुद्घात करे छे' एम कहेवाय छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## सत्तमो उद्देसो.

**१. [प्र०] पुढविकाइए णं भंते! सोहम्मे कप्पे समोहए, समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए पुढविकाइयत्ताए उववज्जित्तए से णं भंते! किं पुर्व्वि०—सेसं तं चेव। [उ०] जहा रयणप्पभाए पुढविकाइए सव्वकप्पेसु जाव–ईसिप्पभाराए ताव उववाइओ, एवं सोहम्मपुढविकाइओ वि सत्तसु वि पुढवीसु उववायएयव्वो जाव–अहेसत्तमाए; एवं जहा सोहम्मपुढविकाइओ सव्वपुढवीसु उववाइओ, एवं जाव–ईसिपब्भारापुढविकाइओ सव्वपुढवीसु उववायएयव्वो जाव–अहेसत्तमाए। 'सेवं भंते! सेवं भंते'! त्ति।**

**सत्तरसमे सए सत्तमो उद्देसो समत्तो।**

## सप्तम उद्देशक.

१. [प्र०] हे भगवन्! जे पृथिवीकायिक जीव सौधर्मकल्पमां मरणसमुद्घात करी आ रत्नप्रभा पृथिवीमां पृथिवीकायिकपणे उत्पन्न थवाने योग्य छे ते हे भगवन्! प्रथम उत्पन्न थाय अने पछी आहार करे–इत्यादि प्रश्न. [उ०] जेम रत्नप्रभापृथिवीना पृथिवीकायिक जीवनो बधा कल्पोमां, यावत्–ईषत्प्राग्भारा पृथिवीमां उपपात कहेवामां आव्यो छे तेम सौधर्मकल्पना पृथिवीकायिक जीवनो पण साते नरकपृथिवीमां यावत्–सप्तम नरक सुधी उपपात कहेवो. तथा जेम सौधर्मकल्पना पृथिवीकायिक जीवनो सर्व पृथिवीओमां उपपात कह्यो छे तेम बधा स्वर्गो, यावत्–ईषत्प्राग्भारा पृथिवीना पृथिवीकायिक जीवनो पण सर्व पृथिवीओमां यावत्–सातमी नरकपृथिवी सुधी उपपात कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' पृथिवीकायिकसंबन्धे प्रश्न.

**सत्तरमा शतकमां सप्तम उद्देशक समाप्त.**

---

## अट्ठमो उद्देसो।

**१. [प्र०] आउकाइए णं भंते! इमीसे रयणप्पभाए पुढवीए समोहए, समोहणित्ता जे भविए सोहम्मे कप्पे आउकाइयत्ताए उववज्जित्तए० ? [उ०] एवं जहा पुढविकाइओ तहा आउकाइओ वि सव्वकप्पेसु, जाव–ईसिपब्भाराए तहेव उववाएयव्वो, एवं जहा–रयणप्पभआउकाइओ उववाइओ तहा जाव–अहेसत्तमपुढविआउकाइओ उववायएयव्वो, एवं जाव–ईसिप्पब्भाराए। 'सेवं भंते! सेवं भंते'! त्ति।**

**सत्तरसमे सए अट्ठमो उद्देसो समत्तो।**

## अष्टम उद्देशक.

१. [प्र०] हे भगवन्! जे अप्कायिक जीव आ रत्नप्रभा पृथिवीमां मरणसमुद्घात करीने सौधर्मकल्पमां अप्कायिकपणे उत्पन्न थवाने योग्य छे–इत्यादि प्रश्न. [उ०] जेम पृथिवीकायिकसंबन्धे कह्युं छे तेम अप्कायिकसंबन्धे पण बधा कल्पोमां कहेवुं, यावत्–ईषत्प्राग्भारा पृथिवीमां पण ते प्रमाणे उपपात कहेवो. तथा जेम रत्नप्रभाना अप्कायिक जीवनो उपपात कह्यो छे तेम यावत्–सातमी पृथिवीना अप्कायिक जीवनो पण यावत्–ईषत्प्राग्भारा पृथिवी सुधी उपपात कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' अप्कायिक.

**सत्तरमा शतकमां अष्टम उद्देशक समाप्त.**

## नवमो उद्देसो।

**१. [प्र०] आउकाइए णं भंते! सोहम्मे कप्पे समोहए, समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए घणोदहिवलएसु आउकाइत्ताए उववज्जित्तए से णं भंते० ? [उ०] सेसं तं चेव, एवं जाव–अहेसत्तमाए। जहा सोहम्मआउकाइओ एवं जाव–ईसिपब्भाराआउकाइओ जाव–अहेसत्तमाए उववायएयव्वो! 'सेवं भंते! सेवं भंते'! त्ति।**

**सत्तरसमे सए नवमो उद्देसो समत्तो।**

## नवम उद्देशक.

२. [प्र०] हे भगवन्! जे अप्कायिक जीव सौधर्मकल्पमां मरणसमुद्घातने प्राप्त थईने आ रत्नप्रभाना घनोदधिवलयोमां अप्कायिकपणे उत्पन्न थवाने योग्य छे, ते हे भगवन्!–इत्यादि प्रश्न. [उ०] बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं. एम यावत्–अधःसप्तम पृथिवी सुधी जाणवुं. जेम सौधर्मकल्पना अप्कायिकनो [नरक पृथिवीमां] उपपात कह्यो तेम यावत्–ईषत्प्राग्भारापृथिवीना अप्कायिक जीवनो यावत्–अधःसप्तम पृथिवी सुधी उपपात कहेवो. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे. अप्कायिक

**सत्तरमा शतकमां नवम उद्देशक समाप्त.**

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दसमो उद्देसो।

१. [प्र०] **वाउकाइए णं भंते! इमीसे रयणप्पभाए जाव–जे भविए सोहम्मे कप्पे वाउक्काइयत्ताए उववज्जित्तए से णं०? [उ०] जहा पुढविकाइओ तहा वाउकाइओ वि, नवरं वाउक्काइयाणं चत्तारि समुग्घाया पण्णत्ता, तंजहा–वेदणासमुग्घाए, जाव–वेउव्वियसमुग्घाए। मारणंतियसमुग्घाए णं समोहणमाणे देसेण वा समोहणइ०, सेसं तं चेव, जाव–अहेसत्तमाए समोहओ ईसिपब्भाराए उववाएयव्वो। 'सेवं भंते! सेवं भंते'! त्ति।**

**सत्तरसमे सए दसमो उद्देसो समत्तो।**

## दशम उद्देशक.

वायुकायिक- १. [प्र०] हे भगवन्! जे वायुकायिक जीव आ रत्नप्रभामां मरणसमुद्घातने प्राप्त थइने सौधर्मकल्पमां वायुकायिकपणे उत्पन्न थवाने योग्य छे ते हे भगवन्!–इत्यादि प्रश्न. [उ०] जेम पृथिवीकायिकसंबन्धे कहेवामां आव्युं छे तेम वायुकायिकसंबन्धे पण जाणवुं. विशेष ए के वायुकायिकने चार समुद्घात होय छे; अने ते आ प्रमाणे–वेदनासमुद्घात, यावत्–वैक्रियसमुद्घात. ते वायुकायिक मारणांतिक समुद्घातवडे समवहत थई देशथी समुद्घात करे छे–इत्यादि बाकी बधुं तेज प्रमाणे जाणवुं; यावत्–सातमी नरकपृथिवीमां समुद्घातने प्राप्त थयेल वायुकायिकनो ईषत्प्राग्भारामां उपपात कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.'

**सत्तरमा शतकमां दशम उद्देशक समाप्त.**

---

## इक्कारसमो उद्देसो।

१. [प्र०] **वाउकाइए णं भंते! सोहम्मे कप्पे समोहए, समोहणित्ता जे भविए इमीसे रयणप्पभाए पुढवीए घणवाए, तणुवाए, घणवायवलएसु, तणुवायवलएसु वाउकाइयत्ताए उववज्जित्तए से णं भंते!०? [उ०] सेसं तं चेव, एवं जहा सोहम्मे वाउकाइओ सत्तसु वि पुढवीसु उववाइओ एवं जाव–ईसिप्पब्भाराए वाउकाइओ अहेसत्तमाए जाव–उववाएयव्वो। 'सेवं भंते! सेवं भंते'! त्ति।**

**सत्तरसमे सए इक्कारसमो उद्देसो समत्तो।**

## अगीयारमो उद्देशक.

वायुकायिक- १. [प्र०] हे भगवन्! जे वायुकायिक जीव सौधर्मकल्पमां समुद्घात करी आ रत्नप्रभा पृथिवीना घनवात, तनुवात, घनवातवलयो के तनुवातवलयोमां वायुकायिकपणे उत्पन्न थवाने योग्य छे ते हे भगवन्!–इत्यादि प्रश्न. [उ०] बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं. अने जेम सौधर्मकल्पना वायुकायिकनो साते पृथिवीमां उपपात कह्यो छे ते प्रमाणे यावत्–ईषत्प्राग्भारा पृथिवीना वायुकायिकनो यावत्–अधःसप्तम पृथिवीपर्यंत उपपात कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.'

**सत्तरमा शतकमां अगीयारमो उद्देशक समाप्त.**

---

## बारसमो उद्देसो।

१. [प्र०] **एगिंदिया णं भंते! सव्वे समाहारा? [उ०] एवं जहा पढमसए बितियउद्देसए पुढविकाइयाणं वत्तव्वया भणिया सा चेव एगिंदियाणं इह भाणियव्वा, जाव–समाउया, समोववन्नगा।**

२. [प्र०] **एगिंदियाणं भंते! कति लेस्साओ पन्नत्ताओ? [उ०] गोयमा! चत्तारि लेस्साओ पन्नत्ताओ, तं जहा–कण्हलेस्सा, जाव–तेउलेस्सा।**

## बारमो उद्देशक.

एकेन्द्रिय जीवो समान आहारवाळा छे–इत्यादि प्रश्न. १. [प्र०] हे भगवन्! बधा एकेन्द्रिय जीवो समान आहारवाळा छे, समान शरीरवाळा छे–इत्यादि प्रश्न. [उ०] जेम प्रथम शतकना *द्वितीय उद्देशकमां पृथिवीकायिकनी वक्तव्यता कही छे तेम अहीं एकेन्द्रियो संबन्धे पण कहेवी. यावत्–समान आयुष्यवाळा नथी, तेम साथे उत्पन्न थता पण नथी.

एकेन्द्रियोने लेश्या. २. [प्र०] हे भगवन्! एकेन्द्रियोने केटली लेश्याओ कही छे? [उ०] हे गौतम! तेओने चार लेश्याओ कही छे. ते आ प्रमाणे–१ कृष्णलेश्या, यावत्–४ तेजोलेश्या.

---

१ * भग० खं० १ श० १ उ० २ पृ० ९८.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**३. [प्र०] एएसि णं भंते! एगिंदियाणं कण्हलेस्साणं जाव-विसेसाहिया वा? [उ०] गोयमा! सव्वत्थोवा एगिंदिया णं तेउलेस्सा, काउलेस्सा अणंतगुणा, णीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया।**

**४. [प्र०] एएसि णं भंते! एगिंदियाणं कण्हलेस्साणं इड्डी०? [उ०] जहेव दीवकुमाराणं। 'सेवं भंते! सेवं भंते'! त्ति।**

**सत्तरसमे सए बारसमो उद्देसो समत्तो।**

३. [प्र०] हे भगवन्! कृष्णलेश्यावाळा, यावत्-[तेजोलेश्यावाळा ए एकेन्द्रियोमां] कोण कोनाथी यावत् विशेषाधिक छे? [उ०] हे गौतम! सौथी थोडा तेजोलेश्यावाळा एकेन्द्रियो छे, तेथी अनंतगुण अधिक कापोतलेश्यावाळा छे, तेथी विशेषाधिक नीललेश्यावाळा छे, अने तेथी विशेषाधिक कृष्णलेश्यावाळा छे. लेश्यावाळा एकेन्द्रियोनुं अल्पबहुत्व.

४. [प्र०] हे भगवन्! ए कृष्णलेश्यावाळा, यावत्-तेजोलेश्यावाळा एकेन्द्रियोनी ऋद्धि-सामर्थ्य संबन्धे प्रश्न.-एटले कृष्णलेश्यावाळा यावत्-तेजोलेश्यावाळा एकेन्द्रियोमां कोण अल्पऋद्धिवाळो अने कोण महर्द्धिक छे? [उ०] जेम *द्वीपकुमारोनी ऋद्धि कही छे तेम एकेन्द्रियोनी कहेवी. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे. लेश्यावाळा एकेन्द्रियोनी ऋद्धिनुं अल्पबहुत्व.

**सत्तरमा शतकमां बारमो उद्देशक समाप्त.**

## तेरसमो उद्देसो।

**१. [प्र०] नागकुमारा णं भंते! सव्वे समाहारा०? [उ०] जहा सोलसमसए दीवकुमारुद्देसे तहेव निरवसेसं भाणियव्वं जाव-इड्डी। 'सेवं भंते! सेवं भंते'! जाव-विहरति।**

**सत्तरसमे सए तेरसमो उद्देसो समत्तो।**

## तेरमो उद्देशक.

१. [प्र०] हे भगवन्! बधा नागकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] जेम सोळमा शतकमां †द्वीपकुमार उद्देशकमां कहेवामां आव्युं छे तेम यावत्-ऋद्धि सुधी कहेवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'-एम कही यावत्-विहरे छे. बधा नागकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न.

**सत्तरमा शतकमां तेरमो उद्देशक समाप्त.**

## चोद्दसमो उद्देसो।

**१. [प्र०] सुवण्णकुमारा णं भंते! सव्वे समाहारा०? [उ०] एवं चेव। 'सेवं भंते! सेवं भंते'! त्ति।**

**सत्तरसमे सए चोद्दसमो उद्देसो समत्तो।**

## चौदमो उद्देशक.

१. [प्र०] हे भगवन्! बधा सुवर्णकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं. हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे. सुवर्णकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न.

**सत्तरमा शतकमां चौदमो उद्देशक समाप्त.**

## पन्नरसमो उद्देसो।

**१. [प्र०] विज्जुकुमारा णं भंते! सव्वे समाहारा? [उ०] एवं चेव। 'सेवं भंते! सेवं भंते'! त्ति।**

**सत्तरसमे सए पन्नरसमो उद्देसो समत्तो।**

## पंदरमो उद्देशक.

१. [प्र०] हे भगवन्! बधा विद्युत्कुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.' विद्युत्कुमार संबन्धे प्रश्न.

**सत्तरमा शतकमां पंदरमो उद्देशक समाप्त.**

४ * भग० खं० ४ श० १६ उ० ११ पृ० २७.   १ † भग० खं० ४ श० १६ उ० ११ पृ० २७.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

## सोलसमो उद्देसो ।

**१. [प्र०] वायुकुमारा णं भंते ! सव्वे समाहारा० ? [उ०] एवं चेव । 'सेवं भंते ! सेवं भंते' ! त्ति ।**

**सत्तरसमे सए सोलसमो उद्देसो समत्तो ।**

## सोळमो उद्देशक.

वायुकुमार. १. [प्र०] हे भगवन् ! बधा वायुकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे.

**सत्तरमा शतकमां सोळमो उद्देशक समाप्त.**

---

## सत्तरसमो उद्देसो ।

**१. [प्र०] अग्गिकुमारा णं भंते ! सव्वे समाहारा० ? [उ०] एवं चेव । 'सेवं भंते ! सेवं भंते' ! त्ति ।**

**सत्तरसमे सए सत्तरसमो उद्देसो समत्तो.**

## सत्तरसमं सयं समत्तं.

## सत्तरमो उद्देशक.

बधा अग्निकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. १. [प्र०] हे भगवन् ! बधा अग्निकुमारो समान आहारवाळा छे-इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे बधुं जाणवुं. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे.

**सत्तरमा शतकमां सत्तरमो उद्देशक समाप्त.**

## सत्तरमुं शतक समाप्त.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# अट्ठारसमं सयं।

**१ पढमे २ विसाह ३ मायंदिए य ४ पाणाइवाय ५ असुरे य ६।**
**गुल ७ केवलि ८ अणगारे ९ भविए तह १० सोमिलट्ठारसे ॥**

**१. [प्र०] तेणं कालेणं तेणं समएणं रायगिहे जाव-एवं वयासी-जीवे णं भंते! जीवभावेणं किं पढमे अपढमे? [उ०] गोयमा! नो पढमे, अपढमे। एवं नेरइए जाव-वेमाणिए।**

**२. [प्र०] सिद्धे णं भंते! सिद्धभावेणं किं पढमे अपढमे? [उ०] गोयमा! पढमे, नो अपढमे।**

**३ [प्र०] जीवा णं भंते! जीवभावेणं किं पढमा अपढमा? [उ०] गोयमा! नो पढमा, अपढमा। एवं जाव-वेमाणिया १।**

## अढारमुं शतक

[उद्देशकसंग्रह—] १ जीवादि अर्थ संबंधे प्रथम-अप्रथमादिभावनो प्रतिपादक प्रथम उद्देशक, २ विशाखा नगरीमां भगवान् महावीर समोसर्या-इत्यादि संबंधे बीजो उद्देशक, ३ माकंदीपुत्र अनगारना प्रश्न संबंधे त्रीजो उद्देशक, ४ प्राणातिपातादि संबंधे चोथो उद्देशक, ५ असुरकुमारनी वक्तव्यता संबंधे पांचमो उद्देशक, ६ गोळ वगेरेना वर्णादि संबंधे छट्ठो उद्देशक, ७ 'केवलज्ञानी यक्षना आवेशथी सत्य अने असत्य बोले'-एवा अन्यतीर्थिकना मन्तव्य बाबत सातमो उद्देशक, ८ अनगारने ऐर्यापथिकी क्रिया होय के सांपरायिक क्रिया होय वगेरे संबंधे आठमो उद्देशक, भविक द्रव्यनैरयिकादि संबंधे नवमो उद्देशक अने सोमिल ब्राह्मणना प्रश्न वगेरे संबंधे दशमो उद्देशक-ए प्रमाणे आ अढारमा शतकमां दश उद्देशको कहेवामां आवशे.

## +प्रथम उद्देशक.

१. [प्र०] ते काळे, ते समये राजगृह नगरमां [भगवान् गौतम] यावत्-आ प्रमाणे बोल्या-हे भगवन्! जीव जीवभाववडे (जीवत्वनी अपेक्षाए) *प्रथम छे के अप्रथम छे? [उ०] हे गौतम! ते प्रथम नथी, पण अप्रथम छे. ए प्रमाणे [दंडकना क्रमथी] नैरयिको यावत्-वैमानिको जाणवा. जीवद्वार. प्रथम अने अप्रथम.

२. [प्र०] हे भगवन्! सिद्ध सिद्धभाववडे (सिद्धत्वनी अपेक्षाए) प्रथम छे के अप्रथम छे? [उ०] हे गौतम! ते प्रथम छे, पण अप्रथम नथी.

३. [प्र०] हे भगवन्! जीवो जीवभाववडे प्रथम छे के अप्रथम छे? [उ०] हे गौतम! प्रथम नथी पण अप्रथम छे. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जाणवुं.

---

+ आ उद्देशकमां जीवादि चौद द्वारोमां प्रथम-अप्रथमादि भावनो विचार चोवीश दंडक अने सिद्धने आश्रयी कर्यो छे. ते चौद द्वार आ प्रमाणे-१ जीव, २ आहारक, ३ भवसिद्धिक, ४ संज्ञी, ५ लेश्या, ६ दृष्टि, ७ संयत, ८ कषाय, ९ ज्ञान, १० योग, ११ उपयोग, १२ वेद, १३ शरीर, १४ पर्याप्ति.

१ * जे जीवे जे भाव पूर्वे प्राप्त करेलो छे तेनी अपेक्षाए ते अप्रथम कहेवाय छे, जेमके जीवत्व अनादि काळथी जीवने प्राप्त थयेलुं छे माटे जीवत्वनी अपेक्षाए जीव अप्रथम कहेवाय छे. जे जीव पूर्वे अप्राप्त एवा जे भावने प्राप्त करे ते अपेक्षाए ते प्रथम कहेवाय छे, जेमके सिद्धत्वनी अपेक्षाए सिद्ध प्रथम छे, कारण के सिद्धत्व पूर्वे जीवने प्राप्त थयेलुं नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. [प्र०] सिद्धा णं पुच्छा । [उ०] गोयमा! पढमा, नो अपढमा ।

५. [प्र०] आहारए णं भंते! जीवे आहारभावेणं किं पढमे अपढमे? [उ०] गोयमा! नो पढमे, अपढमे । एवं जाव-वेमाणिए, पोहत्तिए एवं चेव ।

६. [प्र०] अणाहारए णं भंते! जीवे अणाहारभावेणं पुच्छा । [उ०] गोयमा! सिय पढमे, सिय अपढमे । [प्र०] नेरइए णं भंते०! [उ०] एवं नेरतिए, जाव-वेमाणिए नो पढमे, अपढमे । सिद्धे पढमे, नो अपढमे ।

७. [प्र०] अणाहारगा णं भंते! जीवा अणाहारभावेणं पुच्छा । [उ०] गोयमा! पढमा वि, अपढमा वि । नेरइया जाव-वेमाणिया णो पढमा, अपढमा । सिद्धा पढमा, नो अपढमा एकेके पुच्छा भाणियव्वा २ ।

८. भवसिद्धीए एगत्तपुहुत्तेणं जहा आहारए, एवं अभवसिद्धीए वि । [प्र०] नोभवसिद्धीयनोअभवसिद्धीए णं भंते! जीवे नोभव०-पुच्छा । [उ०] गोयमा! पढमे, नो अपढमे । [प्र०] णोभवसिद्धी-नोअभवसिद्धीए णं भंते! सिद्धे नोभव० । [उ०] एवं पुहुत्तेण वि दोण्ह वि ।

९. [प्र०] सन्नी णं भंते! जीवे सन्नीभावेणं किं पढमे-पुच्छा । [उं०] गोयमा! नो पढमे, अपढमे । एवं विगलिंदिय-वज्जं जाव-वेमाणिए । एवं पुहुत्तेण वि ३ । असन्नी एवं चेव एगत्तपुहुत्तेणं, नवरं जाव-वाणमंतरा । नोसन्नी-नोअसन्नी जीवे मणुस्से सिद्धे पढमे, नो अपढमे । एवं पुहुत्तेण वि ४ ।

४. [प्र०] हे भगवन्! सिद्धो सिद्धभाववडे प्रथम छे के अप्रथम छे–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते प्रथम छे, पण अप्रथम नथी.

२ आहारक द्वार. ५. [प्र०] हे भगवन्! आहारक जीव आहारकभाव वडे प्रथम छे के अप्रथम छे? [उ०] हे गौतम! ते प्रथम नथी, पण अप्रथम छे. ए प्रमाणे यावत्–वैमानिको सुधी जाणवुं. बहुवचनमां पण तेज प्रमाणे समजवुं.

अनाहारक. ६. [प्र०] हे भगवन्! अनाहारक जीव अनाहारकभाववडे प्रथम छे—इत्यादि पृच्छा. [उ०] हे गौतम! कदाच *प्रथम होय अने कदाच अप्रथम पण होय. [प्र०] हे भगवन्! नैरयिक अनाहारकभाववडे प्रथम छे–इत्यादि प्रश्न. [उ०] ए प्रमाणे नैरयिक यावत्–वैमानिक अनाहारकभाववडे प्रथम नथी, पण अप्रथम छे. सिद्ध अनाहारकभाववडे प्रथम छे, पण अप्रथम नथी.

७. [प्र०] हे भगवन्! अनाहारक जीवो अनाहारकभाववडे प्रथम छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! प्रथम पण छे अने अप्रथम पण छे. नैरयिको यावत्–वैमानिको अनाहारकभाववडे प्रथम नथी पण अप्रथम छे. अने सिद्धो अनाहारकभाववडे प्रथम छे पण अप्रथम नथी. एम एक एक दंडके प्रश्न करवो.

३ भवसिद्धिक द्वार. ८. आहारकजीवनी पेठे भवसिद्धिकजीवो भवसिद्धिकपणे प्रथम नथी, पण अप्रथम छे–इत्यादि वक्तव्यता एकवचन अने बहुवचनने आश्रयी जाणवी. एज प्रमाणे अभवसिद्धिक पण कहेवा. [प्र०] हे भगवन्! नोभवसिद्धिक–नोअभवसिद्धिक (सिद्ध) जीव नोभवसिद्धिक–नो-अभवसिद्धिकभाववडे (सिद्धत्वनी अपेक्षाए) प्रथम छे–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते प्रथम छे पण अप्रथम नथी. [प्र०] हे भगवन्! नोभवसिद्धिक–नोअभवसिद्धिक सिद्ध नोभवसिद्धिक–नोअभवसिद्धिकभाववडे प्रथम छे के अप्रथम छे–इत्यादि पृच्छा. [उ०] पूर्व प्रमाणे जाणवुं. ए प्रमाणे जीव अने सिद्ध बन्नेना बहुवचनने आश्रयी प्रश्नोत्तरो समजवा.

४ संज्ञीद्वार. ९. [प्र०] हे भगवन्! संज्ञी जीव संज्ञीभाववडे प्रथम छे—इत्यादि पृच्छा. [उ०] हे गौतम! प्रथम नथी पण अप्रथम छे. ए प्रमाणे विकलेन्द्रिय (एकेन्द्रिय, बेइन्द्रिय, त्रीन्द्रिय अने चउरिन्द्रिय) सिवाय यावत्–वैमानिको सुधी जाणवुं. एम बहुवचनवडे पण वक्तव्यता कहेवी. असंज्ञी जीवोने पण एकवचन अने बहुवचनवडे एज वक्तव्यता कहेवी. पण विशेष ए के, यावत्–†वानव्यंतरो सुधी समजवुं. नोसंज्ञी–नोअसंज्ञी जीव, मनुष्य अने सिद्ध नोसंज्ञी–नोअसंज्ञीभाववडे प्रथम छे पण अप्रथम नथी. ए प्रमाणे बहुवचनने आश्रयी पण आ प्रश्नोत्तर समजवो.

---

६ * सिद्ध अने विग्रहगतिने प्राप्त थयेल संसारी जीव अनाहारक होय छे. सिद्ध अनाहारकपणावडे प्रथम छे, कारण के तेने अनाहारकपणुं पूर्वे प्राप्त कर्युं नथी. संसारी जीव अप्रथम छे, केमके तेणे विग्रहगतिमां पूर्वे अनाहारकपणुं अनंत वार प्राप्त कर्युं छे. एम दंडकना क्रमथी नैरयिकथी मांडी वैमानिक सुधीना जीवो पण पूर्वोक्त हेतुथी अनाहारकभावे वडे अप्रथम जाणवा.

९ † असंज्ञीद्वारमां जीव अने नैरयिकथी मांडी दंडकना क्रमथी व्यन्तर सुधीना संज्ञी जीवो पण असंज्ञीभाववडे अप्रथम छे–एम जे कहेवामां आव्युं छे, तेमां असंज्ञीपणुं भूतपूर्वन्यायथी समजवुं, केमके असंज्ञी जीवोनो उत्पाद व्यन्तर सुधीना संज्ञी जीवोमां पण थाय छे. पृथिव्यादि असंज्ञी जीवो तो असंज्ञीभाव वडे अप्रथम छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१०. [प्र०] सलेसे णं भंते !–पुच्छा । [उ०] गोयमा ! जहा आहारए, एवं पुहुत्तेण वि । कण्हलेस्सा जाव–सुक्कलेस्सा एवं चेव, नवरं जस्स जा लेसा अत्थि । अलेसे णं जीव–मणुस्स–सिद्धे जहा नोसन्नीनोअसन्नी ५ ।

११. [प्र०] सम्मदिट्ठीए णं भंते ! जीवे सम्मदिट्ठिभावेणं किं पढमे–पुच्छा । [उ०] गोयमा ! सिय पढमे, सिय अपढमे । एवं एगिंदियवज्जं जाव–वेमाणिए । सिद्धे पढमे, नो अपढमे । पुहुत्तिया जीवा पढमा वि, अपढमा वि, एवं जाव–वेमाणिया । सिद्धा पढमा, नो अपढमा । मिच्छादिट्ठीए एगत्तपुहुत्तेणं जहा आहारगा । सम्मामिच्छादिट्ठी एगत्तपुहुत्तेणं जहा सम्मदिट्ठी, नवरं जस्स अत्थि सम्मामिच्छत्तं ६ ।

१२. संजए जीवे मणुस्से य एगत्तपुहुत्तेण जहा सम्मदिट्ठी, असंजए जहा आहारए, संजयासंजए जीवे पंचिंदियतिरिक्खजोणिय–मणुस्सा एगत्तपुहुत्तेणं जहा सम्मदिट्ठी । नोसंजए नोअस्संजए नोसंजयासंजए जीवे सिद्धे य एगत्तपुहुत्तेणं पढमे, नो अपढमे ७ ।

१३. सकसायी कोहकसायी जाव–लोभकसायी एए एगत्तपुहुत्तेणं जहा आहारए, अकसायी जीवे सिय पढमे सिय अपढमे, एवं मणुस्से वि । सिद्धे पढमे नो अपढमे, पुहुत्तेणं जीवा मणुस्सा वि पढमा वि अपढमा वि । सिद्धा पढमा, नो अपढमा ८ ।

१४. णाणी एगत्तपुहुत्तेणं जहा सम्मदिट्ठी, आभिणिबोहियनाणी जाव–मणपज्जवनाणी एगत्तपुहुत्तेणं एवं चेव, नवरं

१०. [प्र०] हे भगवन् ! सलेश्य जीव सलेश्यभाववडे प्रथम छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! आहारक जीवनी पेठे ( सू. ५ ) अप्रथम जाणवो. बहुवचनवडे पण ए प्रमाणे जाणवुं. वळी कृष्णलेश्या यावत्–शुक्ललेश्या संबंधे पण एमज जाणवुं. विशेष ए के, जे लेश्या जेने होय ते लेश्या तेने कहेवी. लेश्यारहित जीव, मनुष्य अने सिद्धपदमां अलेश्यभाववडे नोसंज्ञी–नोअसंज्ञी पेठे (सू० ९) प्रथमपणुं जाणवु. ५ लेश्याद्वार.

११. [प्र०] हे भगवन् ! सम्यग्दृष्टि जीव सम्यग्दृष्टिभाववडे प्रथम होय–इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! ते कदाच *प्रथम पण होय अने अप्रथम पण होय. ए प्रमाणे एकेन्द्रिय सिवाय बीजा बधा दंडके यावत्–वैमानिको सुधी जाणवुं. सम्यग्दृष्टिभावे सिद्ध प्रथम छे, पण अप्रथम नथी. बहुवचनवडे सम्यग्दृष्टिभावे जीवो प्रथम पण छे अने अप्रथम पण छे. ए प्रमाणे यावत्–वैमानिको सुधी जाणवुं. †सम्यग्दृष्टिभाव वडे सिद्धो प्रथम छे, पण अप्रथम नथी. ‡मिथ्यादृष्टिभाववडे एकवचन अने बहुवचनने आश्रयी आहारकभावनी वक्तव्यता प्रमाणे ( सू० ५ ) जीवने बधी वक्तव्यता कहेवी. मिश्रदृष्टिभाववडे एकवचन अने बहुवचनने आश्रयी सम्यग्दृष्टिभावनी वक्तव्यता प्रमाणे ( सू० ११ ) जीवने बधी वक्तव्यता कहेवी. विशेष ए के, जे जीवने मिश्रदृष्टि होय तेने ते कहेवी. ६ दृष्टिद्वार.

१२. [प्र०] ¶संयत जीव अने मनुष्यना संबंधमां एक वचन अने बहुवचनवडे सम्यग्दृष्टि जीवनी वक्तव्यता पेठे ( सू० ११ ) बधुं कहेवुं. असंयत आहारक जीवनी पेठे ( अप्रथम ) समजवो. अने संयतासंयत जीव, पंचेंद्रियतिर्यंच तथा मनुष्य ए त्रण पदे एकवचन अने बहुवचनवडे सम्यग्दृष्टिनी पेठे कदाच प्रथम अने कदाच अप्रथम जाणवा. वळी नोसंयत ( संयत नहि ) नोअसंयत ( असंयत नहीं ) तेम नोसंयतासंयत ( संयतासंयत पण नहि ) एवा जीव अने सिद्ध एकवचन अने बहुवचनवडे प्रथम छे पण अप्रथम नथी. ७ संयतद्वार

१३. सकषायी, क्रोधकषायी यावत्–लोभकषायी ए बधा एकवचन अने बहुवचनवडे आहारक जीवनी पेठे अप्रथम समजवा. तथा §अकषायी जीव कदाच प्रथम पण होय अने कदाच अप्रथम पण होय, ए प्रमाणे अकषायी मनुष्य संबंधे पण जाणवुं. पण अकषायी सिद्ध प्रथम छे पण अप्रथम नथी. बहुवचनवडे अकषायी जीवो अने मनुष्यो प्रथम पण होय छे अने अप्रथम पण होय छे. सिद्धो तो बहुवचनवडे अकषायी प्रथम छे पण अप्रथम नथी. ८ कषायद्वार.

१४. $ज्ञानी जीवो एकवचन अने बहुवचनवडे सम्यग्दृष्टि जीवनी पेठे ( सू० ११ ) कदाच प्रथम अने कदाच अप्रथम जाणवा. ९ ज्ञानद्वार.

---

११ * कोई सम्यग्दृष्टि प्रथम सम्यग्दर्शन प्राप्त करे ते अपेक्षाए ते प्रथम जाणवो अने कोई सम्यग्दर्शनथी पडी फरी सम्यग्दर्शन प्राप्त करे ते अपेक्षाए ते अप्रथम जाणवो. एकेन्द्रिय जीवोने सम्यग्दर्शन प्राप्त थतुं नथी, तेथी एकेन्द्रिय सिवाय बाकीना नारकादि दंडके सम्यग्दर्शननी प्रथम प्राप्तिनी अपेक्षाए प्रथमपणुं अने फरीवार सम्यग्दर्शनप्राप्तिनी अपेक्षाए अप्रथमपणुं जाणवुं.

† सिद्ध सम्यग्दृष्टिभाव वडे प्रथम जाणवा. कारण के सिद्धत्वसहचरित सम्यग्दर्शन मोक्षगमनसमये प्रथम प्राप्त थाय छे.

‡ मिथ्यादृष्टि आहारकनी पेठे एकवचन अने बहुवचनने आश्रयी अप्रथम छे, कारण के मिथ्यादर्शन अनादि छे.

१२ ¶ संयतद्वारमां मात्र जीवपद अने मनुष्यपद ए बे पद होय छे अने तेमां संयत सम्यग्दृष्टिनी पेठे प्रथम अने अप्रथम जाणवा.

१३ § अकषायी जीव यथाख्यात चारित्रनी प्रथम प्राप्तिमां प्रथम, अने फरीवार प्राप्तिमां अप्रथम होय छे. ए प्रमाणे मनुष्यपद आश्रयीने जाणवुं. अकषायी सिद्ध प्रथम जाणवा, कारण के सिद्ध सिद्धत्वसहित अकषायभावनी अपेक्षाए प्रथम छे.

१४ $ ज्ञानद्वारमां ज्ञानी सम्यग्दृष्टिनी पेठे प्रथम अने अप्रथम जाणवा. तेमां केवलज्ञानी केवलज्ञाननी अपेक्षाए प्रथम, अने अकेवली केवलज्ञान सिवाय बाकीना ज्ञाननी प्रथम प्राप्तिमां प्रथम अने फरीवार प्राप्तिमां अप्रथम कहेवाय छे

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

जस्स जं अत्थि, केवलनाणी जीवे मणुस्से सिद्धे य एगत्तपुहुत्तेणं पढमा नो अपढमा। अन्नाणी, मइअन्नाणी, सुयअन्नाणी, विभंगनाणी एगत्तपुहुत्तेणं जहा आहारए ९।

१५. सजोगी, मणजोगी, वयजोगी, कायजोगी एगत्तपुहुत्तेणं जहा आहारए, नवरं जस्स जो जोगो अत्थि। अजोगी जीव–मणुस्स–सिद्धा एगत्तपुहुत्तेणं पढमा, नो अपढमा १०।

१६. सागारोवउत्ता अणागारोवउत्ता एगत्तपुहुत्तेणं जहा अणाहारए ११।

१७. सवेदगो जाव–नपुंसगवेदगो एगत्तपुहुत्तेणं जहा आहारए, नवरं जस्स जो वेदो अत्थि। अवेदओ एगत्तपुहुत्तेणं तिसु वि पदेसु जहा अकसायी १२।

१८. ससरीरी जहा आहारए, एवं जाव–कम्मगसरीरी, जस्स जं अत्थि सरीरं, नवरं आहारगसरीरी एगत्तपुहुत्तेणं जहा सम्मदिट्ठी। असरीरी जीवो सिद्धो एगत्तपुहुत्तेणं पढमो नो अपढमो १३।

१९. पंचहिं पज्जत्तीहिं पंचहिं अपज्जत्तीहिं एगत्तपुहुत्तेणं जहा आहारए, नवरं जस्स जा अत्थि, जाव–वेमाणिया नोपढमा, अपढमा १४। इमा लक्खणगाहा—

"जो जेण पत्तपुव्वो भावो सो तेण अपढमओ होइ। सेसेसु होइ पढमो अपत्तपुव्वेसु भावेसु" ॥

२०. [प्र०] जीवे णं भंते! जीवभावेणं किं चरिमे अचरिमे? [उ०] गोयमा! नो चरिमे, अचरिमे।

आभिनिबोधिकज्ञानी यावत्–मनःपर्यवज्ञानी एकवचन अने बहुवचनवडे ए प्रमाणे समजवा. विशेष एके जे जीवने जे ज्ञान होय ते तेने कहेवुं. केवलज्ञानी जीव, मनुष्य अने सिद्ध ए बधा एकवचन तथा बहुवचनवडे प्रथम छे, पण अप्रथम नथी. अज्ञानी, मतिअज्ञानी श्रुतअज्ञानी अने विभंगज्ञानी ए बधा एकवचन तथा बहुवचनवडे आहारक जीवोनी पेठे (सू० ५) जाणवा.

१० योगद्वार. १५. सयोगी, मनयोगी, वचनयोगी अने काययोगी ए बधा एकवचन तथा बहुवचन आश्रयी आहारक जीवोनी पेठे (सू० ५) अप्रथम जाणवा. विशेष ए के, जे जीवोने जे योग होय तेने ते योग कहेवो. अयोगी जीव, मनुष्य अने सिद्ध ए बधा एकवचन अने बहुवचनवडे प्रथम छे पण अप्रथम नथी.

११ उपयोगद्वार. १६. *साकारोपयोगवाळा अने अनाकारोपयोगवाळा ए बन्ने एकवचन अने बहुवचनवडे अनाहारक जीवनी पेठे (सू० ६) जाणवा.

१२ वेदद्वार. १७. सवेदक–वेदवाळा–यावत् नपुंसकवेदवाळा ए बधा एकवचन अने बहुवचनवडे आहारकजीवोनी पेठे (सू० ५) अप्रथम जाणवा. विशेष ए के, जे जीवने जे वेद होय तेने ते कहेवो. एकवचन अने बहुवचनवडे अवेदक–वेदरहित जीव, मनुष्य अने सिद्ध (ए त्रणे पदमां) अकषायी जीवनी पेठे (सू० १३) जाणवा.

१३ शरीरद्वार. १८. सशरीर जीवो आहारक जीवनी पेठे (सू० ६) समजवा, अने ए प्रमाणे यावत्–कार्मणशरीरवाळा संबंधे पण जाणवुं. जे जीवने जे शरीर होय ते तेने कहेवुं. विशेष ए के, आहारकशरीरवाळा एकवचन अने बहुवचनवडे सम्यग्दृष्टि जीवोनी पेठे (सू० ११) कदाच प्रथम अने कदाच अप्रथम समजवा, अशरीरी–शरीररहित जीव अने सिद्ध ए बन्ने एकवचन अने बहुवचनवडे प्रथम छे पण अप्रथम नथी.

१४ पर्याप्तद्वार. १९. पांच पर्याप्तिवडे पर्याप्ता अने पांच अपर्याप्तिवडे अपर्याप्ता एकवचन तथा बहुवचननी अपेक्षाए आहारक जीवनी पेठे (सू० ६) अप्रथम समजवा. विशेष ए के, जेने जे पर्याप्ति होय ते तेने कहेवी. ए प्रमाणे यावत्–वैमानिको सुधी समजवुं. [अर्थात् ते बधा प्रथम नथी पण अप्रथम छे.] प्रथम अने अप्रथमना स्वरूपने जणावनारी आ गाथा कहे छे–"जे जीवे जे भाव–अवस्था पूर्वे प्राप्त करेल छे ते भावनी अपेक्षाए ते जीव अप्रथम कहेवाय छे, अने ते सिवाय पूर्वे नहि प्राप्त थयेल पण प्रथम वार प्राप्त थयेल भावोनी अपेक्षाए ते जीवो प्रथम कहेवाय छे."

चरम अने अचरम १.जीवद्वार. २०. [प्र०] हे भगवन्! जीव जीवत्वभाववडे †चरम छे के अचरम छे? [उ०] हे गौतम! चरम नथी पण अचरम छे.

---

१६ * साकार उपयोगवाळा अने अनाकार उपयोगवाळा अनाहारकनी पेठे जाणवा. तेओ जीवपदे सिद्धनी अपेक्षाए प्रथम अने संसारीनी अपेक्षाए अप्रथम जाणवा. नैरयिकथी मांडी वैमानिक सुधीना दंडकोमां प्रथम नथी, पण अप्रथम छे. सिद्धपदने विषे प्रथम छे पण अप्रथम नथी, कारण के साकारोपयोग अने अनाकारोपयोगविशिष्ट सिद्धत्वनी प्रथमज प्राप्ति थयेली छे.

२० † जेनो सर्वदा अन्त थाय छे ते चरम अने जेनो कदि अन्त थतो नथी ते अचरम कहेवाय छे. जीवनो जीवत्वभावथी कदि अन्त थतो नथी, माटे ते चरम नथी पण अचरम छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२१. [प्र०] नेरइए णं भंते ! नेरइयभावेणं—पुच्छा । [उ०] गोयमा ! सिय चरिमे, सिय अचरिमे । एवं जाव—वेमाणिए । सिद्धे जहा जीवे ।

२२. [प्र०] जीवा णं—पुच्छा । [उ०] गोयमा ! नो चरिमा, अचरिमा । नेरइया चरिमा वि अचरिमा वि, एवं जाव—वेमाणिया । सिद्धा जहा जीवा १ ।

२३. आहारए सव्वत्थ एगत्तेणं सिय चरिमे, सिय अचरिमे, पुहुत्तेणं चरिमा वि अचरिमा वि । अणाहारओ जीवो सिद्धो य एगत्तेण वि पुहुत्तेण वि नो चरिमे, अचरिमे । सेसट्ठाणेसु एगत्तपुहुत्तेणं जहा आहारओ २ ।

२४. भवसिद्धीओ जीवपदे एगत्तपुहुत्तेणं चरिमे, नो अचरिमे, सेसट्ठाणेसु जहा आहारओ । अभवसिद्धीओ सव्वत्थ एगत्तपुहुत्तेणं नो चरिमे, अचरिमे । नोभवसिद्धीय—नोअभवसिद्धीय जीवा सिद्धा य एगत्तपुहुत्तेणं जहा अभवसिद्धीओ ३ ।

२५. सन्नी जहा आहारओ, एवं असन्नी वि । नोसन्नी—नोअसन्नी जीवपदे सिद्धपदे य अचरिमे, मणुस्सपदे चरिमे एगत्तपुहुत्तेणं ४ ।

२६. सलेस्सो जाव—सुक्कलेस्सो जहा आहारओ, नवरं जस्स जा अत्थि । अलेस्सो जहा नोसन्नी—नोअसन्नी ५ ।

२७. सम्मदिट्ठी जहा अणाहारओ, मिच्छादिट्ठी जहा आहारओ, सम्मामिच्छादिट्ठी एगिंदिय—विगलिंदियवज्जं सिय चरिमे, सिय अचरिमे, पुहुत्तेणं चरिमा वि अचरिमा वि ६ ।

२१. [प्र०] हे भगवन् ! नैरयिक नैरयिकभाववडे *चरम छे के अचरम छे ? [उ०] हे गौतम ! ते कदाच चरम पण छे अने कदाच अचरम पण छे. ए प्रमाणे यावत्—वैमानिको सुधी जाणवुं. सिद्धने जीवनी पेठे (सू० २०) जाणवुं.

२२. [प्र०] जीवो संबंधे प्रश्न. [उ०] हे गौतम ! जीवो चरम नथी पण अचरम छे. नैरयिको नैरयिकभाववडे चरम पण छे अने अचरम पण छे, ए प्रमाणे यावत्—वैमानिको सुधी जाणवुं. सिद्धो जीवोनी पेठे अचरम जाणवा.

२३. †आहारक सर्वत्र एकवचनवडे कदाच चरम पण होय अने कदाच अचरम पण होय, तथा बहुवचन वडे आहारक चरम पण होय अने अचरम पण होय. अनाहारक जीव अने सिद्ध बन्ने स्थाने एकवचन अने बहुवचन वडे चरम न होय पण अचरम होय. बाकीना नैरयिकादि स्थानोमां अनाहारक आहारक जीवनी पेठे एकवचन अने बहुवचनवडे कदाच चरम होय अने कदाच अचरम होय २. २ आहारक द्वार.

२४. भवसिद्धिक जीवपदमां एकवचन अने बहुवचनवडे ‡चरम छे पण अचरम नथी. अने बाकीना स्थानोमां आहारकनी पेठे कदाच चरम होय अने कदाच अचरम होय. अभवसिद्धिक जीव सर्वत्र एकवचन अने बहुवचनवडे चरम नथी पण अचरम छे. तथा नोभवसिद्धिक—नोअभवसिद्धिक जीव अने सिद्ध ए बन्ने पदे एकवचन तथा बहुवचन वडे अभवसिद्धिकनी पेठे अचरम जाणवा. ३ ३ भवसिद्धिकद्वार.

२५. संज्ञी अने असंज्ञी बन्ने आहारकनी पेठे (सू० २३) कदाचित् चरम अने कदाचित् अचरम समजवा. तथा नोसंज्ञीनोअसंज्ञी जीव अने सिद्ध ए बन्ने अचरम छे, अने मनुष्य पदे [ केवलीनी अपेक्षाए ] एकवचन तथा बहुवचनवडे चरम छे. ४ ४ संज्ञीद्वार.

२६. लेश्यासहित यावत्—शुक्ललेश्यावाळो आहारकनी पेठे (सू० २३) जाणवो. विशेष ए के, जेने जे लेश्या होय ते तेने कहेवी. लेश्यारहित जीव नोसंज्ञीनोअसंज्ञीनी पेठे जाणवो. ५. ५ लेश्याद्वार.

२७. ¶सम्यग्दृष्टि अनाहारक पेठे अने मिथ्यादृष्टि आहारकनी पेठे (सू० २३) जाणवो. वळी एकेंद्रिय तथा विकलेन्द्रिय सिवायनो ६ दृष्टिद्वार.

---

२१ * जे नैरयिक नरकगतिमांथी नीकळी फरी नरकमां न जतां मोक्ष जशे ते नैरयिकभावनो सर्वदा अन्त करे छे माटे चरम कहेवाय छे अने तेथी भिन्न अचरम कहेवाय छे. ए प्रमाणे यावद् वैमानिक सुधी जाणवुं. सिद्धत्वनो सर्वदा अन्त थतो नथी माटे ते अचरम जाणवा—टीका.

२३ † आहारक बधा जीवादि पदमां चरम के अचरम जाणवा. जे पछीना समये निर्वाण पामशे ते चरम अने तेथी भिन्न ते अचरम आहारक जाणवा.

२४ ‡ सिद्धिगमन वडे भव्यत्वनो अन्त थतो होवाथी भवसिद्धिक चरम होय छे. अभवसिद्धिकनो अन्त नहि थतो होवाथी ते अचरम होय छे. नोभवसिद्धिक—नोअभवसिद्धिक सिद्धो होय छे अने ते अभवसिद्धिकनी पेठे अचरम जाणवा.

२७ ¶ सम्यग्दृष्टि अनाहारकनी पेठे चरम तथा अचरम जाणवा. अनाहारक जीव अने सिद्ध ए बन्ने स्थानके होय छे, तेमां जीव अचरम छे, कारण के ते सम्यग्दर्शनथी पडी अवश्य तेने प्राप्त करे छे, अने सिद्ध चरम छे, कारण के ते सम्यग्दर्शनथी पडतास नथी. सम्यग्दृष्टि नैरयिकादि जे सम्यग्दर्शन फरीथी पामशे नहि ते चरम अने ते सिवायना बीजा अचरम कहेवाय छे. मिथ्यादृष्टि जीव आहारकनी पेठे कदाचित् चरम अने कदाचित् अचरम जाणवा. जे निर्वाण पामशे ते मिथ्यादृष्टिपणे चरम अने ते सिवायना बीजा अचरम. मिथ्यादृष्टि नारकादि जे मिथ्यात्वसहित नारकादिपणुं फरीवार पामशे नहि ते चरम अने तेथी भिन्न अचरम कहेवाय छे. मिश्रदृष्टि एकेन्द्रिय अने विकलेन्द्रियने होती नथी माटे मिश्रदृष्टि संबन्धे नारकादि दंडकमां एकेन्द्रिय अने विकलेन्द्रिय न कहेवा. तथा सम्यग्दृष्टि संबन्धे एकेन्द्रिय पण न कहेवा, कारण तेओने सिद्धान्तने मते सास्वादन सम्यग्दर्शन होतुं नथी.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२८. संजओ जीवो मणुस्सो य जहा आहारओ, अस्संजओ वि तहेव, संजयासंजए वि तहेव, नवरं जस्स जं अत्थि। नोसंजय–नोअसंजय–नोसंजयासंजया जहा नोभवसिद्धीय–नोअभवसिद्धीओ ७।

२९. सकसाई जाव–लोभकसायी सव्वट्ठाणेसु जहा आहारओ, अकसायी जीवपदे सिद्धे य नो चरिमो, अचरिमो, मणुस्सपदे सिय चरिमो, सिय अचरिमो ८।

३०. णाणी जहा सम्मद्दिट्ठी सव्वत्थ, आभिणिबोहियनाणी, जाव–मणपज्जवनाणी जहा आहारओ, नवरं जस्स जं अत्थि। केवलनाणी जहा नोसन्नी–नोअसन्नी, अन्नाणी जाव–विभंगनाणी जहा आहारओ ९।

३१. सजोगी जाव–कायजोगी जहा आहारओ, जस्स जो जोगो अत्थि। अजोगी जहा नोसन्नी–नोअसन्नी १०।

३२. सागारोवउत्तो अणागारोवउत्तो य जहा अणाहारओ ११।

३३. सवेदओ जाव–नपुंसगवेदओ जहा आहारओ, अवेदओ जहा अकसाई १२।

३४. ससरीरी जाव–कम्मगसरीरी जहा आहारओ, नवरं जस्स जं अत्थि। असरीरी जहा नोभवसिद्धीय–नोअभवसिद्धीय १३।

मिश्रदृष्टि जीव कदाच चरम पण होय छे अने कदाच अचरम पण होय छे. ए प्रमाणे बहुवचनवडे चरम अने अचरम बन्ने जाणवा. ६

७ संयतद्वार २८. *संयत जीव तथा मनुष्य ए बन्ने पदे आहारकनी पेठे (सू० २३) जाणवा. वळी असंयत अने संयतासंयत पण तेज प्रमाणे समजवा. विशेष ए के, जे जेने होय तेने ते कहेवुं. तथा नोसंयत–नोअसंयत–नोसंयतासंयत नोभवसिद्धिक–नोअभवसिद्धिकनी पेठे (सू० २४) अचरम समजवा. ७

८ कषायद्वार. २९. †सकषायी यावत्–लोभकषायी सर्वस्थानोमां आहारकनी पेठे समजवा. अकषायी–जीव अने सिद्ध ए बन्ने चरम नथी पण अचरम छे. अने अकषायी मनुष्य कदाच चरम पण होय छे अने कदाच अचरम पण होय छे ८.

९ ज्ञानद्वार. ३०. ‡ज्ञानी सर्वत्र सम्यग्दृष्टिनी पेठे बन्ने प्रकारना जाणवा. मतिज्ञानी यावत्–मनःपर्यवज्ञानी आहारकनी पेठे समजवा. विशेष ए के, जेने जे ज्ञान होय तेने ते कहेवुं. केवलज्ञानी, नोसंज्ञी–नोअसंज्ञीनी पेठे अचरम जाणवा. तथा अज्ञानी यावत्–विभंगज्ञानी आहारकनी पेठे बन्ने प्रकारना समजवा. ९

१० योगद्वार. ३१. सयोगी यावत्–काययोगी आहारकनी पेठे समजवा. विशेष ए के, जेने जे योग होय ते तेने कहेवो अने. अयोगी नोसंज्ञी–नोअसंज्ञीनी पेठे जाणवा. १०

११ साकारोपयोगद्वार. ३२. साकारोपयोगवाळा अने अनाकारोपयोगवाळा अनाहारकनी पेठे चरम अने अचरम जाणवा. ११

१२ वेदद्वार. ३३. सवेदक यावत्–नपुंसकवेदवाळा आहारकनी पेठे जाणवा. अवेदक अकषायीनी पेठे समजवा. १२

१३ शरीरद्वार. ३४. सशरीरी यावत्–कार्मणशरीरवाळा आहारकनी पेठे जाणवा. विशेष ए के, जेने जे शरीर होय तेने ते कहेवुं. अशरीरी, नोभवसिद्धिक–नोअभवसिद्धिक सिद्धनी पेठे समजवा. १३

२८ * संयत जीव चरम अने अचरम बन्ने प्रकारे होय छे. जेने फरीथी संयतपणु प्राप्त थवानुं नथी ते चरम अने तेथी इतर अचरम कहेवाय छे. ए प्रमाणे मनुष्य संबन्धे पण जाणवुं. असंयत पण आहारकनी पेठे चरम अने अचरम बन्ने प्रकारना होय छे. संयतासंयत–देशविरत पण ए प्रमाणे जाणवा, परन्तु देशविरतपणुं जीव, पंचेन्द्रिय तिर्यंच अने मनुष्य ए त्रणे स्थानके होय छे. नोसंयतासंयत–सिद्ध अचरम जाणवा. कारण के सिद्धत्व नित्य होवाथी तेनो चरम क्षण होतो नथी.

२९ † सकषायी जीवादि कदाचित् चरम होय अने कदाचित् अचरम पण होय. जे निर्वाण पामशे ते चरम अने अन्य अचरम.

३० ‡ सम्यग्दृष्टिनी पेठे ज्ञानी जीव अने सिद्ध अचरम जाणवा. कारण के जीव ज्ञानावस्थाथी पडे तो पण तेने ते अवश्य फरीथी प्राप्त थाय छे माटे अचरम अने सिद्ध अवश्य ज्ञानावस्थामांज रहे छे माटे अचरम. बाकीना जेओने ज्ञानसहित नारकत्वादिनी प्राप्तिनो फरीथी असंभव छे ते चरम, तेथी अन्य बीजा अचरम. आभिनिबोधिक ज्ञानी आहारकनी पेठे चरम अचरम एम बन्ने प्रकारना जाणवा. तेमा जे आभिनिबोधिकादि ज्ञानने केवलज्ञाननी प्राप्ति थवाथी फरी नहि पामे ते चरम अने ते सिवाय बीजा ते अचरम. केवलज्ञानी अचरम होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३५. पंचर्हि पज्जत्तीहिं पंचहिं अपज्जत्तीहिं जहा आहारओ, सव्वत्थ एगत्तपुहुत्तेणं दंडगा भाणियव्वा १४ ॥ इमा लक्खणगाहा—

"जो जं पाविहिति पुणो भावं सो तेण अचरिमो होइ। अच्चंतविओगो जस्स जेण भावेण सो चरिमो" ॥

"सेवं भंते! सेवं भंते"! त्ति जाव-विहरति। समत्तो।

## अठरसमे सए पढमो उद्देसो समत्तो।

३५. पांच पर्याप्तिवडे पर्याप्ता अने पांच अपर्याप्तिवडे अपर्याप्ता संबंधे एकवचन तथा बहुवचनवडे सर्वत्र आहारकनी पेठे दंडक कहेवो. १४ चरम अने अचरमना स्वरूपने जणावनारी आ गाथा छे–"जे जीव जे भावने फरीवार पामशे, ते भावनी अपेक्षाए ते जीव अचरम कहेवाय छे, अने जे जीवने जे भावनो तद्दन वियोग होय छे, ते भावनी अपेक्षाए ते जीव चरम कहेवाय छे." 'हे भगवन्! ते एमज छे हे भगवन्! ते एमज छे' एम कही यावत्–विहरे छे. १४ पर्याप्तद्वार.

## अढारमा शतकमां प्रथम उद्देशक समाप्त.

## बीओ उद्देसो.

१. तेणं कालेणं तेणं समएणं विसाहा नामं नगरी होत्था। वन्नओ। बहुपुत्तिए चेइए। वन्नओ। सामी समोसढे, जाव-पज्जुवासइ। तेणं कालेणं तेणं समएणं सक्के देविंदे देवराया वज्जपाणी पुरंदरे-एवं जहा सोलसमसए बितियउद्देसए तहेव दिव्वेणं जाणविमाणेणं आगओ। नवरं एत्थ आभियोगा वि अत्थि, जाव-बत्तीसतिविहं नट्टविहिं उवदंसेति, उवदंसेत्ता जाव-पडिगए।

२. 'भंते'त्ति भगवं गोयमे समणं भगवं महावीरं जाव-एवं वयासी-जहा तईयसए ईसाणस्स तहेव कूडागारदिट्ठंतो, तहेव पुव्वभवपुच्छा, जाव-अभिसमन्नागया? [उ०] 'गोयमा'दि समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी–'एवं खलु गोयमा! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे हत्थिणापुरे नामं नगरे होत्था। वन्नओ। सहस्संबवणे उज्जाणे। वन्नओ। तत्थ णं हत्थिणागपुरे नगरे कत्तिए नामं सेट्ठी परिवसति, अड्ढे, जाव-अपरिभूए, णेगमपढमासणिए, णेगमट्ठसहस्सस्स बहुसु कज्जेसु य कारणेसु य कोडुंबेसु य-एवं जहा रायप्पसेणइज्जे चित्ते जाव-चक्खुभूए, णेगमट्ठसहस्सस्स सयस्स य कुडुंबस्स आहेवच्चं जाव-कारेमाणे पालेमाणे, समणोवासए, अहिगयजीवाजीवे जाव-विहरति।

## द्वितीय उद्देशक.

१. ते काळे, ते समये विशाखा नामे नगरी हती. वर्णक. अने त्यां बहुपुत्रिक नामे चैत्य हतुं. वर्णक. महावीर स्वामी समवसर्या. यावत्–परिषद् पर्युपासना करे छे. ते काळे, ते समये शक्र देवेन्द्र, देवराज, वज्रपाणि, पुरंदर-इत्यादि *सोळमा शतकना बीजा उद्देशकमां शक्रनी वक्तव्यता कही छे ते प्रमाणे यावत्–ते दिव्यविमानमां बेसीने आव्यो. विशेष ए के, आ स्थळे आभियोगिक देवो पण होय छे. यावत्–तेणे आवी बत्रीश प्रकारनो नाट्यविधि देखाड्यो; अने ते ज्यांथी आव्यो हतो त्यां पाछो चाल्यो गयो. कार्तिकशेठ.

२. 'हे भगवन्'! एम कही पूज्य गौतमे श्रमण भगवंत महावीरने यावत्–आ प्रमाणे कह्युं के—जेम †तृतीयशतकमां ईशानेंद्र संबंधे कूटागार शालानो दृष्टांत अने पूर्वभवनो प्रश्न कर्यो छे तेम आ स्थळे यावत्–तेने 'ऋद्धि अभिमुख थई' त्यां सुधी बधुं कहेवुं. 'हे गौतम'! एम कही श्रमण भगवंत महावीरे पूज्य गौतमने आ प्रमाणे कह्युं के–हे गौतम! आ जंबूद्वीपना भारतवर्षमां हस्तिनापुर नामे नगर हतुं. वर्णक. सहस्राम्रवन नामे उद्यान हतुं. वर्णक. ते हस्तिनागपुर नगरमां धनिक यावत्–कोईथी पराभव न पामे एवो, वणिकोमां पहेलुं आसन प्राप्त करनार, एक हजार अने आठ वणिकोना घणा कार्योमां, कारणोमां अने कुटुम्बोमां यावत्–चक्षुरूप एवो कार्तिक नामे शेठ रहेतो हतो. जेम ‡राजप्रश्नीयसूत्रमां चित्रसारथिनुं वर्णन कर्युं छे तेम अहिं बधुं वर्णन करवुं.—वळी ते कार्तिकशेठ एक हजार आठ वणिकोनुं अने पोताना कुटुम्बनुं अधिपतिपणुं करतो यावत्–पालन करतो रहेतो हतो. ते श्रमणोपासक तथा जीवाजीव तत्वोनो जाणकार हतो.

---

१ * भग० खं० ४ श० १६ उ० २ पृ० ५. २ † जुओ-भग० खं० २ श० ३ उ० १ पृ० ९८. ‡ जुओ. राज० पृ० ११५-१६.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. तेणं कालेणं तेणं समएणं मुणिसुव्वए अरहा आदिगरे-जहा सोलसमसए तहेव जाव-समोसढे, जाव-परिसा पज्जुवासति। तए णं से कत्तिए सेट्ठी इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठ० एवं जहा एक्कारसमसए सुदंसणे तहेव निग्गओ, जाव-पज्जुवासति। तए णं मुणिसुव्वए अरहा कत्तियस्स सेट्ठिस्स धम्मकहा जाव-परिसा पडिगया।

४. तए णं से कत्तिए सेट्ठी मुणिसुव्वय० जाव-निसम्म हट्ठतुट्ठ० उट्ठाए उट्ठेति, उ० २ उट्ठेत्ता मुणिसुव्वयं जाव-एवं वयासी-'एवमेयं भंते! जाव-से जहेयं तुज्झे वदह जं, नवरं देवाणुप्पिया! नेगमट्ठसहस्सं आपुच्छामि, जेट्ठपुत्तं च कुडुंबे ठावेमि, तए णं अहं देवाणुप्पियाणं अंतियं पव्वयामि। अहासुहं जाव-मा पडिबंधं। तए णं से कत्तिए सेट्ठी जाव-पडिनिक्खमति, २-मित्ता जेणेव हत्थिणागपुरे नगरे जेणेव सए गेहे तेणेव उवागच्छइ, २-च्छित्ता णेगमट्ठसहस्सं सद्दावेति, २-वेत्ता एवं वयासी-'एवं खलु देवाणुप्पिया! मए मुणिसुव्वयस्स अरहओ अंतियं धम्मे निसन्ते, से वि य मे धम्मे इच्छिए, पडिच्छिए, अभिरुइए। तए णं अहं देवाणुप्पिया! संसारभयुव्विग्गे, जाव-पव्वयामि, तं तुज्झे णं देवाणुप्पिया! किं करेह, किं ववसह, किं भे हियइच्छिए, किं भे सामत्थे'? तए णं तं णेगमट्ठसहस्सं पि तं कत्तियं सेट्ठिं एवं वयासी-'जइ णं देवाणुप्पिया! संसारभयुव्विग्गा जाव पव्वइस्संति, अम्हं देवाणुप्पिया! किं अन्ने आलंबणे वा, आहारे वा, पडिबंधे वा? अम्हे वि णं देवाणुप्पिया! संसारभयुव्विग्गा भीया जम्मणमरणाणं देवाणुप्पिएहिं सद्धिं मुणिसुव्वयस्स अरहओ अंतियं मुंडा भवित्ता आगाराओ जाव-पव्वयामो'।

५. तए णं से कत्तिए सेट्ठी तं नेगमट्ठसहस्सं एवं वयासी-'जदि णं देवाणुप्पिया! संसारभयुव्विग्गा भीया जम्मणमरणाणं मए सद्धिं मुणिसुव्वय० जाव-पव्वयह, तं गच्छह णं तुज्झे देवाणुप्पिया! सएसु गिहेसु, विपुलं असणं जाव-उवक्खडावेह, मित्तनाइ० जाव-जेट्ठपुत्तं कुडुंबे ठावेह, जेट्ठ० २ ठावेत्ता तं मित्तनाइ० जाव-जेट्ठपुत्ते आपुच्छह, आपुच्छेत्ता पुरिससहस्सवाहिणीओ सीयाओ दुरूहह, दुरुहित्ता मित्तनाइ० जाव-परिजणेणं जेट्ठपुत्तेहि य समणुगम्ममाणमग्गा सव्वड्ढीए जाव-रवेणं अकालपरिहीणं चेव मम अंतियं पाउब्भवह'। तए णं ते नेगमट्ठसहस्सं पि कत्तियस्स सेट्ठिस्स एयमट्ठं विणएणं पडिसुणेंति, पडिसुणेत्ता जेणेव साइं साइं गिहाइं तेणेव उवागच्छंति, उवागच्छित्ता विपुलं असण० जाव-उवक्खडावेंति, उव-

३. ते काळे, ते समये धर्मना आदिकर-इत्यादि वर्णन जेम *सोळमा शतकमां करवामां आव्युं छे तेवा मुनिसुव्रत तीर्थंकर समोसर्या अने यावत्-पर्षदाए पर्युपासना करी. त्यारबाद कार्तिकशेठ भगवंत आव्यानी वात सांभळी हर्षवाळो अने संतुष्ट थयो-इत्यादि जेम अगीयारमां शतकमां कहेवामां आव्युं छे एवा †सुदर्शन शेठनी पेठे वांदवा नीकळ्यो अने यावत्-तेणे भगवंतनी पर्युपासना करी-वगेरे बधुं कहेवुं. पछी मुनिसुव्रत अर्हंते कार्तिक शेठने धर्मकथा कही, यावत्-परिषद् पाछी गइ.

४. त्यारबाद कार्तिकशेठ, मुनिसुव्रत अर्हंत पासेथी यावत्-धर्मने सांभळी, अवधारी प्रसन्न अने संतुष्ट थई उभो थयो; ऊठीने मुनिसुव्रत अर्हन्तने यावत्-आ प्रमाणे कह्युं के—'हे भगवन्! ते एज प्रमाणे छे के यावत्-आप जे प्रमाणे कहो छो. परन्तु हे देवानुप्रिय! एक हजार आठ वणिकोने पूछी मोटा पुत्रने कुटुम्बनो भार सोंपी देवानुप्रिय एवा आपनी पासे प्रव्रज्या लेवा इच्छुं छुं. श्रीमुनिसुव्रत भगवंते कह्युं के, 'जेम सुख थाय तेम करो, यावत्—प्रतिबंध न करो.' त्यारबाद कार्तिक शेठ यावत्-त्यांथी नीकळी ज्यां हस्तिनागपुर नगर छे, अने ज्यां पोतानुं घर छे त्यां आव्यो. पछी तेणे एक हजार आठ वणिकोने बोलावी आ प्रमाणे कह्युं—'हे देवानुप्रियो! में मुनिसुव्रत अर्हंत पासेथी धर्म सांभळ्यो छे, अने ते धर्म मने इष्ट, विशेष इष्ट अने प्रिय छे. तथा हे देवानुप्रियो! ते धर्म सांभळी हुं संसारभयथी उद्विग्न थयो छुं, यावत्—प्रव्रज्या लेवा इच्छुं छुं. माटे हे देवानुप्रियो! तमे शुं करवा इच्छो छो, शी प्रवृत्ति करवा धारो छो, तमारा हृदयने शुं इष्ट छे, अने तमारुं सामर्थ्य शुं छे'? त्यारबाद ते एक हजार आठ वणिकोए ते कार्तिकशेठने आ प्रमाणे कह्युं—'हे देवानुप्रिय! जो तमे संसारभयथी उद्विग्न थई यावत्—प्रव्रज्या ग्रहण करशो तो अमने बीजुं शुं आलंबन छे, बीजो शो आधार छे, अने बीजो शो प्रतिबन्ध छे? हे देवानुप्रिय! अमे पण संसारभयथी उद्विग्न थया छीए, जन्म अने मरणथी भय पाम्या छीए, तो आपनी साथे मुनिसुव्रत अर्हंतनी पासे मुंड थईने गृहत्याग करी अनगारपणुं यावत्-ग्रहण करीशुं.

५. त्यार बाद ते कार्तिकशेठे ते एक हजार आठ वणिकोने आ प्रमाणे कह्युं के, हे देवानुप्रियो! जो तमे पण संसार भयथी उद्विग्न थया हो, जन्म अने मरणथी भय पाम्या हो, तथा मारी साथेज मुनिसुव्रत अर्हंत पासे यावत्-प्रव्रज्या लेवा इच्छता हो तो तमे तमारे घेर जाओ, अने पुष्कळ अशनादि यावत्-तैयार करावी, मित्र ज्ञाति वगेरेने बोलावी यावत्-ज्येष्ठ पुत्रने कुटुम्बनो भार सोंपी अने मित्रादिक तथा ज्येष्ठ पुत्रने पूछी हजार पुरुषो वडे उचकी शकाय तेवी शिबिकामां बेसी, अने मार्गमां तमारी पाछळ चालता मित्र ज्ञाति यावत्-परिवार वडे अने ज्येष्ठ पुत्र वडे अनुसरायेला, सर्वऋद्धिथी युक्त यावत्-वाद्योना घोषपूर्वक विलंब कर्या सिवाय मारी पासे आवो. त्यार पछी कार्तिक शेठना ए कथनने विनयपूर्वक स्वीकारी ते बधा वणिको पोतपोताने घेर गया अने तेओए पुष्कळ अशन, पान, यावत्-

३ * भग० खं० ४ श० १६ उ० ५ पृ० १४. † जुओ-भग० खं० ३ श० ११ उ० ११ पृ० २३४.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क्खडावेत्ता मित्तनाइ० जाव–तस्सेव मित्तनाइ० जाव–पुरओ जेट्ठपुत्ते कुडुंबे ठावेंति, जेट्ठ० २ ठावेत्ता तं मित्तनाइ० जाव–जेट्ठपुत्ते य आपुच्छंति, जेट्ठ० २ आपुच्छेत्ता पुरिससहस्सवाहिणीओ सीयाओ दुरूहंति, दुरूहित्ता मित्तणाति० जाव–परिजणेणं जेट्ठपुत्तेहिं य समणुगम्ममाणमग्गा सव्विड्ढीए जाव–रवेणं अकालपरिहीणं चेव कत्तियस्स सेट्ठिस्स अंतियं पाउब्भवंति।

६. तए णं से कत्तिए सेट्ठी विपुलं असणं ४ जहा गंगदत्तो जाव–मित्त–णाति० जाव–परिजणेणं जेट्ठपुत्तेणं णेगमट्ठसहस्सेण य समणुगम्ममाणमग्गे सव्विड्ढिए जाव–रवेणं हत्थिणापुरं नगरं मज्झंमज्झेणं जहा गंगदत्तो जाव–आलित्ते णं भंते! लोए, पलित्ते णं भंते! लोए, आलित्तपलित्ते णं भंते! लोए, जाव–अणुगामियत्ताए भविस्सति, तं इच्छामि णं भंते! णेगमट्ठसहस्सेण सद्धिं सयमेव पव्वावियं, जाव–धम्ममाइक्खियं'। तए णं मुणिसुव्वए अरहा कत्तियं सेट्ठिं णेगमट्ठसहस्सेणं सद्धिं सयमेव पव्वावेति, जाव–धम्ममाइक्खइ–'एवं देवाणुप्पिया! गंतव्वं, एवं चिट्ठियव्वं, जाव–संजमियव्वं।

७. तए णं से कत्तिए सेट्ठी नेगमट्ठसहस्सेण सद्धिं मुणिसुव्वयस्स अरहओ इमं एयारूवं धम्मियं उवदेसं सम्मं पडिवज्जइ, तमाणाए तहा गच्छति, जाव–संजमेति'। तए णं से कत्तिए सेट्ठी णेगमट्ठसहस्सेणं सद्धिं अणगारे जाए, ईरियासमिए जाव–गुत्तबंभयारी। तए णं से कत्तिए अणगारे मुणिसुव्वयस्स अरहओ तहारूवाणं थेराणं अंतियं सामाइयमाइयाइं चोद्दस पुव्वाइं अहिज्जइ, सा० २ अहिज्जित्ता बहूहिं चउत्थ छट्ठ–ट्ठम० जाव–अप्पाणं भावेमाणे बहुपडिपुन्नाइं दुवालस वासाइं सामन्नपरियागं पाउणइ, पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झोसेइ, मा० २ झोसित्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदेति, स० २ छेदेत्ता आलोइय० जाव–कालं किच्चा सोहम्मे कप्पे सोहम्मवडेंसए विमाणे उववायसभाए देवसयणिज्जंसि जाव–सक्के देविंदत्ताए उववन्ने। तए णं से सक्के देविंदे देवराया अहुणोववण्णे० सेसं जहा गंगदत्तस्स जाव–अंतं काहिति, नवरं ठिती दो सागरोवमाइं, सेसं तं चेव। 'सेवं भंते! सेव भंते'त्ति।

## अट्ठारसमे सए बीओ उद्देसो समत्तो।

तैयार करावी पोताना मित्र, ज्ञाति यावत्–स्वजनने बोलावी अने तेओनी समक्ष यावत्–मोटा पुत्रने कुटुंबनो भार सोंपी ते मित्र, ज्ञाति वगेरे अने पुत्रने पूछी हजार पुरुषोथी उपाडी शकाय एवी शिबिकामां बेसी, मार्गमां मित्र, ज्ञाति यावत्–परिजन वडे तथा ज्येष्ठ पुत्र वडे अनुसराता, यावत्–सर्वऋद्धियुक्त वाधना घोषपूर्वक तेओ तुरत कार्तिक शेठनी पासे हाजर थया.

६. त्यार बाद ते कार्तिक शेठे *गंगदत्तनी पेठे पुष्कळ अशन–यावत्–तैयार कराव्या. यावत्–मित्र, ज्ञाति, यावत्–परिवार, ज्येष्ठ पुत्र अने एक हजारने आठ वणिको वडे अनुसरातो सर्व ऋद्धिथी युक्त एवो कार्तिक शेठ यावत्–वाधना घोषपूर्वक हस्तिनापुर नगरनी वच्चोवच्च थई गंगदत्तनी पेठे नीकळ्यो, अने श्री मुनिसुव्रत अर्हंत पासे जई आ प्रमाणे बोल्यो–'हे भगवन्! आ संसार चो तरफ सळगी रहेलो छे, हे भगवन्! आ संसार अत्यन्त प्रज्वलित थई रहेलो छे, हे भगवन्! आ संसार चो तरफ अत्यंत प्रज्वलित थई रहेलो छे. माटे आपनी पासे प्रव्रज्या ग्रहण करवी ए मने श्रेयोरूप थशे तेथी हे भगवन्! आ एक हजार आठ वणिको साथे हुं आपनी पासे स्वयमेव प्रव्रज्या लेवाने अने आपे कहेल धर्म सांभळवाने इच्छुं छुं.' त्यार पछी श्रीमुनिसुव्रत अर्हंते ते कार्तिक शेठने एक हजार आठ वणिको साथे प्रव्रज्या आपी अने यावत्–धर्मोपदेश कर्यो–'हे देवानुप्रियो! आ प्रमाणे चालवुं, आ प्रमाणे रहेवुं–इत्यादि यावत्–आ प्रमाणे संयमनुं पालन करवुं.'

७. त्यार बाद ते कार्तिक शेठे एक हजार आठ वणिको साथे मुनिसुव्रत अर्हंते कहेला आवा प्रकारना धार्मिक उपदेशनो सारी रीते स्वीकार कर्यो, अने तेणे तेमनी आज्ञा प्रमाणे तेवीज रीते आचरण कर्युं, यावत्–संयमनुं पालन कर्युं. त्यार बाद ते कार्तिक शेठ एक हजार आठ वणिको साथे अनगार थया, ईर्यासमितियुक्त अने यावत्–गुप्त ब्रह्मचारी–ब्रह्मचर्यनी गुप्तिने धारण करनारा थया. पछी ते कार्तिक अनगारे मुनिसुव्रत अर्हंतना तेवा प्रकारना स्थविरोनी पासे सामायिकथी आरंभी चौद पूर्व पर्यंत अध्ययन कर्युं, अने घणा उपवास, छट्ठ तथा अट्ठमोथी यावत्–आत्माने भावित करता सम्पूर्ण बार वरस श्रमणपर्याय पाळ्यो. त्यार बाद ते कार्तिक शेठ एक मासनी संलेखना तप वडे शरीरने शोषवी साठ भक्त (त्रीश दिवस) अनशनपणे वीतावी, आलोचना करी यावत्–काळ करी सौधर्म कल्पमां सौधर्मावतंसक नामना विमानमां आवेली उपपातसभामां देवशयनीय विषे यावत्–शक्र–देवेंद्रपणे उत्पन्न थया. त्यार पछी हमणां उत्पन्न थयेल शक्र देवेन्द्र देवराज इत्यादि–'बधी वक्तव्यता †गंगदत्तनी जेम कहेवी, यावत्–ते सर्व दुःखोनो अंत करशे.' पण विशेष ए के, (शक्रनी) स्थिति बे सागरोपमनी छे. बाकी बधुं तेज प्रमाणे जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'.

## अढारमा शतकमां द्वितीय उद्देशक समाप्त.

६ * गंगदत्त संबन्धे जुओ भग० खं० ४ श० १६ उ० ५ पृ० १४. ७ † जुओ भग० खं० ४ श० १६ उ० ५ पृ० १५.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## तईओ उद्देसो.

१. तेणं कालेणं तेणं समएणं रायगिहे नगरे होत्था । वन्नओ । गुणसिलए चेइए । वन्नओ । जाव-परिसा पडिगया । तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जाव-अंतेवासी मागंदियपुत्ते नामं अणगारे पगइभद्दए-जहा मंडियपुत्ते जाव-पज्जुवासमाणे एवं वयासी—

[प्र०] से नूणं भंते ! काउलेस्से पुढविकाइए काउलेस्सेहिंतो पुढविकाइएहिंतो अणंतरं उव्वट्टित्ता माणुसं विग्गहं लभति, मा० २ लभित्ता केवलं बोहिं बुज्झति, के० २ बुज्झित्ता तओ पच्छा सिज्झति, जाव-अंतं करेति ? [उ०] हंता मागंदियपुत्ता ! काउलेस्से पुढविकाइए जाव-अंतं करेति ।

२. [प्र०] से नूणं भंते ! काउलेसे आउकाइए काउलेसेहिंतो आउकाइएहिंतो अणंतरं उव्वट्टित्ता माणुसं विग्गहं लभति, मा० २ लभित्ता केवलं बोहिं बुज्झति, जाव अंतं करेति ? [उ०] हंता मागंदियपुत्ता ! जाव-अंतं करेति ।

३. [प्र०] से नूणं भंते ! काउलेस्से वणस्सइकाइए-एवं चेव जाव-अंतं करेति । 'सेवं भंते ! सेवं भंते' ! त्ति मागंदियपुत्ते अणगारे समणं भगवं महावीरं जाव-नमंसित्ता जेणेव समणे निग्गंथे तेणेव उवागच्छति, उवागच्छित्ता समणे निग्गंथे एवं वयासी-एवं खलु अज्जो ! काउलेस्से पुढविकाइए तहेव जाव-अंतं करेति, एवं खलु अज्जो ! काउलेस्से आउक्काइए जाव-अंतं करेति, एवं खलु अज्जो ! काउलेस्से वणस्सइकाइए जाव-अंतं करेति' । तए णं ते समणा निग्गंथा मागंदियपुत्तस्स अणगारस्स एवमाइक्खमाणस्स जाव-एवं परूवेमाणस्स एयमट्ठं नो सद्दहंति ३, एयमट्ठं असद्दहमाणा ३ जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, उवागच्छित्ता समणं भगवं महावीरं वंदंति नमंसंति, वंदित्ता नमंसित्ता एवं वयासी—[प्र०] एवं खलु भंते ! मागंदियपुत्ते अणगारे अम्हं एवमाइक्खति, जाव-परूवेति-एवं खलु अज्जो ! काउलेस्से पुढविकाइए जाव-अंतं करेति, एवं खलु अज्जो ! काउलेस्से आउक्काइए जाव-अंतं करेति, एवं वणस्सइकाइए वि जाव-अंतं करेति' से कहमेयं भंते ! एवं ? [उ०] 'अज्जो'त्ति समणे भगवं महावीरे ते समणे निग्गंथे आमंतित्ता एवं वयासी-'जण्णं

## तृतीय उद्देशक.

माकंदिकपुत्र अनगारना प्रश्नो.

१. ते काळे, ते समये राजगृह नामे नगर हतुं. वर्णक. गुणसिलक चैत्य हतुं. वर्णक. यावत्-पर्षदा वांदीने पाछी गई. ते काळे, ते समये श्रमण भगवंत महावीरना अंतेवासी यावत्-भद्रप्रकृतिवाळा माकंदिपुत्र अनगारे, *मंडितपुत्र अनगारनी जेम पर्युपासना करतां श्रमण भगवंत महावीरने आ प्रमाणे प्रश्न कर्यो-[प्र०] हे भगवन् ! कापोतलेश्यावाळो पृथिवीकायिक जीव, कापोतलेश्यावाळा पृथिवीकायिकोमांथी मरण पामी तुरतज मनुष्यना शरीरने प्राप्त करी, केवलज्ञान प्राप्त करे अने त्यार बाद सिद्ध थाय, यावत्-सर्वदुःखोनो नाश करे ? [उ०] हे माकंदिकपुत्र ! हा, कापोतलेश्यावाळो पृथिवीकायिक, यावत्-सर्व दुःखोनो नाश करे.

पृथिवीकायिकादि मनुष्यशरीर पामी तुरत सिद्ध थाय ?

अप्कायिक.

२. [प्र०] हे भगवन् ! कापोतलेश्यावाळो अप्कायिक, कापोतलेश्यावाळा अप्कायिकोमांथी मरण पामी तुरतज मनुष्यशरीर प्राप्त करी केवलज्ञान प्राप्त करे अने त्यार बाद सिद्ध थाय, यावत्-सर्वदुःखोनो नाश करे ? [उ०] हे माकंदिकपुत्र ! हा, ते यावत्—सर्व दुःखोनो नाश करे.

३. हे भगवन् ! कापोतलेश्यावाळो वनस्पतिकायिक जीव, वनस्पतिकायिकमांथी नीकळी-इत्यादि प्रश्न, अने उत्तर पूर्व प्रमाणे जाणवा. 'हे भगवन् ! ते एमज छे हे भगवन् ! ते एमज छे' एम कही माकंदिकपुत्र अनगार श्रमण भगवंत महावीरने वांदी, नमी ज्यां श्रमण निर्ग्रन्थो छे त्यां आवी ते श्रमण निर्ग्रंथोने तेणे आ प्रमाणे कह्युं-'हे आर्यो ! कापोतलेश्यावाळो पृथिवीकायिक यावत्-सर्वदुःखोनो नाश करे, तेज प्रकारे हे आर्यो ! कापोतलेश्यावाळो अप्कायिक अने वनस्पतिकायिक जीव पण यावत्-सर्व दुःखोनो नाश करे.'-ए प्रमाणे कथन करता यावत्-प्ररूपणा करता माकंदिकपुत्र अनगारनी आ वातने ते श्रमण निर्ग्रन्थोए मान्य न करी अने तेओ ज्यां श्रमण भगवंत महावीर विराजमान हता त्यां आव्या; त्यां आवीने श्रमण भगवंत महावीरने वांदी नमी यावत्-तेओ आ प्रमाणे बोल्या-[प्र०] हे भगवन् ! माकंदिकपुत्र अनगारे अमने आ प्रमाणे कह्युं छे, यावत्-प्ररूप्युं छे के हे आर्यो ! कापोतलेश्यावाळो पृथिवीकायिक, कापोतलेश्यावाळो अप्कायिक अने कापोतलेश्यावाळो वनस्पतिकायिक यावत्-सर्वदुःखोनो नाश करे छे. तो हे भगवन् ! ते एम केवी रीते होय ? [उ०] 'हे आर्यो !' एम संबोधी ते श्रमण निर्ग्रंथोने श्रमण भगवंत महावीरे आ प्रमाणे कह्युं-'हे आर्यो ! माकंदिकपुत्र अनगारे तमने जे कह्युं छे, यावत्-जे प्ररूप्युं छे के कापोतलेश्यावाळो पृथिवीकायिक, कापोतलेश्यावाळो अप्कायिक अने कापोतलेश्यावाळो वनस्पतिकायिक पण यावत्-सर्व दुःखोनो नाश करे छे.' ते वात सत्य छे; हे आर्यो ! हुं पण एज प्रमाणे कहुं छुं के,

१ * मंडितपुत्र संबंधे जुओ—भग० खं० २ श० ३ उ० ३ पृ० ७३.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अज्जो ! मागंदियपुत्ते अणगारे तुज्झे एवं आइक्खति, जाव परूवेति–एवं खलु अज्जो ! काउलेस्से पुढविकाइए जाव–अंतं करेति, एवं खलु अज्जो ! काउलेस्से आउकाइए जाव–अंतं करेति, एवं खलु अज्जो ! काउलेस्से वणस्सइकाइए वि जाव–अंतं करेति, सच्चे णं एसमट्ठे, अहं पि णं अज्जो ! एवमाइक्खामि ४–एवं खलु अज्जो ! कण्हलेसे पुढविकाइए कण्हलेसेहिंतो पुढविकाइएहिंतो जाव–अंतं करेति, एवं खलु अज्जो ! नीललेस्से पुढविकाइए जाव–अंतं करेति, एवं काउलेस्से वि, जहा पुढविकाइए एवं आउकाइए वि, एवं वणस्सइकाइए वि, सच्चे णं एसमट्ठे । 'सेवं भंते ! सेवं भंते' ! त्ति समणा निग्गंथा समणं भगवं महावीरं वंदंति नमंसंति, वंदित्ता नमंसित्ता जेणेव मागंदियपुत्ते अणगारे तेणेव उवागच्छंति, उवागच्छित्ता मागंदियपुत्तं अणगारं वंदंति नमंसंति, वंदित्ता नमंसित्ता एयमट्ठं सम्मं विणएणं भुज्जो २ खामेंति ।

४. तए णं से मागंदियपुत्ते अणगारे उट्ठाए उट्ठेति, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छति, ते० २ उवागच्छित्ता समणं भगवं महावीरं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वयासी—[प्र०] अणगारस्स णं भंते ! भावियप्पणो सव्वं कम्मं वेदेमाणस्स, सव्वं कम्मं निज्जरेमाणस्स सव्वं मारं मरमाणस्स, सव्वं सरीरं विप्पजहमाणस्स, चरिमं कम्मं वेदेमाणस्स, चरिमं कम्मं निज्जरेमाणस्स, चरिमं सरीरं विप्पजहमाणस्स, चरिमं मारं मरमाणस्स मारणंतियं कम्मं वेदेमाणस्स, मारणंतियं कम्मं निज्जरेमाणस्स, मारणंतियं मारं मरमाणस्स, मारणंतियं सरीरं विप्पजहमाणस्स जे चरिमा निज्जरापोग्गला सुहुमा णं ते पोग्गला पन्नत्ता समणाउसो ! सव्वं लोगं पि णं ते ओगाहित्ता णं चिट्ठंति ? [उ०] मागंदियपुत्ता ! अणगारस्स णं भंते ! भावियप्पणो जाव–ओगाहित्ता णं चिट्ठंति ।

५. [प्र०] छउमत्थे णं भंते ! मणुस्से तेसिं निज्जरापोग्गलाणं किंचि आणत्तं वा णाणत्तं वा० ? [उ०] एवं जहा इंदियउद्देसए पढमे जाव–वेमाणिया, जाव–तत्थ णं जे ते उवउत्ता ते जाणंति, पासंति, आहारेंति, से तेणट्ठेणं निक्खेवो भाणियव्वो त्ति न पासंति, आहारंति ।

६. [प्र०] नेरइया णं भंते ! निज्जरापुग्गला न जाणंति न पासंति, आहारंति, एवं जाव–पंचिंदियतिरिक्खजोणियाणं ।

कृष्णलेश्यावाळो पृथिवीकायिक कृष्णलेश्यावाळा पृथिवीकायिकोथी नीकळी तुरत यावत्–सर्व दुःखोनो नाश करे; ए प्रमाणे हे आर्यो ! नीललेश्यावाळो तथा कापोतलेश्यावाळो पृथिवीकायिक पण यावत्–सर्व दुःखोनो नाश करे.' ए प्रमाणे पृथिवीकायिकनी पेठे अप्कायिक तथा वनस्पतिकायिक पण यावत्–सर्व दुःखोनो नाश करे. ए वात सत्य छे. 'हे भगवन् ! ते एमज छे हे भगवन् ! ते एमज छे'–एम कही ते श्रमण निर्ग्रंथो श्रमण भगवंत महावीरने वांदी नमी, ज्यां माकंदिकपुत्र अनगार छे त्यां आव्या, त्यां आवीने तेओए माकंदिकपुत्र अनगारने वांदी नमी ए बाबत सम्यग् रीते विनयपूर्वक वारंवार खमाव्या.

४. त्यार पछी माकंदिकपुत्र अनगार उठीने ज्यां श्रमण भगवंत महावीर विराजमान छे त्यां आव्या. आवीने भगवंतने वांदी नमी आ प्रमाणे कह्युं—[प्र०]—हे भगवन् ! बधा कर्मने वेदता, बधा कर्मने निर्जरता, सर्व मरणे मरता अने सर्व शरीरने छोडता, तथा चरम–छेल्ला कर्मने वेदता, चरम कर्मने निर्जरता, चरम शरीरने छोडता, चरम मरणे मरता तथा मारणान्तिक कर्मने वेदता, मारणान्तिक कर्मने निर्जरता, मारणान्तिक मरणे मरता अने मारणान्तिक शरीरने छोडता भावितात्मा अनगारना जे चरम–छेल्ला निर्जराना पुद्गलो छे हे आयुष्मन् श्रमण ! ते पुद्गलोने सूक्ष्म कहेवामां आव्या छे, अने हे आयुष्मन् श्रमण ! ते पुद्गलो समग्र लोकने अवगाहीने रहे छे ? [उ०] हा, माकंदिकपुत्र ! भावितात्मा अनगारना ते चरम निर्जरापुद्गलो यावत्–समग्र लोकने व्यापीने रहे छे. निर्जरा पुद्गलो सर्वलोक व्यापी छे ?

५. [प्र०] हे भगवन् ! छद्मस्थ मनुष्य ते निर्जरा पुद्गलोनुं परस्पर जुदापणुं यावत्–नानापणुं जाणे अने जुए ? [उ०] 'जेम प्रथम *इन्द्रियोद्देशकमां कहेवामां आव्युं छे ते प्रमाणे यावत्–[ केटलाक देवो पण जाणता नथी अने जोता नथी ] एम वैमानिको सुधी कहेवुं. तेमां जेओ †उपयोगयुक्त छे तेओ ते पुद्गलोने जाणे छे, जुए छे अने ग्रहण करे छे. ते कारण माटे ए समग्र निक्षेप–पाठ कहेवो. यावत्–जेओ उपयोगरहित छे तेओ जाणता नथी, अने देखता नथी, पण ते पुद्गलोनो ‡आहार–ग्रहण करे छे. छद्मस्थ निर्जरापुद्गलोनुं भिन्नपणुं जुए ?

६. [प्र०] हे भगवन् ! नैरयिको संबंधे प्रश्न. [उ०] तेओ निर्जरापुद्गलोने जाणता नथी, जोता नथी, पण तेनो आहार करे छे. एम यावत्–पंचेन्द्रियतिर्यंचयोनिक सुधी जाणवुं.

५ * प्रज्ञा० पद १५ उ० १ पृ० २९२.

† जेओ विशिष्ट अवधिज्ञानादिना उपयोगयुक्त होय छे ते सूक्ष्म कार्मण पुद्गलोने जाणे छे अने जुए छे पण जेओ विशिष्ट अवधिज्ञानादिना उपयोगरहित छे ते सूक्ष्म कार्मण पुद्गलोने कांइ पण जाणता के जोता नथी.

‡ ओज आहार, लोमाहार अने प्रक्षेपाहार–ए त्रिविध आहारमांथी अहिं ओज आहार लेवो, कारण के कार्मण शरीरद्वारा पुद्गलोनुं ग्रहण करवुं ते ओज आहार कहेवाय छे अने ते आहार अहिं संभवे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. [प्र०] मणुस्सा णं भंते ! निज्जरापोग्गले किं जाणंति पासंति आहारंति, उदाहु न जाणंति न पासंति नाहारंति ? [उ०] गोयमा ! अत्थेगइया जाणंति ३, अत्थेगइआ न जाणंति न पासंति, आहारंति । [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–'अत्थेगइया जाणंति पासंति आहारेंति, अत्थेगइआ न जाणंति न पासंति, आहारंति ? [उ०] गोयमा ! मणुस्सा दुविहा पन्नत्ता, तंजहा–सन्नीभूया य असन्नीभूया य । तत्थ णं जे ते असन्निभूया ते न जाणंति न पासंति, आहारंति । तत्थ णं जे ते सन्नीभूया ते दुविहा पन्नत्ता तंजहा–उवउत्ता अणुवउत्ता य । तत्थ णं जे ते अणुवउत्ता ते न याणंति न पासंति, आहारंति । तत्थ णं जे ते उवउत्ता ते जाणंति ३, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ–अत्थेगइया न जाणंति, न पासंति, आहारेंति, अत्थेगइया जाणंति ३ । वाणमंतरजोइसिया जहा नेरइया ।

८. [प्र०] वेमाणिया णं भंते ! ते निज्जरापोग्गले किं जाणंति ६ ? [उ०] गोयमा ! जहा मणुस्सा, नवरं वेमाणिया दुविहा पन्नत्ता, तं जहा–माइमिच्छदिट्ठीउववन्नगा य अमाइसम्मदिट्ठीउववन्नगा य । तत्थ णं जे ते मायिमिच्छदिट्ठिउववन्नगा ते णं न जाणंति न पासंति आहारंति । तत्थ णं जे ते अमायिसम्मदिट्ठीउववन्नगा तें दुविहा पन्नत्ता, तं जहा–अणंतरोववन्नगा य परंपरोववन्नगा य । तत्थ णं जे ते अणंतरोववन्नगा ते णं न याणंति न पासंति आहारेंति । तत्थ णं जे ते परंपरोववन्नगा ते दुविहा पन्नत्ता, तं जहा–पज्जत्तगा य अपज्जत्तगा य । तत्थ णं जे ते अपज्जत्तगा ते णं न जाणंति, न पासंति, आहारंति । तत्थ णं जे ते पज्जत्तगा ते दुविहा पन्नत्ता, तंजहा–उवउत्ता य अणुवउत्ता य, तत्थ णं जे ते अणुवउत्ता ते ण याणंति न पासंति आहारंति ।

९. [प्र०] कतिविहे णं भन्ते ! बंधे पन्नत्ते ? [उ०] मागंदियपुत्ता ! दुविहे पन्नत्ते, तं जहा–दव्वबंधे य भावबंधे य ।

१०. [प्र०] दव्वबंधे णं भंते ! कतिविहे पन्नत्ते ? [उ०] मागंदियपुत्ता ! दुविहे पन्नत्ते तं जहा–पओगबंधे य वीससाबंधे य ।

७. [प्र०] हे भगवन् ! मनुष्यो शुं निर्जरा पुद्गलोने जाणे छे, जुए छे अने आहारे छे–ग्रहण करे छे, के जाणता नथी, जोता नथी अने ग्रहण करता नथी ? [उ०] हे *गौतम ! केटलाक जाणे छे, जुए छे अने आहारे छे, अने केटलाक जाणता नथी, जोता नथी पण तेओनो आहार करे छे. [प्र०] हे भगवन् ! शा माटे एम कहेवामां आव्युं के, केटलाक जाणे छे, जुए छे अने आहारे छे अने केटलाक नथी जाणता, नथी जोता, पण आहारे छे' ? [उ०] हे गौतम ! मनुष्य बे प्रकारना कह्या छे, संज्ञीरूप–मनसहित अने असंज्ञीरूप–मनरहित. तेमां जे असंज्ञीरूप छे ते जाणता नथी, जोता नथी, पण ते निर्जरा पुद्गलोनो आहार करे छे; अने जे संज्ञीरूप छे ते पण बे प्रकारना छे, उपयुक्त अने अनुपयुक्त. तेमां जे विशिष्ट ज्ञानना उपयोग रहित छे ते जाणता नथी, जोता नथी, पण आहार करे छे. जे विशिष्ट ज्ञानना उपयोगवाळा छे तेओ तेने जाणे छे, जुए छे अने तेनो आहार करे छे, ते कारणथी हे गौतम ! एम कहेवाय छे के केटलाक जाणता नथी, जोता नथी पण तेनो आहार करे छे अने केटलाक जाणे छे, जुए छे अने तेनो आहार पण करे छे'. वाणव्यंतर अने ज्योतिष्कोनी वक्तव्यता नैरयिको प्रमाणे समजवी.

८. [प्र०] हे भगवन् ! वैमानिको शुं ते निर्जरा पुद्गलोने जाणे छे, जुए छे अने आहारे छे के नथी जाणता, नथी जोता अने आहारता पण नथी ? [उ०] हे गौतम ! जेम मनुष्योनी वक्तव्यता कही छे (सू० ७) तेम वैमानिकोनी वक्तव्यता जाणवी. परन्तु विशेष ए छे के, वैमानिक बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–मायी मिथ्यादृष्टि अने अमायी सम्यग्दृष्टि. तेमां जे मायी मिथ्यादृष्टि देव छे तेओ निर्जरापुद्गलोने जाणता नथी, जोता नथी पण आहारे छे. तथा जे अमायी सम्यग्दृष्टि छे, ते बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–अनन्तरोपपन्नक अने परंपरोपपन्नक. तेमां जे अनंतरोपपन्नक–प्रथम समयोत्पन्न छे ते जाणता नथी, जोता नथी, पण आहारे छे, अने जे परंपरोपपन्नक (जेने उत्पन्न थयाने द्वितीयादि समयो थयेला छे.) छे ते बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे—पर्याप्तक अने अपर्याप्तक. तेमां जे अपर्याप्तक छे ते जाणता नथी, जोता नथी, पण आहारे छे. जे पर्याप्तक छे ते बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे—उपयुक्त अने अनुपयुक्त. तेमां जे अनुपयुक्त छे ते जाणता नथी, जोता नथी पण आहारे छे.

९. [प्र०] हे भगवन् ! बंध केटला प्रकारनो कह्यो छे ? [उ०] हे माकन्दिकपुत्र ! बंध बे प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे–द्रव्यबंध अने भावबंध.

द्रव्यबंधना प्रकार.

१०. [प्र०] हे भगवन् ! द्रव्यबंध केटला प्रकारनो कह्यो छे ? [उ०] हे माकंदिकपुत्र ! बे प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे—प्रयोगबन्ध अने विस्रसाबन्ध (स्वाभाविकबन्ध).

---

७ * अहिं भगवंतने प्रश्न पूछनार तो माकंदिकपुत्र छे, छतां भगवाने गौतमने संबोधी उत्तर आप्यो तेनुं कारण ए छे के, आ पाठ प्रज्ञापना सूत्रमांथी उद्धृत करेलो छे अने प्रज्ञापनासूत्रनी रचनाशैली प्रायः गौतमप्रश्न अने भगवंतना उत्तर रूप होवाथी अहिं पण ते सळंग पाठ ग्रहण करेलो छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. [प्र०] वीससाबंधे णं भंते! कतिविहे पन्नत्ते?। [उ०] मागंदियपुत्ता! दुविहे पन्नत्ते, तं जहा—साइयवीससाबंधे य अणाईयवीससाबंधे य।

१२. [प्र०] पयोगबंधे णं भंते! कतिविहे पन्नत्ते? [उ०] मागंदियपुत्ता! दुविहे पन्नत्ते, तं जहा—सिढिलबंधणबन्धे य धणियबंधणबन्धे य।

१३. [प्र०] भावबंधे णं भंते! कतिविहे पन्नत्ते? [उ०] मागंदियपुत्ता! दुविहे पन्नत्ते, तं जहा—मूलपगडिबंधे य उत्तरपगडिबंधे य।

१४. [प्र०] नेरइयाणं भंते! कतिविहे भावबंधे पन्नत्ते? [उ०] मागंदियपुत्ता! दुविहे भावबंधे पन्नत्ते, तं जहा—मूलपगडिबंधे य उत्तरपगडिबंधे य। एवं जाव—वेमाणियाणं।

१५. [प्र०] नाणावरणिज्जस्स णं भंते! कम्मस्स कतिविहे भावबंधे पन्नत्ते? [उ०] मागंदियपुत्ता! दुविहे भावबंधे पन्नत्ते, तं जहा—मूलपगडिबंधे य उत्तरपयडिबंधे य।

१६. [प्र०] नेरतियाणं भंते! नाणावरणिज्जस्स कम्मस्स कतिविहे भावबंधे पन्नत्ते? [उ०] मागंदियपुत्ता! दुविहे भावबंधे पन्नत्ते, तं जहा—मूलपगडिबंधे य उत्तरपयडि०, एवं जाव—वेमाणियाणं, जहा नाणावरणिज्जेणं दंडओ भणिओ एवं जाव—अंतराइएणं भाणियव्वो।

१७. [प्र०] जीवाणं भंते! पावे कम्मे जे य कडे, जाव—जे य कज्जिस्सइ, अत्थि याइ तस्स केइ णाणत्ते? [उ०] हंता अत्थि। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ—'जीवाणं पावे कम्मे जे य कडे, जाव—जे य कज्जिस्सति, अत्थि याइ तस्स णाणत्ते'? [उ०] मागंदियपुत्ता! से जहानामए—केइ पुरिसे धणुं परामुसइ, धणुं परामुसित्ता उसुं परामुसइ, उसुं परामुसित्ता ठाणं ठाइ, ठाणं ठाएत्ता आययकण्णाययं उसुं करेति, आ० २ करेत्ता उड्ढं वेहासं उव्विहइ, से नूणं मागंदियपुत्ता! तस्स उसुस्स उड्ढं

११. [प्र०] हे भगवन्! *विस्रसाबंध केटला प्रकारनो कह्यो छे? [उ०] हे माकंदिकपुत्र! ते बे प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे—*सादि विस्रसाबन्ध अने अनादि विस्रसाबन्ध. विस्रसाबन्ध.

१२. [प्र०] हे भगवन्! प्रयोगबन्ध केटला प्रकारनो कह्यो छे? [उ०] हे माकंदिकपुत्र! ते बे प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे—शिथिलबन्धनवाळो बन्ध अने गाढबन्धनवाळो बन्ध. प्रयोगबन्ध.

१३. [प्र०] हे भगवन्! भावबन्ध केटला प्रकारनो कह्यो छे? [उ०] हे माकंदिकपुत्र! बे प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे—मूलप्रकृतिबन्ध अने उत्तरप्रकृतिबन्ध. भावबन्ध.

१४. [प्र०] हे भगवन्! नैरयिकोने केटला प्रकारनो भावबन्ध कह्यो छे? [उ०] हे माकंदिकपुत्र! तेओने बे प्रकारनो भावबन्ध कह्यो छे, ते आ प्रमाणे—मूलप्रकृतिबन्ध अने उत्तरप्रकृतिबन्ध. ए प्रमाणे यावत्—वैमानिको सुधी जाणवुं.

१५. [प्र०] हे भगवन्! ज्ञानावरणीय कर्मनो भावबन्ध केटला प्रकारनो कह्यो छे? [उ०] हे माकंदिकपुत्र! ते बे प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे—मूलप्रकृतिबन्ध अने उत्तरप्रकृतिबन्ध.

१६. [प्र०] हे भगवन्! नैरयिकोने ज्ञानावरणीय कर्मनो भावबन्ध केटला प्रकारनो कह्यो छे? [उ०] हे माकंदिकपुत्र! ते बे प्रकारनो कह्यो छे, ते आ प्रमाणे—मूलप्रकृतिबन्ध अने उत्तरप्रकृतिबन्ध. ए प्रमाणे यावत्—वैमानिको सुधी जाणवुं. जेम ज्ञानावरणीय संबंधे दंडक कह्यो तेम यावत्—अंतरायकर्म सुधी दंडक कहेवो.

१७. [प्र०] हे भगवन्! जीवे जे पाप कर्म कर्युं छे अने यावत्—हवे पछी करशे, तेमां परस्पर कांइ भेद छे? [उ०] हे माकंदिकपुत्र! हा, तेमां परस्पर भेद[†] छे. [प्र०] हे भगवन्! शा हेतुथी एम कहो छो के, 'जीवे जे पाप कर्म कर्युं छे अने यावत्—जे पाप कर्म करशे, तेमां परस्पर भेद छे? [उ०] हे माकंदिकपुत्र! जेम कोइ एक पुरुष धनुषने ग्रहण करी, बाण लेइ अमुक आकारे उभो रही धनुषने कान सुधी खेंची छेवटे ते बाणने आकाशमां उंचे फेंके, तो हे माकंदिकपुत्र! आकाशमां उंचे फेंकेला ते बाणना कंपनमां कर्मबंधनी भिन्नता

११ * विस्रसाबन्ध—वादळा वगेरेनो स्वाभाविकबन्ध, तेना सादि विस्रसाबन्ध अने अनादि विस्रसाबन्ध ए बे भेद छे. तेमां वादळा वगेरेनो सादि विस्रसाबन्ध, अने धर्मास्तिकायादिनो परस्पर अनादि विस्रसाबन्ध.

१७ † पुरुषे करेला भूत, वर्तमान अने भविष्यकाळना कर्ममां तीव्र मन्दादि परिणामना भेदथी भिन्नता होय छे. जेम कोई पुरुषे आकाशमां उंचे फेंकेला बाणना कंपनमां तेना प्रयत्ननी विशेषताथी भेद होय छे, तेवी रीते कर्ममां पण तीव्र मन्द इत्यादि परिणामनी विशेषताथी विशेषता होय छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वेहासं उव्वीढस्स समाणस्स एयति वि णाणत्तं, जाव–तं तं भावं परिणमति वि णाणत्तं ? [उ०] हंता भगवं ! एयति वि णाणत्तं, जाव–परिणमति वि णाणत्तं, से तेणट्ठेणं मागंदियपुत्ता ! एवं वुच्चइ–जाव–तं तं भावं परिणमति वि णाणत्तं ।

१८. [प्र०] नेरइयाणं भंते ! पावे कम्मे जे य कडे० ? [उ०] एवं चेव, नवरं जाव–वेमाणियाणं ।

१९. [प्र०] नेरइया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति, तेसि णं भंते ! पोग्गलाणं सेयकालंसि कतिभागं आहारेंति, कतिभागं निज्जरेंति ? [उ०] मागंदियपुत्ता ! असंखेज्जइभागं आहारेंति, अणंतभागं निज्जरेंति ।

२०. [प्र०] चक्किया णं भंते ! केइ तेसु निज्जरापोग्गलेसु आसइत्तए वा जाव–तुयट्टित्तए वा ? [उ०] णो तिणट्ठे समट्ठे, अणाहरणमेयं वुइयं समणाउसो ! एवं जाव वेमाणियाणं । 'सेवं भंते ! सेवं भंते'त्ति ।

## अट्ठारसमे सए तईओ उद्देसो समत्तो ।

भेद छे ? यावत्–तें ते भावे परिणमे छे तेमां भेद छे ? [उ०] हे भगवन् ! हा, तेना कंपनमां अने यावत्–तेना ते ते स्वरूपना परिणाममां पण भेद छे. तो हे माकंदिकपुत्र ! ते कारणथी एम कही शकाय छे के, 'यावत्–ते कर्मना ते ते रूपादि परिणाममां पण भेद छे'.

नैरयिकादिना कर्मबन्धमां भिन्नता.

१८. [प्र०] हे भगवन् ! नैरयिकोए जे पाप कर्म कर्युं छे अने यावत्–जे करशे, ते पाप कर्ममां कांइ भेद छे ? [उ०] हे माकंदिकपुत्र ! हा भेद छे. ए प्रमाणे यावत्—वैमानिको सुधी जाणवुं.

आहाररूपे ग्रहण करेला पुद्गलोनो केटलामो भाग गृहीत थाय अने केटलामो भाग त्याज्य थाय छे ?

१९. [प्र०] हे भगवन् ! नैरयिको जे पुद्गलोने आहारपणे ग्रहण करे छे, भविष्य काळमां ते पुद्गलोनो केटलामो भाग आहार रूपे गृहीत थाय छे अने केटलामो भाग निर्जरे छे–तजे छे ? [उ०] हे माकंदिकपुत्र ! आहार ग्रहण करेला पुद्गलोनो असंख्यातमो भाग आहाररूपे गृहीत थाय छे, अने अनंतमो भाग निर्जरे छे.

निर्जराना पुद्गलो उपर शयनादि थई शके ?

२०. [प्र०] हे भगवन् ! ए निर्जराना पुद्गलो उपर बेसवाने यावत्–सूवाने कोइ पुरुष समर्थ छे ? [उ०] हे माकंदिकपुत्र ! ए अर्थ समर्थ नथी. हे आयुष्मन् ! श्रमण ! ए निर्जराना पुद्गलो अनाधार रूप कहेलां छे. तेओ कांई पण धारण करवाने समर्थ नथी, एम कह्युं छे. 'हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे'–एम कही यावत्–विहरे छे.

## अढारमा शतकमां तृतीय उद्देशक समाप्त.

---

## चउत्थो उद्देसो.

१. [प्र०] तेणं कालेणं तेणं समएणं रायगिहे जाव–भगवं गोयमे एवं वयासी–अह भंते ! पाणाइवाए, मुसावाए, जाव–मिच्छादंसणसल्ले, पाणाइवायवेरमणे, मुसावाय० जाव–मिच्छादंसणसल्लवेरमणे, पुढविकाइए, जाव–वणस्सइकाइए, धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, जीवे असरीरपडिबद्धे, परमाणुपोग्गले, सेलेसिं पडिवन्नए अणगारे, सव्वे य बायरबोंदिधरा कलेवरा एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति ? [उ०] गोयमा ! पाणाइवाए जाव–एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य अत्थेगतिया जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति, अत्थेगतिया जीवाणं जाव–नो हव्वमागच्छंति । [प्र०] से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–पाणाइवाए जाव–नो हव्वमागच्छंति ?

## चतुर्थ उद्देशक.

प्राणातिपातादि जीवना परिभोगमां आवे छे के नहि ?

१. [प्र०] ते काळे, ते समये राजगृहमां यावत्–भगवान् गौतमे आ प्रमाणे कह्युं के हे भगवन् ! *प्राणातिपात, मृषावाद, यावत्–मिथ्यादर्शनशल्य, प्राणातिपातविरमण, मृषावादविरमण यावत्–मिथ्यादर्शनशल्यविवेक, पृथिवीकायिक, यावत्–वनस्पतिकायिक, धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, शरीररहित जीव, परमाणुपुद्गल, †शैलेशीने प्राप्त थयेलो अनगार, अने स्थूलआकारवाळा बधा कलेवरो–बेइंद्रियादि जीवो ए बधा मळीने बे प्रकारना छे, तेमांना केटलाक जीवद्रव्यरूप छे अने केटलाक अजीवद्रव्यरूप छे. तो हे भगवन् ! शुं ए बधा जीवना परिभोगमां आवे छे ? [उ०] हे गौतम ! प्राणातिपात वगेरे जीवद्रव्यरूप अने अजीवद्रव्यरूप छे, तेमांना केटलाक, जीवना परिभोगमां आवे

---

१ * प्राणातिपात वगेरे बधा सामान्यरूपे बे प्रकारना छे, पण तेमांना प्रत्येकना बे प्रकार नथी. तेमां पृथिवीकायिकादि जीव द्रव्यरूप छे, अने धर्मास्तिकायादि अजीवद्रव्यरूप छे. प्राणातिपातादि अशुद्ध स्वभावरूप अने प्राणातिपातविरमणादि शुद्ध स्वभावरूप जीवना धर्मो छे, तेथी ते जीवरूप कही शकाय. ज्यारे जीव प्राणातिपातादि सेवे छे त्यारे चारित्रमोहनीय कर्म उदयमां आवे छे, तेथी प्राणातिपातादि ते द्वारा जीवना परिभोगमां आवे छे. पृथिवीकायिकादिनो परिभोग गमन शौचादि द्वारा स्पष्ट छे. प्राणातिपातविरमणादि जीवना शुद्ध स्वभावरूप होवाथी चारित्र मोहनीयकर्मोदयना हेतुरूप थता नथी, माटे ते जीवना परिभोगमां आवता नथी. धर्मास्तिकायादि चार द्रव्यो अमूर्त होवाथी, परमाणु सूक्ष्म होवाथी अने शैलेशीने प्राप्त थयेल साधु उपदेश वगेरे द्वारा प्रेरणादि न करता होवाथी अनुपयोगी छे, तेथी ते जीवना परिभोगमां आवता नथी.

† मोक्ष गमन समये मेरुपर्वतना जेवी योगनी अत्यंत स्थिरतारूप आत्मानी अवस्थाने शैलेशी कहे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[उ०] गोयमा! पाणाइवाए, जाव–मिच्छादंसणसल्ले, पुढविकाइए, जाव–वणस्सइकाइए, सव्वे य बायरबोंदिधरा कलेवरा एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य जीवाणं परिभोगत्ताए हव्वमागच्छंति । पाणाइवायवेरमणे, जाव–मिच्छादंसणसल्लविवेगे, धम्मत्थिकाए, अधम्मत्थिकाए, जाव–परमाणुपोग्गले, सेलेसीं(सिं) पडिवन्नए अणगारे एए णं दुविहा जीवदव्वा य अजीवदव्वा य जीवाणं परिभोगत्ताए नो हव्वमागच्छन्ति, से तेणट्ठेणं जाव–नो हव्वमागच्छंति ।

२. [प्र०] कति णं भंते! कसाया पन्नत्ता? [उ०] गोयमा! चत्तारि कसाया पन्नत्ता, तं जहा–कसायपदं निरवसेसं भाणियव्वं जाव–'निज्जरिस्संति लोभेणं'।

३. [प्र०] कति णं भंते! जुम्मा पन्नत्ता? [उ०] गोयमा! चत्तारि जुम्मा पन्नत्ता, तं जहा–१ कडजुम्मे, २ तेयोगे, ३ दावरजुम्मे, ४ कलिओगे। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–जाव–कलियोए? [उ०] गोयमा! जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे चउपज्जवसिए सेत्तं कडजुम्मे । जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे तिपज्जवसिए सेत्तं तेयोए। जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे दुपज्जवसिए सेत्तं दावरजुम्मे । जे णं रासी चउक्कएणं अवहारेणं अवहीरमाणे एगपज्जवसिए सेत्तं कलिओगे। से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–जाव–कलिओए।

४. [प्र०] नेरइया णं भंते! किं कडजुम्मा, तेयोगा, दावरजुम्मा, कलियोगा ४? [उ०] गोयमा! जहन्नपदे कडजुम्मा, उक्कोसपदे तेयोगा, अजहन्नुक्कोसपदे सिय कडजुम्मा, जाव–सिय कलियोगा। एवं जाव–थणियकुमारा।

५. [प्र०] वणस्सइकाइयाणं पुच्छा। [उ०] गोयमा! जहन्नपदे अपदा, उक्कोसपदे य अपदा, अजहन्नुक्कोसपदे सिय कडजुम्मा, जाव–सिय कलियोगा।

छे अने केटलाक परिभोगमां नथी आवता. [प्र०] हे भगवन्! एम शा हेतुथी कहो छो के, 'प्राणातिपात वगेरे यावत्–केटलाक जीवना परिभोगमां आवे छे अने केटलाक जीवना परिभोगमां नथी आवता'? [उ०] हे गौतम! प्राणातिपात, यावत्–मिथ्यादर्शनशल्य, पृथिवीकायिक, यावत्–वनस्पतिकायिक अने बधा स्थूलाकारवाळा कलेवरधारी बेइंद्रियादिजीवो—ए बधा मळीने जीवद्रव्यरूप अने अजीवद्रव्यरूप बे प्रकारना छे, अने ते बधा जीवना परिभोगमां आवे छे. वळी प्राणातिपातविरमण, यावत्–मिथ्यादर्शनशल्य त्याग, धर्मास्तिकाय, अधर्मास्तिकाय, यावत्–परमाणुपुद्गल, तथा शैलेशी प्राप्त अनगार, ए बधा मळीने जीवद्रव्यरूप अने अजीवद्रव्यरूप बे प्रकारना छे, ते जीवना परिभोगमां आवता नथी. ते कारणथी एम कह्युं छे के, 'कोइ द्रव्यो परिभोगमां आवे छे अने कोइ द्रव्यो परिभोगमां आवतां नथी'.

२. [प्र०] हे भगवन्! कषाय केटला कह्या छे? [उ०] हे गौतम! चार कषायो कह्या छे. अहिं समग्र *कषायपद यावत्–लोभना वेदन वडे (आठकर्मप्रकृतिओनी) निर्जरा करशे'–त्यां सुधी कहेवुं. कषाय.

३. [प्र०] हे भगवन्! केटला युग्मो–राशिओ कह्यां छे, [उ०] हे गौतम! चार युग्मो कह्यां छे, ते आ प्रमाणे–१ कृतयुग्म, २ त्र्योज, ३ द्वापरयुग्म ४ अने कल्योज. [प्र०] हे भगवन्! कृतयुग्म यावत्–कल्योज, एम चार राशिओ कहेवानुं शुं कारण? [उ०] हे गौतम! जे राशिमांथी चार चार काढतां छेवटे चार बाकी रहे ते राशि कृतयुग्म. जे राशिमांथी चार चार काढतां छेवटे त्रण बाकी रहे ते राशि त्र्योज. जेमांथी चार चार काढतां छेवटे बे बाकी रहे ते राशिने द्वापरयुग्म कहे छे, अने जे राशिमांथी चार चार काढतां एक बाकी रहे ते राशिने कल्योज कहे छे. ते माटे हे गौतम! यावत्–कल्योज राशि कहेवामां आवे छे. कृतयुग्मादि चार राशिओ.

४. [प्र०] हे भगवन्! शुं नैरयिको कृतयुग्मराशिरूप छे, त्र्योज छे, द्वापरयुग्म छे के कल्योजरूप छे? [उ०] हे गौतम! तेओ जघन्यपदे कृतयुग्म छे अने उत्कृष्टपदे त्र्योज छे. तथा अजघन्योत्कृष्टपदे–मध्यमपदे कदाच कृतयुग्मरूप होय, यावत्–कदाच कल्योजरूप पण होय. ए प्रमाणे यावत्–स्तनितकुमारो सुधी जाणवुं. नैरयिकादि दंडकने आश्रयी कृतयुग्मादिनं अवतरण.

५. [प्र०] हे भगवन्! वनस्पतिकायिको संबंधे प्रश्न. [उ०] हे गौतम! तेओ जघन्यपद अने उत्कृष्टपदनी अपेक्षाए अपद छे. अर्थात् तेमां †जघन्य पद अने उत्कृष्ट पदनो संभव नथी. पण मध्यम पदनी अपेक्षाए कदाच कृतयुग्म अने यावत्–कदाच कल्योजरूप होय छे.

---

२ * जुओ कषायपद प्रज्ञा० पृ० २८९–२९२.

५ † जघन्यपद अने उत्कृष्टपद नियत संख्यारूप छे अने ते नैरयिकादिने विषे कालान्तरे पण घटी शके छे, पण वनस्पतिने विषे घटी शकतुं नथी. कारण के जेटला जीवोनो मोक्ष थाय छे तेटला जीवो अनन्त राशि छतां पण छेवटे तेमांथी घटवाथी ते राशि अनियत स्वरूपे होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६. [प्र०] बेइंदिया णं पुच्छा। [उ०] गोयमा! जहन्नपदे कडजुम्मा, उक्कोसपदे दावरजुम्मा, अजहन्नमणुक्कोसपदे सिय कडजुम्मा, जाव–सिय कलियोगा। एवं जाव–चतुरिंदिया। सेसा एगिंदिया जहा बेंदिया। पंचिंदियतिरिक्खजोणिआ जाव–वेमाणिया जहा नेरइया। सिद्धा जहा वणस्सइकाइया।

७. [प्र०] इत्थीओ णं भंते! किं कडजुम्मा० [उ०] गोयमा! जहन्नपदे कडजुम्माओ, उक्कोसपदे कडजुम्माओ, अजहन्नमणुक्कोसपदे सिय कडजुम्माओ, जाव–सिय कलियोगाओ, एवं असुरकुमारित्थीओ वि जाव–थणियकुमारइत्थीओ। एवं तिरिक्खजोणियइत्थीओ, एवं मणुसित्थीओ, एवं जाव–वाणमंतर–जोइसिय–वेमाणियदेवित्थीओ।

८. [प्र०] जावतिया णं भंते! वरा अंधगवण्हिणो जीवा तावतिया परा अंधगवण्हिणो जीवा? [उ०] हंता गोयमा! जावतिया वरा अंधगवण्हिणो जीवा तावतिया परा अंधगवण्हिणो जीवा। 'सेवं भंते! सेवं भंते!' त्ति।

## अट्ठारसमे सए चउत्थो उद्देसो समत्तो।

६. [प्र०] हे भगवन्! बेइंद्रियो संबंधे प्रश्न. [उ०] हे गौतम! तेओ जघन्यपदनी अपेक्षाए कृतयुग्म अने उत्कृष्टपदे द्वापरयुग्म, मध्यमपदे कदाच कृतयुग्म अने उत्कृष्टपदे द्वापरयुग्म तथा मध्यमपदे कदाच कृतयुग्म अने यावत्–कदाच कल्योजरूप होय. ए प्रमाणे यावत्–चउरिंद्रिय जीवो सुधी जाणवुं. बाकीना एकेंद्रियो, बेइंद्रियोनी पेठे जाणवा. पंचेंद्रियतिर्यंचो अने यावत्–वैमानिको नैरयिकोनी पेठे समजवा. अने *सिद्धो वनस्पतिकायिकोनी पेठे जाणवा.

७. [प्र०] हे भगवन्! शुं स्त्रीओ कृतयुग्म राशिरूप छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! तेओ जघन्यपदे कृतयुग्म छे, उत्कृष्टपदे पण कृतयुग्म छे, अने मध्यम पदे कदाच कृतयुग्म अने कदाच कल्योजरूप होय छे. ए प्रमाणे असुरकुमारनी यावत्–स्तनितकुमारनी स्त्रीओ होय छे. तिर्यंचयोनिकस्त्रीओ, मनुष्यस्त्रीओ यावत्–वानव्यंतर, ज्योतिषिक अने वैमानिकदेवनी स्त्रीओ पण एमज जाणवी.

८. [प्र०] हे भगवन्! जेटला अल्प आयुषवाळा †अंधक वह्निजीवो छे तेटला उत्कृष्ट आयुषवाला अंधक वह्नि जीवो छे? [उ०] हे गौतम! हा, जेटला अल्प आयुषवाळा अंधक वह्नि जीवो छे तेटला उत्कृष्ट आयुषवाळा अंधक वह्नि जीवो छे. हे 'भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'.

## अढारमा शतकमां चतुर्थ उद्देशक समाप्त.

---

# पंचमो उद्देसो.

३. [प्र०] हे भगवन्! भव्य द्रव्यनैरयिकनी केटला काळनी स्थिति कही छे? [उ०] हे गौतम! तेनी स्थिति जघन्यथी *अंतर्मुहूर्त अने उत्कृष्टथी पूर्वकोटि वर्षनी कही छे. भव्यद्रव्यनैरयिकादिनी आयुष स्थिति.

४. [प्र०] हे भगवन्! भव्य द्रव्य असुरकुमारनी स्थिति केटला काळनी कही छे? [उ०] हे गौतम! तेनी स्थिति जघन्यथी †अंतर्मुहूर्तनी अने उत्कृष्टथी त्रण पल्योपमनी कही छे. ए प्रमाणे यावत्–स्तनितकुमारो सुधी जाणवुं.

५. [प्र०] हे भगवन्! भव्यद्रव्यपृथिवीकायिकनी स्थिति केटला काळनी कही छे? [उ०] हे गौतम! तेनी स्थिति जघन्यथी अंतर्मुहूर्तनी अने उत्कृष्टथी ‡कांइक अधिक बे सागरोपमनी कही छे. ए प्रमाणे अप्कायिक संबन्धे पण जाणवुं. भव्यद्रव्यअग्निकायिक अने भव्यद्रव्यवायुकायिक संबन्धे नैरयिकनी पेठे समजवुं. वनस्पतिकायिकने पृथिवीकायिक समान जाणवुं भव्य द्रव्य बेइन्द्रिय, तेइन्द्रिय अने चउरिन्द्रियनी स्थिति नैरयिकनी पेठे जाणवी. वळी भव्यद्रव्यपंचेंद्रियतिर्यंचयोनिकनी स्थिति जघन्यथी अंतर्मुहूर्तनी अने उत्कृष्टथी तेत्रीश सागरोपमनी जाणवी. एज प्रमाणे मनुष्यने विषे पण जाणवुं. वानव्यंतर, ज्योतिषिक तथा वैमानिको असुरकुमारनी पेठे समजवा. 'हे भगवन्! ते एमज छे हे भगवन्! ते एमज छे.'

## अढारमा शतकमां नवमो उद्देशक समाप्त.

---

३ * जे संज्ञी के असंज्ञी अन्तर्मुहूर्तना आयुषवाळा मरीने नरकगतिमां जवाना छे ते अपेक्षाए भव्यद्रव्यनैरयिकनी अन्तर्मुहूर्तनी जघन्य स्थिति कही छे, अने उत्कृष्ट पूर्वकोटि आयुषवाळो संज्ञी नरकगतिमां जाय ते अपेक्षाए उत्कृष्ट स्थिति कहेवामां आवी छे—टीका.

४ † जघन्य अन्तर्मुहूर्तना आयुषवाळा मनुष्य के पंचेन्द्रिय तिर्यंचने आश्रयी भव्य द्रव्य असुरकुमारादिनी जघन्य स्थिति जाणवी अने देवकुर्वादि युगलिक मनुष्यने आश्रयी त्रण पल्योपमनी उत्कृष्ट स्थिति जाणवी.

५ ‡ भव्य द्रव्य पृथिवीकायिकनी उत्कृष्ट स्थिति ईशानदेवलोकने आश्रयी साधिक बे सागरोपमनी जाणवी. भव्य द्रव्य अग्निकायिक अने वायुकायिकनी जघन्य अन्तर्मुहूर्त अने उत्कृष्ट पूर्वकोटि स्थिति जाणवी, कारण के देवादि तथा युगलिक मनुष्यो त्यां उत्पन्न थता नथी. भव्य द्रव्य पंचेन्द्रिय तिर्यंचनी तेत्रीश सागरोपनी स्थिति सातमी नरक पृथिवीना नारकोनी अपेक्षाए जाणवी.—टीका.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## दसमो उद्देसो।

१. [प्र०] रायगिहे जाव-एवं वयासी-अणगारे णं भंते! भावियप्पा असिधारं वा खुरधारं वा ओगाहेज्जा? [उ०] हंता ओगाहेज्जा। [प्र०] से णं तत्थ छिज्जेज्ज वा भिज्जेज्ज वा? [उ०] णो तिणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ। एवं जहा पंचमसए परमाणुपोग्गलवत्तव्वया, जाव-अणगारे णं भंते! भावियप्पा उदावत्तं वा जाव-नो खलु तत्थ सत्थं कमइ।

२. [प्र०] परमाणुपोग्गले णं भंते! वाउयाएणं फुडे, वाउयाए वा परमाणुपोग्गलेणं फुडे? [उ०] गोयमा! परमाणुपोग्गले वाउयाएणं फुडे, नो वाउयाए परमाणुपोग्गलेणं फुडे।

३. [प्र०] दुप्पएसिए णं भंते! खंधे वाउयाएणं०? [उ०] एवं चेव, एवं जाव-असंखेज्जपएसिए।

४. [प्र०] अणंतपएसिए णं भंते! खंधे वाउ-पुच्छा। [उ०] गोयमा! अणंतपएसिए खंधे वाउयाएणं फुडे, वाउयाए अणंतपएसिएणं खंधेणं सिय फुडे, सिय नो फुडे।

५. [प्र०] वत्थी भंते! वाउयाएणं फुडे, वाउयाए वत्थिणा फुडे? [उ०] गोयमा! वत्थी वाउयाएणं फुडे, नो वाउयाए वत्थिणा फुडे।

६. [प्र०] अत्थि णं भंते! इमीसे रयणप्पभाए पुढवीए अहे दव्वाइं वन्नओ काल-नील-लोहिय-हालिद्द-सुकिल्लाइं, गंधओ सुब्भिगंधाइं, दुब्भिगंधाइं, रसओ तित्त-कडुय-कसाय-अंबिल-महुराइं, फासओ कक्खड-मउय-गरुय-लहुय-सीय-उसिण-निद्ध-लुक्खाइं, अन्नमन्नबद्धाइं, अन्नमन्नपुट्ठाइं, जाव-अन्नमन्नघडत्ताए चिट्ठंति? [उ०] हंता अत्थि। एवं जाव-अहेसत्तमाए। [प्र०] अत्थि णं भंते! सोहम्मस्स कप्पस्स अहे०? [उ०] एवं चेव, एवं जाव-ईसिपब्भाराए पुढवीए। 'सेवं भंते! सेवं भंते'! जाव-विहरइ। तए णं समणे भगवं महावीरे जाव-बहिया जणवयविहारं विहरति।

## दशम उद्देशक.

वैक्रिय लब्धिनुं सामर्थ्य.

१. [प्र०] राजगृह नगरमां भगवान् गौतम यावत्-आ प्रमाणे बोल्या के, हे भगवन्! भावितात्मा अनगार [वैक्रिय लब्धिना सामर्थ्यथी] तरवारनी धार उपर के अस्त्रानी धार उपर रहे? [उ०] हे गौतम! हा रहे. [प्र०] हे भगवन्! त्यां ते छेदाय के भेदाय? [उ०] हे गौतम! ए अर्थ समर्थ-यथार्थ नथी. कारण के त्यां शस्त्र संक्रमतुं नथी-इत्यादि बधी पांचमा शतकमां कहेली *परमाणुपुद्गलनी वक्तव्यता यावत्-हे भगवन्! 'भावितात्मा अनगार उदकावर्तमां यावत्-प्रवेश करे?-इत्यादि यावत् कहेवी, पण त्यां शस्त्र संक्रमतुं नथी.'

परमाणु.

२. [प्र०] हे भगवन्! परमाणुपुद्गल वायुकायवडे स्पृष्ट-व्याप्त छे के वायुकाय परमाणुपुद्गल वडे स्पृष्ट-व्याप्त छे? [उ०] हे गौतम! परमाणुपुद्गल वायुकाय वडे व्याप्त छे, पण वायुकाय परमाणुपुद्गल वडे व्याप्त नथी.

द्विप्रदेशिकस्कन्ध.

३. [प्र०] हे भगवन्! द्विप्रदेशिक स्कंध वायुकाय वडे स्पृष्ट-व्याप्त छे के वायुकाय द्विप्रदेशिक स्कंध वडे स्पृष्ट-व्याप्त छे? [उ०] पूर्व प्रमाणे जाणवुं. ए प्रमाणे यावत्—असंख्यातप्रदेशिक स्कंध सुधी समजवुं.

अनन्तप्रदेशिक स्कन्ध.

४. [प्र०] हे भगवन्! अनंतप्रदेशिक स्कंध वायुकायवडे स्पृष्ट छे—इत्यादि प्रश्न. [उ०] हे गौतम! अनंतप्रदेशिक स्कंध वायुकायवडे स्पृष्ट छे, पण वायुकाय अनंतप्रदेशिक स्कंध वडे कदाच स्पृष्ट होय अने कदाच स्पृष्ट न होय.

बस्ति अने वायुकायिकनी स्पर्शना.

५. [प्र०] हे भगवन्! बस्ति-मसक वायुकायवडे स्पृष्ट छे के वायुकाय मसक वडे स्पृष्ट छे? [उ०] हे गौतम! बस्ति वायुकायवडे स्पृष्ट-व्याप्त छे पण वायुकाय बस्ति वडे स्पृष्ट-व्याप्त नथी.

रत्नप्रभादि पृथिवी तथा सौधर्मादि देवलोकनी नीचेना द्रव्यो.

६. [प्र०] हे भगवन्! आ रत्नप्रभा पृथिवीनी नीचे वर्णथी काळां, लीलां, पीळां, लाल अने धोळां, गंधथी सुगंधी अने दुर्गंधी, रसथी कडवां, तीखां, तूरां, खाटां अने मीठां, स्पर्शथी कर्कश, कोमळ, भारे, हळवां, थंडा, उनां, चीकणां अने लुखां द्रव्यो अन्योन्य बद्ध, अन्योन्य स्पृष्ट, यावत्-अन्योन्य संबद्ध थयेलां छे? [उ०] हे गौतम! छे. ए प्रमाणे यावत्-अधःसप्तम पृथिवी सुधी जाणवुं. [प्र०] हे भगवन्! सौधर्म कल्पनी नीचे—इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणेज जाणवुं. ए प्रमाणे यावत्-ईषत्प्राग्भारा सुधी जाणवुं. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे' एम कही यावत्-विहरे छे. त्यार पछी श्रमण भगवंत महावीर यावत्-बहारना देशोमां विहरे छे.

१ * जुओ भग० खं० २ श० ५ उ० ७ पृ० २१४.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७. तेणं कालेणं तेणं समएणं वाणियगामे नामं नगरे होत्था। वन्नओ। दूतिपलासए चेतिए। वन्नओ। तत्थ णं वाणियगामे नगरे सोमिले नामं माहणे परिवसति, अड्ढे, जाव-अपरिभूए, रिउव्वेद० जाव-सुपरिनिट्ठिए, पंचण्हं खंडियसयाणं, सयस्स कुडुंबस्स आहेवच्चं जाव-विहरति। तए णं समणे भगवं महावीरे जाव-समोसढे। जाव-परिसा पज्जुवासति। तए णं तस्स सोमिलस्स माहणस्स इमीसे कहाए लद्धट्ठस्स समाणस्स अयमेयारूवे जाव-समुप्पज्जित्था-'एवं खलु समणे णायपुत्ते पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे सुहंसुहेणं जाव-इहमागए, जाव-दूतिपलासए चेइए अहापडिरूवं जाव-विहरइ। तं गच्छामि णं समणस्स नायपुत्तस्स अंतियं पाउब्भवामि, इमाइं च णं एयारूवाइं अट्ठाइं जाव-वागरणाइं पुच्छिस्सामि; तं जइ मे से इमाइं एयारूवाइं अट्ठाइं जाव-वागरणाइं वागरेहिति ततो णं वंदीहामि नमंसीहामि, जाव-पज्जुवासीहामि। अह मे से इमाइं अट्ठाइं जाव-वागरणाइं नो वागरेहिति तो णं एएहिं चेव अट्ठेहि य जाव-वागरणेहि य निप्पट्ठपसिणवागरणं करेस्सामी' त्ति कट्टु एवं संपेहेइ। संपेहेत्ता ण्हाए जाव-सरीरे साओ गिहाओ पडिनिक्खमति, पडिनिक्खमित्ता पायविहारचारेणं एगेणं खंडियसएणं सद्धिं संपरिवुडे वाणियगामं नगरं मज्झंमज्झेणं निग्गच्छइ, निग्गच्छित्ता जेणेव दूतिपलासए चेइए जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते ठिच्चा समणं भगवं महावीरं एवं वयासी-

८. [प्र०] 'जत्ता ते भंते! जवणिज्जं, अव्वाबाहं, फासुयविहारं'? [उ०] सोमिला! 'जत्ता वि मे, जवणिज्जं पि मे, अव्वाबाहं पि मे, फासुयविहारं पि मे'।

९. [प्र०] किं ते भंते! जत्ता? [उ०] सोमिला! जं मे तव-नियम-संजम-सज्झाय-झाणा-वस्सयमादीएसु जोगेसु जयणा सेत्तं जत्ता।

१०. [प्र०] किं ते भंते! जवणिज्जं? [उ०] सोमिला! जवणिज्जे दुविहे पन्नत्ते, तंजहा-इंदियजवणिज्जे य नोइंदियजवणिज्जे य।

११. [प्र०] से किं तं इंदियजवणिज्जे? [उ०] इंदिय० २ जं मे सोइंदिय-चक्खिंदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियाइं निरुवहयाइं वसे वट्टंति। सेत्तं इंदियजवणिज्जे।

सोमिलना प्रश्नो.

७. ते काळे ते समये वाणिज्यग्राम नामे नगर हतुं. वर्णक. दूतिपलाश चैत्य हतुं. वर्णक. ते वाणिज्यग्राम नामे नगरमां सोमिल नामे ब्राह्मण रहेतो हतो, जे आढ्य-धनिक यावत्—अपरिभूत-समर्थ हतो, तथा ऋग्वेद यावत्—बीजा ब्राह्मणना शास्त्रोमां कुशल हतो. ते पांचसो शिष्यो तथा पोताना कुटुंबनुं अधिपतिपणुं करतो यावत्-रहेतो हतो. त्यार बाद कोइ दिवसे श्रमण भगवंत महावीर त्यां समोसर्या. यावत्-पर्षदा पर्युपासना करे छे. त्यार पछी श्रमण भगवंत महावीर आव्यानी आ वात सांभळी ते सोमिल ब्राह्मणने आवा प्रकारनो यावत्-संकल्प थयो के; "ए प्रमाणे खरेखर अनुक्रमे विहरता अने एक गामथी बीजे गाम जता श्रमण ज्ञातपुत्र सुखपूर्वक अहिं आव्या छे, अने यावत्-दूतिपलाश चैत्यमां यथा योग्य अवग्रहने ग्रहण करी यावत्-विहरे छे, तो हुं ते श्रमण ज्ञातपुत्रनी पासे जाउं, अने तेनी पासे प्रगट थाउं तथा तेने आ आवा प्रकारना अर्थो, यावत् व्याकरणो-उत्तरो पूछुं. जो ते मने आवा प्रकारना आ अर्थ अने यावत्-प्रश्नना उत्तरो कहेशे तो तेमने वांदीश नमीश, यावत्-तेमनी पर्युपासना करीश, जो मने आ अर्थो अने प्रश्नोत्तरो नहि कहे तो आ अर्थ अने उत्तरो वडे निरुत्तर करीश." एम विचारी स्नान करी यावत्-शरीरने अलंकृत करी पोताना घरथी नीकळी एकसो शिष्योनी परिवार साथे पगे चाली वाणिज्यग्रामनी वच्चोवच्च नीकळी ज्यां दूतिपलाश चैत्य छे अने ज्यां श्रमण भगवंत महावीर छे त्यां ते आव्यो अने आवी श्रमण भगवंत महावीरनी थोडे दूर पासे बेसी तेणे तेमने आ प्रमाणे कह्युं—

यात्रा, यापनीय अव्याबाध अने प्रासुक विहार.

८. [प्र०] हे भगवन्! तमने यात्रा, यापनीय, अव्याबाध अने प्रासुक विहार छे? [उ०] हे सोमिल! मने यात्रा पण छे, यापनीय पण छे, अव्याबाध पण छे अने प्रासुक विहार पण छे.

संयमयात्रा.

९. [प्र०] हे भगवन्! तमने यात्रा शुं छे? [उ०] हे सोमिल! तप, नियम, संयम, स्वाध्याय, ध्यान अने आवश्यकादिक योगोमां जे मारी यतना-प्रवृत्ति छे ते मारी यात्रा छे.

यापनीय.

१०. [प्र०] हे भगवन्! तमने यापनीय ए शुं छे? [उ०] हे सोमिल! यापनीय बे प्रकारनुं छे, ते आ प्रमाणे-इन्द्रिययापनीय अने नोइन्द्रिययापनीय.

इन्द्रिययापनीय.

११. [प्र०] हे भगवन्! इंद्रिययापनीय एटले शुं? [उ०] हे सोमिल! श्रोत्रेन्द्रिय, चक्षुरिन्द्रिय, घ्राणेंद्रिय, जिह्वेन्द्रिय अने स्पर्शनेन्द्रिय-ए पांचे इन्द्रियो उपघात रहित मारे अधीन वर्त्ते छे ते मारे इन्द्रिययापनीय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२. [प्र०] से किं तं नोइंदियजवणिज्जे ? [उ०] नोइंदियजवणिज्जे जं मे कोह–माण–माया–लोभा वोच्छिन्ना नो उदीरेंति, सेत्तं नोइंदियजवणिज्जे, सेत्तं जवणिज्जे ।

१३. [प्र०] किं ते भंते ! अव्वाबाहं ? [उ०] सोमिला ! जं मे वातिय–पित्तिय–सिंभिय–सन्निवाइया विविहा रोगायंका सरीरगया दोसा उवसंता नो उदीरेंति । सेत्तं अव्वाबाहं ।

१४. [प्र०] किं ते भंते ! फासुयविहारं ? [उ०] सोमिला ! जन्नं आरामेसु उज्जाणेसु देवकुलेसु सभासु पवासु इत्थी–पसु–पंडगविवज्जियासु वसहीसु फासु–एसणिज्जं पीढ–फलग–सेज्जा–संथारगं उवसंपज्जित्ता णं विहरामि, सेत्तं फासुयविहारं ।

१५. [प्र०] सरिसवा ते भंते ! किं भक्खेया, अभक्खेया ? [उ०] सोमिला ! सरिसवा [मे] भक्खेया वि अभक्खेया वि । [प्र०] से केणट्ठेणं भंते एवं वुच्चइ–'सरिसवा मे भक्खेया वि अभक्खेया वि ? [उ०] से नूणं ते सोमिला ! बंभन्नएसु नएसु दुविहा सरिसवा पन्नत्ता, तंजहा–मित्तसरिसवा य धन्नसरिसवा य । तत्थ णं जे ते मित्तसरिसवा ते तिविहा पन्नत्ता, तंजहा–सहजायया, सहवड्डियया, सहपंसुकीलियया, ते णं समणाणं निग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते धन्नसरिसवा ते दुविहा पन्नत्ता, तंजहा–सत्थपरिणया य असत्थपरिणया य, तत्थ णं जे ते असत्थपरिणया ते णं समणाणं निग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते सत्थपरिणया ते दुविहा पन्नत्ता, तंजहा–एसणिज्जा य अणेसणिज्जा य । तत्थ णं जे ते अणेसणिज्जा ते समणाणं निग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते एसणिज्जा ते दुविहा पन्नत्ता, तंजहा–जाइया य अजाइया य । तत्थ णं जे ते अजाइया ते णं समणाणं निग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते जातिया ते दुविहा पन्नत्ता, तंजहा–लद्धा य अलद्धा य । तत्थ णं जे ते अलद्धा ते णं समणाणं निग्गंथाणं अभक्खेया । तत्थ णं जे ते लद्धा ते णं समणाणं निग्गंथाणं भक्खेया, से तेणट्ठेणं सोमिला ! एवं वुच्चइ–जाव–'अभक्खेया वि' ।

१६. [प्र०] मासा ते भंते ! किं भक्खेया, अभक्खेया ? [उ०] सोमिला ! मासा मे भक्खेया वि अभक्खेया वि ।

नोइन्द्रिययापनीय. १२. [प्र०] हे भगवन् ! नोइन्द्रिययापनीय ए शुं ? [उ०] हे सोमिल ! जे मारा क्रोध, मान, माया अने लोभ ए चारे कषायो व्युच्छिन्न थयेला छे अने उदयमां आवता नथी ते नोइंद्रिययापनीय छे. ए प्रमाणे यापनीय कह्युं.

अव्याबाध. १३. [प्र०] हे भगवन् ! तमने अव्याबाध ए शुं छे ? [उ०] हे सोमिल ! जे मारा वात, पित्त, कफ अने संनिपातजन्य अनेक प्रकारना शरीरसंबंधी दोषो–रोगातंको उपशांत थया छे अने उदयमां आवता नथी ते अव्याबाध छे.

प्रासुकविहार. १४. [प्र०] हे भगवन् ! तमारे प्रासुकविहार ए शुं छे ? [उ०] हे सोमिल ! आरामो, उद्यानो, देवकुलो, सभाओ, परबो तथा स्त्री, पशु अने नपुंसकरहित वसतिओमां निर्दोष अने एषणीय पीठ, फलक, शय्या अने संथाराने प्राप्त करीने हुं विहरुं छुं ते प्रासुक विहार छे.

सरिसव भक्ष्य के अभक्ष्य. १५. [प्र०] हे भगवन् ! सरिसवो आपने भक्ष्य छे के अभक्ष्य छे ? [उ०] हे सोमिल ! *सरिसव मारे भक्ष्य पण छे अने अभक्ष्य पण छे. [प्र०] हे भगवन् ! एम शा हेतुथी कहो छो के 'सरिसव भक्ष्य पण छे अने अभक्ष्य पण छे ?' [उ०] हे सोमिल ! तारा ब्राह्मणना नयोमां—शास्त्रोमां बे प्रकारना सरिसव कह्या छे, ते आ प्रमाणे–मित्र सरिसव–समानवयस्क अने धान्यसरिसव. तेमां जे मित्रसरिसव छे ते त्रण प्रकारना कह्या छे, ते आ प्रमाणे–सहजात–साथे जन्मेला, साथे उछरेला अने साथे धूळमां रमेला. ते त्रणे प्रकारना सरिसवा समानवयस्क–मित्रो श्रमण निर्ग्रन्थने अभक्ष्य छे. अने जे धान्यसरिसव छे ते बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–शस्त्रपरिणत अने अशस्त्रपरिणत. तेमां जे अशस्त्रपरिणत–अग्न्यादि शस्त्रथी निर्जीव थयेला नथी ते श्रमण निर्ग्रन्थोने अभक्ष्य छे. अने शस्त्रपरिणत (अग्नि आदिथी निर्जीव थयेला) छे ते बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–एषणीय–इच्छवा लायक, निर्दोष अने अनेषणीय–नहि इच्छवा लायक सदोष. तेमां जे अनेषणीय छे ते श्रमण निर्ग्रंथोने अभक्ष्य छे. वळी जे एषणीय सरिसवो छे ते बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–याचित–मागेला अने अयाचित–नहि मागेला. तेमां जे अयाचित सरिसव छे, ते श्रमण निर्ग्रन्थोने अभक्ष्य छे, अने जे याचित सरिसव छे, ते बे प्रकारना छे, ते आ प्रमाणे–मळेला अने नहि मळेला. तेमां जे नहि मळेला छे ते श्रमण निर्ग्रन्थोने अभक्ष्य छे, अने जे मळेला छे ते श्रमण निर्ग्रन्थोने भक्ष्य छे. माटे हे सोमिल ! ते कारणथी में कह्युं छे के 'सरिसव मारे भक्ष्य पण छे अने अभक्ष्य पण छे.'

मास भक्ष्य के अभक्ष्य? १६. [प्र०] हे भगवन् ! †मास तमारे भक्ष्य छे के अभक्ष्य छे ? [उ०] हे सोमिल ! मास मारे भक्ष्य पण छे अने अभक्ष्य पण

---

१ 'सहजायए सहवड्डियए सहपंसुकीलियए' इति क पुस्तके ५.०: ।

१५ * अहिं 'सरिसव' श्लिष्ट प्राकृत शब्द छे, तेनो एक अर्थ सर्षप एटले सरसव थाय छे अने बीजो अर्थ सदृशवयाः–मित्र थाय छे.

१६ † अहिं मास शब्द श्लिष्ट छे अने एनो एक अर्थ माष–अडद थाय छे अने बीजो अर्थ मास–महिनो थाय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[प्र०] से केणट्ठेणं जाव-अभक्खेया वि? [उ०] से नूणं ते सोमिला! बंभन्नएसु नएसु दुविहा मासा पन्नत्ता, तंजहा-दव्व॰ मासा य कालमासा य। तत्थ णं जे ते कालमासा ते णं सावणादीया आसाढपज्जवसाणा दुवालसं पन्नत्ता, तंजहा-सावणे, भद्दवए, आसोए, कत्तिए, मग्गसिरे, पोसे, माहे, फागुणे, चित्ते, वइसाहे, जेट्ठामूले, आसाढे, ते णं समणाणं निग्गंथाणं अभक्खेया। तत्थ णं जे ते दव्वमासा ते दुविहा पन्नत्ता, तंजहा-अत्थमासा य धण्णमासा य। तत्थ णं जे ते अत्थमासा ते दुविहा पन्नत्ता, तंजहा-सुवन्नमासा य रुप्पमासा य, ते णं समणाणं निग्गंथाणं अभक्खेया। तत्थ णं जे ते धन्नमासा ते दुविहा पन्नत्ता, तंजहा-सत्थपरिणया य असत्थपरिणया य-एवं जहा धन्नसरिसवा जाव-से तेणट्ठेणं जाव-अभक्खेया वि।

१७. [प्र०] कुलत्था ते भंते! किं भक्खेया अभक्खेया? [उ०] सोमिला! कुलत्था भक्खेया वि अभक्खेया वि। [प्र०] से केणट्ठेणं जाव-अभक्खेया वि? [उ०] से नूणं सोमिला! ते बंभन्नएसु नयेसु दुविहा कुलत्था पन्नत्ता, तंजहा-इत्थिकुलत्था य धन्नकुलत्था य। तत्थ णं जे ते इत्थिकुलत्था ते तिविहा पन्नत्ता, तंजहा-कुलकन्नया इ वा कुलवहुया ति वा कुलमाउया इ वा, ते णं समणाणं निग्गंथाणं अभक्खेया। तत्थ णं जे ते धन्नकुलत्था एवं जहा धन्नसरिसवा, से तेणट्ठेणं जाव-अभक्खेया वि।

१८. [प्र०] एगे भवं, दुवे भवं, अक्खए भवं, अव्वए भवं, अवट्ठिए भवं, अणेगभूयभावभविए भवं? [उ०] सोमिला! एगे वि अहं, जाव-अणेगभूयभावभविए वि अहं। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ-जाव-'भविए वि अहं'? [उ०] सोमिला! दव्वट्ठयाए एगे अहं, नाणदंसणट्ठयाए दुविहे अहं, पएसट्ठयाए अक्खए वि अहं, अव्वए वि अहं, अवट्ठिए वि अहं, उवयोगट्ठयाए अणेगभूयभावभविए वि अहं, से तेणट्ठेणं जाव-भविए वि अहं'।

१९. एत्थ णं से सोमिले माहणे संबुद्धे, समणं भगवं महावीरं॰ जहा खंदओ, जाव-से जहेयं तुज्झे वदह, जहा णं देवाणुप्पियाणं अंतिए बहवे राईसर॰ एवं 'जहा रायप्पसेणइज्जे चित्तो, जाव'-दुवालसविहं सावगधम्मं पडिवज्जति,

छे [प्र०] हे भगवन्! एम शा कारणथी कहो छो के 'मास मारे भक्ष्य पण छे अने अभक्ष्य पण छे'? [उ०] हे सोमिल! तारा ब्राह्मणना नयो-शास्त्रोमां मास बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे-द्रव्यमास अने कालमास. तेमां जे कालमास छे ते श्रावणथी मांडी आषाढ मास सुधी बार प्रकारना छे, ते आ प्रमाणे-१ श्रावण, २ भादरवो, ३ आसो, ४ कार्तिक, ५ मार्गशीर्ष, ६ पोष, ७ माघ, ८ फाल्गुन, ९ चैत्र, १० वैशाख, ११ जेठ अने १२ आषाढ. ते श्रमण निर्ग्रन्थोने अभक्ष्य छे. तेमां जे द्रव्यमास छे ते बे प्रकारे छे, ते आ प्रमाणे-अर्थमास अने धान्य मास. तेमां जे अर्थमास छे ते बे प्रकारना छे, ते आ प्रमाणे-*सुवर्ण माष अने रौप्यमाष. अने ते श्रमण निर्ग्रन्थने अभक्ष्य छे. वळी जे धान्यमाष छे ते बे प्रकारना छे-शस्त्रपरिणत (अग्न्यादिथी अचित्त थयेला) अने अशस्त्रपरिणत (अग्न्यादिथी अचित्त नहि थयेला, सजीव) छे-इत्यादि जेम धान्यसरसव संबन्धे कह्युं तेम धान्यमास संबन्धे पण जाणवुं. यावत्-ते हेतुथी यावत्-'अभक्ष्य पण छे.'

१७. [प्र०] हे भगवन्! आपने कुलत्था भक्ष्य छे के अभक्ष्य छे? [उ०] हे सोमिल! कुलत्था भक्ष्य छे अने अभक्ष्य पण छे. कुलत्था भक्ष्य के अभक्ष्य? [प्र०] हे भगवन्! शा हेतुथी यावत्-अभक्ष्य छे? [उ०] हे सोमिल! तारा ब्राह्मण शास्त्रमां कुलत्था बे प्रकारे छे-स्त्रीकुलत्था (कुलिन स्त्री) अने धान्यकुलत्था (कळथी). तेमां जे स्त्री कुलत्था छे ते त्रण प्रकारे छे, ते आ प्रमाणे-कुलकन्यका, कुलवधू अने कुलमाता. ते श्रमण निर्ग्रन्थोने अभक्ष्य छे. तेमां जे धान्यकुलत्था छे-इत्यादि-वक्तव्यता धान्यसरिसव प्रमाणे जाणवी. ते माटे यावत्-'अभक्ष्य पण छे'.

१८. [प्र०] आप एक छो के बे छो, अक्षय छो, अव्यय छो, अवस्थित छो के अनेक भूत, वर्तमान अने भावी परिणामने योग्य छो? एक, अनेक इत्यादि [उ०] हे सोमिल! हुं एक पण छुं, यावत्-अनेक भूत, वर्तमान अने भावी परिणामोने योग्य छुं. [प्र०] हे भगवन्! शा कारणथी आप कहो छो के हुं एक यावत्-अनेक भूत, वर्तमान अने भावी परिणामने योग्य छुं? [उ०] हे सोमिल! हुं द्रव्यरूपे एक छुं अने ज्ञानरूपे अने दर्शनरूपे बे प्रकारे पण छुं. प्रदेश (आत्मप्रदेश) रूपे हुं अक्षय छुं, अव्यय छुं अने अवस्थित पण छुं, उपयोगनी दृष्टिए हुं अनेक भूत वर्तमान अने भावी परिणामने योग्य छुं. ते कारणथी हुं यावत्-अनेक भूत, वर्तमान अने भावी परिणामने योग्य पण छुं.

१९. अहिं सोमिल ब्राह्मण प्रतिबोध पाम्यो, अने ते श्रमण भगवंत महावीरने वंदन-नमस्कार करे छे-इत्यादि †स्कंदकनी पेठे यावत्-'जेम आप कहो छो तेमज छे' त्यां सुधी कहेवुं। हे देवानुप्रिय! आपनी पासे जेम घणा राजेश्वर-वगेरे [ हिरण्यादिनो त्याग करी मुंड थई

१ फगुणे क.

१६ * सुवर्ण अने रुपुं तोळवानो माष.

१९ † भग० खं० १ श० २ उ० १.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पडिवज्जित्ता समणं भगवं महावीरं वंदति, जाव–पडिगए। तए णं से सोमिले माहणे समणोवासए जाए, अभिगयजीवा० जाव–विहरइ। 'भंते'त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदति नमंसति, वंदित्ता नमंसित्ता एवं वयासी–[प्र०] पभू णं भंते! सोमिले माहणे देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता० जहेव संखे तहेव निरवसेसं जाव–अंतं काहिति । 'सेवं भंते! सेवं भंते'! त्ति जाव–विहरति।

## अट्ठारसमे सए दसमो उद्देसो समत्तो।

अनगारपणुं स्वीकारे छे तेम हुं करी शकतो नथी ]–इत्यादि राजप्रश्नीय सूत्रमां *चित्रकनुं वर्णन छे तेम यावत्–बार प्रकारनो श्रावक धर्म अंगीकार करे छे' त्यां सुधी कहेवुं. श्रावक धर्मनो स्वीकार करी श्रमण भगवंत महावीरने वांदीने यावत्–ते पोताना घेर गयो. त्यार पछी ते सोमिल ब्राह्मण श्रमणोपासक थई जीवाजीवादिक तत्त्वोने जाणतो यावत्–विहरे छे.

२०. [प्र०] 'हे भगवन्'! एम कही भगवंत गौतम श्रमण भगवंत महावीरने वांदी नमी आ प्रमाणे बोल्या–हे भगवन्! सोमिल ब्राह्मण आप देवानुप्रियनी पासे मुंड थई अनगारपणुं लेवा समर्थ छे–इत्यादि जेम †शंख श्रावकनी वक्तव्यता कही छे ते प्रमाणे यावत्–'सर्व दुःखोनो अंत करशे' त्यां सुधी बधी वक्तव्यता कहेवी. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'–एम कही यावत्–विहरे छे.

## अढारमा शतकमां दशम उद्देशक समाप्त.

## अढारमुं शतक समाप्त.



१९ * जुओ राज० पृ० १२०.

२० † जुओ भग० खं० ३ श० १२ उ० १ पृ० २५६.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# एगूणवीसइमं सयं।

१ लेस्सा य २ गब्भ ३ पुढवी ४ महासवा ५ चरम ६ दीव ७ भवणा य।
८ निवत्ति ९ करण १० वणचरसुरा य एगूणवीसइमे ॥

## पढमो उद्देसो।

**१. [प्र०] रायगिहे जाव-एवं वयासी-कति णं भंते! लेस्साओ पन्नत्ताओ? [उ०] गोयमा! छल्लेसाओ पन्नत्ताओ, तं जहा-एवं जहा पन्नवणाए चउत्थो लेसुद्देसओ भाणियव्वो निरवसेसो। 'सेवं भंते! सेवं भंते!' त्ति।**

**एगूणवीसइमे सए पढमो उद्देसो समत्तो।**

## ओगणीशमुं शतक.

[उद्देशक संग्रह-] लेश्या विषयक प्रथम उद्देशक, गर्भसंबंधे बीजो उद्देशक, पृथिवीकायिकादिनी वक्तव्यता संबंधे तृतीय उद्देशक, 'नारको महास्रववाळा अने महाक्रियावाळा होय'-इत्यादि अर्थ संबंधे चोथो उद्देशक, 'चरम-अल्पस्थितिवाळा नारको करतां परम-अधिक-स्थितिवाळा नारको महाकर्मवाळा होय' इत्यादि वक्तव्यता संबंधे पांचमो उद्देशक, द्वीपादिक संबंधे छट्ठो उद्देशक, भवनादि विषे सातमो उद्देशक, निर्वृत्ति-एकेन्द्रियादि जीव वगेरेनी उत्पत्ति संबंधे आठमो उद्देशक, द्रव्यादि करण संबंधे नवमो उद्देशक, अने वनचरसुर-वान-व्यन्तर देव संबंधे दशमो उद्देशक. ए प्रमाणे आ ओगणीशमा शतकमां दश उद्देशको कहेवाना छे.

## प्रथम उद्देशक.

१. [प्र०] राजगृह नगरमां यावत्-भगवान्! गौतम आ प्रमाणे बोल्या के हे भगवन्! लेश्याओ केटली कही छे? [उ०] हे गौतम! छ *लेश्याओ कही छे, ते आ प्रमाणे-इत्यादि प्रज्ञापना सूत्रनो चोथो †लेश्या उद्देशक अहिं समग्र कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'. लेश्या.

**ओगणीशमा शतकमां प्रथम उद्देशक समाप्त.**

---

१ * कृष्णादि द्रव्यना संबन्धथी आत्माना परिणामविशेष ते लेश्या. ज्यां सुधी योग होय छे त्यां सुधी लेश्या होय छे अने योगना अभावे लेश्या होती नथी माटे योग साथे लेश्यानो नियत संबन्ध होवाथी योगनिमित्तक लेश्या छे एम जाणी शकाय छे. हवे ते लेश्या योगान्तर्गत द्रव्यरूप छे के योगनिमित्तक कर्मद्रव्यरूप छे ते विचारणीय छे. जो योगनिमित्तक कर्मद्रव्यरूप मानीए तो ते घातीकर्म द्रव्यरूप छे के अघाती कर्मद्रव्यरूप छे ए बे प्रश्न उत्पन्न थाय छे. लेश्या घाती कर्मद्रव्यरूप तो नथी, कारण के सयोगी केवलीने घाती कर्म नहि होवा छतां लेश्या होय छे. ते अघाती कर्मरूप छे एम पण नहि कही शकाय, केमके अयोगी केवलीने अघाती कर्म होवा छतां पण लेश्या नथी. माटे लेश्या योगान्तर्गत द्रव्यरूप छे एम मानवुं जोईए. अर्थात् मन, वचन अने शरीरना अन्तर्गत शुभाशुभ परिणामना कारणरूप कृष्णादि वर्णना पुद्गलो ते लेश्या. ते लेश्या ज्यां सुधी कषायो छे त्यां सुधी तेना उदयने वधारे छे. कारण के योगान्तर्गत पुद्गलोनुं कषायोदयने वधारवानुं सामर्थ्य छे. जेम के पित्तना प्रकोपथी क्रोधनी वृद्धि थाय छे. ते सिवाय बीजा बाह्य द्रव्यो पण कर्मना उदय अने क्षयोपशमादिना कारणभूत थाय छे, जेमके ब्राह्मी ज्ञानावरणक्षयोपशमनुं अने मद्यपान ज्ञानावरणोदयनुं निमित्त थाय छे, तो पछी योगद्रव्योनुं तेवुं सामर्थ्य होय तेमां कशो विरोध नथी. ते लेश्याना छ प्रकार छे. जुओ प्रज्ञापना टीका पद १७ पृ० ३३०.

† कृष्णलेश्यादि द्रव्यो ज्यारे नीललेश्यादि द्रव्योने मळे छे त्यारे ते नीललेश्यादिना स्वभावरूपे तथा तेना वर्णादि रूपे परिणत थाय छे. जेम दूधमां छाश नांखवाथी के वस्त्रने रंगवाथी दूध अने वस्त्रनो वर्णादि परिणाम थाय छे. आवो लेश्यापरिणाम मात्र तिर्यंच अने मनुष्यनी लेश्याने आश्रयी जाणवो. देव अने नारकोने स्वस्वभवपर्यन्त लेश्या द्रव्य अवस्थित होवाथी अन्य लेश्या द्रव्योनो संबन्ध थतां सर्वथा तेवो परिणाम थतो नथी, अर्थात् ते लेश्या सर्वथा अन्य लेश्यारूपे थती नथी पण पोताना मूळ वर्णादि स्वभावने छोड्या सिवाय अन्य लेश्यानी छाया मात्र धारण करे छे. जेम वैडुर्य मणिने लाल सूत्रथी परोववामां आव्यो होय तो ते पोताना नील वर्णने नहि छोडता लाल छाया धारण करे छे, तेम कृष्णादि द्रव्यो अन्य लेश्या द्रव्यना संबन्धमां आवे छे त्यारे पोतानो मूळ स्वभाव के वर्णादि नहि छोडतां तेनी छाया-आकार मात्र धारण करे छे. जुओ प्रज्ञा० पद १७ प० ३५८-३६८.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## बीओ उद्देसो.

१. [प्र०] कति णं भंते! लेस्साओ पन्नत्ताओ? [उ०] एवं जहा पन्नवणाए गब्भुद्देसो सो चेव निरवसेसो भाणियव्वो। 'सेवं भंते! सेवं भंते'! त्ति।

**एगूणवीसइमे सए बीओ उद्देसो समत्तो।**

## द्वितीय उद्देशक.

गर्भ. १. [प्र०] हे भगवन्! लेश्याओ केटली कही छे? [उ०] ए प्रमाणे प्रज्ञापना सूत्रना सत्तरमा पदनो छट्ठो *गर्भोद्देशक सम्पूर्ण कहेवो. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे'.

**ओगणीशमा शतकमां द्वितीय उद्देशक समाप्त.**

---

## तईओ उद्देसो।

१. [प्र०] रायगिहे जाव–एवं वयासी–सिय भंते! जाव–चत्तारि पंच पुढविकाइया एगयओ साहारणसरीरं बंधंति, एग० २ बंधित्ता तओ पच्छा आहारेंति वा परिणामेंति वा सरीरं वा बंधंति? [उ०] नो इणट्ठे समट्ठे। पुढविकाइयाणं पत्तेयाहारा पत्तेयपरिणामा पत्तेयं सरीरं बंधंति, प० २ बंधित्ता ततो पच्छा आहारेंति वा परिणामेंति वा सरीरं वा बंधंति १।

२. [प्र०] तेसि णं भंते! जीवाणं कति लेस्साओ पन्नत्ताओ? [उ०] गोयमा! चत्तारि लेस्साओ पन्नत्ताओ, तं जहा–कण्हलेस्सा, नीललेस्सा, काउलेस्सा तेउलेस्सा।

३. [प्र०] ते णं भंते! जीवा किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी? [उ०] गोयमा! नो सम्मदिट्ठी, मिच्छादिट्ठी, नो सम्मामिच्छदिट्ठी ३।

## †तृतीय उद्देशक.

१. स्यात् द्वार. १. [प्र०] राजगृह नगरमां यावत्–भगवान् गौतम आ प्रमाणे बोल्या के, हे भगवन्! ‡कदाच बे यावत्–चार पांच पृथिवीकायिको एकठा थईने एक साधारण शरीर बांधे, बांध्या पछी आहार करे पछी ते आहारने परिणमावे, अने त्यार बाद शरीरनो बंध करे? [उ०] ए अर्थ समर्थ–यथार्थ नथी. कारण के पृथिवीकायिको प्रत्येक–जूदो जूदो आहार करवावाळा अने ते आहारनो जूदो जूदो परिणाम करवावाळा होय छे, तेथी तेओ भिन्न भिन्न शरीर बांधे छे. अने त्यार पछी तेओ आहार करे छे, तेने परिणमावे छे अने पोतानुं शरीर बांधे छे.

२. लेश्याद्वार. २. [प्र०] हे भगवन्! ते पृथिवीकायिक जीवोने केटली लेश्याओ कही छे? [उ०] हे गौतम! तेओने चार लेश्याओ कही छे, ते आ प्रमाणे–१ कृष्णलेश्या, २ नीललेश्या, ३ कापोतलेश्या, ४ तेजोलेश्या.

३. दृष्टिद्वार. ३. [प्र०] हे भगवन्! ते जीवो सम्यग्दृष्टि छे, मिथ्यादृष्टि छे के सम्यग्मिथ्यादृष्टि–मिश्रदृष्टि छे? [उ०] हे गौतम! तेओ सम्यग्दृष्टि नथी, मिश्रदृष्टि नथी, पण तेओ मिथ्यादृष्टि छे.

---

१ * कृष्णलेश्यावाळो मनुष्य कृष्णलेश्यावाळा गर्भने उत्पन्न करे? हा, उत्पन्न करे. एवी रीते कृष्णलेश्यावाळो मनुष्य नीललेश्यावाळा, यावत् शुक्ललेश्यावाळा गर्भने पण उत्पन्न करे. एम नीललेश्यावाळो मनुष्य कृष्णादिलेश्यावाळा गर्भने उत्पन्न करे. ए प्रमाणे कापोत, तेजो, पद्म अने शुक्ललेश्या संबंधे पण जाणवुं. तेवीज रीते कृष्णलेश्यावाळो मनुष्य कृष्णलेश्यावाळी स्त्री थकी कृष्णलेश्यावाळा गर्भने उत्पन्न करे. एम बधी कर्मभूमि तथा अकर्मभूमिना मनुष्य संबन्धे जाणवुं. मात्र एटलो विशेष के अकर्मभूमिना मनुष्यने प्रथमनी चार लेश्याओ होवाथी तेने आश्रयी जाणवुं जुओ प्रज्ञा० पद १७ उ० ५ पृ० ३७३.

† आ उद्देशकमां १ स्यात्, २ लेश्या, ३ दृष्टि, ४ ज्ञान, ५ योग ६ उपयोग, ७ किमाहार–केवा प्रकारनो आहार, ८ प्राणातिपात, ९ उत्पाद, १० स्थिति, ११ समुद्घात अने १२ उद्वर्तना–ए बार द्वारो पृथिवीकायिकथी आरंभी वनस्पतिकायिक जीव पर्यन्त कहेवाना छे. तेमां प्रथम स्यात् द्वारने आश्रयी प्रश्न कर्यो छे.

१ ‡ कदाच अनेक पृथिवीकायिको मळी साधारण शरीर बांधे, त्यार पछी विशेष आहार तथा तेनो परिणाम करे अने पछी शरीरनो विशेष बन्ध करे? ए प्रश्न छे. अहिं सामान्य रीते सर्व संसारी जीवोने प्रति समय निरंतर आहारग्रहण–पुद्गलग्रहण होय छे. तेथी प्रथम सामान्य शरीरबन्धसमये पण आहार तो चालुज होय छे छतां प्रथम शरीर बांधे पछी आहार करे एम प्रश्न कर्यो ते विशेषाहारनी अपेक्षाए जाणवो. एटले जीव उत्पत्तिसमये प्रथम ओजाहार करे, अने त्यार पछी शरीरस्पर्शद्वारा लोमाहार करे अने तेने परिणमावे. अने त्यार बाद विशेष विशेष शरीर बन्ध करे–आ प्रश्न छे. तेना उत्तरमां जणाव्युं के पृथिवीकायिको प्रत्येक–भिन्न भिन्न आहार करे छे अने तेनो परिणाम पण भिन्न भिन्न करे छे, माटे तेओ प्रत्येक–भिन्न भिन्न शरीर बांधे छे, साधारण शरीर बांधता नथी. त्यार पछी तेओ विशेषाहार, विशेष परिणाम अने विशेष शरीरबन्ध करे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**४. [प्र०] ते णं भंते ! जीवा किं नाणी अन्नाणी ? [उ०] गोयमा ! नो नाणी, अन्नाणी, नियमा दुअन्नाणी, तं जहा–मइअन्नाणी य सुयअन्नाणी य ४ ।**

**५. [प्र०] ते णं भंते ! जीवा किं मणजोगी, वयजोगी, कायजोगी ? [उ०] गोयमा ! नो मणजोगी, नो वयजोगी, कायजोगी ५ ।**

**६. [प्र०] ते णं भंते ! जीवा किं सागारोवउत्ता, अणागारोवउत्ता ? [उ०] गोयमा ! सागारोवउत्ता वि अणागारोवउत्ता वि ६ ।**

**७. [प्र०] ते णं भंते ! जीवा किमाहारमाहारेंति ? [उ०] गोयमा ! दव्वओ णं अणंतपदेसियाइं दव्वाइं–एवं जहा पन्नवणाए पढमे आहारुद्देसए जाव–सव्वप्पणयाए आहारमाहारेंति ७ ।**

**८. [प्र०] ते णं भन्ते ! जीवा जमाहारेंति तं चिज्जंति, जं नो आहारेंति तं नो चिज्जंति, चिन्ने वा से उद्दाइ पलिसप्पति वा ? [उ०] हंता गोयमा ! ते णं जीवा जमाहारेंति तं चिज्जंति, जं नो जाव–पलिसप्पति वा ।**

**९. [प्र०] तेसि णं भंते ! जीवाणं एवं सन्नाति वा पन्नाति वा मणोति वा वईइ वा 'अम्हे णं आहारमाहारेमो' ? [उ०] णो तिणट्ठे समट्ठे, आहारेंति पुण ते ।**

**१०. [प्र०] तेसि णं भंते ! जीवाणं एवं सन्नाइ वा जाव–वईति वा 'अम्हे णं इट्ठाणिट्ठे फासे य पडिसंवेदेमो ? [उ०] णो तिणट्ठे समट्ठे, पडिसंवेदेंति पुण ते ।**

**११. [प्र०] ते णं भंते ! जीवा किं पाणाइवाए उवक्खाइज्जंति, मुसावाए, अदिन्ना०, जाव–मिच्छादंसणसल्ले उवक्खा-**

४. [प्र०] हे भगवन् ! शुं ते (पृथिवीकायिक) जीवो ज्ञानी छे के अज्ञानी छे? [उ०] हे गौतम ! तेओ ज्ञानी नथी, पण अज्ञानी छे, अने तेओने अवश्य बे अज्ञान होय छे. ते आ प्रमाणे–मतिअज्ञान अने श्रुतअज्ञान. ४ ज्ञानद्वार.

५. [प्र०] हे भगवन् ! शुं ते पृथिवीकायिक जीवो मनोयोगी, वचनयोगी के काययोगी छे? [उ०] हे गौतम ! तेओ मनयोगी नथी, वचनयोगी नथी, पण काययोगवाळा छे. ५ योगद्वार.

६. [प्र०] हे भगवन् ! शुं ते जीवोने साकार–ज्ञानोपयोग होय छे के निराकार–दर्शनोपयोग उपयोग होय छे? [उ०] हे गौतम ! तेओने साकार उपयोग पण होय छे अने निराकार पण होय छे.* ६ उपयोग.

७. [प्र०] हे भगवन् ! ते (पृथिवीकायिक) जीवो केवो आहार करे छे ? [उ०] हे गौतम ! तेओ द्रव्यथी अनंत प्रदेशवाळां पुद्गलोनो आहार करे छे–इत्यादि बधुं †प्रज्ञापनासूत्रना प्रथम आहारोद्देशकमां कह्या प्रमाणे जाणवुं. यावत्–'सर्व आत्मप्रदेश वडे आहार ग्रहण करे छे. ७ किमाहार.

८. [प्र०] हे भगवन् ! ते जीवो जे आहार करे छे तेनो चय थाय छे अने जेनो आहार नथी करता तेनो चय नथी थतो, तथा जे आहारनो चय थएलो होय छे ते आहार [असार भागरूपे] बहार नीकळे छे अने [साररूपे] शरीर–इन्द्रियपणे परिणमे छे? [उ०] हे गौतम ! ते जीवो जेनो आहार करे छे तेनो तेने चय–संग्रह थाय छे अने जेनो आहार नथी करता तेनो चय थतो नथी. यावत्–ते आहार शरीर–इन्द्रियपणे परिणत थाय छे.

९. [प्र०] हे भगवन् ! ते जीवोने 'अमे आहार करीए छीए' एवी संज्ञा, प्रज्ञा, मन अने वचन छे ? [उ०] ए अर्थ यथार्थ नथी. अर्थात् ते जीवोने 'अमे आहार करीए छीए' एवी संज्ञा वगेरे होता नथी, तो पण तेओ आहार तो करे छे.

१०. [प्र०] हे भगवन् ! ते जीवोने 'अमे इष्ट के अनिष्ट स्पर्शने अनुभवीए छीए' एवी संज्ञा, प्रज्ञा, मन अने वचन छे? [उ०] ए अर्थ समर्थ–यथार्थ नथी, तो पण एओ तेनो अनुभव तो करे छे.

११. [प्र०] हे भगवन् ! ‡ते पृथिवीकायिक जीवो प्राणातिपात (हिंसा), ‡मृषावाद, अदत्तादान, यावत्–मिथ्यादर्शन शल्यमां रहेला एम कहेवाय छे? [उ०] हे गौतम ! तेओ प्राणातिपातमां रहेला छे, यावत्–मिथ्यादर्शनशल्यमां पण रहेला छे एम कहेवाय छे, ते ८ प्राणातिपातादिमांस्थित.

७ † क्षेत्रथी असंख्यात प्रदेशमां रहेला, काळथी जघन्य मध्यम के उत्कृष्ट काळनी स्थितिवाळा अने भावथी वर्ण, गंध, रस अने स्पर्शवाळा पुद्गलस्कंधोनो आहार करे छे. जुओ प्रज्ञा० पद २८ उ० १ प० ४९८–५११

११ ‡ पृथिवीकायिकादि जीवोने वचनादिनो अभाव छतां तेओ मृषावादादिमां रहेला कहेवाय छे, ते मृषावादादिनी अविरतिने आश्रयी जाणवुं.–टीका.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इज्जंति ? [उ०] गोयमा ! पाणाइवाए वि उवक्खाइज्जंति, जाव–मिच्छादंसणसल्ले वि उवक्खाइज्जंति । जेसिं पि णं जीवाणं ते जीवा एवमाहिज्जंति तेसिं पि णं जीवाणं नो विन्नाए नाणत्ते ८ ।

१२. [प्र०] ते णं भंते ! जीवा कओहिंतो उववज्जंति, किं नेरइएहिंतो उववज्जंति ? [उ०] एवं जहा वक्कंतीए पुढविक्काइयाणं उववाओ तहा भाणियव्वो ९ ।

१३. [प्र०] तेसि णं भंते ! जीवाणं केवतियं कालं ठिती पन्नत्ता ? [उ०] गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बावीसं वाससहस्साइं १० ।

१४. [प्र०] तेसि णं भंते ! जीवाणं कति समुग्घाया पन्नत्ता ?, [उ०] गोयमा ! तओ समुग्घाया पन्नत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए ।

१५. [प्र०] ते णं भंते ! जीवा मारणंतियसमुग्घाएणं किं समोहया मरंति, असमोहया मरंति ? [उ०] गोयमा ! समोहया वि मरंति, असमोहया वि मरंति ११ ।

१६. [प्र०] ते णं भंते ! जीवा अणंतरं उव्वट्टित्ता कहिं गच्छंति, कहिं उववज्जंति ? [उ०] एवं उव्वट्टणा जहा वक्कंतीए १२ ।

१७. [प्र०] सिय भंते ! जाव–चत्तारि पंच आउक्काइया एगयओ साहारणसरीरं बंधंति, एग० २ बंधित्ता तओ पच्छा आहारेंति ? [उ०] एवं जो पुढविकाइयाणं गमो सो चेव भाणियव्वो जाव–उव्वट्टंति; नवरं ठिती सत्त वाससहस्साइं उक्कोसेणं, सेसं तं चेव ।

१८. [प्र०] सिय भंते ! जाव–चत्तारि पंच तेउक्काइया० एवं चेव, नवरं उववाओ ठिती उव्वट्टणा य जहा पन्नवणाए, सेसं तं चेव । वाउकाइयाणं एवं चेव, नाणत्तं नवरं चत्तारि समुग्घाया ।

जीवो जे बीजा पृथिवीकायिकादि जीवोनी हिंसादि करे छे एम कहेवाय छे ते जीवोने पण ('आ जीवो अमारी हिंसा करनार छे') एवो भेद ज्ञात नथी. ९.

९ उत्पादद्वार. १२. [प्र०] हे भगवन् ! ते जीवो क्यांथी आवीने उत्पन्न थाय–शुं नैरयिकोथी आवीने उत्पन्न थाय ?–इत्यादि. [उ०] जेम *व्युत्क्रान्तिपदमां पृथिवीकायिकोनो उत्पाद कहेल छे तेम अहिं कहेवो.

१० स्थितिद्वार. १३. [प्र०] हे भगवन् ! ते पृथिवीकायिक जीवोनी केटला काळनी स्थिति (आयुष) कही छे ? [उ०] हे गौतम ! जघन्यथी अन्तर्मुहूर्त अने उत्कृष्टथी बावीश हजार वर्षनी स्थिति कही छे.

११ समुद्घात. १४. [प्र०] हे भगवन् ! ते जीवोने केटला समुद्घातो कह्या छे ? [उ०] हे गौतम ! त्रण समुद्घातो कह्या छे, ते आ प्रमाणे–१ वेदना समुद्घात, २ कषाय समुद्घात अने ३ मारणान्तिक समुद्घात.

१५. [प्र०] हे भगवन् ! शुं ते जीवो मारणान्तिक समुद्घात करीने मरे के मारणान्तिक समुद्घात कर्या सिवाय मरे ? [उ०] हे गौतम ! तेओ मारणान्तिक समुद्घात करीने पण मरे अने ते कर्या सिवाय पण मरे.

१२ उद्वर्तनाद्वार. १६. [प्र०] हे भगवन् ! तेओ मरीने तुरत क्यां जाय, क्यां उत्पन्न थाय ? [उ०] †व्युत्क्रान्ति पदमां कह्या प्रमाणे तेओनी उद्वर्तना कहेवी. १२

अप्कायिक. १७. [प्र०] हे भगवन् ! कदाच बे, त्रण चार के पांच अप्कायिको भेगा थईने एक साधारण शरीर बांधे अने पछी आहार करे ? [उ०] पृथिवीकायिकोने आश्रयी जे पाठ कहेवामां आवेल छे ते अहिं उद्वर्तना द्वार सुधी कहेवो. परन्तु अप्कायिकोनी स्थिति उत्कृष्टथी सात हजार वर्षनी जाणवी. बाकी बधुं पूर्व प्रमाणे जाणवुं.

अग्निकायिक. १८. [प्र०] हे भगवन् ! कदाच यावत्–चार के पांच अग्निकायिक जीवो भेगा थईने एक साधारण शरीर बांधे–इत्यादि पूर्ववत् (सू० १) प्रश्न अने उत्तर कहेवो. परन्तु विशेष ए छे के तेओनो उपपात, स्थिति अने उद्वर्तना ‡प्रज्ञापनासूत्रमां कह्या प्रमाणे जाणवां, अने बाकी बधुं ‡पूर्ववत् जाणवुं. वायुकायिकोने पण ए प्रमाणे जाणवुं; परन्तु एटलो विशेष के तेओने चार समुद्घात होय छे.

---

१२ † पृथिवीकायिको नैरयिकोथी आवी उत्पन्न थता नथी, पण तिर्यंचयोनिक, मनुष्य अने देवोथी आवी उत्पन्न थाय छे–जुओ प्रज्ञा० पद० ६. प० २१२–१.

१६ † जुओ प्रज्ञा० पद ३ प० ३११.

१८ ‡ तेजस्कायिक जीवो तिर्यंच अने मनुष्यमांथी आवी उपजे छे. तेओनी स्थिति उत्कृष्ट त्रण अहोरात्रनी होय छे. त्यांथी नीकळीने तेओ तिर्यंचमां ज उत्पन्न थाय छे. वळी तेमां लेश्यानी पण विशेषता छे. ज्यारे पृथिवीकायिकने चार लेश्याओ होय छे, त्यारे अग्निकायिकने त्रण लेश्याओ होय छे. वायुकायिकने अग्निकायिकनी पेठे जाणवुं, परन्तु तफावत एटलो छे के वायुकायिकने वैक्रिय समुद्घात अधिक होवाथी चार समुद्घात होय छे. जुओ–प्रज्ञा० पद ६ प० ३१२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१९. [प्र०] सिय भंते! जाव–चत्तारि पंच वणस्सइकाइया०–पुच्छा । [उ०] गोयमा! णो तिणट्ठे समट्ठे । अणंता वणस्सइकाइया एगयओ साहारणसरीरं बंधंति, एग० २ बंधित्ता तओ पच्छा आहारेंति वा परि० २ । सेसं जहा तेउकाइयाणं जाव–उव्वट्टंति, नवरं आहारो नियमं छद्दिसिं, ठिती जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं, सेसं तं चेव ।

२०. [प्र०] एएसि णं भंते! पुढविकाइयाणं आउ–तेउ–वाउ–वणस्सइकाइयाणं सुहुमाणं बादराणं पज्जत्तगाणं अपज्जत्तगाणं जाव–जहन्नुक्कोसियाए ओगाहणाए कयरे २ जाव–विसेसाहिया वा? [उ०] गोयमा! सव्वत्थोवा सुहुमनिओयस्स अपज्जत्तस्स जहन्निया ओगाहणा १, सुहुमवाउकाइयस्स अपज्जत्तगस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा २, सुहुमतेउकाइयस्स अपज्जत्तस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा ३, सुहुमआउकाइयस्स अपज्जत्तस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा ४, सुहुमपुढविकाइयस्स अपज्जत्तस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा ५, बादरवाउकाइयस्स अपज्जत्तगस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा ६, बादरतेउकाइयस्स अपज्जत्तस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा ७, बादरआउकाइयस्स अपज्जत्तस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा ८, बादरपुढविकाइयस्स अपज्जत्तस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा ९, पत्तेयसरीरबादरवणस्सइकाइयस्स बादरनिओयस्स एएसि णं पज्जत्तगाणं एएसि णं अपज्जत्तगाणं जहन्निया ओगाहणा दोण्ह वि तुल्ला असंखेज्जगुणा १०–११, सुहुमनिगोयस्स पज्जत्तगस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा १२, तस्सेव अपज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया १३, तस्स चेव पज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया १४, सुहुमवाउकाइयस्स पज्जत्तगस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा १५, तस्स चेव अपज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया १६, तस्स चेव पज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया १७, एवं सुहुमतेउकाइयस्स वि १८–१९–२०, एवं सहुमआउकाइयस्स वि २१–२२–२३, एवं सुहुमपुढविकाइयस्स वि २४–२५–२६, एवं बादरवाउकाइयस्स वि २७–२८–२९, एवं बायरतेउकाइयस्स वि ३०–३१–३२, एवं बादरआउकाइयस्स वि ३३–३४–३५, एवं बादरपुढविकाइयस्स वि ३६–३७–३८, सव्वेसिं तिविहेणं गमेणं भाणियव्वं, बादरनिगोयस्स पज्जत्तगस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा ३९, तस्स चेव अपज्जत्तगस्स उक्कोसिया

१९. [प्र०] हे भगवन्! कदाच यावत्–चार के पांच वनस्पतिकायिको मेगा थईने एक साधारण शरीर बांधे?–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! ए अर्थ समर्थ नथी. पण अनंतवनस्पतिकायिक जीवो मेगा थईने एक साधारण शरीर बांधे छे, पछी आहार करे छे अने परिणमावे छे–इत्यादि बधुं अग्निकायिकोनी पेठे यावत्–'उद्वर्ते छे त्यांसुधी' कहेवुं. विशेष ए के तेओने आहार अवश्य *छ दिशानो होय छे, वळी तेओनी जघन्य अने उत्कृष्ट स्थिति अन्तर्मुहूर्तनी होय छे. बाकीनुं बधुं पूर्वनी पेठे ज जाणवुं. वनस्पतिकायिक.

२०. [प्र०] हे भगवन्! सूक्ष्म, बादर, पर्याप्त अने अपर्याप्त एवा पृथिवीकायिको, अप्कायिको, अग्निकायिको, वायुकायिको अने वनस्पतिकायिकोनी जे जघन्य अने उत्कृष्ट अवगाहनामां कोनी अवगाहना कोनाथी यावद्–विशेषाधिक छे? [उ०] हे गौतम! अपर्याप्त सूक्ष्मनिगोदनी जघन्य अवगाहना सौथी थोडी छे १, अपर्याप्त सूक्ष्म वायुकायिकनी जघन्य अवगाहना तेथी असंख्यगुण छे २, अपर्याप्त सूक्ष्म अग्निकायनी जघन्य अवगाहना तेथी असंख्यगुण छे ३, अपर्याप्त सूक्ष्म अप्कायनी जघन्य अवगाहना तेथी असंख्यगुण छे ४, अपर्याप्त सूक्ष्म पृथिवीकायिकनी जघन्य अवगाहना तेथी असंख्यगुण छे ५, अपर्याप्त बादर वायुकायिकनी जघन्य अवगाहना तेथी असंख्यगुण छे ६, तेथी अपर्याप्त बादर अग्निकायिकनी जघन्य अवगाहना असंख्यगुण छे ७, तेथी अपर्याप्त बादर अप्कायिकनी जघन्य अवगाहना असंख्यगुण छे ८, तेथी अपर्याप्त बादर पृथिवीकायिकनी जघन्य अवगाहना असंख्यगुण छे ९, तेथी पर्याप्त अने अपर्याप्त प्रत्येक शरीरवाळा बादर वनस्पतिकायिकनी अने बादर निगोदनी जघन्य अवगाहना असंख्यातगुण अने परस्पर सरखी छे १०–११, तेथी पर्याप्त सूक्ष्म निगोदनी जघन्य अवगाहना असंख्यातगुण छे १२, तेथी अपर्याप्त सूक्ष्म निगोदनी उत्कृष्ट अवगाहना विशेषाधिक छे १३, तेनाथी पर्याप्त सूक्ष्म निगोदनी उत्कृष्ट अवगाहना विशेषाधिक छे १४, तेथी पर्याप्त सूक्ष्मवायुकायनी जघन्य अवगाहना असंख्यातगुण छे १५, तेथी अपर्याप्त सूक्ष्म वायुकायनी उत्कृष्ट अवगाहना विशेषाधिक छे १६, तेनाथी पर्याप्त सूक्ष्म वायुकायनी उत्कृष्ट अवगाहना विशेषाधिक छे १७, ए प्रमाणे वायुकायनी पेठे सूक्ष्म अग्निकाय पर्याप्तनी जघन्य अवगाहना असंख्यातगुण, अने तेथी अपर्याप्त सूक्ष्म अग्निकायनी उत्कृष्ट अवगाहना अने पर्याप्तनी उत्कृष्ट अवगाहना उत्तरोत्तर विशेषाधिक जाणवी. १८–१९–२०, एम सूक्ष्म अप्काय २१, २२, २३, अने सूक्ष्म पृथिवीकाय संबंधे पण जाणवुं. २४–२५–२६. ए प्रमाणे बादर वायुकायिक २७–२८–२९, बादर अग्निकायिक ३०–३१–३२, बादर अप्कायिक ३३–३४–३५, अने बादर पृथिवीकायिक संबंधे पण समजवुं. ३६–३७–३८, ए बधाने एम त्रिविधपाठवडे कहेवुं. तेथी पर्याप्त बादर निगोदनी जघन्य अवगाहना असंख्यातगुण छे ३९, तेथी अपर्याप्त बादर निगोदनी उत्कृष्ट अवगाहना विशेषाधिक छे ४०, पृथिवीकायिकादिनी अवगाहनानुं अल्पबहुत्व.

१९ * वनस्पतिकायिकोने अवश्य छ दिशाओनो आहार होय छे एम जे कहेवामां आव्युं छे तेनुं शुं तात्पर्य छे ते समजातुं नथी, कारणके लोकान्त निष्कुटमां रहेला सूक्ष्म वनस्पतिकायिकोने त्रण चार के पांच दिशाओना पण आहारनो संभव छे. पण जो बादर निगोद–साधारण वनस्पतिकायिक–ने आश्रयी आ सूत्र होय तो तेने अवश्य छ दिशानोज आहार घटी शके छे, कारण के ते लोकना मध्य भागमां रहेला होवाथी तेने अवश्य छ दिशानो आहार होय छे. टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ओगाहणा विसेसाहिया ४०, तस्स चेव पज्जत्तगस्स उक्कोसिया ओगाहणा विसेसाहिया ४१, पत्तेयसरीरबादरवणस्सइकाइयस्स पज्जत्तगस्स जहन्निया ओगाहणा असंखेज्जगुणा ४२, तस्स चेव अपज्जत्तगस्स उक्कोसिया ओगाहणा असंखेज्जगुणा ४३, तस्स चेव पज्जत्तगस्स उक्कोसिया ओगाहणा असंखेज्जगुणा ४४।

२१. [प्र०] एयस्स णं भंते! पुढविकाइयस्स आउक्काइयस्स तेउकाइयस्स वाउक्काइयस्स वणस्सइकाइयस्स कयरे काये सव्वसुहुमे, कयरे काए सव्वसुहुमतराए? [उ०] गोयमा! वणस्सइकाए सव्वसुहुमे, वणस्सइकाए सव्वसुहुमतराए १।

२२. [प्र०] एयस्स णं भंते! पुढविकाइयस्स आउक्काइयस्स तेउकाइयस्स वाउक्काइयस्स कयरे काये सव्वसुहुमे, कयरे काये सव्वसुहुमतराए? [उ०] गोयमा! वाउकाए सव्वसुहुमे, वाउकाए सव्वसुहुमतराए २।

२३. [प्र०] एयस्स णं भंते! पुढविकाइयस्स आउक्काइयस्स तेउकाइयस्स कयरे काये सव्वसुहुमे, कयरे काए सव्वसुहुमतराए? [उ०] गोयमा! तेउकाए सव्वसुहुमे, तेउकाए सव्वसुहुमतराए ३।

२४. [प्र०] एयस्स णं भंते! पुढविकाइयस्स आउक्काइयस्स कयरे काए सव्वसुहुमे, कयरे काए सव्वसुहुमतराए? [उ०] गोयमा! आउकाए सव्वसुहुमे, आउकाए सव्वसुहुमतराए ४।

२५. [प्र०] एयस्स णं भंते! पुढविकाइयस्स आउकाइयस्स तेउकाइयस्स वाउकाइयस्स वणस्सइकाइयस्स कयरे काये सव्वबादरे, कयरे काये सव्वबादरतराए? [उ०] गोयमा! वणस्सइकाये सव्वबादरे, वणस्सइकाये सव्वबादरतराए १।

२६. [प्र०] एयस्स णं भंते! पुढविकाइयस्स आउक्काइयस्स तेउकाइयस्स वाउक्काइयस्स कयरे काए सव्वबादरे, कयरे काए सव्वबादरतराए? [उ०] गोयमा! पुढविकाए सव्वबादरे, पुढविकाए सव्वबादरतराए २।

२७. [प्र०] एयस्स णं भंते! आउक्काइयस्स तेउकाइयस्स वाउकाइयस्स कयरे काए सव्वबादरे, कयरे काए सव्वबादरतराए? [उ०] गोयमा! आउकाए सव्वबादरे, आउकाए सव्वबादरतराए ३।

२८. [प्र०] एयस्स णं भंते! तेउकाइयस्स वाउकाइयस्स कयरे काए सव्वबादरे, कयरे काए सव्वबादरतराए? [उ०] गोयमा! तेउकाए सव्वबादरे, तेउकाए सव्वबादरतराए ४।

तेथी पर्याप्त बादर निगोदनी उत्कृष्ट अवगाहना विशेषाधिक छे ४१, तेथी प्रत्येक शरीरवाळा पर्याप्त बादर वनस्पतिकायिकनी जघन्य अवगाहना असंख्यातगुण छे ४२, तेथी प्रत्येक शरीरवाळा अपर्याप्त बादर वनस्पतिकायिकनी उत्कृष्ट अवगाहना असंख्यातगुण छे ४३, अने तेथी प्रत्येक शरीरवाळा बादर वनस्पतिकायिकनी उत्कृष्ट अवगाहना असंख्यातगुण छे ४४.

पृथिवीकायादिनी परस्पर सूक्ष्मता.

२१. [प्र०] हे भगवन्! पृथिवीकायिक, अप्कायिक, अग्निकायिक, वायुकायिक अने वनस्पतिकायिक ए बधामां कई काय सौथी सूक्ष्म अने सूक्ष्मतर छे? [उ०] हे गौतम! वनस्पतिकायिक सौथी *सूक्ष्म अने सूक्ष्मतर छे.

२२. हे भगवन्! ए पृथिवीकाय, अप्काय, अग्निकाय अने वायुकायमां कई काय सर्वथी सूक्ष्म अने सूक्ष्मतर छे? [उ०] हे गौतम! वायुकाय सौथी सूक्ष्म अने सूक्ष्मतर छे.

२३. हे भगवन्! ए पृथिवीकाय, अप्काय अने तेजस्कायमां कई काय सर्व सूक्ष्म अने सर्व सूक्ष्मतर छे? [उ०] हे गौतम! अग्निकाय सौथी सूक्ष्म अने सूक्ष्मतर छे.

२४. [प्र०] हे भगवन्! ए पृथिवीकाय अने अप्कायमां कई काय सर्व सूक्ष्म अने सर्व सूक्ष्मतर छे? [उ०] हे गौतम! अप्काय सौथी सूक्ष्म अने सूक्ष्मतर छे.

पृथिवीकायादिनुं परस्पर बादरपणुं.

२५. [प्र०] हे भगवन्! ए पृथिवीकाय, अप्काय, अग्निकाय, वायुकाय अने वनस्पति कायमां कई काय सौथी बादर अने बादरतर छे? [उ०] हे गौतम! वनस्पतिकाय सौथी बादर अने बादरतर छे.

२६. [प्र०] हे भगवन्! ए पृथिवीकाय, अप्काय, अग्निकाय अने वायुकायमां कई काय बादर अने बादरतर छे? [उ०] हे गौतम! पृथिवीकाय सौथी बादर अने बादरतर छे.

२७. [प्र०] हे भगवन्! ए अप्काय, अग्निकाय अने वायुकायमां कई काय सौथी बादर अने बादरतर छे? [उ०] हे गौतम! अप्काय सौथी बादर अने बादरतर छे.

२८. [प्र०] हे भगवन्! ए अग्निकाय अने वायुकायमां कई काय सर्वथी बादर अने सर्वथी बादरतर छे? [उ०] हे गौतम! अग्निकाय सौथी बादर अने बादरतर छे.

२१ * वनस्पतिकाय सूक्ष्म वनस्पतिकायनी अपेक्षाए सर्व करतां अधिक सूक्ष्म छे अने प्रत्येक वनस्पतिकायनी अपेक्षाए सर्व करतां अधिक बादर छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२९. [प्र०] केमहालए णं भंते! पुढविसरीरे पन्नत्ते? [उ०] गोयमा! अणंताणं सुहुमवणस्सइकाइयाणं जावइया सरीरा से एगे सुहुमवाउसरीरे, असंखेज्जाणं सुहुमवाउसरीराणं जावतिया सरीरा से एगे सुहुमतेउसरीरे, असंखेज्जाणं सुहुमतेउकाइयसरीराणं जावतिया सरीरा से एगे सुहुमे आउसरीरे, असंखेज्जाणं सुहुमआउक्काइयसरीराणं जावइया सरीरा से एगे सुहुमे पुढविसरीरे, असंखेज्जाणं सुहुमपुढविकाइयसरीराणं जावइया सरीरा से एगे बादरवाउसरीरे, असंखेज्जाणं बादरवाउक्काइयाणं जावइया सरीरा से एगे बादरतेउसरीरे, असंखेज्जाणं बादरतेउकाइयाणं जावतिया सरीरा से एगे बादरआउसरीरे, असंखेज्जाणं बादरआउकाइयाणं जावतिया सरीरा से एगे बादरपुढविसरीरे। एमहालए णं गोयमा! पुढविसरीरे पन्नत्ते। ०

३०. [प्र०] पुढविकाइयस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? [उ०] गोयमा! से जहानामए रन्नो चाउरंतचक्कवट्टिस्स वन्नगपेसिया तरुणी बलवं जुगवं जुवाणी अप्पायंका० वन्नओ जाव–निउणसिप्पोवगया, नवरं चम्मेट्ठ–दुहण–मुट्ठियसमाहयणिचियगत्तकाया न भण्णति, सेसं तं चेव जाव–निउणसिप्पोवगया तिक्खाए वयरामईए सण्हकरणीए तिक्खेणं वइरामएणं वट्टावरएणं एगं महं पुढविकाइयं जतुगोलासमाणं गहाय पडिसाहरिय प० २ पडिसंखिविय पडि० २ जाव–'इणामेव'-त्ति कट्टु तिसत्तक्खुत्तो उप्पीसेज्जा, तत्थ णं गोयमा! अत्थेगतिया पुढविक्काइया आलिद्धा अत्थेगइया पुढविक्काइया नो आलिद्धा, अत्थेगइया संघट्टि(ट्टि)या अत्थेगइया नो संघट्टि(ट्टि)या, अत्थेगइया परियाविया अत्थेगइया नो परियाविया, अत्थेगइया उद्दविया अत्थेगइया नो उद्दविया, अत्थेगइया पिट्ठा अत्थेगतिया नो पिट्ठा, पुढविकाइयस्स णं गोयमा! एमहालिया सरीरोगाहणा पण्णत्ता।

३१. [प्र०] पुढविकाइए णं भंते! अक्कंते समाणे केरिसियं वेदणं पच्चणुब्भवमाणे विहरति? [उ०] गोयमा! से जहानामए–केइ पुरिसे तरुणे बलवं जाव–निउणसिप्पोवगए एगं पुरिसं जुन्नं जराजज्जरियदेहं जाव–दुब्बलं किलंतं जमलपाणिणा मुद्धाणंसि अभिहणिज्जा, से णं गोयमा! पुरिसे तेणं पुरिसेणं जमलपाणिणा मुद्धाणंसि अभिहए समाणे केरिसियं वेदणं पच्चणुब्भवमाणे विहरति? अणिट्ठं समणाउसो! तस्स णं गोयमा! पुरिसस्स वेदणाहिंतो पुढविकाइए अक्कंते समाणे एत्तो अणिट्ठतरियं चेव अकंततरियं जाव–अमणामतरियं चेव वेदणं पच्चणुब्भवमाणे विहरति।

२९. [प्र०] हे भगवन्! पृथिवीकायिकोनुं केटलुं मोटुं शरीर कह्युं छे? [उ०] हे गौतम! अनंत सूक्ष्म वनस्पतिकायिकोना जेटलां शरीरो थाय तेटलुं एक सूक्ष्म वायुकायनुं शरीर छे. असंख्य सूक्ष्म वायुकायनां जेटलां शरीरो थाय तेटलुं एक सूक्ष्म अग्निकायनुं शरीर छे. असंख्य सूक्ष्म अग्निकायनां जेटलां शरीरो थाय छे, तेटलुं एक सूक्ष्म अप्कायनुं शरीर छे, असंख्य सूक्ष्म अप्कायनां जेटलां शरीरो थाय तेटलुं एक सूक्ष्म पृथिवीकायनुं शरीर छे, असंख्य सूक्ष्म पृथिवीकायनां जेटलां शरीरो थाय तेटलुं एक बादर वायुकायनुं शरीर छे, असंख्य बादर वायुकायना जेटलां शरीरो थाय तेटलुं एक बादर अग्निकायनुं शरीर छे, असंख्य बादर अग्निकायनां जेटलां शरीरो थाय, तेटलुं एक बादर अप्कायनुं शरीर छे अने असंख्य बादर अप्कायनां जेटलां शरीरो थाय तेटलुं एक बादर पृथिवीकायनुं शरीर छे. हे गौतम! [बीजी कायनी अपेक्षाए] एटलुं मोटुं पृथिवीकायनुं शरीर कह्युं छे. पृथिवीकायिकना शरीरनुं प्रमाण.

३०. [प्र०] हे भगवन्! पृथिवीकायना शरीरनी केटली मोटी अवगाहना कही छे? [उ०] हे गौतम! जेमके कोइ एक चार दिशाना स्वामी चक्रवर्ती राजानी चंदन घसनारी दासी होय, ते दासी युवान, बलवान्, युगवान्–सुषमादि विशिष्ट काळमां उत्पन्न थयेली, उमर लायक, नीरोगी–इत्यादि वर्णन जाणवुं, यावत्–अत्यंत कळाकुशळ होय, परन्तु 'चमेष्ट,* द्रुघण, अने मौष्टिकादि व्यायामना साधनोथी मजबूत थयेला शरीरवाळी' ए विशेषण न कहेवुं. पूर्वोक्त एवी ते दासी चूर्ण वाटवानी वज्रनी कठण शिला उपर वज्रमय कठण पाषाणवडे लाखना दडा जेटला एक मोटा पृथिवीकायना पिंडने लईने तेने वारंवार एकठो करी करीने, तेनो संक्षेप करी करीने वाटे, यावत्–'आ तुरतमां वाटी नाखुं छुं' एम धारी एकवीस वार पीसे, तो पण हे गौतम! तेमां केटलाएक पृथिवीकायिकोने ते शिला अने वाटवाना पाषाणनो मात्र स्पर्श थाय छे अने केटलाएकने स्पर्श पण थतो नथी, केटलाएकने संघर्ष थाय छे अने केटला एकने संघर्ष पण थतो नथी, केटलाएकने पीडा थाय छे अने केटलाएकने पीडा पण थती नथी, केटलाएक मरे छे अने केटलाएक मरता पण नथी; तथा केटलाएक पीसाय छे अने केटला एक पीसाता पण नथी. हे गौतम! पृथिवीकायना शरीरनी एटली [सूक्ष्म] अवगाहना कही छे. पृथिवीकायिकना शरीरनी अवगाहना.

३१. [प्र०] हे भगवन्! ज्यारे पृथिवीकाय दबाय त्यारे ते केवी पीडानो अनुभव करे? [उ०] हे गौतम! जेम कोई एक पुरुष जुवान, बलवान्, यावत्–अत्यन्तकळा कुशळ होय, ते बीजा कोई घडपणथी जीर्ण थयेला शरीरवाळा यावत्–दुबळा ग्लान पुरुषना माथामां पोताना बन्ने हाथे मारे तो हे गौतम! ते पुरुषना बन्ने हाथना मारथी घवायेलो ते वृद्ध पुरुष केवी पीडा अनुभवे? हे आयुष्मन् श्रमण! ते वृद्ध घणीज अनिष्ट पीडाने अनुभवे. हे गौतम! ते पृथिवीकाय ज्यारे दबाय त्यारे ते पुरुषनी वेदना करतां पण अनिष्टतर, अप्रिय अने अणगमती एवी घणी वेदना अनुभवे. पृथिवीकायिकने केवी पीडा थाय?

---

१ 'सुहुमवाउक्काइआणं'–टीका.

३० * दासीने साधनो द्वारा व्यायामनी प्रवृत्तिनो असंभव होवाथी आ विशेषण न कहेवुं.–टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३२. [प्र०] आउयाए णं भंते ! संघट्टिए समाणे केरिसियं वेदणं पच्चणुब्भवमाणे विहरति ? [उ०] गोयमा ! जहा पुढविकाइए एवं चेव, एवं तेऊयाए वि, एवं वाऊयाएवि, एवं वणस्सइकाए वि, जाव–विहरति । 'सेवं भंते ! सेवं भंते !' त्ति ।

एगूणवीसइमे सए तईओ उद्देसो समत्तो ।

अप्कायिकने केवी पीडा थाय ?

३२. [प्र०] हे भगवन् ! ज्यारे अप्कायिक जीवनो स्पर्श थाय त्यारे ते केवी वेदना अनुभवे ? [उ०] हे गौतम ! जेम पृथिवीकाय संबंधे कह्युं तेम अप्काय संबंधे पण कहेवुं. ए प्रमाणे अग्निकाय, वायुकाय अने वनस्पतिकाय संबंधे पण जाणवुं. 'हे भगवन् ते एमज छे, हे भगवन् ! ते एमज छे.'

ओगणीशमा शतकमां तृतीय उद्देशक समाप्त.

---

## चउत्थो उद्देसो ।

१. [प्र०] सिय भंते ! नेरइया महासवा महाकिरिया महावेयणा महानिज्जरा ? [उ०] गोयमा ! णो तिणट्ठे समट्ठे १ ।

२. [प्र०] सिय भंते ! नेरइया महासवा महाकिरिया महावेयणा अप्पनिज्जरा ? [उ०] हंता सिया २ ।

३. [प्र०] सिय भंते ! नेरइया महासवा महाकिरिया अप्पवेयणा महानिज्जरा ? [उ०] गोयमा ! णो तिणट्ठे समट्ठे ३ ।

४. [प्र०] सिय भंते ! नेरइया महासवा महाकिरिया अप्पवेदणा अप्पनिज्जरा ? [उ०] गोयमा ! णो तिणट्ठे समट्ठे ४ ।

५. [प्र०] सिय भंते ! नेरइया महासवा अप्पकिरिया महावेदणा महानिज्जरा ? [उ०] गोयमा ! णो तिणट्ठे समट्ठे ५ ।

## चतुर्थ उद्देशक.

महास्रव, महाक्रिया, महावेदना अने महानिर्जरा.

१. [प्र०] हे भगवन् ! नैरयिको महास्रव–*मोटा आस्रववाळा, मोटी क्रियावाळा, मोटी वेदनावाळा अने मोटी निर्जरावाळा होय ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

२. [प्र०] हे भगवन् ! नैरयिको मोटा आस्रववाळा, मोटी क्रियावाळा, मोटी वेदनावाळा अने थोडी निर्जरावाळा ? होय [उ०] हे गौतम ! हा होय.

३. [प्र०] हे भगवन् ! नैरयिको मोटा आस्रववाळा, मोटी क्रियावाळा, अल्प वेदनावाळा अने मोटी निर्जरावाळा होय ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

४. [प्र०] हे भगवन् ! नैरयिको मोटा आस्रववाळा, मोटी क्रियावाळा, अल्प वेदनावाळा अने अल्प निर्जरावाळा होय ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

५. [प्र०] हे भगवन् ! नैरयिको महाआस्रववाळा, अल्प क्रियावाळा, मोटी वेदनावाळा अने मोटी निर्जरावाळा होय ? [उ०] हे गौतम ! ए अर्थ समर्थ नथी.

---

१ एवं आउकाए वि ङ.

१ * नैरयिकोने घणां कर्मोनो बन्ध थतो होवाथी ते महास्रववाळा, कायिकी वगेरे घणी क्रियावाळा, असातानो तीव्र उदय होवाथी घणी वेदनावाळा अने घणा कर्मनो क्षय थतो होवाथी महानिर्जरावाळा होय ?–ए प्रश्न छे. तेमां उपरना चार पदना नीचे प्रमाणे सोळ भांगा थाय छे:—

| | आस्रव | क्रिया | वेदना | निर्जरा | | आस्रव | क्रिया | वेदना | निर्जरा |
|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | महा– | महा– | महा– | महा– | ९ | अल्प | महा | महा | महा |
| २ | ,, | ,, | ,, | अल्प | १० | ,, | ,, | ,, | अल्प |
| ३ | ,, | ,, | अल्प | महा | ११ | ,, | ,, | अल्प | महा |
| ४ | ,, | ,, | ,, | अल्प | १२ | ,, | ,, | ,, | अल्प |
| ५ | ,, | अल्प | महा | महा | १३ | ,, | अल्प | महा | महा |
| ६ | ,, | ,, | ,, | अल्प | १४ | ,, | ,, | ,, | अल्प |
| ७ | ,, | ,, | अल्प | महा | १५ | ,, | ,, | अल्प | महा |
| ८ | ,, | ,, | ,, | अल्प | १६ | ,, | ,, | ,, | अल्प |

तेमां नैरयिकोने 'महास्रववाळा, महाक्रियावाळा, महावेदनावाळा अने अल्पनिर्जरावाळा'–आ बीजो भांगो लागु पडे छे. केमके तेने महास्रवादि त्रणे होय छे, परन्तु अविरति होवाथी अल्प निर्जरा होय छे. बाकीना भांगाओ नेरयिकोने लागु पडता नथी. असुरकुमारादि देवोमां 'महास्रव, महाक्रिया, अल्प वेदना अने अल्प निर्जरा' '–ए चोथो भांगो होय छे. केमके तेओमां अविरति होवाथी महास्रव, महाक्रिया अने अल्प निर्जरा होय छे, पण असातानो उदय प्रायः नहि होवाथी अल्प वेदना होय छे. बाकीना भांगाओ तेओमां होता नथी. पृथिवीकायिकादिमां बधा सोळे भांगाओ होय छे.–टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६. [प्र०] सिय भंते ! नेरइया महासवा अप्पकिरिया महावेयणा अप्पनिज्जरा ? [उ०] गोयमा ! नो तिणट्ठे समट्ठे ६ ।

७. [प्र०] सिय भंते ! नेरतिया महासवा अप्पकिरिया अप्पवेदणा महानिज्जरा ? [उ०] नो तिणट्ठे समट्ठे ७ ।

८. [प्र०] सिय भंते ! नेरतिया महासवा अप्पकिरिया अप्पवेदणा अप्पनिज्जरा ? [उ०] णो तिणट्ठे समट्ठे ८ ।

९. [प्र०] सिय भंते ! नेरइया अप्पासवा महाकिरिया महावेदणा महानिज्जरा ? [उ०] नो तिणट्ठे समट्ठे ९ ।

१०. [प्र०] सिय भंते ! नेरइया अप्पासवा महाकिरिया महावेदणा अप्पनिज्जरा ? [उ०] नो तिणट्ठे समट्ठे १० ।

११. [प्र०] सिय भंते ! नेरइया अप्पासवा महाकिरिया अप्पवेयणा महानिज्जरा ? [उ०] नो तिणट्ठे समट्ठे ११ ।

१२. [प्र०] सिय भंते ! नेरइया अप्पासवा महाकिरिया अप्पवेदणा अप्पनिज्जरा ? [उ०] णो तिणट्ठे समट्ठे १२ ।

१३. [प्र०] सिय भंते ! नेरइया अप्पासवा अप्पकिरिया महावेयणा महानिज्जरा ? [उ०] नो तिणट्ठे समट्ठे १३ ।

१४. [प्र०] सिय भंते ! नेरतिया अप्पासवा अप्पकिरिया महावेदणा अप्पनिज्जरा ? [उ०] नो तिणट्ठे समट्ठे १४ ।

१५. [प्र०] सिय भंते ! नेरइया अप्पासवा अप्पकिरिया अप्पवेयणा महानिज्जरा ? [उ०] नो तिणट्ठे समट्ठे १५ ।

१६. [प्र०] सिय भंते ! नेरइया अप्पासवा अप्पकिरिया अप्पवेयणा अप्पनिज्जरा ? [उ०] णो तिणट्ठे समट्ठे १६ । एते सोलस भंगा ।

**१७. [प्र०] सिय भंते ! असुरकुमारा महासवा महाकिरिया महावेदणा महानिज्जरा ? [उ०] णो तिणट्ठे समट्ठे । एवं चउत्थो भंगो भाणियव्वो, सेसा पन्नरस भंगा खोडेयव्वा, एवं जाव–थणियकुमारा ।**

६. जो ते (संज्ञी पंचेन्द्रिय तिर्यंच) पोते जघन्य काळनी स्थितिवाळो होय अने ज्योतिषिकमां उत्पन्न थाय तो ते जघन्य अने उत्कृष्ट पल्योपमना आठमा भागनी स्थितिवाळा ज्योतिषिकमां उत्पन्न थाय (४).

असंख्यात० सं० पं० तिर्यंचोनी उपपातसंख्या.

७. [प्र०] हे भगवन्! ते (असंख्य वर्षना आयुषवाळा संज्ञी पंचेन्द्रिय तिर्यंचो) एक समये केटला उत्पन्न थाय? [उ०] पूर्वोक्त वक्तव्यता कहेवी. विशेष ए के शरीरनुं प्रमाण जघन्य धनुषपृथक्त्व अने उत्कृष्ट अढारसो धनुष करतां कांइक अधिक होय छे. स्थिति जघन्य अने उत्कृष्ट पल्योपमना आठमा भागनी अने अनुबंध पण ए ज प्रमाणे होय छे. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं. काळादेशथी जघन्य अने उत्कृष्ट पल्योपमना बे आठमा भाग–एटलो काळ यावत्–गतिआगति करे. जघन्यकाळनी स्थितिवाळा माटे आ एक ज गम होय छे (६).

असंख्यात० सं० पं० तिर्यंचोनो ज्योतिषिकमां उपपात.

८. जो ते (असंख्यात० संज्ञी पं० तिर्यंच) पोते उत्कृष्टकाळनी स्थितिवाळो होय (अने ज्योतिषिकमां उत्पन्न थाय) तो तेने सामान्य गमकनी जेम वक्तव्यता कहेवी. परन्तु स्थिति जघन्य अने उत्कृष्ट त्रण पल्योपमनी जाणवी. अनुबंध पण ए ज प्रमाणे छे. बाकी बधुं ते ज प्रमाणे जाणवुं. ए रीते छेल्ला त्रण गमको जाणवा. पण विशेष ए के, स्थिति अने संवेध भेदपूर्वक जाणवो. ए प्रमाणे ए सात गमको थया. (७).

संख्यात० सं० पं० तिर्यंचोनो ज्योतिषिकमां उपपात.

९. जो तेओ संख्याता वर्षना आयुषवाळा संज्ञी पं० तिर्यंचोथी आवी उत्पन्न थाय तो तेने असुरकुमारोमां उत्पन्न थता संख्याता वर्षना आयुषवाळा संज्ञी पंचेन्द्रिय तिर्यंचनी पेठे नवे गमको कहेवा. विशेष ए के ज्योतिषिकनी स्थिति अने संवेध भेदपूर्वक जाणवो. तथा बाकी बधुं ते ज प्रमाणे जाणवुं (९).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१०. [प्र०] जइ मणुस्सेहिंतो उववज्जंति० ? [उ०] भेदो तहेव । जाव—

११. [प्र०] असंखेज्जवासाउयसन्निमणुस्से णं भंते ! जे भविए जोइसिएसु उववज्जित्तए से णं भंते ! ० ? [उ०] एवं जहा असंखेज्जवासाउयसन्निपंचिंदियस्स जोइसिएसु चेव उववज्जमाणस्स सत्त गमगा तहेव मणुस्साण वि । नवरं ओगाहणा-विसेसो पढमेसु तिसु गमएसु । ओगाहणा जहन्नेणं सातिरेगाइं नव धणुसयाइं, उक्कोसेणं तिन्नि गाउयाइं । मज्झिमगमए जह-न्नेणं सातिरेगाइं नव धणुसयाइं, उक्कोसेण वि सातिरेगाइं नव धणुसयाइं । पच्छिमेसु तिसु गमएसु जहन्नेणं तिन्नि गाउयाइं, उक्कोसेण वि तिन्नि गाउयाइं । सेसं तहेव निरवसेसं जाव–'संवेहो'त्ति ।

१२. [प्र०] जइ संखेज्जवासाउयसन्निमणुस्से० ? [उ०] संखेज्जवासाउयाणं जहेव असुरकुमारेसु उववज्जमाणाणं तहेव नव गमगा भाणियव्वा । नवरं जोतिसियठितिं संवेहं च जाणेज्जा, सेसं तं चेव निरवसेसं । 'सेवं भंते ! सेवं भंते' ! त्ति ।

## चउवीसतिमे सए तेवीसइमो उद्देसो समत्तो ।

१०. जो तेओ मनुष्योथी आवी उत्पन्न थाय तो तेने बधी विशेषता पूर्वे कहेला संज्ञी पंचेन्द्रिय तिर्यंचनी पेठे कहेवी. यावत्— मनुष्योनो ज्योतिषिकमां उपपात.

११. [प्र०] हे भगवन् ! असंख्याता वर्षना आयुषवाळो संज्ञी मनुष्य जे ज्योतिषिकोमां उत्पन्न थवाने योग्य छे ते केटला काळनी स्थितिवाळा ज्योतिषिकोमां उत्पन्न थाय ? [उ०] जेम ज्योतिषिकोमां उत्पन्न थता असंख्याता वर्षना आयुषवाळा संज्ञी पंचेन्द्रिय तिर्यंचने सात गमको कह्या छे तेम ज मनुष्योने पण सात गमको कहेवा. परन्तु प्रथमना त्रण गमकोमां शरीरनी अवगाहनानो विशेष छे. अवगाहना जघन्य कांइक अधिक नवसो धनुष अने उत्कृष्ट त्रण गाउनी होय छे. मध्यमना गमकमां जघन्य अने उत्कृष्ट कांइक अधिक नवसो धनुष. अने छेल्ला त्रण गमकोमां जघन्य अने उत्कृष्ट त्रण गाउनी छे. बाकी बधुं यावत्–संवेध सुधी ते ज प्रमाणे छे.

१२. जो ते संख्याता वर्षना आयुषवाळा संज्ञी मनुष्योथी आवी उत्पन्न थाय तो तेने असुरकुमारोमां उपजता संख्याता वर्षना आयुषवाळा संज्ञी मनुष्योनी पेठे नवे गमको कहेवा. पण ज्योतिषिकनी स्थिति अने संवेध भिन्न जाणवो. बाकी बधुं ते ज प्रमाणे जाणवुं. 'हे भगवन् ! ते एम ज छे, हे भगवन् ! ते एम ज छे.' संख्याता० सं० मनुष्योनो ज्योतिषिकमां उपपात.

## चोवीशमा शतकमां त्रेवीशमो उद्देशक समाप्त.

---

## चउवीसतिमो उद्देसो ।

१. [प्र०] सोहम्मदेवा णं भंते ! कओहिंतो उववज्जंति ? किं नेरइएहिंतो उववज्जंति ? [उ०] भेदो जहा जोइसिय-उद्देसए ।

२. [प्र०] असंखेज्जवासाउयसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते ! जे भविए सोहम्मगदेवेसु उववज्जित्तए से णं भंते ! केवतिकाल० ? [उ०] गोयमा ! जहन्नेणं पलिओवमट्ठितिएसु, उक्कोसेणं तिपलिओवमट्ठितीएसु उववज्जेज्जा ।

३. [प्र०] ते णं भंते ! [उ०] अवसेसं जहा जोइसिएसु उववज्जमाणस्स । नवरं सम्मदिट्ठी वि, मिच्छादिट्ठी वि, णो

## चोवीशमो उद्देशक.

१. [प्र०] हे भगवन् ! सौधर्मदेवो क्यांथी आवी उत्पन्न थाय ? शुं नैरयिकोथी आवी उत्पन्न थाय–इत्यादि. [उ०] त्रेवीशमा ज्योतिषिक उद्देशकमां कह्या प्रमाणे भेद कहेवो. वैमानिकोनो उपपात.

२. [प्र०] हे भगवन् ! असंख्याता वर्षना आयुषवाळा संज्ञी पंचेन्द्रिय तिर्यंचयोनिक, जे सौधर्मदेवलोकमां उत्पन्न थवाने योग्य छे ते केटला काळनी स्थितिवाळा सौधर्म देवमां उत्पन्न थाय ? [उ०] हे गौतम ! जघन्य *पल्योपमनी अने उत्कृष्ट त्रण पल्योपमनी स्थितिवाळा सौधर्मदेवोमां उत्पन्न थाय. असंख्याता० सं० पं० तिर्यंचनो सौधर्म देवलोकमां उपपात.

३. [प्र०] हे भगवन् ! ते जीवो एक समये केटला उत्पन्न थाय–इत्यादि बाकीनी हकीकत ज्योतिषिकमां उत्पन्न थता असंख्याता वर्षना आयुषवाळा संज्ञी तिर्यंचनी पेठे कहेवी. परन्तु विशेष ए के ते सम्यग्दृष्टि पण होय अने मिथ्यादृष्टि पण होय, पण मिश्रदृष्टि न परिमाणादि.

---

२ * सौधर्म देवलोकमां जघन्य आयुष एक पल्योपमनुं होय छे, तेथी तिर्यंचो जघन्य पल्योपमनी स्थितिवाळा देवोमां उत्पन्न थाय छे; अने उत्कृष्ट आयुष बे सागरोपमनुं होय छे. पण तिर्यंचो उत्कर्षथी त्रण पल्योपम आयुषवाळा ज होय छे, तेनाथी अधिक देवायुष बांधता नथी. माटे तिर्यंचो उत्कृष्ट त्रण पल्योपमना आयुषवाळा सौधर्म देवोमां उत्पन्न थाय छे एम कह्युं छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सम्मामिच्छादिट्ठी। णाणी वि, अन्नाणी वि, दो णाणा दो अन्नाणा नियमं। ठिती जहन्नेणं पलिओवमं, उक्कोसेणं तिन्नि पलिओवमाइं। एवं अणुबंधो वि, सेसं तहेव। कालादेसेणं जहन्नेणं दो पलिओवमाइं, उक्कोसेणं छप्पलिओवमाइंएव-तियं० १।

४. सो चेव जहन्नकालट्ठितिएसु उववन्नो एस चेव वत्तव्वया। नवरं कालादेसेणं जहन्नेणं दो पलिओवमा, उक्कोसेणं चत्तारि पलिओवमाइं-एवतियं० २।

५. सो चेव उक्कोसकालट्ठितिएसु उववन्नो जहन्नेणं तिपलिओवम०, उक्कोसेण वि तिपलिओवम०-एस चेव वत्तव्वया। नवरं ठिती जहन्नेणं तिन्नि पलिओवमाइं, उक्कोसेण वि तिन्नि पलिओवमाइं, सेसं तहेव। कालादेसेणं जहन्नेणं छप्पलिओवमाइं, उक्कोसेण वि छप्पलिओवमाइं-एवतियं० ३।

६. सो चेव अप्पणा जहन्नकालट्ठितिओ जाओ, जहन्नेणं पलिओवमट्ठितिएसु, उक्कोसेण वि पलिओमट्ठितिएसु०, एस चेव वत्तव्वया। नवरं ओगाहणा जहन्नेणं धणुपुहत्तं, उक्कोसेणं दो गाउयाइं। ठिती जहन्नेणं पलिओवमं, उक्कोसेण वि पलिओवमं, सेसं तहेव। कालादेसेणं जहन्नेणं दो पलिओवमाइं, उक्कोसेणं पि दो पलिओवमाइं-एवतियं० ६।

७. सो चेव अप्पणा उक्कोसकालट्ठितिओ जाओ, आदिल्लगमगसरिसा तिन्नि गमगा णेयव्वा। नवरं ठितिं कालादेसं च जाणेज्जा ९।

८. [प्र०] जइ संखेज्जवासाउयसन्निपंचिंदिय०? [उ०] संखेज्जवासाउयस्स जहेव असुरकुमारेसु उववज्जमाणस्स तहेव नव वि गमा। नवरं ठितिं संवेहं च जाणेज्जा। जाहे य अप्पणा जहन्नकालट्ठितिओ भवति ताहे तिसु वि गमएसु सम्मदिट्ठी वि, मिच्छादिट्ठी वि, णो सम्मामिच्छादिट्ठी। दो नाणा दो अन्नाणा नियमं, सेसं तं चेव।

९. [प्र०] जइ मणुस्सेहिंतो उववज्जंति०? [उ०] भेदो जहेव जोतिसिएसु उववज्जमाणस्स। जाव—

१०. [प्र०] असंखेज्जवासाउयसन्निमणुस्से णं भंते! जे भविए सोहम्मे कप्पे देवत्ताए उववज्जित्तए०? [उ०] एवं

होय, ज्ञानी पण होय अने अज्ञानी पण होय. तेओने बे ज्ञान के बे अज्ञान अवश्य होय छे. तेओनी स्थिति जघन्य पल्योपमनी अने उत्कृष्ट त्रण पल्योपमनी होय छे. ए प्रमाणे अनुबंध पण जाणवो. बाकी बधुं ते ज प्रमाणे जाणवुं. काळादेशथी जघन्य बे पल्योपम अने उत्कृष्ट छ पल्योपम–एटलो काळ यावत्–गमनागमन करे (१).

असंख्यात० सं० पं० तिर्यंचयोनिकनो ज० सौधर्म देवलोकमां उपपात.

४. हवे जो ते (असंख्यात वर्षना आयुषवाळो संज्ञी तिर्यंचयोनिक) जघन्यकाळनी स्थितिवाळा सौधर्मदेवमां उत्पन्न थाय तो तेने ए ज वक्तव्यता कहेवी. विशेष ए के काळादेशथी जघन्य बे पल्योपम अने उत्कृष्ट चार पल्योपम–एटलो काळ यावत्–गतिआगति करे (२).

असंख्यात० सं० पं० तिर्यंचनी उ० सौधर्म देवलोकमां उत्पत्ति.

५. जो ते ज जीव उत्कृष्टकाळनी स्थितिवाळा सौधर्म देवमां उत्पन्न थाय तो जघन्य अने उत्कृष्ट त्रण पल्योपमनी स्थितिवाळा सौधर्म देवलोकमां उत्पन्न थाय–इत्यादि पूर्वोक्त वक्तव्यता कहेवी. विशेष ए के स्थिति जघन्य अने उत्कृष्ट त्रण पल्योपमनी जाणवी. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे कहेवुं. काळादेशथी जघन्य अने उत्कृष्ट छ पल्योपम–एटलो काळ यावत्–गमनागमन करे (३).

ज० असंख्यात० सं० पं० तिर्यंचनो सौधर्म देवलोकमां उपपात.

६. जो ते पोते जघन्य स्थितिवाळो होय (अने. सौधर्म देवमां उत्पन्न) थाय तो ते जघन्य अने उत्कृष्ट पल्योपमनी स्थितिवाळा सौधर्म देवलोकमां उत्पन्न थाय. तेने पण ए ज पूर्वोक्त वक्तव्यता कहेवी. विशेष ए के शरीरनुं प्रमाण जघन्य धनुषपृथक्त्व अने उत्कृष्ट बे गाउनुं होय छे. स्थिति जघन्य अने उत्कृष्ट पल्योपमनी होय छे. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं. काळादेशथी जघन्य अने उत्कृष्ट बे पल्योपम–एटलो काळ यावत्–गमनागमन करे (६).

उ० असंख्यात० सं० पं० तिर्यंचनो सौधर्म देवलोकमां उपपात.

७. जो ते पोते उत्कृष्ट स्थितिवाळो होय तो तेने प्रथम गमक जेवा त्रण गमको कहेवा. विशेष ए के स्थिति अने काळादेश भिन्न जाणवो (९).

संख्यात० सं० पं० तिर्यंचनो सौधर्म देवलोकमां उपपात.

८. जो तेओ (सौधर्म देवो) संख्याता वर्षना आयुषवाळा संज्ञी पंचेन्द्रिय तिर्यंचोथी आवी उत्पन्न थाय तो तेने असुरकुमारोमां उत्पन्न थता संख्याता वर्षना आयुषवाळा तिर्यंचनी पेठे नवे गमको कहेवा. विशेष ए के अहीं स्थिति अने संवेध भिन्न भिन्न जाणवो. ज्यारे ते पोते जघन्य स्थितिवाळो होय त्यारे त्रणे गमकोमां सम्यग्दृष्टि अने मिथ्यादृष्टि होय, पण मिश्रदृष्टि न होय. बे ज्ञान अने बे अज्ञान अवश्य होय. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं.

मनुष्योनो सौधर्म देवलोकमां उपपात.

९. [प्र०] हे भगवन्! जो ते (सौधर्म देवो) मनुष्योथी आवी उत्पन्न थाय तो–इत्यादि ज्योतिषिकमां उत्पन्न थता संज्ञी मनुष्यनी पेठे भेद कहेवो. यावत्—

१०. [प्र०] हे भगवन्! असंख्य वर्षना आयुषवाळो संज्ञी मनुष्य, जे सौधर्मकल्पमां देवपणे उत्पन्न थवाने योग्य छे ते केटला

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जहेव असंखेज्जवासाउयस्स सन्निपंचिंदियतिरिक्खजोणियस्स सोहम्मे कप्पे उववज्जमाणस्स तहेव सत्त गमगा। नवरं आदिल्लएसु दोसु गमएसु ओगाहणा जहन्नेण गाउयं, उक्कोसेणं तिन्नि गाउयाइं। ततियगमे जहन्नेणं तिन्नि गाउयाइं, उक्कोसेण वि तिन्नि गाउयाइं। चउत्थगमए जहन्नेणं गाउयं, उक्कोसेण वि गाउयं। पच्छिमएसु तिसु गमएसु जहन्नेणं तिन्नि गाउयाइं, उक्कोसेण वि तिन्नि गाउयाइं। सेसं तहेव निरवसेसं ९।

११. [प्र०] जइ संखेज्जवासाउयसन्निमणुस्सेहिंतो०? [उ०] एवं संखेज्जवासाउयसन्निमणुस्साणं जहेव असुरकुमारेसु उववज्जमाणाणं तहेव णव गमगा भाणियव्वा। नवरं सोहम्मदेवट्ठितिं संवेहं च जाणेज्जा, सेसं तं चेव ९।

१२. [प्र०] ईसाणदेवा णं भंते! कओहिंतो उववज्जंति? [उ०] ईसाणदेवाणं एस चेव सोहम्मगदेवसरिसा वत्तव्वया। नवरं असंखेज्जवासाउयसन्निपंचिंदियतिरिक्खजोणियस्स जेसु ठाणेसु सोहम्मे उववज्जमाणस्स पलिओवमठिती तेसु ठाणेसु इह सातिरेगं पलिओवमं कायव्वं। चउत्थगमे ओगाहणा–जहन्नेणं धणुपुहत्तं, उक्कोसेणं सातिरेगाइं दो गाउयाइं, सेसं तहेव ९।

१३. असंखेज्जवासाउयसन्निमणुस्सस्स वि तहेव ठिती जहा पंचिंदियतिरिक्खजोणियस्स असंखेज्जवासाउयस्स। ओगाहणा वि जेसु ठाणेसु गाउयं तेसु ठाणेसु इहं सातिरेगं गाउयं, सेसं तहेव ९।

१४. संखेज्जवासाउयाणं तिरिक्खजोणियाणं मणुस्साण य जहेव सोहम्मेसु उववज्जमाणाणं तहेव निरवसेसं णव वि गमगा। नवरं ईसाणठितिं संवेहं च जाणेज्जा ९।

१५. [प्र०] सणंकुमारदेवा णं भंते! कओहिंतो उववज्जंति? [उ०] उववाओ जहा सक्करप्पभापुढविनेरइयाणं। जाव–

१६. [प्र०] पज्जत्तसंखेज्जवासाउयसन्निपंचिंदियतिरिक्खजोणिए णं भंते! जे भविए सणंकुमारदेवेसु उववज्जित्तए०? [उ०] अवसेसा परिमाणादीया भवादेसपज्जवसाणा सच्चेव वत्तव्वया भाणियव्वा जहा सोहम्मे उववज्जमाणस्स। नवरं सणंकुमारट्ठितिं संवेहं च जाणेज्जा। जाहे य अप्पणा जहन्नकालट्ठितीओ भवति ताहे तिसु वि गमएसु पंच लेस्साओ आदिल्लाओ कायव्वाओ, सेसं तं चेव ९।

काळनी स्थितिवाळा सौधर्म देवोमां उत्पन्न थाय? [उ०] सौधर्मकल्पमां उत्पन्न थता असंख्यवर्षना आयुषवाळा संज्ञी पंचेन्द्रिय तिर्यंचयोनिकनी पेठे साते गमको कहेवा. विशेष ए के प्रथमना बे गमकमां शरीरनुं प्रमाण जघन्य एक गाउनुं अने उत्कृष्ट त्रण गाउनुं, त्रीजा गमकमां जघन्य अने उत्कृष्ट त्रण गाउनुं, चोथा गमकमां जघन्य अने उत्कृष्ट एक गाउनुं, अने छेल्ला त्रण गमकोमां जघन्य अने उत्कृष्ट त्रण गाउनुं होय छे. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं (९).

११. [प्र०] हे भगवन्! जो ते संख्याता वर्षना आयुषवाळा संज्ञी मनुष्योथी आवी उत्पन्न थाय–इत्यादि असुरकुमारोमां उत्पन्न थता संख्याता वर्षना आयुषवाळा संज्ञी मनुष्योनी पेठे नवे गमको कहेवा. विशेष ए के अहीं सौधर्मदेवनी स्थिति अने संवेध भिन्न जाणवो. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं (९). संख्यात० सं० मनुष्योनो सौधर्म देवलोकमां उपपात.

१२. [प्र०] हे भगवन्! ईशान देवो क्यांथी आवी उत्पन्न थाय? [उ०] ईशानदेवोनी वक्तव्यता सौधर्मदेवनी पेठे कहेवी. परन्तु जे स्थानोमां असंख्यात वर्षना आयुषवाळा संज्ञी पंचेन्द्रिय तिर्यंचयोनिकनी पल्योपमनी स्थिति कही छे, ते स्थानोमां अहीं कांइक अधिक पल्योपमनी कहेवी. चोथा गमकमां शरीरनुं प्रमाण जघन्य धनुषपृथक्त्व अने उत्कृष्ट कांइक अधिक बे गाउनुं होय छे. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं (९). ईशान देवोनो उपपात.

१३. असंख्याता वर्षना आयुषवाळा संज्ञी मनुष्यनी स्थिति तेमज जाणवी–एटले असंख्यातवर्षना आयुषवाळा पंचेन्द्रियतिर्यंचयोनिकनी पेठे जाणवी. अने जे स्थानोमां शरीरनुं प्रमाण गाउनुं कह्युं छे ते स्थानोमां अहीं साधिक गाउ कहेवुं. बाकी बधुं ते ज प्रमाणे जाणवुं ९.

१४. सौधर्ममां उत्पन्न थनार संख्याता वर्षना आयुषवाळा तिर्यंचयोनिको अने मनुष्यो संबंधे नवे गमको कह्या छे तेम ईशान देवो संबंधे अहीं कहेवा. विशेष ए के अहीं ईशानदेवोनी स्थिति अने संवेध जाणवो (९). संख्यात० संज्ञी० पं० तिर्यंचो अने मनुष्योनो ईशान देवलोकमां उपपात.

१५. [प्र०] हे भगवन्! सनत्कुमारदेवो क्यांथी आवी उत्पन्न थाय छे? [उ०] शर्कराप्रभाना नैरयिको पेठे तेनो उपपात कहेवो. यावत्– सनत्कुमार देवोनो उपपात.

१६. [प्र०] हे भगवन्! संख्याता वर्षना आयुषवाळो पर्याप्त संज्ञी पंचेन्द्रिय तिर्यंचयोनिक, जे सनत्कुमार देवोमां उत्पन्न थवाने योग्य छे ते केटला काळनी स्थितिवाळा सनत्कुमार देवमां उत्पन्न थाय–इत्यादि परिमाणथी मांडी भवादेश सुधीनी बधी वक्तव्यता सौधर्ममां उत्पन्न थनार संख्याता वर्षना आयुषवाळा संज्ञी तिर्यंचनी पेठे कहेवी. विशेष ए के अहीं सनत्कुमारोनी स्थिति अने संवेध जुदो जाणवो. ज्यारे ते पोते जघन्य स्थितिवाळो होय त्यारे त्रणे गमकोमां प्रथमनी पांच लेश्याओ जाणवी. बाकी बधुं ते ज प्रमाणे कहेवुं (९). संख्यात० सं० पं० तिर्यंचनो सनत्कुमारमां उपपात.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१७. [प्र०] जइ मणुस्सेहिंतो उववज्जंति०? [उ०] मणुस्साणं जहेव सक्करप्पभाए उववज्जमाणाणं तहेव णव वि गमा भाणियव्वा। नवरं सणंकुमारट्ठितिं संवेहं च जाणेज्जा ९।

१८. [प्र०] माहिंदगदेवा णं भंते! कओहिंतो उववज्जंति? [उ०] जहा सणंकुमारगदेवाणं वत्तव्वया तहा माहिंदगदेवाणं भाणियव्वा। नवरं माहिंदगदेवाणं ठिती सातिरेगा भाणियव्वा स चेव। एवं बंभलोगदेवाण वि वत्तव्वया। नवरं बंभलोगट्ठितिं संवेहं च जाणेज्जा। एवं जाव-सहस्सारो। णवरं ठितिं संवेहं च जाणेज्जा। लंतगादीणं जहन्नकालट्ठितियस्स तिरिक्खजोणियस्स तिसु वि गमएसु छप्पि लेस्साओ कायव्वाओ। संघयणाइं बंभलोग-लंतएसु पंच आदिल्लगाणि, महासुक्कसहस्सारेसु चत्तारि। तिरिक्खजोणियाण वि मणुस्साण वि, सेसं तं चेव ९।

१९. [प्र०] आणयदेवा णं भंते! कओहिंतो उववज्जंति? [उ०] उववाओ जहा सहस्सारदेवाणं। णवरं तिरिक्खजोणिया खोडेयव्वा, जाव-

२०. [प्र०] पज्जत्तसंखेज्जवासाउयसन्निमणुस्से णं भंते! जे भविए आणयदेवेसु उववज्जित्तए०? [उ०] मणुस्साण य वत्तव्वया जहेव सहस्सारेसु उववज्जमाणाणं। णवरं तिन्नि संघयणाणि, सेसं तहेव जाव-अणुबंधो। भवादेसेणं जहन्नेणं तिन्नि भवग्गहणाइं, उक्कोसेणं सत्त भवग्गहणाइं। कालादेसेणं जहन्नेणं अट्ठारस सागरोवमाइं दोहिं वासपुहत्तेहिं अब्भहियाइं, उक्कोसेणं सत्तावन्नं सागरोवमाइं चउहिं पुव्वकोडीहिं अब्भहियाइं-एवतियं०। एवं सेसा वि अट्ठ गमगा भाणियव्वा। नवरं ठितिं संवेहं च जाणेज्जा, सेसं तं चेव ९। एवं जाव-अच्चुयदेवा, नवरं ठितिं संवेहं च जाणेज्जा ९। चउसु वि संघयणा तिन्नि आणयादीसु।

२१. [प्र०] गेवेज्जगदेवा णं भंते! कओहिंतो उववज्जंति? [उ०] एस चेव वत्तव्वया। नवरं दो संघयणा। ठितिं संवेहं च जाणेज्जा।

२२. [प्र०] विजय-वेजयंत-जयंत-अपराजितदेवा णं भंते! कतोहिंतो उववज्जंति? [उ०] एस चेव वत्तव्वया निर-

मनुष्योनो सनत्कुमारमां उपपात.

१७. [प्र०] जो मनुष्योथी आवी उत्पन्न थाय तो तेने शर्कराप्रभामां उपजता मनुष्योनी पेठे नवे गमको कहेवा. विशेष ए के अहीं सनत्कुमारनी स्थिति अने संवेध जुदो जाणवो (९).

माहेन्द्र देवोनो उपपात.

१८. [प्र०] हे भगवन्! माहेन्द्र देवो क्यांथी आवी उत्पन्न थाय छे? [उ०] जेम सनत्कुमार देवनी वक्तव्यता कही छे तेम माहेन्द्र-देवोनी पण जाणवी. विशेष ए के, माहेन्द्र देवोनी स्थिति सनत्कुमार देवो करतां कांइक वधारे कहेवी. ए प्रमाणे ब्रह्मलोकना देवोनी पण वक्तव्यता कहेवी. विशेष ए के अहीं ब्रह्मलोकनी स्थिति अने संवेध जुदो जाणवो. ए प्रमाणे यावत्-सहस्रार देवलोक सुधी जाणवुं. विशेष ए के अहीं स्थिति अने संवेध जुदो जाणवो. लांतक वगेरे देवलोकमां उत्पन्न थता जघन्यस्थितिवाळा तिर्यंचयोनिकने त्रणे गमकोमां छ ए लेश्याओ जाणवी. ब्रह्मलोक अने लांतकमां प्रथमना पांच संघयण होय छे, अर्थात् आदिना पांच सुधीना संघयणवाळा त्यां उत्पन्न थाय छे. महाशुक्र अने सहस्रारमां प्रथमना चार संघयणवाळा उपजे छे. आ वक्तव्यता तिर्यंचो अने मनुष्योने आश्रयी जाणवी. बाकी बधुं ते ज प्रमाणे कहेवुं (९).

आनत देवोनो उपपात.

१९. [प्र०] हे भगवन्! आनत देवो क्यांथी आवी उत्पन्न थाय? [उ०] सहस्रार देवोनी पेठे उपपात कहेवो. विशेष ए के अहीं तिर्यंचयोनिकोनो निषेध करवो. अर्थात् तेओ अहिं उपजता नथी. यावत्-

२०. [प्र०] हे भगवन्! संख्याता वर्षना आयुषवाळो पर्याप्त संज्ञी मनुष्य, जे आनतदेवोमां उत्पन्न थवाने योग्य छे ते केटला काळनी स्थितिवाळा आनत देवोमां उत्पन्न थाय-इत्यादि प्रश्न. [उ०] सहस्रारदेवोमां उत्पन्न थनार मनुष्योनी वक्तव्यता अहीं कहेवी. विशेष ए के प्रथमना त्रण संघयणो अहिं कहेवा. अर्थात्-प्रथमना त्रण संघयणवाळा अहिं उपजे छे. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे यावत्-अनुबंध सुधी जाणवुं. भवादेशथी जघन्य त्रण भव अने उत्कृष्ट सात भव तथा काळादेशथी जघन्य बे वर्षपृथक्त्व अधिक अढार सागरोपम अने उत्कृष्ट चारपूर्वकोटी अधिक सत्तावन सागरोपम-एटलो काळ यावत्-गतिआगति करे. ए प्रमाणे बाकीना आठ गमको कहेवा. विशेष ए के अहीं स्थिति अने संवेध भिन्न जाणवो. तथा बाकी बधुं तेज प्रमाणे कहेवुं (९). ए प्रमाणे यावत्-अच्युतदेव सुधी जाणवुं. पण विशेष ए के पोतपोतानी स्थिति अने संवेध भिन्न जाणवा. आनतादि चारे स्वर्गोमां प्रथमना त्रण संघयणवाळा उपजे छे.

ग्रैवेयकोनो उपपात.

२१. [प्र०] हे भगवन्! ग्रैवेयक देवो क्यांथी आवी उत्पन्न थाय-इत्यादि पूर्वोक्त वक्तव्यता कहेवी. विशेष ए के अहीं प्रथमना बे संघयणवाळा उपजे छे. तथा पोतानी स्थिति अने संवेध जुदो जाणवो.

विजयादिमां उपपात.

२२. [प्र०] हे भगवन्! विजय, वैजयंत, जयंत अने अपराजित देवो क्यांथी आवी उत्पन्न थाय छे-इत्यादि पूर्वोक्त बधी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वसेसा, जाव–'अणुबंधो'त्ति । नवरं पढमं संघयणं, सेसं तहेव । भवादेसेणं जहन्नेणं तिन्नि भवग्गहणाइं, उक्कोसेणं पंच भव-ग्गहणाइं । कालादेसेणं जहन्नेणं एक्कतीसं सागरोवमाइं दोहिं वासपुहत्तेहिं अब्भहियाइं, उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं तिहिं पुव्वकोडीहिं अब्भहियाइं–एवतियं० । एवं सेसा वि अट्ठ गमगा भाणियव्वा । नवरं ठितिं संवेहं च जाणेज्जा । मणूसे लद्धी णवसु वि गमएसु जहा गेवेज्जेसु उववज्जमाणस्स । नवरं पढमसंघयणं ।

२३. [प्र०] सव्वट्ठगसिद्धगदेवा णं भंते ! कओहिंतो उववज्जंति ? [उ०] उववाओ जहेव विजयादीणं । जाव–

२४. [प्र०] से णं भंते ! केवतिकालट्ठितिएसु उववज्जेज्जा ? [उ०] गोयमा ! जहन्नेणं तेत्तीसंसागरोवमट्ठितिएसु, उक्कोसेण वि तेत्तीससागरोवमट्ठितिएसु उववज्जंति, अवसेसा जहा विजयाईसु उववज्जंताणं । नवरं भवादेसेणं तिन्नि भग-ग्गहणाइं, कालादेसेणं जहन्नेणं तेत्तीसं सागरोवमाइं दोहिं वासपुहत्तेहिं अब्भहियाइं, उक्कोसेण वि तेत्तीसं सागरोवमाइं दोहिं पुव्वकोडीहिं अब्भहियाइं–एवतियं० १ ।

२५. सो चेव अप्पणा जहन्नकालट्ठितिओ जाओ एस वत्तव्वया । नवरं ओगाहणाठितीओ रयणिपुहत्त–वासपुहत्ताणि, सेसं तहेव, संवेहं च जाणेज्जा २ ।

२६. सो चेव अप्पणा उक्कोसकालट्ठितिओ जाओ, एस चेव वत्तव्वया । नवरं ओगाहणा जहन्नेणं पंच धणुसयाइं, उक्को-स्सेणं पंचधणुसयाइं । ठिती जहन्नेणं पुव्वकोडी, उक्कोसेण वि पुव्वकोडी, सेसं तहेव जाव–'भवादेसो'त्ति । कालादेसेणं जहन्नेणं तेत्तीसं सागरोवमाइं दोहिं पुव्वकोडीहिं अब्भहियाइं, उक्कोसेण वि तेत्तीसं सागरोवमाइं, दोहि वि पुव्वकोडीहिं अब्भहियाइं –एवतियं कालं सेवेज्जा, एवतियं कालं गतिरागतिं करेज्जा ३ । एते तिन्नि गमगा सव्वट्ठसिद्धगदेवाणं । 'सेवं भंते ! सेवं भंते' ! त्ति भगवं गोयमे जाव–विहरइ ।

चउवीसतिमे सए चउवीसइमो उद्देसो समत्तो ।

## चउवीसतिमं सयं समत्तं ।

वक्तव्यता यावत्–अनुबंध सुधी कहेवी. विशेष ए के अहीं प्रथम संघयणवाळा उपजे छे, बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं. भवादेशथी जघन्य त्रण भव अने उत्कृष्ट पांच भव सुधी तथा काळादेशथी जघन्य बे वर्षपृथक्त्व अधिक एकत्रीश सागरोपम अने उत्कृष्ट त्रण पूर्वकोटी अधिक छासठ सागरोपम–एटलो काळ यावत्—गमनागमन करे. ए प्रमाणे बाकीना आठे गमको कहेवा. विशेष ए के पोतानी स्थिति अने संवेध भिन्न भिन्न जाणवो. मनुष्यने नवे गमकोमां ग्रैवेयकमां उत्पन्न थनार मनुष्यनी पेठे लब्धि—उत्पत्ति कहेवी. विशेष ए के त्यां [ विजयादिमां ] प्रथम संघयणवाळो उपजे छे.

२३. [प्र०] हे भगवन् ! सर्वार्थसिद्धना देवो क्यांथी आवी उत्पन्न थाय छे ? [उ०] हे गौतम ! तेओनो उपपात विजयादिकनी पेठे कहेवो. अने ते यावत्— सर्वार्थसिद्ध देवोमां उपपात.

२४. [प्र०] हे भगवन् ! ते (संज्ञी मनुष्यो) केटला काळ सुधीनी स्थितिवाळा सर्वार्थसिद्ध देवोमां उत्पन्न थाय ? [उ०] हे गौतम ! तेओ जघन्य अने उत्कृष्ट तेत्रीश सागरोपमनी स्थितिवाळा सर्वार्थसिद्ध देवोमां उत्पन्न थाय. ए संबंधे बीजी बधी वक्तव्यता विजयादिकमां उत्पन्न थता मनुष्यनी पेठे कहेवी. विशेष ए के भवादेशथी त्रण भव अने काळादेशथी जघन्य बे वर्षपृथक्त्व अधिक तेत्रीश सागरोपम तथा उत्कृष्ट बे पूर्वकोटी अधिक तेत्रीश सागरोपम–एटलो काळ यावत्–गतिआगति करे.

२५. जो ते (संज्ञी पं० मनुष्य) पोते जघन्य काळनी स्थितिवाळो होय तो तेने पण ए ज पूर्वोक्त वक्तव्यता कहेवी. विशेष ए के शरीरनुं प्रमाण बेथी नव हाथ, अने स्थिति बेथी नव वर्ष सुधीनी जाणवी. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे कहेवुं. तथा अहीं स्थिति अने संवेध भिन्न जाणवो. ज० संज्ञी मनुष्यनो सर्वार्थसिद्ध देवोमां उपपात.

२६. जो ते (संज्ञी मनुष्य) पोते उत्कृष्टकाळनी स्थितिवाळो होय तो तेने ए ज पूर्वोक्त वक्तव्यता कहेवी. विशेष ए के शरीरनुं प्रमाण जघन्य अने उत्कृष्ट पांचसो धनुषनुं तथा स्थिति जघन्य अने उत्कृष्ट पूर्वकोटीनी होय छे. बाकी बधुं पूर्व प्रमाणे यावत्–भवादेश सुधी जाणवुं. काळादेशथी जघन्य अने उत्कृष्ट बे पूर्वकोटी अधिक तेत्रीश सागरोपम–एटलो काळ यावत्–गमनागमन करे. सर्वार्थसिद्ध देवोने आ त्रण गमको ज होय छे. 'हे भगवन् ! ते एम ज छे, हे भगवन् ! ते एम ज छे'–एम कही भगवान् गौतम यावत्–विहरे छे. उ० संज्ञी मनुष्यनो सर्वार्थसिद्धमां उपपात.

चोवीशमा शतकमां चोवीशमो उद्देशक समाप्त.

## चोवीशमुं शतक समाप्त.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# पंचवीसतिमं सयं ।

**१ लेसा य २ दव्व ३ संठाण ४ जुम्म ५ पज्जव ६ नियंठ, ७ समणा य ।**
**८ ओहे ९-१० भवियाभविए ११ सम्मा १२ मिच्छे य उद्देसा ॥**

## पढमो उद्देसो ।

**१. [प्र०] तेणं कालेणं तेणं समएणं रायगिहे जाव-एवं वयासी-कति णं भंते ! लेस्साओ पन्नत्ताओ ? [उ०] गोयमा ! छल्लेसाओ पन्नत्ताओ, तंजहा-कण्हलेसा-जहा पढमसए बितिए उद्देसए तहेव लेस्साविभागो । अप्पाबहुगं च जाव-'चउव्विहाणं देवाणं चउव्विहाणं देवीणं. मीसगं अप्पाबहुगंति ।**

**२. [प्र०] कतिविहा णं भंते ! संसारसमावन्नगा जीवा पन्नत्ता ? [उ०] गोयमा ! चोद्दसविहा संसारसमावन्नगा जीवा पन्नत्ता, तंजहा-१ सुहुमअपज्जत्तगा, २ सुहुमपज्जत्तगा, ३ बादरअपज्जत्तगा, ४ बादरपज्जत्तगा, ५ बेइंदिया अपज्जत्तगा, ६ बेइंदिया पज्जत्तगा, ७-८ एवं तेइंदिया, ९-१० एवं चउरिंदिया, ११ असन्निपंचिंदिया अपज्जत्तगा, १२ असन्निपंचिंदिया पज्जत्तगा, १३ सन्निपंचिंदिया अपज्जत्तगा, १४ सन्निपंचिंदिया पज्जत्तगा ।**

# पचीशमुं शतक.

[उद्देशकार्थसंग्रह-] १ लेश्या वगेरे संबन्धे प्रथम उद्देशक, २ द्रव्य विषे बीजो उद्देशक, ३ संस्थान वगेरे संबन्धे त्रीजो उद्देशक, ४ युग्म-कृतयुग्मादि राशि संबन्धे चोथो उद्देशक, ५ पर्यवादि संबन्धे पांचमो उद्देशक, ६ पुलाकादि निर्ग्रन्थ विषे छट्ठो उद्देशक, ७ श्रमणो संबंधे सातमो उद्देशक, ८ ओघ—सामान्य नारकादिनी उत्पत्ति विषे आठमो उद्देशक, ९ भव्य नारकादि संबन्धे नवमो उद्देशक, १० अभव्य नारकादि संबन्धे दशमो उद्देशक, ११ सम्यग्दृष्टि नारकादि संबन्धे अगियारमो उद्देशक अने १२ मिथ्यादृष्टि नारकादि संबन्धे बारमो उद्देशक—ए प्रमाणे पचीशमा शतकने विषे आ बार उद्देशको कहेवाना छे.

## प्रथम उद्देशक.

लेश्या.

१. [प्र०] ते काळे अने ते समये राजगृह नगरमां [भगवान् गौतम] यावत्—आ प्रमाणे बोल्या—हे भगवन् ! केटली लेश्याओ कही छे ? [उ०] हे गौतम ! छ लेश्याओ कहीं छे, ते आ प्रमाणे—कृष्णलेश्या—इत्यादि *प्रथम शतकना बीजा उद्देशकमां कह्या प्रमाणे लेश्याओनो विभाग अने तेनुं अल्पबहुत्व यावत्-चार प्रकारना देवो अने चार प्रकारनी देवीओना †मिश्र अल्पबहुत्व सुधी कहेवुं.

संसारी जीवना चौद भेद.

२. [प्र०] हे भगवन् ! संसारी जीवो केटला प्रकारना कह्या छे ? [उ०] हे गौतम ! संसारी जीवो चौद प्रकारना कह्या छे, ते आ प्रमाणे-१ अपर्याप्त सूक्ष्म एकेन्द्रिय, २ पर्याप्त सूक्ष्म एकेन्द्रिय, ३ अपर्याप्त बादर एकेन्द्रिय, ४ पर्याप्त बादर एकेन्द्रिय, ५ अपर्याप्त बेइन्द्रिय, ६ पर्याप्त बेइन्द्रिय, ७-८ ए प्रमाणे पर्याप्त अने अपर्याप्त तेइन्द्रिय, ९-१० पर्याप्त अने अपर्याप्त चउरिन्द्रिय, ११ अपर्याप्त असंज्ञी पंचेन्द्रिय, १२ पर्याप्त असंज्ञी पंचेन्द्रिय, १३ अपर्याप्त संज्ञी पंचेन्द्रिय अने १४ पर्याप्त संज्ञी पंचेन्द्रिय.

१ * भग० खं० १ श० १ उ० २ पृ० १०४.
† जुओ-प्रज्ञा० पद १७ उ० २ प० ३४३—३४९.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. [प्र०] एतेसि णं भंते ! चोद्दसविहाणं संसारसमावन्नगाणं जीवाणं जहन्नुक्कोसगस्स जोगस्स कयरे कयरे० जाव–विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवे सुहुमस्स अपज्जत्तगस्स जहन्नए जोए १, बादरस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे २, बेंदियस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे ३, एवं तेइंदियस्स ४, एवं चउरिंदियस्स ५, असन्निस्स पंचिंदियस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे ६, सन्निस्स पंचिंदियस्स अपज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे ७, सुहुमस्स पज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे ८, बादरस्स पज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे ९, सुहुमस्स अपज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे १०, बादरस्स अपज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे ११, सुहुमस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे १२, बादरस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे १३, बेंदियस्स पज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे १४, एवं तेंदियस्स० १५, एवं जाव–सन्निपंचिंदियस्स पज्जत्तगस्स जहन्नए जोए असंखेज्जगुणे १८, बेंदियस्स अपज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे १९, एवं तेंदियस्स वि २०, एवं चउरिंदियस्स वि २१, एवं जाव–सन्निपंचिंदियस्स अपज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे २३, बेंदियस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे २४, एवं तेइंदियस्स वि पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे २५, चउरिंदियस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे २६, असन्निपंचिंदियस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे २७, एवं सन्निपंचिंदियस्स पज्जत्तगस्स उक्कोसए जोए असंखेज्जगुणे २८।

३. [प्र०] हे भगवन् ! ए चौद प्रकारना संसारी जीवोना जघन्य अने उत्कृष्ट योगने *आश्रयी कया जीवो कोनाथी यावत्–विशेषाधिक छे ? [उ०] हे गौतम ! सूक्ष्म अपर्याप्त जीवनो जघन्य योग सौथी थोडो छे १. तेथी बादर अपर्याप्त जीवनो जघन्य योग असंख्य गुण छे २. तेथी बेइन्द्रिय अपर्याप्तनो जघन्य योग असंख्यातगुण छे ३. तेथी तेइन्द्रिय अपर्याप्तनो जघन्य योग असंख्यात गुण छे ४. तेथी चउरिन्द्रिय अपर्याप्तनो जघन्य योग असंख्यात गुण छे ५. तेथी अपर्याप्त असंज्ञी पंचेन्द्रियनो जघन्य योग असंख्यातगुण छे ६. तेथी अपर्याप्त संज्ञी पंचेन्द्रियनो जघन्य योग असंख्यात गुण छे ७. तेथी पर्याप्त सूक्ष्म एकेन्द्रियनो जघन्य योग असंख्यात गुण छे ८. तेथी पर्याप्त बादर एकेन्द्रियनो जघन्य योग असंख्यात गुण छे ९. तेथी अपर्याप्त सूक्ष्म एकेन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे १०. तेथी अपर्याप्त बादर एकेन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे. ११. तेथी पर्याप्त सूक्ष्म एकेन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे १२. तेथी पर्याप्त बादर एकेन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे १३. तेथी पर्याप्त बेइन्द्रियनो जघन्य योग असंख्यात गुण छे १४. ए प्रमाणे पर्याप्त तेइन्द्रिय, यावत्–पर्याप्त संज्ञी पंचेन्द्रियनो जघन्य योग ( उत्तरोत्तर ) असंख्यात गुण छे १५–१८. तेथी अपर्याप्त बेइन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे १९. ए प्रमाणे अपर्याप्त तेइन्द्रिय, चउरिन्द्रिय, यावत्–संज्ञी पंचेन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे २०–२३. तेथी पर्याप्त बेइन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे २४. ए प्रमाणे अपर्याप्त तेइन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे २५. तेथी पर्याप्त चउरिन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे २६. तेथी पर्याप्त असंज्ञी पंचेन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे २७. अने तेथी पर्याप्त संज्ञी पंचेन्द्रियनो उत्कृष्ट योग असंख्यात गुण छे २८. योगनुं अल्पबहुत्व.

* आत्मप्रदेशना परिस्पन्दन के कंपनने योग कहे छे. ते योग वीर्यान्तरायकर्मना क्षयोपशमादिनी विचित्रताथी अनेकविध होय छे. कोइ जीवने आश्रयी अल्प योग होय छे अने तेज बीजा जीवनी अपेक्षाए उत्कृष्ट होय छे. तेना चौद जीवस्थानकोने आश्रयी प्रत्येकना जघन्य अने उत्कृष्ट भेद गणतां अठ्यावीश प्रकार थाय छे. आ सूत्रमां तेना अल्पबहुत्वनुं कथन छे. तेमां सूक्ष्म अपर्याप्त एकेन्द्रियनो जघन्य योग सौथी अल्प होय छे. कारण के तेओनुं शरीर सूक्ष्म होवाथी अने अपर्याप्त होवाने लीधे अपूर्ण होवाथी बीजा बधा योगो करतां तेनो योग सौथी थोडो छे अने ते कार्मणशरीर द्वारा औदारिक पुद्गलो ग्रहण करवाना प्रथम समये होय छे अने पछी समये समये योगनी वृद्धि थाय छे अने ते उत्कृष्ट योगपर्यन्त वधे छे.

जघन्य अने उत्कृष्ट योगनुं अल्पबहुत्व.

| १ | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ | ९ | १० | ११ | १२ | १३ | १४ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| सूक्ष्म एकेन्द्रिय अपर्याप्त | सूक्ष्म एकेन्द्रिय पर्याप्त | बादर एकेन्द्रिय अपर्याप्त | बादर एकेन्द्रिय पर्याप्त | बेइन्द्रिय अपर्याप्त | बेइन्द्रिय पर्याप्त | तेइन्द्रिय अपर्याप्त | तेइन्द्रिय पर्याप्त | चउरिन्द्रिय अपर्याप्त | चउरिन्द्रिय पर्याप्त | असंज्ञी पंचेन्द्रिय अपर्याप्त | असंज्ञी पंचेन्द्रिय पर्याप्त | संज्ञी पंचेन्द्रिय अपर्याप्त | संज्ञी पंचेन्द्रिय पर्याप्त |
| जघन्य १ | जघन्य ८ | जघन्य २ | जघन्य ९ | जघन्य ३ | जघन्य १४ | जघन्य ४ | जघन्य १५ | जघन्य ५ | जघन्य १६ | जघन्य ६ | जघन्य १७ | जघन्य ७ | जघन्य १८ |
| उत्कृष्ट १० | उत्कृष्ट १२ | उत्कृष्ट ११ | उत्कृष्ट १३ | उत्कृष्ट १९ | उत्कृष्ट २४ | उत्कृष्ट २० | उत्कृष्ट २५ | उत्कृष्ट २१ | उत्कृष्ट २६ | उत्कृष्ट २२ | उत्कृष्ट २७ | उत्कृष्ट २३ | उत्कृष्ट २८ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. [प्र०] दो भंते! नेरतिया पढमसमयोववन्नगा किं समजोगी, किं विसमजोगी? [उ०] गोयमा! सिय समजोगी, सिय विसमजोगी। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चति-'सिय समजोगी, सिय विसमजोगी'? [उ०] गोयमा! आहारयाओ वा से अणाहारए, अणाहारयाओ वा से आहारए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए। जइ हीणे असंखेज्जइभागहीणे वा, संखेज्जइभागहीणे वा, असंखेज्जगुणहीणे वा, संखेज्जगुणहीणे वा। अह अब्भहिए असंखेज्जइभागमब्भहिए वा, संखेज्जइभागमब्भहिए वा, संखेज्जगुणमब्भहिए वा, असंखेज्जगुणमब्भहिए वा, से तेणट्ठेणं जाव-सिय 'विसमजोगी'। एवं जाव-वेमाणियाणं।

५. [प्र०] कतिविहे णं भंते! जोए पन्नत्ते? [उ०] गोयमा! पन्नरसविहे जोए पन्नत्ते, तंजहा-सच्चमणजोए १, मोसमणजोए २, सच्चामोसमणजोए ३, असच्चामोसमणजोए ४, सच्चवइजोए ५, मोसवइजोए ६, सच्चामोसवइजोए ७, असच्चामोसवइजोए ८, ओरालियसरीरकायजोए ९, ओरालियमीसासरीरकायजोए १०, वेउव्वियसरीरकायजोए ११, वेउव्वियमीसासरीरकायजोगे १२, आहारगसरीरकायजोगे १३, आहारगमीसासरीरकायजोगे १४, कम्मासरीरकायजोगे १५।

६. [प्र०] एयस्स णं भंते! पन्नरसविहस्स जहन्नुक्कोसगस्स कयरे कयरे० जाव-विसेसाहिया वा? [उ०] गोयमा! सव्वत्थोवे कम्मगसरीरगस्स जहन्नएजोए १, ओरालियमीसगस्स जहन्नए जोए असंखेज्जगुणे २, वेउव्वियमीसगस्स जहन्नए जोए असंखेज्जगुणे ३, ओरालियसरीरगस्स जहन्नए जोए असंखेज्जगुणे ४, वेउव्वियसरीरस्स जहन्नए जोए असंखेज्जगुणे ५, कम्मगसरीरस्स उक्कोसए जोए असंखेज्जगुणे ६, आहारगमीसस्स जहन्नए जोए असंखेज्जगुणे ७, तस्स चेव उक्कोसए जोए असंखेज्जगुणे ८, ओरालियमीसगस्स, वेउव्वियमीसगस्स य एएसि णं उक्कोसए जोए दोण्हवि तुल्ले असंखेज्जगुणे ९-१०, असच्चामोसमणजोगस्स जहन्नए जोए असंखेज्जगुणे ११, आहारगसरीरस्स जहन्नए जोए असंखेज्जगुणे १२, तिविहस्स मणजोगस्स चउ-

प्रथम समयमां उत्पन्न थयेला बे नैरयिकने आश्रयी योग.

४. [प्र०] हे भगवन्! प्रथम समये उत्पन्न थयेला बे नैरयिको समान योगवाळा होय के विषम योगवाळा होय? [उ०] हे गौतम! तेओ कदाच समान योगवाळा होय अने कदाच विषम योगवाळा पण होय. [प्र०] हे भगवन्! शा हेतुथी एम कहेवाय छे के तेओ कदाच समान योगवाळा होय अने कदाच विषम योगवाळा होय? [उ०] हे गौतम! *आहारक नारकथी अनाहारक नारक अने अनाहारकथी आहारक नारक कदाच हीन योगवाळो, कदाच तुल्य योगवाळो अने कदाच अधिक योगवाळो होय. अर्थात् आहारक नारकथी अनाहारक नारक हीन योगवाळो, अनाहारकथी आहारक नारक अधिक योगवाळो, अने बन्ने आहारक के बन्ने अनाहारक नारको परस्पर तुल्य योगवाळा होय. जो ते हीनयोगवाळो होय तो ते असंख्यातमा भाग हीन, संख्यातमा भाग हीन, संख्यातगुण हीन के असंख्यात गुण हीन होय. जो अधिक योगवाळो होय तो असंख्यातमा भाग अधिक, संख्यातमा भाग अधिक, संख्यात गुण अधिक के असंख्यात गुण अधिक होय छे. ते कारणथी यावत्-ते कदाच विषम योगवाळो पण होय. ए प्रमाणे वैमानिको सुधी जाणवुं.

योगना प्रकार.

५. [प्र०] हे भगवन्! केटला प्रकारनो योग कह्यो छे? [उ०] हे गौतम! पंदर प्रकारनो योग कह्यो छे, ते आ प्रमाणे— १ सत्य मनोयोग, २ मृषा मनोयोग, ३ सत्यमृषा मनोयोग, ४ असत्यामृषा मनोयोग, ५ सत्य वचनयोग, ६ असत्य वचनयोग, ७ सत्यमृषा वचनयोग, ८ असत्यामृषा वचनयोग, ९ औदारिकशरीरकाययोग, १० औदारिकमिश्रशरीरकाययोग, ११ वैक्रिय शरीरकाययोग, १२ वैक्रियमिश्रशरीरकाययोग, १३ आहारकशरीरकाययोग, १४ आहारकमिश्रशरीरकाययोग अने १५ कार्मणशरीरकाययोग.

योगनुं अल्पबहुत्व.

६. [प्र०] हे भगवन्! जघन्य अने उत्कृष्ट पंदर प्रकारना योगमां कयो योग कोनाथी यावत्-विशेषाधिक छे? [उ०] हे गौतम! कार्मण शरीरनो जघन्य योग सौथी अल्प छे १, तेथी औदारिकमिश्रनो जघन्य योग असंख्यात गुण छे २, तेथी वैक्रियमिश्रनो जघन्य योग असंख्यात गुण छे ३, तेथी औदारिक शरीरनो जघन्य योग असंख्यात गुण छे ४, तेथी वैक्रिय शरीरनो जघन्य योग असंख्यात गुण छे ५, तेथी कार्मण शरीरनो उत्कृष्ट योग असंख्यात गुण छे ६, तेथी आहारकमिश्रनो जघन्य योग्य असंख्यातगुण छे ७, तेथी आहारकशरीरनो उत्कृष्ट योग असंख्यात गुण छे ८, तेथी औदारिकमिश्र अने वैक्रियमिश्रनो उत्कृष्ट योग असंख्यात गुण अने परस्पर समान छे ९-१०, तेथी असत्यामृषा मनोयोगनो जघन्य योग असंख्यातगुण छे ११, तेथी आहारक शरीरनो जघन्य योग असंख्यातगुण छे,

---

४ * आहारक नारकनी अपेक्षाए अनाहारक नारक हीन योगवाळो होय छे, कारण के जे नारक ऋजु गतिथी आवीने आहारकपणे उत्पन्न थाय छे, ते निरन्तर आहारक होवाने लीधे पुद्गलोथी उपचित होय छे तेथी ते अधिक योगवाळो होय छे. जे नारक विग्रह गतिवडे अनाहारक पणे उत्पन्न थाय छे ते अनाहारक होवाथी पुद्गलोथी अनुपचित होवाने लीधे हीन योगवाळो होय छे. जेओ समान समयनी विग्रह गतिथी अनाहारकपणे उत्पन्न थाय, अथवा ऋजुगतिथी आवीने आहारकपणे उत्पन्न थाय ते बन्ने एक बीजानी अपेक्षाए समानयोगवाळा होय छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विहस्स वयजोगस्स–एएसि णं सत्तण्ह वि तुल्ले जहन्नए जोए असंखेज्जगुणे १३–१९, आहारगसरीरस्स उक्कोसए जोए असंखेज्जगुणे २०, ओरालियसरीरस्स, वेउव्वियसरीरस्स, चउव्विहस्स य मणजोगस्स, चउव्विहस्स य वइजोगस्स—एएसि णं दसण्ह वि तुल्ले उक्कोसए जोए असंखेज्जगुणे २१–३०। 'सेवं भंते! सेवं भंते' ! त्ति।

पणवीसइमे सए पढमो उद्देसो समत्तो।

१२, तेथी त्रण प्रकारना मनोयोग अने चार प्रकारना वचनयोग–ए सातनो जघन्य योग असंख्यातगुण अने परस्पर तुल्य होय छे १३–१९, तेथी आहारक शरीरनो उत्कृष्ट योग असंख्यातगुण होय छे २०, तेथी औदारिक शरीर, वैक्रियशरीर, चार प्रकारना मनोयोग अने चार प्रकारना वचनयोग–ए दसनो उत्कृष्ट योग असंख्यातगुण अने परस्पर तुल्य होय छे २१–३०. 'हे भगवन्! ते एमज छे, हे भगवन्! ते एमज छे.'।

पचीशमा शतकमां प्रथम उद्देशक समाप्त.

---

## बीओ उद्देसो।

१. [प्र०] कतिविहा णं भंते! दव्वा पन्नत्ता? [उ०] गोयमा! दुविहा दव्वा पन्नत्ता, तंजहा–जीवदव्वा य अजीवदव्वा य।

२. [प्र०] अजीवदव्वा णं भंते! कतिविहा पन्नत्ता? [उ०] गोयमा! दुविहा पन्नत्ता, तंजहा–रूविअजीवदव्वा य अरूविअजीवदव्वा य। एवं एएणं अभिलावेणं जहा अजीवपज्जवा, जाव–से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–'ते णं नो संखेज्जा, नो असंखेज्जा, अणंता'।

३. [प्र०] जीवदव्वा णं भंते! किं संखेज्जा, असंखेज्जा, अणंता? [उ०] गोयमा! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता। [प्र०] केणट्ठेणं भंते! एवं वुच्चइ–'जीवदव्वा णं नो संखेज्जा, नो असंखेज्जा, अणंता'? [उ०] गोयमा! असंखेज्जा नेरइया, जाव–असंखेज्जा वाउक्काइया, अणंता वणस्सइकाइया, असंखेज्जा बेंदिया, एवं जाव–वेमाणिया, अणंता सिद्धा, से तेणट्ठेणं जाव–'अणंता'।

४. [प्र०] जीवदव्वाणं भंते! अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, अजीवदव्वाणं जीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति? [उ०] गोयमा! जीवदव्वाणं अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, नो अजीवदव्वाणं जीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चइ–जाव–'हव्वमागच्छंति'? [उ०] गोयमा! जीवदव्वा णं अजीवदव्वे परियादि-

## द्वितीय उद्देशक.

१. [प्र०] हे भगवन्! द्रव्यो केटलां प्रकारनां कह्यां छे? [उ०] हे गौतम! द्रव्यो बे प्रकारनां कह्यां छे. ते आ प्रमाणे–जीवद्रव्य अने अजीवद्रव्य. (द्रव्यना प्रकार.)

२. [प्र०] हे भगवन्! अजीवद्रव्यो केटलां प्रकारनां कह्यां छे? [उ०] हे गौतम! ते बे प्रकारनां कह्यां छे. ते आ प्रमाणे—रूपी अजीवद्रव्यो अने अरूपी अजीवद्रव्यो, ए प्रमाणे ए सूत्रपाठवडे जेम [ *प्रज्ञापना सूत्रना विशेष नामना पांचमा ] पदमां अजीवपर्यवो संबन्धे कहुं छे तेम अहिं अजीव द्रव्यसंबंधे यावत्–'हे गौतम! ते कारणथी एम कहुं छे के, ते [ अजीव द्रव्य ] संख्याता नथी, असंख्याता नथी, पण अनंत छे' त्यां सुधी कहेवुं. (अजीव द्रव्योना प्रकार.)

३. [प्र०] हे भगवन्! शुं जीवद्रव्यो संख्याता छे, असंख्याता छे के अनंत छे? [उ०] हे गौतम! जीवो संख्याता नथी, असंख्याता नथी, पण अनंत छे. [प्र०] हे भगवन्! शा हेतुथी एम कहेवाय छे के 'जीवद्रव्यो संख्याता नथी, असंख्याता नथी, पण अनंत छे'? [उ०] हे गौतम! नैरयिको असंख्य छे, यावत्–वायुकायिक असंख्य छे, वनस्पतिकायिको अनंत छे, बेइंद्रियो अने ए प्रमाणे यावत्–वैमानिको असंख्याता छे, तथा सिद्धो अनंत छे. माटे ते हेतुथी जीवो यावत्—अनंत छे. (जीवद्रव्यनी संख्या. जीवद्रव्यो अनंत होवानुं कारण?)

४. [प्र०] हे भगवन्! अजीवद्रव्यो जीवद्रव्योना परिभोगमां तुरत आवे के जीवद्रव्यो अजीवद्रव्योना परिभोगमां तुरत आवे? [उ०] हे गौतम! अजीवद्रव्यो जीवद्रव्योना परिभोगमां तुरत आवे पण जीवद्रव्यो अजीवद्रव्योना परिभोगमां तुरत आवतां नथी† [प्र०] हे भगवन्! शा हेतुथी एम कहो छो के यावत्–'जीवद्रव्यो अजीवद्रव्योना परिभोगमां यावत्–तुरत आवता नथी'? [उ०] हे गौतम! (अजीवद्रव्योनो परिभोग.)

---

३ * जुओ—प्रज्ञा० पद ५ प० १९६.

४ † जीवद्रव्यो सचेतन होवाथी अजीवद्रव्योने ग्रहण करी तेनो शरीरादिरूपे परिभोग करे छे, माटे ते परिभोक्ता छे, अने अजीवद्रव्यो अचेतन होवाथी ग्रहण योग्य छे माटे ते भोग्य छे.



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

यंति, अजीवदव्वे परियादिइत्ता ओरालियं वेउव्वियं आहारगं तेयगं कम्मगं, सोइंदियं जाव-फासिंदियं, मणजोगं वइजोगं कायजोगं, आणापाणुत्तं च निव्वत्तयंति, से तेणट्ठेणं जाव-'हव्वमागच्छंति'।

५. [प्र०] नेरतियाणं भंते! अजीवदव्वा परिभोगत्ताए हव्वमागच्छंति, अजीवदव्वाणं नेरतिया परिभोगत्ताए० ? [उ०] गोयमा! नेरतियाणं अजीवदव्वा जाव-हव्वमागच्छंति, नो अजीवदव्वाणं नेरतिया हव्वमागच्छंति। [प्र०] से केणट्ठेणं० ? [उ०] गोयमा! नेरतिया अजीवदव्वे परियादियंति, अ० २ परियादिइत्ता वेउव्विय-तेयग-कम्मगं सोइंदियं० जाव-फासिंदियं आणापाणुत्तं च निव्वत्तयंति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-एवं जाव-वेमाणिया। नवरं सरीरइंदियजोगा भाणियव्वा जस्स जे अत्थि।

६. [प्र०] से नूणं भंते! असंखेज्जे लोए अणंताइं दव्वाइं आगासे भइयव्वाइं ? [उ०] हंता गोयमा! असंखेज्जे लोए जाव-भइयव्वाइं।

७. [प्र०] लोगस्स णं भंते! एगंमि आगासपएसे कतिदिसिं पोग्गला चिज्जंति ? [उ०] गोयमा! निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउदिसिं, सिय पंचदिसिं।

८. [प्र०] लोगस्स णं भंते! एगंमि आगासपएसे कतिदिसिं पोग्गला छिज्जंति ? [उ०] एवं चेव, एवं उवचिज्जंति, एवं अवचिज्जंति।

९. [प्र०] जीवे णं भंते! जाइं दव्वाइं ओरालियसरीरत्ताए गेण्हइ ताइं किं ठियाइं गेण्हइ, अठियाइं गेण्हइ ? [उ०] गोयमा! ठियाइं पि गेण्हइ, अठियाइं पि गेण्हइ।

१० [प्र०] ताइं भंते! किं दव्वओ गेण्हइ, खेत्तओ गेण्हइ, कालओ गेण्हइ, भावओ गेण्हइ ? [उ०] गोयमा! दव्वओ वि गेण्हइ, खेत्तओ वि गेण्हइ, कालओ वि गेण्हइ, भावओ वि गेण्हइ। ताइं दव्वओ अणंतपएसियाइं दव्वाइं, खेत्तओ असं-

जीवद्रव्यो अजीवद्रव्योने ग्रहण करे छे अने ग्रहण करी तेने औदारिक, वैक्रिय, आहारक, तैजस, अने कार्मण-ए पांच शरीररूपे, श्रोत्रेंद्रिय, यावत्-स्पर्शेन्द्रिय-ए पांच इन्द्रियपणे, मनोयोग, वचनयोग अने काययोग तथा श्वासोच्छ्वासपणे परिणमावे, ते कारणथी अजीवद्रव्यो जीवद्रव्योना परिभोगमां यावत्-तुरत आवे छे, पण जीवद्रव्यो अजीवद्रव्योना परिभोगमां तुरत आवतां नथी.

नैरयिकोने अजीवद्रव्योनो परिभोग.

५. [प्र०] हे भगवन्! अजीवद्रव्यो नैरयिकोना परिभोगमां तुरत आवे के नैरयिको अजीवद्रव्योना परिभोगमां तुरत आवे ? [उ०] हे गौतम! अजीवद्रव्यो नैरयिकोना परिभोगमां शीघ्र आवे छे, पण नैरयिको अजीवद्रव्योना परिभोगमां तुरत आवतां नथी. [प्र०] हे भगवन्! शा हेतुथी एम कहेवाय छे ? [उ०] हे गौतम! नैरयिको अजीवद्रव्योने ग्रहण करे छे अने ग्रहण करीने वैक्रिय, तैजस, अने कार्मणशरीररूपे, श्रोत्रेंद्रिय यावत्-स्पर्शेन्द्रियरूपे तथा श्वासोच्छ्वासरूपे परिणमावे छे. ते हेतुथी हे गौतम! एम कह्युं छे, ए रीते यावत्-वैमानिको सुधी जाणवुं. परन्तु जेने जेटलां शरीर, इन्द्रिय अने योग होय तेटलां तेने कहेवां.

असंख्य लोकाकाशमां अनन्त द्रव्योनी स्थिति.

६. [प्र०] हे भगवन्! असंख्य लोकाकाशमां अनंत द्रव्यो रही शके ? [उ०] हे गौतम! हा, असंख्य प्रदेशात्मक लोकाकाशमां अनन्त द्रव्यो रही शके.

एक आकाश प्रदेशमां पुद्गलोनो चयापचय.

७. [प्र०] हे भगवन्! लोकना एक आकाशप्रदेशमां केटली दिशाओथी (आवीने) पुद्गलो एकठां थाय ? [उ०] हे गौतम! व्याघात (प्रतिबंध) न होय तो छए दिशामांथी आवीने अने जो प्रतिबंध होय तो कदाच त्रण दिशामांथी, कदाच चार दिशामांथी अने कदाच पांच दिशामांथी आवी पुद्गलो एकठां थाय छे.

८. [प्र०] हे भगवन्! लोकना एक आकाशप्रदेशमां केटली दिशाओमांथी आवी पुद्गलो छेदाय-छूटां थाय ? [उ०] हे गौतम! पूर्व प्रमाणे जाणवुं. ए प्रमाणे स्कन्धरूपे पुद्गलो [अन्य पुद्गलोना मळवाथी] उपचित थाय अने (जुदा पडवाथी) अपचित थाय.

औदारिकादि शरीररूपे स्थित के अस्थित द्रव्यो ग्रहण कराय ?

९. [प्र०] हे भगवन्! जीव जे पुद्गल द्रव्योने औदारिकशरीरपणे ग्रहण करे ते *स्थित द्रव्योने ग्रहण करे के अस्थित द्रव्योने ग्रहण करे ? [उ०] हे गौतम! ते स्थित द्रव्योने ग्रहण करे अने अस्थित द्रव्योने पण ग्रहण करे.

द्रव्य, क्षेत्र, काल अने भावथी द्रव्यग्रहण.

१०. [प्र०] हे भगवन्! शुं ते द्रव्योने द्रव्यथी, क्षेत्रथी, काळथी अने भावथी ग्रहण करे ? [उ०] हे गौतम! ते द्रव्योने द्रव्यथी, क्षेत्रथी, काळथी अने भावथी ग्रहण करे छे. द्रव्यथी अनंतप्रदेशिक द्रव्यने ग्रहण करे छे. क्षेत्रथी असंख्य प्रदेशाश्रित द्रव्यने ग्रहण करे छे.

१ * जेटला आकाशक्षेत्रमां जीव रहेलो छे तेनी अंदर रहेलां जे पुद्गलद्रव्यो ते स्थित द्रव्यो कहेवाय छे अने तेनी बहारना क्षेत्रमां रहेलां पुद्गलद्रव्यो ते अस्थित द्रव्यो कहेवाय छे, तेने त्यांथी खेंचीने ग्रहण करे छे. ते संबन्धे अन्य आचार्य एम कहे छे के गति रहित द्रव्यो ते स्थितद्रव्यो अने गतिसहित द्रव्यो ते अस्थित द्रव्यो कहेवाय छे-टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खेत्तपएसोगाढाइं–एवं जहा पन्नवणाए पढमे आहारुद्देसए, जाव–निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं सिय चउदिसिं, सिय पंचदिसिं।

११. [प्र०] जीवे णं भंते ! जाइं दव्वाइं वेउव्वियसरीरत्ताए गेण्हइ ताइं किं ठियाइं गेण्हइ, अठियाइं गेण्हइ ? [उ०] एवं चेव, नवरं नियमं छद्दिसिं, एवं आहारगसरीरत्ताए वि ।

१२. [प्र०] जीवे णं भंते ! जाइं दव्वाइं तेयगसरीरत्ताए गिण्हइ–पुच्छा । [उ०] गोयमा ! ठियाइं गेण्हइ, नो अठियाइं गेण्हइ, सेसं जहा ओरालियसरीरस्स । कम्मगसरीरे एवं चेव । एवं जाव–भावओ वि गिण्हइ ।

१३. [प्र०] जाइं दव्वाइं दव्वओ गेण्हइ ताइं किं एगपएसियाइं गेण्हइ, दुपएसियाइं गेण्हइ ? [उ०] एवं जहा भासापदे, जाव–'आणुपुव्विं गेण्हइ, नो अणाणुपुव्विं गेण्हइ ।

१४. [प्र०] ताइं भंते ! कतिदिसिं गेण्हइ ? [उ०] गोयमा ! निव्वाघाएणं०, जहा ओरालियस्स ।

१५. [प्र०] जीवे णं भंते ! जाइं दव्वाइं सोइंदियत्ताए गेण्हइ० ? [उ०] जहा वेउव्वियसरीरं, एवं जाव–जिब्भिंदियत्ताए, फासिंदियत्ताए जहा ओरालियसरीरं, मणजोगत्ताए जहा कम्मगसरीरं । नवरं नियमं छद्दिसिं, एवं वइजोगत्ताए वि, कायजोगत्ताए वि जहा ओरालियसरीरस्स ।

१६. [प्र०] जीवे णं भंते ! जाइं दव्वाइं आणापाणुत्ताए गेण्हइ जहेव ओरालियसरीरत्ताए, जाव–सिय पंचदिसिं । 'सेवं भंते ! सेवं भंते' ! [त्ति] केइ चउवीसदंडएणं एयाणि पदाणि भन्नंति–'जस्स जं अत्थि'

## पणवीसइमे सए बीओ उद्देसो समत्तो ।

ए प्रमाणे *प्रज्ञापनासूत्रना प्रथम आहारोद्देशकमां कह्या प्रमाणे यावत्–'प्रतिबंध सिवाय छए दिशाओमांथी' अने प्रतिबंध होय तो कदाच त्रण दिशामांथी, कदाच चार दिशामांथी अने कदाच पांच दिशामांथी आवेला पुद्गलोने ग्रहण करे'–त्यां सुधी कहेवुं.

११. [प्र०] हे भगवन् ! जीव जे पुद्गल द्रव्योने वैक्रियशरीरपणे ग्रहण करे ते स्थित द्रव्यो होय छे के अस्थित द्रव्यो होय छे ? [उ०] हे गौतम ! पूर्व प्रमाणे जाणवुं. विशेष ए के वैक्रियशरीरपणे जे द्रव्योने ग्रहण करे छे ते अवश्य †छए दिशामांथी आवेला होय छे. ए प्रमाणे आहारकशरीर संबंधे पण जाणवुं.

१२. [प्र०] हे भगवन् ! जीव जे द्रव्योने तैजसशरीरपणे ग्रहण करे छे, ते स्थित द्रव्यो होय तो ग्रहण करे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! ते द्रव्यो स्थित होय तो ग्रहण करे छे, पण अस्थित होय तो ग्रहण करतो नथी. बाकी बधुं औदारिक शरीरनी पेठे जाणवुं. तथा कार्मण शरीर संबंधे पण एमज समजवुं, ए प्रमाणे यावत्–'भावथी पण ग्रहण करे छे' त्यां सुधी कहेवुं.

१३. [प्र०] हे भगवन् ! द्रव्यथी जे द्रव्योने ग्रहण करे छे, ते द्रव्यो शुं ( द्रव्यथी ) एक प्रदेशवाळां ग्रहण करे, बे प्रदेशवाळां ग्रहण करे–इत्यादि प्रश्न. [उ०] ए प्रमाणे ‡भाषापदमां कह्या प्रमाणे यावत्–क्रमपूर्वक ग्रहण करे छे, पण क्रम सिवाय ग्रहण करतो नथी' त्यां सुधी जाणवुं.

१४. [प्र०] हे भगवन् ! ते केटली दिशामांथी आवेला पुद्गलोने ग्रहण करे छे ? [उ०] हे गौतम ! प्रतिबंध सिवाय–[ छए दिशाथी आवेला स्कन्धो ग्रहण करे–इत्यादि ] औदारिक शरीरनी पेठे ( सू० ८ ) जाणवुं.

१५. [प्र०] हे भगवन् ! जे जीव जे द्रव्योने श्रोत्रेंद्रियपणे ग्रहण करे छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! वैक्रिय शरीरनी पेठे [ सू० ९ ] यावत्—जिह्वेंद्रिय सुधी जाणवुं, अने स्पर्शेंद्रिय संबंधे औदारिक शरीरनी पेठे समजवुं. मनोयोग संबंधे कार्मण शरीरनी पेठे जाणवुं. पण विशेष एके अवश्य छए दिशामांथी आवेलां पुद्गलो ग्रहण करे छे. ए प्रमाणे वचनयोग संबंधे पण जाणवुं. काययोग संबंधे औदारिक शरीरनी पेठे समजवुं.

१६. [प्र०] हे भगवन् ! जीव जे द्रव्योने श्वासोच्छ्वासपणे ग्रहण करे छे–इत्यादि प्रश्न. [उ०] औदारिक शरीरनी पेठे जाणवुं, यावत्–कदाच त्रण दिशा, चार दिशा, के पांच दिशामांथी आवेलां पुद्गलो ग्रहण करे छे. कोई आचार्यो 'जेने जे होय तेने ते कहेवुं'–ए पदोने चोवीस दंडके कहे छे. हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे.

## पचीशमा शतकमां द्वितीय उद्देशक समाप्त.

---

१० * प्रज्ञा० पद [ ]

११ † 'वैक्रियशरीरप्रायोग्य द्रव्यो छए दिशामांथी आवेलां ग्रहण करे छे'–ते कहेवानो एवो अभिप्राय छे के उपयोगपूर्वक वैक्रिय शरीर करनार पंचेन्द्रिय ज होय छे अने ते त्रसनाडीना मध्यभागमां होवाथी तेने अवश्य छ दिशाना आहारनो संभव छे. यद्यपि वायुकायिकने वैक्रिय शरीर होवाथी तेनी अपेक्षाए वैक्रिय शरीरने आश्रयी लोकान्त निष्कुटने विषे पांच दिशादिना आहारनो संभव छे, परन्तु तेओ उपयोगपूर्वक वैक्रिय शरीर करता नथी, तेमज तेने सातिशय वैक्रिय शरीर नथी, तेथी तेनी विवक्षा कर्या सिवाय कह्युं छे.

१३ ‡ यावत्–अनन्तप्रदेशिक स्कन्ध ग्रहण करे ? हे गौतम ! एक प्रदेशिक, यावत्–असंख्य प्रदेशिक स्कन्धो न ग्रहण करे, पण अनन्त प्रदेशिक स्कन्धो ग्रहण करे.—जुओ प्रज्ञा० पद ११ प० २६१–१.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

## तईओ उद्देसो।

१. [प्र०] कति णं भंते! संठाणा पन्नत्ता? [उ०] गोयमा! छ संठाणा पन्नत्ता, तं जहा–१ परिमंडले, २ वट्टे, ३ तंसे, ४ चउरंसे, ५ आयते, ६ अणित्थंथे।

२. [प्र०] परिमंडला णं भंते! संठाणा दवट्ठयाए किं संखेज्जा, असंखेज्जा, अणंता? [उ०] गोयमा! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता।

३. [प्र०] वट्टा णं भंते! संठाणा०? [उ०] एवं चेव, एवं जाव–अणित्थंथा, एवं पएसट्ठयाए वि, एवं दवट्ठपएसट्ठयाए वि।

४. [प्र०] एएसि णं भंते! परिमंडल–वट्ट–तंस–चउरंस–आयत–अणित्थंथाणं संठाणाणं दवट्ठयाए पएसट्ठयाए दवट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो जाव–विसेसाहिया वा? [उ०] गोयमा! सवत्थोवा परिमंडलसंठाणा दवट्ठयाए, वट्टा संठाणा दवट्ठयाए संखेज्जगुणा, चउरंसा संठाणा दवट्ठयाए संखेज्जगुणा, तंसा संठाणा दवट्ठयाए संखेज्जगुणा, आयतसंठाणा दवट्ठयाए संखेज्जगुणा, अणित्थंथा संठाणा दवट्ठयाए असंखेज्जगुणा। पएसट्ठयाए–सवत्थोवा परिमंडला संठाणा पएसट्ठयाए, वट्टा संठाणा पदेसट्ठयाए संखेज्जगुणा; जहा दवट्ठयाए तहा पएसट्ठयाए वि, जाव–अणित्थंथा संठाणा पएसट्ठयाए असंखेज्जगुणा। दवट्ठपएसट्ठयाए–सवत्थोवा परिमंडला संठाणा दवट्ठयाए, सो चेव गमओ भाणियवो, जाव–अणित्थंथा संठाणा दवट्ठयाए असंखेज्जगुणा, अणित्थंथेहिंतो संठाणेहिंतो दवट्ठयाए परिमंडला संठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, वट्टा संठाणा पएसट्ठयाए संखेज्जगुणा–सो चेव पएसट्ठयाए गमओ भाणियव्वो, जाव–अणित्थंथा संठाणा पएसट्ठयाए असंखेज्जगुणा।

५. [प्र०] कति णं भंते! संठाणा पन्नत्ता? [उ०] गोयमा! पंच संठाणा पन्नत्ता, तं जहा–परिमंडले, जाव–आयते।

## तृतीय उद्देशक.

संस्थान. १. [प्र०] हे भगवन्! संस्थानो—पौद्गलिक स्कंधना आकारो केटलां कह्यां छे? [उ०] हे गौतम! छ संस्थानो कह्यां छे, ते आ प्रमाणे—१ परिमंडल–वलयाकार, २ वृत्त–गोळ, ३ त्र्यस्र–त्रिकोण, ४ चतुरस्र–चतुष्कोण, ५ आयत–दीर्घ अने ६ अनित्थंस्थ–परिमंडलादिथी भिन्न आकारवाळुं.

परिमंडलनी संख्या. २. [प्र०] हे भगवन्! परिमंडल संस्थान द्रव्यार्थरूपे शुं संख्याता छे, असंख्याता छे के अनंत छे? [उ०] हे गौतम! ते संख्याता नथी, असंख्याता नथी, पण अनंत छे.

वृत्तादिनी संख्या. ३. [प्र०] हे भगवन्! वृत्त संस्थान द्रव्यार्थरूपे शुं संख्याता छे–इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे जाणवुं. एम यावत्–अनित्थंस्थ संस्थान सुधी जाणवुं. ए प्रमाणे प्रदेशार्थपणे अने द्रव्यार्थ–प्रदेशार्थपणे पण समजवुं.

अल्पबहुत्व. ४. [प्र०] हे भगवन्! परिमंडल, वृत्त, त्र्यस्र, चतुरस्र, आयत अने अनित्थंस्थ संस्थानोमां द्रव्यार्थरूपे, प्रदेशार्थरूपे अने द्रव्यार्थप्रदेशार्थरूपे कयां संस्थानो कोनाथी यावत्–विशेषाधिक छे? [उ०] हे गौतम! द्रव्यार्थरूपे *परिमंडल संस्थानो सौथी थोडां छे, तेथी वृत्त संस्थानो द्रव्यार्थरूपे संख्यातगुणां छे. तेथी चतुरस्र संस्थानो द्रव्यार्थरूपे संख्यातगुणां छे, तेथी त्र्यस्रसंस्थानो द्रव्यार्थरूपे संख्यातगुणां छे, तेथी आयत संस्थानो द्रव्यार्थरूपे संख्यातगुणां छे, अने तेथी अनित्थंस्थ संस्थानो द्रव्यार्थरूपे असंख्यातगुणां छे. प्रदेशार्थरूपे परिमंडल संस्थानो सौथी थोडां छे, तेथी वृत्त संस्थानो प्रदेशार्थरूपे संख्यातगुणां छे–इत्यादि जेम द्रव्यार्थरूपे कह्युं छे तेम प्रदेशार्थरूपे पण यावत्—'प्रदेशार्थरूपे अनित्थंस्थ संस्थानो असंख्यातगुणां छे' त्यां सुधी कहेवुं. द्रव्यार्थ–प्रदेशार्थरूपे–परिमंडल संस्थानो सौथी थोडां छे–इत्यादि द्रव्यार्थ संबन्धी पूर्वोक्त गमक–पाठ कहेवो, यावत्–'अनित्थंस्थ संस्थानो द्रव्यार्थरूपे असंख्यातगुणां छे.' द्रव्यार्थरूपे अनित्थंस्थ संस्थानो करतां परिमंडल संस्थानो प्रदेशार्थरूपे असंख्यातगुण छे, तेथी वृत्त संस्थानो प्रदेशार्थरूपे संख्यातगुणां छे—इत्यादि पूर्वोक्त प्रदेशार्थपणानो पाठ यावत्–'अनित्थंस्थ संस्थानो असंख्यात गुण छे' त्यां सुधी कहेवो.

(margin: द्रव्यार्थरूपे.)

संस्थान. ५. [प्र०] हे भगवन्! केटला [१]संस्थानो कह्यां छे? [उ०] हे गौतम! पांच संस्थानो कह्यां छे, ते आ प्रमाणे–१ परिमंडल, यावत्–५ आयत.

---

१ 'दव्वट्ठयाए हिंतो'ग–छ।

* ४ अहिं संस्थानोनी जघन्य अवगाहनानो विचार कर्यो छे. जे संस्थानो जे संस्थाननी अपेक्षाए बहुप्रदेशावगाही छे ते स्वाभाविक रीते थोडां छे. परिमंडल संस्थान जघन्यथी वीश प्रदेशनी अवगाहनावाळुं होय छे, अने वृत्त, चतुरस्र, त्र्यस्र अने आयत संस्थान जघन्यथी अनुक्रमे पांच, चार, त्रण अने बे प्रदेशावगाही छे. माटे परिमंडल बहुतरप्रदेशावगाही होवाथी सर्वथी थोडां छे, तेथी वृत्तादि संस्थानो अल्प अल्प प्रदेशावगाही होवाथी संख्यातगुणा अधिक अधिक होय छे.

५ † संस्थाननी सामान्य प्ररूपणा करी. हवे रत्नप्रभादिने विषे प्ररूपणा करवानी इच्छाथी पुनः संस्थान संबन्धी प्रश्न करे छे. अहीं अन्य संस्थानोना संयोगजन्य होवाथी छठ्ठा अनित्थंस्थ संस्थाननी विवक्षा करी नथी, तेथी पांच ज संस्थान कह्यां छे—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६. [प्र०] परिमंडला णं भंते ! संठाणा किं संखेज्जा, असंखेज्जा, अणंता ? [उ०] गोयमा ! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता ।

७. [प्र०] वट्टा णं भंते ! संठाणा किं संखेज्जा० ? [उ०] एवं चेव । एवं जाव–आयता ।

८. [प्र०] इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए परिमंडला संठाणा किं संखेज्जा, असंखेज्जा, अणंता ? [उ०] गोयमा ! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता ।

९. [प्र०] वट्टा णं भंते ! संठाणा किं संखेज्जा, असंखेज्जा० ? [उ०] एवं चेव, एवं जाव–आयया ।

१०. [प्र०] सक्करप्पभाए णं भंते ! पुढवीए परिमंडला संठाणा० ? [उ०] एवं चेव, एवं जाव–आयया । एवं जाव–अहेसत्तमाए ।

११. [प्र०] सोहम्मे णं भंते ! कप्पे परिमंडला संठाणा० ? [उ०] एवं चेव, एवं जाव–अच्चुए ।

१२. [प्र०] गेवेज्जविमाणाणं भंते ! परिमंडलसंठाणा० ? [उ०] एवं चेव, एवं अणुत्तरविमाणेसु वि, एवं ईसिपब्भाराए वि ।

१३. [प्र०] जत्थ णं भंते ! एगे परिमंडले संठाणे जवमज्झे तत्थ परिमंडला संठाणा किं संखेज्जा, असंखेज्जा, अणंता ? [उ०] गोयमा ! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता ।

१४. [प्र०] वट्टा णं भंते ! संठाणा किं संखेज्जा, असंखेज्जा० ? [उ०] एवं चेव, जाव–आयता ।

६. [प्र०] हे भगवन् ! परिमंडल संस्थानो शुं संख्याता छे, असंख्याता छे के अनंत छे? [उ०] हे गौतम ! संख्याता नथी, असंख्याता नथी, पण अनंत छे. परिमंडलनी संख्या.

७. [प्र०] हे भगवन् ! वृत्त संस्थान शुं संख्याता छे–इत्यादि प्रश्न. [उ०] पूर्वे प्रमाणे समजवुं. ए प्रमाणे यावत्–आयत संस्थान सुधी जाणवुं. वृत्तनी संख्या.

८. [प्र०] हे भगवन् ! आ रत्नप्रभा पृथिवीमां परिमंडल संस्थानो शुं संख्याता छे, असंख्याता छे के अनंत छे? [उ०] हे गौतम ! ते संख्याता नथी, असंख्याता नथी, पण अनंत छे. रत्नप्रभामां परिमंडल संस्थानो.

९. [प्र०] हे भगवन् ! वृत्त संस्थानो शुं संख्याता छे, असंख्याता छे–इत्यादि प्रश्न. [उ०] पूर्व प्रमाणे. यावत्–आयत संस्थान सुधी समजवुं. वृत्तसंस्थान.

१०. [प्र०] हे भगवन् ! शर्कराप्रभा पृथिवीमां परिमंडल संस्थानो शुं संख्याता छे–इत्यादि प्रश्न. [उ०] पूर्वे कह्या प्रमाणे जाणवुं. ए प्रमाणे यावत्–आयत संस्थान सुधी समजवुं. यावत्–अधःसप्तम पृथिवी सुधी ए प्रमाणे जाणवुं. शर्कराप्रभामां परिमंडल संस्थान.

११. [प्र०] हे भगवन् ! सौधर्म कल्पमां *परिमंडल संस्थानो शुं संख्याता छे–इत्यादि प्रश्न. [उ०] पूर्वे कह्या प्रमाणे जाणवुं. एम यावत्–अच्युतकल्प सुधी जाणवुं. सौधर्मादि कल्पमां परिमंडल संस्थान.

१२. [प्र०] हे भगवन् ! ग्रैवेयक विमानोमां शुं परिमंडल संस्थानो संख्याता छे–इत्यादि प्रश्न. [उ०] पूर्वे कह्या प्रमाणे जाणवुं. एम यावत्–अनुत्तर विमानो तथा ईषत्प्राग्भाराने विषे पण समजवुं. ग्रैवेयक विमानमां परिमंडल संस्थान.

१३. [प्र०] हे भगवन् ! †ज्यां एक यवाकार परिमंडलसंस्थानसमुदाय छे त्यां यवाकार परिमंडलसमुदाय सिवाय बीजां परिमंडल संस्थानो संख्याता, असंख्याता के अनंत छे? [उ०] हे गौतम ! संख्याता नथी, असंख्याता नथी पण अनंत छे. यवमध्यक्षेत्रमां बीजां परिमंडल संस्थानो.

१९. [प्र०] जीवा णं भंते ! पएसट्ठयाए किं कडजुम्मा० पुच्छा। [उ०] गोयमा ! जीवपएसे पडुच्च ओघादेसेण वि विहाणादेसेण वि कडजुम्मा, नो तेयोगा, नो दावरजुम्मा, नो कलिओगा। सरीरपएसे पडुच्च ओघादेसेणं सिय कडजुम्मा, जाव-सिय कलियोगा; विहाणादेसेणं कडजुम्मा वि जाव-कलियोगा वि। एवं नेरइया वि; एवं जाव-वेमाणिया। [प्र०] सिद्धा णं भंते !-पुच्छा। [उ०] गोयमा ! ओघादेसेण वि विहाणादेसेण वि कडजुम्मा, नो तेयोगा, नो दावरजुम्मा, नो कलिओगा।

२०. [प्र०] जीवे णं भंते ! किं कडजुम्मपएसोगाढे-पुच्छा। [उ०] गोयमा ! सिय कडजुम्मपएसोगाढे, जाव-सिय कलिओगपएसोगाढे। एवं जाव-सिद्धे।

२१ [प्र०] जीवा णं भंते ! किं कडजुम्मपएसोगाढा-पुच्छा। [उ०] गोयमा ! ओघादेसेणं कडजुम्मपएसोगाढा, नो तेयोग०, नो दावर०, नो कलियोग०। विहाणादेसेणं कडजुम्मपएसोगाढा वि, जाव-कलियोगपएसोगाढा वि।

२२. [प्र०] नेरइयाणं-पुच्छा [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मपएसोगाढा, जाव-सिय कलियोगपएसोगाढा। विहाणादेसेणं कडजुम्मपएसोगाढा वि, जाव-कलियोगपएसोगाढा वि। एवं एगिंदिय-सिद्धवज्जा सव्वे वि; सिद्धा एगिंदिया य जहा जीवा।

२३. [प्र०] जीवे णं भंते ! किं कडजुम्मसमयट्ठितीए-पुच्छा। [उ०] गोयमा ! कडजुम्मसमयट्ठितीए, नो तेयोग०, नो दावर०, नो कलियोगसमयट्ठितीए।

२४. [प्र०] नेरइए णं भंते !-पुच्छा। [उ०] गोयमा ! सिय कडजुम्मसमयट्ठितीए, जाव-सिय कलियोगसमयट्ठितीए। एवं जाव-वेमाणिए; सिद्धे जहा जीवे।

२५. [प्र०] जीवा णं भंते !-पुच्छा। [उ०] गोयमा ! ओघादेसेण वि विहाणादेसेण वि कडजुम्मसमयट्ठितीया, नो तेओग०, नो दावर०, नो कलिओग०।

जीवोमां प्रदेशापेक्षाथी कृतयुग्मादि. सिद्धोमां प्रदेशनी अपेक्षाए कृतयुग्मादि.

१९. [प्र०] हे भगवन् ! जीवो प्रदेशार्थरूपे शुं कृतयुग्म छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! जीवप्रदेशोनी अपेक्षाए जीवो सामान्य अने विशेषरूपे कृतयुग्म छे, पण त्र्योज, द्वापरयुग्म के कल्योज नथी. अने शरीरप्रदेशोनी अपेक्षाए सामान्यतः कदाच कृतयुग्म होय अने यावत्-कदाच कल्योज पण होय. विशेषनी अपेक्षाए कृतयुग्म पण होय अने यावत्-कल्योज पण होय. ए प्रमाणे नैरयिकोथी आरंभी यावत्-वैमानिको सुधी जाणवुं. [प्र०] हे भगवन् ! सिद्धो (जीवप्रदेशनी अपेक्षाए) शुं कृतयुग्म छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम! सामान्य अने विशेषने आश्रयी सिद्धो कृतयुग्म छे, पण त्र्योज, द्वापर के कल्योज रूप नथी.

एकजीवाश्रित आकाशप्रदेशमां कृतयुग्मादि राशिओ.

२०. [प्र०] हे भगवन् ! शुं जीव आकाशना कृतयुग्म संख्यावाळा प्रदेशोने आश्रयी रहेलो छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! कदाच कृतयुग्म प्रदेशोने आश्रयी रहेलो होय अने यावत्-कदाच कल्योज प्रदेशोने आश्रयी रहेलो होय छे. ए प्रमाणे यावत्-सिद्ध सुधी जाणवुं.

अनेक जीवो संबन्धे प्रश्न.

२१. [प्र०] हे भगवन् ! शुं जीवो आकाशना कृतयुग्म प्रदेशोने आश्रयी रहेला छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सामान्य रूपे कृतयुग्म प्रदेशोने आश्रयी रहेला छे, पण त्र्योज, द्वापर के कल्योज प्रदेशोने आश्रयी रहेला नथी. अने विशेषरूपे कृतयुग्म प्रदेशोने आश्रयी रहेला छे, यावत्-कल्योज प्रदेशोने आश्रयी रहेला छे.

नैरयिकादि दंडको अने सिद्धो.

२२. [प्र०] हे भगवन् ! शुं नैरयिको कृतयुग्म संख्यावाळा आकाश प्रदेशोने आश्रयी रहेला छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सामान्य रूपे कदाच कृतयुग्म प्रदेशोने आश्रयी रहेला होय अने यावत्-कदाच कल्योज प्रदेशोने आश्रयी रहेला होय. विशेषरूपे कृतयुग्म प्रदेशावगाढ पण होय यावत्-कल्योज प्रदेशावगाढ पण होय. एकेन्द्रिय अने सिद्ध सिवाय बाकीना बधा जीवो माटे एज प्रमाणे जाणवुं. सिद्धो अने एकेन्द्रियो सामान्य जीवोनी पेठे जाणवा.

जीवना स्थितिकालना समयोमां कृतयुग्मादि राशिओ.

२३. [प्र०] हे भगवन् ! शुं जीव कृतयुग्म समयनी स्थितिवाळो छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! *कृतयुग्म समयनी स्थितिवाळो छे, पण त्र्योज, द्वापर के कल्योज समयनी स्थितिवाळो नथी.

नैरयिकादि.

२४. [प्र०] हे भगवन् ! शुं नैरयिक कृतयुग्म समयनी स्थितिवाळो छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! कदाच कृतयुग्म समयनी स्थितिवाळो होय अने कदाच कल्योज समयनी स्थितिवाळो होय. ए प्रमाणे यावत्-वैमानिक सुधी जाणवुं. सिद्धने जीवनी पेठे जाणवुं.

जीवोनी स्थितिकालना समयोमां कृतयुग्मादि राशिओ.

२५. [प्र०] हे भगवन् ! शुं जीवो कृतयुग्म समयनी स्थितिवाळा होय छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! तेओ †सामान्यादेश अने विशेषादेशनी अपेक्षाए कृतयुग्म समयनी स्थितिवाळा होय छे, पण त्र्योज, द्वापर के कल्योज समयनी स्थितिवाळा होता नथी.

---

२३ * सामान्य जीवनी स्थिति सर्व काळमां शाश्वत होवाथी अने सर्वकाल नियत अनन्त समयात्मक होवाथी जीव कृतयुग्म समयनी स्थितिवाळो कहेवाय छे. अने नारकादिनी भिन्न भिन्न स्थिति होवाथी कोईवार ते कृतयुग्म समयनी स्थितिवाळो होय छे, तो कोई वार यावत्-कल्योज समयनी स्थितिवाळो होय छे.

२५ † सामान्यादेश अने विशेषादेशथी जीवोनी स्थिति अनाद्यनन्त काळनी होवाथी तेओ कृतयुग्म समयनी स्थितिवाळा छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२६. [प्र०] नेरइयाणं-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मसमयट्ठितीया, जाव-सिय कलियोगस-मयट्ठितीया वि । विहाणादेसेणं कडजुम्मसमयट्ठितीया वि, जाव-कलियोगसमयट्ठितीया वि । एवं जाव-वेमाणिया, सिद्धा जहा जीवा ।

२७. [प्र०] जीवे णं भंते ! कालवन्नपज्जवेहिं किं कडजुम्मे-पुच्छा । [उ०] गोयमा ! जीवपएसे पडुच्च णो कडजुम्मे, जाव-णो कलियोगे । सरीरपएसे पडुच्च सिय कडजुम्मे, जाव-सिय कलियोगे । एवं जाव-वेमाणिए । सिद्धो ण चेव पुच्छिज्जति ।

२८. [प्र०] जीवा णं भंते ! कालवन्नपज्जवेहिं-पुच्छा । [उ०] गोयमा ! जीवपएसे पडुच्च ओघादेसेण वि विहाणा-देसेण वि णो कडजुम्मा, जाव-णो कलिओगा । सरीरपएसे पडुच्च ओघादेसेणं सिय कडजुम्मा, जाव-सिय कलियोगा; विहाणादेसेणं कडजुम्मा वि, जाव-कलिओगा वि । एवं जाव-वेमाणिया । एवं नीलवन्नपज्जवेहिं दंडओ भाणियव्वो । एगत्तपुहत्तेणं; एवं जाव-लुक्खफासपज्जवेहिं ।

२९. [प्र०] जीवे णं भंते ! आभिणिबोहियणाणपज्जवेहिं किं कडजुम्मे-पुच्छा । [उ०] गोयमा ! सिय कडजुम्मे, जाव-सिय कलियोगे । एवं एगिंदियवज्जं जाव-वेमाणिए ।

३०. [प्र०] जीवा णं भंते ! आभिणिबोहियणाणपज्जवेहिं-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मा, जाव-सिय कलियोगा । विहाणादेसेणं कडजुम्मा वि, जाव-कलियोगा वि । एवं एगिंदियवज्जं जाव-वेमाणिया । एवं

नैरयिकादि दंडक.

२६. [प्र०] हे भगवन् ! शुं नैरयिको कृतयुग्मसमयनी स्थितिवाळा छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! तेओ सामान्यादेशनी अपेक्षाए कदाच *कृतयुग्म समयनी स्थितिवाळा होय, यावत् कदाच कल्योज समयनी स्थितिवाळा पण होय. तथा विशेषादेशनी अपेक्षाए कृतयुग्म समयनी अने यावत्-काल्योज समयनी स्थितिवाळा पण होय. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जाणवुं. सामान्य जीवोनी पेठे सिद्धोने पण समजवुं.

जीवना काळावर्णना पर्यायो.

२७. [प्र०] हे भगवन् ! शुं जीवना †काळावर्णना पर्यायो कृतयुग्म राशिरूप छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! जीवप्रदेशोनी अपेक्षाए ते कृतयुग्म, त्र्योज, द्वापर के कल्योज रूप नथी; पण शरीर प्रदेशोनी अपेक्षाए ते कदाच कृतयुग्म रूप होय, यावत्-कल्योज रूप पण होय. ए प्रमाणे यावत्-वैमानिक सुधी जाणवुं तथा सिद्ध संबन्धे आ विषय बाबत कांइ न पूछवुं.

२८. [प्र०] हे भगवन् ! शुं जीवोना काळा वर्णपर्यायो कृतयुग्मराशिरूप छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! जीव प्रदेशोने आश्रयी सामान्यादेशथी अने विशेषादेशथी कृतयुग्म रूप नथी, अने यावत्-कल्योज रूप पण नथी. शरीरप्रदेशोनी अपेक्षाए सामान्या-देशथी कदाच कृतयुग्म अने यावत्-कदाच कल्योज रूप पण होय, विशेषादेशथी कृतयुग्म, यावत्-कल्योजराशिरूप पण होय. ए प्रमाणे यावत्-वैमानिको सुधी जाणवुं. तथा ए प्रमाणे एक वचन अने बहुवचनवडे लीला वर्णना पर्यायोनो पण दंडक कहेवो. एम यावत्-रुक्ष स्पर्श पर्यायो सुधी जाणवुं.

जीवना आभिनि-बोधिक पर्यायो.

२९. [प्र०] हे भगवन् शुं जीवना आभिनिबोधिकज्ञानपर्यायो कृतयुग्म राशिरूप छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! कदाच ‡कृतयुग्म रूप होय अने यावत्-कदाच कल्योज रूप पण होय. ए प्रमाणे एकेन्द्रिय सिवायना जीवोने यावत्-वैमानिक सुधी जाणवा.

जीवोना आभिनि बोधिकादि ज्ञानना पर्यायो.

३०. [प्र०] हे भगवन् ! शुं जीवो आभिनिबोधिक ज्ञान पर्यायो वडे कृतयुग्म छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! ते ¶सामान्या-देशथी कदाच कृतयुग्म अने कदाच कल्योज रूप पण होय, तथा विशेषादेशथी कृतयुग्म, यावत्-कल्योज रूप पण होय. ए प्रमाणे एकेन्द्रिय सिवायना जीवोने यावत्-वैमानिको सुधी जाणवुं. श्रुतज्ञानना पर्यायो अने अवधिज्ञानना पर्यायो संबन्धे एमज समजवुं. पण

---

२६ * बधा नारकादिनी स्थितिना समयो मेळवतां अने चारथी अपहार करता बधा नैरयिको सामान्यादेशथी कृतयुग्म समयनी स्थितिवाळा, यावत्-कल्योज समयनी स्थितिवाळा होय छे. अने विशेषादेशथी एक समये चारे प्रकारना होय छे.—टीका.

२७ † अहिं जीवप्रदेशो अमूर्त होवाथी तेने आश्रयी काळादिवर्णना पर्यायो होता नथी, पण शरीरविशिष्ट जीवनुं ग्रहण होवाथी शरीरना वर्णनी अपेक्षाए क्रमशः चारे राशिनो व्यवहार थइ शके छे.

२९ ‡ आवरणना क्षयोपशमनी विचित्रताथी आभिनिबोधिक ज्ञाननी विशेषताओ अने तेना सूक्ष्म अविभाज्य अंशोने आभिनिबोधिक ज्ञानना पर्यायो कहे छे. ते अनन्त छे, पण क्षयोपशमनी विचित्रताथी तेनुं अनन्तपणुं चोक्कस नथी, तेथी ते भिन्न भिन्न समयने आश्रयी चारे राशिरूप होय छे. एकेन्द्रिय जीवने सम्यक्त्व नहि होवाथी आभिनिबोधिक होतुं नथी, माटे एकेन्द्रिय सिवायना जीवोने कह्युं छे.

३० ¶ बधा जीवोने आश्रयी सर्व आभिनिबोधिकज्ञानना पर्यायो एकठा करीए तो सामान्यादेशथी भिन्न भिन्न काळनी अपेक्षाए चारे राशिरूप थाय, कारण के क्षयोपशमनी विचित्रताथी तेना पर्यायो अनवस्थितपणे अनन्ता होय छे. विशेषादेशथी एक काळे पण चारे राशिरूप थाय. केवल ज्ञानना पर्यायोनुं अनन्तपणुं अवस्थित होवाथी ते कृतयुग्मराशिरूपज होय छे—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुयणाणपज्जवेहिं वि। ओहिणाणपज्जवेहि वि एवं चेव। नवरं विकलिंदियाणं नत्थि ओहिनाणं। मणपज्जवनाणं पि एवं चेव; नवरं जीवाणं मणुस्साण य, सेसाणं नत्थि।

३१. [प्र०] जीवे णं भंते! केवलनाणपज्जवेहिं किं कडजुम्मे–पुच्छा। [उ०] गोयमा! कडजुम्मे, णो तेयोगे, णो दावरजुम्मे, णो कलियोगे। एवं मणुस्से वि; एवं सिद्धे वि।

३२. जीवा णं भंते! केवलनाण–पुच्छा। [उ०] गोयमा! ओघादेसेण वि विहाणादेसेण वि कडजुम्मा, नो तेओगा, नो दावरजुम्मा, णो कलियोगा। एवं मणुस्सा वि; एवं सिद्धा वि।

३३. [प्र०] जीवे णं भंते! मइअन्नाणपज्जवेहिं किं कडजुम्मे० ? [उ०] जहा आभिणिबोहियणाणपज्जवेहिं तहेव दो दंडगा। एवं सुयन्नाणपज्जवेहिं वि; एवं विभंगनाणपज्जवेहि वि। चक्खुदंसण–अचक्खुदंसण–ओहिदंसणपज्जवेहि वि एवं चेव; नवरं जस्स जं अत्थि तं भाणियव्वं। केवलदंसणपज्जवेहिं जहा केवलनाणपज्जवेहिं।

३४. [प्र०] कति णं भंते! सरीरगा पन्नत्ता? [उ०] गोयमा! पंच सरीरगा पन्नत्ता, तंजहा–ओरालिए, जाव–कम्मए। एत्थ सरीरगपदं निरवसेसं भाणियव्वं जहा पन्नवणाए।

३५. [प्र०] जीवा णं भंते! किं सेया णिरेया? [उ०] गोयमा! जीवा सेया वि, निरेया वि। [प्र०] से केणट्ठेणं भंते! एवं वुच्चति–'जीवा सेया वि निरेया वि'? [उ०] गोयमा! जीवा दुविहा पन्नत्ता, तंजहा–संसारसमावन्नगा य असंसारसमावन्नगा य, तत्थ णं जे ते असंसारसमावन्नगा ते णं सिद्धा। सिद्धा णं दुविहा पन्नत्ता, तंजहा–अणंतरसिद्धा य परंपरसिद्धा य। तत्थ णं जे ते परंपरसिद्धा ते णं निरेया; तत्थ णं जे ते अणंतरसिद्धा ते णं सेया।

३६. [प्र०] ते णं भंते! किं देसेया सव्वेया? [उ०] गोयमा! णो देसेया, सव्वेया। तत्थ णं जे ते संसारसमावन्नगा ते दुविहा पन्नत्ता, तंजहा–सेलेसिपडिवन्नगा य असेलेसिपडिवन्नगा य। तत्थ णं जे ते सेलेसिपडिवन्नगा ते णं निरेया,

विशेष ए के, विकलेंद्रिय जीवोने अवधिज्ञान होतुं नथी. एम मनःपर्यवज्ञानना पर्यायो संबन्धे पण जाणवुं, पण विशेष ए के, ते सामान्य जीवो अने मनुष्योने होय छे, पण बाकीना दंडकोमां होतुं नथी.

**जीवना केवलज्ञानना पर्यायो.** ३१. [प्र०] हे भगवन्! जीवना केवलज्ञानना पर्यायो शुं कृतयुग्म राशिरूप छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! ते कृतयुग्मरूप छे, पण त्र्योज, द्वापर के कल्योज रूप नथी. ए प्रमाणे मनुष्य तथा सिद्ध संबंधे पण समजवुं.

**जीवोना केवलज्ञानना पर्यायो.** ३२. [प्र०] हे भगवन्! जीवोना केवलज्ञानना पर्यायो शुं कृतयुग्म रूप छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! ते सामान्य अने विशेषादेशवडे कृतयुग्म रूप छे, परंतु त्र्योज, द्वापर के कल्योजरूप नथी. ए प्रमाणे मनुष्यो अने सिद्धो संबंधे पण जाणवुं.

**जीवना मतिअज्ञानना पर्यायो.** ३३. [प्र०] हे भगवन्! जीव मतिअज्ञानना पर्यायोवडे शुं कृतयुग्म रूप छे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम! जेम आभिनिबोधिक ज्ञानना पर्यायो संबन्धे बे दंडको कह्या छे तेमज अहिं पण बे दंडको कहेवा. श्रुत अज्ञान, विभंगज्ञान, चक्षुर्दर्शन अचक्षुर्दर्शन अने अवधिदर्शनना पर्यायो संबन्धे पण ए ज प्रमाणे कहेवुं. विशेष ए के, श्रुतअज्ञानादिमांथी जेने जे होय ते तेने कहेवुं. तथा केवलदर्शनना पर्यायो संबन्धे केवलज्ञानना पर्यायोनी पेठे समजवुं.

**शरीरना प्रकार.** ३४. [प्र०] हे भगवन्! केटलां शरीरो कह्यां छे? [उ०] हे गौतम! पांच शरीरो कह्यां छे, ते आ प्रमाणे–औदारिक, यावत्–कार्मण. अहिं *प्रज्ञापनासूत्रनुं बधुं शरीरपद कहेवुं.

**सकंप अने निष्कम्प.** ३५. [प्र०] हे भगवन्! शुं जीवो सकंप होय छे के निष्कंप होय छे? [उ०] हे गौतम! जीवो सकंप पण छे अने निष्कंप पण छे. [प्र०] हे भगवन्! शा हेतुथी एम कहो छो के 'जीवो सकंप पण छे अने निष्कंप पण छे'? [उ०] हे गौतम! जीवो बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–संसारसमापन्न–संसारी अने असंसारसमापन्नक–मुक्त, तेमां जे असंसारसमापन्न जीवो छे ते सिद्ध जीवो छे. ते सिद्धो बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–अनंतर सिद्ध अने परंपर सिद्ध. तेमां जे जीवो परंपर सिद्ध छे ते निष्कंप छे, अने जे जीवो अनंतर सिद्ध छे ते †सकंप छे.

**देशथी के सर्वथी सकम्प?** ३६. [प्र०] हे भगवन्! ते (अनन्तर सिद्धो) शुं अमुक अंशे सकंप छे के सर्वांशे सकंप छे? [उ०] हे गौतम! ते अमुक अंशे सकंप नथी, पण सर्वांशे सकंप छे. तेमां जे संसारने प्राप्त थयेला जीवो छे ते बे प्रकारे कह्या छे, ते आ प्रमाणे–शैलेशीने प्राप्त थयेला

३४ * जुओ प्रज्ञा० पद १२ पृ० २६८.

३५ † सिद्धत्वनी प्राप्तिना प्रथम समये अनन्तर सिद्ध कहेवाय छे, कारण के त्यारे एक समयनुं पण अन्तर नथी. जेओ सिद्धत्वने प्रथम समये वर्तमान सिद्ध जीवो छे तेओमां कंपन छे, कारण के सिद्धिगमनसमय अने सिद्धत्वप्राप्तिनो समय एक ज होवाथी अने सिद्धिगमनसमये गमन क्रिया थती होवाथी ते वखते तेओ सकंप होय छे. जेने सिद्धत्व प्राप्ति थया पछी समयादिनुं अन्तर पडे छे ते परम्पर सिद्ध कहेवाय छे अने तेओ निष्कंप होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ णं जे ते असेलेसीपडिवन्नगा ते णं सेया। [प्र०] ते णं भंते! किं देसेया सव्वेया? [उ०] गोयमा! देसेया वि, सव्वेया वि, से तेणट्ठेणं जाव–निरेया वि।

३७. [प्र०] नेरइया णं भंते! किं देसेया सव्वेया? [उ०] गोयमा! देसेया वि, सव्वेया वि। [प्र०] से केणट्ठेणं जाव–सव्वेया वि? [उ०] गोयमा! नेरइया दुविहा पन्नत्ता, तंजहा–विग्गहगतिसमावन्नगा य अविग्गहगतिसमावन्नगा य। तत्थ णं जे ते विग्गहगतिसमावन्नगा ते णं सव्वेया; तत्थ णं जे ते अविग्गहगतिसमावन्नगा ते णं देसेया, से तेणट्ठेणं जाव–'सव्वेया वि'। एवं जाव–वेमाणिया।

३८. [प्र०] परमाणुपोग्गला णं भंते! किं संखेज्जा असंखेज्जा अणंता? [उ०] गोयमा! नो संखेज्जा, नो असंखेज्जा, अणंता। एवं जाव–अणंतपएसिया खंधा।

३९. [प्र०] एगपएसोगाढा णं भंते! पोग्गला किं संखेज्जा, असंखेज्जा, अणंता? [उ०] एवं चेव। एवं जाव–असंखेज्जपएसोगाढा।

४०. [प्र०] एगसमयठितीया णं भंते! पोग्गला किं संखेज्जा० ? [उ०] एवं चेव; एवं जाव–असंखेज्जसमयट्ठितीया।

४१. [प्र०] एगगुणकालगा णं भंते! पोग्गला किं संखेज्जा० ? [उ०] एवं चेव, एवं जाव–अणंतगुणकालगा; एवं अवसेसा वि वण्णगंधरसफासा णेयव्वा जाव–'अणंतगुणलुक्ख'त्ति।

४२. [प्र०] एएसि णं भंते! परमाणुपोग्गलाणं, दुपएसियाण य खंधाणं दव्वट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा, बहुया वा, तुल्ला वा, विसेसाहिया वा? [उ०] गोयमा! दुपएसिएहिंतो खंधेहिंतो परमाणुपोग्गला दव्वट्ठयाए बहुगा।

अने शैलेशीने अप्राप्त. तेमां जे* शैलेशीने प्राप्त जीवो छे ते निष्कंप छे अने जे शैलेशीने प्राप्त थयेला नथी ते सकंप छे. [प्र०] हे भगवन्! जेओ शैलेशीने प्राप्त थयेला नथी ते जीवो शुं अंशतः† सकंप छे के सर्वांशे सकंप छे? [उ०] हे गौतम! ते अंशतः सकंप छे अने सर्वांशे पण सकंप छे. ते हेतुथी यावत्–ते निष्कंप पण छे.

३७. [प्र०] हे भगवन्! नैरयिको शुं अंशतः सकंप छे के सर्वांशे सकंप छे? [उ०] हे गौतम! तेओ अंशतः सकंप छे अने सर्वांशे पण सकंप छे. [प्र०] शा हेतुथी एम कहो छो के ते यावत्–सर्वांशे पण सकंप छे? [उ०] हे गौतम! नैरयिको बे प्रकारना कह्या छे, ते आ प्रमाणे–‡विग्रहगतिने प्राप्त थयेला अने विग्रह गतिने नहि प्राप्त थयेला. तेमां जे विग्रह गतिने प्राप्त थयेला छे ते सर्वांशे सकंप छे. अने जे विग्रहगतिने प्राप्त थयेला नथी ते अमुक अंशे सकंप छे. ते हेतुथी यावत्–तेओ सर्वांशे पण सकंप छे. ए प्रमाणे यावत्–वैमानिको सुधी जाणवुं.

३८. [प्र०] हे भगवन्! शुं परमाणुपुद्गलो संख्याता छे, असंख्याता छे के अनंत छे? [उ०] हे गौतम! ते संख्याता नथी, असंख्याता नथी, पण अनंत छे. ए प्रमाणे यावत्–अनंत प्रदेशवाळा स्कंधो सुधी जाणवुं. परमाणु.

३९. [प्र०] हे भगवन्! आकाशना एक प्रदेशमां रहेलां पुद्गलो शुं संख्याता छे, असंख्याता छे के अनंत छे? [उ०] पूर्वे कह्या प्रमाणे जाणवुं. ए रीते यावत्–असंख्यात प्रदेशमां रहेलां पुद्गलो विषे पण समजवुं. एक आकाशप्रदेशमां रहेला पुद्गलो.

४०. [प्र०] हे भगवन्! एक समयनी स्थितिवाळां पुद्गलो शुं संख्याता छे–इत्यादि प्रश्न. [उ०] पूर्वे कह्या प्रमाणे जाणवुं. ए प्रमाणे यावत्–असंख्याता समयनी स्थितिवाळां पुद्गलो संबंधे पण जाणवुं. एकसमयनी स्थिति-वाळा पुद्गलो.

४१. [प्र०] हे भगवन्! एकगुण काळां पुद्गलो शुं संख्याता होय–इत्यादि प्रश्न. [उ०] पूर्वे कह्या प्रमाणे जाणवुं. ए प्रमाणे यावत्–अनंतगुण काळां पुद्गलो संबन्धे पण समजवुं. एम एज रीते बाकीना वर्ण, गंध, रस अने स्पर्श संबंधे यावत्–अनंत गुण रुक्ष सुधी समजवुं. एकगुण काळा-पुद्गलो.

४२. [प्र०] हे भगवन्! परमाणुपुद्गल अने द्विप्रदेशिक स्कंध, एमां द्रव्यार्थरूपे कोण कोनाथी अल्प, अधिक, तुल्य अने विशेषाधिक छे? [उ०] हे गौतम! द्विप्रदेशिक स्कंधो करतां परमाणु पुद्गलो द्रव्यार्थरूपे घणां छे. परमाणु अने द्विप्र-देशिक स्कन्धनुं अल्पबहुत्व.

---

३६ * जेओ मोक्षगमनसमय पहेलां शैलेशीने प्राप्त थयेला छे तेओने योगनो रोध सर्वथा होवाथी ते निष्कंप छे.

† ईलिका गतिथी उत्पत्तिस्थाने जतां जीवो देशतः सकम्प छे, कारण के तेनो पूर्वना शरीरमां रहेलो अंश गतिक्रियारहित होवाथी ते निश्चल छे.

३७ ‡ विग्रहगतिने प्राप्त थयेला एटले जेओ मरीने विग्रह गतिवडे उत्पत्ति स्थाने जाय छे तेओ दडानी गतिथी सर्वात्मरूपे उपजे छे, माटे ते सर्वरूपे सकम्प छे. अने जेओ विग्रहगतिने प्राप्त थयेला नथी ते ऋजुगतिवाळा अने अवस्थित ए बे प्रकारना छे. तेमां अहिं मात्र अवस्थित ग्रहण करेला होय तेम संभवे छे. तेओ शरीरमां रहीने मरणसमुद्घात करी ईलिका गतिवडे उत्पत्ति क्षेत्रनो अंशतः स्पर्श करे छे, माटे ते देशथी सकंप छे. अथवा स्वक्षेत्रमां रहेला जीवो हस्तपादादि अवयवोने चलाववा द्वारा देशथी सकंप छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४३. [प्र०] एएसि णं भंते ! दुपएसियाणं तिप्पएसियाण य खंधाणं दव्वट्ठयाए कयरे कयरेहिंतो बहुया ? [उ०] गोयमा ! तिपएसिएहिंतो खंधेहिंतो दुपएसिया खंधा दव्वट्ठयाए बहुया; एवं एएणं गमएणं जाव-दसपएसिएहिंतो खंधेहिंतो नवपएसिया खंधा दव्वट्ठयाए बहुया ।

४४. [प्र०] एएसि णं भंते ! दसपएसिए०-पुच्छा [उ०] गोयमा ! दसपएसिएहिंतो खंधेहिंतो संखेज्जपएसिया खंधा दव्वट्ठयाए बहुया ।

४५. [प्र०] एएसि णं भंते ! संखेज्ज०-पुच्छा । [उ०] गोयमा ! संखेज्जपएसिएहिंतो खंधेहिंतो असंखेज्जपएसिया खंधा दव्वट्ठयाए बहुया ।

४६. एएसि णं भंते ! असंखेज्ज०-पुच्छा । [उ०] गोयमा ! अणंतपएसिएहिंतो खंधेहिंतो असंखेज्जपएसिया खंधा दव्वट्ठयाए बहुया ।

४७. [प्र०] एएसि णं भंते ! परमाणुपोग्गलाणं दुपएसियाण य खंधाणं पएसट्ठयाए कयरे कयरेहिंतो बहुया ? [उ०] गोयमा ! परमाणुपोग्गलेहिंतो दुपएसिया खंधा पएसट्ठयाए बहुया । एवं एएणं गमएणं जाव-नवपएसिएहिंतो खंधेहिंतो दसपएसिया खंधा पएसट्ठयाए बहुया; एवं सव्वत्थ पुच्छियव्वं । दसपएसिएहिंतो खंधेहिंतो संखेज्जपएसिया खंधा पएसट्ठयाए बहुया । संखेज्जपएसिएहिंतो खंधेहिंतो असंखेज्जपएसिया खंधा पएसट्ठयाए बहुया ।

४८. [प्र०] एएसि णं भंते ! असंखेज्जपएसियाणं-पुच्छा । [उ०] गोयमा ! अणंतपएसिएहिंतो खंधेहिंतो असंखेज्जपएसिया खंधा पएसट्ठयाए बहुया ।

४९. एएसि णं भंते ! एगपएसोगाढाणं दुपएसोगाढाण य पोग्गलाणं दव्वट्ठयाए कयरे कयरेहिंतो जाव-विसेसाहिया वा ? [उ०] गोयमा ! दुपएसोगाढेहिंतो पोग्गलेहिंतो एगपएसोगाढा पोग्गला दव्वट्ठयाए विसेसाहिया । एवं एएणं गमएणं

द्विप्रदेशिक अने त्रिप्रदेशिक स्कन्धनुं अल्पबहुत्व.

४३. [प्र०] हे भगवन् ! ए द्विप्रदेशिक स्कंध अने त्रिप्रदेशिक स्कंध एमां द्रव्यार्थपणे कया पुद्गलस्कन्धो कोनाथी यावत्-विशेषाधिक छे ? [उ०] हे गौतम ! त्रिप्रदेशिक स्कंधो करतां *द्विप्रदेशिक स्कंधो द्रव्यार्थपणे घणा छे. ए प्रमाणे ए गमक-पाठ वडे यावत्-दश प्रदेशवाळा स्कंधो करतां नव प्रदेशवाळा स्कंधो द्रव्यार्थपणे घणा छे.

दशप्रदेशिक अने संख्यात प्रदेशिकनुं अल्पबहुत्व.

४४. [प्र०] हे भगवन् ! दश प्रदेशवाळा स्कंधो संबंधे पूर्व प्रश्न. [उ०] हे गौतम ! दश प्रदेशवाळा स्कंधो करतां संख्यात प्रदेशवाळा स्कंधो द्रव्यार्थरूपे घणा छे.

संख्यात प्रदेशिक अने असंख्यात प्रदेशिक स्कन्धनुं अल्पबहुत्व.

४५. [प्र०] हे भगवन् ! ए संख्यात प्रदेशवाळा स्कंधो संबंधे प्रश्न. [उ०] हे गौतम ! संख्यात प्रदेशिक स्कंधो करतां असंख्यात प्रदेशिक स्कंधो द्रव्यार्थपणे घणा छे.

असंख्यात प्रदेशिक अने अनन्त प्रदेशिक स्कन्धनुं अल्पबहुत्व.

४६. [प्र०] हे भगवन् ! ए असंख्यात प्रदेशिक स्कंधो संबन्धे प्रश्न. [उ०] हे गौतम! द्रव्यार्थ रूपे अनंत प्रदेशिक स्कंधो करतां असंख्यात प्रदेशिक स्कंधो घणा छे.

परमाणु अने द्विप्रदेशिक स्कन्धनुं प्रदेशार्थरूपे अल्पबहुत्व.

४७. [प्र०] हे भगवन् ! परमाणु पुद्गल अने द्विप्रदेशिक स्कंधमां प्रदेशार्थरूपे कया कया शाथी यावत्-विशेषाधिक छे ? [उ०] हे गौतम ! प्रदेशार्थरूपे परमाणुपुद्गलो करतां द्विप्रदेशिक स्कंधो घणा छे. एम आ पाठ वडे यावत्-नव प्रदेशिक स्कंधो करतां दश प्रदेशिक स्कंधो प्रदेशार्थरूपे घणा छे. ए रीते सर्वत्र प्रश्न करवो. दश प्रदेशिक स्कंधो करतां संख्यात प्रदेशवाळा स्कंधो प्रदेशार्थरूपे घणा छे. संख्यात प्रदेशवाळा स्कंधो करतां असंख्यात प्रदेशिक स्कंधो प्रदेशार्थरूपे घणा छे.

असंख्यात प्रदेशिक अने अनन्तप्रदेशिकनुं अल्पबहुत्व.

४८. [प्र०] हे भगवन् ! ए असंख्यात प्रदेशिक स्कंधो संबंधे प्रश्न. [उ०] हे गौतम ! अनंत प्रदेशिक स्कंधो करतां असंख्य प्रदेशिक स्कंधो प्रदेशार्थपणे घणा छे.

प्रदेशावगाढ पुद्गलोनुं द्रव्यरूपे अल्पबहुत्व.

४९. [प्र०] हे भगवन् ! एक प्रदेशमां रहेला अने बे प्रदेशमां रहेला पुद्गलोमां द्रव्यार्थरूपे कया कोनाथी यावत्-विशेषाधिक छे ? [उ०] हे गौतम ! बे प्रदेशमां रहेला पुद्गलो करतां †एक प्रदेशमां रहेला पुद्गलो द्रव्यार्थरूपे विशेषाधिक छे. ए प्रमाणे ए पाठवडे त्रण

४३ * द्व्यणुक करतां परमाणुओ सूक्ष्मपणाथी अने एक होवाथी घणा छे, द्विप्रदेशिक स्कन्धो परमाणु करतां स्थूल होवाथी थोडा छे. एम पछीना सूत्र माटे जाणवुं. पूर्व पूर्वनी संख्या बहु छे अने पछी पछीनी थोडी छे. पण दशप्रदेशिक स्कन्धो करतां संख्यात प्रदेशिक स्कन्धो घणा छे. कारण के संख्यातना घणा स्थानो होय छे. संख्यातप्रदेशिक स्कन्ध करतां असंख्यात प्रदेशिक स्कन्धो घणा छे, कारण के, संख्यातप्रदेशिक करतां असंख्यातना घणा स्थानो होय छे. परंतु असंख्यात प्रदेशिक स्कन्धो करतां अनन्त प्रदेशिक स्कन्धो थोडा छे. कारण के तेनो तथाविध सूक्ष्म परिणाम थाय छे.—टीका.

४९ † परमाणुथी मांडी अनन्त प्रदेशिक स्कन्ध सुधी एक प्रदेशावगाढ होय छे अने द्व्यणुकथी मांडी अनन्ताणु स्कन्ध सुधी बे प्रदेशावगाढ होय छे. एम त्रिप्रदेशिक स्कन्धथी आरंभी अनन्त प्रदेशिक स्कन्ध सुधी त्रिप्रदेशावगाढ होय छे. ए प्रमाणे चतुःप्रदेशावगाढ, यावत्-असंख्य प्रदेशावगाढ स्कन्धो जाणवा.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिपएसोगाढेहिंतो पोग्गलेहिंतो दुपएसोगाढा पोग्गला दबट्ठयाए विसेसाहिया; जाव–दसपएसोगाढेहिंतो पोग्गलेहिंतो नवपएसोगाढा पोग्गला दबट्ठयाए विसेसाहिया। दसपएसोगाढेहिंतो पोग्गलेहिंतो संखेज्जपएसोगाढा पोग्गला दबट्ठयाए बहुया; संखेज्जपएसोगाढेहिंतो पोग्गलेहिंतो असंखेज्जपएसोगाढा पोग्गला दबट्ठयाए बहुया। पुच्छा सबत्थ भाणियबा।

५०. [प्र०] एएसि णं भंते! एगपएसोगाढाणं दुपएसोगाढाण य पोग्गलाणं पएसट्ठयाए कयरे कयरेहिंतो जाव–विसेसाहिया वा? [उ०] गोयमा! एगपएसोगाढेहिंतो पोग्गलेहिंतो दुपएसोगाढा पोग्गला पएसट्ठयाए विसेसाहिया, एवं जाव–नवपएसोगाढेहिंतो पोग्गलेहिंतो दसपएसोगाढा पोग्गला पएसट्ठयाए विसेसाहिया; दसपएसोगाढेहिंतो पोग्गलेहिंतो संखेज्जपएसोगाढा पोग्गला पएसट्ठयाए बहुया; संखेज्जपएसोगाढेहिंतो पोग्गलेहिंतो असंखेज्जपएसोगाढा पोग्गला-पएसट्ठयाए बहुया।

५१. [प्र०] एएसि णं भंते! एगसमयट्ठितीयाणं दुसमयट्ठितीयाण य पोग्गलाणं दबट्ठयाए० ? [उ०] जहा ओगाहणाए वत्तवया एवं ठितीए वि।

५२. [प्र०] एएसि णं भंते! एगगुणकालयाणं दुगुणकालयाण य पोग्गलाणं दबट्ठयाए० ? [उ०] एएसि णं जहा परमाणुपोग्गलादीणं तहेव वत्तवया निरवसेसा; एवं सबेसिं वन्न–गंध–रसाणं।

५३. [प्र०] एएसि णं भंते! एगगुणकक्खडाणं दुगुणकक्खडाण य पोग्गलाणं दबट्ठयाए कयरे कयरेहिंतो जाव–विसेसाहिया वा? [उ०] गोयमा! एगगुणकक्खडेहिंतो पोग्गलेहिंतो दुगुणकक्खडा पोग्गला दबट्ठयाए विसेसाहिया; एवं जाव–नवगुणकक्खडेहिंतो पोग्गलेहिंतो दसगुणकक्खडा पोग्गला दबट्ठयाए विसेसाहिया; दसगुणकक्खडेहिंतो पोग्गलेहिंतो संखेज्जगुणकक्खडा पोग्गला दबट्ठयाए बहुया; संखेज्जगुणकक्खडेहिंतो पोग्गलेहिंतो असंखेज्जगुणकक्खडा पोग्गला दबट्ठयाए बहुया; असंखेज्जगुणकक्खडेहिंतो पोग्गलेहिंतो अणंतगुणकक्खडा पोग्गला दबट्ठयाए बहुया। एवं पएसट्ठयाए। सबत्थ पुच्छा भाणियबा। जहा कक्खडा एवं मउय–गरुय–लहुया वि। सीय–उसिण–निद्ध–लुक्खा जहा वन्ना।

प्रदेशमां रहेला पुद्गलो करतां बे प्रदेशमां रहेला पुद्गलो द्रव्यार्थरूपे विशेषाधिक छे. यावत्–दश प्रदेशमां रहेला पुद्गलो करतां नव प्रदेशमां रहेला पुद्गलो द्रव्यार्थरूपे विशेषाधिक छे. दश प्रदेशमां रहेला पुद्गलो करतां संख्याता प्रदेशमां रहेला पुद्गलो द्रव्यार्थरूपे घणां छे. संख्याता प्रदेशमां रहेला पुद्गलो करतां असंख्याता प्रदेशमां रहेला पुद्गलो द्रव्यार्थरूपे घणां छे. सर्वत्र प्रश्न करवा.

५०. [प्र०] हे भगवन्! एक प्रदेशमां रहेला अने बे प्रदेशमा रहेला ए पुद्गलोमां प्रदेशार्थरूपे कया पुद्गलो कोनाथी यावत्–विशेषाधिक छे? [उ०] हे गौतम! एक प्रदेशमां रहेला पुद्गलो करतां बे प्रदेशमां रहेला पुद्गलो प्रदेशार्थरूपे विशेषाधिक छे. ए प्रमाणे यावत्–नव प्रदेशमां रहेला पुद्गलो करतां दश प्रदेशमां रहेला पुद्गलो प्रदेशार्थरूपे विशेषाधिक छे. दश प्रदेशमां रहेला पुद्गलो करतां संख्याता प्रदेशमां रहेला पुद्गलो प्रदेशार्थरूपे घणां छे. संख्याता प्रदेशमां रहेला पुद्गलो करतां असंख्याता प्रदेशमां रहेला पुद्गलो प्रदेशार्थरूपे घणां छे.

प्रदेशावगाढ पुद्गलोनुं प्रदेशरूपे अल्पबहुत्व.

५१. [प्र०] हे भगवन्! एक समयनी स्थितिवाळां अने बे समयनी स्थितिवाळां पुद्गलोमां द्रव्यार्थरूपे कयां पुद्गलो कोनाथी यावत्–विशेषाधिक छे? [उ०] जेम अवगाहनानी वक्तव्यता कही छे (सू० ४८–४९) तेम स्थितिनी पण वक्तव्यता कहेवी.

समयस्थितिवाळा पुद्गलोनुं अल्पबहुत्व

५२. [प्र०] हे भगवन्! एक गुण काळां अने द्विगुण काळां पुद्गलोमां द्रव्यार्थरूपे कया पुद्गलो कोनाथी विशेषाधिक छे–इत्यादि परमाणुपुद्गलादिनी वक्तव्यतानी पेठे बधी वक्तव्यता कहेवी. ए प्रमाणे बधा वर्ण, गंध अने रस संबंधे पण वक्तव्यता कहेवी.

वर्ण, गन्ध अने रस विशिष्ट पुद्गलोनुं अल्पबहुत्व.

५३. [प्र०] हे भगवन्! एकगुण कर्कश अने द्विगुण कर्कश पुद्गलोमां द्रव्यार्थरूपे कया पुद्गलो कोनाथी यावत्–विशेषाधिक छे? [उ०] हे गौतम! एकगुण कर्कश पुद्गलो करतां द्विगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे विशेषाधिक छे. ए प्रमाणे यावत्–नवगुण कर्कश पुद्गलो करतां दशगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे विशेषाधिक छे. दशगुण कर्कश पुद्गलो करतां संख्यातगुण कर्कश पुद्गलो द्रव्यार्थपणे घणां छे. संख्यातगुण कर्कश पुद्गलो करतां असंख्यातगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे घणां छे. असंख्यातगुण कर्कश पुद्गलो करतां अनंतगुण कर्कश पुद्गलो द्रव्यार्थपणे घणां छे. ए प्रमाणे प्रदेशार्थपणे पण सर्वत्र प्रश्न करवो. जेम कर्कश स्पर्श संबंधे कह्युं छे तेम मृदु, गुरु अने लघु स्पर्श विषे पण कहेवुं. तथा शीत, उष्ण, स्निग्ध अने रुक्ष स्पर्श संबन्धे वर्णनी पेठे कहेवुं.

स्पर्शविशिष्ट पुद्गलोनुं अल्पबहुत्व.

५४. [प्र०] एएसि णं भंते ! परमाणुपोग्गलाणं संखेज्जपएसियाणं, असंखेज्जपएसियाणं, अणंतपएसियाण य खंधाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरे० जाव-विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवा अणंतपएसिया खंधा दव्वट्ठयाए, परमाणुपोग्गला दव्वट्ठयाए अणंतगुणा, संखेज्जपएसिया खंधा दव्वट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसिया खंधा दव्वट्ठयाए असंखेज्जगुणा; पएसट्ठयाए-सव्वत्थोवा अणंतपएसिया खंधा पएसट्ठयाए, परमाणुपोग्गला अपएसट्ठयाए अणंतगुणा, संखेज्जपएसिया खंधा पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसिया खंधा पएसट्ठयाए असंखेज्जगुणा; दव्वट्ठपएसट्ठयाए-सव्वत्थोवा अणंतपएसिया खंधा दव्वट्ठयाए, ते चेव पएसट्ठयाए अणंतगुणा, परमाणुपोग्गला दव्वट्ठपएसट्ठयाए अणंतगुणा, संखेज्जपएसिया खंधा दव्वट्ठयाए संखेज्जगुणा, ते चेव पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसिया खंधा दव्वट्ठयाए असंखेज्जगुणा, ते चेव पएसट्ठयाए असंखेज्जगुणा ।

५५. [प्र०] एएसि णं भंते ! एगपएसोगाढाणं, संखेज्जपएसोगाढाणं, असंखेज्जपएसोगाढाण य पोग्गलाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरे० जाव विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवा एगपएसोगाढा पोग्गला दव्वट्ठयाए, संखेज्जपएसोगाढा पोग्गला दव्वट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसोगाढा पोग्गला दव्वट्ठयाए असंखेज्जगुणा; पएसट्ठयाए-सव्वत्थोवा एगपएसोगाढा पोग्गला [1]अपएसट्ठयाए, संखेज्जपएसोगाढा पोग्गला पएसट्ठयाए [2]संखेज्जगुणा, असंखेज्जपएसोगाढा पोग्गला पएसट्ठयाए असंखेज्जगुणा; दव्वट्ठपएसट्ठयाए-सव्वत्थोवा एगपएसोगाढा पोग्गला [3]दव्वट्ठअपदेसट्ठयाए, संखेज्जपएसोगाढा पोग्गला दव्वट्ठयाए संखेज्जगुणा, ते चेव पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसोगाढा पोग्गला दव्वट्ठयाए असंखेज्जगुणा, ते चेव पएसट्ठयाए असंखेज्जगुणा ।

५६. [प्र०] एएसि णं भंते ! एगसमयट्ठितीयाणं, संखेज्जसमयट्ठितीयाणं, असंखेज्जसमयट्ठितीयाण य पोग्गलाणं० ? [उ०] जहा ओगाहणाए तहा ठितीए वि भाणियव्वं अप्पाबहुगं ।

परमाणुथी आरंभी अनन्त प्रदेशिक स्कन्धोनुं अल्पबहुत्व.

५४. [प्र०] हे भगवन् ! ए परमाणुपुद्गलो संख्यातप्रदेशिक, असंख्यातप्रदेशिक अने अनंतप्रदेशिक स्कंधोमां द्रव्यार्थरूपे, प्रदेशार्थरूपे अने द्रव्यार्थ-प्रदेशार्थरूपे कयां पुद्गलस्कन्धो कोनाथी यावत्-विशेषाधिक छे? [उ०] हे गौतम ! द्रव्यार्थरूपे सौथी थोडा अनंतप्रदेशिक स्कंधो छे. तेथी परमाणु पुद्गलो द्रव्यार्थरूपे अनंतगुण छे, तेथी संख्यातप्रदेशिक स्कंधो द्रव्यार्थरूपे संख्यातगुण छे, तेथी असंख्यातप्रदेशिक स्कंधो द्रव्यार्थरूपे असंख्यातगुण छे. प्रदेशार्थरूपे-अनंतप्रदेशवाळा स्कंधो प्रदेशार्थरूपे सौथी थोडा छे, तेथी परमाणुपुद्गलो *अप्रदेशार्थरूपे अनंतगुण छे, तेथी संख्यातप्रदेशिक स्कंधो प्रदेशार्थरूपे संख्यातगुण छे, तेथी असंख्यातप्रदेशिक स्कंधो प्रदेशार्थरूपे असंख्यातगुण छे, द्रव्यार्थरूपे-अनंतप्रदेशिक स्कंधो द्रव्यार्थरूपे सौथी थोडा छे, अने तेज स्कंधो प्रदेशार्थरूपे अनंतगुण छे; तेथी परमाणुपुद्गलो द्रव्यार्थ-अप्रदेशार्थरूपे अनंतगुण छे, तेथी संख्यातप्रदेशिक स्कंधो †द्रव्यार्थरूपे संख्यातगुण छे, अने तेथी तेज स्कंधो प्रदेशार्थरूपे संख्यातगुण छे, तेथी असंख्यातप्रदेशिक स्कंधो द्रव्यार्थरूपे असंख्यात गुण छे, अने तेथी ते ज स्कंधो प्रदेशार्थरूपे असंख्यातगुण छे.

प्रदेशावगाढ पुद्गलोनुं अल्पबहुत्व.

५५. [प्र०] हे भगवन् ! एक प्रदेशमां रही शके तेवा, संख्यात प्रदेशमां रही शके तेवा अने असंख्यात प्रदेशमां रही शके तेवा ए पुद्गलोमां द्रव्यार्थपणे, प्रदेशार्थपणे अने द्रव्यार्थ-प्रदेशार्थपणे कया पुद्गलो कोनाथी यावत्-विशेषाधिक छे ? [उ०] हे गौतम ! एक प्रदेशमां रही शके तेवा पुद्गलो द्रव्यार्थरूपे सौथी थोडां छे, तेथी संख्यात प्रदेशमां रही शके तेवा पुद्गलो द्रव्यार्थरूपे संख्यातगुण छे, तेथी असंख्यात प्रदेशमां रही शके तेवा पुद्गलो द्रव्यार्थरूपे असंख्यातगुण छे. प्रदेशार्थरूपे-एक प्रदेशमां रही शके तेवा पुद्गलो अप्रदेशार्थपणे सौथी थोडां छे, तेथी संख्याता प्रदेशमां रही शके तेवा पुद्गलो प्रदेशार्थरूपे संख्यातगुण छे, तेथी असंख्यात प्रदेशमां रहेला पुद्गलो प्रदेशार्थरूपे असंख्यातगुण छे. द्रव्यार्थ-प्रदेशार्थरूपे-एक प्रदेशमां रही शके तेवा पुद्गलो द्रव्यार्थ-अप्रदेशार्थरूपे सौथी थोडां छे, तेथी संख्याता प्रदेशमां रही शके तेवा पुद्गलो द्रव्यार्थरूपे संख्यातगुण छे, अने तेज पुद्गलो प्रदेशार्थरूपे संख्यातगुण छे, तेथी असंख्यात प्रदेशमां रही शके तेवा पुद्गलो द्रव्यार्थरूपे असंख्यातगुण छे अने ते तेथी तेज पुद्गलो प्रदेशार्थरूपे असंख्यातगुण छे.

एक समयादि स्थितिवाळा पुद्गलोनुं अल्पबहुत्व.

५६. [प्र०] हे भगवन् ! एक समयनी स्थितिवाळा, संख्यात समयनी स्थितिवाळा अने असंख्यात समयनी स्थितिवाळा ए पुद्गलोमां कयां कोनाथी यावत्-विशेषाधिक छे ? [उ०] जेम अवगाहना संबंधे अल्पबहुत्व कह्युं छे, तेम स्थिति संबन्धे पण अल्पबहुत्व कहेवुं.

---

१ पएसट्ठयाए ग-छ । २ असंखेज्ज छ । ३ दव्वट्ठपएसट्ठ-छ ।

५४ * परमाणु अप्रदेशी होवाथी एटले तेने प्रदेश नहि होवाथी अप्रदेशार्थरूपे अनन्तगुण कह्या छे.

† परमाणुओ द्रव्यनी विवक्षामां द्रव्यरूप छे अने प्रदेशविवक्षामां तेने प्रदेशो नहि होवाथी द्रव्यार्थ-अप्रदेशार्थरूपे अनन्तगुण कह्या छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५७. [प्र०] एएसि णं भंते ! एगगुणकालगाणं, संखेज्जगुणकालगाणं, असंखेज्जगुणकालगाणं, अणंतगुणकालगाण य पोग्गलाणं दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठपएसट्ठयाए० ? [उ०] एएसिं जहा परमाणुपोग्गलाणं अप्पाबहुगं तहा एएसिं पि अप्पाबहुगं; एवं सेसाण वि वन्न-गंध-रसाणं ।

५८. [प्र०] एएसि णं भंते ! एगगुणकक्खडाणं, संखेज्जगुणकक्खडाणं, असंखेज्जगुणकक्खडाणं, अणंतगुणकक्खडाण य पोग्गलाणं दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठपएसट्ठयाए कयरे कयरे० जाव-विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवा एगगुणकक्खडा पोग्गला दव्वट्ठयाए, संखेज्जगुणकक्खडा पोग्गला दव्वट्ठयाए संखेज्जगुणा, असंखेज्जगुणकक्खडा पोग्गला दव्वट्ठयाए असंखेज्जगुणा, अणंतगुणकक्खडा पोग्गला दव्वट्ठयाए अणंतगुणा, पएसट्ठयाए एवं चेव; नवरं संखेज्जगुणकक्खडा पोग्गला पएसट्ठयाए असंखेज्जगुणा, सेसं तं चेव । दव्वट्ठपएसट्ठयाए-सव्वत्थोवा एगगुणकक्खडा पोग्गला दव्वट्ठपएसट्ठयाए, संखेज्जगुणकक्खडा पोग्गला दव्वट्ठयाए संखेज्जगुणा; ते चेव पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जगुणकक्खडा दव्वट्ठयाए असंखेज्जगुणा, ते चेव पएसट्ठयाए असंखेज्जगुणा; अणंतगुणकक्खडा दव्वट्ठयाए अणंतगुणा, ते चेव पएसट्ठयाए अणंतगुणा । एवं मउय-गरुय-लहुयाण वि अप्पाबहुयं । सीय-उसिण-निद्ध-लुक्खाणं जहा वन्नाणं तहेव ।

५९. [प्र०] परमाणुपोग्गले णं भंते ! दव्वट्ठयाए किं कडजुम्मे, तेयोए, दावरजुम्मे, कलियोगे ? [उ०] गोयमा ! नो कडजुम्मे, नो तेयोए, नो दावरजुम्मे, कलियोगे । एवं जाव-अणंतपएसिए खंधे ।

६०. [प्र०] परमाणुपोग्गला णं भंते ! दव्वट्ठयाए किं कडजुम्मा-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मा, जाव-सिय कलियोगा; विहाणादेसेणं नो कडजुम्मा, नो तेयोगा, नो दावरजुम्मा, कलियोगा । एवं जाव-अणंतपएसिया खंधा ।

६१. [प्र०] परमाणुपोग्गले णं भंते ! पएसट्ठयाए किं कडजुम्मे० पुच्छा । [उ०] गोयमा ! नो कडजुम्मे, नो तेयोगे, नो दावरजुम्मे, कलियोगे ।

५७. [प्र०] हे भगवन् ! एकगुण काळा, संख्यातगुण काळा, असंख्यातगुण काळा अने अनंतगुण काळा ए पुद्गलोमां द्रव्यार्थरूपे, प्रदेशार्थरूपे अने द्रव्यार्थप्रदेशार्थरूपे कया पुद्गलो कोनाथी यावद्-विशेषाधिक छे ? [उ०] जेम परमाणुपुद्गलोनुं अल्पबहुत्व कह्युं छे ( सू० ५३ ) तेम एओनुं पण अल्पबहुत्व कहेवुं. एम काळा सिवायना बाकीना वर्ण, गंध अने रस संबंधे पण जाणवुं. वर्णविशिष्ट पुद्गलोनुं अल्पबहुत्व.

५८. [प्र०] हे भगवन् ! एकगुण कर्कश, संख्यातगुण कर्कश, असंख्यातगुण कर्कश अने अनंतगुण कर्कश ए पुद्गलोमां द्रव्यार्थरूपे, प्रदेशार्थरूपे तथा द्रव्यार्थप्रदेशार्थरूपे कया पुद्गलो कोनाथी यावत्—विशेषाधिक छे ? [उ०] हे गौतम ! एकगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे सौथी थोडां छे, तेथी संख्यातगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे संख्यातगुणा छे, तेथी असंख्यातगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे असंख्यातगुण छे, तेथी अनंतगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे अनंतगुण छे. प्रदेशार्थरूपे पण ए ज रीते जाणवुं. परन्तु विशेष ए के, संख्यातगुण कर्कश पुद्गलो प्रदेशार्थरूपे असंख्यातगुणा छे. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं. द्रव्यार्थप्रदेशार्थरूपे—एकगुण कर्कश पुद्गलो द्रव्यार्थ—प्रदेशार्थपणे सौथी थोडां छे; तेथी संख्यातगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे संख्यातगुणां छे, अने तेज पुद्गलो प्रदेशार्थरूपे तेथी संख्यातगुणां छे, तेथी असंख्यातगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे असंख्यातगुण छे, अने तेथी तेज पुद्गलो प्रदेशार्थरूपे असंख्यातगुण छे, अनंतगुण कर्कश पुद्गलो द्रव्यार्थरूपे तेथी अनंतगुण छे, अने तेज पुद्गलो प्रदेशार्थरूपे तेथी अनंतगुण छे. एज रीते मृदु, गुरु अने लघु स्पर्शोनुं पण अल्पबहुत्व कहेवुं. शीत, उष्ण, स्निग्ध अने रुक्ष स्पर्शोनुं अल्पबहुत्व वर्णोनी पेठे जाणवुं.

५९. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गल द्रव्यार्थरूपे कृतयुग्म छे, त्र्योज छे, द्वापरयुग्म छे के कल्योज छे ? [उ०] हे गौतम ! कृतयुग्म नथी, त्र्योज नथी, द्वापरयुग्म नथी, पण *कल्योजरूप छे. ए प्रमाणे यावत्—अनंतप्रदेशिक स्कंध सुधी जाणवुं. परमाणुमां कृतयुग्मादि राशिनो समवतार.

६०. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गलो द्रव्यार्थपणे कृतयुग्म छे—इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! कदाच सामान्यादेशथी कृतयुग्म होय, यावत्—कदाच कल्योज रूप होय. अने विशेषादेशथी कृतयुग्म, त्र्योज के द्वापरयुग्म नथी, पण कल्योजरूप होय छे. ए प्रमाणे यावत्—अनंत प्रदेशिक स्कंधो सुधी जाणवुं. परमाणुओ.

६१. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गल प्रदेशार्थरूपे कृतयुग्म छे—इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! ते कृतयुग्म नथी, त्र्योज नथी, तेम द्वापरयुग्म नथी, पण कल्योजरूप छे. परमाणु प्रदेशरूपे.

---

५९ * विधानादेशथी एक परमाणुपुद्गलने चार संख्याथी अपहार करतां एक बाकी रहे माटे ते हमेशां कल्योजरूप होय छे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६२. [प्र०] दुपएसिए-पुच्छा । [उ०] गोयमा ! नो कडजुम्मे, नो तेयोये, दावरजुम्मे, नो कलियोगे ।

६३. [प्र०] तिपएसिए-पुच्छा । [उ०] गोयमा ! नो कडजुम्मे, तेयोए, नो दावरजुम्मे, नो कलियोए ।

६४. [प्र०] चउप्पएसिए-पुच्छा । [उ०] गोयमा ! कडजुम्मे, नो तेओए, नो दावरजुम्मे, नो कलियोगे । पंचपएसिए जहा परमाणुपोग्गले । छप्पएसिए जहा दुप्पएसिए । सत्तपएसिए जहा तिपएसिए । अट्ठपएसिए जहा चउप्पएसिए । नवपएसिए जहा परमाणुपोग्गले । दसपएसिए जहा दुप्पएसिए ।

६५. [प्र०] संखेज्जपएसिए णं भंते ! पोग्गले-पुच्छा । [उ०] गोयमा ! सिय कडजुम्मे, जाव-सिय कलियोए । एवं असंखेज्जपएसिए वि, अणंतपएसिए वि ।

६६. [प्र०] परमाणुपोग्गला णं भंते ! पएसट्ठयाए किं कडजुम्मा-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मा, जाव-सिय कलियोगा । विहाणादेसेणं नो कडजुम्मा, नो तेयोया, नो दावरजुम्मा, कलियोगा ।

६७. [प्र०] दुप्पएसिया णं पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मा, नो तेयोया, सिय दावरजुम्मा, नो कलियोगा । विहाणादेसेणं नो कडजुम्मा, नो तेयोया, दावरजुम्मा, नो कलियोगा ।

६८. [प्र०] तिपएसिया णं-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मा, जाव-सिय कलियोगा । विहाणादेसेणं नो कडजुम्मा, तेयोगा, नो दावरजुम्मा, नो कलियोगा ।

६९. [प्र०] चउप्पएसिया णं-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेण वि विहाणादेसेण वि कडजुम्मा, नो तेयोगा, नो दावरजुम्मा, नो कलियोगा । पंचपएसिया जहा परमाणुपोग्गला । छप्पएसिया जहा दुप्पएसिया । सत्तपएसिया जहा तिपएसिया । अट्ठपएसिया जहा चउपएसिया । नवपएसिया जहा परमाणुपोग्गला । दसपएसिया जहा दुपएसिया ।

७०. [प्र०] संखेज्जपएसिया णं-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मा, जाव-सिय कलियोगा । विहाणादेसेणं कडजुम्मा वि, जाव-कलियोगा वि । एवं असंखेज्जपएसिया वि, अणंतपएसिया वि ।

द्विप्रदेशिक स्कन्ध. ६२. [प्र०] द्विप्रदेशिक स्कंध संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! ते कृतयुग्म, त्र्योज के कल्योज रूप नथी, पण द्वापरयुग्म छे.

त्रिप्रदेशिक स्कन्ध. ६३. [प्र०] त्रिप्रदेशिक स्कंध संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! ते कृतयुग्म, द्वापर के कल्योज नथी, पण त्र्योज छे.

चतुःप्रदेशिकादि स्कन्ध. ६४. [प्र०] चार प्रदेशवाळा स्कंध संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! कृतयुग्म छे, पण त्र्योज, द्वापर के कल्योज नथी. परमाणुपुद्गलनी पेठे पांच प्रदेशवाळो स्कंध, द्विप्रदेशिक स्कन्धनी पेठे षट्प्रदेशिक स्कंध, त्रिप्रदेशिक स्कन्धनी पेठे सप्त प्रदेशिक स्कंध, चतुःप्रदेशिकनी पेठे आठ प्रदेशवाळो स्कंध, परमाणुपुद्गलनी पेठे नव प्रदेशिक स्कंध अने द्विप्रदेशिक स्कन्धनी पेठे दशप्रदेशिक स्कंध जाणवो.

संख्यातप्रदेशिक स्कन्ध. ६५. [प्र०] हे भगवन् ! शुं संख्यातप्रदेशिक स्कंध कृतयुग्म छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! ते कदाच कृतयुग्म होय अने यावत्-कदाच कल्योजरूप होय. ए प्रमाणे असंख्यात प्रदेशिक तथा अनंतप्रदेशिक स्कंध संबंधे जाणवुं.

परमाणुओमां प्रदेशरूपे कृतयुग्मादि राशिओ. ६६. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गलो प्रदेशार्थपणे कृतयुग्म छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सामान्यादेशथी कदाच कृतयुग्म छे, अने यावत्-कदाच कल्योज छे. तथा विशेषादेशनी अपेक्षाए कृतयुग्म, त्र्योज के द्वापरयुग्म नथी, पण कल्योज छे.

द्विप्रदेशिक स्कन्धो. ६७. [प्र०] द्विप्रदेशिक स्कंधो संबंधे प्रश्न. [उ०] हे गौतम ! सामान्यादेशनी अपेक्षाए कदाच कृतयुग्म होय अने कदाच द्वापरयुग्म होय, पण त्र्योज के कल्योजराशि रूप न होय. विशेषनी अपेक्षाए कृतयुग्म, त्र्योज के कल्योजरूप न होय, पण द्वापरयुग्म राशिरूप होय.

त्रिप्रदेशिक स्कन्धो. ६८. [प्र०] त्रिप्रदेशिक स्कंधो संबन्धे प्रश्न. [उ०] हे गौतम! सामान्यादेशथी कदाच कृतयुग्म, यावत्-कदाच कल्योज होय, विशेषादेशथी कृतयुग्म, द्वापरयुग्म के कल्योज न होय, पण त्र्योज होय.

चतुष्प्रदेशिकादि स्कन्धो. ६९. [प्र०] शुं चतुष्प्रदेशिक स्कन्धो कृतयुग्म छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सामान्यादेश अने विशेषादेशनी अपेक्षाए कृतयुग्मरूप छे, पण त्र्योज, द्वापरयुग्म अने कल्योजरूप नथी. पंचप्रदेशिक स्कन्धो परमाणुपुद्गलनी पेठे ( सू० ६०-६१ ) जाणवा. छप्रदेशिक स्कन्धोने द्विप्रदेशिक स्कन्धोनी पेठे ( सू० ६७ ) जाणवुं. सप्तप्रदेशिक स्कन्धो त्रिप्रदेशिक स्कन्धोनी पेठे ( सू० ६८ ), अष्टप्रदेशिक स्कन्धो चतुष्प्रदेशिकनी पेठे, नवप्रदेशिक स्कन्धो परमाणुपुद्गलोनी जेम (सू० ६०-६१) अने दशप्रदेशिक स्कन्धो द्विप्रदेशिक स्कन्धोनी पेठे ( सू० ६१ ) जाणवा.

संख्यातप्रदेशिकादि स्कन्धो. ७०. [प्र०] शुं संख्यातप्रदेशिक स्कन्धो कृतयुग्मराशि रूप होय-इत्यादि प्रश्न. [उ०] सामान्यादेशथी कदाच कृतयुग्मरूप होय, यावत्-कदाच कल्योजरूप पण होय. विशेषादेशथी पण कदाच कृतयुग्मरूप होय, यावत्-कदाच कल्योजरूप पण होय. एम असंख्यात प्रदेशिक अने अनन्तप्रदेशिक स्कन्धो जाणवा.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७१. [प्र०] परमाणुपोग्गले णं भंते ! किं कडजुम्मपएसोगाढे-पुच्छा । [उ०] गोयमा ! नो कडजुम्मपएसोगाढे, नो तेयोग०, नो दावरजुम्म०, कलियोगपएसोगाढे ।

७२. [प्र०] दुपएसिए णं-पुच्छा । [उ०] गोयमा ! नो कडजुम्मपएसोगाढे, णो तेयोग०, सिय दावरजुम्मपएसोगाढे, सिय कलियोगपएसोगाढे ।

७३. [प्र०] तिपएसिए णं-पुच्छा । [उ०] गोयमा ! णो कडजुम्मपएसोगाढे, सिय तेयोगपएसोगाढे, सिय दावरजुम्मपएसोगाढे, सिय कलियोगपएसोगाढे ३ ।

७४. [प्र०] चउप्पएसिए णं-पुच्छा । [उ०] गोयमा ! सिय कडजुम्मपएसोगाढे, जाव-सिय कलियोगपएसोगाढे ४ । एवं जाव-अणंतपएसिए ।

७५. [प्र०] परमाणुपोग्गला णं भंते ! किं कडजुम्म-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं कडजुम्मपएसोगाढा, णो तेयोग०, नो दावर०, नो कलियोग० । विहाणादेसेणं नो कडजुम्मपएसोगाढा, णो तेयोग०, नो दावर०, कलिओगपएसोगाढा ।

७६. [प्र०] दुप्पएसिया णं-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं कडजुम्मपएसोगाढा, नो तेयोग०, नो दावर०, नो कलिओग० । विहाणादेसेणं नो कडजुम्मपएसोगाढा, नो तेयोगपएसोगाढा, दावरजुम्मपएसोगाढा वि, कलियोगपएसोगाढा वि ।

७७. [प्र०] तिप्पएसिया णं-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं कडजुम्मपएसोगाढा, नो तेयोग०, नो दावर०, नो कलि० । विहाणादेसेणं नो कडजुम्मपएसोगाढा, तेओगपएसोगाढा वि, दावरजुम्मपएसोगाढा वि, कलिओगपएसोगाढा वि ३।

७८. [प्र०] चउप्पएसिया णं-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं कडजुम्मपएसोगाढा, नो तेयोग०, नो दावर०, नो कलिओग० । विहाणादेसेणं कडजुम्मपएसोगाढा वि, जाव-कलिओगपएसोगाढा वि ४ । एवं जाव-अणंतपएसिया ।

७९. [प्र०] परमाणुपोग्गले णं भंते ! किं कडजुम्मसमयट्ठितीए-पुच्छा । [उ०] गोयमा ! सिय कडजुम्मसमयट्ठितीए, जाव-सिय कलिओगसमयट्ठितीए । एवं जाव-अणंतपएसिए ।

७१. [प्र०] हे भगवन् ! परमाणुपुद्गल कृतयुग्मप्रदेशावगाढ होय-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! कृतयुग्मप्रदेशावगाढ, त्र्योज प्रदेशावगाढ अने द्वापरयुग्मप्रदेशावगाढ न होय, पण कल्योजप्रदेशावगाढ होय. *परमाणुनी प्रदेशावगाढता.*

७२. [प्र०] द्विप्रदेशिक स्कंध संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! ते कृतयुग्म के त्र्योज प्रदेशाश्रित नथी, पण कदाच द्वापरयुग्म के कदाच कल्योज प्रदेशाश्रित छे. *द्विप्रदेशिक.*

७३. [प्र०] हे भगवन् ! शुं त्रिप्रदेशिक स्कंध कृतयुग्मप्रदेशावगाढ छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! ते कृतयुग्मप्रदेशाश्रित नथी, पण कदाच त्र्योज, कदाच द्वापरयुग्म के कदाच कल्योजप्रदेशाश्रित होय छे. *त्रिप्रदेशिक.*

७४. [प्र०] चतुःप्रदेशिक स्कंध संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! ते कदाच कृतयुग्मप्रदेशाश्रित होय छे अने यावत्-कदाच कल्योजप्रदेशाश्रित होय छे. ए प्रमाणे यावत्-अनंतप्रदेशिक स्कंध सुधी जाणवुं. *चतुःप्रदेशिक.*

७५. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गलो कृतयुग्मप्रदेशाश्रित होय छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सामान्यादेशथी कृतयुग्म प्रदेशाश्रित होय छे, पण त्र्योज, द्वापर के कल्योजप्रदेशाश्रित नथी. तथा विशेषादेशथी कृतयुग्म, त्र्योज के द्वापरयुग्मप्रदेशाश्रित नथी, पण कल्योजप्रदेशाश्रित होय छे. *परमाणुपुद्गलो.*

७६. [प्र०] हे भगवन् ! शुं द्विप्रदेशिक स्कंधो कृतयुग्मप्रदेशावगाढ छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सामान्यादेशथी कृतयुग्मप्रदेशावगाढ छे, पण त्र्योज, द्वापर के कल्योजप्रदेशावगाढ नथी, अने विशेषादेशथी कृतयुग्म प्रदेशमां रहेल नथी, त्र्योज प्रदेशमां रहेल नथी, पण द्वापरयुग्म प्रदेशाश्रित अने कल्योजप्रदेशाश्रित छे. *द्विप्रदेशिक स्कन्धो.*

७७. [प्र०] हे भगवन् ! त्रिप्रदेशिक स्कन्ध कृतयुग्मप्रदेशावगाढ छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सामान्यादेशथी कृतयुग्मप्रदेशाश्रित छे, पण त्र्योज, द्वापर के कल्योज प्रदेशाश्रित नथी. तथा विशेषादेशथी कृतयुग्मप्रदेशाश्रित नथी, पण त्र्योज, द्वापर के कल्योजप्रदेशाश्रित होय छे. *त्रिप्रदेशिक स्कन्धो.*

७८. [प्र०] चतुःप्रदेशिक स्कंधो संबन्धे प्रश्न. [उ०] हे गौतम ! सामान्यादेशथी कृतयुग्मप्रदेशाश्रित होय छे, पण त्र्योज, द्वापरयुग्म के कल्योजप्रदेशाश्रित नथी, तथा विशेषादेशथी कृतयुग्मप्रदेशाश्रित होय छे, यावत्-कल्योजप्रदेशाश्रित पण होय छे. ए प्रमाणे यावत्-अनंतप्रदेशिक स्कंधो सुधी जाणवुं. *चतुःप्रदेशिक स्कन्धो.*

*अनन्तप्रदेशिक परमाण्वादिनी कृतयुग्मादि समयनी स्थिति.*

७९. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गल कृतयुग्मसमयनी स्थितिवाळुं छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! कदाच कृतयुग्म समयनी स्थितिवाळुं होय छे, यावत्-कदाच कल्योज समयनी स्थितिवाळुं होय छे. ए प्रमाणे यावत्-अनंतप्रदेशिक स्कंध सुधी जाणवुं.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८०. [प्र०] परमाणुपोग्गला णं भंते ! किं कडजुम्म०-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मसमयट्ठितीया, जाव-सिय कलियोगसमयट्ठितीया ४ । विहाणादेसेणं कडजुम्मसमयट्ठितीया वि, जाव-कलियोगसमयट्ठितीया वि ४ । एवं जाव-अणंतपएसिया ।

८१. [प्र०] परमाणुपोग्गले णं भंते ! कालवन्नपज्जवेहिं किं कडजुम्मे, तेओगे-? [ उ० ] जहा ठितीए वत्तव्वया एवं वन्नेसु वि सव्वेसु, गंधेसु वि एवं चेव, [एवं] रसेसु वि जाव-'महुरो रसो' त्ति ।

८२. [प्र०] अणंतपएसिए णं भंते ! खंधे कक्खडफासपज्जवेहिं किं कडजुम्मे-पुच्छा । [उ०] गोयमा ! सिय कडजुम्मे, जाव-सिय कलिओगे ।

८३. [प्र०] अणंतपएसिया णं भंते ! खंधा कक्खडफासपज्जवेहिं किं कडजुम्मा-पुच्छा । [उ०] गोयमा ! ओघादेसेणं सिय कडजुम्मा, जाव-सिय कलियोगा ४ । विहाणादेसेणं कडजुम्मा वि, जाव-कलियोगा वि ४ । एवं मउय-गरुय-लहुया वि भाणियव्वा । सीय-उसिण-निद्ध-लुक्खा जहा वन्ना ।

८४. [प्र०] परमाणुपोग्गले णं भंते ! किं सड्ढे अणड्ढे ? [उ०] गोयमा ! नो सड्ढे, अणड्ढे ।

८५. [प्र०] दुपएसिए णं-पुच्छा । [उ०] गोयमा ! सड्ढे, नो अणड्ढे । तिपएसिए जहा परमाणुपोग्गले । चउपएसिए जहा दुपएसिए । पंचपएसिए जहा तिपएसिए । छप्पएसिए जहा दुपएसिए । सत्तपएसिए जहा तिपएसिए । अट्ठपएसिए जहा दुपएसिए । नवपएसिए जहा तिपएसिए । दसपएसिए जहा दुपएसिए ।

८६. [प्र०] संखेज्जपएसिए णं भंते ! खंधे-पुच्छा । [उ०] गोयमा ! सिय सड्ढे, सिय अणड्ढे । एवं असंखेज्जपएसिए वि । एवं अणंतपएसिए वि ।

८०. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गलो कृतयुग्म समयनी स्थितिवाळां छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सामान्यादेशथी कदाच कृतयुग्म समयनी स्थितिवाळां होय अने यावत्-कदाच कल्योज समयनी स्थितिवाळां होय. तथा विशेषादेशथी कृतयुग्म-समयनी स्थितिवाळां पण होय अने यावत्-कल्योज समयनी स्थितिवाळां पण होय. ए प्रमाणे यावत्-अनंतप्रदेशिक स्कंधो सुधी जाणवुं.

वर्णादि पर्यायोनी कृतयुग्मादिरूपता.

८१. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गलना काळा वर्णपर्यायो कृतयुग्मरूप छे, त्र्योज छे-इत्यादि प्रश्न. [उ०] जेम स्थितिनी वक्तव्यता कही तेम सर्व वर्णनी वक्तव्यता कहेवी. एम बधा गंधो अने रसोने विषे पण यावत्-मधुर रस सुधी एज प्रमाणे जाणवुं.

८२. [प्र०] हे भगवन् ! शुं अनंतप्रदेशिक स्कंधना कर्कशस्पर्शपर्यायो कृतयुग्म छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! ते कदाच कृतयुग्म छे अने यावत्-कदाच कल्योजरूप छे.

८३. [प्र०] हे भगवन् ! शुं अनंत प्रदेशवाळा स्कंधोना कर्कशस्पर्शपर्यायो कृतयुग्म छे-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! सामान्यादेशथी कदाच कृतयुग्म अने यावत्-कदाच कल्योज रूप पण होय छे. विशेषादेशथी कृतयुग्म पण छे अने यावत्-कल्योजरूप पण छे. ए प्रमाणे मृदु-कोमळ, गुरु-भारे अने लघु-हळवो-ए स्पर्श कहेवा. अने शीत-ठंडो, उष्ण-उनो, स्निग्ध-चिकणो अने रुक्ष-लुखो-ए स्पर्शो वर्णोनी पेठे कहेवा.

परमाणु सार्ध के अनर्ध ?

८४. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गल सार्ध (जेनो अरधो भाग थइ शके तेवुं) छे, के अनर्ध (जेनो अरधो भाग न थइ शके तेवुं) छे ? [उ०] हे गौतम ! ते सार्ध नथी, पण अनर्ध छे.

द्विप्रदेशिकादि स्कन्ध.

८५. [प्र०] हे भगवन् ! शुं बे प्रदेशवाळो स्कंध सार्ध छे के अनर्ध छे ? [उ०] हे गौतम ! ते *सार्ध छे, पण अनर्ध नथी. ए रीते परमाणुपुद्गलनी पेठे त्रण प्रदेशवाळो स्कंध, बे प्रदेशवाळा स्कंधनी पेठे चार प्रदेशवाळो स्कंध, त्रण प्रदेशवाळानी पेठे पांच प्रदेशवाळो स्कंध, बे प्रदेशवाळानी पेठे छ प्रदेशवाळो स्कंध, त्रण प्रदेशवाळानी पेठे सात प्रदेशवाळो स्कंध, बे प्रदेशवाळानी पेठे आठ प्रदेशवाळो स्कंध, त्रण प्रदेशवाळानी पेठे नव प्रदेशवाळो स्कंध अने बे प्रदेशवाळानी पेठे दश प्रदेशवाळो स्कंध समजवो.

८६. [प्र०] हे भगवन् ! शुं संख्यातप्रदेशवाळो स्कंध सार्ध छे के अनर्ध छे ? [उ०] हे गौतम ! ते कदाच सार्ध छे अने कदाच अनर्ध छे. ए प्रमाणे असंख्यात प्रदेशवाळा तथा अनंत प्रदेशवाळा स्कंध संबंधे पण समजवुं.

---

८५ * सम-बेकी संख्यावाळा प्रदेशोना जे स्कन्धो छे ते सार्ध छे, कारण के तेना सरखा बे अर्ध भाग थइ शके छे. अने विषम-एकी संख्यावाळा प्रदेशोना जे स्कन्धो छे ते अनर्ध छे, कारण के तेना सरखा बे अर्ध भाग थइ शकता नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८७. [प्र०] परमाणुपोग्गला णं भंते ! किं सड्ढा, अणड्ढा ? [उ०] गोयमा ! सड्ढा वा, अणड्ढा वा । एवं जाव–अणंतपएसिया ।

८८. [प्र०] परमाणुपोग्गले णं भंते ! किं सेए, निरेए ? [उ०] गोयमा ! सिय सेए, सिय निरेए । एवं जाव–अणंतपएसिए ।

८९. [प्र०] परमाणुपोग्गला णं भंते ! किं सेया, निरेया ? [उ०] गोयमा ! सेया वि, निरेया वि । एवं जाव–अणंतपएसिया ।

९०. [प्र०] परमाणुपुग्गले णं भंते ! सेए कालओ केवचिरं होइ ? [उ०] गोयमा ! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं ।

९१. [प्र०] परमाणुपोग्गले णं भंते ! निरेए कालओ केवचिरं होइ ? [उ०] गोयमा ! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं असंखेज्जं कालं । एवं जाव–अणंतपएसिए ।

९२. [प्र०] परमाणुपोग्गला णं भंते ! सेया कालओ केवचिरं होन्ति ? [उ०] गोयमा ! सव्वद्धं ।

९३. [प्र०] परमाणुपोग्गला णं भंते ! निरेया कालओ केवचिरं होंति ? [उ०] गोयमा ! सव्वद्धं । एवं जाव–अणंतपएसिया ।

९४. [प्र०] परमाणुपोग्गलस्स णं भंते ! सेयस्स केवतियं कालं अंतरं होइ ? [उ०] गोयमा ! सट्ठाणंतरं पडुच्च जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं असंखेज्जं कालं; परट्ठाणंतरं पडुच्च जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं असंखेज्जं कालं ।

८७. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गलो सार्ध छे के अनर्ध छे ? [उ०] हे गौतम ! ते *सार्ध पण छे अने अनर्ध पण छे. ए प्रमाणे यावत्–अनंत प्रदेशवाळा स्कंधो सुधी समजवुं.

८८. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गल सकंप छे के निष्कंप छे ? [उ०] हे गौतम ! ते कदाच सकंप छे अने कदाच निष्कंप पण छे. ए प्रमाणे यावत्–अनंतप्रदेशिक स्कंध सुधी जाणवुं. सकंप अने निष्कंप

८९. [प्र०] हे भगवन् ! शुं परमाणुपुद्गलो सकंप छे के निष्कंप छे ? [उ०] हे गौतम ! ते सकंप पण छे अने निष्कंप पण छे. ए प्रमाणे यावत्–अनंत प्रदेशवाळा स्कंधो सुधी समजवुं.

९०. [प्र०] हे भगवन् ! परमाणुपुद्गल केटला काळ सुधी सकंप रहे ? [उ०] हे गौतम ! ते (परमाणुपुद्गल) जघन्य एक समय सुधी अने उत्कृष्ट आवलिकाना असंख्यातमा भाग सुधी सकंप रहे. परमाणुनी सकंपावस्थानो काळ.

९१. [प्र०] हे भगवन् ! परमाणुपुद्गल केटला काळ सुधी निष्कंप रहे ? [उ०] हे गौतम ! परमाणुपुद्गल जघन्य एक समय अने उत्कृष्ट असंख्याता काळ सुधी निष्कंप रहे. ए प्रमाणे यावत्–अनंतप्रदेशिक स्कंध सुधी जाणवुं. परमाणुनी निष्कंपतानो काळ.

९२. [प्र०] हे भगवन् ! परमाणुपुद्गलो केटला काळ सुधी कंपायमान रहे ? [उ०] हे गौतम ! परमाणुपुद्गलो सदा काळ कंपायमान रहे.

९३. [प्र०] हे भगवन् ! परमाणुपुद्गलो केटलो काळ निष्कंप रहे ? [उ०] हे गौतम ! सदा काळ निष्कंप रहे. ए प्रमाणे यावत्–अनंतप्रदेशवाळा स्कंधो सुधी जाणवुं. परमाणुओनी निष्कंपतानो काळ.

९४. [प्र०] हे भगवन् ! सकंप परमाणुपुद्गलने केटला काळनुं अंतर होय ? अर्थात् पोतानी कंपायमान अवस्थाथी बंध पडी पाछो केटले काळे कंपे ? [उ०] हे गौतम ! †स्वस्थानने आश्रयी जघन्य एक समय अने उत्कृष्ट असंख्य काळनुं अंतर होय. परस्थानने आश्रयी जघन्य एक समय अने उत्कृष्ट असंख्य काळनुं अंतर होय. सकंप परमाणुनुं अंतर.

---

८७ * ज्यारे घणा परमाणुओ समसंख्यावाळा होय छे त्यारे ते सार्ध अने विषमसंख्यावाळा होय छे त्यारे अनर्ध कहेवाय छे, कारण के संघात–परस्पर मळवाथी अने भेद–जुदा पडवाथी तेनी संख्या अवस्थित होती नथी, तेथी ते बन्ने रूपे छे.

९४ † परमाणु परमाणुअवस्थामां–स्कन्धथी वियुक्तावस्थामां होय त्यारे स्वस्थान कहेवाय छे, अने ज्यारे स्कन्धावस्थामां होय छे त्यारे परस्थान कहेवाय छे. तेमां एक परमाणु एकसमय पर्यन्त चलनक्रियाथी बन्ध पडी फरी चाले त्यारे स्वस्थानने आश्रयी जघन्यथी एक समयनुं अंतर होय छे, अने उत्कृष्टथी ते परमाणु असंख्यात काळ पर्यन्त कोइ स्थळे स्थिर रहीने पुनः चाले त्यारे असंख्यात काळनुं अन्तर होय छे. ज्यारे परमाणु द्विप्रदेशादिक स्कन्धना अन्तर्गत होय अने जघन्यथी एक समय चलनक्रियाथी निवृत्त थईने पुनः चाले त्यारे परस्थानने आश्रयी जघन्य एक समयनुं अन्तर होय पण ज्यारे ते परमाणु असंख्यात काळ पर्यन्त द्विप्रदेशादिक स्कन्धरूपे रहीने पुनः ते स्कन्धथी जुदो पडीने चाले त्यारे परस्थानने आश्रयी उत्कृष्ट असंख्यात काळनुं अन्तर होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९५. [प्र०] निरेयस्स केवतियं कालं अंतरं होइ ? [उ०] गोयमा ! सट्ठाणंतरं पडुच्च जहन्नेणं एकं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं; परट्ठाणंतरं पडुच्च जहन्नेणं एकं समयं, उक्कोसेणं असंखेज्जं कालं।

९६. [प्र०] दुपएसियस्स णं भंते ! खंधस्स सेयस्स पुच्छा। [उ०] गोयमा ! सट्ठाणंतरं पडुच्च जहन्नेणं एकं समयं, उक्कोसेणं असंखेज्जं कालं, परट्ठाणंतरं पडुच्च जहन्नेणं एकं समयं, उक्कोसेणं अणंतं कालं। [प्र०] निरेयस्स केवतियं कालं अंतरं होइ ? [उ०] गोयमा ! सट्ठाणंतरं पडुच्च जहन्नेणं एकं समयं, उक्कोसेणं आवलियाए असंखेज्जइभागं, परट्ठाणंतरं पडुच्च जहन्नेणं एकं समयं, उक्कोसेणं अणंतं कालं। एवं जाव-अणंतपएसियस्स।

९७. [प्र०] परमाणुपोग्गलाणं भंते ! सेयाणं केवतियं कालं अंतरं होइ ? [उ०] गोयमा ! नत्थि अंतरं। [प्र०] निरेयाणं केवतियं कालं अंतरं होइ ? [उ०] गोयमा ! नत्थि अंतरं। एवं जाव-अणंतपएसियाणं खंधाणं।

९८. [प्र०] एएसि णं भंते ! परमाणुपोग्गलाणं सेयाणं, निरेयाण य कयरे कयरेहिंतो जाव-विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवा परमाणुपोग्गला सेया, निरेया असंखेज्जगुणा, एवं जाव-असंखिज्जपएसियाणं खंधाणं।

९९. [प्र०] एएसि णं भंते ! अणंतपएसियाणं खंधाणं सेयाणं, निरेयाण य कयरे कयरे० जाव-विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवा अणंतपएसिया खंधा निरेया, सेया अणंतगुणा।

१००. [प्र०] एएसि णं भंते ! परमाणुपोग्गलाणं संखेज्जपएसियाणं, असंखेज्जपएसियाणं, अणंतपएसियाण य खंधाणं सेयाणं निरेयाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरे० जाव-विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवा

निष्कम्प परमाणुनुं अन्तर.

९५. [प्र०] हे भगवन् ! निष्कंप परमाणुपुद्गलनुं केटला काळनुं अंतर होय ?-निष्कंप परमाणुपुद्गल कंपीने पाछो केटले काळे निष्कंप थाय ? [उ०] हे गौतम ! *स्वस्थानने आश्रयी जघन्य एक समय अने उत्कृष्ट आवलिकाना असंख्य भागनुं तथा परस्थानने आश्रयी जघन्य एक समय अने उत्कृष्ट असंख्य काळनुं अंतर होय.

सकम्प अने निष्कम्प द्विप्रदेशिकादि स्कन्धनुं अन्तर.
निष्कम्प द्विप्रदेशिकादि स्कन्धनुं अन्तर.

२४. [प्र०] हे भगवन्! शुं बकुश जिनकल्पमां होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते जिनकल्पमां होय अने स्थविरकल्पमां होय, पण कल्पातीत न होय. ए प्रमाणे प्रतिसेवनाकुशील विषे पण समजवुं. बकुश अने कल्प.

२५. [प्र०] हे भगवन्! शुं कषायकुशील जिनकल्पमां होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते जिनकल्पमां होय, स्थविरकल्पमां होय, अने *कल्पातीत पण होय. कषायकुशील अने कल्प.

२६. [प्र०] हे भगवन्! शुं निर्ग्रंथ जिनकल्पमां होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते जिनकल्पमां अने स्थविरकल्पमां न होय, पण †कल्पातीत होय. ए प्रमाणे स्नातक संबंधे पण जाणवुं. निर्ग्रन्थ अने कल्प.

२७. [प्र०] हे भगवन्! शुं पुलाक सामायिक संयममां होय, छेदोपस्थानीय संयममां होय, परिहारविशुद्ध संयममां होय, सूक्ष्मसंपराय संयममां होय के यथाख्यात संयममां होय? [उ०] हे गौतम! ते सामायिक संयममां अने छेदोपस्थापनीय संयममां होय, पण परिहारविशुद्ध, सूक्ष्मसंपराय के यथाख्यात संयममां न होय. ए प्रमाणे बकुश अने प्रतिसेवनाकुशील पण समजवो. ५ चारित्र– पुलाक अने चारित्र.

२८. [प्र०] हे भगवन्! कषायकुशील कया संयममां होय? [उ०] हे गौतम! सामायिक संयम, अने यावत्–सूक्ष्मसंपराय संयममां होय, पण यथाख्यात संयममां न होय. कषायकुशील अने चारित्र.

२९. [प्र०] हे भगवन्! निर्ग्रंथ कया संयममां होय? [उ०] हे गौतम! सामायिक के यावत्–सूक्ष्मसंपराय संयममां न होय, पण यथाख्यात संयममां होय. ए प्रमाणे स्नातक विषे पण समजवुं. निर्ग्रन्थने चारित्र.

३०. [प्र०] हे भगवन्! शुं पुलाक चारित्री प्रतिसेवक (संयमविराधक) होय के अप्रतिसेवक (अविराधक) संयमाराधक होय? [उ०] हे गौतम! ते ‡प्रतिसेवक होय, पण अप्रतिसेवक न होय. ६ प्रतिसेवना– पुलाक अने प्रतिसेवना.

३१. [प्र०] हे भगवन्! जो ते प्रतिसेवक होय, तो शुं प्राणातिपातविरमणादि मूलगुणनो प्रतिसेवक–विराधक होय के प्रत्याख्यानादि उत्तरगुणनो प्रतिसेवक होय? [उ०] हे गौतम! ते मूलगुणनो प्रतिसेवक–विराधक होय अने उत्तरगुणनो पण प्रतिसेवक होय. मूलगुणनी विराधना करतो पांच आस्रवोमांना कोइ एक आस्रवने सेवे. तथा उत्तरगुणनी विराधना करतो दश प्रकारना प्रत्याख्यानमांथी कोई एक प्रत्याख्यानने विराधे.

---

२५ * कल्पातीत छद्मस्थ तीर्थंकर सकषायी होवाथी ते अपेक्षाए कल्पातीतमां पण कषायकुशील होय.

२६ † निर्ग्रन्थ कल्पातीत ज होय छे, कारण के तेने जिनकल्प अने स्थविरकल्पना धर्मो होता नथी. एम स्नातक पण कल्पातीत ज होय छे.—टीका.

३० ‡ संज्वलन कषायना उदयथी संयमविरुद्ध आचरण करे ते प्रतिसेवक–संयमविराधक कहेवाय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३२. [प्र०] बउसे णं–पुच्छा । [उ०] गोयमा ! पडिसेवए होज्जा, णो अपडिसेवए होज्जा ।

३३. [प्र०] जइ पडिसेवए होज्जा किं मूलगुणपडिसेवए होज्जा, उत्तरगुणपडिसेवए होज्जा ? [उ०] गोयमा ! णो मूलगुणपडिसेवए होज्जा, उत्तरगुणपडिसेवए होज्जा । उत्तरगुणपडिसेवमाणे दसविहस्स पच्चक्खाणस्स अन्नयरं पडिसेवेज्जा । पडिसेवणाकुसीले जहा पुलाए ।

३४. [प्र०] कसायकुसीले णं–पुच्छा । [उ०] गोयमा ! णो पडिसेवए होज्जा, अपडिसेवए होज्जा । एवं निग्गंथे वि; एवं सिणाए वि ६ ।

३५. [प्र०] पुलाए णं भंते ! कतिसु नाणेसु होज्जा ? [उ०] गोयमा ! दोसु वा तिसु वा होज्जा । दोसु होज्जमाणे दोसु आभिणिबोहियनाणे सुयनाणे होज्जा; तिसु होमाणे तिसु आभिणिबोहियनाणे सुयनाणे ओहिनाणे होज्जा । एवं बउसे वि; एवं पडिसेवणाकुसीले वि ।

३६. [प्र०] कसायकुसीले णं–पुच्छा । [उ०] गोयमा ! दोसु वा तिसु वा चउसु वा होज्जा । दोसु होमाणे दोसु आभिणिबोहियनाणे सुयनाणे होज्जा; तिसु होमाणे तिसु आभिणिबोहियनाण–सुयनाण–ओहिनाणेसु होज्जा; अहवा तिसु होमाणे आभिणिबोहियनाण–सुयनाण–मणपज्जवनाणेसु होज्जा; चउसु होमाणे चउसु आभिणिबोहियनाण–सुयनाण–ओहिनाण–मणपज्जवनाणेसु होज्जा । एवं नियंठे वि ।

३७. [प्र०] सिणाए णं–पुच्छा । [उ०] गोयमा ! एगंमि केवलनाणे होज्जा ।

३८. [प्र०] पुलाए णं भंते ! केवतियं सुयं अहिज्जेज्जा ? [उ०] गोयमा ! जहन्नेणं नवमस्स पुव्वस्स ततियं आयारवत्थुं, उक्कोसेणं नव पुव्वाइं अहिज्जेज्जा ।

३९. [प्र०] बउसे–पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं अट्ठ पवयणमायाओ, उक्कोसेणं दस पुव्वाइं अहिज्जेज्जा । एवं पडिसेवणाकुसीले वि ।

बकुश अने प्रतिसेवना.

३२. [प्र०] हे भगवन् ! शुं बकुश प्रतिसेवक–विराधक होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! ते विराधक होय, पण अविराधक न होय.

३३. [प्र०] हे भगवन् ! जो ते विराधक होय तो शुं मूलगुणनो विराधक होय के उत्तरगुणनो विराधक होय ? [उ०] हे गौतम ! ते मूलगुणनो विराधक न होय, पण उत्तरगुणनो विराधक होय. उत्तरगुणने विराधतो दश प्रकारना प्रत्याख्यानमांथी कोइ एक प्रत्याख्यानने विराधे. पुलाकनी पेठे प्रतिसेवनाकुशील पण जाणवो.

कषायकुशील अने प्रतिसेवना.

३४. [प्र०] हे भगवन् ! शुं कषायकुशील संयमविराधक होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! ते विराधक न होय, पण आराधक होय. ए प्रमाणे निर्ग्रंथ अने स्नातक विषे पण समजवुं.

७ ज्ञानद्वार– पुलाकने ज्ञान.

३५. [प्र०] हे भगवन् ! पुलाक केटला ज्ञानोमां वर्ते ? [उ०] हे गौतम ! बे ज्ञानोमां होय के त्रण ज्ञानोमां होय. ज्यारे ते बे ज्ञानोमां होय त्यारे मति अने श्रुतज्ञानमां होय. ज्यारे ते त्रण ज्ञानोमां होय त्यारे मति, श्रुत अने अवधिज्ञानमां होय. ए प्रमाणे बकुश अने प्रतिसेवनाकुशील पण जाणवो.

कषायकुशील अने निर्ग्रन्थोने ज्ञान.

३६. [प्र०] हे भगवन् ! कषायकुशील केटला ज्ञानोमां वर्तमान होय ? [उ०] हे गौतम ! बे ज्ञानोमां होय, त्रण ज्ञानोमां होय, अथवा चार ज्ञानोमां पण होय. ज्यारे ते बे ज्ञानोमां होय त्यारे मतिज्ञान अने श्रुतज्ञानमां होय. ज्यारे ते त्रण ज्ञानमां होय त्यारे मतिज्ञान, श्रुतज्ञान अने अवधिज्ञानमां होय, अथवा मति, श्रुत अने मनःपर्यवज्ञानमां होय, अने ज्यारे ते चार ज्ञानमां होय त्यारे मति, श्रुत, अवधि अने मनःपर्यवज्ञानमां होय. ए प्रमाणे निर्ग्रंथविषे पण जाणवुं.

स्नातकने ज्ञान.

३७. [प्र०] हे भगवन् ! स्नातक केटला ज्ञानमां वर्तमान होय ? [उ०] हे गौतम ! स्नातक एक केवलज्ञानमां होय.

८ श्रुतद्वार– पुलाकने श्रुत.

३८. [प्र०] हे भगवन् ! पुलाक केटलुं श्रुत भणे ? [उ०] हे गौतम ! पुलाक जघन्य नवमा पूर्वनी त्रीजी आचार वस्तु सुधी भणे अने उत्कृष्ट संपूर्ण नव पूर्वोने भणे.

बकुशने श्रुत.

३९. [प्र०] हे भगवन् ! बकुश केटलुं श्रुत भणे ? [उ०] हे गौतम ! जघन्य *आठ प्रवचन माता सुधी अने उत्कृष्ट दश पूर्वो भणे. ए प्रमाणे प्रतिसेवनाकुशील पण जाणवो.

---

१ चोद्दस–क ।

३९ * पांच समिति अने त्रण गुप्ति रूप अष्ट प्रवचन मातानुं पालन करवारूप चारित्र होय छे, माटे चारित्रवाळाने अष्ट प्रवचन मातानुं परिज्ञान आवश्यक छे, कारण के चारित्र ज्ञानपूर्वक होय छे. माटे बकुशने एटलुं जघन्य श्रुत होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४०. [प्र०] कसायकुसीले–पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं अट्ठ पवयणमायाओ, उक्कोसेणं चोद्दस पुव्वाइं अहिज्जेज्जा। एवं नियंठे वि।

४१. [प्र०] सिणाए–पुच्छा। [उ०] गोयमा! सुयवतिरित्ते होज्जा ७।

४२. [प्र०] पुलाए णं भंते! किं तित्थे होज्जा, अतित्थे होज्जा? [उ०] गोयमा! तित्थे होज्जा, णो अतित्थे होज्जा। एवं बउसे वि; एवं पडिसेवणाकुसीले वि।

४३. [प्र०] कसायकुसीले–पुच्छा। [उ०] गोयमा! तित्थे वा होज्जा, अतित्थे वा होज्जा।

४४. [प्र०] जइ अतित्थे होज्जा किं तित्थयरे होज्जा; पत्तेयबुद्धे होज्जा? [उ०] गोयमा! तित्थगरे वा होज्जा, पत्तेयबुद्धे वा होज्जा। एवं नियंठे वि; एवं सिणाए वि ८।

४५. [प्र०] पुलाए णं भंते! किं सलिंगे होज्जा, अन्नलिंगे होज्जा, गिहिलिंगे होज्जा? [उ०] गोयमा! दव्वलिंगं पडुच्च सलिंगे वा होज्जा, अन्नलिंगे वा होज्जा, गिहिलिंगे वा होज्जा, भावलिंगं पडुच्च नियमा सलिंगे होज्जा; एवं जाव–सिणाए ९।

४६. [प्र०] पुलाए णं भंते! कइसु सरीरेसु होज्जा? [उ०] गोयमा! तिसु ओरालिय–तेया–कम्मएसु होज्जा।

४७. [प्र०] बउसे णं भंते!–पुच्छा। [उ०] गोयमा! तिसु वा चउसु वा होज्जा; तिसु होमाणे तिसु ओरालिय–तेया–कम्मएसु होज्जा, चउसु होमाणे चउसु ओरालिय–वेउव्विय–तेया–कम्मएसु होज्जा। एवं पडिसेवणाकुसीले वि।

४८. [प्र०] कसायकुसीले–पुच्छा। [उ०] गोयमा! तिसु वा चउसु वा पंचसु वा होज्जा। तिसु होमाणे तिसु ओरालिय–तेया–कम्मएसु होज्जा; चउसु होमाणे चउसु ओरालिय–वेउव्विय–तेया–कम्मएसु होज्जा; पंचसु होमाणे पंचसु ओरालिय–वेउव्विय–आहारग–तेया–कम्मएसु होज्जा। णियंठो सिणाओ य जहा पुलाओ।

४०. [प्र०] हे भगवन्! कषायकुशील केटलुं श्रुत भणे? [उ०] हे गौतम! जघन्य आठ प्रवचन माता भणे अने उत्कृष्ट चौद पूर्वो भणे. ए प्रमाणे निर्ग्रंथ विषे पण जाणवुं. कषायकुशीलने श्रुत.

४१. [प्र०] हे भगवन्! स्नातक केटलुं श्रुत भणे? [उ०] हे गौतम! स्नातक श्रुतरहित होय.

४२. [प्र०] हे भगवन्! शुं पुलाक तीर्थमां होय के तीर्थना अभावमां होय? [उ०] हे गौतम! ते तीर्थमां होय, पण तीर्थना अभावमां न होय. ए प्रमाणे बकुश अने प्रतिसेवनाकुशील पण जाणवो. ९ तीर्थद्वार–पुलाक अने तीर्थ.

४३. [प्र०] हे भगवन्! शुं कषायकुशील तीर्थमां होय के *अतीर्थमां होय? [उ०] हे गौतम! कषायकुशील तीर्थमां होय अने अतीर्थमां पण होय. कषायकुशील अने तीर्थ.

४४. [प्र०] हे भगवन्! जो ते (कषायकुशील) अतीर्थमां होय तो शुं ते तीर्थंकर होय के प्रत्येकबुद्ध होय? [उ०] हे गौतम! ते तीर्थंकर पण होय के प्रत्येकबुद्ध पण होय. ए प्रमाणे निर्ग्रंथ अने स्नातक विषे पण जाणवुं.

४५. [प्र०] हे भगवन्! शुं पुलाक स्वलिंगमां होय, अन्यलिंगमां होय के गृहस्थलिंगमां होय? [उ०] हे गौतम! †द्रव्यलिंगने आश्रयी स्वलिंगमां होय, अन्यलिंगमां होय के गृहस्थलिंगमां पण होय. भावलिंगने आश्रयी अवश्य स्वलिंगमां होय. ए प्रमाणे यावत्–स्नातक सुधी जाणवुं. १० लिंगद्वार–पुलाक अने लिंग.

४६. [प्र०] हे भगवन्! पुलाक केटला शरीरोमां होय? [उ०] हे गौतम! औदारिक, तैजस अने कार्मण–ए त्रण शरीरोमां होय. ११ शरीरद्वार–पुलाकने शरीर.

४७. [प्र०] हे भगवन्! बकुश केटला शरीरोमां होय? [उ०] हे गौतम! बकुश त्रण शरीर के चार शरीरमां होय. ज्यारे ते त्रण शरीरमां होय त्यारे औदारिक, तैजस अने कार्मण शरीरमां होय. ज्यारे ते चार शरीरमां होय त्यारे औदारिक, वैक्रिय, तैजस अने कार्मण शरीरमां होय. ए प्रमाणे प्रतिसेवनाकुशील पण जाणवो. बकुशने शरीर.

४८. [प्र०] हे भगवन्! कषायकुशील केटला शरीरोमां होय? [उ०] हे गौतम! त्रण, चार के पांच शरीरमां होय. ज्यारे ते त्रण शरीरमां होय त्यारे औदारिक, तैजस अने कार्मण शरीरमां होय. ज्यारे ते चार शरीरमां होय त्यारे औदारिक, वैक्रिय, तैजस अने कार्मण शरीरमां होय, अने ज्यारे ते पांच शरीरमां होय त्यारे औदारिक, वैक्रिय, आहारक, तैजस अने कार्मण शरीरमां होय. निर्ग्रंथ अने स्नातकने पुलाकनी पेठे जाणवा. कषायकुशीलने शरीर.

---

४३ * छद्मस्थावस्थामां तीर्थंकर कषायकुशील होय ते अपेक्षाए ते अतीर्थमां पण होय, अथवा तीर्थनो विच्छेद थया पछी अन्य चारित्री कषायकुशील होय तेनी अपेक्षाए पण अतीर्थमां होय.—टीका.

४५ † द्रव्य अने भावने आश्रयी लिंग बे प्रकारनुं छे. तेमां ज्ञानादि भावलिंग छे अने ते ज्ञानादि भाव आर्हतोने होवाथी ए ज स्वलिंग कहेवाय छे. द्रव्यलिंग स्वलिंग अने परलिंगना भेदथी बे प्रकारनुं छे. तेमां रजोहरणादि द्रव्यथी स्वलिंग छे. परलिंग बे प्रकारनुं छे—कुतीर्थिकलिंग अने गृहस्थलिंग. पुलाकने त्रणे प्रकारनुं द्रव्य लिंग होय छे, कारण के चारित्रनो परिणाम कोइ पण एक द्रव्यलिंगनी अपेक्षा राखतो नथी.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४९. [प्र०] पुलाए णं भंते ! किं कम्मभूमीए होज्जा, अकम्मभूमीए होज्जा ? [उ०] गोयमा ! जम्मण–संतिभावं पडुच्च कम्मभूमीए होज्जा, णो अकम्मभूमीए होज्जा ।

५०. [प्र०] बउसे णं–पुच्छा । [उ०] गोयमा ! जम्मण–संतिभावं पडुच्च कम्मभूमीए होज्जा, णो अकम्मभूमीए होज्जा; साहरणं पडुच्च कम्मभूमीए वा होज्जा, अकम्मभूमीए वा होज्जा । एवं जाव–सिणाए ।

५१. [प्र०] पुलाए णं भंते ! किं ओसप्पिणिकाले होज्जा, उस्सप्पिणिकाले होज्जा, णोओसप्पिणि–णोउस्सप्पिणिकाले वा होज्जा ? [उ०] गोयमा ! ओसप्पिणिकाले वा होज्जा, उस्सप्पिणिकाले वा होज्जा, नोओसप्पिणि–नोउस्सप्पिणिकाले वा होज्जा ।

५२. [प्र०] जइ ओसप्पिणिकाले होज्जा किं सुसमसुसमाकाले होज्जा १, सुसमाकाले होज्जा २, सुसमदूसमाकाले होज्जा ३, दूसमसुसमाकाले होज्जा ४, दूसमाकाले होज्जा ५, दूसमदूसमाकाले होज्जा ६ ? [उ०] गोयमा ! जंमणं पडुच्च णो सुसमसुसमाकाले होज्जा १, णो सुसमाकाले होज्जा २, सुसमदूसमाकाले वा होज्जा ३, दूसमसुसमाकाले वा होज्जा ४, णो दूसमाकाले होज्जा ५, णो दूसमदूसमाकाले होज्जा ६ । संतिभावं पडुच्च णो सुसमसुसमाकाले होज्जा, णो सुसमाकाले होज्जा, सुसमदूसमाकाले वा होज्जा, दूसमसुसमाकाले वा होज्जा, दूसमाकाले वा होज्जा, णो दूसमदूसमाकाले होज्जा ।

५३. [प्र०] जइ उस्सप्पिणिकाले होज्जा किं दूसमदूसमाकाले होज्जा १, दूसमाकाले होज्जा २, दूसमसुसमाकाले होज्जा ३, सुसमदूसमाकाले होज्जा ४, सुसमाकाले होज्जा ५, सुसमसुसमाकाले होज्जा ६ ? [उ०] गोयमा ! जंमणं पडुच्च णो दूसमदूसमाकाले होज्जा १, दूसमाकाले वा होज्जा २, दूसमसुसमाकाले वा होज्जा ३, सुसमदूसमाकाले वा होज्जा ४, णो सुसमाकाले होज्जा ५, णो सुसमसुसमाकाले होज्जा ६ । संतिभावं पडुच्च णो दूसमदूसमाकाले होज्जा १, णो दूसमाकाले होज्जा २, दूसमसुसमाकाले वा होज्जा ३, सुसमदूसमाकाले वा होज्जा ४, णो सुसमाकाले होज्जा ५, णो सुसमसुसमाकाले होज्जा ६ ।

१२ क्षेत्रद्वार–पुलाक अने क्षेत्र.

४९. [प्र०] हे भगवन् ! शुं पुलाक कर्मभूमिमां होय के अकर्मभूमिमां होय ? [उ०] हे गौतम ! *जन्म अने सद्भावने अपेक्षी कर्मभूमिमां होय, पण अकर्मभूमिमां न होय.

बकुश अने क्षेत्र.

५०. [प्र०] हे भगवन् ! शुं बकुश कर्मभूमिमां होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! जन्म अने सद्भावने आश्रयी कर्मभूमिमां होय, पण अकर्मभूमिमां न होय, अने संहरणने अपेक्षी कर्मभूमिमां पण होय अने अकर्मभूमिमां पण होय. ए प्रमाणे यावत्–स्नातक सुधी जाणवुं.

१३ कालद्वार–पुलाकनो काळ.

५१. [प्र०] हे भगवन् ! शुं पुलाक †अवसर्पिणी काळमां होय, उत्सर्पिणी काळमां होय के नोअवसर्पिणी–नोउत्सर्पिणी काळे होय ? [उ०] हे गौतम ! अवसर्पिणी काळमां होय, उत्सर्पिणी काळमां होय अने नोअवसर्पिणी–नोउत्सर्पिणी काळे पण होय.

५२. [प्र०] हे भगवन् ! जो ते (पुलाक) अवसर्पिणी काळमां होय तो शुं १ सुषमसुषमा काळे (पहेला आरामां) होय, २ सुषमाकाळे (बीजा आरामां) होय, ३ सुषमदुःषमा काळे (त्रीजा आरामां) होय, ४ दुःषमसुषमा (चोथा आरामां) होय, ५ दुःषमा काळे (पांचमा आरामां) होय के ६ दुःषमदुःषमा काळे (छट्ठा आरामां) होय ? [उ०] हे गौतम ! ‡जन्मनी अपेक्षाए सुषमसुषमा अने सुषमा काळे न होय, पण सुषमदुःषमा काळे होय, दुःषमसुषमा काळे होय, दुःषमा काळे न होय अने दुःषमदुःषमा काळे पण न होय. तथा सद्भावनी अपेक्षाए सुषमसुषमा काळे, सुषमाकाळे अने दुःषमदुःषमाकाळे न होय, पण सुषमदुःषमा काळे होय, दुःषमसुषमाकाळे होय अने दुःषमा काळे होय.

५३. [प्र०] हे भगवन् ! जो ते (पुलाक) उत्सर्पिणी काळे होय तो शुं १ दुःषमदुःषमा काळे होय, २ दुःषमा काळे होय, ३ दुःषमसुषमा काळे होय, ४ सुषमदुःषमा काळे होय, ५ सुषमा काळे होय के ६ सुषमसुषमा काळे होय ? [उ०] हे गौतम ! जन्मने आश्रयी दुःषमदुःषमा काळे न होय, दुःषमा काळे होय, दुःषमसुषमा काळे होय, सुषमदुःषमा काळे होय, पण सुषमा काळे अने सुषमसुषमा काळे न होय. सद्भावने आश्रयी दुःषमदुःषमा काळे न होय, दुःषमा काळे न होय, दुःषमसुषमा काळे होय, सुषमदुःषमा काळे होय, पण सुषमा तथा सुषमसुषमा काळे न होय.

---

४९ * जन्म–उत्पत्ति अने सद्भाव–चारित्रभाव–थी अस्तित्व. जन्म अने सद्भावनी अपेक्षाए पुलाक कर्मभूमिमां होय. एटले त्यां जन्मे अने त्यां विहरे, पण अकर्मभूमिमां उत्पन्न न थाय, केमके त्यां जन्मेलाने चारित्र न होय. तेम संहरणथी अकर्मभूमिमां न होय, कारण के देवादि पुलाकलब्धिवाळाने संहरी न शके.

५१ † काळ त्रण प्रकारनो छे–उत्सर्पिणी, अवसर्पिणी अने नोउत्सर्पिणी–नोअवसर्पिणी. तेमां भरत अने एरावत क्षेत्रमां पहेला बे प्रकारनो काळ छे, अने त्रीजा प्रकारनो काळ महाविदेह अने हैमवतादि क्षेत्रोमां छे.

५२–५३ ‡ पुलाक जन्मनी अपेक्षाए त्रीजा अने चोथा आरामां होय, अने सद्भावनी अपेक्षाए त्रीजा, चोथा अने पांचमा आरामां पण होय. तेमां जे चोथा आरामां जन्म्यो होय तेनो पांचमा आरामां सद्भाव होय. त्रीजा अने चोथा आरामां जन्म अने सद्भाव बन्ने होय. उत्सर्पिणीमां बीजा, त्रीजा अने चोथा आरे जन्मथी होय. तेमां बीजा आराने अन्ते जन्मे अने त्रीजा आरामां चारित्रनो स्वीकार करे, त्रीजा अने चोथा आरामां जन्म अने चारित्र बन्ने होय सद्भावने आश्रयी त्रीजा अने चोथा आरामां ज होय. केमके ते ज आरामां चारित्रनी प्रतिपत्ति होय छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**५४. [प्र०] जइ णोओसप्पिणि-नोउस्सप्पिणिकाले होज्जा किं सुसमसुसमापलिभागे होज्जा, सुसमापलिभागे होज्जा, सुसमदूसमापलिभागे होज्जा, दूसमसुसमापलिभागे होज्जा ? [उ०] गोयमा ! जंमण-संतिभावं पडुच्च णो सुसमसुसमापलिभागे होज्जा, णो सुसमापलिभागे०, णो सुसमदूसमापलिभागे होज्जा, दूसमसुसमापलिभागे होज्जा।**

**५५. [प्र०] बउसे णं-पुच्छा। [उ०] गोयमा ! ओसप्पिणिकाले वा होज्जा, उस्सप्पिणिकाले वा होज्जा, नोओसप्पिणि-नोउस्सप्पिणिकाले वा होज्जा।**

**५६. [प्र०] जइ ओसप्पिणिकाले होज्जा किं सुसमसुसमाकाले होज्जा-पुच्छा। [उ०] गोयमा ! जंमण-संतिभावं पडुच्च णो सुसमसुसमाकाले होज्जा, णो सुसमाकाले होज्जा, सुसमदूसमाकाले वा होज्जा, दूसमसुसमाकाले वा होज्जा, दूसमाकाले वा होज्जा, णो दूसमदूसमाकाले होज्जा; साहरणं पडुच्च अन्नयरे समाकाले होज्जा।**

**५७. [प्र०] जइ उस्सप्पिणिकाले होज्जा किं दूसमदूसमाकाले होज्जा ६-पुच्छा। [उ०] गोयमा ! जम्मणं पडुच्च णो दूसमदूसमाकाले होज्जा जहेव पुलाए। संतिभावं पडुच्च णो दूसमदूसमाकाले होज्जा, णो दूसमाकाले होज्जा, एवं संतिभावेण वि जहा पुलाए जाव-णो सुसमसुसमाकाले होज्जा। साहरणं पडुच्च अन्नयरे समाकाले होज्जा।**

**५८. [प्र०] जइ नोओसप्पिणि-नोउस्सप्पिणिकाले होज्जा-पुच्छा। [उ०] गोयमा ! जम्मण-संतिभावं पडुच्च णो सुसमसुसमापलिभागे होजा जहेव पुलाए जाव-दूसमसुसमापलिभागे होज्जा। साहरणं पडुच्च अन्नयरे पलिभागे होज्जा। जहा बउसे। एवं पडिसेवणाकुसीले वि; एवं कसायकुसीले वि। नियंठो सिणाओ य जहा पुलाओ। नवरं एतेसिं अब्भहियं साहरणं भाणियवं, सेसं तं चेव १२।**

**५९. [प्र०] पुलाए णं भंते ! कालगए समाणे किं (कं) गतिं गच्छति ? [उ०] गोयमा ! देवगतिं गच्छति। [प्र०] देवगतिं गच्छमाणे किं भवणवासीसु उववज्जेज्जा, वाणमंतरेसु उववज्जेज्जा, जोइसि०, वेमाणिएसु उववज्जेज्जा ? [उ०] गोयमा ! णो**

५४. [प्र०] जो ते ( पुलाको ) नोउत्सर्पिणी-नोअवसर्पिणी काळे होय तो शुं *सुषमसुषमा समान काळे होय, सुषमासमान काळे होय, सुषमदुःषमासमान काळे होय के दुःषमसुषमासमान काळे होय? [उ०] हे गौतम ! जन्म अने सद्भावने आश्रयी सुषमसुषमा समान काळने विषे न होय, सुषमासमान काळे न होय, सुषमदुःषमासमान काळे न होय, पण दुःषमसुषमासमान काळे होय.

५५. [प्र०] हे भगवन् ! बकुश कये काळे होय-इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! अवसर्पिणी काळे होय, उत्सर्पिणी काळे होय, पण नोउत्सर्पिणी-नोअवसर्पिणी काळे न होय. बकुशनो काळ.

५६. [प्र०] हे भगवन् ! जो ते बकुश अवसर्पिणी काळे होय, तो शुं सुषमसुषमा काळे होय-इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! जन्म अने सद्भावने अपेक्षी सुषमसुषमा काळे न होय, सुषमा काळे न होय, सुषमदुःषमा काळे होय, दुःषमसुषमा काळे होय के दुःषमाकाळे होय, पण दुःषमदुःषमा काळे न होय. संहरणने अपेक्षी कोइ पण काळे होय.

५७. [प्र०] हे भगवन् ! जो ते बकुश उत्सर्पिणी काळे होय, तो शुं दुःषमदुःषमा काळे होय-इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! जन्मने आश्रयी दुःषमदुःषमा काळे न होय-इत्यादि बधुं पुलाकनी पेठे जाणवुं. सद्भावने आश्रयी दुःषमदुःषमा काळे न होय, दुःषमा काळे न होय, ए प्रमाणे बधुं सद्भावने आश्रयी पण पुलाकनी पेठे जाणवुं. यावत्-सुषमसुषमा काळे न होय. संहरणने अपेक्षी कोइ पण काळे होय.

५८. [प्र०] हे भगवन् ! जो ते बकुश नोअवसर्पिणी-नोउत्सर्पिणी काळे होय तो-इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! जन्म अने सद्भावने आश्रयी सुषमसुषमासमान काळे न होय-इत्यादि बधुं पुलाकनी पेठे जाणवुं, यावत्-दुःषमसुषमासमान काळे होय. संहरणने अपेक्षी कोइ पण काळे होय. जेम बकुश संबन्धे कह्युं तेम प्रतिसेवनाकुशील संबन्धे पण कहेवुं. एम कषायकुशील पण जाणवो. निर्ग्रंथ अने स्नातक पण पुलाकनी पेठे समजवा. विशेष ए के †निर्ग्रंथ अने स्नातकने संहरण अधिक कहेवुं. एटले संहरणने आश्रयी सर्व काळे होय-एम कहेवुं. बाकी बधुं तेज प्रमाणे जाणवुं.

५९. [प्र०] हे भगवन् ! पुलाक मरण पामीने कइ गतिमां जाय? [उ०] हे गौतम ! देवगतिमां जाय. [प्र०] देवगतिमां जतो शुं भवनवासिमां, वानव्यंतरमां, ज्योतिष्कमां के वैमानिकोमां उपजे? [उ०] भवनवासीमां न उपजे, वानव्यंतरमां न उपजे, ज्योतिषिकमां न १४ गतिद्वार-पुलाकनी गति.

५४ * सुषमसुषमानो समान काळ देवकुरु अने उत्तरकुरुमां होय छे. सुषमासमान काळ हरिवर्ष अने रम्यक क्षेत्रमां होय छे, सुषमदुःषमासमान काळ हिमवत अने ऐरण्यवत क्षेत्रमां अने दुःषमसुषमा समान काळ महाविदेहमां होय छे.—टीका.

५८ † निर्ग्रन्थ अने स्नातकनो संहरण आश्रयी सर्व काळे सद्भाव कह्यो ते पूर्वे संहरेलाने निर्ग्रन्थपणा अने स्नातकपणानी प्राप्ति थाय ते अपेक्षाए समजवुं, कारण के वेदरहित मुनिओनुं संहरण थतुं नथी. कह्युं छे के "श्रमणी-साध्वी, वेदरहित, परिहारविशुद्धि, पुलाकलब्धिवाळा, अप्रमत्त, चौद पूर्वधर अने आहारक लब्धिवाळानुं संहरण थतुं नथी.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भवणवासीसु, णो वाण०, णो जोइ०, वेमाणिएसु उववज्जेज्जा। वेमाणिएसु उववज्जमाणे जहन्नेणं सोहम्मे कप्पे, उक्कोसेणं सहस्सारे कप्पे उववज्जेज्जा। बउसे णं एवं चेव। नवरं उक्कोसेणं अच्चुए कप्पे। पडिसेवणाकुसीले जहा बउसे। कसायकुसीले जहा पुलाए। नवरं उक्कोसेणं अणुत्तरविमाणेसु उववज्जेज्जा।

६०. [प्र०] णियंठे णं भंते!० ? [उ०] एवं चेव, जाव-वेमाणिएसु उववज्जमाणे अजहन्नमणुक्कोसेणं अणुत्तरविमाणेसु उववज्जेज्जा।

६१. [प्र०] सिणाए णं भंते! कालगए समाणे किं (कं) गतिं गच्छइ? [उ०] गोयमा! सिद्धिगतिं गच्छइ।

६२. [प्र०] पुलाए णं भंते! देवेसु उववज्जमाणे किं इंदत्ताए उववज्जेज्जा, सामाणियत्ताए उववज्जेज्जा, तायत्तीसाए उववज्जेज्जा, लोगपालत्ताए उववज्जेज्जा, अहमिंदत्ताए वा उववज्जेज्जा? [उ०] गोयमा! अविराहणं पडुच्च इंदत्ताए उववज्जेज्जा, सामाणियत्ताए उववज्जेज्जा, तायत्तीसाए उववज्जेज्जा, लोगपालत्ताए उववज्जेज्जा, नो अहमिंदत्ताए उववज्जेज्जा। विराहणं पडुच्च अन्नयरेसु उववज्जेज्जा। एवं बउसे वि; एवं पडिसेवणाकुसीले वि।

६३. [प्र०] कसायकुसीले-पुच्छा। [उ०] गोयमा! अविराहणं पडुच्च इंदत्ताए वा उववज्जेज्जा, जाव-अहमिंदत्ताए वा उवज्जेज्जा; विराहणं पडुच्च अन्नयरेसु उववज्जेज्जा।

६४. [प्र०] नियंठे-पुच्छा [उ०] गोयमा! अविराहणं पडुच्च णो इंदत्ताए उववज्जेज्जा, जाव-णो लोगपालत्ताए उववज्जेज्जा; अहमिंदत्ताए उववज्जेज्जा। विराहणं पडुच्च अन्नयरेसु उववज्जेज्जा।

६५. [प्र०] पुलायस्स णं भंते! देवलोगेसु उववज्जमाणस्स केवतियं कालं ठिती पन्नत्ता? [उ०] गोयमा! जहन्नेणं पलिओवमपुहुत्तं, उक्कोसेणं अट्ठारस सागरोवमाइं।

६६. [प्र०] बउसस्स-पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं पलिओवमपुहुत्तं, उक्कोसेणं बावीसं सागरोवमाइं। एवं पडिसेवणाकुसीले वि।

उपजे, पण वैमानिकमां उपजे. वैमानिकमां उत्पन्न थतो पुलाक जघन्यथी सौधर्म कल्पमां अने उत्कृष्ट सहस्रार कल्पमां उत्पन्न थाय. बकुश विषे पण एज प्रमाणे जाणवुं. विशेष ए के ते उत्कृष्ट अच्युत कल्पमां उत्पन्न थाय. बकुशनी पेठे प्रतिसेवनाकुशील विषे पण समजवुं. अने पुलाकनी पेठे कषायकुशीलने पण जाणवुं. विशेष ए के, कषायकुशील उत्कृष्ट अनुत्तरविमानमां उत्पन्न थाय.

निर्ग्रन्थनी गति.

६०. [प्र०] हे भगवन्! निर्ग्रंथ मरण पामीने कइ गतिमां जाय? [उ०] ए प्रमाणे जाणवुं. यावत्-वैमानिकोमां उत्पन्न थतो जघन्य अने उत्कृष्ट सिवाय एक अनुत्तर विमानमां उत्पन्न थाय.

स्नातकनी गति.

६१. [प्र०] हे भगवन्! स्नातक मरण पामीने कइ गतिमां जाय? [उ०] हे गौतम! ते एक सिद्धगतिमां जाय.

पुलाक कया देवपणे उपजे?

६२. [प्र०] हे भगवन्! देवोमां उत्पन्न थतो पुलाक शुं इंद्रपणे उत्पन्न थाय, सामानिकपणे उत्पन्न थाय, त्रायस्त्रिंशदेवपणे उत्पन्न थाय, लोकपालपणे उत्पन्न थाय के अहमिंद्रपणे उत्पन्न थाय? [उ०] हे गौतम! अविराधनाने आश्रयी इंद्रपणे उत्पन्न थाय, सामानिकपणे उत्पन्न थाय, त्रायस्त्रिंशदेवपणे उत्पन्न थाय अने लोकपालपणे उत्पन्न थाय, पण अहमिंद्रपणे न उत्पन्न थाय. अने विराधना करीने भवनपति वगेरे कोइ पण देवमां उत्पन्न थाय. ए प्रमाणे बकुश अने प्रतिसेवनाकुशील जाणवो.

कषायकुशील कया देवपणे उपजे?

६३. [प्र०] हे भगवन्! कषायकुशील कया देवपणे उत्पन्न थाय? [उ०] हे गौतम! संयमनी विराधना न करी होय तो ते इंद्रपणे, यावत्-अहमिंद्रपणे उत्पन्न थाय, अने संयम विराधना करी होय तो ते भवनपति वगेरे कोइ पण देवमां उत्पन्न थाय.

निर्ग्रंथ कया देवपणे उपजे.

६४. [प्र०] हे भगवन्! निर्ग्रंथ कया देवमां उपजे? [उ०] हे गौतम! संयमनी अविराधनाने आश्रयी इंद्रपणे यावत्-लोकपालपणे न थाय, पण अहमिंद्रपणे थाय, अने संयमनी विराधनाने आश्रयी भवनवासी वगेरे कोइ पण देवपणे उत्पन्न थाय.

पुलाकनी देवलोकमां स्थिति.

६५. [प्र०] हे भगवन्! देवलोकोमां उत्पन्न थता पुलाकनी केटला काळ सुधीनी स्थिति कही छे? [उ०] हे गौतम! जघन्य पल्योपमपृथक्त्व-बेथी नव पल्योपम सुधीनी अने उत्कृष्ट अढार सागरोपमनी स्थिति कही छे.

६६. [प्र०] हे भगवन्! देवलोकोमां उत्पन्न थता बकुशनी केटला काळ सुधीनी स्थिति कही छे? [उ०] हे गौतम! जघन्य बेथी नव पल्योपम सुधीनी अने उत्कृष्ट बावीस सागरोपम सुधीनी स्थिति कही छे. ए प्रमाणे प्रतिसेवनाकुशील विषे पण समजवुं.

---

६१ * ज्ञानादिनी अविराधना के लब्धिनो प्रयोग कर्या सिवाय इन्द्रादि रूपे उपजे, अने विराधना करीने भवनपत्यादि कोइ पण देवमां उपजे. पुलाकनो मात्र वैमानिकमां उत्पाद कह्यो ते संयमनी अविराधनानी अपेक्षाए जाणवुं.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६७. [प्र०] कसायकुसीलस्स–पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं पलिओवमपुहुत्तं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं।

६८. [प्र०] णियंठस्स–पुच्छा। [उ०] गोयमा! अजहन्नमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं १३।

६९. [प्र०] पुलागस्स णं भंते! केवतिया संयमट्ठाणा पन्नत्ता? [उ०] गोयमा! असंखेज्जा संयमट्ठाणा पन्नत्ता। एवं जाव–कसायकुसीलस्स।

७०. [प्र०] नियंठस्स णं भंते! केवइया संजमट्ठाणा पन्नत्ता? [उ०] गोयमा! एगे अजहन्नमणुक्कोसए संजमट्ठाणे, एवं सिणायस्स वि।

७१. [प्र०] एतेसि णं भंते! पुलाग–बउस–पडिसेवणा–कसायकुसील–नियंठ–सिणायाणं संजमट्ठाणाणं कयरे कयरे० जाव–विसेसाहिया वा? [उ०] गोयमा! सव्वत्थोवे नियंठस्स सिणायस्स य एगे अजहन्नमणुक्कोसए संजमट्ठाणे, पुलागस्स णं संजमट्ठाणा असंखेज्जगुणा, बउसस्स संजमट्ठाणा असंखेज्जगुणा, पडिसेवणाकुसीलस्स संजमट्ठाणा असंखेज्जगुणा; कसायकुसीलस्स संजमट्ठाणा असंखेज्जगुणा १४।

७२. [प्र०] पुलागस्स णं भंते! केवतिया चरित्तपज्जवा पन्नत्ता? [उ०] गोयमा! अणंता चरित्तपज्जवा पन्नत्ता, एवं जाव–सिणायस्स।

७३. [प्र०] पुलाए णं भंते! पुलागस्स सट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं किं हीणे, तुल्ले, अब्भहिए? [उ०] गोयमा! सिय हीणे १, सिय तुल्ले २, सिय अब्भहिए ३। जइ हीणे अणंतभागहीणे वा, असंखेज्जइभागहीणे वा, संखेज्जइभागहीणे वा, संखेज्जगुणहीणे वा, असंखेज्जगुणहीणे वा, अनंतगुणहीणे वा। अह अब्भहिए अणंतभागमब्भहिए वा, असंखेज्जइभागमब्भहिए वा संखेज्जइभागमब्भहिए वा, संखेज्जगुणमब्भहिए वा, असंखेज्जगुणमब्भहिए वा, अणंतगुणमब्भहिए वा।

६७. [प्र०] हे भगवन्! देवलोकमां उत्पन्न थता कषायकुशीलनी केटला काळ सुधीनी स्थिति कही छे? [उ०] हे गौतम! जघन्य बेथी नव पल्योपम सुधीनी अने उत्कृष्ट तेत्रीश सागरोपमनी स्थिति कही छे. (कषायकुशीलनी देवलोकमां स्थिति.)

६८. [प्र०] देवलोकमां उत्पन्न थता निर्ग्रंथनी केटला काळनी स्थिति कही छे? [उ०] हे गौतम! जघन्य अने उत्कृष्ट सिवाय तेत्रीश सागरोपमनी स्थिति कही छे. (निर्ग्रन्थनी देवलोकमां स्थिति.)

६९. [प्र०] हे भगवन्! पुलाकने केटलां संयमस्थानो कहेलां छे? [उ०] हे गौतम! *असंख्याता संयमस्थानो कह्यां छे. ए प्रमाणे यावत्–कषायकुशील सुधी जाणवुं. (१४ संयमद्वार–पुलाकने संयमस्थानो.)

७०. [प्र०] हे भगवन्! निर्ग्रंथने केटलां संयमस्थानो कहेलां छे? [उ०] हे गौतम! तेने जघन्य अने उत्कृष्ट सिवाय एक संयमस्थान कह्युं छे. ए प्रमाणे स्नातक विषे पण जाणवुं. (निर्ग्रन्थने संयमस्थान.)

७१. [प्र०] हे भगवन्! ए पूर्वोक्त पुलाक, बकुश, प्रतिसेवनाकुशील, कषायकुशील, निर्ग्रंथ अने स्नातकना संयमस्थानोमां कयां कोनाथी यावत्–विशेषाधिक छे? [उ०] हे गौतम! निर्ग्रंथ अने स्नातकने सर्व करतां अल्प अजघन्य अनुत्कृष्ट एकज संयमस्थान छे. तेथी पुलाकने असंख्यातगुणां संयमस्थानो छे, तेथी बकुशने असंख्यातगुणां संयमस्थानो छे, तेथी प्रतिसेवनाकुशीलने असंख्यातगुणां संयमस्थानो छे, तेथी कषायकुशीलने असंख्यातगुणां संयमस्थानो छे. (संयमस्थानोनुं अल्पबहुत्व.)

७२. [प्र०] हे भगवन्! पुलाकने केटला चारित्रपर्यवो होय? [उ०] हे गौतम! पुलाकने अनन्त चारित्रपर्यवो होय. ए प्रमाणे यावत्–स्नातक सुधी जाणवुं. (पुलाकादिने चारित्रपर्याय.)

७३. [प्र०] हे भगवन्! पुलाक †स्वस्थानसंनिकर्ष–पोताना सजातीय चारित्रपर्यायोनी अर्थात्–एक पुलाक बीजा पुलाकना चारित्रपर्यायनी अपेक्षाए शुं हीन होय, तुल्य होय के अधिक होय? [उ०] हे गौतम! कदाच‡ हीन होय, कदाच तुल्य होय, अने कदाच अधिक होय. जो हीन होय तो अनंतभाग हीन होय, असंख्यभाग हीन होय, संख्यातभाग हीन होय, संख्यातगुण हीन होय, असंख्यातगुण हीन होय अने अनंतगुण हीन होय. जो अधिक होय तो अनंतभाग अधिक होय, असंख्यभाग अधिक होय, संख्यातभाग अधिक होय, संख्यातगुण अधिक होय, असंख्यातगुण अधिक होय अने अनंतगुण अधिक होय. (१५ संनिकर्षद्वार–पुलाकनो स्वस्थानसंनिकर्ष.)

---

६९ * संयम–चारित्रना शुद्धि–अशुद्धिना वत्ता ओछापणाने लीधे थयेला भेदो ते संयमस्थान. ते असंख्याता होय छे. तेमां प्रत्येक संयमस्थानना सर्वाकाशप्रदेश गुणित सर्वाकाश प्रदेश प्रमाण (अनन्तानन्त) पर्यायो (अंशो) होय छे. ते संयमस्थानो पुलाकने असंख्यात होय छे. कारण के चारित्रमोहनीयनो क्षयोपशम विचित्र होय छे. एम यावत्—कषायकुशील सुधी जाणवुं. निर्ग्रन्थने एकज संयमस्थान होय छे, कारण के कषायनो क्षय के उपशम एकज प्रकारनो होवाथी तेनी शुद्धि पण एकज प्रकारनी छे.

७३ † निकर्ष–संनिकर्ष, पुलाकादिनुं परस्पर संयोजन, स्व–पोताना सजातीय, स्थान–पर्यवोनुं आश्रय, अर्थात् पुलाकादिने पुलाकादिनुं संनिकर्ष–संयोजन ते स्वस्थानसंनिकर्ष कहेवाय छे.

‡ विशुद्ध संयमस्थानना संबन्धी होवाथी विशुद्धतर पर्यायनी अपेक्षाए अविशुद्ध संयमस्थानना संबन्धी होवाथी अविशुद्धतर पर्यवो हीन कहेवाय छे अने ते पर्यववाळा साधु पण हीन कहेवाय छे. समान एवा शुद्ध पर्यवोना संबन्धथी तुल्य अने विशुद्धतर पर्यवना योगथी अधिक कहेवाय छे.–टीका.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७४. [प्र०] पुलाए णं भंते ! बउसस्स परट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं किं हीणे, तुल्ले, अब्भहिए ? [उ०] गोयमा ! हीणे, नो तुल्ले, नो अब्भहिए; अणंतगुणहीणे । एवं पडिसेवणाकुसीलस्स वि । कसायकुसीलेणं समं छट्ठाणवडिए जहेव सट्ठाणे । नियंठस्स जहा बउसस्स; एवं सिणायस्स वि ।

७५. [प्र०] बउसे णं भंते ! पुलागस्स परट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं किं हीणे, तुल्ले, अब्भहिए ? [उ०] गोयमा ! णो हीणे, णो तुल्ले, अब्भहिए, अणंतगुणमब्भहिए ।

७६. [प्र०] बउसे णं भंते ! बउसस्स सट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं–पुच्छा । [उ०] गोयमा ! सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए । जइ हीणे छट्ठाणवडिए ।

७७. [प्र०] बउसे णं भंते ! पडिसेवणाकुसीलस्स परट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं किं हीणे० ? [उ०] छट्ठाणवडिए; एवं कसायकुसीलस्स वि ।

७८. [प्र०] बउसे णं भंते ! नियंठस्स परट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं–पुच्छा । [उ०] गोयमा ! हीणे, णो तुल्ले, णो अब्भहिए; अणंतगुणहीणे; एवं सिणायस्स वि । पडिसेवणाकुसीलस्स एवं चेव बउसवत्तव्वया भाणियव्वा । कसायकुसीलस्स एस चेव बउसवत्तव्वया । नवरं पुलाएण वि समं छट्ठाणवडिए ।

७९. [प्र०] णियंठे णं भंते ! पुलागस्स परट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं–पुच्छा । [उ०] गोयमा ! णो हीणे, णो तुल्ले, अब्भहिए; अणंतगुणमब्भहिए; एवं जाव–कसायकुसीलस्स ।

पुलाकनो बकुशनी अपेक्षाए परस्थान-संनिकर्ष.

७४. [प्र०] हे भगवन् ! पुलाक (पोताना चारित्रपर्यायोवडे) बकुशना परस्थानसंनिकर्ष–विजातीय चारित्रपर्यायोनी अपेक्षाए शुं हीन छे, तुल्य छे के अधिक छे ? [उ०] हे गौतम ! हीन छे, पण तुल्य के अधिक नथी, अने ते अनंतगुण हीन छे. ए प्रमाणे प्रतिसेवनाकुशीलना चारित्रपर्यायनी अपेक्षाए *पुलाक अनन्तगुण हीन छे. पुलाक जेम स्वस्थान–सजातीय पर्यायनी अपेक्षाए छ स्थानपतित कह्यो छे तेम कषायकुशीलनी साथे पण छ स्थानपतित जाणवो. बकुशनी पेठे निर्ग्रन्थनी साथे जाणवुं. एम स्नातकनी साथे पण समजवुं.

बकुशना पुलाकनी अपेक्षाए चारित्र-पर्यायो.

७५. [प्र०] हे भगवन् ! †बकुश पुलाकना परस्थान–विजातीय चारित्रपर्यायनी अपेक्षाए शुं हीन छे, तुल्य छे के अधिक छे ? [उ०] हे गौतम ! हीन नथी, तुल्य नथी, पण अधिक छे, अने ते अनंतगुण अधिक छे.

बकुशना स्वस्थाननी अपेक्षाए चारित्र पर्यायो.

७६. [प्र०] हे भगवन् ! बकुश बकुशना सजातीय चारित्रपर्यायने आश्रयी शुं हीन छे–इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! कदाच हीन होय, कदाच तुल्य होय, अने कदाच अधिक होय. जो हीन होय तो ते छस्थानक पतित होय.

बकुशना प्रतिसेवनाकुशीलनी अपेक्षाए चारित्र पर्यायो.

७७. [प्र०] हे भगवन् ! बकुश प्रतिसेवनाकुशीलना विजातीय चारित्रपर्यवोथी शुं हीन छे ? [उ०] हे गौतम ! छस्थानकपतित होय. ए प्रमाणे कषायकुशीलनी अपेक्षाए पण जाणवुं.

बकुशना निग्रन्थनी अपेक्षाए चारित्र-पर्यायो. प्रतिसेवनाकुशील अने कषायकुशीलना चारित्र-पर्यायो.

७८. [प्र०] हे भगवन् ! बकुश निर्ग्रंथना विजातीय चारित्रपर्यायनी अपेक्षाए शुं हीन होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! हीन छे, तुल्य नथी अने अधिक पण नथी. अने ते अनंतगुण हीन छे. ए प्रमाणे स्नातकनी अपेक्षाए पण समजवुं. तथा प्रतिसेवनाकुशीलने एज प्रमाणे ‡बकुशनी वक्तव्यता (सू० ७६–७९) कहेवी. कषायकुशीलने एज प्रमाणे जाणवुं. परन्तु पुलाकनी अपेक्षाए कषायकुशील छस्थानपतित होय छे.

पुलाकनी अपेक्षाए निर्ग्रन्थना चारित्र-पर्यायो.

७९. [प्र०] हे भगवन् ! निर्ग्रंथ पुलाकना परस्थानसंनिकर्ष–विजातीय चारित्रपर्यवोथी शुं हीन छे–इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! ते हीन नथी, तुल्य नथी पण अधिक छे, अने ते अनंतगुण अधिक छे. ए प्रमाणे यावत्–कषायकुशीलना संबंधनी अपेक्षाए पण जाणवुं.

---

७४ * पुलाक स्वस्थाननी अपेक्षाए जेम षट्स्थानपतित कह्यो तेम कषायकुशीलनी अपेक्षाए पण षट्स्थानपतित कहेवो. पुलाक अने कषायकुशीलना सर्व जघन्य संयमस्थान सौथी नीचे छे. त्यांथी ते बन्ने साथे असंख्य संयमस्थान सुधी जाय छे. कारण के त्यां सुधी बन्नेना तुल्य अध्यवसायो होय छे. त्यांथी पुलाक हीन परिणाम होवाथी संयमस्थानमां वधतो अटकी जाय छे, अने त्यार पछी कषायकुशील एकाकी असंख्य संयमस्थान सुधी थाय छे. त्यांथी कषायकुशील प्रतिसेवनाकुशील अने बकुश साथे असंख्य संयमस्थान सुधी जाय छे. त्यां बकुश अटके छे. पछी प्रतिसेवनाकुशील अने कषायकुशील बन्ने असंख्य संयमस्थान सुधी जाय छे. त्यां प्रतिसेवनाकुशील अटके छे. पछी कषायकुशील असंख्य संयमस्थान सुधी जाय छे, अने ते त्यां अटके छे. त्यार पछी आगळ निर्ग्रन्थ अने स्नातक एकज संयम स्थानने प्राप्त करे छे. माटे पुलाक निर्ग्रंथना चारित्रपर्यायोथी अनन्तगुणहीन छे.

७५ † बकुश पुलाकथी अनन्तगुण अधिक छे, अने पुलाक बकुशथी हीन, तुल्य के अधिक छे. बकुश प्रतिसेवाकुशील अने कषायकुशीलथी पण हीनादि छे, निर्ग्रन्थ अने स्नातकथी तो हीन ज छे.

७८ ‡ प्रतिसेवाकुशील अने कषायकुशील बकुशनी पेठे जाणवा. परन्तु त्यां पुलाकथी बकुश अधिक कह्यो छे अने अहीं पुलाकथी कषायकुशील षट्स्थान पतित जाणवो. केमके तेना परिणाम पुलाकनी अपेक्षाए हीन, सम अने अधिक छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८०. [प्र०] णियंठे णं भंते! णियंठस्स सट्ठाणसन्निगासेणं–पुच्छा। [उ०] गोयमा! नो हीणे, तुल्ले, णो अब्भहिए। एवं सिणायस्स वि।

८१. [प्र०] सिणाए णं भंते! पुलागस्स परट्ठाणसन्निगासेणं० ? [उ०] एवं जहा नियंठस्स वत्तव्वया तहा सिणायस्स वि भाणियव्वा। जाव–सिणाए णं भंते! सिणायस्स सट्ठाणसन्निगासेणं–पुच्छा। [उ०] गोयमा! णो हीणे, तुल्ले, णो अब्भहिए।

८२. [प्र०] एएसि णं भंते! पुलाग–बकुस–पडिसेवणाकुसील–कसायकुसील–नियंठ–सिणायाणं जहन्नुक्कोसगाणं चरित्तपज्जवाणं कयरे कयरे–जाव–विसेसाहिया वा? [उ०] गोयमा! १ पुलागस्स कसायकुसीलस्स य एएसि णं जहन्नगा चरित्तपज्जवा दोण्ह वि तुल्ला सव्वत्थोवा। २ पुलागस्स उक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा। ३ बउसस्स पडिसेवणाकुसीलस्स य एएसि णं जहन्नगा चरित्तपज्जवा दोण्ह वि तुल्ला अणंतगुणा। ४ बउसस्स उक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा। ५ पडिसेवणाकुसीलस्स उक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा। ६ कसायकुसीलस्स उक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा। ७ णियंठस्स सिणायस्स य एतेसि णं अजहन्नमणुक्कोसगा चरित्तपज्जवा दोण्ह वि तुल्ला अणंतगुणा १५।

८३. [प्र०] पुलाए णं भंते! किं सयोगी होज्जा, अजोगी होज्जा? [उ०] गोयमा! सयोगी होज्जा, नो अयोगी होज्जा। [प्र०] जइ सयोगी होज्जा किं मणजोगी होज्जा, वइजोगी होज्जा, कायजोगी होज्जा? [उ०] गोयमा! मणजोगी वा होज्जा, वयजोगी वा होज्जा, कायजोगी वा होज्जा। एवं जाव–नियंठे।

८४. [प्र०] सिणाए णं–पुच्छा। [उ०] गोयमा! सयोगी वा होज्जा, अयोगी वा होज्जा। जइ सयोगी होज्जा किं मणजोगी होज्जा–सेसं जहा पुलागस्स १६।

८५. [प्र०] पुलाए णं भंते! किं सागारोवउत्ते होज्जा, अणागारोवउत्ते होज्जा? [उ०] गोयमा! सागारोवउत्ते वा होज्जा, अणागारोवउत्ते वा होज्जा। एवं जाव–सिणाए १७।

८०. [प्र०] हे भगवन्! निर्ग्रंथ निर्ग्रंथना सजातीय चारित्रपर्यवोथी शुं हीन छे–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते हीन नथी अने अधिक नथी, पण तुल्य छे. ए प्रमाणे स्नातकनी अपेक्षाए पण समजवुं. *निर्ग्रन्थना सजातीयनी अपेक्षाए चारित्रपर्यायो.*

८१. [प्र०] हे भगवन्! स्नातक पुलाकना विजातीय चारित्रपर्यवोथी शुं हीन छे–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! जेम निर्ग्रंथ संबन्धे वक्तव्यता कही तेम स्नातक संबन्धे पण वक्तव्यता कहेवी. यावत्–[प्र०] हे भगवन्! स्नातक स्नातकना सजातीय चारित्रपर्यवोथी शुं हीन छे–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते हीन नथी, अधिक नथी, पण तुल्य छे. *स्नातकना पुलाकनी अपेक्षाए चारित्रपर्याय.*

८२. [प्र०] हे भगवन्! ए पुलाक, बकुश, प्रतिसेवनाकुशील, कषायकुशील, निर्ग्रंथ अने स्नातकना जघन्य अने उत्कृष्ट चारित्रपर्यवो कोनां कोनाथी यावत्–विशेषाधिक छे? [उ०] हे गौतम! १ पुलाक अने कषायकुशीलना जघन्य चारित्रपर्यवो परस्पर तुल्य छे अने सौथी थोडा छे. २ तेथी पुलाकना उत्कृष्ट चारित्रपर्यवो अनंतगुण छे. ३ तेथी बकुश अने प्रतिसेवनाकुशीलना जघन्य चारित्रपर्यवो अनंतगुण अने परस्पर तुल्य छे. ४ तेथी बकुशना उत्कृष्ट चारित्रपर्यवो अनंतगुण छे. ५ तेथी प्रतिसेवनाकुशीलना उत्कृष्ट चारित्रपर्यवो अनंतगुण छे. ६ तेथी कषायकुशीलना उत्कृष्ट चारित्रपर्यवो अनंतगुण छे. ७ तेथी निर्ग्रंथ अने स्नातक ए बन्नेना अजघन्य तथा अनुत्कृष्ट चारित्रपर्यवो अनंतगुण अने परस्पर तुल्य छे.* *अल्पबहुत्व.*

८३. [प्र०] हे भगवन्! पुलाक सयोगी होय के अयोगी होय? [उ०] हे गौतम! सयोगी होय, पण अयोगी न होय. [प्र०] जो सयोगी होय तो शुं मनयोगी होय, वचनयोगी होय के काययोगी होय? [उ०] हे गौतम! ते मनयोगी होय, वचनयोगी होय अने काययोगी पण होय. ए प्रमाणे यावत्–निर्ग्रंथ सुधी जाणवुं. *१६ योगद्वार–पुलाक अने योग.*

८४. [प्र०] हे भगवन्! शुं स्नातक सयोगी होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते सयोगी पण होय अने अयोगी पण होय. जो ते सयोगी होय तो शुं मनयोगी होय, वचनयोगी होय के काययोगी होय–इत्यादि बधुं पुलाकनी पेठे जाणवुं. *स्नातक अने योग.*

८५. [प्र०] हे भगवन्! शुं पुलाक साकार उपयोगवाळो छे के अनाकार उपयोगवाळो छे? [उ०] हे गौतम! ते साकार उपयोगवाळो अने अनाकार उपयोगवाळो छे. ए प्रमाणे यावत्–स्नातक सुधी समजवुं. *१७ उपयोगद्वार–पुलाक अने उपयोग.*

---

जघन्य अने उत्कृष्ट चारित्रपर्यायोनुं अल्पबहुत्वदर्शक यन्त्र.

८२ * १ पुलाक, २ कषायकुशील } जघन्य० परस्पर तुल्य; ३ पुलाक उ० अनन्तगुण; ४ बकुश, ५ प्रतिसेवना कु० } ज० परस्पर तुल्य; ६ बकुश उ०; ७ प्रतिसेवना कु० उ०; ८ कषायकु० उ०; ९ निर्ग्रन्थ, १० स्नातक } परस्पर तुल्य

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८६. [प्र०] पुलाए णं भंते ! सकसायी अकसायी होज्जा ? [उ०] गोयमा ! सकसायी होज्जा, णो अकसायी होज्जा। [प्र०] जइ सकसाई से णं भंते ! कतिसु कसाएसु होज्जा ? [उ०] गोयमा ! चउसु कोह-माण-माया-लोभेसु होज्जा। एवं बउसे वि; एवं पडिसेवणाकुसीले वि।

८७. [प्र०] कसायकुसीले णं-पुच्छा [उ०] गोयमा ! सकसायी होज्जा, णो अकसायी होज्जा। [प्र०] जइ सकसायी होज्जा से णं भंते ! कतिसु कसाएसु होज्जा ? [उ०] गोयमा ! चउसु वा तिसु वा दोसु वा एगंमि वा होज्जा। चउसु होमाणे चउसु संजलणकोह-माण-माया-लोभेसु होज्जा; तिसु होमाणे तिसु संजलणमाण-माया-लोभेसु होज्जा, दोसु होमाणे संजलणमाया-लोभेसु होज्जा, एगंमि होमाणे संजलणलोभे होज्जा।

८८. [प्र०] नियंठे णं-पुच्छा [उ०] गोयमा ! णो सकसायी होज्जा, अकसायी होज्जा। [प्र०] जइ अकसायी होज्जा किं उवसंतकसायी होज्जा, खीणकसायी होज्जा ? [उ०] गोयमा ! उवसंतकसायी वा होज्जा, खीणकसायी वा होज्जा। सिणाए एवं चेव; नवरं णो उवसंतकसायी होज्जा; खीणकसायी होज्जा १८।

८९. [प्र०] पुलाए णं भंते ! किं सलेस्से होज्जा, अलेस्से होज्जा ? [उ०] गोयमा ! सलेस्से होज्जा, णो अलेस्से होज्जा। [प्र०] जइ सलेस्से होज्जा, से णं भंते ! कतिसु लेस्सासु होज्जा ? [उ०] गोयमा ! तिसु विसुद्धलेस्सासु होज्जा; तंजहा-तेउलेस्साए, पम्हलेस्साए, सुक्कलेस्साए। एवं बउसस्स वि; एवं पडिसेवणाकुसीले वि।

९०. [प्र०] कसायकुसीले-पुच्छा। [उ०] गोयमा ! सलेस्से होज्जा, णो अलेस्से होज्जा;। [प्र०] जइ सलेस्से होज्जा, से णं भंते ! कतिसु लेसासु होज्जा ? [उ०] गोयमा ! छसु लेसासु होज्जा, तंजहा-कण्हलेस्साए, जाव-सुक्कलेस्साए।

९१. [प्र०] नियंठे णं भंते !-पुच्छा। [उ०] गोयमा ! सलेस्से होज्जा, णो अलेस्से होज्जा। [प्र०] जइ सलेसे होज्जा से णं भंते ! कतिसु लेस्सासु होज्जा ? [उ०] गोयमा ! एकाए सुक्कलेस्साए होज्जा।

१८ कषायद्वार-पुलाकने कषायो.

८६. [प्र०] हे भगवन् ! पुलाक सकषायी होय के कषायरहित होय ? [उ०] हे गौतम ! ते *सकषायी होय, पण कषायरहित न होय. [प्र०] हे भगवन् ! जो ते कषायवाळो छे तो तेने केटला कषायो होय ? [उ०] हे गौतम ! तेने क्रोध, मान, माया अने लोभ ए चार कषाय होय. ए प्रमाणे बकुश तथा प्रतिसेवनाकुशील पण जाणवो.

कषायकुशीलने कषायो.

८७. [प्र०] हे भगवन् ! कषायकुशील कषायवाळो होय के कषाय विनानो होय ? [उ०] हे गौतम ! ते कषायवाळो होय, पण कषाय विनानो न होय. [प्र०] हे भगवन् ! जो ते सकषायी होय तो तेने केटला कषायो होय ? [उ०] हे गौतम ! तेने †चार, त्रण, बे अने एक कषाय होय. जो तेने चार कषायो होय तो संज्वलन क्रोध, मान, माया अने लोभ ए चार कषाय होय. जो तेने त्रण कषायो होय तो संज्वलन मान, माया अने लोभ ए त्रण कषाय होय. जो तेने बे कषायो होय तो संज्वलन माया अने लोभ होय. अने जो तेने एक कषाय होय तो एक संज्वलन लोभ होय.

निर्ग्रन्थने कषाय.

८८. [प्र०] हे भगवन् ! निर्ग्रंथ कषायवाळो होय-इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! ते कषायवाळो न होय, पण कषायरहित होय. [प्र०] हे भगवन् ! जो ते कषायरहित होय तो शुं ते उपशांतकषाय होय के क्षीणकषाय होय ? [उ०] हे गौतम ! ते उपशांतकषाय होय अने क्षीणकषाय पण होय. ए प्रमाणे स्नातक संबन्धे पण समजवुं. परन्तु स्नातक क्षीणकषाय ज होय, पण उपशांतकषाय न होय.

१९ लेश्याद्वार-पुलाकने लेश्या.

८९. [प्र०] हे भगवन् ! शुं पुलाक लेश्यावाळो होय के लेश्यारहित होय ? [उ०] हे गौतम ! लेश्यावाळो होय, पण लेश्यारहित न होय. जो ते लेश्यावाळो होय तो तेने केटली लेश्या होय ? [उ०] हे गौतम ! तेने त्रण विशुद्ध लेश्या होय. ते आ प्रमाणे-तेजोलेश्या, पद्मलेश्या अने शुक्लेश्या. ए प्रमाणे बकुश तथा प्रतिसेवनाकुशीलसंबन्धे पण समजवुं.

कषायकुशीलने लेश्या.

९०. [प्र०] हे भगवन् ! शुं कषायकुशील लेश्यावाळो होय-इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! ते लेश्यावाळो होय, पण लेश्यारहित न होय. [प्र०] हे भगवन् ! जो ते लेश्यावाळो होय तो तेने केटली लेश्या होय ? [उ०] हे गौतम ! तेने छ लेश्या होय. ते आ-प्रमाणे-१ कृष्णलेश्या अने यावत्-६ शुक्ललेश्या.

निर्ग्रन्थने लेश्या. स्नातकने लेश्या.

९१. [प्र०] हे भगवन् ! शुं निर्ग्रंथ लेश्यावाळो होय-इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! ते लेश्यावाळो होय, पण लेश्या विनानो न होय. [प्र०] जो ते लेश्यावाळो होय तो तेने केटली लेश्या होय ? [उ०] हे गौतम ! तेने एक शुक्लेश्या होय.

---

८६ * पुलाकने कषायोनो क्षय के उपशम होतो नथी एटले ते सकषायी ज होय छे.

८७ † उपशमश्रेणि के क्षपकश्रेणिमां संज्वलन क्रोधनो उपशम के क्षय थयो होय त्यारे त्रण कषायो, माननो क्षय के उपशम थाय त्यारे बे अने माया जाय त्यारे सूक्ष्मसंपरायगुणस्थानके एक संज्वलन लोभ होय.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**९२. [प्र०] सिणाए-पुच्छा। [उ०] गोयमा! सलेस्से वा होज्जा, अलेस्से वा होज्जा। [प्र०] जइ सलेस्से होज्जा, से णं भंते! कतिसु लेस्सासु होज्जा? [उ०] गोयमा! एगाए परमसुक्कलेस्साए होज्जा १९।**

**९३. [प्र०] पुलाए णं भंते! किं वड्ढमाणपरिणामे होज्जा, हीयमाणपरिणामे होज्जा, अवट्ठियपरिणामे होज्जा? [उ०] गोयमा! वड्ढमाणपरिणामे वा होज्जा, हीयमाणपरिणामे वा होज्जा, अवट्ठियपरिणामे वा होज्जा। एवं जाव-कसायकुसीले।**

**९४. [प्र०] णियंठे णं-पुच्छा [उ०] गोयमा! वड्ढमाणपरिणामे होज्जा, णो हीयमाणपरिणामे होज्जा, अवट्ठियपरिणामे वा होज्जा। एवं सिणाए वि।**

**९५. [प्र०] पुलाए णं भंते! केवइयं कालं वड्ढमाणपरिणामे होज्जा? [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं।**

**९६. [प्र०] केवतियं कालं हीयमाणपरिणामे होज्जा? [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं।**

**९७. [प्र०] केवइयं कालं अवट्ठियपरिणामे होज्जा? [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं सत्त समया। एवं जाव-कसायकुसीले।**

**९८. [प्र०] नियंठे णं भंते! केवतियं कालं वड्ढमाणपरिणामे होज्जा? [उ०] गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**९९. [प्र०] केवतियं कालं अवट्ठियपरिणामे होज्जा? [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं।**

९२. [प्र०] हे भगवन्! शुं स्नातक लेश्यावाळो होय-इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते लेश्यावाळो होय अने लेश्यारहित पण होय. [प्र०] जो ते लेश्यावाळो होय तो ते केटली लेश्यावाळो होय? [उ०] हे गौतम! तेने एक *परमशुक्ल लेश्या होय.

२० परिणामद्वार-पुलाक अने परिणाम.

९३. [प्र०] हे भगवन्! पुलाक वधता परिणामवाळो होय, घटता परिणामवाळो होय के स्थिर परिणामवाळो होय? [उ०] हे गौतम! वधता परिणामवाळो होय, हीयमान-घटता परिणामवाळो होय अने स्थिर परिणामवाळो पण होय. ए प्रमाणे यावत्-कषायकुशील सुधी जाणवुं.

निर्ग्रन्थ अने परिणाम.

९४. [प्र०] हे भगवन्! शुं निर्ग्रंथ वधता परिणामवाळो होय-इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते वधता परिणामवाळो होय, स्थिरपरिणामवाळो होय, पण †हीयमान परिणामवाळो न होय. ए प्रमाणे स्नातक संबन्धे पण जाणवुं.

पुलाकना परिणामनो काळ.

९५. [प्र०] हे भगवन्! पुलाक केटला काळ सुधी वधता परिणामवाळो होय? [उ०] हे गौतम! जघन्य ‡एक समय अने उत्कृष्ट अंतर्मुहूर्त सुधी वधता परिणामवाळो होय.

९६. [प्र०] हे भगवन्! (पुलाक) केटला काळ सुधी हीयमान परिणामवाळो होय? [उ०] हे गौतम! जघन्य एक समय अने उत्कृष्ट अंतर्मुहूर्त सुधी हीयमानपरिणामवाळो होय.

९७. [प्र०] केटला काळ सुधी स्थिर परिणामवाळो होय? [उ०] हे गौतम! जघन्य एक समय अने उत्कृष्ट सात समय सुधी स्थिर परिणामवाळो होय. ए प्रमाणे यावत्-कषायकुशील संबन्धे पण समजवुं.

निर्ग्रन्थना परिणाम.

९८. [प्र०] हे भगवन्! निर्ग्रंथ केटला काळ सुधी वधता परिणामवाळो होय? [उ०] हे गौतम! जघन्य ¶अंतर्मुहूर्त अने उत्कृष्ट पण अंतर्मुहूर्त सुधी वधता परिणामवाळो होय.

९९. [प्र०] हे भगवन्! ते केटला काळ सुधी स्थिर परिणामवाळो होय? [उ०] हे गौतम! जघन्य एक समय सुधी अने उत्कृष्ट अंतर्मुहूर्त सुधी स्थिर परिणामवाळो होय.

---

९२ * शुक्लध्यानना त्रीजा भेद समये एक परमशुक्ल लेश्या होय अने अन्यदा शुक्ललेश्या होय, अने ते पण इतर जीवनी शुक्ललेश्यानी अपेक्षाए तो परमशुक्ल लेश्या होय.

९४ † निर्ग्रन्थ हीयमान परिणामवाळो न होय, जो तेना परिणामनी हानि थाय तो ते कषायकुशील कहेवाय. स्नातकने तो परिणामनी हानिनुं कारण नहि होवाथी ते हीयमान परिणामवाळो न होय.

९५ ‡ पुलाकना परिणाम ज्यारे वधता होय अने कषायवडे बाधित थाय त्यारे एकादि समय वर्धमान परिणामनो अनुभव करे, तेथी तेनो काळ जघन्यथी एक समय होय अने उत्कर्षथी अन्तर्मुहूर्त होय. एम बकुश, प्रतिसेवाकुशील अने कषायकुशीलने विषे पण जाणवुं. परन्तु बकुशादिने जघन्यथी एक समय वर्धमान परिणाम मरणथी पण घटे छे. अने पुलाकपणामां मरण न थतुं होवाथी पुलाकने मरणथी एक समय घटी शकतो नथी, ते मरणसमये कषायकुशीलत्वादिरूपे परिणमे छे. पुलाकने मरण कह्युं ते भूतभावनी अपेक्षाए जाणवुं.

९८-९९ ¶ निर्ग्रन्थ जघन्य अने उत्कर्षथी अन्तर्मुहूर्त सुधी वर्धमानपरिणामवाळो होय, अने ज्यारे केवलज्ञान उपजे त्यारे तेना परिणामान्तर थाय. निर्ग्रन्थने अवस्थित परिणाम जघन्यतः एक समय मरणथी घटी शके.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१००. [प्र०] सिणाए णं भंते ! केवइयं कालं वड्ढमाणपरिणामे होज्जा ? [उ०] गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।

१०१. [प्र०] केवइयं कालं अवट्ठियपरिणामे होज्जा ? [उ०] गोयमा ! जहन्नेण अंतोमुहुत्तं, उक्कोसेणं देसूणा पुव्वकोडी २० ।

१०२. [प्र०] पुलाए णं भंते ! कति कम्मपगडीओ बंधति ? [उ०] गोयमा ! आउयवज्जाओ सत्त कम्मप्पगडीओ बंधति ।

१०३. [प्र०] बउसे-पुच्छा । [उ०] गोयमा ! सत्तविहबंधए वा, अट्ठविहबंधए वा । सत्त बंधमाणे आउयवज्जाओ सत्त कम्मप्पगडीओ बंधति; अट्ठ बंधमाणे पडिपुन्नाओ अट्ठ कम्मप्पगडीओ बंधइ । एवं पडिसेवणाकुसीले वि ।

१०४. [प्र०] कसायकुसीले पुच्छा । [उ०] गोयमा ! सत्तविहबंधए वा, अट्ठविहबंधए वा, छव्विहबंधए वा । सत्त बंधमाणे आउयवज्जाओ सत्त कम्मप्पगडीओ बंधइ, अट्ठ बंधमाणे पडिपुन्नाओ अट्ठ कम्मप्पगडीओ बंधइ, छ बंधमाणे आउय-मोहणिज्जवज्जाओ छकम्मप्पगडीओ बंधइ ।

१०५. [प्र०] नियंठे णं-पुच्छा । [उ०] गोयमा ! एगं वेयणिज्जं कम्मं बंधइ ।

१०६. [प्र०] सिणाए-पुच्छा । [उ०] गोयमा ! एगविहबंधए वा, अबंधए वा । एगं बंधमाणे एगं वेयणिज्जं कम्मं बंधइ २१ ।

**१०७. [प्र०] पुलाए णं भंते ! कति कम्मप्पगडीओ वेदेइ ? [उ०] गोयमा ! नियमं अट्ठ कम्मप्पगडीओ वेदेइ । एवं जाव-कसायकुसीले ।**

१००. [प्र०] हे भगवन् ! स्नातक केटलो काळ सुधी वधता परिणामवाळो होय ? [उ०] हे गौतम ! §जघन्य अंतर्मुहूर्त अने उत्कृष्ट पण अंतर्मुहूर्त सुधी वधता परिणामवाळो होय.

१०१. [प्र०] स्नातक केटला काळ सुधी स्थिर परिणामवाळो होय ? [उ०] हे गौतम ! जघन्य अंतर्मुहूर्त अने उत्कृष्ट कांइक (आठ वरस) न्यून पूर्वकोटी वर्ष सुधी ते स्थिर परिणामवाळो होय.

२१ बन्धद्वार- पुलाकने कर्मप्रकृतिओनो बंध.

१०२. [प्र०] हे भगवन् ! पुलाक केटली कर्मप्रकृतिओने बांधे ? [उ०] हे गौतम ! ते एक आयुष सिवायनी *सात कर्मप्रकृतिओने बांधे.

बकुशने कर्मप्रकृतिओनो बन्ध.

१०३. [प्र०] हे भगवन् ! बकुश केटली कर्मप्रकृतिओने बांधे ? [उ०] हे गौतम ! ते सात कर्मप्रकृतिओने के आठ कर्मप्रकृतिओने बांधे. जो सात कर्मने बांधे तो आयुष सिवायना सात कर्मने बांधे, अने जो आठ प्रकृतिओ बांधे तो संपूर्ण आठ प्रकृतिओ बांधे. ए प्रमाणे प्रतिसेवनाकुशील पण जाणवो.

कषायकुशीलने प्रकृतिओनो बन्ध.

१०४. [प्र०] हे भगवन् ! कषायकुशील केटली कर्मप्रकृतिओने बांधे ? [उ०] हे गौतम ! ते सात कर्मप्रकृतिओ, आठ कर्मप्रकृतिओ के छ कर्मप्रकृतिओने बांधे, जो सातने बांधे तो आयुष सिवायनी सात बांधे, आठने बांधे तो प्रतिपूर्ण आठ प्रकृतिओने बांधे, अने छने बांधे तो †आयुष अने मोहनीय सिवायनी छ कर्मप्रकृतिओने बांधे.

निर्ग्रन्थने कर्मप्रकृतिओनो बंध.

१०५. [प्र०] हे भगवन् ! निर्ग्रंथ केटली कर्मप्रकृतिओने बांधे ? [उ०] हे गौतम ! ते मात्र एक ‡वेदनीय कर्मने बांधे.

स्नातकने कर्मप्रकृतिओनो बंध.

१०६. [प्र०] हे भगवन् ! स्नातक केटली कर्मप्रकृतिओने बांधे ? [उ०] हे गौतम ! ते एक कर्मप्रकृतिने बांधे, अथवा न ¶बांधे. जो एकने बांधे तो एक वेदनीयकर्मने बांधे.

२२ वेदद्वार- पुलाकने कर्मनुं वेदन.

१०७. [प्र०] हे भगवन् ! पुलाक केटली कर्मप्रकृतिने वेदे-अनुभवे ? [उ०] हे गौतम ! ते अवश्य आठे कर्मप्रकृतिओने वेदे. ए प्रमाणे यावत्-कषायकुशील संबन्धे जाणवुं.

---

१०० § स्नातक जघन्य अने उत्कृष्ट अन्तर्मुहूर्त पर्यन्त वर्धमान परिणामवाळो होय, केमके शैलेशी अवस्थामां वर्धमान परिणाम अन्तर्मुहूर्त प्रमाण होय. तेने अवस्थित परिणामनो काळ पण जघन्यथी अन्तर्मुहूर्त पर्यन्त होय, जे केवलज्ञान उत्पन्न थया पछी अन्तर्मुहूर्त सुधी अवस्थित परिणामवाळो थईने शैलेशीने स्वीकारे तेनी अपेक्षाए जाणवो. उत्कर्षथी कांइक न्यून पूर्वकोटि वर्ष काळ होय. कारण के पूर्वकोटी आयुषवाळा पुरुषने जन्मथी जघन्य नव वरस गया पछी केवलज्ञान उपजे तेथी ते नव वरस न्यून पूर्वकोटि वर्ष पर्यन्त अवस्थित परिणामवाळो थईने शैलेशी सुधी विहरे अने शैलेशीमां वर्धमान परिणामवाळो होय.

१०२ * पुलाकने आयुषनो बन्ध थतो नथी, कारण के तेने आयुषबन्धयोग्य अध्यवसायस्थानको नथी.

१०४ † कषायकुशील सूक्ष्मसंपराय गुणस्थानके आयुष न बांधे, कारण के आयुषनो बन्ध अप्रमत्त गुणस्थानक सुधी होय छे, अने मोहनीय बादरकषायोदयना अभावथी न बांधे, माटे मोहनीय अने आयुष सिवाय बाकीनी छ प्रकृतिओ बांधे.

१०५ ‡ निर्ग्रंथ योगनिमित्त एक वेदनीय कर्म बांधे, कारण के तेने बन्धहेतुओमां मात्र योगनो ज सद्भाव होय छे.

१०६ ¶ स्नातक अयोगी गुणस्थानके बन्धहेतुना अभावथी अबन्धक छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१०८. [प्र०] नियंठे णं–पुच्छा । [उ०] गोयमा ! मोहणिज्जवज्जाओ सत्त कम्मप्पगडीओ वेदेइ ।

१०९. [प्र०] सिणाए णं–पुच्छा । [उ०] गोयमा ! वेयणिज्ज–आउय–नाम–गोयाओ चत्तारि कम्मप्पगडीओ वेदेइ २२ ।

११०. [प्र०] पुलाए णं भंते ! कति कम्मप्पगडीओ उदीरेंति ? [उ०] गोयमा ! आउय–वेयणिज्जवज्जाओ छ कम्मप्पगडीओ उदीरेइ ।

१११. [प्र०] बउसे–पुच्छा । [उ०] गोयमा ! सत्तविहउदीरए वा, अट्ठविहउदीरए वा, छव्विहउदीरए वा । सत्त उदीरेमाणे आउयवज्जाओ सत्त कम्मप्पगडीओ उदीरेंति; अट्ठ उदीरेमाणे पडिपुन्नाओ अट्ठ कम्मप्पगडीओ उदीरेंति; छ उदीरेमाणे आउय–वेयणिज्जवज्जाओ छ कम्मपगडीओ उदीरेंति । पडिसेवणाकुसीले एवं चेव ।

११२. [प्र०] कसायकुसीले–पुच्छा । [उ०] गोयमा ! सत्तविहउदीरए वा, अट्ठविहउदीरए वा, छव्विहउदीरए वा, पंचविहउदीरए वा । सत्त उदीरेमाणे आउयवज्जाओ सत्त कम्मप्पगडीओ उदीरेंति; अट्ठ उदीरेमाणे पडिपुन्नाओ अट्ठ कम्मप्पगडीओ उदीरेंति; छ उदीरेमाणे आउय–वेयणिज्जवज्जाओ छ कम्मप्पगडीओ उदीरेंति, पंच उदीरेमाणे आउय–वेयणिज्ज–मोहणिज्जवज्जाओ पंच कम्मप्पगडीओ उदीरेंति ।

११३. [प्र०] नियंठे–पुच्छा । [उ०] गोयमा ! पंचविहउदीरए वा, दुविहउदीरए वा । पंच उदीरेमाणे आउय–वेयणिज्ज–मोहणिज्जवज्जाओ पंच कम्मप्पगडीओ उदीरेंति; दो उदीरेमाणे णामं च गोयं च उदीरेंति ।

११४. [प्र०] सिणाए–पुच्छा । [उ०] गोयमा ! दुविहउदीरए वा अणुदीरए वा । दो उदीरेमाणे णामं च गोयं च उदीरेंति २३ ।

११५. [प्र०] पुलाए णं भंते ! पुलायत्तं जहमाणे किं जहति, किं उवसंपज्जति ? [उ०] गोयमा ! पुलायत्तं जहति, कसायकुसीलं वा अस्संजमं वा उवसंपज्जति ।

११६. [प्र०] बउसे णं भंते ! बउसत्तं जहमाणे किं जहति, किं उवसंपज्जति ? । [उ०] गोयमा ! बउसत्तं जहति, पडिसेवणाकुसीलं वा कसायकुसीलं वा असंजमं वा संजमासंजमं वा उवसंपज्जति ।

१०८. [प्र०] हे भगवन् ! निर्ग्रंथ केटली कर्मप्रकृतिओने वेदे? [उ०] हे गौतम ! मोहनीय सिवायनी सात कर्मप्रकृतिओने वेदे. — निर्ग्रन्थने कर्मवेदन.

१०९. [प्र०] हे भगवन् ! स्नातक केटली कर्मप्रकृतिओने वेदे ? [उ०] हे गौतम ! वेदनीय, आयुष, नाम अने गोत्र–ए चार कर्मप्रकृतिओने वेदे. — स्नातकने कर्मवेदन.

११०. [प्र०] हे भगवन् ! पुलाक केटली कर्मप्रकृतिओने उदीरे ? [उ०] हे गौतम ! *आयुष अने वेदनीय सिवाय छ कर्मप्रकृतिओने उदीरे. — २३ उदीरणा– पुलाकने उदीरणा.

१११. [प्र०] बकुश केटली कर्मप्रकृतिओने उदीरे ? [उ०] हे गौतम ! सात, आठ के छ कर्मप्रकृतिओने उदीरे. जो ते सातने उदीरे तो आयुष सिवायनी सात कर्मप्रकृतिओने उदीरे, जो आठ प्रकृतिओने उदीरे तो संपूर्ण आठे कर्मप्रकृतिओने उदीरे, अने जो छने उदीरे तो आयुष अने वेदनीय सिवायनी छ कर्मप्रकृतिओने उदीरे. प्रतिसेवनाकुशील पण एज प्रमाणे समजवो. — बकुशने उदीरणा.

११२. [प्र०] हे भगवन् ! कषायकुशील केटली कर्मप्रकृतिओने उदीरे ? [उ०] हे गौतम ! ते सात, आठ, छ के पांच कर्मप्रकृतिओने उदीरे. सातने उदीरतो आयुष सिवायनी सात कर्मप्रकृतिओने उदीरे, आठने उदीरतो संपूर्ण आठ कर्मप्रकृतिने उदीरे, छने उदीरतो आयुष अने वेदनीय सिवायनी छ प्रकृतिओने उदीरे, अने पांचने उदीरतो आयुष, वेदनीय तथा मोहनीय सिवायनी पांच कर्मप्रकृतिओने उदीरे. — कषायकुशीलने उदीरणा.

११३. [प्र०] हे भगवन् ! निर्ग्रंथ केटली कर्मप्रकृतिओने उदीरे ? [उ०] हे गौतम ! ते पांच के बे कर्मप्रकृतिओने उदीरे. पांचने उदीरतो आयुष, वेदनीय अने मोहनीय सिवायनी पांच कर्मप्रकृतिओने उदीरे, अने बेने उदीरतो नाम अने गोत्र ए बे कर्मप्रकृतिओ उदीरे. — स्नातकने उदीरणा.

११४. [प्र०] हे भगवन् ! स्नातक केटली कर्मप्रकृतिओने उदीरे ? [उ०] हे गौतम ! ते बे कर्मने उदीरे अथवा न उदीरे. बेने उदीरतो नाम अने गोत्र कर्मने उदीरे छे.

११५. [प्र०] हे भगवन् ! पुलाक पुलाकपणानो त्याग करतो शेनो त्याग करे अने शुं प्राप्त करे ? [उ०] हे गौतम ! पुलाकपणानो त्याग करे अने कषायकुशीलपणुं पामे के असंयतपणुं पामे. — २४ उपसंपद्-हानद्वार– पुलाकनो उपसंपद्-हान.

११६. [प्र०] हे भगवन् ! बकुश बकुशपणाने छोडतो शुं छोडे अने शुं पामे ? [उ०] हे गौतम ! बकुशपणुं छोडे अने प्रतिसेवाकुशीलपणुं, कषायकुशीलपणुं, असंयम के संयमासंयमने पामे. — बकुशनो उपसंपद् अने हान.

---

११०–११३ * पुलाक आयुष अने वेदनीय कर्मने उदीरतो नथी, कारण के तेने तथाविध अध्यवसायस्थानको नथी. परन्तु ते पूर्वे उदीरीने पुलाकपणाने पामे छे. एम आगळना सूत्रमां पण जे जे प्रकृतिओने उदीरतो नथी ते ते प्रकृतिओने पूर्वे उदीरतो बकुशादिपणाने पामे छे. स्नातक सयोगी अवस्थामां नाम-गोत्र कर्मनो उदीरक छे अने आयुष अने वेदनीय कर्मनी पूर्वे उदीरणा कहेली छे.

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

११७. [प्र०] पडिसेवणाकुसीले णं भंते ! पडि०–पुच्छा। गोयमा! पडिसेवणाकुसीलत्तं जहति, बउसं वा, कसायकुसीलं वा, अस्संजमं वा, संजमासंजमं वा उवसंपज्जति।

११८. [प्र०] कसायकुसीले–पुच्छा। [उ०] गोयमा! कसायकुसीलत्तं जहति, पुलायं वा, बउसं वा पडिसेवणाकुसीलं वा, णियंठं वा, अस्संजमं वा, संयमासंयमं वा उवसंपज्जति।

११९. [प्र०] णियंठे–पुच्छा। [उ०] गोयमा! नियंठत्तं जहति, कसायकुसीलं वा, सिणायं वा, अस्संजमं वा उवसंपज्जति।

१२०. [प्र०] सिणाए–पुच्छा। [उ०] गोयमा! सिणायत्तं जहति, सिद्धिगतिं उवसंपज्जति २४।

१२१. [प्र०] पुलाए णं भंते! किं सन्नोवउत्ते होज्जा, नोसन्नोवउत्ते होज्जा? [उ०] गोयमा! णोसन्नोवउत्ते होज्जा।

१२२. [प्र०] बउसे णं भंते!–पुच्छा। [उ०] गोयमा! सन्नोवउत्ते वा होज्जा, नोसन्नोवउत्ते वा होज्जा। एवं पडिसेवणाकुसीले वि; एवं कसायकुसीले वि। नियंठे सिणाए य जहा पुलाए २५।

१२३. [प्र०] पुलाए णं भंते! किं आहारए होज्जा, अणाहारए होज्जा? [उ०] गोयमा! आहारए होज्जा, णो अणाहारए होज्जा। एवं जाव–नियंठे।

१२४. [प्र०] सिणाए–पुच्छा। [उ०] गोयमा! आहारए वा होज्जा, अणाहारए वा होज्जा २६।

१२५. [प्र०] पुलाए णं भंते! कति भवग्गहणाइं होज्जा? [उ०] गोयमा! जहन्नेणं एक्कं, उक्कोसेणं तिन्नि।

प्रतिसेवनाकुशीलनी उपसंपद् अने हान.

११७. [प्र०] हे भगवन्! प्रतिसेवनाकुशील प्रतिसेवनाकुशीलपणुं छोडतो शुं छोडे अने शुं पामे? [उ०] हे गौतम! प्रतिसेवनाकुशीलपणुं छोडे अने बकुशपणुं, कषायकुशीलपणुं, असंयम के संयमासंयम पामे.

कषायकुशीलनी उपसंपद् अने हान.

११८. [प्र०] हे भगवन्! कषायकुशील कषायकुशीलपणुं छोडतो शुं छोडे अने शुं पामे? [उ०] हे गौतम! कषायकुशीलपणुं छोडे अने पुलाकपणुं, बकुशपणुं, प्रतिसेवनाकुशीलपणुं, निर्ग्रंथपणुं, असंयम के संयमासंयमने पामे.

निर्ग्रन्थ शुं छोडे अने शुं पामे?

११९. [प्र०] हे भगवन्! निर्ग्रंथ निर्ग्रंथपणुं छोडतो शुं छोडे अने शुं पामे? [उ०] हे गौतम! *निर्ग्रंथपणुं छोडे अने कषायकुशीलपणुं, स्नातकपणुं के असंयम पामे.

स्नातक शुं छोडे अने शुं पामे?

१२०. [प्र०] हे भगवन्! स्नातक स्नातकपणुं छोडतो शुं छोडे अने शुं पामे? [उ०] हे गौतम! स्नातकपणुं छोडे अने सिद्धिगतिने पामे.

२५ संज्ञाद्वार– पुलाक अने संज्ञा.

१२१. [प्र०] हे भगवन्! पुलाक †संज्ञोपयुक्त–आहारादिनी आसक्ति युक्त छे के नोसंज्ञोपयुक्त–आहारादिनी अनासक्ति युक्त छे? [उ०] हे गौतम! संज्ञोपयुक्त नथी, पण नोसंज्ञोपयुक्त छे.

बकुश अने संज्ञा.

१२२. [प्र०] हे भगवन्! शुं बकुश संज्ञोपयुक्त छे–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! संज्ञोपयुक्त छे अने नोसंज्ञोपयुक्त पण छे. ए प्रमाणे प्रतिसेवनाकुशील अने कषायकुशील पण जाणवा. स्नातक अने निर्ग्रंथ पुलाकनी पेठे (नोसंज्ञोपयुक्त) जाणवा.

२६ आहारद्वार– पुलाक अने आहार.

१२३. [प्र०] हे भगवन्! शुं पुलाक आहारक होय के अनाहारक होय? [उ०] हे गौतम! ‡आहारक होय, पण अनाहारक न होय. ए प्रमाणे यावत्–निर्ग्रंथ सुधी जाणवुं.

स्नातक अने आहार.

१२४. [प्र०] हे भगवन्! शुं स्नातक आहारक होय के अनाहारक होय? [उ०] हे गौतम! आहारक पण होय अने अनाहारक पण होय.

२७ भवद्वार– पुलाकने भव.

१२५. [प्र०] हे भगवन्! पुलाकने केटलां भवग्रहण थाय? [उ०] हे गौतम! जघन्य एक अने उत्कृष्ट त्रण भवग्रहण थाय.

---

११९ * उपशमनिर्ग्रन्थ श्रेणिथी पडतो सकषाय–कषायकुशील थाय, अने श्रेणिना शिखरे मरण पामी देवपणे उत्पन्न थतो असंयत थाय, पण देशविरति न थाय. कारण के देवपणामां देशविरति नथी. यद्यपि श्रेणिथी पडीने देशविरति पण थाय छतां ते अहिं न कह्यो, कारण के श्रेणिथी पडीने तुरत ज देशविरति थतो नथी, पण कषायकुशील थईने पछी देशविरति थाय छे.

१२१ † आहारादि संज्ञामां उपयुक्त–आहारादिना अभिलाषवाळो संज्ञोपयुक्त कहेवाय छे. आहारादिनो उपभोग करवा छतां तेने विषे आसक्तिरहित नोसंज्ञोपयुक्त कहेवाय छे. तेमां आहारादिने विषे आसक्ति रहित होवाथी पुलाक, निर्ग्रन्थ अने स्नातक नोसंज्ञोपयुक्त होय छे. यद्यपि निर्ग्रन्थ अने स्नातक तो वीतराग होवाथी नोसंज्ञोपयोगयुक्त छे, पण सरागी होवाथी पुलाक नोसंज्ञोपयुक्त केम होइ शके–ए शंका न करवी, केमके सरागपणामां सर्वथा आसक्तिरहितपणुं नथी एम न कही शकाय. बकुशादि सराग होवा छतां पण निःसंग छे एम प्रतिपादन करेलुं छे. चूर्णिकार कहे छे के–नोसंज्ञा–ज्ञानसंज्ञा, तेमां पुलाक, निर्ग्रन्थ अने स्नातक नोसंज्ञोपयोग सहित होय छे एटले ज्ञानप्रधान उपयोगवाळा होय छे, पण आहारादि संज्ञाना उपयोगवाळा होता नथी. बकुशादि तो नोसंज्ञा अने संज्ञा बन्नेना उपयोगवाळा होय छे.

१२३ ‡ पुलाकथी आरंभी निर्ग्रन्थ सुधीना मुनिने विग्रहगत्यादि रूप अनाहारकपणाना कारणनो अभाव होवाथी आहारकपणुं ज छे. स्नातक केवलिसमुद्घातना त्रीजा चोथा अने पांचमा समयमां अने अयोगी अवस्थामां अनाहारक छे अने ते सिवाय अन्यत्र आहारक छे.

१२५ ¶ जघन्यतः एक भवमां पुलाक थइने कषायकुशीलपणादि अन्य कोइ पण संयतपणाने एक वार के अनेक वार ते भवमां के अन्य भवमां पामीने सिद्ध थाय छे अने उत्कृष्ट देवादिभव वडे अंतरित त्रण भव सुधी पुलाकपणुं पामे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२६. [प्र०] बउसे-पुच्छा । [उ०] गोयमा ! जहन्नेण एक्कं, उक्कोसेणं अट्ठ । एवं पडिसेवणाकुसीले वि; एवं कसायकुसीले वि । नियंठे जहा पुलाए ।

१२७. [प्र०] सिणाए-पुच्छा । [उ०] गोयमा ! एक्कं २७ ।

१२८. [प्र०] पुलागस्स णं भंते ! एगभवग्गहणीया केवतिया आगरिसा पन्नत्ता ? [उ०] गोयमा ! जहन्नेणं एक्को, उक्कोसेणं तिन्नि ।

१२९. [प्र०] बउसस्स णं-पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं एक्को, उक्कोसेणं सतग्गसो । एवं पडिसेवणाकुसीले वि, एवं कसायकुसीले वि ।

१३०. [प्र०] णियंठस्स णं-पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं एक्को, उक्कोसेणं दोन्नि ।

१३१. [प्र०] सिणायस्स णं-पुच्छा । [उ०] गोयमा ! एक्को ।

१३२. [प्र०] पुलागस्स णं भंते ! नाणाभवग्गहणीया केवतिया आगरिसा पन्नत्ता ? [उ०] गोयमा ! जहन्नेणं दोन्नि, उक्कोसेणं सत्त ।

१३३. [प्र०] बउसस्स-पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं दोन्नि, उक्कोसेणं सहस्सग्गसो; एवं जाव-कसायकुसीलस्स ।

१३४. [प्र०] नियंठस्स णं-पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं दोन्नि, उक्कोसेणं पंच ।

१२६. [प्र०] हे भगवन् ! बकुशने केटलां भवग्रहण थाय ? [उ०] हे गौतम ! जघन्य *एक अने उत्कृष्ट आठ भवग्रहण थाय. ए प्रमाणे प्रतिसेवनाकुशील अने कषायकुशील संबन्धे पण जाणवुं. तथा पुलाकनी पेठे निर्ग्रंथने पण जाणवो. बकुशने भव.

१२७. [प्र०] हे भगवन् ! स्नातकने केटलां भवग्रहण थाय ? [उ०] हे गौतम ! एक भवग्रहण थाय. स्नातकने भव.

१२८. [प्र०] हे भगवन् ! पुलाकने एक भवमां केटला आकर्ष ( चारित्रप्राप्ति ) कहेला छे ? [उ०] हे गौतम ! जघन्य †एक अने उत्कृष्ट त्रण आकर्ष थाय. २८ आकर्ष– पुलाकने आकर्ष.

१२९. [प्र०] हे भगवन् ! बकुशने एक भवमां केटला आकर्ष थाय ? [उ०] हे गौतम ! जघन्य एक अने उत्कृष्ट शतपृथक्त्व–बसोथी मांडी नवसो सुधी आकर्ष थाय. ए प्रमाणे प्रतिसेवनाकुशील अने कषायकुशील संबन्धे पण जाणवुं. बकुशने आकर्ष.

१३०. [प्र०] हे भगवन् ! निग्रन्थने एक भवमां केटला आकर्ष थाय ? [उ०] हे गौतम ! तेने जघन्य ‡एक अने उत्कृष्ट बे आकर्ष थाय. निर्ग्रन्थने आकर्ष.

१३१. [प्र०] हे भगवन् ! स्नातकने एक भवमां केटला आकर्ष थाय ? [उ०] हे गौतम ! एक आकर्ष थाय. स्नातकने आकर्ष.

१३२. [प्र०] हे भगवन् ! पुलाकने अनेक भवमां केटला आकर्ष थाय ? [उ०] हे गौतम ! तेने जघन्य ¶बे अने उत्कृष्ट सात आकर्ष थाय. पुलाकने अनेक भवमां आकर्ष.

१३३. [प्र०] हे भगवन् ! बकुशने अनेक भवमां केटला आकर्ष थाय ? [उ०] हे गौतम ! तेने जघन्य $बे अने उत्कृष्ट बे हजारथी नव हजार सुधी आकर्ष होय. ए प्रमाणे यावत्–कषायकुशील संबंधे पण जाणवुं. बकुशने अनेक भवमां आकर्ष.

१३४. [प्र०] हे भगवन् ! निर्ग्रंथने अनेक भवमां केटला आकर्ष थाय ? [उ०] हे गौतम ! जघन्य §बे अने उत्कृष्ट पांच आकर्ष थाय. निर्ग्रन्थने आकर्ष.

---

१२६ * अहीं कोई एक भवमां बकुशपणुं अने कषायकुशीलपणुं पामीने सिद्ध थाय, अने कोई एक भवमां बकुशपणुं पामी भवान्तरे बकुशपणुं पाम्या सिवाय सिद्ध थाय, माटे बकुशने जघन्य एक भव कह्यो छे, अने उत्कृष्ट आठ भवो कह्या छे, कारण के उत्कृष्टपणे आठ भवसुधी चारित्रनी प्राप्ति थाय छे. तेमां कोइक ते आठ भवो बकुशपणावडे अने तेमां छेल्लो भव सकषायत्वादि युक्त बकुशपणावडे पूरो करे छे, अने कोइ तो दरेक भव प्रतिसेवाकुशीलत्वादियुक्त बकुशपणावडे पूर्ण करे छे.

१२८ † आकर्ष–चारित्रना परिणाम, तेवा आकर्ष पुलाकने जघन्यतः एक अने उत्कर्षथी त्रण होय छे, अने बकुशने जघन्यथी अने उत्कर्षथी शतपृथक्त्व ( बसोथी नव सो सुधी ) होय छे.

१३० ‡ निर्ग्रन्थने एक भवमां जघन्यथी एक अने बे वार उपशमश्रेणि करवाथी उत्कृष्ट बे आकर्ष होय छे.

१३२ ¶ पुलाकने एक भवमां एक अने अन्य भवमां बीजो–एम अनेक भवने आश्रयी जघन्यथी बे आकर्ष होय छे अने उत्कृष्टथी सात आकर्ष होय छे. पुलाकपणुं उत्कृष्ट त्रण भवमां होय, तेमां एक भवमां उत्कर्षतः त्रण वार होय. प्रथम भवमां एक आकर्ष अने बीजा बे भवोमां त्रण त्रण आकर्ष होय–इत्यादि विकल्पथी सात आकर्ष होय.

१३३ $ बकुशने उत्कर्षथी आठ भव होय छे, अने तेमांना प्रत्येक भवमां उत्कर्षथी शतपृथक्त्व आकर्ष होय. ज्यारे आठे भवोमां उत्कर्षथी प्रत्येके नवसो नवसो आकर्ष होय–एटले नवसोने आठे गुणतां सात हजार ने बसो थाय. ए प्रमाणे बकुशने अनेक भवने आश्रयी सहस्रपृथक्त्व आकर्ष होय.—टीका.

१३४ § निर्ग्रन्थने उत्कृष्ट त्रण भव होय. तेमांना प्रथम भवमां बे आकर्ष, बीजा भवमां बे अने त्रीजा भवमां एक. क्षपक निर्ग्रन्थपणानो आकर्ष करी सिद्ध थाय. एम अनेक भवमां निर्ग्रन्थने पांच आकर्ष होय.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१३५. [प्र०] सिणायस्स-पुच्छा। [उ०] गोयमा! नत्थि एक्को वि २८।

१३६. [प्र०] पुलाए णं भंते! कालओ केवचिरं होइ? [उ०] गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं।

१३७. [प्र०] बउसे-पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं देसूणा पुव्वकोडी। एवं पडिसेवणाकुसीले वि, कसायकुसीले वि।

१३८. [प्र०] नियंठे-पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं।

१३९. [प्र०] सिणाए-पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं देसूणा पुव्वकोडी।

१४०. [प्र०] पुलाया णं भंते! कालओ केवचिरं होंति? [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं।

१४१. [प्र०] बउसे णं-पुच्छा। [उ०] गोयमा! सव्वद्धं; एवं जाव-कसायकुसीला। नियंठा जहा पुलागा, सिणाया, जहा बउसा २९।

१४२. [प्र०] पुलागस्स णं भंते! केवतियं कालं अंतरं होइ? [उ०] गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ ओसप्पिणि-उस्सप्पिणीओ कालओ, खेत्तओ अवड्ढपोग्गलपरियट्टं देसूणं। एवं जाव-नियंठस्स।

१४३. [प्र०] सिणायस्स-पुच्छा। [उ०] गोयमा! नत्थि अंतरं।

स्नातकने आकर्ष.

१३५. [प्र०] हे भगवन्! स्नातकने अनेक भवमां केटला आकर्ष थाय? [उ०] हे गौतम! तेने एक पण आकर्ष न थाय.

२९ कालद्वार–पुलाकनो काळ.

१३६. [प्र०] हे भगवन्! पुलाक काळनी अपेक्षाए केटला काळ सुधी रहे? [उ०] हे गौतम! जघन्य अने उत्कृष्ट *अंतर्मुहूर्त सुधी रहे.

बकुशनो काळ.

१३७. [प्र०] हे भगवन्! बकुश केटला काळ सुधी रहे? [उ०] हे गौतम! जघन्य †एक समय अने उत्कृष्ट कइंक न्यून पूर्वकोटि वर्ष सुधी रहे. ए प्रमाणे प्रतिसेवनाकुशील अने कषायकुशील विषे पण समजवुं.

निर्ग्रन्थनो काळ.

१३८. [प्र०] हे भगवन्! निर्ग्रंथ केटला काळ सुधी रहे? [उ०] हे गौतम! जघन्य एक समय अने उत्कृष्ट अंतर्मुहूर्त सुधी रहे.

स्नातकनो काळ.

१३९. [प्र०] स्नातक केटला काळ सुधी रहे? [उ०] हे गौतम! जघन्य अंतर्मुहूर्त अने उत्कृष्ट कंइक न्यून पूर्वकोटि वर्ष सुधी रहे.

पुलाकोनो काळ.

१४०. [प्र०] हे भगवन्! पुलाको काळनी अपेक्षाए केटला काळ सुधी रहे? [उ०] हे गौतम! तेओ जघन्य ‡एक समय अने उत्कृष्ट अंतर्मुहूर्त सुधी रहे.

बकुशोनो काळ.

१४१. [प्र०] बकुशो केटला काळ सुधी रहे? [उ०] हे गौतम! तेओ सर्व काळ रहे. ए प्रमाणे यावत्-कषायकुशीलो सुधी जाणवुं. निर्ग्रंथो पुलाकोनी पेठे जाणवा, अने स्नातको बकुशोनी पेठे जाणवा.

३. अंतरद्वार–पुलाकादिनुं अंतर.

१४२. [प्र०] हे भगवन्! पुलाकने केटला काळ सुधीनुं अंतर होय? [उ०] हे गौतम! जघन्य अंतर्मुहूर्त अने उत्कृष्ट अनंत काळनुं अंतर होय. काळथी अनंत अवसर्पिणी-उत्सर्पिणीनुं, अने क्षेत्रथी कंइक न्यून अपार्ध ¶पुद्गलपरावर्तनुं अंतर होय छे. ए प्रमाणे यावत्-निर्ग्रंथ सुधी जाणवुं.

स्नातकनुं अंतर.

१४३. [प्र०] स्नातकने केटला काळनुं अंतर होय? [उ०] हे गौतम! अंतर नथी.

---

१३६ * पुलाकपणाने प्राप्त थयेलो ज्यां सुधी अन्तर्मुहूर्त पूरुं न थाय त्यां सुधी मरे नहि, तेम पडे पण नहि. तेथी जघन्यथी तेनो काळ अन्तर्मुहूर्तनो होय अने उत्कृष्टथी पण अन्तर्मुहूर्त होय.

१३७ † बकुशने चारित्र प्राप्त थया पछी तुरत ज मरणनो संभव होवाथी जघन्य एक समय अने पूर्वकोटी वर्षना आयुषवाळो आठ वरसने अंते चारित्र ग्रहण करे ते अपेक्षाए कइंक न्यून पूर्वकोटी वर्ष उत्कृष्ट काळ होय.—टीका.

१४० ‡ एक पुलाक पोताना अन्तर्मुहूर्तना अन्त्य समये वर्तमान होय ते वखते बीजो पुलाकपणुं पामे त्यारे बन्ने पुलाकोनो एक समये सद्भाव थाय अने ए होवाथी अनेक पुलाकोनो जघन्य काळ एक समय होय. अने तेओनो उत्कृष्ट काळ अन्तर्मुहूर्त होय. केमके पुलाको एक समये उत्कृष्टथी सहस्रपृथक्त्व होय, अने तेओ घणा होवा छतां तेओनो काळ अन्तर्मुहूर्त छे. केवळ अनेक पुलाकोनी स्थितिनुं अन्तर्मुहूर्त एक पुलाकनी स्थितिना अन्तर्मुहूर्तथी मोटुं छे.

१४२ ¶ पुद्गलपरावर्तनुं स्वरूप आ प्रमाणे छे-कोइ प्राणी आकाशना प्रत्येक प्रदेशे मरण पामतो मरणवडे जेटला काळे समस्त लोक व्याप्त करे तेटला काळे क्षेत्रथी पुद्गलपरावर्त थाय.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१४४. [प्र०] पुलायाणं भंते ! केवतियं कालं अंतरं होइ ? [उ०] गोयमा ! जहन्नेणं एकं समयं, उक्कोसेणं संखेज्जाइं वासाइं ।

१४५. [प्र०] बउसाणं भंते ! पुच्छा । [उ०] गोयमा ! नत्थि अंतरं; एवं जाव–कसायकुसीलाणं ।

१४६. [प्र०] नियंठाणं–पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं एकं समयं, उक्कोसेणं छम्मासा । सिणायाणं जहा बउसाणं ३० ।

१४७. [प्र०] पुलागस्स णं भंते ! कति समुग्घाया पन्नत्ता ? [उ०] गोयमा ! तिन्नि समुग्घाया पन्नत्ता, तंजहा–वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए ।

१४८. [प्र०] बउसस्स णं भंते !–पुच्छा । [उ०] गोयमा ! पंच समुग्घाया पन्नत्ता, तंजहा–वेयणासमुग्घाए, जाव–तेयासमुग्घाए । एवं पडिसेवणाकुसीले वि ।

१४९. [प्र०] कसायकुसीलस्स–पुच्छा । [उ०] गोयमा ! छ समुग्घाया पन्नत्ता; तंजहा–वेयणासमुग्घाए, जाव–आहारगसमुग्घाए ।

१५०. [प्र०] नियंठस्स णं–पुच्छा । [उ०] गोयमा ! नत्थि एक्को वि ।

१५१. [प्र०] सिणायस्स–पुच्छा । [उ०] गोयमा ! एगे केवलिसमुग्घाए पन्नत्ते ३१ ।

१५२. [प्र०] पुलाए णं भंते ! लोगस्स किं संखेज्जइभागे होज्जा १, असंखेज्जइभागे होज्जा २, संखेज्जेसु भागेसु होज्जा ३, असंखेज्जेसु भागेसु होज्जा ४, सव्वलोए होज्जा ५ ? [उ०] गोयमा ! णो संखेज्जइभागे होज्जा, असंखेज्जइभागे होज्जा, णो संखेज्जेसु भागेसु होज्जा, णो असंखेज्जेसु भागेसु होज्जा, णो सव्वलोए होज्जा । एवं जाव–नियंठे ।

१५३. [प्र०] सिणाए णं–पुच्छा । [उ०] गोयमा ! णो संखेज्जइभागे होज्जा, असंखेज्जइभागे होज्जा, णो संखेज्जेसु भागेसु होज्जा, असंखेज्जेसु भागेसु होज्जा, सव्वलोए वा होज्जा ३२ ।

१४४. [प्र०] हे भगवन् ! पुलाकोने केटला काळ सुधीनुं अंतर होय ? [उ०] हे गौतम ! जघन्य एक समय, अने उत्कृष्ट संख्याता वर्षोनुं अंतर होय. पुलाकोनुं अंतर.

१४५. [प्र०] हे भगवन् ! बकुशोने केटला काळ सुधीनुं अंतर होय? [उ०] हे गौतम ! अंतर नथी. ए प्रमाणे यावत्–कषायकुशीलो सुधी जाणवुं. बकुशोने अंतर.

१४६. [प्र०] हे भगवन् ! निर्ग्रंथोने केटला काळनुं अंतर होय ? [उ०] हे गौतम ! तेओने जघन्य एक समय, अने उत्कृष्ट छ मासनुं अंतर होय. स्नातको बकुशोनी पेठे जाणवा. निर्ग्रन्थोनुं अंतर.

१४७. [प्र०] हे भगवन् ! पुलाकने केटला *समुद्घातो कह्या छे ? [उ०] हे गौतम ! त्रण समुद्घातो कह्या छे. ते आ प्रमाणे–वेदनासमुद्घात, कषायसमुद्घात अने मारणांतिकसमुद्घात. ३१ समुद्घात–पुलाकने समुद्घात.

१४८. [प्र०] हे भगवन् ! बकुशने केटला समुद्घातो कह्या छे? [उ०] हे गौतम ! पांच समुद्घातो कह्या छे, ते आ प्रमाणे–वेदनासमुद्घात अने यावत्–तैजससमुद्घात. ए प्रमाणे प्रतिसेवनाकुशीलने पण जाणवुं. बकुशने समुद्घातो.

१४९. [प्र०] हे भगवन् ! कषायकुशीलने केटला समुद्घातो कह्या छे ? [उ०] हे गौतम ! छ समुद्घातो कह्या छे. ते आ प्रमाणे–वेदनासमुद्घात अने यावत्–आहारकसमुद्घात. कषायकुशीलने समुद्घातो.

१५०. [प्र०] निर्ग्रंथने केटला समुद्घातो कह्या छे ? [उ०] हे गौतम ! तेने एक पण समुद्घात नथी. निर्ग्रन्थने समुद्घातो.

१५१. [प्र०] हे भगवन् ! स्नातकने केटला समुद्घातो होय ? [उ०] हे गौतम ! एक केवलिसमुद्घात होय. स्नातकने समुद्घात.

१५२. [प्र०] हे भगवन् ! पुलाक †लोकना संख्यातमा भागमां रहे, असंख्यातमा भागमां रहे, संख्याता भागोमां रहे, असंख्याता भागोमां रहे के सर्व लोकमां रहे ? [उ०] हे गौतम ! संख्यातमा भागमां न रहे, संख्याता भागोमां न रहे, असंख्याता भागोमां न रहे अने आखा लोकमां पण न रहे, किंतु लोकना असंख्यातमा भागमां रहे. ए प्रमाणे यावत्–निर्ग्रंथ सुधी समजवुं. ३२ क्षेत्रद्वार–पुलाकनुं क्षेत्र.

१५३. [प्र०] हे भगवन् ! स्नातक लोकना संख्यातमा भागमां रहे–इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! लोकना संख्यातमा भागमां न रहे, संख्याता भागोमां न रहे, पण असंख्यातमा भागमां रहे, असंख्याता भागोमां रहे अने संपूर्ण लोकमां पण रहे. स्नातकनुं क्षेत्र.

---

१४७ * पुलाकने संज्वलन कषायनो उदय होवाथी कषायसमुद्घात संभवे छे. यद्यपि पुलाकने मरण नथी तो पण मारणांतिक समुद्घात होय छे, कारण के मरणसमुद्घातथी निवृत्त थया पछी कषायकुशीलत्वादिरूप परिणामना सद्भावमां तेनुं मरण थाय छे.

१५२ † केवलिसमुद्घातावस्थामां स्नातक शरीरस्थ होय के दंडकपाटावस्थामां होय त्यारे ते लोकना असंख्यातमा भागमां रहे छे. मन्थानावस्थामां तेणे लोकनो घणो भाग व्याप्त करेलो होवाथी अने थोडो भाग अव्याप्त होवाथी लोकना असंख्याता भागोमां वर्ते छे, अने ज्यारे समग्र लोक व्याप्त करे त्यारे संपूर्ण लोकमां होय छे.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१५४. [प्र०] पुलाए णं भंते! लोगस्स किं संखेज्जइभागं फुसइ, असंखेज्जइभागं फुसइ? [उ०] एवं जहा ओगाहणा भणिया तहा फुसणा वि भाणियव्वा जाव–सिणाए ३३।

१५५. [प्र०] पुलाए णं भंते! कतरंमि भावे होज्जा? [उ०] गोयमा! खओवसमिए भावे होज्जा। एवं जाव–कसायकुसीले।

१५६. [प्र०] नियंठे–पुच्छा। [उ०] गोयमा! उवसमिए वा भावे होज्जा, खइए वा भावे होज्जा।

१५७. [प्र०] सिणाए–पुच्छा। [उ०] गोयमा! खाइए भावे होज्जा ३४।

१५८. [प्र०] पुलाया णं भंते! एगसमएणं केवतिया होज्जा? [उ०] गोयमा! पडिवज्जमाणए पडुच्च सिय अत्थि, सिय नत्थि। जइ अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं सयपुहत्तं। पुव्वपडिवन्नए पडुच्च सिय त्थि, सिय नत्थि। जइ अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं सहस्सपुहत्तं।

१५९. [प्र०] बउसा णं भंते! एगसमएणं–पुच्छा। [उ०] गोयमा! पडिवज्जमाणए पडुच्च सिय अत्थि सिय नत्थि। जइ अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं सयपुहत्तं। पुव्वपडिवन्नए पडुच्च जहन्नेणं कोडिसयपुहुत्तं, उक्कोसेण वि कोडिसयपुहुत्तं। एवं पडिसेवणाकुसीले वि।

१६०. [प्र०] कसायकुसीलाणं–पुच्छा। [उ०] गोयमा! पडिवज्जमाणए पडुच्च सिय अत्थि, सिय नत्थि। जइ अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं सहस्सपुहत्तं। पुव्वपडिवन्नए पडुच्च जहन्नेणं कोडिसहस्सपुहुत्तं, उक्कोसेण वि कोडिसहस्सपुहुत्तं।

१६१. [प्र०] नियंठाणं–पुच्छा। [उ०] गोयमा! पडिवज्जमाणए पडुच्च सिय अत्थि, सिय नत्थि; जइ अत्थि जहन्नेणं

२९ स्पर्शनाद्वार–

१५४. [प्र०] हे भगवन्! शुं पुलाक लोकना संख्यातमा भागने स्पर्शे के असंख्यातमा भागने स्पर्शे? [उ०] जेम *अवगाहना कही तेम स्पर्शना पण जाणवी. ए प्रमाणे यावत्–स्नातक सुधी समजवुं.

३४ भावद्वार– पुलाकने भाव.

१५५. [प्र०] हे भगवन्! पुलाक कया भावमां होय? [उ०] हे गौतम! क्षायोपशमिक भावमां होय. ए प्रमाणे यावत्–कषायकुशील सुधी जाणवुं.

निर्ग्रन्थने भाव.

१५६. [प्र०] हे भगवन्! निर्ग्रंथ कया भावमां होय? [उ०] हे गौतम! ते औपशमिक भावमां होय, अथवा क्षायिक भावमां पण होय.

स्नातकने भाव.

१५७. [प्र०] हे भगवन्! स्नातक कया भावमां होय? [उ०] हे गौतम! ते क्षायिक भावमां होय.

३५ परिमाणद्वार– पुलाकोनी संख्या.

१५८. [प्र०] हे भगवन्! एक समये केटला पुलाको होय? [उ०] हे गौतम! प्रतिपद्यमान (तत्काळ पुलाकपणाने प्राप्त थता) पुलाकने आश्रयी कदाच होय अने कदाच न होय. प्रतिपद्यमान–पुलाकत्वने प्राप्त थता पुलाक होय तो जघन्य एक, बे के त्रण होय, अने उत्कृष्ट शतपृथक्त्व–बसोथी नवसो सुधी पुलाको होय. तथा पूर्वप्रतिपन्न (पूर्वे पुलाकपणाने पामेला) पुलाकोनी अपेक्षाए कदाच पुलाको होय अने न होय. जो होय तो जघन्य एक, बे के त्रण होय अने उत्कृष्ट सहस्रपृथक्त्व–बे हजारथी नव हजार सुधी होय.

बकुशोनी संख्या.

१५९. [प्र०] हे भगवन्! एक समये केटला बकुशो होय? [उ०] हे गौतम! प्रतिपद्यमान (वर्तमान समये बकुशत्वने प्राप्त थता) बकुशोने आश्रयी कदाच होय अने कदाच न होय. जो होय तो जघन्य एक, बे अने त्रण होय. तथा उत्कृष्ट शतपृथक्त्व–बसोथी नव सो सुधी बकुशो होय. पूर्वप्रतिपन्न (बकुशत्वने पूर्वे प्राप्त थएला) बकुशो जघन्य अने उत्कृष्ट बे क्रोडथी नव क्रोड सुधी होय.

कषायकुशीलोनी संख्या.

१६०. [प्र०] हे भगवन्! एक समये केटला कषायकुशीलो होय. [उ०] हे गौतम! प्रतिपद्यमान (वर्तमान समये कषायकुशीलत्वने प्राप्त थता) कषायकुशीलो कदाच होय अने कदाच न होय. जो होय तो जघन्य एक, बे अने त्रण होय, अने उत्कृष्ट बे हजारथी नव हजार सुधी होय. पूर्वप्रतिपन्न कषायकुशीलोने आश्रयी जघन्य अने उत्कृष्ट †बे क्रोडथी नव क्रोड सुधी होय.

निर्ग्रन्थोनी संख्या.

१६१. [प्र०] हे भगवन्! एक समये केटला निर्ग्रंथो होय? [उ०] हे गौतम! प्रतिपद्यमान (वर्तमान समये निर्ग्रन्थत्वने प्राप्त थता) निर्ग्रन्थो कदाच होय अने कदाच न होय. जो होय तो जघन्य एक बे अने त्रण होय अने उत्कृष्ट एकसोने आठ क्षपकश्रेणिवाळा अने

---

१५४ * स्पर्शना क्षेत्रनी पेठे जाणवी, परन्तु जेटलो भाग अवगाढ–आश्रित होय ते क्षेत्रनी अवगाहना, अने अवगाढ क्षेत्र अने तेना पार्श्ववर्ती क्षेत्रनी स्पर्शना होय छे.—टीका.

१६० † सर्व संयतोनुं प्रमाण कोटीसहस्रपृथक्त्व छे, अने अहीं तेटलुं प्रमाण तो केवळ कषायकुशीलोनुं कह्युं, अने तेमां पुलाकादिनी संख्या उमेरतां अधिक संख्या थइ जाय तो विरोध केम न आवे? ए शंका न करवी, कारण के कषायकुशीलनुं कोटीसहस्रपृथक्त्व प्रमाण कह्युं छे ते बे त्रण कोटी सहस्ररूप कल्पीने तेमां पुलाक–बकुशादिनी संख्या उमेरवी तेथी सर्व संयतनुं प्रमाण कह्युं छे तेथी अधिक संख्या नहि थाय.— टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं यावट्ठं सतं–अट्ठसयं खवगाणं, चउप्पन्नं उवसामगाणं । पुव्वपडिवन्नए पडुच्च सिय अत्थि सिय नत्थि । जइ अत्थि, जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं सयपुहुत्तं ।

१६२. [प्र०] सिणायाणं पुच्छा । [उ०] गोयमा ! पडिवज्जमाणए पडुच्च सिय अत्थि सिय नत्थि; जइ अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं अट्ठसतं । पुव्वपडिवन्नए पडुच्च जहन्नेणं कोडिपुहत्तं, उक्कोसेण वि कोडिपुहत्तं ३५ ।

१६३. [प्र०] एएसि णं भंते ! पुलाग–बउस–पडिसेवणाकुसील–कसायकुसील–नियंठ–सिणायाणं कयरे कयरे–जाव–विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवा नियंठा, पुलागा संखेज्जगुणा, सिणाया संखेज्जगुणा, बउसा संखेज्जगुणा, पडिसेवणाकुसीला संखेज्जगुणा, कसायकुसीला संखेज्जगुणा । 'सेवं भंते ! सेवं भंते' ! त्ति जाव–विहरति ।

पणवीसइमे सए छट्ठो उद्देसओ समत्तो ।

चोपन उपशम श्रेणिवाळा मळीने एकसोने बासठ होय. पूर्वप्रतिपन्न निर्ग्रंथो कदाच होय अने कदाच न होय. जो होय तो जघन्य एक बे के त्रण निर्ग्रंथो होय अने उत्कृष्ट बसोथी नवसो सुधी होय.

१६२. [प्र०] एक समये स्नातको केटला होय ? [उ०] हे गौतम ! प्रतिपद्यमान स्नातको कदाच होय अने कदाच न होय. जो होय तो जघन्य एक, बे अने त्रण होय अने उत्कृष्ट आठसो होय. पूर्वप्रतिपन्न स्नातको जघन्य अने उत्कृष्ट बे क्रोडथी नव क्रोड सुधी होय. स्नातकोनी संख्या

१६३. [प्र०] हे भगवन् ! पुलाक, बकुश, प्रतिसेवनाकुशील, कषायकुशील, निर्ग्रंथ अने स्नातक, ए बधामां कया कोनाथी यावत्–विशेषाधिक छे ? [उ०] हे गौतम ! निर्ग्रंथो सौथी थोडा छे, ते करतां पुलाको संख्यातगुण छे. तेथी स्नातको संख्यातगुण छे, तेथी बकुशो संख्यातगुण छे, तेथी *प्रतिसेवनाकुशीलो संख्यातगुण छे अने तेथी कषायकुशीलो संख्यातगुण छे. "हे भगवन् ! ते एमज छे, हे भगवन् ! ते एमज छे"–एम कही यावत्–विहरे छे. ३६ अल्पबहुत्व-

पचीशमा शतकमां षष्ठ उद्देशक समाप्त.

## सत्तमो उद्देसो ।

१. [प्र०] कति णं भंते ! संजया पन्नत्ता ? [उ०] गोयमा ! पंच संजया पन्नत्ता, तंजहा–१ सामाइयसंजए, २ छेदोवट्ठावणियसंजए, ३ परिहारविसुद्धियसंजए, ४ सुहुमसंपरायसंजए, ५ अहक्खायसंजए ।

२. [प्र०] सामाइयसंजए णं भंते ! कतिविहे पन्नत्ते ? [उ०] गोयमा ! दुविहे पन्नत्ते, तंजहा—इत्तरिए य आवकहिए य ।

३. [प्र०] छेओवट्ठावणियसंजए णं–पुच्छा । [उ०] गोयमा ! दुविहे पन्नत्ते, तंजहा–सातियारे य निरतियारे य ।

## सप्तम उद्देशक.

१. [प्र०] हे भगवन् ! केटला संयतो कह्या छे ? [उ०] हे गौतम पांच संयतो कह्या छे. ते आ प्रमाणे–१ सामायिकसंयत, २ छेदोपस्थापनीयसंयत, ३ परिहारविशुद्धिकसंयत, ४ सूक्ष्मसंपरायसंयत अने ५ यथाख्यातसंयत. १ प्रज्ञापना–संयतना प्रकार.

२. [प्र०] हे भगवन् ! सामायिकसंयतना केटला प्रकार कह्या छे ? [उ०] हे गौतम ! तेना बे प्रकार कह्या छे, ते आ प्रमाणे–१ †इत्वरिक (अल्पकालीक) अने २ यावत्कथिक (जीवनपर्यंत). सामायिक संयतना प्रकार.

३. [प्र०] हे भगवन् ! छेदोपस्थापनीयसंयतना केटला प्रकार कह्या छे ? [उ०] हे गौतम ! तेना बे प्रकार कह्या छे, ते आ प्रमाणे–‡सातिचार अने निरतिचार. छेदोपस्थापनीय संयतना प्रकार.

---

१६३ * बकुश अने प्रतिसेवनाकुशीलनुं प्रमाण कोटीशतपृथक्त्व कह्युं छे तो बकुश करतां प्रतिसेवनाकुशील संख्यातगुणा केम घटी शके ? ए शंकानुं समाधान आ प्रमाणे छे—बकुशनुं कोटीशतपृथक्त्व प्रमाण कह्युं छे ते बे त्रण कोटीशतरूप जाणवुं अने प्रतिसेवाकुशीलनुं कोटीशतपृथक्त्व प्रमाण चार छ कोटीशतरूप जाणवुं.—टीका.

१ † जे सामायिक संयतने चारित्र ग्रहण कर्या पछी भविष्यमां छेदोपस्थानीय संयतपणानो व्यपदेश–व्यवहार थाय ते इत्वरिक–अल्पकालिक सामायिक संयत कहेवाय छे अने जेने सामायिक चारित्र लीधा पछी बीजो व्यपदेश न थाय ते यावत्कथिक सामायिक संयत कहेवाय छे.

३ ‡ अतिचारयुक्त साधुने दीक्षापर्याय छेदी फरी महाव्रत आपवा ते सातिचार छेदोपस्थापनीय कहेवाय अने प्रथम दीक्षित साधुने तथा पार्श्वनाथना तीर्थथी महावीरना तीर्थमां प्रवेश करनार साधुने फरी महाव्रत आपवा ते निरतिचार छेदोपस्थापनीय कहेवाय छे. छेदोपस्थापनीय साधु प्रथम तीर्थकर अने पश्चिम तीर्थकरना तीर्थमां ज होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४. [प्र०] परिहारविसुद्धियसंजए-पुच्छा। [उ०] गोयमा! दुविहे पन्नत्ते, तंजहा-णिव्विसमाणए य निव्विट्ठकाइए य।

५. [प्र०] सुहुमसंपराग-पुच्छा। [उ०] गोयमा! दुविहे पन्नत्ते, तंजहा-संकिलिस्समाणए य विसुद्धमाणए य।

६. [प्र०] अहक्खायसंजए-पुच्छा। [उ०] गोयमा! दुविहे पन्नत्ते, तंजहा—छउमत्थे य केवली य।

सामाइयंमि उ कए चाउज्जामं अणुत्तरं धम्मं। तिविहेणं फासयंतो सामाइयसंजओ स खलु॥ १॥
छेत्तूण उ परियागं पोराणं जो ठवेइ अप्पाणं। धम्मंमि पंचजामे छेदोवट्ठावणो स खलु॥ २॥
परिहरइ जो विसुद्धं तु पंचयामं अणुत्तरं धम्मं। तिविहेणं फासयंतो परिहारियसंजओ स खलु॥ ३॥
लोभाणू वेययंतो जो खलु उवसामओ व खवओ वा। सो सुहुमसंपराओ अहखाया ऊणओ किंचि॥ ४॥
उवसंते खीणंमि व जो खलु कम्मंमि मोहणिज्जंमि। छउमत्थो व जिणो वा अहखाओ संजओ स खलु॥ ५॥ (१)

७. [प्र०] सामाइयसंजए णं भंते! किं सवेदए होज्जा अवेदए होज्जा? [उ०] गोयमा! सवेदए वा होज्जा, अवेदए वा होज्जा। जइ सवेदए-एवं जहा कसायकुसीले तहेव निरवसेसं। एवं छेदोवट्ठावणियसंजए वि। परिहारविसुद्धियसंजओ जहा पुलाओ। सुहुमसंपरायसंजओ अहक्खायसंजओ य जहा नियंठो (२)।

८. [प्र०] सामाइयसंजए णं भंते! किं सरागे होज्जा वीयरागे होज्जा? [उ०] गोयमा! सरागे होज्जा, नो वीयरागे होज्जा। एवं जाव-सुहुमसंपरायसंजए। अहक्खायसंजए जहा नियंठे (३)।

९. [प्र०] सामाइयसंजए णं भंते! किं ठियकप्पे होज्जा, अट्ठियकप्पे होज्जा? [उ०] गोयमा! ठियकप्पे वा होज्जा, अट्ठियकप्पे वा होज्जा।

१०. [प्र०] छेदोवट्ठावणियसंजए-पुच्छा। [उ०] गोयमा! ठियकप्पे होज्जा, नो अट्ठियकप्पे होज्जा। एवं परिहारविसुद्धियसंजए वि। सेसा जहा सामाइयसंजए।

परिहारविशुद्धिकना प्रकार.

४. [प्र०] हे भगवन्! परिहारविशुद्धिक संयतना केटला प्रकार कह्या छे? [उ०] हे गौतम! तेना बे प्रकार कह्या छे. ते आ प्रमाणे—निर्विशमानक (तप करनार) अने निर्विष्टकायिक (वैयावृत्य करनार).

सूक्ष्मसंपरायना प्रकार.

५. [प्र०] हे भगवन्! सूक्ष्मसंपराय संयतना केटला प्रकार कह्या छे? [उ०] हे गौतम! बे प्रकार कह्या छे, ते आ प्रमाणे—संक्लिश्यमानक (उपश्रेणिथी पडतो) अने विशुध्यमानक (उपशमश्रेणि के क्षपकश्रेणि पर चढतो).

यथाख्यात संयतना प्रकार. सामायिक संयत. छेदोपस्थापनीय. परिहार विशुद्धिक. सूक्ष्मसंपराय.

६. [प्र०] हे भगवन्! यथाख्यात संयतना केटला प्रकार कह्या छे? [उ०] हे गौतम! बे प्रकार कह्या छे, ते आ प्रमाणे—छद्मस्थ अने केवली.
सामायिक स्वीकार्या पछी चार महाव्रतरूप प्रधान धर्मने मन, वचन अने कायाथी त्रिविधे जे पाळे ते 'सामायिकसंयत' कहेवाय.
पूर्वना पर्यायनो छेद करी जे पोताना आत्माने पांच महाव्रतरूप धर्ममां स्थापे ते 'छेदोपस्थापनीयसंयत' कहेवाय छे. जे पांच महाव्रतरूप अने उत्तमोत्तम धर्मने त्रिविधे—मन वचन अने कायाथी पाळतो अमुक प्रकारनुं तप करे ते 'परिहारविशुद्धिकसंयत' कहेवाय छे.
जे लोभना अणुओने वेदतो चारित्रमोहने उपशमावे के क्षय करे ते 'सूक्ष्मसंपराय' कहेवाय छे अने ते यथाख्यातसंयतथी कइंक न्यून होय छे.
मोहनीय कर्म उपशान्त के क्षीण थया पछी जे छद्मस्थ होय के जिन होय ते 'यथाख्यातसंयत' कहेवाय छे.

२ वेद— सामायिक संयतने वेद.

७. [प्र०] हे भगवन्! सामायिक संयत वेदवाळो होय के वेदविरहित होय? [उ०] हे गौतम! ते *वेदवाळो होय अने वेदविरहित पण होय. जो वेदवाळो सामायिकसंयत होय तो तेने बधी हकीकत कषायकुशीलनी पेठे जाणवी. ए प्रमाणे छेदोपस्थापनीयसंयत पण समजवो. परिहारविशुद्धिक संयत संबंधी हकीकत पुलाकनी पेठे जाणवी. सूक्ष्मसंपराय संयत अने यथाख्यात संयत निर्ग्रंथनी पेठे (अवेदक) जाणवा.

३ राग— सामायिक संयत अने राग.

८. [प्र०] हे भगवन्! शुं सामायिक संयत रागवाळो होय के वीतराग होय? [उ०] हे गौतम! ते रागवाळो होय, पण वीतराग न होय. ए प्रमाणे सूक्ष्मसंपराय संयत संबंधे पण जाणवुं. यथाख्यात संयतने निर्ग्रंथनी पेठे जाणवुं.

४ कल्प— सामायिक संयतने कल्प.

९. [प्र०] हे भगवन्! शुं सामायिक संयत स्थितकल्पमां होय के अस्थितकल्पमां होय? [उ०] हे गौतम! स्थितकल्पमां पण होय अने अस्थितकल्पमां पण होय.

छेदोपस्थापनीयने कल्प.

१०. [प्र०] हे भगवन्! शुं छेदोपस्थापनीय संयत स्थितकल्पमां होय के अस्थितकल्पमां होय? [उ०] हे गौतम! †स्थितकल्पमां होय, पण अस्थितकल्पमां न होय. ए प्रमाणे परिहारविशुद्धिक संयतने पण जाणवुं. अने बाकीना बधा सामायिक संयतनी पेठे जाणवा.

---

१ लोभमणुं वेदतो क।

७* नवमा गुणस्थानक सुधी सामायिक संयत कहेवाय छे. नवमा गुणस्थानके वेदनो उपशम अथवा क्षय थाय छे, माटे त्यां सामायिक संयत अवेदक होय छे अने तेना पूर्ववर्ती गुणस्थाने सवेदक होय छे. जो ते सवेदक होय तो ते त्रण वेदवाळो होय छे अने अवेदक होय तो ते क्षीणवेद होय के उपशान्तवेद होय. परिहारविशुद्धिक संयत पुलाकनी पेठे पुरुषवेदवाळो के पुरुषनपुंसकवेदवाळो (कृत्रिमनपुंसक) होय छे.

१० † अस्थितकल्प मध्यम बावीश जिनना तीर्थमां अने महाविदेह जिनना तीर्थमां होय छे, अने त्यां छेदोपस्थापनीय चारित्र नथी. तेथी छेदोपस्थापनीयसंयतने अस्थितकल्प न होय.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११. [प्र०] सामाइयसंजए णं भंते ! किं जिणकप्पे होज्जा, थेरकप्पे होज्जा, कप्पातीते होज्जा ? [उ०] गोयमा ! जिणकप्पे वा होज्जा, जहा कसायकुसीले तहेव निरवसेसं । छेदोवट्ठावणिओ परिहारविसुद्धिओ य जहा बउसो, सेसा जहा नियंठे (४) ।

१२. [प्र०] सामाइयसंजए णं भंते ! किं पुलाए होज्जा, बउसे, जाव-सिणाए होज्जा ? [उ०] गोयमा ! पुलाए वा होज्जा, बउसे, जाव-कसायकुसीले वा होज्जा, नो नियंठे होज्जा, नो सिणाए होज्जा । एवं छेदोवट्ठावणिए वि ।

१३. परिहारविसुद्धियसंजए णं भंते !-पुच्छा । [उ०] गोयमा ! नो पुलाए, नो बउसे, नो पडिसेवणाकुसीले होज्जा, कसायकुसीले होज्जा, नो नियंठे होज्जा, नो सिणाए होज्जा । एवं सुहुमसंपराए वि ।

१४. [प्र०] अहक्खायसंजए-पुच्छा । [उ०] गोयमा ! नो पुलाए होज्जा, जाव-नो कसायकुसीले होज्जा, नियंठे वा होज्जा, सिणाए वा होज्जा (५) ।

१५. [प्र०] सामाइयसंजए णं भंते ! किं पडिसेवए होज्जा, अपडिसेवए होज्जा ? [उ०] गोयमा ! पडिसेवए वा होज्जा, अपडिसेवए वा होज्जा । जइ पडिसेवए होज्जा, किं मूलगुणपडिसेवए होज्जा, सेसं जहा पुलागस्स । जहा सामाइयसंजए एवं छेदोवट्ठावणिए वि ।

१६. [प्र०] परिहारविसुद्धियसंजए-पुच्छा । [उ०] गोयमा ! नो पडिसेवए होज्जा, अपडिसेवए होज्जा । एवं जाव-अहक्खायसंजए (६) ।

१७. [प्र०] सामाइयसंजए णं भंते ! कतिसु नाणेसु होज्जा ? [उ०] गोयमा ! दोसु वा तिसु वा चउसु वा नाणेसु होज्जा, एवं जहा कसायकुसीलस्स तहेव चत्तारि नाणाइं भयणाए, एवं जाव-[1]सुहुमसंपराए । अहक्खायसंजयस्स पंच नाणाइं भयणाए जहा नाणुद्देसए ।

१८. [प्र०] सामाइयसंजए णं भंते ! केवतियं सुयं अहिज्जेज्जा ? [उ०] गोयमा ! जहन्नेणं अट्ठ पवयणमायाओ, जहा कसायकुसीले । एवं छेदोवट्ठावणिए वि ।

११. [प्र०] हे भगवन् ! शुं सामायिकसंयत जिनकल्पमां होय, स्थविरकल्पमां होय के कल्पातीत होय ? [उ०] हे गौतम ! ते जिनकल्पमां होय-इत्यादि बाकी बधुं कषायकुशीलनी पेठे जाणवुं. छेदोपस्थापनीय अने परिहारविशुद्धिकनी हकीकत बकुशनी पेठे जाणवी अने बाकी बधा निर्ग्रंथनी पेठे समजवा.

१२. [प्र०] हे भगवन् ! शुं सामायिकसंयत पुलाक होय, बकुश होय के यावत्-स्नातक होय ? [उ०] हे गौतम ! ते पुलाक पण होय, बकुश पण होय, यावत्-कषायकुशील होय, पण निर्ग्रंथ के स्नातक न होय. ए प्रमाणे छेदोपस्थापनीयसंयत संबंधे पण जाणवुं. सामायिक अने पुलाकादि.

१३. [प्र०] हे भगवन् ! परिहारविशुद्धिकसंयत शुं पुलाक होय-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! पुलाक न होय, बकुश न होय, प्रतिसेवनाकुशील न होय, निर्ग्रंथ न होय अने स्नातक न होय, पण कषायकुशील होय. ए प्रमाणे सूक्ष्मसंपराय संयत पण जाणवो. परिहारविशुद्ध अने पुलाकादि.

१४. [प्र०] यथाख्यातसंयत शुं पुलाक होय-इत्यादि प्रश्न. [उ०] हे गौतम ! पुलाक न होय अने यावत्-कषायकुशील न होय, पण निर्ग्रंथ होय अथवा स्नातक होय. यथाख्यात अने पुलाकादि.

१५. [प्र०] हे भगवन् ! शुं सामायिकसंयत प्रतिसेवक–चारित्रविराधक होय के अप्रतिसेवक-आराधक होय ? [उ०] हे गौतम ! प्रतिसेवक पण होय अने अप्रतिसेवक पण होय. [प्र०] हे भगवन् ! जो ते प्रतिसेवक होय तो शुं अहिंसादि मूलगुणनो प्रतिसेवक होय के प्रत्याख्यानरूप उत्तरगुणनो प्रतिसेवक होय ? [उ०] बाकी बधुं पुलाकनी पेठे जाणवुं. सामायिकसंयतनी पेठे छेदोपस्थापनीय संयत पण जाणवो. ५ प्रतिसेवा- सामायिक संयत अने प्रतिसेवक.

१६. [प्र०] हे भगवन् ! शुं परिहारविशुद्धिक संयत प्रतिसेवक छे के अप्रतिसेवक छे ? [उ०] हे गौतम ! ते प्रतिसेवक नथी, पण अप्रतिसेवक छे. ए प्रमाणे यावत्-यथाख्यात संयत सुधी जाणवुं. परिहार विशुद्धिक अने प्रतिसेवक.

१७. [प्र०] हे भगवन् ! सामायिकसंयतने केटलां ज्ञान होय ? [उ०] हे गौतम ! तेने बे, त्रण के चार ज्ञान होय. ए प्रमाणे कषायकुशीलनी पेठे चार ज्ञान भजनाए होय छे. ए प्रमाणे यावत्-सूक्ष्मसंपराय संयत सुधी जाणवुं. तथा *ज्ञानोद्देशकमां कह्या प्रमाणे यथाख्यात संयतने पांच ज्ञान *भजनाए होय छे. ६ ज्ञानद्वार-

१८. [प्र०] हे भगवन् ! सामायिकसंयत केटलुं श्रुत भणे ? [उ०] हे गौतम ! ते जघन्य आठ प्रवचनमाता रूप श्रुतनुं अध्ययन करे-इत्यादि बधी हकीकत कषायकुशीलनी पेठे जाणवी. तथा एज रीते छेदोपस्थायनीयसंयतने पण समजवुं. ७ श्रुतद्वार- सामायिक संयतने श्रुत.

१ 'सुहुमसंपराइए अ' ङ ।

१७ * जुओ भग० खं० ३ श० ८ उ० २ पृ० ६९.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१९. [प्र०] परिहारविसुद्धियसंजए–पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं नवमस्स पुव्वस्स ततियं आयारवत्थुं, उक्कोसेणं असंपुन्नाइं दस पुव्वाइं अहिज्जेज्जा। सुहुमसंपरायसंजए जहा सामाइयसंजए।

२०. [प्र०] अहक्खायसंजए–पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं अट्ठ पवयणमायाओ, उक्कोसेणं चोद्दस पुव्वाइं अहिज्जेज्जा, सुयवतिरित्ते वा होज्जा (७)।

२१. [प्र०] सामाइयसंजए णं भंते! किं तित्थे होज्जा, अतित्थे होज्जा? [उ०] गोयमा! तित्थे वा होज्जा, अतित्थे वा होज्जा, जहा कसायकुसीले। छेदोवट्ठावणिए परिहारविसुद्धिए य जहा पुलाए, सेसा जहा सामाइयसंजए (८)।

२२. [प्र०] सामाइयसंजए णं भंते! किं सलिंगे होज्जा, अन्नलिंगे होज्जा, गिहिलिंगे होज्जा [उ०] जहा पुलाए। एवं छेदोवट्ठावणिए वि।

२३. [प्र०] परिहारविसुद्धियसंजए णं भंते! किं–पुच्छा [उ०] गोयमा! दव्वलिंगं पि भावलिंगं पि पडुच्च सलिंगे होज्जा, नो अन्नलिंगे होज्जा, नो गिहिलिंगे होज्जा। सेसा जहा सामाइयसंजए (९)।

२४. [प्र०] सामाइयसंजए णं भंते! कतिसु सरीरेसु होज्जा? [उ०] गोयमा! तिसु वा चउसु वा पंचसु वा–जहा कसायकुसीले। एवं छेदोवट्ठावणिए वि, सेसा जहा पुलाए (१०)।

२५. [प्र०] सामाइयसंजए णं भंते! किं कम्मभूमीए होज्जा, अकम्मभूमीए होज्जा? [उ०] गोयमा! जम्मणं संतिभावं पडुच्च कम्मभूमीए, नो अकम्मभूमीए–जहा बउसे। एवं छेदोवट्ठावणिए वि। परिहारविसुद्धिए य जहा पुलाए, सेसा जहा सामाइयसंजए (११)

२६. [प्र०] सामाइयसंजए णं भंते! किं ओसप्पिणीकाले होज्जा, उस्सप्पिणिकाले होज्जा, नोओसप्पिणि–नोउस्सप्पि-

परिहार विशुद्धिकने श्रुत. १९. [प्र०] हे भगवन्! परिहारविशुद्धिकसंयत केटलुं श्रुत भणे? [उ०] हे गौतम! ते जघन्य नवमा पूर्वनी त्रीजी आचारवस्तु सुधी, अने उत्कृष्ट अपूर्ण दस पूर्वो भणे. तथा सूक्ष्मसंपराय संयत सामायिकसंयतनी पेठे जाणवो.

यथाख्यातने श्रुत. २०. [प्र०] हे भगवन्! यथाख्यातसंयत केटलुं श्रुत भणे? [उ०] हे गौतम! जघन्य आठ प्रवचनमाता रूप श्रुत भणे अने उत्कृष्ट चौद पूर्व भणे अथवा श्रुतरहित (केवली) होय.

८ तीर्थद्वार– २१. [प्र०] हे भगवन्! शुं सामायिक संयत तीर्थमां होय के तीर्थना अभावमां होय? [उ०] हे गौतम! तीर्थमां पण होय अने तीर्थना अभावमां पण होय–इत्यादि बधी हकीकत कषायकुशीलनी पेठे जाणवी. छेदोपस्थापनीय अने परिहारविशुद्धिक पुलाकनी पेठे जाणवा, अने बाकी बधा सामायिकसंयतनी पेठे जाणवा.

९ लिंगद्वार– २२. [प्र०] हे भगवन्! शुं सामायिकसंयत स्वलिंग–साधुना लिंगमां होय, अन्य–तापसादिना लिंगमां होय के गृहस्थना लिंगमां होय? [उ०] ते संबंधी बधी हकीकत पुलाकनी पेठे जाणवी. ए प्रमाणे छेदोपस्थापनीय संयत माटे पण जाणवुं.

२३. [प्र०] हे भगवन्! शुं परिहारविशुद्धिक संयत स्वलिंगे होय, अन्यलिंगे होय के गृहस्थलिंगे होय? [उ०] हे गौतम! ते द्रव्यलिंग अने भावलिंग आश्रयी स्वलिंगमां होय, पण अन्यलिंगे के गृहस्थलिंगे न होय. बाकी बधुं सामायिकसंयतनी पेठे जाणवुं.

१० शरीरद्वार– २४. [प्र०] हे भगवन्! सामायिक संयतने केटलां शरीर होय? [उ०] हे गौतम! तेने त्रण, चार, के पांच शरीर होय–इत्यादि बधुं कषायकुशीलनी पेठे जाणवुं. ए प्रमाणे छेदोपस्थापनीय संयत विषे पण जाणवुं. बाकीना बधा संयतो पुलाकनी पेठे समजवा.

११ क्षेत्रद्वार– २५. [प्र०] हे भगवन्! सामायिक संयत कर्मभूमिमां थाय के अकर्मभूमिमां थाय? [उ०] हे गौतम! ते जन्म अने सद्भाव बन्नेनी अपेक्षाए कर्मभूमिमां थाय, पण अकर्मभूमिमां न थाय–इत्यादि बधुं बकुशनी पेठे जाणवुं. ए रीते छेदोपस्थापनीय संयतने पण समजवुं. परिहारविशुद्धिकने पुलाकनी पेठे जाणवुं अने बाकी बधा संयतो सामायिकसंयतनी पेठे जाणवा.

१२ कालद्वार– २६. [प्र०] हे भगवन्! शुं सामायिकसंयत उत्सर्पिणीकाळे थाय, अवसर्पिणीकाळे थाय के *नोउत्सर्पिणी–नोअवसर्पिणी काळे थाय? [उ०] हे गौतम! ते उत्सर्पिणीकाळे थाय–इत्यादि बधुं बकुशनी पेठे (पृ० २४७, सू० ५५) जाणवुं. ए प्रमाणे छेदोपस्थापनीय संयत पण जाणवो. पण विशेष ए के जन्म अने सद्भावनी अपेक्षाए चारे परिभागमां–सुषमासुषमा, सुषमा, सुषमा

२६ * नोउत्सर्पिणी–नोअवसर्पिणी ना सुषमादि समान त्रण प्रकारना काळमां (देवकुर्वादिमां) बकुशनो जन्म अने सद्भावथी निषेध कर्यो छे, अने दुःषमसुषमा समान काळमां (महाविदेहमां) तेनुं अस्तित्व छे, परन्तु छेदोपस्थापनीय संयतनुं त्यां पण अस्तित्व नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णिकाले होज्जा ? [उ०] गोयमा ! ओसप्पिणिकाले–जहा बउसे । एवं छेदोवट्ठावणिए वि । नवरं जम्मण–संतिभावं पडुच्च चउसु वि पलिभागेसु नत्थि, साहरणं पडुच्च अन्नयरे पडिभागे होज्जा; सेसं तं चेव ।

२७. [प्र०] परिहारविसुद्धिए–पुच्छा । [उ०] गोयमा ! ओसप्पिणिकाले वा होज्जा, उस्सप्पिणिकाले वा होज्जा, नोओसप्पिणि–नोउस्सप्पिणिकाले नो होज्जा । जइ ओसप्पिणिकाले होज्जा–जहा पुलाओ । उस्सप्पिणिकाले वि जहा पुलाओ । सुहुमसंपराइओ जहा नियंठो । एवं अहक्खाओ वि (१२) ।

२८. [प्र०] सामाइयसंजए णं भंते ! कालगए समाणे किं(कं)गतिं गच्छति ? [उ०] गोयमा ! देवगतिं गच्छति । [प्र०] देवगतिं गच्छमाणे किं भवणवासीसु उववज्जेज्जा, वाणमंतरेसु उववज्जेज्जा, जोइसिएसु उववज्जेज्जा, वेमाणिएसु उववज्जेज्जा ? [उ०] गोयमा ! णो भवणवासीसु उववज्जेज्जा–जहा कसायकुसीले । एवं छेदोवट्ठावणिए वि । परिहारविसुद्धिए जहा पुलाए । सुहुमसंपराए जहा नियंठे ।

२९. [प्र०] अहक्खाए–पुच्छा । [उ०] गोयमा ! एवं अहक्खायसंजए वि जाव–अजहन्नमणुक्कोसेणं अणुत्तरविमाणेसु उववज्जेज्जा; अत्थेगतिए सिज्झति, जाव–अंतं करेति ।

३०. [प्र०] सामाइयसंजए णं भंते ! देवलोगेसु उववज्जमाणे किं इंदत्ताए उववज्जति–पुच्छा । [उ०] गोयमा ! अविराहणं पडुच्च, एवं जहा कसायकुसीले । एवं छेदोवट्ठावणिए वि । परिहारविसुद्धिए जहा पुलाए । सेसा जहा नियंठे ।

३१. [प्र०] सामाइयसंजयस्स णं भंते ! देवलोगेसु उववज्जमाणस्स केवतियं कालं ठिती पन्नत्ता ? [उ०] गोयमा ! जहन्नेणं दो पलिओवमाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं । एवं छेदोवट्ठावणिए वि ।

३२. [प्र०] परिहारविसुद्धियस्स–पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं दो पलिओवमाइं, उक्कोसेणं अट्ठारस सागरोवमाइं, सेसाणं जहा नियंठस्स (१३) ।

३३. [प्र०] सामाइयसंजयस्स णं भंते ! केवइया संजमट्ठाणा पन्नत्ता ? [उ०] गोयमा ! असंखेज्जा संजमट्ठाणा पन्नत्ता, एवं जाव–परिहारविसुद्धियस्स ।

दुःषमा, अने दुःषमासुषमाना समान काळे न होय. अने संहरणनी अपेक्षाए चारमांथी कोई पण एक परिभागमां होय. बाकी बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं.

२७. [प्र०] हे भगवन् ! शुं परिहारविशुद्धिक संयत अवसर्पिणीकाळे होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! अवसर्पिणीकाळे होय अने उत्सर्पिणीकाळे पण होय, पण नोउत्सर्पिणी–नोअवसर्पिणी काळे न होय. जो ते अवसर्पिणी के उत्सर्पिणीकाळे होय तो, ते संबंधे पुलाकनी पेठे ( उ०६ सू० ५२ ) समजवुं. सूक्ष्मसंपराय संयत निर्ग्रंथनी पेठे ( उ० ६ सू० ५८ ) जाणवो. ए प्रमाणे यथाख्यात संयत पण जाणवो.

२८. [प्र०] हे भगवन् ! सामायिकसंयत काळगत थया पछी कइ गतिमां जाय ? [उ०] हे गौतम ! देवगतिमां जाय. [प्र०] देवगतिमां जतो सामायिकसंयत शुं भवनवासी देवोमां उत्पन्न थाय, वानव्यंतरोमां उत्पन्न थाय, ज्योतिषिकोमां उत्पन्न थाय के वैमानिकोमां उत्पन्न थाय ? [उ०] हे गौतम ! भवनवासीमां न उत्पन्न थाय–इत्यादि बधी वक्तव्यता कषायकुशीलनी पेठे (उ० ६ सू० ५९) जाणवी. ए प्रमाणे छेदोपस्थापनीय संयत संबंधे पण जाणवुं. परिहारविशुद्धिक संयत पुलाकनी पेठे अने सूक्ष्मसंपराय निर्ग्रंथनी पेठे (उ० ६ सू० ६०) जाणवा. १३ गतिद्वार.–

२९. [प्र०] यथाख्यात संयत कइ गतिमां जाय ? [उ०] हे गौतम ! यथाख्यात संयत पण पूर्वे कह्या प्रमाणे यावत्–जघन्य अने उत्कृष्ट सिवाय अनुत्तरविमानमां उत्पन्न थाय अने केटलाक तो सिद्ध थाय यावत्–सर्व दुःखनो अन्त करनार थाय.

३०. [प्र०] हे भगवन् ! सामायिकसंयत देवलोकोमां उत्पन्न थतो शुं इंद्रपणे उपजे–इत्यादि पृच्छा. [उ०] हे गौतम ! संयमनी अविराधनाने अपेक्षी–इत्यादि बधुं कषायकुशीलनी पेठे ( उ० ६ सू० ६३ ) जाणवुं. छेदोपस्थापनीय संयतने पण ए प्रमाणे समजवुं. पुलाकनी पेठे ( उ० ६ सू० ६२ ) परिहारविशुद्धिक अने बाकी बधा निर्ग्रंथनी पेठे ( उ० ६ सू० ६४ ) जाणवा.

३१. [प्र०] हे भगवन् ! देवलोकमां उत्पन्न थता सामायिकसंयतनी केटली स्थिति कही छे ? [उ०] हे गौतम ! तेनी जघन्य बे पल्योपमनी अने उत्कृष्ट तेत्रीश सागरोपमनी स्थिति कही छे. ए प्रमाणे छेदोपस्थापनीय संयत विषे पण समजवुं. सामायिक संयतनी स्थिति.

३२. [प्र०] हे भगवन् ! देवलोकमां उत्पन्न थता परिहारविशुद्धिक संयतनी केटली स्थिति कही छे ? [उ०] हे गौतम ! तेनी जघन्य बे पल्योपमनी अने उत्कृष्ट अढार सागरोपमनी स्थिति कही छे. बाकीना बधा संयतो संबंधे निर्ग्रंथनी पेठे जाणवुं. परिहार विशुद्धिकनी स्थिति.

३३. [प्र०] हे भगवन् ! सामायिकसंयतनां केटलां संयमस्थानो कह्यां छे ? [उ०] हे गौतम ! असंख्य संयमस्थानो कह्यां छे. ए प्रमाणे यावत्–परिहारविशुद्धिक सुधी जाणवुं. १४ संयमस्थान–सामायिक संयतना संयमस्थान.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३४. [प्र०] सुहुमसंपरायसंजयस्स-पुच्छा। [उ०] गोयमा! असंखेज्जा अंतोमुहुत्तिया संजमट्ठाणा पन्नत्ता।

३५. [प्र०] अहक्खायसंजयस्स-पुच्छा। [उ०] गोयमा! एगे अजहन्नमणुक्कोसए संजमट्ठाणे पन्नत्ते।

३६. [प्र०] एएसि णं भंते! सामाइय-छेदोवट्ठावणिय-परिहारविसुद्धिय-सुहुमसंपराग-अहक्खायसंजयाणं संजमट्ठाणाणं कयरे कयरे-जाव-विसेसाहिया वा? [उ०] गोयमा! सव्वत्थोवे अहक्खायसंजमस्स एगे अजहन्नमणुक्कोसए संजमट्ठाणे, सुहुमसंपरागसंजयस्स अंतोमुहुत्तिया संजमट्ठाणा असंखेज्जगुणा, परिहारविसुद्धियसंजयस्स संजमट्ठाणा असंखेज्जगुणा, सामाइयसंजयस्स छेदोवट्ठावणियसंजयस्स य एएसि णं संजमट्ठाणा दोण्ह वि तुल्ला असंखेज्जगुणा (१४)।

३७. [प्र०] सामाइयसंजयस्स णं भंते! केवइया चरित्तपज्जवा पन्नत्ता? [उ०] गोयमा! अणंता चरित्तपज्जवा पन्नत्ता, एवं जाव-अहक्खायसंजयस्स।

३८. [प्र०] सामाइयसंजए णं भंते! सामाइयसंजयस्स सट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं किं हीणे, तुल्ले, अब्भहिए? [उ०] गोयमा! सिय हीणे-छट्ठाणवडिए।

३९. [प्र०] सामाइयसंजए णं भंते! छेदोवट्ठावणियसंजयस्स परट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं-पुच्छा। [उ०] गोयमा! सिय हीणे, छट्ठाणवडिए। एवं परिहारविसुद्धियस्स वि।

४०. [प्र०] सामाइयसंजए णं भंते! सुहुमसंपरागसंजयस्स परट्ठाणसन्निगासेणं चरित्तपज्जवेहिं-पुच्छा। [उ०] गोयमा! हीणे, नो तुल्ले, नो अब्भहिए, अणंतगुणहीणे। एवं अहक्खायसंजयस्स वि। एवं छेदोवट्ठावणिए वि हेट्ठिल्लेसु तिसु वि समं छट्ठाणवडिए, उवरिल्लेसु दोसु तहेव हीणे। जहा छेदोवट्ठावणिए तहा परिहारविसुद्धिए वि।

४१. [प्र०] सुहुमसंपरागसंजए णं भंते! सामाइयसंजयस्स परट्ठाण-पुच्छा। [उ०] गोयमा! नो हीणे, नो तुल्ले, अब्भहिए, अणंतगुणमब्भहिए। एवं छेओवट्ठावणिय-परिहारविसुद्धिएसु वि समं। सट्ठाणे सिय हीणे, नो तुल्ले, सिय अब्भहिए। जइ हीणे अणंतगुणहीणे, अह अब्भहिए अणंतगुणमब्भहिए।

सूक्ष्मसंपरायना संयमस्थान.

३४. [प्र०] हे भगवन्! सूक्ष्मसंपराय संयतनां केटलां संयमस्थानो कह्यां छे? [उ०] हे गौतम! तेनां असंख्य संयमस्थानो छे अने तेनी अंतर्मुहूर्तनी स्थिति छे.

यथाख्यातना संयमस्थान.

३५. [प्र०] हे भगवन्! यथाख्यातसंयतनां केटलां संयमस्थानो कह्यां छे? [उ०] हे गौतम! तेओनुं जघन्य अने उत्कृष्ट सिवाय एक संयमस्थान कह्युं छे.

संयमस्थानोनुं अल्पबहुत्व.

३६. [प्र०] हे भगवन्! सामायिकसंयत, छेदोपस्थापनीयसंयत, परिहारविशुद्धिकसंयत, सूक्ष्मसंपरायसंयत अने यथाख्यातसंयत, एओना संयमस्थानोमां कोना संयमस्थानो कोना संयमस्थानोथी यावत्—विशेषाधिक छे? [उ०] हे गौतम! यथाख्यात संयतनुं अजघन्य अनुत्कृष्ट एक संयमस्थान होवाथी सौथी अल्प छे, तेथी सूक्ष्मसंपराय संयतनां अंतर्मुहूर्त सुधी रहेनारा संयमस्थानो असंख्यगुणां छे, तेथी परिहारविशुद्धिकनां संयमस्थानो असंख्यगुणां छे, तेथी सामायिकसंयत अने छेदोपस्थापनीयसंयतना संयमस्थानो असंख्यगुणां छे अने परस्पर सरखां छे.

१५ संनिकर्षद्वार- सामायिकसंयतना चारित्रपर्यवो.

३७. [प्र०] हे भगवन्! सामायिकसंयतना केटला चारित्रपर्यवो कह्या छे? [उ०] हे गौतम! तेना अनंत चारित्रपर्यवो कह्यां छे. ए प्रमाणे यावत्—यथाख्यातसंयत सुधी जाणवुं.

सामायिक संयतनुं सजातीय पर्यायनी अपेक्षाए अल्पबहुत्व.

३८. [प्र०] हे भगवन्! सामायिकसंयत बीजा सामायिकसंयतना सजातीय चारित्रपर्यायनी अपेक्षाए शुं हीन होय, तुल्य होय के अधिक होय? [उ०] हे गौतम! कदाच हीन होय, तुल्य होय अने अधिक होय अने तेमां—हीनाधिकपणामां छ स्थान पतित होय.

सामायिक अने छेदोपस्थापनीयनुं पर्यायापेक्षाए अल्पबहुत्व.

३९. [प्र०] हे भगवन्! एक सामायिकसंयत छेदोपस्थापनीयसंयतना विजातीय चारित्रपर्यायना संबन्धनी अपेक्षाए शुं हीन होय—इत्यादि पृच्छा. [उ०] हे गौतम! कदाच हीन होय—इत्यादि छ स्थान पतित होय. ए प्रमाणे परिहारविशुद्धिक संबंधे पण समजवुं.

सामायिकना सूक्ष्म संपरायनी अपेक्षाए पर्यायो.

४०. [प्र०] हे भगवन्! एक सामायिकसंयत सूक्ष्मसंपरायसंयतना विजातीय चारित्रपर्यायनी अपेक्षाए हीन होय—इत्यादि पृच्छा. [उ०] हे गौतम! हीन होय, तुल्य न होय, तेम अधिक पण न होय. तेमां पण अनंतगुण हीन छे. ए प्रमाणे यथाख्यातसंयत संबंधे पण जाणवुं. ए प्रमाणे छेदोपस्थापनीय पण नीचेना त्रणे चारित्रनी अपेक्षाए छ स्थानपतित छे अने उपरना बे चारित्रथी तेज प्रमाणे अनन्तगुण हीन छे. जेम छेदोपस्थापनीयसंयत विषे कह्युं तेम परिहारविशुद्धिक संबंधे पण जाणवुं.

सूक्ष्मसंपरायना सामायिकनी अपेक्षाए पर्यायो.

४१. [प्र०] हे भगवन्! सूक्ष्मसंपरायसंयत सामायिकसंयतना विजातीय पर्यायोनी अपेक्षाए शुं हीन छे— इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते हीन नथी, सरखो नथी, पण अधिक छे अने ते अनंत गुण अधिक छे. ए प्रमाणे छेदोपस्थापनीय अने परिहारविशुद्धिकनी साथे जाणवुं. पोताना सजातीय पर्यायनी अपेक्षाए कदाच हीन होय, कदाच तुल्य होय अने कदाच अधिक होय. जो हीन होय तो अनंतगुण हीन होय, जो अधिक होय तो अनंतगुण अधिक होय.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४२. [प्र०] सुहुमसंपरायसंजयस्स अहक्खायसंजयस्स परट्ठाण–पुच्छा। [उ०] गोयमा! हीणे, नो तुल्ले, नो अब्भहिए, अणंतगुणहीणे। अहक्खाए हेट्ठिल्लाणं चउण्ह वि नो हीणे, नो तुल्ले, अब्भहिए, अणंतगुणमब्भहिए। सट्ठाणे नो हीणे, तुल्ले, नो अब्भहिए।

४३. [प्र०] एएसि णं भंते! सामाइय–छेदोवट्ठावणिय–परिहारविसुद्धिय–सुहुमसंपराय–अहक्खायसंजयाणं जहन्नुक्कोसगाणं चरित्तपज्जवाणं कयरे कयरे–जाव–विसेसाहिया वा? [उ०] गोयमा! सामाइयसंजयस्स छेओवट्ठावणियसंजयस्स य एएसि णं जहन्नगा चरित्तपज्जवा दोण्ह वि तुल्ला सव्वत्थोवा, परिहारविसुद्धियसंजयस्स जहन्नगा चरित्तपज्जवा अणंतगुणा, तस्स चेव उक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा, सामाइयसंजयस्स छेओवट्ठावणियसंजयस्स य एएसि णं उक्कोसगा चरित्तपज्जवा दोण्ह वि तुल्ला अनंतगुणा,- सुहुमसंपरायसंजयस्स जहन्नगा चरित्तपज्जवा अणंतगुणा, तस्स चेव उक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा अहक्खायसंजयस्स अजहन्नमणुक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा (१५)।

४४. [प्र०] सामाइयसंजए णं भंते! किं सजोगी होज्जा, अजोगी होज्जा? [उ०] गोयमा! सजोगी–जहा पुलाए। एवं जाव–सुहुमसंपरायसंजए। अहक्खाए जहा सिणाए (१६)।

४५. [प्र०] सामाइयसंजए णं भंते! किं सागारोवउत्ते होज्जा अणागारोवउत्ते होज्जा? [उ०] गोयमा! सागारोवउत्ते–जहा पुलाए। एवं जाव–अहक्खाए। नवरं सुहुमसंपराए सागारोवउत्ते होज्जा, नो अणागारोवउत्ते होज्जा (१७)।

४६. [प्र०] सामाइयसंजए णं भंते! किं सकसायी होज्जा, अकसायी होज्जा? [उ०] गोयमा! सकसायी होज्जा, नो अकसायी होज्जा–जहा कसायकुसीले। एवं छेदोवट्ठावणिए वि। परिहारविसुद्धिए जहा पुलाए।

४७. [प्र०] सुहुमसंपरागसंजए–पुच्छा। [उ०] गोयमा! सकसायी होज्जा, नो अकसायी होज्जा।

४८. [प्र०] जइ सकसायी होज्जा, से णं भंते! कतिसु कसायेसु होज्जा? [उ०] गोयमा! एगंमि संजलणलोभे होज्जा। अहक्खायसंजए जहा नियंठे (१८)।

४२. [प्र०] हे भगवन्! सूक्ष्मसंपरायसंयत यथाख्यातसंयतना विजातीय चारित्रपर्यायोनी अपेक्षाए हीन होय–इत्यादि पृच्छा. [उ०] हे गौतम! तेओ हीन छे, सरखा नथी अने तुल्य पण नथी, पण अधिक छे. अने ते अनंतगुण हीन छे. यथाख्यात संयत नीचेना चारेनी अपेक्षाए हीन नथी, तुल्य नथी, पण अधिक छे अने ते अनंतगुण अधिक छे. पोताना स्थानमां हीन अने अधिक नथी पण सरखा छे.

४३. [प्र०] हे भगवन्! सामायिक संयत, छेदोपस्थापनीय संयत, परिहारविशुद्धिक संयत, सूक्ष्मसंपराय संयत अने यथाख्यात संयत, एओना जघन्य अने उत्कृष्ट चारित्रपर्यवोमां कोना कोनाथी यावत्—विशेषाधिक छे? [उ०] हे गौतम! सामायिक संयत अने छेदोपस्थापनीय संयत–ए बन्नेना जघन्य चारित्रपर्यवो परस्पर सरखा अने सौथी थोडा छे, तेथी परिहारविशुद्धिक संयतना जघन्य चारित्र पर्यवो अनंत गुणा छे, अने तेथी तेनाज उत्कृष्ट चारित्रपर्यवो अनंत गुणा छे, तेथी सामायिक संयत अने छेदोपस्थापनीय संयतना उत्कृष्ट चारित्रपर्यवो अनंतगुणा अने परस्पर सरखा छे, तेथी सूक्ष्मसंपराय संयतना जघन्य चारित्रपर्यवो अनंतगुणा छे अने तेथी तेनाज उत्कृष्ट चारित्रपर्यवो अनंतगुणा छे, अने तेथी यथाख्यात संयतना अजघन्य अने अनुत्कृष्ट चारित्रपर्यवो अनंतगुणा छे. सामायिक संयतादिनुं अल्पबहुत्व.

४४. [प्र०] हे भगवन्! शुं सामायिक संयत सयोगी होय के अयोगी होय? [उ०] हे गौतम! ते सयोगी होय–इत्यादि बधुं पुलाकनी पेठे (उ० ६ सू० ८३) जाणवुं. ए प्रमाणे यावत्–सूक्ष्मसंपराय संयत संबंधे समजवुं. अने यथाख्यात संयत संबंधे स्नातकनी पेठे (उ० ६ सू० ८४) जाणवुं. १६ योगद्वार–

४५. [प्र०] हे भगवन्! शुं सामायिकसंयत साकार–ज्ञानउपयोगवाळो होय के अनाकार–दर्शन उपयोगवाळो होय? [उ०] हे गौतम! साकारउपयोगवाळो होय–इत्यादि बधुं पुलाकनी पेठे (उ० ६ सू० ८५) जाणवुं. ए रीते यावत्–यथाख्यात संयत संबंधे समजवुं. विशेष ए के सूक्ष्मसंपराय संयत साकार उपयोगवाळो होय, पण अनाकार उपयोगवाळो न होय. १७ उपयोगद्वार–

४६. [प्र०] हे भगवन्! शुं सामायिक संयत कषायवाळो होय के कषायरहित होय? [उ०] हे गौतम! ते कषायवाळो होय, पण कषायरहित न होय—इत्यादि कषायकुशीलनी पेठे (उ० ६ सू० ८६) जाणवुं. ए प्रमाणे छेदोपस्थापनीय पण जाणवो. परिहारविशुद्धिक संयतने पुलाकनी पेठे (उ० ६ सू० ८७) जाणवुं. १८ कषायद्वार–

४७. [प्र०] हे भगवन्! शुं सूक्ष्मसंपराय संयत कषायवाळो होय के कषायरहित होय? [उ०] हे गौतम! कषायवाळो होय, पण कषायरहित न होय.

४८. [प्र०] हे भगवन्! जो ते (सूक्ष्मसंपराय संयत) कषायवाळो होय तो ते केटला कषायवाळो होय? [उ०] हे गौतम! तेने मात्र एक संज्वलन लोभ होय. यथाख्यात संयत संबंधे निर्ग्रंथनी पेठे (उ० ६ सू० ८८) जाणवुं.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**४९. [प्र०] सामाइयसंजए णं भंते! किं सलेस्से होज्जा, अलेस्से होज्जा? [उ०] गोयमा! सलेस्से होज्जा-जहा कसायकुसीले। एवं छेदोवट्ठावणिए वि। परिहारविसुद्धिए जहा पुलाए। सुहुमसंपराए जहा नियंठे। अहक्खाए जहा सिणाए। नवरं जइ सलेस्से होज्जा, एगाए सुक्कलेस्साए होज्जा (१९)।**

**५०. [प्र०] सामाइयसंजए णं भंते! किं वड्ढमाणपरिणामे होज्जा, हीयमाणपरिणामे, अवट्ठियपरिणामे? [उ०] गोयमा! वड्ढमाणपरिणामे-जहा पुलाए। एवं जाव-परिहारविसुद्धिए।**

**५१. [प्र०] सुहुमसंपराए-पुच्छा। [उ०] गोयमा! वड्ढमाणपरिणामे वा होज्जा, हीयमाणपरिणामे वा होज्जा, नो अवट्ठियपरिणामे होज्जा। अहक्खाए जहा नियंठे।**

**५२. [प्र०] सामाइयसंजए णं भंते! केवतियं कालं वड्ढमाणपरिणामे होज्जा? [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं-जहा पुलाए। एवं जाव-परिहारविसुद्धिए।**

**५३. [प्र०] सुहुमसंपरागसंजए णं भंते! केवतियं कालं वड्ढमाणपरिणामे होज्जा? [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं। [प्र०] केवतियं कालं हीयमाणपरिणामे? [उ०] एवं चेव।**

**५४. [प्र०] अहक्खायसंजए णं भंते! केवतियं कालं वड्ढमाणपरिणामे होज्जा? [उ०] गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं। [प्र०] केवतियं कालं अवट्ठियपरिणामे होज्जा? [उ०] गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं देसूणा पुव्वकोडी (२०)।**

**५५. [प्र०] सामाइयसंजए णं भंते! कइ कम्मप्पगडीओ बंधइ? [उ०] गोयमा! सत्तविहबंधए वा, अट्ठविहबंधए वा-एवं जहा बउसे। एवं जाव-परिहारविसुद्धिए।**

**५६. [प्र०] सुहुमसंपरागसंजए-पुच्छा। [उ०] गोयमा! आउय-मोहणिज्जवज्जाओ छ कम्मप्पगडीओ बंधति। अहक्खायसंजए जहा सिणाए (२१)।**

१९ लेश्याद्वार- ४९. [प्र०] हे भगवन्! शुं सामायिक संयत लेश्यासहित होय के लेश्यारहित होय? [उ०] हे गौतम! ते लेश्यासहित होय-इत्यादि बधुं कषायकुशीलनी पेठे (उ० ६ सू० ९०) जाणवुं. छेदोपस्थापनीयने पण ए प्रमाणे जाणवुं. पुलाकनी पेठे (उ० ६ सू० ८१) परिहारविशुद्धिकने समजवुं. सूक्ष्मसंपराय संयत निर्ग्रंथनी पेठे (उ०६सू०९१) जाणवो. अने स्नातकनी पेठे यथाख्यात संयत विषे जाणवुं. परन्तु जो लेश्यासहित होय तो ते एक शुक्लेश्यावाळो होय.

२० परिणामद्वार- ५०. [प्र०] हे भगवन्! शुं *सामायिक संयत चढता परिणामवाळो होय, हीयमान-पडता परिणामवाळो होय के स्थिर परिणामवाळो होय? [उ०] हे गौतम! ते चढता परिणामवाळो होय-इत्यादि बधुं पुलाकनी पेठे (उ० ६ सू० ९३) जाणवुं. ए प्रमाणे यावत्— परिहारविशुद्धिक संयत सुधी समजवुं.

५१. [प्र०] हे भगवन्! शुं सूक्ष्मसंपराय संयत चढता परिणामवाळो होय-इत्यादि पृच्छा. [उ०] हे गौतम! ते चढता परिणामवाळो होय, पडता परिणामवाळो होय, पण स्थिर परिणामवाळो न होय. यथाख्यात संयतने निर्ग्रंथनी पेठे (उ०६सू०९४) जाणवुं.

परिणामनो काळ. ५२. [प्र०] हे भगवन्! सामायिक संयत केटला काळ सुधी चढता परिणामवाळो होय? [उ०] हे गौतम! ते जघन्य एक समय सुधी चढता परिणामवाळो होय-इत्यादि बधुं पुलाकनी पेठे (उ०सू०९५) जाणवुं तथा ए प्रमाणे यावत्—परिहार विशुद्धिक संबंधे पण समजवुं.

५३. [प्र०] हे भगवन्! सूक्ष्मसंपराय संयत केटला काळ सुधी चढता परिणामवाळो होय? [उ०] हे गौतम! ते जघन्य एक समय सुधी अने उत्कृष्ट अंतर्मुहूर्त सुधी चढता परिणामवाळो होय. [प्र०] ते केटला काळ सुधी पडता परिणामवाळो होय? [उ०] पूर्वनी पेठे जाणवुं.

५४. [प्र०] हे भगवन्! यथाख्यात संयत केटला काळ सुधी चढता परिणामवाळो होय? [उ०] हे गौतम! ते जघन्य अने उत्कृष्ट अंतर्मुहूर्त सुधी चढता परिणामवाळो होय. [प्र०] ते केटला काळ सुधी स्थिर परिणामवाळो होय? [उ०] हे गौतम! ते जघन्य एक समय, अने उत्कृष्ट अंशतः न्यून पूर्वकोटि सुधी स्थिर परिणामवाळो होय.

२१ बन्धद्वार- ५५. [प्र०] हे भगवन्! सामायिक संयत केटली कर्मप्रकृतिओने बांधे? [उ०] हे गौतम! ते सात कर्म प्रकृतिओ के आठ कर्म प्रकृतिओने बांधे-इत्यादि बधुं बकुशनी पेठे (उ० ६ सू० १०२) जाणवुं. ए प्रमाणे यावत्-परिहारविशुद्धिक संयत सुधी समजवुं.

५६. [प्र०] हे भगवन्! सूक्ष्मसंपराय संयत केटली कर्मप्रकृतिओने बांधे? [उ०] हे गौतम! ते आयुष अने मोहनीय सिवाय छ कर्मप्रकृतिओने बांधे. यथाख्यात संयत संबंधे स्नातकनी पेठे (उ० ६ सू० १०६) जाणवुं.

---

५१ * सूक्ष्मसंपराय ज्यारे श्रेणि उपर चढतो होय त्यारे वर्धमान परिणामवाळो अने श्रेणिथी पडतो होय त्यारे हीयमान परिणामवाळो होय, पण स्वाभाविक रीते स्थिर परिणामवाळो न होय.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५७. [प्र०] सामाइयसंजए णं भंते ! कति कम्मप्पगडीओ वेदेति ? [उ०] गोयमा ! नियमं अट्ठ कम्मप्पगडीओ वेदेति । एवं जाव-सुहुमसंपराए ।

५८. [प्र०] अहक्खाए-पुच्छा । [उ०] गोयमा ! सत्तविहवेयए वा, चउव्विहवेयए वा । सत्त वेदेमाणे मोहणिज्जवज्जाओ सत्त कम्मप्पगडीओ वेदेति, चत्तारि वेदेमाणे वेयणिज्जा-उय-नाम-गोयाओ चत्तारि कम्मप्पगडीओ वेदेति (२२) ।

५९. [प्र०] सामाइयसंजए णं भंते ! कति कम्मप्पगडीओ उदीरेति ? [उ०] गोयमा ! सत्तविह-जहा बउसो । एवं जाव-परिहारविसुद्धिए ।

६०. [प्र०] सुहुमसंपराए-पुच्छा । [उ०] गोयमा ! छव्विहउदीरए वा पंचविहउदीरए वा । छ उदीरेमाणे आउय-वेयणिज्जवज्जाओ छ कम्मप्पगडीओ उदीरेइ; पंच उदीरेमाणे आउय-वेयणिज्ज-मोहणिज्जवज्जाओ पंच कम्मप्पगडीओ उदीरेइ ।

६१. [प्र०] अहक्खायसंजए-पुच्छा । [उ०] गोयमा ! पंचविहउदीरए वा दुविहउदीरए वा अणुदीरए वा । पंच उदीरेमाणे आउय०-सेसं जहा नियंठस्स (२३) ।

६२. [प्र०] सामाइयसंजए णं भंते ! सामाइयसंजयत्तं जहमाणे किं जहति, किं उवसंपज्जति ? [उ०] गोयमा ! सामाइयसंजयत्तं जहति, छेदोवट्ठावणियसंजयं वा, सुहुमसंपरागसंजयं वा, असंजमं वा, संजमासंजमं वा उवसंपज्जति ।

६३. [प्र०] छेओवट्ठावणिए-पुच्छा । [उ०] गोयमा ! छेओवट्ठावणियसंजयत्तं जहति, सामाइयसंजमं वा, परिहारविसुद्धियसंजमं वा, सुहुमसंपरागसंजमं वा, असंजमं वा, संजमासंजमं वा उवसंपज्जति ।

६४. [प्र०] परिहारविसुद्धिए-पुच्छा । [उ०] गोयमा ! परिहारविसुद्धियसंजयत्तं जहति, छेदोवट्ठावणियसंजयत्तं वा असंजमं वा उवसंपज्जति ।

५७. [प्र०] हे भगवन् ! सामायिक संयत केटली कर्मप्रकृतिओने वेदे—अनुभवे ? [उ०] हे गौतम ! ते अवश्य आठ कर्मप्रकृतिओने वेदे. ए प्रमाणे यावत्-सूक्ष्मसंपराय सुधी जाणवुं. २२ वेदनद्वार—

५८. [प्र०] हे भगवन् ! यथाख्यात संयत केटली कर्मप्रकृतिओने वेदे ? [उ०] हे गौतम ! ते सात कर्मप्रकृतिओने वेदे के चार कर्मप्रकृतिओने वेदे. ज्यारे ते सात कर्मने वेदतो होय त्यारे मोहनीय सिवायना सात कर्मने वेदे, अने ज्यारे ते चार प्रकारनां कर्मने वेदतो होय त्यारे वेदनीय, आयुष, नाम अने गोत्र-ए चार कर्मप्रकृतिओने वेदे.

५९. [प्र०] हे भगवन् ! सामायिक संयत केटली कर्मप्रकृतिओने उदीरे ? [उ०] हे गौतम ! ते सात कर्मप्रकृतिओने उदीरे- २३ उदीरणाद्वार—
इत्यादि बधुं बकुशनी पेठे (उ० ६ सू० १११) जाणवुं. यावत्—परिहारविशुद्धिक ए प्रमाणे जाणवो.

६०. [प्र०] हे भगवन् ! सूक्ष्मसंपराय केटली कर्मप्रकृतिओने उदीरे ? [उ०] हे गौतम ! छ कर्मप्रकृतिओनी अथवा पांच कर्मप्रकृतिओनी उदीरणा करे. जो छ कर्मनी उदीरणा करे तो आयुष अने वेदनीय सिवाय बाकीनां छ कर्मनी उदीरणा करे. जो पांच कर्मनी उदीरणा करे तो आयुष, वेदनीय अने मोहनीय कर्म सिवाय बाकीनां पांच कर्मनी उदीरणा करे.

६१. [प्र०] हे भगवन् ! यथाख्यात संयत केटली कर्मप्रकृतिओने उदीरे ? [उ०] हे गौतम ! ते पांच कर्मप्रकृतिओने उदीरे के बे कर्मप्रकृतिओने उदीरे, अथवा कोइ पण प्रकारना कर्मनी उदीरणा न करे. जो पांच कर्मनी उदीरणा करे तो आयुष, वेदनीय अने मोहनीय कर्म सिवाय बाकीनां पांच कर्मनी उदीरणा करे-इत्यादि बधुं निर्ग्रंथनी पेठे (उ० ६ सू० ११३) जाणवुं.

६२. [प्र०] हे भगवन् ! सामायिक संयत सामायिकसंयतपणानो त्याग करतो शुं छोडे, शुं प्राप्त करे ? [उ०] हे गौतम ! सामायिकसंयतपणानो त्याग करे अने छेदोपस्थापनीयसंयतपणुं, सूक्ष्मसंपरायसंयतपणुं, असंयम के संयमासंयम—देशविरतिपणुं प्राप्त करे. २४ उपसंपद्-हान— सामायिकसंयत शुं छोडे अने कोने स्वीकारे.

६३. [प्र०] हे भगवन् ! छेदोपस्थापनीय संयत शुं छोडे अने शुं प्राप्त करे ? [उ०] हे गौतम ! *छेदोपस्थापनीयसंयतपणानो त्याग करे अने सामायिकसंयतपणुं, परिहारविशुद्धिकसंयतपणुं, सूक्ष्मसंपरायसंयतपणुं, असंयम के देशविरतिपणुं प्राप्त करे. छेदोपस्थापनीय शुं छोडे अने शुं प्राप्त करे ?

६४. [प्र०] †परिहारविशुद्धिक संबंधे पृच्छा. [उ०] हे गौतम ! ते परिहारविशुद्धिकसंयतपणानो त्याग करे अने छेदोपस्थापनीयसंयतपणुं के असंयम प्राप्त करे.

६३ * जेम प्रथम तीर्थंकरना तीर्थना साधु अजितजिनना तीर्थमां प्रवेश करे त्यारे छेदोपस्थापनीय चारित्र छोडी सामायिक चारित्र अंगीकार करे. ए रीते छेदोपस्थापनीय संयत तेनो त्याग करतो सामायिकसंयतपणुं स्वीकारे.

६४ † परिहारविशुद्धिक संयत परिहारविशुद्धिकसंयतपणानो त्याग करी गच्छमां प्रवेश करे त्यारे छेदोपस्थापनीयसंयतपणुं पामे, अने देवगतिमां जाय तो असंयतपणुं पामे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

६५. [प्र०] सुहुमसंपराए-पुच्छा। [उ०] गोयमा! सुहुमसंपरायसंजयत्तं जहति, सामाइयसंजयं वा, छेओवट्ठावणियसंजयं वा, अहक्खायसंजयं वा, असंजमं वा उवसंपज्जइ।

६६. [प्र०] अहक्खायसंजए-पुच्छा। [उ०] गोयमा! अहक्खायसंजयत्तं जहति, सुहुमसंपरागसंजयं वा, असंजमं वा, सिद्धिगतिं वा उवसंपज्जति (२४)।

६७. [प्र०] सामाइयसंजए णं भंते! किं सन्नोवउत्ते होज्जा, नोसन्नोवउत्ते होज्जा? [उ०] गोयमा! सन्नोवउत्ते-जहा बउसो। एवं जाव-परिहारविसुद्धिए। सुहुमसंपराए अहक्खाए य जहा पुलाए (२५)।

६८. [प्र०] सामाइयसंजए णं भंते! किं आहारए होज्जा, अणाहारए होज्जा। [उ०] जहा पुलाए। एवं जाव-सुहुमसंपराए। अहक्खायसंजए जहा सिणाए (२६)।

६९. [प्र०] सामाइयसंजए णं भंते! कति भवग्गहणाइं होज्जा? [उ०] गोयमा! जहन्नेणं एक्कं, उक्कोसेणं अट्ठ। एवं छेदोवट्ठावणिए वि।

७०. [प्र०] परिहारविसुद्धिए-पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं एक्कं, उक्कोसेणं तिन्नि। एवं जाव-अहक्खाए (२७)।

७१. [प्र०] सामाइयसंजयस्स णं भंते! एगभवग्गहणिया केवतिया आगरिसा पन्नत्ता? [उ०] गोयमा! जहन्नेणं-जहा बउसस्स।

७२. [प्र०] छेदोवट्ठावणियस्स पुच्छा। [उ०] गोयमा! जहन्नेणं एक्को, उक्कोसेणं वीसपुहुत्तं।

७३. [प्र०] परिहारविसुद्धियस्सपुच्छा। [उ०] गोयमा! जहन्नेणं [1]एक्को, उक्कोसेणं तिन्नि।

६५. [प्र०] सूक्ष्मसंपराय संबंधे पूर्ववत् पृच्छा. [उ०] हे गौतम! ते *सूक्ष्मसंपरायसंयतपणानो त्याग करे अने सामायिक संयतपणुं, छेदोपस्थापनीयसंयतपणुं, यथाख्यातसंयतपणुं के असंयम प्राप्त करे.

६६. [प्र०] यथाख्यातसंयत संबन्धे पृच्छा. [उ०] हे गौतम! ते †यथाख्यातसंयतपणानो त्याग करे अने सूक्ष्मसंपराय संयम, असंयम के सिद्धिगतिने प्राप्त करे.

२५ संज्ञाद्वार- ६७. [प्र०] हे भगवन्! शुं सामायिक संयत संज्ञोपयुक्त—आहारादिमां आसक्त होय के नोसंज्ञोपयुक्त—आहारादिमां आसक्तिरहित होय? [उ०] हे गौतम! ते संज्ञोपयुक्त होय-इत्यादि बधुं बकुशनी पेठे जाणवुं. ए प्रमाणे यावत्-परिहारविशुद्धिक संयत सुधी जाणवुं. सूक्ष्मसंपराय अने यथाख्यात संबन्धे पुलाकनी पेठे ( उ० ६ सू० १२२ ) जाणवुं.

२६ आहारकद्वार- ६८. [प्र०] हे भगवन्! शुं सामायिक संयत आहारक होय के अनाहारक होय? [उ०] हे गौतम! पुलाकनी पेठे ( उ० ६ सू० १२३ ) जाणवुं. ए रीते यावत्—सूक्ष्मसंपराय सुधी समजवुं. यथाख्यात संयत स्नातकनी पेठे ( उ० ६ सू० १२४ ) जाणवो.

२७ भवद्वार- ६९. [प्र०] हे भगवन्! सामायिक संयत केटलां भवग्रहण करे [उ०] हे गौतम! जघन्य एक भव अने उत्कृष्ट आठ भवग्रहण करे. ए प्रमाणे छेदोपस्थापनीय विषे पण जाणवुं.

७०. [प्र०] हे भगवन्! परिहारविशुद्धिक केटला भव ग्रहण करे? [उ०] हे गौतम! जघन्य एक भव अने उत्कृष्ट त्रण भवग्रहण करे ए प्रमाणे यावत्—यथाख्यात संयत संबंधे जाणवुं.

२८ आकर्षद्वार- ७१. [प्र०] हे भगवन्! सामायिक संयतने एक भवमां ग्रहण करी शकाय तेवा केटला आकर्ष कह्या छे-अर्थात् एक भवमां केटली वार सामायिक संयम प्राप्त थाय? [उ०] हे गौतम! जघन्य [ एक अने उत्कृष्ट शतपृथक्त्व होय ]-इत्यादि बधुं बकुशनी पेठे ( उ० ६ सू० १३० ) समजवुं.

७२. [प्र०] हे भगवन्! छेदोपस्थापनीय संयतने एक भवमां ग्रहण करी शकाय तेवा केटला आकर्ष कह्या छे? [उ०] हे गौतम! तेने जघन्य एक अने उत्कृष्ट वीशपृथक्त्व- बेथी नव वीश आकर्ष कह्या छे.

परिहारविशुद्धिकने आकर्ष ७३. [प्र०] परिहारविशुद्धिक संबन्धे पृच्छा. [उ०] हे गौतम! तेने जघन्य ‡एक अने उत्कृष्ट त्रण आकर्ष कह्या छे.

---

१ सर्वत्र 'एक्कं' इति पाठ ग-घ-पुस्तके उपलभ्यते, परं क-ङपुस्तके 'एक्को' इति पाठः।

६५ * सूक्ष्मसंपरायसंयत श्रेणिथी पडतो सूक्ष्मसंपरायसंयतपणानो त्याग करी जो पूर्वे सामायिक संयत होय तो सामायिकसंयतपणुं प्राप्त करे अने पूर्वे छेदोपस्थापनीय संयत होय तो छेदोपस्थापनीयसंयतपणुं पामे. जो श्रेणि उपर चढे तो यथाख्यातसंयतपणुं पामे.

६६ † यथाख्यात संयत श्रेणिथी पडवाथी यथाख्यातसंयतपणानो त्याग करतो सूक्ष्मसंपरायसंयतपणुं पामे अने उपशांतमोहावस्थामां मरण पामे तो देवगतिमां असंयतपणुं पामे, अने जो स्नातक होय तो सिद्धिगति पामे.

७३ ‡ परिहारविशुद्धिकपणुं एक भवमां त्रण वार प्राप्त थाय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

७४. [प्र०] सुहुमसंपरायस्स–पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं एक्को, उक्कोसेणं चत्तारि ।

७५. [प्र०] अहक्खायस्स–पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं एक्को, उक्कोसेणं दोन्नि ।

७६. [प्र०] सामाइयसंजयस्स णं भंते ! नाणाभवग्गहणिया केवतिया आगरिसा पन्नत्ता ? [उ०] गोयमा ! जहा बउसे ।

७७. [प्र०] छेदोवट्ठावणियस्स–पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं दोन्नि, उक्कोसेणं उवरिं नवण्हं सयाणं अंतो सहस्सस्स । परिहारविसुद्धियस्स जहन्नेणं दोन्नि, उक्कोसेणं सत्त । सुहुमसंपरागस्स जहन्नेणं दोन्नि, उक्कोसेणं नव । अहक्खायस्स जहन्नेणं दोन्नि, उक्कोसेणं पंच ।

७८. [प्र०] सामाइयसंजए णं भंते ! कालओ केवच्चिरं होइ ? [उ०] गोयमा ! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं देसूणएहिं नवहिं वासेहिं ऊणिया पुव्वकोडी । एवं छेदोवट्ठावणिए वि । परिहारविसुद्धिए जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं देसूणएहिं एकूणतीसाए वासेहिं ऊणिया पुव्वकोडी । सुहुमसंपराए जहा नियंठे । अहक्खाए जहा सामाइयसंजए ।

७९. [प्र०] सामाइयसंजया णं भंते ! कालओ केवच्चिरं होंति ? [उ०] गोयमा ! सव्वद्धं ।

८०. [प्र०] छेदोवट्ठावणिएसु पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं अड्ढाइज्जाइं वाससयाइं, उक्कोसेणं पन्नासं सागरोवमकोडिसयसहस्साइं ।

७४. [प्र०] सूक्ष्मसंपराय संबंधे पृच्छा. [उ०] हे गौतम ! तेने जघन्य *एक अने उत्कृष्ट चार आकर्ष कह्या छे. सूक्ष्मसंपरायसंयतने आकर्ष.

७५. [प्र०] यथाख्यात संबन्धे पृच्छा. [उ०] हे गौतम ! तेने †जघन्य एक अने उत्कृष्ट बे आकर्ष होय छे. यथाख्यातसंयतने आकर्ष.

७६. [प्र०] हे भगवन् ! सामायिक संयतने अनेक भवमां ग्रहण करी शकाय तेवा केटला आकर्ष कह्या छे ? [उ०] हे गौतम ! —इत्यादि बधुं बकुशनी पेठे ( उ० ६ सू० १३४ ) जाणवुं. सामायिक संयतने अनेक भवमां आकर्ष.

७७. [प्र०] छेदोपस्थापनीय संयत संबन्धे पृच्छा. [उ०] हे गौतम ! तेने जघन्य बे अने उत्कृष्ट नवसो उपर अने हजारनी अंदर आकर्षो कह्या छे. ‡परिहारविशुद्धिकने जघन्य बे अने उत्कृष्ट सात, सूक्ष्मसंपरायने जघन्य बे अने उत्कृष्ट नव तथा यथाख्यातने जघन्य बे अने उत्कृष्ट पांच आकर्षो कह्या छे.

७८. [प्र०] हे भगवन् ! सामायिक संयत काळथी क्यां सुधी होय ? [उ०] हे गौतम ! जघन्य ¶एक समय अने उत्कृष्ट कांइक ऊणा–नव वरस न्यून पूर्वकोटि वर्ष सुधी होय. ए प्रमाणे छेदोपस्थापनीय संबंधे पण समजवुं.—परिहारविशुद्धिक जघन्य एक समय अने उत्कृष्ट कांइक न्यून ओगणत्रीश वर्ष ऊणी पूर्वकोटि वर्ष सुधी होय. सूक्ष्मसंपराय संबंधे निर्ग्रंथनी पेठे (उ० ६ सू० १३९) जाणवुं. यथाख्यातने सामायिक संयतनी जेम समजवुं. २९ काळद्वार–

७९. [प्र०] हे भगवन् ! सामायिक संयतो काळथी क्यां सुधी होय ? [उ०] हे गौतम ! §तेओ सर्व काळे होय. सामायिकादि संयतोनो काळ.

८०. [प्र०] हे भगवन् ! छेदोपस्थापनीय संयतो काळथी क्यांसुधी होय ? [उ०] हे गौतम ! तेओ जघन्य अढीसो वर्ष सुधी अने उत्कृष्ट पचासलाख क्रोड सागरोपम सुधी होय.

---

७४ * सूक्ष्मसंपराय संयतने एक भवमां बे वार उपशमश्रेणिनो संभव होवाथी अने प्रत्येक श्रेणिमां संक्लिश्यमान अने विशुध्यमान एम बे प्रकारना सूक्ष्मसंपरायं होवाथी चार वार सूक्ष्मसंपरायपणानी प्राप्ति थाय छे.

७५ † यथाख्यात संयतने बे वार उपशमश्रेणिनो संभव होवाथी बे आकर्ष होय छे.

७७ ‡ परिहारविशुद्धिक संयतने एक भवमां उत्कृष्ट त्रण वार परिहारविशुद्धिचारित्र प्राप्त थाय छे अने ते तेने त्रण भवमां होय छे. एक भवमां त्रण वार, बीजा भवमां बे वार अने त्रीजा भवमां बे वार–इत्यादि विकल्पथी तेने अनेक भवमां सात आकर्ष थाय छे. सूक्ष्मसंपरायने एक भवमां चार आकर्ष होय छे अने त्रण भवमां सूक्ष्मसंपराय होय छे. तेने एक भवमां चार, बीजा भवमां चार अने एक भवमां एक–एम अनेक भवमां नव आकर्ष थाय छे. यथाख्यात संयतने एक भवमां बे आकर्ष, बीजा भवमां बे अने त्रीजा भवमां एक–एम त्रण भवमां बधा मळीने पांच आकर्ष होय छे.

७८ ¶ सामायिक चारित्रनी प्राप्तिना समय पछी तुरत ज मरण थाय ते अपेक्षाए सामायिक संयतनो काळ जघन्य एक समय छे, अने उत्कृष्ट नव वर्ष न्यून पूर्वकोटीवर्ष छे ते गर्भसमयथी आरंभीने तेनी गणना जाणवी. जन्मदिवसथी गणना करीए तो आठ वरस न्यून पूर्वकोटी वर्ष काळ होय. परिहारविशुद्धिकने जघन्य एक समय मरणनी अपेक्षाए होय अने उत्कृष्ट कांइक न्यून ओगणत्रीश वरस ओछी पूर्वकोटि वर्ष प्रमाण होय. पूर्वकोटि वर्षना आयुषवाळो कोइ मनुष्य कंइक न्यून नव वरसनी उमरे दीक्षा ग्रहण करे, तेने वीश वरसनो दीक्षापर्याय थाय त्यारे दृष्टिवादना अध्ययननी अनुज्ञा मळे, त्यार पछी ते परिहारविशुद्धिचारित्र स्वीकारे अने तेनुं अढार मासनुं प्रमाण छतां अविच्छिन्न तेज परिणामे जीवनपर्यन्त पाळे–एम ओगणत्रीश वर्ष न्यून पूर्वकोटि वर्ष पर्यन्त परिहारविशुद्धिक संयत रहे. यथाख्यात संयतने उपशमावस्थामां मरणनी अपेक्षाए जघन्यथी एक समय होय अने स्नातकने यथाख्यात संयतनी अपेक्षाए देश न्यून पूर्वकोटि वर्ष होय.

७९ § उत्सर्पिणीमां आदि तीर्थंकरना तीर्थ सुधी छेदोपस्थापनीय चारित्र होय अने तेनुं तीर्थ अढीसो वरस सुधी होय, तेथी छेदोपस्थापनीय संयतोनो काळ जघन्यथी अढीसो वरस होय. अवसर्पिणी काळमां प्रथम तीर्थंकरना तीर्थ सुधी छेदोपस्थापनीय होय अने ते पचासक्रोड लाख सागरोपम सुधी होय, माटे उत्कृष्टथी तेटलो काळ छद्मस्थ संयतोनो होय छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८१.[प्र०]परिहारविसुद्धीएसु–पुच्छा ।[उ०]गोयमा! जहन्नेणं देसूणाइं दो वाससयाइं, उक्कोसेणं देसूणाओ दो पुव्वकोडीओ।

८२. [प्र०] सुहुमसंपरागसंजया णं भंते ! पुच्छा । गोयमा ! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं । अहक्खायसंजया जहा सामाइयसंजया (२९)।

८३. [प्र०] सामाइयसंजयस्स णं भंते ! केवतियं कालं अंतरं होइ ? [उ०] गोयमा ! जहन्नेणं जहा पुलागस्स । एवं जाव–अहक्खायसंजयस्स ।

८४. [प्र०] सामाइयसंजयाणं भंते ! पुच्छा । [उ०] गोयमा ! नत्थि अंतरं ।

८५. [प्र०] छेदोवट्ठावणिय–पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं तेवट्ठिं वाससहस्साइं, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ ।

८६. [प्र०] परिहारविसुद्धियस्स पुच्छा । [उ०] गोयमा ! जहन्नेणं चउरासीइं वाससहस्साइं, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ । सुहुमसंपरायाणं जहा नियंठाणं । अहक्खायाणं जहा सामाइयसंजयाणं (३०) ।

८७. [प्र०] सामाइयसंजयस्स णं भंते ! कति समुग्घाया पन्नत्ता ? [उ०] गोयमा ! छ समुग्घाया पन्नत्ता–जहा कसायकुसीलस्स । एवं छेदोवट्ठावणियस्स वि । परिहारविसुद्धियस्स जहा पुलागस्स । सुहुमसंपरागस्स जहा नियंठस्स । अहक्खायस्स जहा सिणायस्स (३१) ।

८१. [प्र०] हे भगवन् ! *परिहारविशुद्धिक संयतो काळथी क्यांसुधी होय ? [उ०] हे गौतम ! तेओ जघन्य कांइक ऊणा बसो वर्ष सुधी अने उत्कृष्ट कांइक न्यून बे पूर्वकोटि वर्ष सुधी होय.

८२. [प्र०] हे भगवन् ! सूक्ष्मसंपराय संयतो संबंधे पृच्छा. [उ०] हे गौतम ! जघन्य एक समय अने उत्कृष्ट अंतर्मुहूर्त सुधी होय. यथाख्यात संयतो सामायिक संयतोनी पेठे जाणवा.

३० अन्तरद्वार–सामायिकादि संयतनुं अन्तर. सामायिकादि संयतोनुं अन्तर.

८३. [प्र०] †हे भगवन् ! सामायिक संयतने केटला काळनुं अंतर होय ? [उ०] हे गौतम ! जघन्य [ एक समय ]–इत्यादि बधुं पुलाकनी पेठे ( उ० ६ सू० १४५ ) जाणवुं. ए रीते यावत्—यथाख्यात संयत सुधी समजवुं.

८४. [प्र०] हे भगवन् ! सामायिक संयतोने केटला काळनुं अंतर होय ? [उ०] हे गौतम ! तेओने अंतर नथी.

८५. [प्र०] छेदोपस्थापनीय संयतो संबंधे पृच्छा. [उ०] हे गौतम ! तेओने जघन्य त्रेसठ हजार वर्ष अने उत्कृष्ट अढार कोडाकोडि सागरोपमनुं अंतर होय छे.

८६. [प्र०] परिहारविशुद्धिक संयतो संबंधे पृच्छा. [उ०] हे गौतम ! तेओने जघन्य चोराशी हजार वर्ष अने उत्कृष्ट अढार कोडाकोडि सागरोपमनुं अंतर होय. सूक्ष्मसंपरायो निर्ग्रंथोनी पेठे (उ० ६ सू० १४७) जाणवा. अने यथाख्यात संयतो सामायिक संयतोनी जेम समजवा.

३१ समुद्घात–

८७. [प्र०] ‡हे भगवन् ! सामायिक संयतने केटला समुद्घातो कह्या छे ? [उ०] हे गौतम ! तेने छ समुद्घातो कह्या छे. ते कषायकुशीलनी पेठे (उ० ६ सू० १५० ) जाणवा. ए प्रमाणे छेदोपस्थापनीय संयत संबंधे पण समजवुं. पुलाकनी पेठे (उ०६ सू०१४८) परिहारविशुद्धिकने जाणवुं. निर्ग्रंथनी पेठे ( उ०६ सू०१५१ ) सूक्ष्मसंपराय संबंधे जाणवुं, अने स्नातकनी पेठे (उ० ६ सू० १५२ ) यथाख्यात संयत संबंधे पण समजवुं.

---

८१ * परिहारविशुद्धिक संयतोनो काळ कांइक (अट्ठावन वरस) न्यून बसो वर्ष होय छे. जेम के उत्सर्पिणीमां प्रथम तीर्थंकरनी पासे सो वरसना आयुषवाळो मनुष्य परिहारविशुद्धि चारित्र ग्रहण करे अने तेना जीवितना अन्ते तेनी पासे सो वरसना आयुषवाळो बीजो कोइ मनुष्य परिहारविशुद्धि चारित्र स्वीकारे, त्यार पछी तेनी पासे बीजो कोइ चारित्र न ग्रहण करी शके. एम बसो वर्ष थाय. परन्तु प्रत्येकने ओगणत्रीश वरस गया बाद चारित्रप्रतिपत्ति होय एटले अट्ठावन वरस न्यून बसो वरस जघन्य काळ होय. चूर्णिकारनी व्याख्या पण एमज छे, परन्तु ते अवसर्पिणीना अन्तिम जिननी अपेक्षाए छे. उत्कृष्ट काळ देशन्यून बे पूर्वकोटि वर्ष छे. जेमके अवसर्पिणीमां प्रथम तीर्थंकरनी पासे पूर्वकोटि आयुषवाळो मनुष्य परिहारविशुद्धि चारित्र ग्रहण करे अने तेना जीवितना अन्ते तेनी पासे तेटलाज आयुषवाळो परिहारविशुद्धिचारित्र ले. तेमांथी प्रत्येकना ओगणत्रीश वरस बाद करता देश ( अट्ठावन वर्ष ) न्यून बे पूर्वकोटि वर्ष होय.

८३. † अवसर्पिणीमां दुष्षमा काळसुधी छेदोपस्थापनीय चारित्र होय छे. अने त्यार पछी एकवीश हजार वर्ष प्रमाण छट्ठा आरामां अने उत्सर्पिणीना तेटला प्रमाणवाळा पहेला अने बीजा आरामां छेदोपस्थापनीयचारित्रनो अभाव होय छे. एम त्रेसठ हजार वरस प्रमाण छेदोपस्थापनीय संयतोनुं जघन्य अन्तर अने उत्कृष्ट अढार कोटाकोटी सागरोपमनुं अन्तर होय छे. ते आ प्रमाणे–उत्सर्पिणीना चोवीशमा जिनना तीर्थसुधी छेदोपस्थापनीय चारित्र होय छे. त्यार पछी बे कोटाकोटी प्रमाण चोथा आरामां, त्रण कोटाकोटी प्रमाण पांचमा आरामां अने चार कोटाकोटी प्रमाण छट्ठा आरामां तथा अवसर्पिणीना अनुक्रमे चार, त्रण अने बे कोटाकोटी सागरोपम प्रमाण पहेला, बीजा अने त्रीजा आरामां छेदोपस्थापनीय चारित्र होतुं नथी, पण त्यार पछी अवसर्पिणीना चोथा आरामां प्रथम जिनना तीर्थमां छेदोपस्थापनीय चारित्र होय छे, माटे उपर कहेलुं छेदोपस्थापनीय संयतोनुं उत्कृष्ट अंतर छे. अहीं थोडो काळ ओछो रहे छे अने जघन्य अंतरमां थोडो काळ वधे छे ते अल्प होवाथी विवक्षित नथी.

८६ ‡ अवसर्पिणीना पांचमो अने छट्ठो आरो तथा उत्सर्पिणीनो पहेलो अने बीजो आरो प्रत्येक एकवीश हजार वर्ष प्रमाणना छे अने तेमां परिहारविशुद्धिक चारित्र होतुं नथी, तेथी चोराशी हजार वर्ष परिहारविशुद्धिक संयतोनुं जघन्य अन्तर छे. अहीं छेल्ला तीर्थंकरनी पछी पांचमा-आरामां परिहारविशुद्धिक चारित्रनो काळ, अने उत्सर्पिणीना त्रीजा आरामां परिहारविशुद्धिचारित्रनो स्वीकार कर्या पूर्वेनो काळ अल्प होवाथी तेनी विवक्षा करी नथी. तथा उत्कृष्ट अन्तर अढार कोटाकोटी सागरोपमनुं छे ते छेदोपस्थापनीय चारित्रनी पेठे जाणवुं.—टीका.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८८. [प्र०] सामाइयसंजए णं भंते ! लोगस्स किं संखेज्जइभागे होज्जा, असंखेज्जइभागे-पुच्छा । [उ०] गोयमा ! नो संखेज्जइ-जहा पुलाए । एवं जाव-सुहुमसंपराए । अहक्खायसंजए जहा सिणाए ३२ ।

८९. [प्र०] सामाइयसंजए णं भंते ! लोगस्स किं संखेज्जइभागं फुसइ० ? [उ०] जहेव होज्जा तहेव फुसइ (३३) ।

९०. [प्र०] सामाइयसंजए णं भंते ! कयरंमि भावे होज्जा ? [उ०] गोयमा ! खओवसमिए भावे होज्जा । एवं जाव-सुहुमसंपराए ।

९१. [प्र०] अहक्खायसंजए-पुच्छा । [उ०] गोयमा ! उवसमिए वा खइए वा भावे होज्जा (३४) ।

९२. [प्र०] सामाइयसंजया णं भंते ! एगसमएणं केवतिया होज्जा ? [उ०] गोयमा ! पडिवज्जमाणए य पडुच्च जहा कसायकुसीला तहेव निरवसेसं ।

९३. [प्र०] छेदोवट्ठावणिया-पुच्छा । [उ०] गोयमा ! पडिवज्जमाणए पडुच्च सिय अत्थि सिय नत्थि । जइ अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं सयपुहुत्तं । पुव्वपडिवन्नए पडुच्च सिय अत्थि सिय नत्थि; जइ अत्थि जहन्नेणं कोडिसयपुहुत्तं, उक्कोसेण वि कोडिसयपुहुत्तं । परिहारविसुद्धिया जहा पुलागा । सुहुमसंपराया जहा नियंठा ।

९४. [प्र०] अहक्खायसंजया णं पुच्छा । [उ०] गोयमा ! पडिवज्जमाणए पडुच्च सिय अत्थि सिय नत्थि । जइ अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं बावट्ठसयं-अट्ठुत्तरसयं खवगाणं, चउप्पन्नं उवसामगाणं । पुव्वपडिवन्नए पडुच्च जहन्नेणं कोडिपुहुत्तं, उक्कोसेण वि कोडिपुहुत्तं ।

९५. [प्र०] एएसि णं भंते ! सामाइय-छेओवट्ठावणिय-परिहारविसुद्धिय-सुहुमसंपराय-अहक्खायसंजयाणं कयरे

८८. [प्र०] हे भगवन् ! शुं सामायिक संयत लोकना संख्यातमा भागे होय के असंख्यातमा भागे होय ? [उ०] हे गौतम ! लोकना संख्यातमा भागे न होय—इत्यादि पुलाकनी पेठे ( उ० ६ सू० १५४ ) जाणवुं. ए रीते यावत्—सूक्ष्मसंपराय सुधी जाणवुं. तथा स्नातकनी पेठे ( उ० ६ सू० १५४ ) यथाख्यात संयतने विषे समजवुं. ३२ क्षेत्रद्वार-

८९. [प्र०] हे भगवन् ! शुं सामायिक संयत लोकना संख्यातमा भागने स्पर्शे ? [उ०] हे गौतम ! जेटला भागमां होय तेटला भागनो स्पर्श करे, अर्थात् जेटला क्षेत्रनी अवगाहना कही तेटला क्षेत्रनी स्पर्शना जाणवी. ३३ स्पर्शनाद्वार-

९०. [प्र०] हे भगवन् ! सामायिक संयत कया भावमां होय ? [उ०] हे गौतम ! क्षायोपशमिक भावमां होय. ए रीते यावत्—सूक्ष्मसंपराय सुधी जाणवुं. ३४ भावद्वार-

९१. [प्र०] हे भगवन् ! यथाख्यात संयत कया भावमां होय ? [उ०] हे गौतम ! औपशमिक के क्षायिक भावमां होय.

९२. [प्र०] हे भगवन् ! सामायिक संयतो एक समये केटला होय ? [उ०] हे गौतम ! प्रतिपद्यमान ( वर्तमान समये सामायिकसंयतपणाने प्राप्त थता ) सामायिक संयतोनी अपेक्षाए-इत्यादि बधुं कषायकुशीलनी पेठे ( उ० ६ सू० १६० ) जाणवुं. ३५ परिमाणद्वार-

९३. [प्र०] हे भगवन् ! छेदोपस्थापनीय संयतो एक समये केटला होय ? [उ०] हे गौतम ! *प्रतिपद्यमानने आश्रयी छेदोपस्थापनीय संयतो कदाच होय अने कदाच न होय. जो होय तो जघन्य एक, बे के त्रण अने उत्कृष्ट बसोथी नवसो सुधी होय. पूर्वप्रतिपन्नने आश्रयी—जेओ पूर्वे छेदोपस्थानीय चारित्रने प्राप्त थयेला छे तेओनी अपेक्षाए—कदाच होय अने न होय. जो होय तो जघन्य अने उत्कृष्ट बसोथी नवसो क्रोड सुधी होय. परिहारविशुद्धिको पुलाकोनी पेठे (उ० ६ सू० १५८) अने सूक्ष्मसंपरायो निर्ग्रंथोनी पेठे (उ० ६ सू० १६१) जाणवा.

९४. [प्र०] हे भगवन् ! यथाख्यात संयतो एक समये केटला होय ? [उ०] हे गौतम ! प्रतिपद्यमान यथाख्यात संयतोनी अपेक्षाए कदाच होय अने कदाच न होय. जो होय तो जघन्य एक, बे अने त्रण तथा उत्कृष्ट एकसो बासठ होय. तेमां एकसो आठ क्षपको अने चोपन उपशमको होय. पूर्वप्रतिपन्नने आश्रयी जघन्य अने उत्कृष्ट बे क्रोडथी नव क्रोड सुधी होय.

९५. [प्र०] हे भगवन् ! ए पूर्वोक्त सामायिक संयत, छेदोपस्थापनीय संयत, परिहारविशुद्धिक संयत, †सूक्ष्मसंपराय संयत अने यथाख्यात संयतमां कया कोनाथी यावत्—विशेषाधिक छे ? [उ०] हे गौतम ! सूक्ष्मसंपरायसंयतो सौथी थोडा छे, तेथी परिहारविशु- ३६ अल्पबहुत्व-

९३ * छेदोपस्थापनीय संयतनुं उत्कृष्ट परिमाण प्रथम जिनना तीर्थने आश्रयी संभवे छे. पण जघन्य परिमाण बरोबर समजातुं नथी. कारण के पांचमा आराने अन्ते भरतादि दश क्षेत्रोमां प्रत्येक क्षेत्रे बब्बे संयतो होवाथी जघन्य वीश छेदोपस्थापनीय संयत होय. कोइ आचार्यो एम कहे छे के जघन्य परिमाण पण प्रथम जिनना तीर्थने आश्रयी जाणवुं. जघन्य कोटिशतपृथक्त्व अल्प अने उत्कृष्ट कोटिशतपृथक्त्व अधिक जाणवुं-टीका.

९५ † सौथी थोडा सूक्ष्मसंपराय संयतो छे, कारण के तेनो काळ थोडो छे. अने ते निर्ग्रन्थना तुल्य होवाथी एक समये शतपृथक्त्व-बसोथी नवसो सुधी होय छे. तेथी परिहारविशुद्धिक संयतो संख्यातगुणा छे, कारण के तेनो काल तेथी अधिक छे, अने तेओ पुलाकनी पेठे सहस्रपृथक्त्व होय छे. तेथी यथाख्यात संयतो संख्यातगुणा छे, कारण के तेनुं प्रमाण कोटिपृथक्त्व छे. तेथी छेदोपस्थापनीय संयतो कोटिशतपृथक्त्व प्रमाण होवाथी संख्यातगुणा छे. तेथी सामायिक संयतो कषायकुशीलना तुल्य कोटीसहस्रपृथक्त्व प्रमाण होवाथी संख्यातगुणा छे.-टीका.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कयरे–जाव–विसेसाहिया वा ? [उ०] गोयमा ! सव्वत्थोवा सुहुमसंपरायसंजया, परिहारविसुद्धियसंजया संखेज्जगुणा, अहक्खायसंजया संखेज्जगुणा, छेओवट्ठावणियसंजया संखेज्जगुणा, सामाइयसंजया संखेज्जगुणा (३६)।

९६. [1]पडिसेवण [2]दोसाऽऽलोयणा य [4]आलोयणारिहे चेव । तत्तो [5]सामायारी [6]पायच्छित्ते [7]तवे चेव ।

९७. [प्र०] कइविहा णं भंते ! पडिसेवणा पन्नत्ता ? [उ०] गोयमा ! दसविहा पडिसेवणा पन्नत्ता, तं जहा–
[1]दप्प[2]प्पमाद[3]ऽणाभोगे [4]आउरे [5]आवतीति य । [6]संकिन्ने [7]सहसक्कारे [8]भय[9]प्पओसा य [10]वीमंसा ।

९८. दस आलोयणादोसा पन्नत्ता, तंजहा–
"[1]आकंपइत्ता [2]अणुमाणइत्ता जं [3]दिट्ठं [4]बायरं च [5]सुहुमं वा । [6]छन्नं [7]सद्दाउलयं [8]बहुजण [9]अव्वत्त [10]तस्सेवी ।

९९. दसहिं ठाणेहिं संपन्ने अणगारे अरिहति अत्तदोसं आलोइत्तए, तंजहा–[1]जातिसंपन्ने, [2]कुलसंपन्ने, [3]विणयसंपन्ने, [4]णाणसंपन्ने, [5]दंसणसंपन्ने, [6]चरित्तसंपन्ने, [7]खंते, [8]दंते, [9]अमायी, [10]अपच्छाणुतावी ।

द्धिक संयतो संख्यातगुणा छे, तेथी यथाख्यात संयतो संख्यातगुणा छे, तेथी छेदोपस्थापनीय संयतो संख्यातगुणा छे अने तेथी सामायिक संयतो संख्यातगुणा छे.

९६. १ प्रतिसेवना, २ आलोचनाना दोषो, ३ दोषोनी आलोचना, ४ आलोचना आपवा योग्य गुरु, ५ सामाचारी, ६ प्रायश्चित्त अने ७ तप–ए सात विषयो संबन्धे कहेवानुं छे.

प्रतिसेवनाना प्रकार.

९७. [प्र०] हे भगवन् ! प्रतिसेवना केटला प्रकारनी कही छे ? [उ०] हे गौतम ! दस प्रकारनी कही छे. ते आ प्रमाणे—१ *दर्पप्रतिसेवना–अहंकारथी थती प्रतिसेवना–संयमनी विराधना, २ प्रमादथी थती प्रतिसेवना, ३ अनाभोगथी थती प्रतिसेवना, ४ आतुरपणाथी थती प्रतिसेवना, ५ आपदाथी थती प्रतिसेवना, ६ संकीर्णता–संकडाशथी थती प्रतिसेवना, ७ सहसाकार–आकस्मिक क्रियाथी थती प्रतिसेवना, ८ भयथी थती प्रतिसेवना, ९ प्रद्वेष–क्रोध वगेरे कषायोथी थती प्रतिसेवना अने १० विमर्श–शैक्षकादिनी परीक्षा करवाथी थती प्रतिसेवना–ए रीते प्रतिसेवनाना दस प्रकार छे.

आलोचनाना दस दोष.

९८. आलोचनाना दस दोषो कह्या छे, ते आ प्रमाणे—
१ प्रसन्न थयेला गुरु थोडुं प्रायश्चित्त आपशे माटे तेने सेवादिथी प्रसन्न करी तेनी पासे दोषनी आलोचना करवी, २ तद्दन नानो अपराध जणाववाथी आचार्य थोडुं प्रायश्चित्त आपशे एम अनुमान करी पोताना अपराधनुं स्वतः आलोचन करवुं, ३ जे अपराध आचार्यादिके जोयो होय तेनुं ज आलोचन करवुं, ४ मात्र मोटा अतिचारोनुं ज आलोचन करवुं, ५ जे सूक्ष्म अतिचारोनुं आलोचन करे ते स्थूल अतिचारोनुं आलोचन केम न करे एवो आचार्यनो विश्वास उत्पन्न करवा सूक्ष्म अतिचारोनुं ज आलोचन करवुं, ६ घणी शरम आववाने लीधे प्रच्छन्न ( कोइ न सांभळे तेम ) आलोचन करवुं, ७ बीजाने संभळाववा खूब जोरथी बोलीने आलोचन करवुं, ८ एकज अतिचारनी घणा गुरु पासे आलोचना करवी, ९ अगीतार्थनी पासे आलोचना करवी, अने १० जे दोषनुं आलोचन करवानुं छे ते दोषने सेवनार आचार्य पासे तेनुं आलोचन करवुं.

आलोचना करवा योग्य साधु.

९९. दस गुणोथी युक्त अनगार पोताना दोषनी आलोचना करवाने योग्य छे—१ उत्तम जातिवाळो, २ उत्तम कुळवाळो, ३ विनयवान्, ४ ज्ञानवान्, ५ दर्शनसंपन्न–श्रद्धालु, ६ चारित्रसंपन्न, ७ क्षमावाळो, ८ दान्त–इंद्रियोने वश राखनार, ९ अमायी–कपटरहित, सरळ अने १० अपश्चात्तापी–आलोचना लीधा पछी पस्तावो नहीं करनार.

---

९७. * दर्पादि दश हेतुथी प्रतिसेवना–संयमविराधना थाय छे. ते दश हेतु आ प्रमाणे—१ दर्प–अभिमान, २ मद्यपान, विषय, कषाय, निद्रा अने विकथारूप प्रमाद, ३ अनाभोग–अज्ञान, ४ आतुर–भुख, तरसनी पीडाथी व्याकुलपणुं, ५ आपद्ना चार प्रकार छे–(१) द्रव्यापत्–प्रासुकादि द्रव्यनी अप्राप्ति, (२) क्षेत्रापत्–अटवीमां आवी पडवुं, (३) कालापत्–दुर्भिक्षकालप्राप्ति अने (४) भावापत्–ग्लानपणुं. ६ संकीर्ण—स्वपक्ष अने परपक्षथी थती क्षेत्रनी संकडाश, ७ शंकित–आधाकर्मादि दोषनी शंकावाळो आहार, अथवा 'तिंतिण' एवो निशीथनो पाठ स्वीकारीए तो 'आहारादिनी अप्राप्तिमां खेदपूर्वक वचन' एवो अर्थ थाय छे, ८ सहसाकार–आकस्मिक क्रिया करवी. जेमके पूर्वे जोया सिवाय पग मूकी पछी जुए तो ते पगने पाछो वाळी न शके, ९ भय–प्रद्वेष–सिंहादिनो भय अने क्रोधादि, १० विमर्श–शैक्षकादिनी परीक्षा. ए प्रमाणे दश प्रकारना कारणथी दश प्रतिसेवना थाय छे.–टीका.

९९ † आलोचनाने योग्य साधुमां दश गुण होवा जोइए. (१) जातिसंपन्न प्रायः अकृत्य न करे, अने कर्युं होय तो तेनी सम्यक् आलोचना करे. (२) कुलसंपन्न अंगीकृत प्रायश्चित्तने बरोबर करे. (३) विनयसंपन्न वंदनादि आलोचना सामाचारी करे. (४) ज्ञानसंपन्न कृत्याकृत्यना विभागने जाणे. (५) दर्शनसंपन्न प्रायश्चित्तथी थती शुद्धिनी श्रद्धा करे. (६) चारित्रसंपन्न प्रायश्चित्तनो स्वीकार करे. (७) क्षान्त–गुरुए ठपको आप्यो होय तो ते गुस्से न थाय. (८) दान्त–इन्द्रियोनुं दमन करेलुं होवाथी शुद्धि धारण करे. (९) अमायी अपराधने छुपाव्या सिवाय आलोचना करे. अने १० अपश्चात्तापी–आलोचना लीधा पछी तेनो पश्चात्ताप न करे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१००. अट्ठहिं ठाणेहिं संपन्ने अणगारे अरिहति आलोयणं पडिच्छित्तए, तंजहा–आयारवं, आहारवं, ववहारवं, उव्वीलए, पकुव्वए, अपरिस्सावी, निज्जवए, अवायदंसी।**

**१०१. दसविहा सामायारी पन्नत्ता, तंजहा–**
**इच्छा मिच्छा तहक्कारे आवस्सिया य निसीहिया।**
**आपुच्छणा य पडिपुच्छा छंदणा य निमंतणा।**
**उवसंपया य काले सामायारी भवे दसहा।**

**१०२. दसविहे पायच्छित्ते पन्नत्ते, तंजहा–आलोयणारिहे, पडिक्कमणारिहे, तदुभयारिहे, विवेगारिहे, विउसग्गारिहे, तवारिहे, छेदारिहे, मूलारिहे, अणवट्ठप्पारिहे, पारंचियारिहे।**

**१०३. दुविहे तवे पन्नत्ते, तंजहा–बाहिरए य अब्भितरए य।**

आलोचना आपनारना गुण.

१००. आठ गुणोथी युक्त साधु आलोचना आपवाने योग्य छे—१ आचारवान्–ज्ञानादि आचारवाळो, २ आधारवान्–जणावेल अतिचारोने मनमां धारण करनार, ३ व्यवहारवान्–आगम–श्रुतादि पांच प्रकारना व्यवहारवाळो, ४ अपव्रीडक—शरमथी पोताना अतिचारोने छुपावता शिष्यने मीठा वचनोथी समजावी शरमनो त्याग करावी सारी रीते आलोचना करावनार, ५ प्रकुर्वक–आलोचित अपराधनुं प्रायश्चित्त आपीने अतिचारोनी शुद्धि कराववाने समर्थ, ६ अपरिस्रावी–जणावेल अतिचारोने बीजाने नहीं संभळावनार, ७ निर्यापक–असमर्थ एवा प्रायश्चित्त लेनार शिष्यने थोडे थोडे प्रायश्चित्त आपीने निर्वाह करनार अने ८ अपायदर्शी–आलोचना नहीं लेवामां परलोकनो भय देखाडनार.

सामाचारीना दश प्रकार.

१०१. सामाचारी दस प्रकारनी कही छे—*१ "इच्छाकार, २ मिथ्याकार, ३ तथाकार, ४ आवश्यकी, ५ नैषेधिकी, ६ आपृच्छना, ७ प्रतिपृच्छना, ८ छंदना, ९ निमंत्रणा अने १० उपसंपदा–ए रीते काळे आचरवा योग्य दस प्रकारनी सामाचारी छे."

प्रायश्चित्तना दश प्रकार.

१०२. प्रायश्चित्तना दस प्रकार कह्या छे—१ आलोचनाने योग्य, २ प्रतिक्रमणने योग्य, ३ आलोचना अने प्रतिक्रमण बन्नेने योग्य, ४ विवेक–अशुद्ध भक्तादिना त्यागने योग्य, ५ कायोत्सर्गने योग्य, ६ तपने योग्य, ७ दीक्षापर्यायना छेदने योग्य, ८ मूळने योग्य–फरीथी महाव्रत लेवा योग्य, ९ अनवस्थाप्यार्ह–तप करीने फरी महाव्रत लेवा योग्य, १० पारांचिक–गच्छथी बहार करवा योग्य, †जुदुं लिंग धारण करवा योग्य.

तपना प्रकार.

१०३. तपना बे प्रकार छे—बाह्य अने अभ्यन्तर.

---

१०१ * (१) साधु अन्य साधुनी कोइपण कार्यमाटे अभ्यर्थना करे अने ते साधु तेनुं इच्छित कार्य करे तो ते प्रार्थना करनार अने कार्य करनार बन्नेए बलात्कार न थाय माटे 'इच्छाकार' कहेवो जोइए. एटले मारुं कार्य तमारी इच्छा होय तो करो; अथवा आ कार्य तमे इच्छो तो हुं करुं. (२) मिच्छाकार–संयमयोगमां तत्पर साधुए विपरीत आचरण कर्युं होय तो ए मारुं दुष्कृत मिथ्या थाओ–एम समजी 'मिच्छाकार' कहेवो जोइए. (३) तथाकार—सूत्रादिविषयक प्रश्न करतां गुरु उत्तर आपे त्यारे 'तमे कहो छो ते बरोबर छे'–ए अर्थनो सूचक तथाकार शब्द कहेवो जोइए. (४) आवश्यिका–उपाश्रयथी आवश्यक कार्य निमित्ते बहार गमन करता साधुए 'आवस्सिया' कहेवी. (५) नैषेधिकी–बहारथी पाछा उपाश्रयादिमां प्रवेश करतां 'निसीहीया–नैषेधिकी कहेवी. (६) आपृच्छना–अभीष्ट कार्यमां प्रवृत्ति करता शिष्ये गुरुने पूछवुं के, हे भगवन्! आ कार्य करुं? (७) प्रतिपृच्छना–गुरुए पूर्वे निषिद्ध करेल कार्यमां प्रयोजनवशथी प्रवृत्ति करवी पडे तो फरी पूछवुं के आपे पूर्वे आ कार्यनी ना कही छे, पण मारे ते कार्यनुं प्रयोजन छे, जो आप फरमावो तो करुं. (८) छंदना—पूर्वे लावेला आहारादिवडे बाकीना साधुने आमन्त्रण करवुं के आ आहारनो उपयोग होय तो आप ग्रहण करो. (९) निमन्त्रणा—आहार लाववा माटे साधुओने निमन्त्रण करवुं के तमारा माटे आहारादि लावुं? (१०) उपसंपद्—ज्ञानादि निमित्ते स्वगच्छादिनो त्याग करी विशिष्टश्रुतादियुक्त गुरुनो आश्रय करवो.

१०२ † (१) आलोचना—संयममां लागेला दोषने गुरुसमक्ष वचनवडे प्रकट करवा ते आलोचना, जे प्रायश्चित्त आलोचनामात्रथी शुद्ध थाय ते आलोचनाने योग्य होवाथी कारणने विषे कार्यनो उपचार करवाथी ते आलोचनाप्रायश्चित्त कहेवाय छे. (२) प्रतिक्रमण—दोषथी पाछुं जवुं, अने फरी नहि करवा रूपे मिथ्यादुष्कृत आपवुं, तेने योग्य प्रायश्चित्त पण प्रतिक्रमण कहेवाय छे. जे प्रायश्चित्त मिथ्यादुष्कृत मात्रथी शुद्ध थाय, पण गुरुसमक्ष प्रकट करवानी जरुर न होय ते मात्र प्रतिक्रमणने योग्य होवाथी प्रतिक्रमण कहेवाय छे. (३) मिश्र–जे प्रायश्चित्त आलोचना अने प्रतिक्रमण उभयथी शुद्ध थाय ते उभयने योग्य होवाथी मिश्रप्रायश्चित्त कहेवाय छे. (४) विवेक—जे प्रायश्चित्त आधाकर्मिकादि आहारनो विवेक–त्याग करवाथी शुद्ध थाय ते विवेकने योग्य होवाथी विवेकप्रायश्चित्त कहेवाय छे. (५) व्युत्सर्ग—कायचेष्टानो रोध करी ध्येय वस्तुमां उपयोग राखवाथी जे दोष शुद्ध थाय ते व्युत्सर्गने योग्य होवाथी व्युत्सर्गप्रायश्चित्त. (६) तप—जे प्रायश्चित्त निर्विकृतिकादि तपथी शुद्ध थाय ते तपने योग्य होवाथी तपप्रायश्चित्त. (७) छेद—जे प्रायश्चित्त चारित्रना पर्यायना छेद करवा मात्रथी शुद्ध थाय ते छेदने योग्य होवाथी छेदप्रायश्चित्त. (८) मूल—जे प्रायश्चित सर्वव्रतपर्यायनो छेद करी फरी महाव्रत लेवाथी शुद्ध थाय ते मूलने योग्य होवाथी मूलप्रायश्चित्त. (९) अनवस्थाप्य—ज्यां सुधी अमुक प्रकारनो विशिष्ट तप न करे त्यां सुधी महाव्रत के वेषमां स्थापी न शकाय माटे अनवस्थाने योग्य होवाथी अनवस्थाप्य प्रायश्चित्त कहेवाय छे. अने (१०) पारांचितक—साध्वी, राज्ञी–इत्यादिना शीलभंगरूप महादोष करवा वडे वेष अने स्वक्षेत्रनो त्याग करी जिनकल्पिकनी जेम महा तप करता महासत्त्वशाली आचार्यने ज छ मासथी ते बार वर्षसुधी आ प्रायश्चित्त होय छे. उपाध्यायने नवमा प्रायश्चित्त सुधी होय छे. अने सामान्य साधुने मूलप्रायश्चित्त पर्यन्त प्रायश्चित्त होय छे. ज्यां सुधी चतुर्दश पूर्वधर अने प्रथमसंघयणवाळा होय छे त्यां सुधी दशे प्रायश्चित्त होय छे अने तेनो विच्छेद गया पछी मूल सुधीना आठ प्रायश्चित्तो दुप्पसह सूरि सुधी छे.

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

**१०४. [प्र०] से किं तं बाहिरए तवे? [उ०] बाहिरए तवे छव्विहे पन्नत्ते, तंजहा–अणसणं, ओमोदरिया, भिक्खायरिया, रसपरिच्चाओ, कायकिलेसो, पडिसंलीणता।**

**१०५. [प्र०] से किं तं अणसणे? [उ०] अणसणे दुविहे पन्नत्ते, तंजहा–इत्तरिए य आवकहिए य।**

**१०६. [प्र०] से किं तं इत्तरिए? [उ०] इत्तरिए अणेगविहे पन्नत्ते, तंजहा–चउत्थे भत्ते, छट्ठे भत्ते, अट्ठमे भत्ते, दसमे भत्ते, दुवालसमे भत्ते, चोद्दसमे भत्ते, अद्धमासिए भत्ते, मासिए भत्ते, दोमासिए भत्ते, तेमासिए भत्ते, जाव–छम्मासिए भत्ते। सेत्तं इत्तरिए।**

**१०७. [प्र०] से किं तं आवकहिए? [उ०] आवकहिए दुविहे पन्नत्ते, तंजहा–पाओवगमणे य भत्तपच्चक्खाणे य।**

**१०८. [प्र०] से किं तं पाओवगमणे? [उ०] पाओवगमणे दुविहे पन्नत्ते, तंजहा–नीहारिमे य अणीहारिमे य, नियमं अपडिकम्मे। सेत्तं पाओवगमणे।**

**१०९. [प्र०] से किं तं भत्तपच्चक्खाणे? [उ०] भत्तपच्चक्खाणे दुविहे पन्नत्ते, तंजहा–नीहारिमे य अनीहारिमे य, नियमं सपडिकम्मे। सेत्तं भत्तपच्चक्खाणे। सेत्तं आवकहिए। सेत्तं अणसणे।**

**११०. [प्र०] से किं तं ओमोदरिया? [उ०] ओमोदरिया दुविहा पन्नत्ता, तंजहा–दव्वोमोयरिया य भावोमोयरिया य।**

**१११. [प्र०] से किं तं दव्वोमोयरिया? [उ०] दव्वोमोयरिया दुविहा पन्नत्ता, तंजहा–उवगरणदव्वोमोयरिया य भत्तपाणदव्वोमोयरिया य।**

**११२. [प्र०] से किं तं उवगरणदव्वोमोयरिया? [उ०] उवगरणदव्वोमोयरिया तिविहा पन्नत्ता, (तंजहा–) एगे वत्थे, एगे पादे, चियत्तोवगरणसातिज्जणया। सेत्तं उवकरणदव्वोमोयरिया।**

१०४. [प्र०] बाह्य तपना केटला प्रकार छे? [उ०] बाह्य तपना छ प्रकार छे—१ अनशन–आहारत्याग, २ ऊनोदरी–कंइक ओछो आहार करवो, ३ भिक्षाचर्या, ४ रसनो त्याग करवो, ५ कायक्लेश–शरीरने कष्ट आपवुं अने ६ प्रतिसंलीनता–इन्द्रिय–कषायादिनो निग्रह करवो.

अनशनना प्रकार.

१०५. [प्र०] अनशनना केटला प्रकार छे? [उ०] अनशनना बे प्रकार छे, ते आ प्रमाणे–इत्वरिक–अमुक काळ सुधी आहारत्याग अने यावत्कथिक–जीवनपर्यन्त आहारत्याग.

इत्वरिक अनशनना प्रकार.

१०६. [प्र०] इत्वरिक अनशनना केटला प्रकार छे? [उ०] इत्वरिक अनशन अनेक प्रकारनुं कह्युं छे, ते आ प्रमाणे— चतुर्थ भक्त–एक उपवास, षष्ठ भक्त–बे उपवास, अष्टम भक्त–त्रण उपवास, दशम भक्त–चार उपवास, द्वादश भक्त–पांच उपवास, चतुर्दश भक्त–छ उपवास, अर्धमासिक भक्त–पक्षना उपवास, मासिक भक्त–मासना उपवास, द्विमासिक भक्त–बेमासना उपवास, त्रिमासिक भक्त–त्रण महीनाना उपवास, यावत्–षट्मासिक भक्त–छ महीनाना उपवास. ए प्रमाणे इत्वरिक अनशन कह्युं.

यावत्कथिक अनशनना प्रकार.

१०७. [प्र०] यावत्कथिक अनशनना केटला प्रकार छे? [उ०] यावत्कथिक अनशनना बे प्रकार छे.–पादपोपगमन अने भक्तप्रत्याख्यान.

पादपोपगमनना प्रकार.

१०८. [प्र०] पादपोपगमनना केटला प्रकार छे? [उ०] पादपोपगमनना बे प्रकार छे, ते आ प्रमाणे—निर्हारिम (जेमां मृत शरीर उपाश्रयादिथी बहार काढवानुं होय ते) अने अनिर्हारिम (जेमां मृत शरीर बहार काढवानुं न होय ते). तेमां अनिर्हारिम अनशन अवश्य सेवादि प्रतिकर्मरहित छे. ए रीते पादपोपगमन अनशन संबन्धे कह्युं.

भक्तप्रत्याख्यानना प्रकार.

१०९. [प्र०] भक्तप्रत्याख्यान केटला प्रकारनुं छे? [उ०] भक्तप्रत्याख्यानना बे प्रकार छे–निर्हारिम अने अनिर्हारिम. ते बन्ने अवश्य सेवादि प्रतिकर्मवाळां छे. ए प्रमाणे भक्तप्रत्याख्यान कह्युं. एम यावत्कथिक अनशन कह्युं, अने ए रीते अनशन पण कह्युं.

ऊनोदरिकाना प्रकार.

११०. [प्र०] ऊनोदरिकाना केटला प्रकार छे? [उ०] ऊनोदरिकाना बे प्रकार छे, ते आ प्रमाणे—द्रव्यऊनोदरिका अने भावऊनोदरिका.

द्रव्यऊनोदरिकाना प्रकार.

१११. [प्र०] द्रव्यऊनोदरिकाना केटला प्रकार छे? [उ०] द्रव्यऊनोदरिकाना बे प्रकार छे, ते आ प्रमाणे—उपकरणद्रव्यऊनोदरिका अने भक्तपानद्रव्यऊनोदरिका.

उपकरण द्रव्यऊनोदरिकाना प्रकार.

११२. [प्र०] उपकरण द्रव्यऊनोदरिकाना केटला प्रकार छे? [उ०] उपकरणद्रव्यऊनोदरिकाना त्रण प्रकार छे, (ते आ प्रमाणे–) एक वस्त्र, एक पात्र, चियत्तोपकरणस्वदनता–संयतोए त्याग करेला वस्त्र पात्र सिवायना उपकरणोनो उपभोग करवो. ए रीते उपकरणद्रव्यऊनोदरिका कही छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

११३. [प्र०] से किं तं भत्तपाणदव्वोमोयरिया? [उ०] भत्त० २ अट्ठकुक्कुडिअंडगप्पमाणमेत्ते कवले आहारं आहारेमाणे अप्पाहारे, दुवालस० जहा सत्तमसए पढमोद्देसए जाव–नो 'पकामरसभोजी'ति वत्तव्वं सिया। सेत्तं भत्तपाणदव्वोमोयरिया। सेत्तं दव्वोमोयरिया।

११४. [प्र०] से किं तं भावोमोयरिया? [उ०] भावोमोयरिया अणेगविहा पन्नत्ता, तंजहा–अप्पकोहे, जाव–अप्पलोभे, अप्पसद्दे, अप्पझञ्झे, अप्पतुमंतुमे। सेत्तं भावोमोदरिया। सेत्तं ओमोयरिया।

११५. [प्र०] से किं तं भिक्खायरिया? [उ०] भिक्खायरिया अणेगविहा पन्नत्ता, तंजहा–दव्वाभिग्गहचरए–जहा उववाइए, जाव–सुद्धेसणिए, संखादत्तिए। सेत्तं भिक्खायरिया।

११६. [प्र०] से किं तं रसपरिच्चाए? [उ०] रसपरिच्चाए अणेगविहे पन्नत्ते, तंजहा–निव्विगितिए, पणीयरसविवज्जए–जहा उववाइए जाव–लूहाहारे। सेत्तं रसपरिच्चाए।

११७. [प्र०] से किं तं कायकिलेसे? [उ०] कायकिलेसे अणेगविहे पन्नत्ते, तंजहा–ठाणादीए, उक्कुडुयासणिए, जहा–उववाइए जाव–सव्वगायपरिकम्म–विभूसविप्पमुक्के। सेत्तं कायकिलेसे।

११८. [प्र०] से किं तं पडिसंलीणया? [उ०] पडिसंलीणया चउव्विहा पन्नत्ता, तंजहा–इंदियपडिसंलीणया, कसायपडिसंलीणया, जोगपडिसंलीणया, विवित्तसयणासणसेवणया।

११९. [प्र०] से किं तं इंदियपडिसंलीणया? [उ०] इंदिय० २ पंचविहा पन्नत्ता, तंजहा–सोइंदियविसयप्पयारणिरोहो वा, सोइंदियविसयप्पत्तेसु वा अत्थेसु रागदोसविणिग्गहो, चक्खिंदियविसय०, एवं जाव–फासिंदियविसयपयारणिरोहो वा फासिंदियविसयप्पत्तेसु वा अत्थेसु रागदोसविणिग्गहो। सेत्तं इंदियपडिसंलीणया।

११३. [प्र०] भक्तपानद्रव्यऊनोदरिकाना केटला प्रकार छे? [उ०] कुकडीना इंडा प्रमाण आठ कोळिया आहार ले ते अल्पाहारी कहेवाय अने जे बार कोळिया आहार ले–इत्यादि बधुं *सातमा शतकना प्रथम उद्देशकमां कह्या प्रमाणे यावत्–'ते प्रकाम रसनो भोजी न कहेवाय'–त्यां सुधी कहेवुं. ए प्रमाणे भक्तपानद्रव्यऊनोदरिका कही अने ए रीते द्रव्यऊनोदरिका पण कही. भक्तपानद्रव्यऊनोदरिका

११४. [प्र०] भावऊनोदरिकाना केटला प्रकार कह्या छे? [उ०] भावऊनोदरिका अनेक प्रकारनी छे, ते आ प्रमाणे—क्रोध ओछो करवो, यावत्—लोभ ओछो करवो; अल्प बोलवुं, धीमे बोलवुं, गुस्सामां निरर्थक बहु प्रलाप न करवो, हृदयस्थ कोप ओछो करवो.—ए रीते भाव ऊनोदरिकासंबंधे कह्युं अने एम ऊनोदरिकासंबंधे पण कह्युं. भावऊनोदरिकाना प्रकार.

११५. [प्र०] भिक्षाचर्या केटला प्रकारनी छे? [उ०] भिक्षाचर्या अनेक प्रकारनी छे. ते आ प्रमाणे—द्रव्याभिग्रहचर–भिक्षामां अमुक चीजोने ज ग्रहण करवाना नियमपूर्वक भिक्षा करे, अमुक क्षेत्रना अभिग्रह पूर्वक भिक्षा करे–इत्यादि जेम †औपपातिक सूत्रमां कह्युं छे तेम जाणवुं. यावत्—शुद्ध निर्दोष भिक्षा करवी, दत्तिनी संख्या करवी. ए प्रमाणे भिक्षाचर्या संबंधे हकीकत कही. भिक्षाचर्याना प्रकार.

११६. [प्र०] रसपरित्यागना केटला प्रकार छे? [उ०] रसपरित्यागना अनेक प्रकार छे. ते आ प्रमाणे—घृतादि विकृति (विगइ) नो त्याग करवो, स्निग्ध रसवाळुं भोजन न करवुं—इत्यादि जेम ‡औपपातिक सूत्रमां कह्युं छे तेम जाणवुं, यावत्–लुखो आहार करवो. ए प्रमाणे रसपरित्याग विषे कह्युं. रसपरित्यागना प्रकार.

११७. [प्र०] कायक्लेशना केटला प्रकार छे? [उ०] कायक्लेश अनेक प्रकारनो छे. ते आ प्रमाणे—कायोत्सर्गादि आसने रहेवुं, उत्कटासने रहेवुं—इत्यादि ¶औपपातिक सूत्रमां कह्युं छे तेम जाणवुं. यावत्—शरीरना सर्व प्रकारना संस्कार अने शोभानो त्याग करवो. ए प्रमाणे कायक्लेश संबंधे कह्युं. कायक्लेशना प्रकार.

११८. [प्र०] प्रतिसंलीनताना केटला प्रकार छे? [उ०] प्रतिसंलीनता चार प्रकारनी छे. ते आ प्रमाणे–१ इन्द्रियप्रतिसंलीनता–इंद्रियोनो निग्रह करवो, २ कषायप्रतिसंलीनता–कषायोनो निग्रह करवो, योगसंलीनता–मन, वचन कायाना व्यापारनो निग्रह करवो, अने विविक्तशयनासनसेवन, स्त्री–पशु अने नपुंसक रहित वसतिमां निर्दोष शयनादि उपकरणोनो स्वीकार करी रहेवुं. प्रतिसंलीनताना प्रकार.

११९. [प्र०] इंद्रियप्रतिसंलीनता केटला प्रकारनी छे? [उ०] इंद्रियप्रतिसंलीनताना पांच प्रकार छे—१ श्रोत्रेन्द्रियना विषय प्रचारने रोकवो के श्रोत्रेन्द्रियद्वारा प्राप्त थयेल विषयमां रागद्वेषनो निरोध करवो, २ चक्षुना विषयप्रचारनो रोध करवो, के चक्षुद्वारा प्राप्त विषयमां राग द्वेष न करवो. ए प्रमाणे यावत्—५ स्पर्शनेन्द्रियना विषय प्रचारनो निरोध करवो अने स्पर्शनेन्द्रियद्वारा अनुभवेल पदार्थोने विषे रागद्वेषनो निग्रह करवो. ए रीते इंद्रियप्रतिसंलीनता कही. इन्द्रियप्रतिसंलीनताना प्रकार.

११३ * भग० खं० ३ श० ७ उ० १ पृ० ६ सू० २२.

११५ † औप० पृ० ३८–२. आहारादिनो पात्रमां एक वार क्षेप ते दत्ति, अभिग्रहमां दत्तिनी संख्यानो नियम होय छे.

११६ ‡ औप० पृ० ३९–२.

११७ ¶ औप० पृ० ३९–२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२०. [प्र०] से किं तं कसायपडिसंलीणया ? [उ०] कसायपडिसंलीणया चउव्विहा पन्नत्ता । तंजहा–कोहोदयनिरोहो वा उदयप्पत्तस्स वा कोहस्स विफलीकरणं, एवं जाव–लोभोदयनिरोहो वा उदयपत्तस्स वा लोभस्स विफलीकरणं। सेत्तं कसायपडिसंलीणया ।

१२१. [प्र०] से किं तं जोगपडिसंलीणया ? [उ०] जोगपडिसंलीणया तिविहा पन्नत्ता, तंजहा–१ अकुसलमणनिरोहो वा, २ कुसलमणउदीरणं वा, ३ मणस्स वा एगत्तीभावकरणं, १ अकुसलवइनिरोहो वा, २ कुसलवइउदीरणं वा, ३ वइए वा, एगत्तीभावकरणं ।

१२२. [प्र०] से किं तं कायपडिसंलीणया ? [उ०] कायपडिसंलीणया जन्नं सुसमाहियपसंतसाहरियपाणिपाए कुम्मो इव गुत्तिंदिए अल्लीणे पल्लीणे चिट्ठति; सेत्तं कायपडिसंलीणया । सेत्तं जोगपडिसंलीणया ।

१२३. [प्र०] से किं तं विवित्तसयणासणसेवणया ? [उ०] विवित्तसयणासणसेवणया जन्नं आरामेसु वा उज्जाणेसु वा– जहा सोमिलुद्देसए जाव–सेज्जासंथारगं उवसंपज्जित्ता णं विहरइ । सेत्तं विवित्तसयणासणसेवणया । सेत्तं पडिसंलीणया। सेत्तं बाहिरए तवे १ ।

१२४. [प्र०] से किं तं अब्भितरए तवे ? [उ०] अब्भितरए तवे छव्विहे पन्नत्ते, तंजहा–१ पायच्छित्तं, २ विणओ, ३ वेयावच्चं, ४ सज्झाओ, ५ झाणं, ६ विउसग्गो ।

१२५. [प्र०] से किं तं पायच्छित्ते ? [उ०] पायच्छित्ते दसविहे पन्नत्ते, तंजहा–आलोयणारिहे, जाव–पारंचियारिहे। सेत्तं पायच्छित्ते ।

१२६. [प्र०] से किं तं विणए ? [उ०] विणए सत्तविहे पन्नत्ते । तं जहा–१ नाणविणए, २ दंसणविणए, ३ चरित्तविणए, ४ मणविणए, ५ वयविणए, ६ कायविणए, ७ लोगोवयारविणए ।

१२७. [प्र०] से किं तं नाणविणए ? [उ०] नाणविणए पंचविहे पन्नत्ते, तंजहा–१ आभिणिबोहियनाणविणए, जाव–५ केवलनाणविणए । सेत्तं नाणविणए ।

कषायप्रतिसंलीनताना प्रकार.

१२० [प्र०] कषायप्रतिसंलीनताना केटला प्रकार छे? [उ०] कषायप्रतिसंलीनताना चार प्रकार छे—१ क्रोधना उदयनो निरोध करवो, अथवा उदय प्राप्त क्रोधने निष्फळ करवो. ए प्रमाणे यावत्—५ लोभना उदयनो निरोध करवो के उदय प्राप्त लोभने निष्फळ करवो. ए रीते कषायप्रतिसंलीनता कही.

योगसंलीनताना प्रकार.

१२१. [प्र०] योगसंलीनताना केटला प्रकार छे? [उ०] योगसंलीनताना त्रण प्रकार छे–१ अकुशल मननो निरोध करवो २ कुशल मननी प्रवृत्ति करवी अने ३ मनने एकाग्र–स्थिर करवुं. १ अकुशल वचननो निरोध करवो, २ कुशल वचन बोलवुं अने ३ वचनने स्थिर करवुं.

कायसंलीनताना प्रकार.

१२२. [प्र०] कायसंलीनता केवा प्रकारनी छे? [उ०] सारी रीते समाधिपूर्वक प्रशांत थई हाथ पगने संकोची काचबानी पेठे गुप्तेन्द्रिय थई आलीन अने प्रलीन–स्थिर रहेवुं ते कायसंलीनता कहेवाय छे. ए रीते कायसंलीनता कही.

१२३. [प्र०] विविक्तशयनासनसेवना केवा प्रकारनी छे? [उ०] जे आरामोमां, उद्यानोमां–इत्यादि *सोमिलना उद्देशकमां कह्या प्रमाणे यावत्—शय्या अने संथाराने लइने विहरे ते विविक्तशयनासनसेवना छे. ए रीते विविक्तशयनासनसेवना कही. एम प्रतिसंलीनता संबंधे हकीकत पण कही. ए रीते बाह्य तपसंबंधे पण कह्युं.

अभ्यन्तर तपना प्रकार.

१२४. [प्र०] अभ्यंतर तप केटला प्रकारे छे? [उ०] अभ्यंतर तप छ प्रकारनुं छे. ते आ प्रमाणे–१ प्रायश्चित्त, २ विनय, ३ वैयावृत्त्य, ४ स्वाध्याय, ५ ध्यान अने ६ व्युत्सर्ग.

प्रायश्चित्तना प्रकार.

१२५. [प्र०] प्रायश्चित्त केटला प्रकारे छे? [उ०] प्रायश्चित्त दस प्रकारनुं छे. ते आ प्रमाणे–१ आलोचनाने योग्य अने यावत्–१० पारांचितकने योग्य. ए रीते प्रायश्चित्त कह्युं.

विनयना प्रकार.

१२६. [प्र०] विनय केटला प्रकारनो छे? [उ०] विनयना सात प्रकार छे. ते आ प्रमाणे–१ ज्ञाननो विनय, २ दर्शननो विनय, ३ चारित्रविनय, ४ मनरूप विनय, ५ वचनरूप विनय, ६ कायरूप विनय अने ७ लोकोपचार विनय.

ज्ञानविनयना प्रकार.

१२७. [प्र०] ज्ञाननो विनय केटला प्रकारे छे? [उ०] ज्ञाननो विनय पांच प्रकारनो छे–१ आभिनिबोधिक–मतिज्ञाननो विनय, यावत्–५ केवलज्ञाननो विनय. ए रीते ज्ञाननो विनय कह्यो.

---

१२३ * भग० खं० ४ श० १८ उ० १० पृ० ६७ सू० १४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१२८. [प्र०] से किं तं दंसणविणए ? [उ०] दंसणविणए दुविहे पन्नत्ते तंजहा–सुस्सूसणाविणए य अणच्चासादणाविणए य।

१२९. [प्र०] से किं तं सुस्सूसणाविणए ? [उ०] सुस्सूसणाविणए अणेगविहे पन्नत्ते, तंजहा–सक्कारे इ, वा सम्माणे इ वा–जहा चोद्दसमसए ततिए उद्देसए जाव–पडिसंसाहणया। सेत्तं सुस्सूसणाविणए।

१३०. [प्र०] से किं तं अणच्चासायणाविणए ? [उ०] अणच्चासायणाविणए पणयालीसइविहे पन्नत्ते। तंजहा–१ अरहंताणं अणच्चासादणया, २ अरहंतपन्नत्तस्स धम्मस्स अणच्चासादणया, ३ आयरियाणं अणच्चासादणया, ४ उवज्झायाणं अणच्चासादणया, ५ थेराणं अणच्चासादणया, ६ कुलस्स अणच्चासादणया, ७ गणस्स अणच्चासादणया, ८ संघस्स अणच्चासादणया, ९ किरियाए अणच्चासादणया, १० संभोगस्स अणच्चासायणया, ११ आभिणिबोहियनाणस्स अणच्चासायणया, जाव–१५ केवलनाणस्स अणच्चासादणया, ३० एएसिं चेव भत्ति–बहुमाणेणं, ४५ एएसिं चेव वन्नसंजलणया। सेत्तं अणच्चासायणयाविणए। सेत्तं दंसणविणए।

१३१. [प्र०] से किं तं चरित्तविणए ? [उ०] चरित्तविणए पंचविहे पन्नत्ते, तंजहा—१ सामाइयचरित्तविणए, जाव–५ अहक्खायचरित्तविणए। सेत्तं चरित्तविणए।

१३२. [प्र०] से किं तं मणविणए ? [उ०] मणविणए दुविहे पन्नत्ते, तंजहा–पसत्थमणविणए, अपसत्थमणविणए य।

१३३. [प्र०] से किं तं पसत्थमणविणए ? [उ०] पसत्थमणविणए सत्तविहे पन्नत्ते, तंजहा–१ अपावए, २ असावज्जे, ३ अकिरिए, ४ निरुवक्केसे, ५ अणण्हवकरे, ६ अच्छविकरे, ७ अभूयाभिसंकणे। सेत्तं पसत्थमणविणए।

१३४. [प्र०] से किं तं अपसत्थमणविणए ? [उ०] अप्पसत्थमणविणए सत्तविहे पन्नत्ते, तंजहा–१ पावए, २ सावज्जे, ३ सकिरिए, ४ सउवक्केसे, ५ अण्हवयकरे, ६ छविकरे, ७ भूयाभिसंकणे। सेत्तं अप्पसत्थमणविणए। सेत्तं मणविणए।

१३५. [प्र०] से किं तं वइविणए ? [उ०] वइविणए दुविहे पन्नत्ते, तंजहा–पसत्थवइविणए य अप्पसत्थवइविणए य।

१२८. [प्र०] दर्शननो विनय केटला प्रकारे छे ? [उ०] दर्शननो विनय बे प्रकारनो छे. ते आ प्रमाणे–शुश्रूषाविनय अने अनाशातनारूप विनय. दर्शनविनयना प्रकार.

१२९. [प्र०] शुश्रूषाविनयना केटला प्रकार छे ? [उ०] शुश्रूषा विनय अनेक प्रकारनो छे. ते आ प्रमाणे–सत्कार करवो, सन्मान करवुं वगेरे–*चौदमा शतकना त्रीजा उद्देशकमां कह्या प्रमाणे यावत्–प्रतिसंसाधनता सुधी जाणवुं. ए प्रमाणे शुश्रूषाविनय कह्यो. शुश्रूषाविनयना प्रकार.

१३०. [प्र०] अनाशातना विनय केटला प्रकारे छे ? [उ०] अनाशातना विनयना पिस्तालीश भेद छे. ते आ प्रमाणे–१ अरिहंतोनी अनाशातना, २ अरिहंतोए कहेल धर्मनी अनाशातना, ३ आचार्योनी अनाशातना, ४ उपाध्यायोनी अनाशातना, ५ स्थविरोनी अनाशातना, ६ कुळनी अनाशातना, ७ गणनी अनाशातना, ८ संघनी अनाशातना, ९ क्रियानी अनाशातना, १० समानधार्मिकनी अनाशातना, ११ मतिज्ञाननी अनाशातना अने यावत्–१५ केवळज्ञाननी अनाशातना, अने एज रीते ३० अरिहंतादि पंदरनी भक्ति अने बहुमान, तथा ४५ एओना गुणोना कीर्तनवडे तेनी कीर्ति करवी. ए रीते अनाशातना विनयना पिस्तालीश प्रकार छे. ए रीते अनाशातनारूप विनय कह्यो अने एम दर्शनविनय पण कह्यो.

१३१. [प्र०] चारित्रविनय केटला प्रकारनो छे ? [उ०] चारित्रविनय पांच प्रकारनो छे. ते आ प्रमाणे–१ सामायिकचारित्रविनय, अने यावत्–५ यथाख्यातचारित्रविनय. एम चारित्रविनय कह्यो. चारित्रविनयना प्रकार.

१३२. [प्र०] मनविनय केटला प्रकारनो छे ? [उ०] मनविनयना बे प्रकार छे. ते आ प्रमाणे–प्रशस्तमनविनय अने अप्रशस्तमनविनय. मनविनयना प्रकार.

१३३. [प्र०] प्रशस्त मनविनय केटला प्रकारनो छे ? [उ०] प्रशस्त मनविनयना सात प्रकार छे. ते आ प्रमाणे–१ पापरहित, २ क्रोधादि अवद्य रहित, ३ कायिक्यादि क्रियामां आसक्तिरहित, ४ शोकादि उपक्लेशरहित, ५ आश्रवरहित, ६ स्वपरने आयास करवा रहित, अने ७ जीवोने भय न उत्पन्न करवो. एम प्रशस्त मनविनय कह्यो. प्रशस्त मनविनयना प्रकार.

१३४. [प्र०] अप्रशस्त मनविनयना केटला प्रकार छे ? [उ०] अप्रशस्त मनविनयना सात प्रकार छे. ते आ प्रमाणे–१ पापरूप, २ अवद्यवाळो, ३ कायिक्यादि क्रियामां आसक्तिसहित, ४ शोकादिउपक्लेशयुक्त, ५ आश्रवसहित, ६ स्व–परने आयास उत्पन्न करनार अने ७ जीवोने भय उपजावनार. एम अप्रशस्त मनविनय कह्यो. अने ए रीते मनविनय पण कह्यो. अप्रशस्तविनयना प्रकार.

१३५. [प्र०] वचनविनयना केटला प्रकार छे ? [उ०] वचनविनयना बे प्रकार छे–प्रशस्त वचनविनय अने अप्रशस्त वचनविनय. वचन विनयना प्रकार.

१२९ * भग० खं० ३ श० १४ उ० ३ पृ० ३४५ सू० ३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**१३६. [प्र०] से किं तं पसत्थवइविणए? [उ०] पसत्थवइविणए सत्तविहे पन्नत्ते, तंजहा–१ अपावए, २ असावज्जे, जाव–७ अभूयाभिसंकणे। सेत्तं पसत्थवइविणए।**

**१३७. [प्र०] से किं तं अप्पसत्थवइविणए? [उ०] अप्पसत्थवइविणए सत्तविहे पन्नत्ते तंजहा–१ पावए, २ सावज्जे, जाव–७ भूयाभिसंकणे। सेत्तं अप्पसत्थवइविणए। सेत्तं वइविणए।**

**१३८. [प्र०] से किं तं कायविणए? [उ०] कायविणए दुविहे पन्नत्ते, तंजहा–पसत्थकायविणए य अप्पसत्थकायविणए य।**

**१३९. [प्र०] से किं तं पसत्थकायविणए? [उ०] पसत्थकायविणए सत्तविहे पन्नत्ते, तंजहा–१ आउत्तं गमणं, २ आउत्तं ठाणं, ३ आउत्तं निसीयणं, ४ आउत्तं तुयट्टणं, ५ आउत्तं उल्लंघणं, ६ आउत्तं पल्लंघणं, ७ आउत्तं सव्विंदियजोगजुंजणया। सेत्तं पसत्थकायविणए।**

**१४०. [प्र०] से किं तं अप्पसत्थकायविणए? [उ०] अप्पसत्थकायविणए सत्तविहे पन्नत्ते, तंजहा–१ अणाउत्तं गमणं जाव–७ अणाउत्तं सव्विंदियजोगजुंजणया। सेत्तं अप्पसत्थकायविणए। सेत्तं कायविणए।**

**१४१. [प्र०] से किं तं लोगोवयारविणए? [उ०] लोगोवयारविणए सत्तविहे पन्नत्ते, तंजहा–१ अब्भासवत्तियं, २ परच्छंदाणुवत्तियं, ३ कज्जहेउं, ४ कयपडिकतिया ५ अत्तगवेसणया, ६ देसकालण्णया, ७ सव्वत्थेसु अप्पडिलोमया। सेत्तं लोगोवयारविणए। सेत्तं विणए।**

**१४२. [प्र०] से किं तं वेयावच्चे? [उ०] वेयावच्चे दसविहे पन्नत्ते, तंजहा–१ आयरियवेयावच्चे, २ उवज्झायवेयावच्चे, ३ थेरवेयावच्चे, ४ तवस्सिवेयावच्चे, ५ गिलाणवेयावच्चे, ६ सेहवेयावच्चे, ७ कुलवेयावच्चे, ८ गणवेयावच्चे, ९ संघवेयावेच्च, १० साहम्मियवेयावच्चे। सेत्तं वेयावच्चे।**

**१४३. [प्र०] से किं तं सज्झाए? [उ०] सज्झाए पंचविहे पन्नत्ते, तंजहा–१ वायणा, २ पडिपुच्छणा, ३ परियट्टणा, ४ अणुप्पेहा, ५ धम्मकहा। सेत्तं सज्झाए।**

प्रशस्त वचनविनयना प्रकार. १३६. [प्र०] प्रशस्त वचनविनय केटला प्रकारे छे? [उ०] प्रशस्त वचनविनयना सात प्रकार कह्या छे. ते आ प्रमाणे–१ पापरहित, २ असावद्य, यावत्–७ जीवोने भय न उपजाववो. ए रीते प्रशस्त वचनविनय कह्यो.

अप्रशस्त वचनविनयना प्रकार. १३७. [प्र०] अप्रशस्त वचनविनय केटला प्रकारे छे? [उ०] अप्रशस्त वचनविनयना सात प्रकार छे. ते आ प्रमाणे–१ पापसहित, २ सावद्य अने यावत्–जीवोने भय उपजाववो. ए रीते अप्रशस्त वचनविनय कह्यो अने ए रीते वचनविनय पण कह्यो.

१३८. [प्र०] कायविनय केटला प्रकारे छे? [उ०] कायविनयना बे प्रकार छे. ते आ प्रमाणे–प्रशस्त कायविनय अने अप्रशस्त कायविनय.

प्रशस्त कायविनयना प्रकार. १३९. [प्र०] प्रशस्त कायविनय केटला प्रकारे छे? [उ०] प्रशस्त कायविनयना सात प्रकार छे. ते आ प्रमाणे–१ सावधानतापूर्वक जवुं, २ सावधानतापूर्वक स्थिति करवी, ३ सावधानतापूर्वक बेसवुं, ४ सावधानतापूर्वक (पथारीमां) आळोटवुं, ५ सावधानतापूर्वक उल्लंघन करवुं, ६ सावधानतापूर्वक वधारे उल्लंघन करवुं अने ७ सावधानतापूर्वक बधी इंद्रियोनी प्रवृत्ति करवी. ए प्रमाणे प्रशस्त कायविनय कह्यो छे.

अप्रशस्त कायविनयना प्रकार. १४०. [प्र०] अप्रशस्त कायविनय केटला प्रकारनो छे? [उ०] अप्रशस्तकायरूप विनयना सात प्रकार छे. ते आप्रमाणे–सावधानता सिवाय जवुं, यावत्–सावधानता सिवाय बधी इंद्रियोना प्रवृत्ति करवी. ए प्रमाणे अप्रशस्त कायविनय कह्यो. एम कायरूप विनय पण कह्यो.

लोकोपचार विनयना प्रकार. १४१. [प्र०] लोकोपचारविनय केटला प्रकारे छे? [उ०] लोकोपचारविनयना सात प्रकार छे. ते आ प्रमाणे–१ गुर्वादि वडिलवर्गनी पासे रहेवुं, २ तेओनी इच्छाप्रमाणे वर्तवुं, ३ कार्यनी सिद्धि माटे हेतुओनी सवड करी आपवी, ४ करेला उपकारनो बदलो देवो, ५ रोगीओनी संभाळ राखवी, ६ देशकालज्ञता–अवसरोचित प्रवृत्ति करवी अने ७ सर्व कार्योमां अनुकूलपणे वर्तवुं. एम लोकोपचारविनय कह्यो. अने ए रीते विनयसंबंधे कह्युं.

वैयावृत्यना प्रकार. १४२. [प्र०] वैयावृत्य केटला प्रकारनुं छे? [उ०] वैयावृत्यना दस प्रकार छे. ते आ प्रमाणे–१ आचार्यनुं वैयावृत्य, २ उपाध्यायनुं वैयावृत्य, ३ स्थविरनुं वैयावृत्य, ४ तपस्वीनुं वैयावृत्य, ५ रोगीनुं वैयावृत्य, ६ शैक्ष–प्राथमिक शिष्योनुं वैयावृत्य, ७ कुल–एक आचार्यना शिष्योना परिवारनुं वैयावृत्य, ८ गण–साथे अध्ययन करता साधुओना समूह–नुं वैयावृत्य, ९ संघनुं वैयावृत्य, अने १० साधर्मिकनुं वैयावृत्य. ए रीते वैयावृत्य कह्युं.

स्वाध्यायना प्रकार. १४३. [प्र०] स्वाध्याय केटला प्रकारनुं छे? [उ०] स्वाध्यायना पांच प्रकार छे. ते आ प्रमाणे–१ वाचना–अध्ययन, २ पृच्छना, ३ पुनरावर्तन करवुं, ४ चिंतन करवुं अने ५ धर्मकथा. ए रीते स्वाध्याय संबंधे कह्युं.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

१४४. [प्र०] से किं तं झाणे? [उ०] झाणे चउव्विहे पन्नत्ते, तंजहा—१ अट्टे झाणे, २ रोद्दे झाणे, ३ धम्मे झाणे, ४ सुक्के झाणे।

१४५. [प्र०] अट्टे झाणे चउव्विहे पन्नत्ते, तंजहा—१ अमणुन्नसंपयोगसंपउत्ते तस्स विप्पयोगसतिसमन्नागए यावि भवइ, २ मणुन्नसंपओगसंपउत्ते तस्स अविप्पयोगसतिसमन्नागए यावि भवइ, ३ आयंकसंपयोगसंपउत्ते तस्स विप्पयोगसतिसमन्नागए यावि भवइ, ४ परिज्झुसियकामभोगसंपयोगसंपउत्ते तस्स अविप्पयोगसतिसमन्नागए यावि भवइ। अट्टस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तंजहा—१ कंदणया, २ सोयणया, ३ तिप्पणया, ४ परिदेवणया।

१४६. [प्र०] रोद्दे झाणे चउव्विहे पन्नत्ते, तंजहा—१ हिंसाणुबंधी, २ मोसाणुबंधी, ३ तेयाणुबंधी, ४ सारक्खणाणुबंधी। रोद्दस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तंजहा—१ ओस्सन्नदोसे, २ बहुलदोसे, ३ अण्णाणदोसे ४ आमरणांतदोसे।

१४७. [प्र०] धम्मे झाणे चउव्विहे चउप्पडोयारे पन्नत्ते, तंजहा—१ आणाविजए, २ अवायविजए, ३ विवागविजए, ४ संठाणविजए। धम्मस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तंजहा—१ आणारुयी, २ निसग्गरुयी, ३ सुत्तरुयी, ४ ओगाढरुयी। धम्मस्स णं झाणस्स चत्तारि आलंबणा पन्नत्ता, तंजहा—१ वायणा, २ पडिपुच्छणा, ३ परियट्टणा, ४ धम्मकहा। धम्मस्स णं झाणस्स चत्तारि अणुप्पेहाओ पन्नत्ताओ, तंजहा—१ एगत्ताणुप्पेहा, २ अणिच्चाणुप्पेहा, ३ असरणाणुप्पेहा, ४ संसाराणुप्पेहा।

१४८. [प्र०] सुक्के झाणे चउव्विहे चउप्पडोयारे पन्नत्ते, तंजहा—१ पुहुत्तवियक्के सवियारी, २ एगंतवियक्के अवियारी, ३ सुहुमकिरिए अनियट्टी, ४ समोच्छिन्नकिरिए अप्पडिवायी। सुक्कस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तंजहा—१

१४४. [प्र०] ध्यान केटला प्रकारे छे? [उ०] ध्यानना चार प्रकार छे. ते आ प्रमाणे—१ आर्तध्यान, २ रौद्रध्यान, ३ धर्मध्यान अने ४ शुक्लध्यान. ध्यानना प्रकार.

१४५. आर्तध्यानना चार प्रकार छे. ते आ प्रमाणे—१ अनिष्ट वस्तुओनी प्राप्ति थतां तेना वियोगनुं चिन्तन करवुं, २ इष्ट वस्तुओनी प्राप्ति थतां तेना अवियोगनुं चिंतन करवुं, ३ रोगादि कष्ट प्राप्त थतां तेना वियोगनुं चिंतन करवुं अने ४ प्रीति उत्पन्न करनार कामभोगादिकनी प्राप्तिमां तेना अवियोगनुं चिंतन करवुं. आर्तध्यानना चार लक्षण कह्यां छे. ते आ प्रमाणे—१ आक्रंदन—मोटेथी रोवुं, २ दीनता, ३ आंसुओ पाडवा अने ४ वारंवार क्लेशयुक्त बोलवुं. आर्तध्यानना प्रकार. आर्तध्यानना लक्षण.

